જીવનયોગ

વિમલા ઠકાર



જીવનયોગ

પ્રવચનો

વિમલા ઠકાર

અનુવાદક

બચુભાઈ સુતરિયા

વિમલ પ્રકાશન ટ્રસ્ટ

જીવનયોગ JEEVANYOG
(Gujarati collection of talks by Shri Vimala Thakar)

© વિમલ પ્રકાશન ટ્રસ્ટ

''સંતકૃપા'', ૧૦૩, રત્નમ્ ટાવર, જજીસ બંગલો રોડ, બોડક દેવ, અમદાવાદ-૩૮૦ ૦૫૪

પ્રથમ આવૃત્તિ : જાન્યુઆરી, ૧૯૮૪
દ્વિતીય આવૃત્તિ : એપ્રિલ, ૨૦૧૬

પ્રત : ૧,૦૦૦

પૃષ્ઠ : ૮ + ૩૦૪ = ૩૧૨

કિંમત : રૂા. ૨૦૦-૦૦

પ્રકાશક : વિમલ પ્રકાશન ટ્રસ્ટ
અને 'વિમલ સૌરભ',
પ્રાપ્તિસ્થાન વાણિયાવાડી શેરી નં. ૯,
રાજકોટ-૩૬૦ ૦૦૨ ગુજરાત
સંપર્ક : ૯૯૨૫૫ ૨૯૦૯૬
૦૨૮૧-૨૪૫૪૦૦૭, ૯૮૨૫૪ ૧૬૭૬૯
ઈ-મેઈલ : vimalprakashantrust@yahoo.com

આવરણ જયેશભાઈ હિરાણી
કે. ક્રિએશન ગ્રાફિક્સ, રાજકોટ

મુદ્રક : વાસુકિ પ્રિન્ટિંગ પ્રેસ
૧૨/૨૬, વિજય પ્લોટ,
ગોડાઉન રોડ, પ્રકાશ પાનની સામે,
રાજકોટ-૩૬૦ ૦૦૨
ફોન : ૦૨૮૧-૨૪૬૮૧૧૩

સંપાદકીય નિવેદન

'આત્મદીપ', અવધૂત પ્રસાદી', 'જીવનગંગોત્રી', 'સહજ સમાધિ ભલી', 'હેતની રેલી', 'ધ્યાન' અને 'અનંતને સથવારે' જેવા ગ્રંથો દ્વારા હવે ગુજરાતની પ્રજ્ઞ શ્રી વિમલાજીની વાણીથી સુપરિચિત છે.

સૌરાષ્ટ્રમાં ચોરવાડનાં સાગરતટે ઈ.સ. ૧૯૭૧ના ફેબ્રુઆરી અને ડિસેમ્બરમાં યોજાયેલા બે ધ્યાનશિબિરોના શ્રવણમંગલ ૧૩ પ્રવચનો તથા ૭ પ્રશ્નોત્તરોનારૂપમાં પ્રસ્તુત પ્રકાશન સંકલિત છે.

'ટેપ' પર ધ્વન્યાંકિત વાણીને લિપિબદ્ધ કર્યા પછી તેમાં સંપાદનાર્થે ઓછામાં ઓછું પરિવર્તન કરીને મૂળરૂપમાં તેને સુરક્ષિત રાખીને આ પુસ્તક હિન્દી ભાષામાં ઈ.સ. ૧૯૭૩માં તૈયાર થયેલું તેનું પ્રથમ પ્રકાશન મોતીલાલ બનારસીદાસે કરેલું અને બીજી વારનું પ્રકાશન વિમલ પ્રકાશન ટ્રસ્ટે કર્યું.

પ્રત્યક્ષ શ્રવણ કરીએ અને તે છપાયા પછી વાંચીએ એમાં સારો એવો ફરક પડે છે પરંતુ અહીં પ્રત્યક્ષ શ્રવણનું માધુર્ય અને એના પ્રવાહને આંચ ન આવે તે પણ ખાસ લક્ષ આપ્યું છે, તથા લેખિત હોઈને ઉચિત ભાષા પ્રત્યે નહીંવત્. વળી, આ તો મૂળ હિન્દીનો અનુવાદ છે એટલે ભાષાનું અંતર તો સ્વાભાવિક દરેક ભાષાન્તરમાં આવે જ. આ બધામાં સંતુલન રહી શક્યું કે નહીં એનો નિર્ણય તો વાચકો ઉપર જ છોડી દેવો યોગ્ય છે.

પૂ. વિમલાજી ઘણીવાર એ પ્રત્યે ધ્યાન દોરે છે કે ભૂલ તો માનવમાત્રથી થાય પરંતુ તે ભૂલમાંથી જે શીખે તે જીવવા માટે તત્પર છે, એ સાધનાના પંથે છે. થોડાં વર્ષો પર આમ જ નર્મદાતટે મારે એક વર્ષ એકાંતવાસ અને મૌનમાં રહેવાનું થયું. ગરુડેશ્વરમાં આ અનુવાદનું કાર્ય થયું. પૂ. શ્રી વિમલાજીએ આ અનુવાદ મૂળ સાથે રાખીને જોયો છે.

પૂ. વિમલાજીના પ્રગટ સાહિત્યમાં આ ગ્રંથ મૂળભૂત ગ્રંથ તરીકે ગણી શકાય. ધ્યાન, મૌનની અવસ્થામાં સ્થિર થવાની આખીયે વાત સુસ્પષ્ટ, સુરેખ

સુંદર, સુલભ, સૂક્ષ્મ સ્તરોને સમજવામાં મદદરૂપ થાય તેવી વાણીમાં આ **'જીવનયોગ'** ગ્રંથ અધ્યાત્મને શુદ્ધ સ્વરૂપે અભિવ્યક્ત કરે છે.

ગુજરાતના સૌ સાધકોને તેમની સાધનામાં અર્પણ.

મકરસંક્રાંતિ — **બચુભાઈ સુતરીઆ**
તા. ૧૪-૦૧-૧૯૮૪

પ્રકાશકીય

'જીવનયોગ'ની પ્રથમ આવૃત્તિ ઈ.સ. ૧૯૮૪માં પ્રકાશિત થઈ હતી. ત્યાર બાદ અપ્રાપ્ય આ પુસ્તકને ઈ.સ. ૨૦૧૬માં પુનઃ પ્રકાશિત કરતાં અમે આનંદની લાગણી અનુભવીએ છીએ.

'જીવનયોગ'ની પ્રથમ આવૃત્તિનાં પ્રકાશન બાદ મૂળ વાર્તાલાપ અને પ્રશ્નોત્તરી અમને 'સ્પૂલ'માંથી પ્રાપ્ત થયાં છે જેનું ડિજીટલાઈઝેશન કરવામાં આવ્યું છે જે હવે ઓડિઓ સી.ડી. તરીકે ઉપલબ્ધ છે. ધ્યાન શિબિર-૧ ની ૧૧ તથા ધ્યાન શિબિર-૨ ની ૧૧ એમ મળીને કુલ ૨૨ ઓડિઓ સી.ડી. સ્વરૂપે વિમલવાણીમાં હિન્દી ભાષામાં આ વાર્તાલાપો હાલમાં ઉપલબ્ધ છે જે વિમલ પ્રકાશન ટ્રસ્ટ પાસેથી મેળવી શકાશે. ગુજરાતી ભાષામાં ઉપલબ્ધ વિમલ વાઙ્મયની યાદી છેલ્લે અનુસંધાન તરીકે મૂકી છે. વિમલાજીનું ટૂંકું જીવનચિત્ર-શબ્દચિત્ર પણ સાથે મૂકેલું છે જે વાચકોને ઉપયોગી નીવડશે તેવી આશા છે.

ઈશ્વરની અસીમ કૃપાથી આ પુનઃ પ્રકાશનના યજ્ઞકાર્યની પ્રેરણા જિજ્ઞાસુ મિત્રોને થઈ. અનેક જીવનસાધકોને આ પાવન વાણી અંતરયાત્રામાં સહાયભૂત થશે એવી શ્રદ્ધા છે.

રામનવમી, — **વિમલ પ્રકાશન ટ્રસ્ટ**
૧૫ એપ્રિલ, ૨૦૧૬

અનુક્રમણિકા

• ધ્યાન શિબિર-૧

૧. પહેલું પ્રવચન ૧
૨. પ્રશ્નોત્તર-૧ ૧૬
૩. બીજું પ્રવચન ૪૧
૪. પ્રશ્નોત્તર-૨ ૫૨
૫. ત્રીજું પ્રવચન ૬૭
૬. પ્રશ્નોત્તર-૩ ૭૯
૭. ચોથું પ્રવચન ૧૧૯
૮. પ્રશ્નોત્તર-૪ ૧૩૨
૯. પાંચમું પ્રવચન ૧૫૯

• ધ્યાન શિબિર-૨

૧. પહેલું પ્રવચન ૧૬૯
૨. બીજું પ્રવચન ૧૭૭
૩. પ્રશ્નોત્તર-૧ ૧૮૩
૪. ત્રીજું પ્રવચન ૧૯૭
૫. ચોથું પ્રવચન ૨૦૬
૬. પ્રશ્નોત્તર-૨ ૨૨૧
૭. પાંચમું પ્રવચન ૨૩૯
૮. પ્રશ્નોત્તર-૩ ૨૫૧
૯. છઠ્ઠું પ્રવચન ૨૬૩
૧૦. સાતમું પ્રવચન ૨૭૧
૧૧. આઠમું પ્રવચન ... ૨૮૫
• વિમલાજીનું જીવનચિત્ર-શબ્દચિત્ર ૨૯૬
• સમગ્ર વિમલ વાઙ્મય (ગુજરાતી) ૩૦૦

ધ્યાન શિબિર-૧

: : સ્થાન : :

ચોરવાડ

સૌરાષ્ટ્ર - ગુજરાત

(તા. ૧૧-૨-૧૯૭૧ થી તા. ૧૫-૨-૧૯૭૧)

૧

પહેલું પ્રવચન

આ દેશમાં અને જગતમાં અધ્યાત્મને વિષે અનંત ભ્રમ છે એમ દેખાય છે. એટલે ભ્રમોનુ નિરાકરણ કરવુ, દષ્ટિકોણ નિર્ભ્રાન્ત બનાવવો, ભ્રમોની જાળ તોડીને ચિત્તને શુદ્ધ બનાવવું અને ભ્રમને લીધે શરીરમાં જે અનેક પ્રકારની ટેવો પડેલી હોય છે, એનાથી મુકત થવું એ પ્રથમ ધર્મ છે. દષ્ટિ નિર્ભ્રાન્ત ન હોય તો દર્શન શુદ્ધ સ્વરૂપે નહીં થઈ શકે. ચિત્તમાંથી ભ્રમ ગયો ન હોય તો જે દર્શન થાય છે એ ધારણ નહીં થઈ શકે. અને ટેવોની જાળમાં ઈન્દ્રિયો ફસાયેલી હોય તો જે ચિત્તમાં ગ્રહણ અને ધારણ કર્યું, એ વ્યવહારમાં, આચરણમાં, સહજ રીતે પ્રગટ નહીં થઈ શકે. જીવનમાં નિર્ભ્રાન્ત દષ્ટિ, શુદ્ધ ચિત્ત અને ટેવોની સાંકળોમાંથી મુકત ઈન્દ્રિયો, આ ત્રણેય આવશ્યક છે.

દષ્ટિ નિર્ભ્રાન્ત હોવાને માટે પહેલી વાત તો એ સમજવી છે કે અધ્યાત્મ જાણવાનો વિષય નથી, સમજવાનો વિષય છે, અને અનુભૂતિનો વિષય નથી; સમજવાનો, પ્રત્યયનો વિષય છે. જેણે અધ્યાત્મને જાણવાનો, માહિતીના સંગ્રહનો, જ્ઞાન-સંગ્રહનો વિષય માની લીધો છે, એ કુતૂહલથી આગળ નહીં વધી શકે. કુતૂહલ એટલે કેવળ બુદ્ધિથી જાણવાની ઈચ્છા. કુતૂહલનો સંબંધ સત્ય સાથે નથી, તથ્ય સાથે છે. કુતૂહલનો સંબંધ પ્રત્યય સાથે નહી; જ્ઞાન-સંગ્રહ સાથે છે. આ બરોબર સમજી લેવું જોઈએ. મીઠાનાં, મરચાનાં, ખાંડનાં ગુણધર્મ ખબર ન હોય તો રસોઈ બનાવી નહીં શકીએ અને આ તો પોતાના જ હાડમાંસમાં પોતે જ રસોઈ બનાવીને જાતે ભોજન કરવાનો વિષય છે. માટે સમજી લેવું જોઈએ કે અધ્યાત્મ જ્ઞાન-સંગ્રહનો વિષય નથી અને કુતૂહલનો વિષય પણ નથી.

કુતૂહલ હંમેશા બુદ્ધિને મોહિત કરે છે. ઈન્દ્રિયોને કેવો મોહ થાય છે ! અન્ન જોયું, ખાવાની લાલસા થઈ; રૂપ જોયું, ભોગવવાની લાલસા થઈ; નાદ સાંભળ્યો, અને એનો સંગ્રહ કરવાની ઈચ્છા થઈ, સુંદર વસ્ત્રો જોયા, એને પહેરવાની ઈચ્છા થઈ. આમ થાય છે ને ? એ જ પ્રમાણે બુદ્ધિનો સૌથી મોટો મોહ જ્ઞાન-સંગ્રહનો છે. માહિતી પ્રાપ્ત કરવી, એનો સંગ્રહ કરવો; સ્મૃતિમાં એને ધારણ કરવી અને પછી એનો ઉપયોગ કરતા રહેવું, આ બુદ્ધિનો પ્રપંચ છે. દાર્શનિકો પશ્ચિમના હોય કે પૂર્વના, એમાં ફરક નથી પડતો. આપના ન્યાય, વૈશેષિક, સાંખ્ય, યોગ, પૂર્વ-મીમાંસા, ઉત્તર-મીમાંસા આ છ દર્શનો હોય કે યુંગ, એડલરના મનોવિજ્ઞાનના શાસ્ત્રો હોય, એમાં ફરક નથી પડતો. અધ્યાત્મ જ્ઞાનનો વિષય નથી અને કુતૂહલનો સંબંધ જ્ઞાન સાથે, સ્મૃતિ સાથે છે. આ વાત બરોબર સમજમાં આવવી જોઈએ. તો પછી માણસ દોડાદોડ નહીં કરે. જ્ઞાન-સંગ્રહની લાલસામાં અહીં-તહીં ભટકશે નહીં.

ઈન્દ્રિયોના વિકારો, પોતાની તૃપ્તિ માટે જેમ મનુષ્યને દોડાવે છે, એ જ પ્રમાણે આ બુદ્ધિ પણ દોડાવે છે. બુદ્ધિ છે તો ઘણી તીવ્ર. બીજાની અનુભૂતિઓમાંથી, વર્ણનમાંથી વિચાર પ્રાપ્ત કરે છે. જ્ઞાન પ્રાપ્ત કરવું એટલે વર્ણન અગર તો વ્યાખ્યા પ્રાપ્ત કરવાની જ તો વાત છે. બીજાની તૈયાર કરેલી વ્યાખ્યાઓ અને બીજાના બનાવેલા વર્ણનોને પસંદ કરવા એ જ આખરે જ્ઞાનસંગ્રહ છે. કોઈના સિદ્ધાન્તો, કોઈના નિષ્કર્ષો લઈ લેવાનુ કામ બુદ્ધિનું છે. લોકો રેડીમેડ કપડાં ખરીદતાં નથી ? બુદ્ધિ હંમેશા 'રેડીમેડ' માલ ખરીદવા પાછળ પડી રહે છે. આપ એની ચાલને બરોબર સમજી લેજો.

સર્જનના પુરૂષાર્થથી આપને દૂર રાખનારી કોઈ વસ્તુ હોય તો તે બુદ્ધિ છે. એ કેવી રીતે ? એ તો કહે છે-ચાલો અહીંથી કે ત્યાંથી માહિતી ભેગી કરીએ, અને પછી એ પ્રમાણે આચરણ કરીશું. અહંકાર કહે છે : ના, ના, અધ્યાત્મ બુદ્ધિનો વિષય નથી, એ જ્ઞાન-સંગ્રહનો વિષય નથી, એ તો અનુભવનો વિષય છે, અનુભૂતિનો વિષય છે. હવે આ જે એક પ્રલોભન છે તે થોડા સૂક્ષ્મ સ્તર પર આવ્યું છે.

આપનામાંથી જે કોઈ ચિંતનશીલ વ્યકિત હશે તેમણે જોયુ હશે કે વિચાર એક દ્રવ્ય છે. વિચાર અને વિકાર બન્ને સ્થૂલ દ્રવ્ય છે. જેનાં સ્પન્દનો યંત્રમાં પકડી શકાય છે એને સ્થૂળ જ કહેવુ પડશે. વિચારોનાં સ્પન્દનોને, વિચારોનાં પ્રકાશને, પકડી શકાય છે, પકડવામાં આવ્યા છે. વ્યકત શબ્દોના જ સ્પન્દનો માત્ર નહીં, પણ અવ્યકત વિચારોનાં સ્પન્દનોને પણ પકડવામાં આવ્યા છે. તો જે યંત્રોમાં પકડી શકાય છે, એને આપ શું કહેશો ? સ્થૂળ જ કહેવું પડશે.

એટલે અહંકાર કહે છે કે ના, અધ્યાત્મ કુતૂહલનો વિષય નથી, એ જ્ઞાન-સંગ્રહનો વિષય નથી, અનુભૂતિનો વિષય છે. અનુભૂતિ પ્રાપ્ત કરીશું અને ભૌતિક સ્તર ઉપર જ નહીં, ઈન્દ્રિયોના સ્તર પર નહીં, પરંતુ અતીન્દ્રિય સ્તર પર પ્રાપ્ત કરીશું. આત્માનુભૂતિ કરીશું, બ્રહ્માનુભૂતિ કરીશું, સગુણ સાક્ષાત્કાર કરીશું, નિર્ગુણ સાક્ષાત્કાર કરીશું, સવિકલ્પ, નિર્વિકલ્પ સમાધિ લગાવીશું, કુંડલિનીને જગાડીશું, ચક્રભેદન કરીશું.

અહંકારના બે પગ છે-કરીશું અને નહિ કરૂં. સંકલ્પ અને વિકલ્પ. આ બે ચરણ છે. ક્રિયા એક ચરણ છે અને અક્રિયા બીજું ચરણ છે. આ કરીશ, આ નહીં કરૂં. ન કરવું એ પણ અહંકારની ક્રિયા છે. એટલે ત્યાગ એટલો જ બંધનકર્તા છે જેટલો ભોગ, કારણ કે ત્યાગ પણ અહંકારની જ ચેષ્ટા છે. ભોગમાં અહંકાર વિકારનો રસ્તો અપનાવે છે, ત્યાગમાં વિરોધનો રસ્તો અપનાવે છે-ચાલે છે તો અહંકાર, યાત્રા અહંકારની છે, આપની નહીં. અહંકાર કહે છે ચાલો અનુભૂતિ પ્રાપ્ત કરાવીશ. જ્ઞાનસંગ્રહના પ્રલોભનથી જે લોકો ઉપરતિ પામ્યા છે તે અનુભૂતિઓની પાછળ દોડે છે. કોણ અનુભૂતિ કરાવશે ? જાણે કે અનુભૂતિ જીવનનું કોઈ તત્ત્વ હોય જીવનનું તત્ત્વ તો સત્તા છે, અનુભૂતિ નહીં.

અનુભૂતિ તો ચૈતન્ય સાગરમાં ઊઠતો તરંગ છે, ચૈતન્યની પોતાની સત્તા નથી. અહમ્‌નાં પવનની લહેરોથી ચૈતન્યના સાગરમાં જે કમ્પ ઊઠયો, એ છે અનુભૂતિ. એ નિર્વિષય, નિર્વિકાર અવસ્થા નથી. એ નિર્વિચાર અવસ્થા પણ નથી. આ આપનું શુદ્ધ અસ્તિત્વ નથી, અને અધ્યાત્મ તો છે પોતાની શુદ્ધ સત્તામાં હોવું, પોતાની શુદ્ધ સત્તામાં રહેવું. કરવું, કરાવવું, ભોગવવું, ત્યાગવું, સ્વીકારવું, એને માટે ત્યાં ગુંજાઈશ જ નથી. જ્યારે અહંકાર કહે છે, ચાલો અનુભૂતિ કરાવીશ,

તો માનવને ઘણો આનંદ થાય છે. અનુભૂતિ કોણ કરાવશે, એની પાસે ચાલો. જો કોઈ 'ટેક્નિક' મળે, કોઈ તંત્રની પદ્ધતિ, કોઈ સાધન, કોઈ મંત્ર, કોઈ રસાયણ મળે તો લઈ લો અને જે જેટલા ઓછા સમયમાં અનુભૂતિ કરાવશે એ આપની દૃષ્ટિમાં એટલો જ મોટો સંત થઈ ગયો. આપે અધ્યાત્મનું મૂલ્ય માપવાના જે સાધન બનાવ્યા છે, જે અધૂરાં માપ છે, એ મુજબ એ જ જોવાનું કે કોણ કેટલો જલદી અનુભૂતિ કરાવે છે. જેમકે ઓછામાં ઓછા સમયમાં વધુમાં વધુ પૈસા કમાય, એ આપની દૃષ્ટિમાં સૌથી મોટો માણસ થઈ ગયો.

અધ્યાત્મ કાંઈ વેપાર-વાણિજ્યનો વિષય નથી કે એમાં નફો-નુકસાન જોવાનું હોય. પણ આ અહમ્‌ની ચેષ્ટા કહે છે કે લાભ કે હાનિ સમજ્યા વિના તો ચાલશે નહીં. કોઈ પ્રભુના પ્રેમને માટે મંત્ર જપે છે ? કોઈ એ નામની અંદર, 'ખાંડની જેમ' જે મધુર રસ ભરેલો પડયો છે, એના સેવનને માટે નામ જપે છે ? નહીં જ. આટલા આટલા જપ કરવાથી પછી આ કે તે ચક્ર ખુલશે, આ જ પ્રયોજન રહે છે. તાત્પર્ય છે એ ચક્રોને ખોલવાં, એની અનુભૂતિ મેળવવી, તાત્પર્ય છે કુંડલિની શક્તિને જગાડવી, અગર એનો સંચાર કરાવવો. તાત્પર્ય છે નાદ અને પ્રકાશની અનુભૂતિ લેવી. એ તો અનુભવ પ્રાપ્ત કરવા માટે બેઠો છે. અરે ભાઈ ! એ તો ભૌતિક સુખોમાંથી પાછા ફરીને અવ્યકતની સૃષ્ટિમાં ઘૂસે છે, પરંતુ હેતુ એ જ છે. પ્રયોજન એ જ છે, એ જ પદ્ધતિઓ અપનાવવી છે. સંસાર અને પરમાર્થમાં શું ફરક પડયો ? હું એને અધ્યાત્મ નથી કહેતી. હમણાં એનું બજાર બહુ ગરમ છે, એટલે મારા સ્વજનોને કહું છું-સાવધાન ! એમ નથી કહેતી કે અનુભૂતિઓ નથી આવતી. અનુભૂતિઓનું સહજ આવવું એ અલગ ચીજ છે અને એને પ્રાપ્ત કરવા માટે દોડતા જ રહેવું એ બીજી જ વાત છે.

સામાન્ય રીતે કહેવાય છે કે અધ્યાત્મ અનુભવ કરી શકાય તેવો વિષય છે. અમે સ્વજનોને એથીયે આગળની વાત કહેવા માગીએ છીએ. અનુભૂતિ તો મનની આ બાજું છે. મન ન હોય, અહમ્ ન હોય તો અનુભૂતિ શું છે ? નિર્વાણ, કૈવલ્યમાંથી અનુભૂતિ લેનાર કોઈ ત્યાં બેઠું નથી. તો શી રીતે થાય ? અનુભૂતિ તો જીવનની ઘટના છે. એક ઘટના થઈ. એને આપ ઓળખો છો, નામ આપો છો, સરખામણી કરો છો, સારી યા ખરાબ કહો છો, કારણ કે આપના ચિત્તમાં પડેલા

સહચારી ભાવ છે. આપના મનમાં એને માપવા માટે કંઈક માપદંડ છે, ત્યારે જ એને તમે કહો છો કે સારું થયું અગર ખરાબ થયું.

ઘટનાઓ થતી જશે. પરંતુ થનારી ઘટનાનો તો આપણે શાસ્ત્રો પ્રમાણે અર્થ કરવો છે. ઘટનાઓનું થવું, એ તો જીવનથી જુદું ન પાડી શકાય તેવું અંગ છે. એનો અર્થ કરતા બેસવું, અને એ અર્થ પ્રમાણે બીજાની સાથે પોતાની સરખામણી કરવી એ ઘટનાને અનુભૂતિમાં બદલવા જેવું છે. નાનાં-મોટાં, મહાન, શ્રેષ્ઠ, કનિષ્ઠ આ બધા સ્તર-વિભાજન બીજાને લાગુ પડવા માટે છે. આ બધી અહંકારની ચેષ્ટા છે. માટે અધ્યાત્મ અનુભૂતિનો વિષય નથી.

આપ અહીં આવ્યા છો. જે કેટલાક નવા લોકો બેઠાં છે એમનો કદાચ પરિચય પણ ન હોય. ખબર નથી કેવી રીતે આવ્યા. કોણ જાણે કોઈએ એમને શુંયે કહ્યું હશે. કોઈએ તમને કહ્યું હોય કે ત્યાં જઈશું તો આ અનુભવ આવશે, તો એમણે તમને ભ્રમમાં નાખ્યાં છે. મારી પાસે આપવા માટે કાંઈ નથી. કોઈને અનુભૂતિ કરાવવાને માટે કાંઈ પણ નથી. ઉપસ્થિતિ છે તો તેમાં મારો પુરુષાર્થ નથી. ઉપસ્થિતિને આપ ઉપલબ્ધિ બનાવી લ્યો, તો એ તો આપના પુરુષાર્થનો વિષય છે. હું કાંઈ કરી શકતી નથી, હા, મિત્રો માટે પ્રેમ છે, જેનું સમાજમાં કોઈ મૂલ્ય નથી. પ્રેમને વટાવી શકાતો નથી, ઉપયોગ થઈ શકતો નથી. વટાવવાનો અર્થ આપ જાણો છો ? કોઈની સાથે સંબંધ કરવો, સાંસારિક સંબંધ, ધાર્મિક સંબંધ, પારમાર્થિક સંબંધ, જેને આપ પતિ-પત્નિનો સંબંધ કહો છો, યા ધાર્મિક સંસ્થામાં નેતા અને અનુયાયીઓનો સંબંધ કહો છો, અગર આધ્યાત્મિક સંબંધમાં ગુરુ-શિષ્યનો સંબંધ કહો છો, એ સંબંધ જ ચલન-આજના આર્થિક માળખાનો આધાર છે, પૈસાનું ચલન. એના વિના આખું આર્થિક માળખું ચાલશે નહીં. એજ પ્રમાણે બધા ધર્મોના અને આજે જે આધ્યાત્મિક સંસ્થા યા સંગઠન કહેવાય છે, એના જે માળખા છે, એના જે કલેવરો ઊભાં છે, એ સંબંધોના બળ પર જ ટકયા છે. માટે પ્રેમને વટાવવો એટલે પ્રેમમાંથી સંબંધ નિર્માણ કરવો. અને અધ્યાત્મ તો નિર્દ્વન્દ્વ, વિશુદ્ધ સત્તાનો વિષય છે. એટલે એનું શું મૂલ્ય છે ? એવી વ્યકિતની પાસે આપ કૃપાપૂર્વક આવ્યા છો. એમ નથી કહેતી કે આપણા મિલનમાંથી કંઈ ઘટિત

નહીં થાય. ઘટિત થશે, પણ એનો અનુભવ આપને આવશે કે નહીં એ જુદો વિષય છે. એને પરખવા આપની પાસે ભાષા છે કે નહીં એ બીજો વિષય છે.

નિર્ભ્રાન્ત દૃષ્ટિ માટે, ચિત્તશુદ્ધિને માટે અને ઈન્દ્રિયોની ટેવોની જંજીરોથી મુકત થવાને માટે વિષયને સમજી લઈએ. વિષય આ જ છે કે આધ્યાત્મમાં કંઈ જ પ્રાપ્ત કરવાનું હોતું નથી. પ્રાપ્તિની ભાષા, પ્રાપ્તિની અભિલાષા, સંબંધોની લાલચ, એનું પ્રદર્શન કરવાની વાસના, ફકત અહંકાર જ કરે છે. અહંકાર કહે છે, ચાલો, આપણે જઈશું, પ્રવચન સાંભળીશું, શિબિરમાં જઈશું. આ શિબિર તો છે નહીં, આ તો મિલન છે, સહજીવન છે, સહવાસનો અને મનના પરિમાણથી ઉપર એકબીજા સાથે રહીને, આનંદ લૂંટવાનો અવસર છે. તો પ્રાપ્ત કંઈ કરવાનું નથી. ઉપલબ્ધિ થઈ શકે છે, ઉપલબ્ધિ અને પ્રાપ્તિનો ફરક સમજો છો શું ? ઉપલબ્ધિ અને પ્રાપ્તિમાં જમીન-આસમાનનો ફરક છે. ઉપલબ્ધિ થાય છે, પ્રાપ્ત કરવામાં આવે છે. પ્રાપ્તિમાં પ્રયત્ન છે અને પ્રાપ્તિ થયું છે તેનું ભાન છે-હેતુ, પ્રયત્ન અને ભાન. માટે કહું છું કે અહીં પ્રાપ્તિની વાત નથી. ઉપલબ્ધિ અનાયાસ થાય છે. ઉપલબ્ધિ થઈને લોહી-માંસની સાથે એવી રીતે એક થઈ મળી જાય છે કે એ સિવાય બીજુ કાંઈ નજરમાં નથી આવતું, ત્યારે એમ ખબર પણ નથી પડતી કે ઉપલબ્ધિ થઈ ગઈ.

ઉપલબ્ધિનો આલોક આપની જ્ઞાનેદ્રિય, કર્મેન્દ્રિયમાં હળીમળી જાય છે. એમાં સહજતા છે. એને ચલાવવું નથી પડતું, બતાવવું પડતું નથી. પ્રાપ્તિ અને ઉપલબ્ધિ એ બે જીવનનાં પરિમાણ છે. અને પ્રાપ્તિ થયા પછી હેતુ અને પ્રયત્ન, જેના દ્વારા તમે પ્રાપ્ત કર્યું, એના અચેતન મન પરના ઉઝરડા આપ પૂરી સરળતાથી કાઢી શકતા નથી. કેવી રીતે કહું ? શરીર પરના ઉઝરડાનો તો આપને પરિચય હશે. ચેતના પરના ઉઝરડા કયારે કદી જોયા છે ? વિકાર અને વિચારની મન પર અસર કયારે કદી જોઈ છે ? પોતાની પાસે બેઠા છો કયારેય ? આપનુ ચિત્ત કેવું ક્ષત-વિક્ષત ઘાયલ છે એ જોયું છે ? કેટલા પ્રકારના એના પર આઘાત છે ? 'દાસ કબીર જતનસે ઓઢી, જયોં કી ત્યો ધર દીની ચદરિયા' એનો અર્થ શું છે ?

આપને આપના અંદરના કલેવરનો પરિચય નથી. એ ક્ષત-વિક્ષત છે એનું ધ્યાન નથી. એટલી સંવેદનશીલતા કયાં છે ? એને આપણે પાંગરવા દેતા નથી.

આપણને તો પૈસા કમાવામાંથી જ ફુરસદ નથી. આપણને કુટુંબની સંભાળમાંથી ફુરસદ નથી. આપણને સમાજમાં પ્રતિષ્ઠા પ્રાપ્ત કરવામાંથી ફુરસદ નથી. કેટલાય કલાકોમાં કેટલાયે કામો થશે. એક કલાક પ્રભુને આપવાનો છે તો કહે છે આપીશું. એ એનો સાક્ષાત્કાર આપી દે. નામ જપી લઈશું, આંખ બંધ કરીશું, મૌન બેસીશું. આ કંઈ સોદાનો વિષય નથી અને બદલો મેળવનાર કદીયે લુંટાવી દઈ શકતો નથી અને અધ્યાત્મમાં જે સૌના પર પ્રેમ લુંટાવે છે એ પૂરો લુંટાઈ જાય છે, ન્યોછાવર થઈ જાય છે, એમાં કયાંય અટકવાની ભાષા નથી. અધૂરાનું નહીં, પૂરેપૂરાનું કામ છે. ત્યાં તો સમગ્રતાની લીલા છે. આટલું-તેટલુંનો હિસાબ લગાવવાની જરૂરત જ નહીં. એટલે પ્રાપ્તિ અને ઉપલબ્ધિનો ફરક સમજી લેજો.

ઈન્દ્રિયાતીત ક્ષેત્રોમાં, અતીન્દ્રિય ક્ષેત્રમાં અને અતીન્દ્રિયથી પરના ક્ષેત્રમાં જે ઘટનાઓ થાય છે એ ઘટનાઓના થવાથી ઉપલબ્ધિઓ પણ થઈ જશે, પરંતુ પ્રાપ્તિ નહીં થાય. જોઈ લીધું ને, શબ્દોનું કેવું કેવું સુંદર સ્વરૂપ છે ? પ્રાપ્તિનો આશય જોયો ? પ્રાપ્તિના ઉપાદાન શું છે જોયું ? હેતુ અગર પ્રયોજન, પ્રયત્ન અને ભાન આ ઉપાદાન છે. માટીનો ઘડો બને છે ને, ભાઈ ! એમ જ આનાથી પ્રાપ્તિ બને છે. 'અપ્રાપ્તસ્ય પ્રાપણમ' જે પ્રાપ્ત છે એનું લક્ષણ કરવું પડે છે. પ્રાપ્તિ એ પરિગ્રહ છે. ઉપલબ્ધિ એ પરિગ્રહ નથી. પરિગ્રહ એ જ્ઞાનનો હોય, પરિગ્રહ ભૌતિક વસ્તુઓનો હોય, પરિગ્રહ આંતરિક શક્તિઓનો હોય, સિદ્ધિઓનો હોય, પણ પરિગ્રહ એ પરિગ્રહ જ છે. અને જ્યાં પરિગ્રહ છે ત્યાં હિંસા છે. આક્રમણ પોતાના ઉપર છે અને બીજાના પર પણ આક્રમણ છે. પ્રેમ તો ત્યાં રહી શકે નહીં, પ્રાપ્તિવાળાઓ પાસે પ્રેમ રહી શકતો નથી. જીવનનો શ્વાસ ત્યાં રૂંધાવા માંડશે. ઉપલબ્ધિની ભૂમિમાં જીવનનાં પુષ્પો ખીલશે, પ્રાપ્તિની મરુભૂમિમાં નહીં.

જો ચિત્તમાં આ વાસના હોય કે અમે અધ્યાત્મ તરફ એટલે જ વધ્યા કે કાંઈ પ્રાપ્ત કરવું છે, તો મહેરબાની કરીને તમે સંસારમાં પાછા ફરી જાઓ. પ્રાપ્ત કરવાની, પરિગ્રહની લીલા જોઈને, ભોગોથી ઉબાઈ ગયા હો, તો ત્યાગનો નશો ચાખી લો. અહીં તો પ્રાપ્ત કરવાનું કાંઈ નથી. કાંઈ જ નથી. સમગ્રતાથી જુદા રહીને સમગ્રતાને પ્રાપ્ત કરવાની વાસના છે. જીવનથી થોડા અલગ રહીને પછી જીવન પ્રાપ્ત કરવાની ઈચ્છા છે. પ્રાપ્તિ પણ એ રીતે વિશ્વચેતના સાથે સૂક્ષ્મ સંબંધ

નિર્માણ કરવા જેવું છે. એક શક્તિની સાથે, ચૈતન્યની સાથે, સંબંધ જોડવો તે પ્રાપ્તિ છે. એ ત્યાં છે અમે અહીં છીએ, એને અમે પ્રાપ્ત કરીશું, કમાઈશું. ધન મેળવવું, જ્ઞાન મેળવવું, એની જેમ અનુભવો મેળવવા છે. હું ભારપૂર્વક આ વાત કહી રહી છું, કારણ કે મૂળ અહીં જ છે. આ મૂળ નહીં ઊખડે, આ મૂળમાં જે ઝેર છે, ઝેરી મૂળ છે, એ જો નહીં ઊખડે તો કંઈ જ થશે નહીં.

આપ આ યાત્રામાં જોઈ લ્યો કે આપના મૂળ જિજ્ઞાસાના છે કે કુતૂહલનાં છે. અધ્યાત્મ કાંઈ બાળકોનો ખેલ તો નથી કે ચાર દિવસ હળદર ખાધી કે રંગ પલટાઈ ગયો, એવું તો નથી જ. તો આ જ્ઞાન સંગ્રહનો વિષય નથી, અનુભવનો વિષય નથી. આ તો પ્રયત્નનો, સમજવાનો વિષય છે. પ્રાપ્તિ અને પ્રત્યયમાં શું ફરક છે ? જેમ પ્રાપ્તિ અને ઉપલબ્ધિનો ફરક જોયો, એમ જ પ્રાપ્તિ અને પ્રત્યયનો ફરક જોઈ લઈએ. શબ્દોનો દેહ, અક્ષર, માત્રા, છોતરાં છે, એમાં શું છે ? એ છોતરાંને ફોલીને જોઈ લેવું જોઈએ. શબ્દોનો પરિચય ન હોય તો વાણીને આતશબાજીની જેમ ફેંકવી એ શક્તિને નિરર્થક નષ્ટ કરવા જેવું છે, કારણ કે મોઢું ખોલતાં જ શરીરનું અગ્નિતત્ત્વ ખર્ચ થઈ જાય છે. અને બોલેલા દરેક શબ્દનું તમારા પર રાસાયણિક પરિણામ થાય છે. શબ્દોથી બચીને રહેજો. એ તો અગ્નિ સાથે, પાણી સાથે રમત કરવાથી પણ વધુ ભયંકર ચીજ છે અને એનો નશો ચડે છે.

શિક્ષણના નામ પર શબ્દોનો અને વિચારોનો નશો પેદા કરવો, કેવી રીતે બીજાને પિવડાવવો એ જ તો ધંધો ચાલે છે અને એ નશામાં વહી જવું એ જીવન નથી. જીવન પુરુષાર્થ છે. સમગ્રતાની ગતિમાં આપણા જીવનનો લય સાધીને એની ગતિ સાથે ગતિ મેળવી ચાલવાનું છે. જીવવું એ જાગ્રત વ્યક્તિઓનું કામ છે, નશાબાજનું નહીં.

માટે સમગ્રતામાં અથવા તનમાં, મનમાં અને તન-મનથી પર જે ચેતના છે, એ ત્રણેયમાં એકસાથે એક જ સમયે આકલનનું જે સ્પંદન ઊઠે છે, એનુ નામ પ્રત્યય છે. પ્રત્યયના સ્પંદન વ્યક્તિની સમગ્રતામાં ઓતપ્રોત થઈ જાય છે. સામે આવેલું જ જીવન છે, કોઈ વ્યક્તિ છે, કોઈ ચીજ છે, કોઈ પડકાર છે. આહવાન છે. એનો અર્થબોધ સમગ્રતામાં કમ્પન પેદા કરે છે. એ સમગ્રતામાં

સ્પંદન કરે છે. કેવળ મનમાં નહીં, કેવળ તનમાં પણ નહીં, એ જે સ્પંદનને ઉત્પન્ન કરે છે એ પ્રત્યય છે અને એ સ્પંદન વ્યર્થ નથી જતું, કારણ કે સ્પંદનની સાથોસાથ આચરણમાં પણ એ ઘટિત થાય છે. પ્રત્યય હોય અને આચરણ ન હોય એ બની શકે જ નહીં. જ્ઞાનસંગ્રહ હોય અને તે અનુસાર આચરણ ન હોય એમ બની શકે છે. જોઈ લ્યો ને પંડિતો, વિદ્વાનોનું જીવન. જ્ઞાનસંગ્રહનો બોજો ગરદન પર છે, આ બોજ નીચે ખભા નમી ગયા છે અને તે મુજબ જીવી શકતા નથી. એટલે અંદર ભયંકર દ્વંદ્વ છે, કલહ છે, સંઘર્ષ છે. એક બાજુ જ્ઞાનસંગ્રહ પડયો છે; બીજી બાજુ સંસ્કારો પડયા છે; જેની કોઈ સંગતિ નથી એવી અવ્યવસ્થા અંદર છે. બોજની નીચે, અરાજકતાના ધુમાડામાં, આંખોની પાસેનું પણ દેખાતું નથી. આંતરિક અવ્યવસ્થાની ધૂળ જે હરક્ષણે ઊડયા કરે છે એ જ દૃષ્ટિને સ્વચ્છ રહેવા દેતી નથી.

અર્થ-બોધની સાથે સાથે વ્યક્તિની સમગ્રતામાં ઊઠનાર જે કંપન છે, જે સ્પંદન છે, એનું બહુ જોર છે. એની પોતાની ગતિશીલતા છે. અર્થ-બોધની એક પોતાની ગતિ છે. અર્થબોધ થયા પછી તે મુજબ આચરણ કરવા માટે વચ્ચે સમય આવતો નથી અને તે મુજબ આચરણ કરવા માટે પ્રેરણા અને પ્રોત્સાહનની જરૂર પડતી નથી. જે સ્પંદન ઘટિત થઈ જાય છે, એ આચરણ કરાવી લે છે. અર્થ-બોધની ક્ષણ જ આચરણમય થઈ જાય છે. આ બેની વચ્ચે બિલકુલ સમય આવતો નથી. અધ્યાત્મ એ તો અર્થ-બોધનો વિષય છે. અર્થ-બોધથી આગળ આપને કાંઈ કરવાનું રહેતું નથી. કારણ, આપ જ ત્યાં રહેતા નથી. આજે સવારે કિશનભાઈએ કહ્યું હતું ને ? વિનમ્રતામાં આપનું આખુંયે અસ્તિત્વ તરસી ધરતી જેવું બની જાય છે. ભાઈએ તપેલી ભૂમિ કહ્યું હતું. એવી ભૂમિની જેમ તરસી દશા તરફડે છે. અધ્યાત્મ એ જીવનના અર્થ-બોધનો વિષય છે.

જુઓને, આ કેટલું સરળ છે ! કોણ જાણે કેમ લોકો એને ગુંચવણભરેલું બનાવી દે છે ? બહુ જ સરળ કામ છે. જીવન જે પળે પળે ઘટિત થાય છે, જે હરેક પળે સતત ગતિશીલ છે, એને સમજવાનું છે. હવે સમજવું એ શું છે ? આ જે જાણવું નથી તો સમજવાનો અર્થ શો છે ? જેને જાણવું કહે છે, માની લો કે એ જ સમજવુ છે. તોપણ આ સમજ કઈ રીતે ઘટિત થાય છે ? અને સમજવા

માટે કયું માધ્યમ જોઈએ ? જ્ઞાન-સંગ્રહ માટે બુદ્ધિ માધ્યમ છે. અનુભૂતિને માટે અહમ્‌નું માધ્યમ છે, સમજવા માટે કોઈ માધ્યમ છે ? જોયું ને ? ચિત્તમાં પ્રશ્નો કેવી રીતે ઊઠે છે ? સમજવા માટે કોઈ વાહન છે, કોઈ માધ્યમ છે, કોઈ ઉપકરણ છે, કોઈ કારણ છે ? પોતાનામાંથી કોઈ એક અંશ લઈને ઉપકરણને ત્યાં સ્થાપવા ચાહે છે, કારણ કે પૂરી સમગ્રતા હમણાં હલવા માંડે અને પૂરી સમગ્રતામાં જો સ્પંદન થવા માંડે, કંઈક ઘટિત થવા લાગે તો તેનાથી જુદા રહીને મારાથી જોવાનું તો ન બને !

એટલે ચિત્ત કહે છે કે આ સમજવાનું માધ્યમ પહેલા બતાવો. એટલે મારી સમગ્રતામાં જેને હું સ્થાપિત કરી શકું કે અહીં બુદ્ધિ છે, અહીં ચિત્ત છે, અહીં અહમ્ છે, એમ જ સમજવા માટે કોઈ સાધન બતાવો, કોઇ કારણ બતાવો, એટલે તર્ક બતાવો. આ તર્કની, ઉપકરણની મદદથી જોઈશું કે કેવી રીતે સમન્વય છે. અને જો એમ કહે કે સમજવામાં તમારી અખિલાઈ-હસ્તિ-સંલગ્ન થઈ જશે તો પછી તમે ગભરાઈ જાઓ છો. આ તો મજા ગઈ. પૂરેપૂરા સંલગ્ન થઈ ગયા, સમગ્રતા જ જો એમાં સંલગ્ન થઈ જાય તો પછી જુદા રહીને કોણ જોશે ? સાક્ષી કોણ બનશે ? એટલે સમજવાના કર્મમાંથી પસાર થતા પણ કર્મને જોવા ઇચ્છે છે. આજ સુધી આપણી ટેવ એવી છે ને ! સમગ્રતાનું કર્મ આપણને ખબર નથી. સમગ્રતાની ગતિનો પરિચય નથી. સમગ્રતા જીવે છે એ ખબર નથી. આપણને અંશોમાં જીવવાની ખબર છે.

જીવન છે તો આપણને ભૂખ લાગી, અનુભવ થયો, બરાબર ખાધું, પછી પચી ગયું. જેમ તરસ લાગી, પાણી પીધું, એ પ્રમાણે સમજવાને માટે પહેલાં તમે સાધન બતાવો. અને હું કહું છું કે આ સાધનનો સવાલ અવૈજ્ઞાનિક છે. સમન્વય છે, સમજવું એક ઘટના છે, એક ગતિ છે. 'આપ નથી સમજતા', 'હું સમજું છું.' એ ભાષા જ ખોટી છે. 'હું જાણું છું.' ત્યાં સુધી એ બરોબર છે. જાણવામાં 'હું' છું, જાણવાની ક્રિયા છે અને જાણેલું જ્ઞાન છે. ત્રિપુટીમાં કર્તા છે, કર્મ છે અને ક્રિયા છે. કરવાની પદ્ધતિ છે, અનુભવ છે, અનુભવ લેવાની પદ્ધતિ છે અને અનુભવની ફલશ્રુતિ છે. આ ત્રિપુટી-ત્રિકોણની આપણને ખબર છે અને આપણે ઇચ્છીએ છીએ કે આખાયે જીવનને એક ત્રિકોણમાં બાંધી લઈએ કે જેથી જે

કાંઈ ઘટના થાય, એ ત્રિકોણમાં થાય. અમે રહીએ, પદ્ધતિ પણ રહે અને ફલશ્રુતિ પણ અમે જ જોઈએ. જીવન એમ જિવાતું નથી. શું કરીએ ?

સમજવું એક ઘટના છે, એ ઘટના થશે અને એ ઘટના થાય તેવી યોગ્ય અવસ્થામાં પોતે પોતાને રાખી શકો છો. સાધના એટલે પોતે પોતાને, શરીરને, મનને, બુદ્ધિને એવી અવસ્થામાં રાખો કે જેમાં સમજવાનું કર્મ ઘટિત થઈ શકે. અને સાધનાનો બીજો કોઈ અર્થ નથી. આપણે બે ત્રણ દિવસ અહીં છીએ, એમાં એ જ જોવાના છીએ કે સમજણ ઘટિત કેવી રીતે થાય ? પ્રયત્ન ઘટિત થાય, એ માટે પોતાને કેવી અવસ્થામાં રાખીએ ? જેમ પ્રેમ એક ઘટના છે, સૌંદર્ય એક ઘટના છે, સંગીત એક ઘટના છે, એ કોઈના પુરુષાર્થનો વિષય નથી.

ગાનાર સમજે છે કે એ ગાઈ રહ્યો છે. જે રસિક છે, એ સંગીતનો આત્મા કયાં છે, એ જાણે છે. નાડીઓની શુદ્ધિમાં શરીર શુદ્ધ થઈ જાય છે, ચિત્ત શુદ્ધ થઈ જાય છે. હું બીજાને માટે ગાઈ રહ્યો છું, એ પ્રકારની વિકૃતિ એની સાથે ન હોય. 'સ્વાન્તઃ સુખાય' પોતાના જ સુખ માટે હોય, તો અંદરના અનાહત નાદને આધારે એ સાત સ્વરોને આહત કરતો ચાલ્યો જાય છે. આમાંથી સંગીતની ઘટના ઉત્પન્ન થાય છે. અને સ્વર છેડવામાં જો ગતિ ન હોય, સ્વરને ખેંચવા પડતા હોય તો ? તો ખેંચતા રહો આપ સ્વરોને. સંગીત એક નિપજ છે, એ કોઈનો પુરુષાર્થ નથી, કોઈનું કર્તવ્ય નથી. હવે બે સ્વરોની વચ્ચે જે અવકાશ છે, એ અવકાશની સાથે ગાનારનો શું સંબંધ છે, એ પર સંગીતની ઘટનાનું સૌંદર્ય નિર્ભર છે. વર્ષો સુધી ગળાને ઘૂંટતા રહો, જેમ વૈદ્ય દવાને ઘૂંટે છે, એમ સ્વરોને ઘૂંટયા કરો. પણ અંદરના સ્વરમાં સજીવતા નથી. એ પ્રાણવંત નથી. બે સ્વરોની વચ્ચે જે મૌન છે, એની સાથે લય નથી. સ્વરોમાં સહજતા નથી. મૌનની સાથે લય નથી, તો સંગીત ઘટિત થતુ નથી. એ તો ઘટના છે. જેમ સંગીત એક ઘટના છે, જેમ સૌંદર્ય એક ઘટના છે. કૃત્રિમતાથી સૌંદર્યનું નિર્માણ નથી કરી શકાતું, કારણ કે એ તો જીવનનો પરિમલ છે, એમ જ સમજણ પણ એક ઘટના છે.

કૃત્રિમતાથી જેમ પ્રેમને ઉત્પન્ન કરી શકાતો નથી, એ તો જીવનની સુગંધ છે. જીવનનું સૌંદર્ય છે. એ જ પ્રમાણે સમજણ કે પ્રયત્ન આપના પુરુષાર્થથી, કર્તૃત્વથી કદાપિ ઉત્પન્ન થતા નથી. આપે સમાધિ સવિકલ્પ...નિર્વિકલ્પ પ્રાપ્ત

કરી, જે આપને કરવી છે. કુંડલિનીમાં સંચાર કરીને આપ શક્તિઓ જગાડી લો, અનુભવ લઈ લો. અલૌકિક અને લોકોકત બન્નેમાં કંઈક બને છે, બગડે છે. જેમાં બનવું અને બગડવું છે જ નહીં, એવા અધ્યાત્મના ક્ષેત્રમાં તો આ આખીયે કદરૂપતા છે એમ હું સમજું છું. જે સહજ નથી તે કદરૂપ છે એવુ મારું કહેવું છે. સમજ પવિત્ર છે. સહજતામાં પવિત્રતા છે. સહજતામાં જીવનનું માંગલ્ય છે, સૌન્દર્યનું માંગલ્ય છે. અને સમજણનું પરિણામ જો કાંઈ હોય તો તે એ છે કે જીવનમાં સહજતાનું પરિમાણ, સહજતાના દ્વાર ખૂલી જાય છે.

આપણે લોકો સહજતામાં રહી શકતા નથી. સવારથી સાંજ સુધી જરા નિરીક્ષણ કરી તો જુઓ કે આપના કેટલા કર્મો સહજ થાય છે. આંખ ખોલીને કોઈના તરફ સહજ જોઈએ છીએ કે જોવામાં વાસના મળી ગયેલી હોય છે, અગર જોવામાં આપના નિર્ણય અને પૂર્વગ્રહ ભળેલા હોય છે. જોવામાં જ આપને સારું લાગવું કે ખરાબ લાગવું રહ્યું છે. પ્યારમાં વિકાર ભળેલો હોય છે. જોતાં પણ આવડે છે, ભાઈ ! બેઅદબી લાગે તો માફ કરજો, પણ પાસે બેઠા છીએ, એમની સાથે દિલ ખોલીને બોલીશ, કદાચ ખરાબ લાગે, સારું પણ લાગે. આપને જોતાં આવડે છે ? કયારેય ચાહનાથી મુકત દષ્ટિ છે ? તટસ્થતા, મધ્યસ્થતા, સાક્ષી-ભાવથી હું જોવાનું નથી કહી રહી. સાક્ષી-ભાવ પણ ધારણ કરવો પડે છે, એ પણ એક અત્યંત સૂક્ષ્મ પ્રકારની વિકૃતિ છે-તટસ્થભાવ, મધ્યસ્થભાવ, સાક્ષીભાવ. થોડા સમય પહેલા હું એની વાત કહેતી હતી, પણ હવે અમને એ વાતો વાસી લાગે છે. એવું જિવાતું જાય છે કે પાછલા વર્ષનાં પુસ્તકની વાત યાદ દેવડાવશો નહીં. ચાર મહિના પહેલાંની વાત યાદ કરી, આપ કહો કે આપે પહેલાં આમ કહ્યું હતું, તો લાગે છે : અરે ! એ તો પાણીમાં વહી ગયું. એ પાણીની યાદ આપો છો ? એ તો વાસી થઈ ગયું, હવે વાસી ફૂલોને પાણીમાં મૂકીને તાજાં કરશો ?

આપણે તો એવા જીવીએ છીએ જેમ કે અનુભૂતિઓને સ્મૃતિનાં પાણીમાં મૂકી મૂકીને તાજું રાખવા ચાહીએ છીએ. એને સ્મૃતિનું પાણી છાંટીને તાજું કરવાનો પ્રયત્ન કરો છો. એમાં ન તો સુગંધ છે, ન સૌરભ છે. કરમાયેલાં પર પાણી છાંટીને તાજગીનો આભાસ ઉત્પન્ન કરવો એ પણ કાંઈ જીવવું છે ભાઈ !

માટે કહ્યું કે સહજતાને છોડીને જે કાંઈ છે તે અપવિત્ર, અમંગળ, અભદ્ર, કૃત્રિમ છે. આથી પણ આગળની વાત હશે અને જીવી જાણીશું તો કહીશું. એમ તો નથી કહેતી કે આ છેવટનું છે. કોણ જાણે છે કે સહજતાથી પર કાંઈ છુપાયેલું નથી ? નિર્દ્વન્દ્વ અવસ્થાથી, નિર્વાણથી, મુકતાવસ્થાથી પર જે સહજાવસ્થા છે, એની વાત આજે કરી શકીએ છીએ. આજે કોઈ કહે મનની આ પાર, મનને પેલે પાર તો એ બધી પુરાણી વાતો લાગે છે. 'આત્મદીપો ભવ' એ બધી પુરાણી વાત લાગે છે. યુવાનોના હાથમાં બાળકોનાં રમકડાં શોભાસ્પદ નથી લાગતાં. હવે રસ નથી પડતો, કારણ કે અમારી વાણીમાં હવે એ વાતો આવી શકતી નથી. જે સમજાઈ ગયું છે એનું એક જ લક્ષ્ય છે, અકૃત્રિમતા, નિદ્રા, સુષુપ્તિ, જાગૃતિ બધી અવસ્થાઓમાંથી મુકત થવાનું છે. જે જાગૃતિમાં રહીને પણ નિદ્રાવસ્થામાં ખંડિત થાય છે તે સહજતા નથી. જે એક જ જગ્યાએ ટકે છે, એક જ વ્યકિત પાસે ટકે છે, બીજાની પાસે નહીં, એ સહજતા નથી.

માટે અધ્યાત્મમાં સમજવું છે. સમજવું શેને, એ રહસ્ય છે. સમજવું શું છે, આ રહસ્ય છે. એટલે સ્વરૂપ, વિશ્વરૂપથી અલગ નથી. વિશ્વરૂપ કહેવાથી માણસ બહિર્મુખ બને છે. અને જાણે યાત્રા બહારની હોય એમ આભાસ થાય છે. યાત્રા તો આંતરિક છે. અંતરયાત્રા માટે સ્વરૂપને સમજવાનું છે. માનવને કેવી સુંદર આકૃતિ મળી છે ? માનવ-જીવનમાં કેવો ચમત્કાર છે ? આમ તો અમને બધા આકાર પ્રિય લાગે છે- પછી કાગડો હોય કે ગધેડો. કાગડાનો કાળો રંગ હોય કે ગર્દભરાજના લાંબા કાન હોય, આપણે શું લેવાદેવા છે ? દરેક આકારની અદ્વિતીયતામાં પ્રભુસત્તાનું જે વિભૂતિતત્ત્વ છે, એના પર હું મુગ્ધ છું. પણ માનવદેહ એક મોટી વસ્તુ છે, બહુ જ સુંદર છે. માનવદેહના હાડમાંસમાં પ્રભુએ આપેલો એક અવસર છે. આત્મપરિચય માટે, સ્વરૂપ ઉપલબ્ધિ માટે, આ સજીવ અવસર મળ્યો છે. અને તે ગતિશીલ પણ છે. માનવ પોતાના તરફથી શરૂઆત કરીને જુએ કે એનામાં કયાં કયાં શું શું પડયું છે. ઈન્દ્રિયોથી કયાં સુધી જોઈ શકાય છે, મન અને બુદ્ધિથી કયાં સુધી જોઈ શકાય છે. શરીરની ગતિથી કયાં સુધી જોઈ શકાય છે. મગજની ગતિથી કયાં સુધી જોઈ શકાય છે.

જેમ રેલની, વિમાનની પોતપોતાની ગતિ છે, એમ જ શરીરની જે પોતાની ક્રિયાઓ છે, તેની ગતિ છે. માનસિક અને બૌદ્ધિક ગતિ પણ છે. આ યાત્રામાં એનાથી કયાં સુધી જવાય છે ? અને જ્યાં મન અને બુદ્ધિની ગતિ કામ નથી કરતી, ત્યાં કઈ ગતિ પર આરૂઢ થવું પડે છે ? એમાં ગતિ અને ગતિ પર આરૂઢ થનાર બે ભિન્ન તત્ત્વો છે, અગર તો ગતિ પણ પોતે અને ચાલનાર-આરૂઢ થનાર પોતે જ છે, એ જોવું પડશે. જ્યાં સુધી શબ્દોમાં વ્યકત કરવું સંભવ છે, ત્યાં સુધી પ્રયત્ન કરીશું. પહેલા કહ્યું હતું કે અહીં પ્રતિપાદન નથી. અહીં મનોરંજન નથી. અહીં પ્રભાવ પાડવાની ઈચ્છા નથી. અહીંથી પ્રભાવિત થઈને તમે જાવ તો મારી શરમનો કોઈ અંત નથી. જે વ્યકિત બીજાઓ પર પ્રભાવ પાડે છે એ આસુરી વ્યકિત છે. એના પર પ્રભાવ પડયો અને એ માણસ દબાઈ ગયો. આપ એમને બંદૂક બતાવીને દબાવો છો, ક્રોધ કરીને દબાવો છો, કાયદાનો કાગળ બતાવીને દબાવો છો, અતીન્દ્રિય શકિતઓનો ચમત્કાર દેખાડીને દબાવો છો, અગર પોતાની સિદ્ધિઓનો ઉન્માદ અને નશો દેખાડીને દબાવો છો. વાત એક જ છે.

એ જ મનુષ્યનો પ્રભાવ પડશે, જેને પોતાની ઉપલબ્ધિઓનું ભાન છે. જેવો પ્રભાવ પડયો કે એ જ વખતે વાત પૂરી થઈ ગઈ. આપના પર પ્રભાવ પડશે, તો આપના સ્વરૂપની જે શોધ છે તે સ્થગિત થઈ જશે, મંદ પડી જશે. માટે થોડી જ સંખ્યામાં લોકો અહીં હોય એવો મારો આગ્રહ રહે છે. વકતા અને શ્રોતાની વચ્ચે જે સંબંધ છે તે સંખ્યા નક્કી કરે છે. હજારોની સંખ્યામાં બેસો અને પ્રામાણ્યવાદથી મુકિતની ગમે તેટલી વાત કરો, વકતા અને શ્રોતાની વચ્ચે પ્રામાણ્યનો જ સંબંધ બને છે. મોટી સંખ્યામાં લોકોને એકઠા કરવા એ જેમ ઢોર, જાનવરોને ડંડાથી હાંકે છે તેના જેવું છે. આપ અધ્યાત્મ નામના ડંડાથી હાંકો છો, કે રાજનૈતિક નેતાપદના ડંડાથી હાંકો છો, વાત એક જ છે. એ ભીડમાં વ્યકિત ખોવાઈ જાય છે. અહીં ૪૦-૫૦ વ્યકિત સાથે સંવાદ થાય છે. એટલે એમના મન પર પ્રભાવ નથી પડતો. એ શકય છે કે કંઈક ગતિ વધી જાય, કંઈક પ્રેરણા મળે. પ્રભાવિત થવામાં માનવની જે પ્રતિભા છે, એનો ઉન્મેષ પાંગરતાંની સાથે જ કરમાઈ જાય છે. અહીં કૌટુંબિક વાતાવરણ છે. ભાઈએ સવારે કહ્યું તો હું ઘણી પ્રસન્ન થઈ. પ્રેમના પરિવારના વાતાવરણમાં પાંચ દિવસ રહીએ અને આ

ગંભીર વિષયો પર આપણી પાસે કુતૂહલ છે કે જિજ્ઞાસા છે, આપણે પ્રાપ્તિ માટે આવ્યા છીએ કે સમજવા માટે આવ્યા છીએ એને જોઈએ.

નિર્ભ્રાન્ત દૃષ્ટિ, સ્વસ્થ ચિત્ત અને મુકત ઈંદ્રિયો ત્રણેયની જરૂર છે અને એકકેયના વગર ચાલશે નહીં, આટલો વિષય આજે મૂકયો અને આગળનો વિષય તો જ્યારે લહેર ઊઠશે ત્યારે તેમ મૂકાશે. હું પ્રવચન તો કરતી નથી. આ મારો સંવાદ છે. આપની ઈચ્છા હોય તો પ્રશ્ન પૂછશો, ચર્ચા કરશો, સંકોચ ન રાખશો. અહીં એ દાવો નથી કે આપ પ્રશ્ન પૂછશો અને એનો જવાબ હું આપીશ. આપ અને હું મળીને આપના પ્રશ્નને જ સમજવાનો પ્રયત્ન કરીશું. અને પ્રશ્ન તો આપની જીવનવેલી પર ખીલેલું પુષ્પ છે. જ્યારે હું સભાઓમાં બેસું છું, જ્યારે મિત્ર-મિલન થાય છે, એવા અવસરો પર જઉં છું તો મને મારા મિત્રો માટે એટલું માન છે કે પ્રશ્નોને હું હળવી રીતે નથી લઈ શકતી. આપ પ્રશ્ન પૂછો ત્યારે ગંભીરતાથી પૂછશો અને કોઈ પણ સંકોચ વિના પૂછશો. કોઈ પણ પ્રશ્ન, જો જિજ્ઞાસામાંથી જન્મ્યો હશે તો ખોટો હોઈ જ ન શકે.

(ચોરવાડ પ્રથમ શિબિરમાં ૧૧-૨-૧૯૭૧ના રોજ આપેલુ પ્રથમ પ્રવચન)

૨

પ્રશ્નોત્તર-૧

પ્રશ્ન : વિચારોનો નાદ ઊઠે છે. નાદ બન્યા પછી વિચારોનું નવીનીકરણ અગર રૂપાંતર થાય છે કે વિચાર ક્યાંક વિલીન થઈ જાય છે ? વિચારોના સ્પન્દન, નાદનાં સ્પન્દન ક્યાં અને કેવા રૂપમાં પરિવર્તન પામે છે ? વિચારના રૂપમાં આપણે જોઈ શકીએ છીએ કે આ વિચારો આવ્યા, પણ એ ક્યાંથી આવ્યા ? કઈ શક્તિમાં પરિવર્તન થઈ ગયું : તેની ખબર જ નથી પડતી. વિચાર ક્યાંથી ઊઠે છે ?

ઉત્તર : વિચાર સ્મૃતિમાંથી ઊઠે છે. વિચારનો સ્રોત સ્મૃતિમાં છે. અચેતન અને અવચેતનમાં જે એકઠા થયેલ સંસ્કારો છે, જે જ્ઞાન છે, એની સ્મૃતિમાંથી વિચારો આવે છે. ઈન્દ્રિયોનો વિષયો સાથે જ્યારે સંબંધ થાય છે તો એ સંબંધથી બે પ્રકારનું પરિણામ આવે છે : (૧) ઈન્દ્રિયો અને વિષયોના સંબંધથી જે સુખ થયું, જે એક સુખદ સ્પન્દન થયું, એને કાયમ કરવા માટે, સતત ચાલુ રહે તેવી વાસના જાગી ઊઠે છે. એ વાસના વિચારને પ્રેરણા આપે છે. ઇંદ્રિય-વિષય-સંબંધમાંથી થનાર સુખદ સ્પન્દનને ટકાવી રાખવાની વાસનામાંથી કેટલાય વિચારો આવે છે. જીવનમાં વ્યક્તિ એવું સંયોજન કરવા ઈચ્છે છે, કે આ સુખદ સ્પન્દન એને વારંવાર મળે અને મળે તો વધુમાં વધુ સમય સુધી મળે. (૨) એ સ્પન્દન સુખદ ન હોય, દુ:ખદ છે. હવા ઘણી જ ગરમ છે ચામડી સહન કરી શકતી નથી. ચામડીને ગરમીનો સ્પર્શ થાય છે. સ્પન્દન દુ:ખદ છે. દુ:ખદ સ્પન્દનને જલદીમાં જલદી તુરત નાશ કરી દેવાની વાસનામાંથી, દુ:ખદ સ્પન્દનથી બચવાની વાસનામાંથી, વિચારને પ્રેરણા મળે છે. કયાં તો પ્રેરણા દુ:ખથી બચવાની છે યા તો દુ:ખને હટાવવાની છે.

એટલે વિચારો આવે છે. વાસના મગજના રક્તગોલકમાં જઈને અથડાય છે. દરેક વાસના આપના જ્ઞાનતંતુઓની અંદર કમ્પન ઉત્પન્ન કરે છે. આ કમ્પન

જો મગજ સુધી જાય તો ત્યાં જે સંઘરાયેલા સંસ્કારો છે, જે સંઘરાયેલું જ્ઞાન, અનુભવ છે, એમાંથી કોઈ એક ઊઠે છે, એને આપ પોતાનો વિચાર કહો છો. વિચાર અને ભાવના વ્યક્તિગત હોઈ જ શકે નહીં. આ બધાં સામુદાયિક છે. સામુદાયિક પદ્ધતિથી કરાયેલા સંસ્કારોમાંથી આપના શરીરની અંદર જે સંઘરાયેલું છે, તે ઉપર ઊઠે છે. આ સંસ્કારોના ઉદ્‌ભવની ક્રિયાને આપણે વિચાર કહીએ છીએ. ન તો વ્યક્તિગત મન છે, ન વ્યક્તિગત વિચાર છે, ન તો વ્યક્તિગત ભાવના છે. આ બધાં સામુદાયિક છે.

જે સામુદાયિક ઉપલબ્ધિ આપનામાં પડેલી છે, એમાંથી આપ પસંદ કરીને, કંઈક ગ્રહણ કરવા યોગ્ય સમજીને, કંઈક ત્યાગવા યોગ્ય સમજીને એનો ઉપયોગ કરો છો. વસ્ત્રોને રંગ આપવો છે, જે રંગની ખબર છે, જાણો છો, એમાંથી પસંદ કરી લ્યો છો, ડિઝાઈન પસંદ કરો છો. એમ જ જે પોતાના નથી, જે સમુદાયગત છે, પારકા છે, જે આપનામાં પડેલા છે, સંચય કરેલા છે, એવા વિચારો અને વિકારો, સંસ્કારોને લઈને આપ પોતાના જીવનનું વસ્ત્ર 'ડિઝાઈન' વણો છો. વિચારો આપના છે જ નહીં. માટે વિચાર સ્મૃતિમાંથી ઊઠે છે.

વિચાર શબ્દ વિના આવતો નથી. શબ્દને લઈને જ વિચારો ઊઠે છે. આપ જોઈ લેજો. નિઃશબ્દ વિચારને જોઈ લ્યો. એટલે શબ્દ- જે બીજાઓને સંભળાય, જે બીજા સાંભળી શકે, એવો શબ્દ નહીં, જેને આપ નિઃશબ્દ કહો છો, એ શબ્દ જ છે જે અંદર ફસાઈ ગયેલો છે. એક શબ્દ ઘર્ષણ થઈને બહાર નીકળે છે, માટે અંદર સમાયેલાં શબ્દને આપ નિઃશબ્દ કહો છો, કારણ કે શબ્દ સંભળાતો નથી. જે શબ્દ સંભળાતો નથી એ શબ્દ મૌન નથી, ત્યાં શબ્દનો અભાવ નથી. એટલે શબ્દ સાથે વિચાર આવ્યો, શબ્દ મુખમાંથી નીકળ્યો, એ બીજા માટે સાંભળવાનું થયું માટે તમે એને શબ્દ કહો છો. અંદર તો નિઃશબ્દ છે, પણ સંભળાતો ન હોવા છતા પણ ત્યાં શબ્દ છે.

પ્રશ્ન પૂછયો છે કે વિચાર આવ્યો તો પછી એ જતો રહે ત્યારે કયાં જાય છે ? વિચારનો કયાં તો અમલ થશે, અગર તેનો નિષેધ થશે, દમન થશે. વિચાર પર જો અમલ કર્યો તો એ વિચાર આપના લોહીમાં ગયો, આપના હાડકામાં ગયો, આપની મજ્જામાં ગયો, આપના મેદમાં ગયો, સ્નાયુઓમાં ગયો, એટલે લોહીની

સાથે આપના અણુ-પરમાણુ સાથે એ હળીમળી ગયો. અમલ થયો, એટલે વિચાર અને નાદના સ્પન્દન મળી ગયાં છે, નાશ પામ્યાં નથી. એ ત્યાં જઈને વિલીન થઈ ગયાં છે, અલોપ નથી થયા. પછી અમલ થયો. આનો જે રાસાયણિક તણાવ છે અને દબાણ છે, એ આપના માટે વિવશતા ઉત્પન્ન કરે છે. વિચારોથી એક તણાવ, એક દબાણ ઉત્પન્ન થાય છે. અને માણસને તણાવ અને દબાણ સારું તો લાગતુ નથી. માટે એ તણાવ-દબાણને હટાવવા માટે કોઈકને કોઈક એ ક્રિયા કરે છે, વિચારના નાદોનાં સ્પન્દન, રાસાયણિક દબાણ અને તે પ્રમાણેની ક્રિયા, આ એક પ્રક્રિયા થઈ. વિચાર શબ્દ, નાદ, નાદનાં સ્પન્દન, એનું રાસાયણિક પરિણામ, એના તણાવ અને દબાણ અને એને કારણે થનારી ક્રિયા, આ પૂરું વૃત્ત અગર ચક્ર જોઈ લ્યો.

માનો આપે અમલ ન કર્યો. કહી દીધું કે આ વિચાર ખોટો છે. સમાજમાં એની પ્રતિષ્ઠા નથી. અગર મારા માતા-પિતાને આ બાબત સંમત નથી. વિચાર તો ઊઠયો જ છે, હવે જશે કયાં ? જેણે એક વાર જન્મ લીધો એ જાય કયાં ? એને કયાં છુપાવશો ? આપ કહેશો કે એને વાણીથી પ્રગટ નહીં થવા દઈએ, તો એ એને છુપાવવાનું થયું. વિચાર છુપાતો નથી. એ નિર્ભાવને, ભાવ વિનાના બુરખા, પડદાના ઢાંકપિછોડાની અંદર સમેટી લેવા ઈચ્છે છે. આવો પ્રયત્ન કેટલાય લોકો કરે છે અને જે બિચારા સંવેદનશીલ ન હોય એવી વ્યક્તિઓ સામે હોય તો પ્રયત્ન ચાલે છે. કહેવાય છે એ વ્યક્તિ તો ઘણાં નિર્વિકાર રહ્યા. આટલું ભયંકર સંકટ આવ્યું પણ એ વ્યક્તિના મોં પર કોઈ ફરિયાદ ન હતી. એ તો ઘણા જબરદસ્ત છે. આંધીઓની એમને ખબર નથી. એમની અંદર કોણ જાણે કેટલા તોફાન ઊઠયાં, કેટલી આંધીઓ આવી, એની રાસાયણિક ક્રિયા થઈ. એને કારણે એમની પચવાની ક્રિયા પર અસર થઈ. આંખો પર થઈ, મગજના બિંદુઓ પર થઈ, રક્તગોલકો પર થઈ, પાચકરસ પર થઈ, કફ પર થઈ, પિત્ત પર થઈ, દરેક ચીજ પર પરિણામ થયું. ઘટના ઘટિત થાય અને પરિણામ ન થાય ? અસંભવ છે.

માટે આને છુપાવવા બહુ મોટું આવરણ ઓઢી લે છે, અને જડતા અગર અક્રિયા જેવા મોટા આવરણો, વાઘાઓ પહેરી લે છે. કહે અમે છુપાવી લઈશું. એટલે એવી પરિસ્થિતિઓમાં એવી વ્યક્તિઓની પાસે, એવા અવસરોમાં આપણે હાજર જ નહીં રહીએ કે જ્યાં એ પ્રગટ થઈ જાય. પાછા ફરી જશે. માટે પાછા

હટવાની ક્રિયામાંથી એ તણાવ અને દબાણ છુપાવવાનો એક પ્રયત્ન છે, અને પાછળ ખસાતું નથી. જિંદગી છે અને એ તો બોચી પકડીને ફરીથી સામે લઈ આવે છે. કયાં ભાગશો ? જિંદગીની બહાર કોઈ સ્થાન હોય તો ભાગો ને ! માટે જડતા અને અક્રિયાનાં વસ્ત્રો પહેરવાનો પલાયનવાદ ચાલતો નથી. આમાંથી માનવમાં કુંઠા ઉત્પન્ન થાય છે, માણસ મુરઝાઈ જાય છે. એની જેટલી શકિતઓ છે તે મુરઝાઈ જાય છે. સંભાવનાઓ હોય તે અંકુરિત થતી નથી. આવી પળેપળમાં દરરોજ આત્મહત્યા કરનાર કેટલાયે લોકો હશે.

હવે જે બીજા છે તે ભાગેડું નથી. એ વળી કહે છે કે મનનું દબાણ બીજાને કેવું દેખાય છે તે હું જોઈ લઈશ. એટલે તણાવ અને દબાણ સાથે એ લડવા માંડે છે, એને ઢાંકવા માગતો નથી. એમ ઢાંકનારાઓનો એક વર્ગ થયો. બીજો એક વર્ગ છે, જે એની સાથે લડીને, ઝઘડીને કહે છે અમે એનો નાશ કરી દઈશું, હતો ન હતો કરી દઈશું, જલાવી દઈશું, હલાવી નાખીશું, કચડી દઈશું. માટે તણાવો અને દબાણોના વિરોધમાં, તણાવો અને દબાણો ઉત્પન્ન કરવા માંગે છે. જેમ કે ક્રોધ આવ્યો, હિંસાની ભાવના જાગી, માટે અહિંસાનું વ્રત લે છે. હિંસાના વિરોધમાં અહિંસાનું એક દબાણ ઊભું કરે છે. વ્રત લેવું એટલે કૃત્રિમ દબાણ અને કૃત્રિમ તણાવ ઉત્પન્ન કરવો, એક વિરોધી પ્રવાહને ગતિશીલ બનાવવો. વિચારનો, ધારણાનો, માન્યતાનો, વ્રતનો પ્રવાહ લઈને એને અંદર ચલાવે છે. જાણે એક મોટર લગાડી દીધી, એન્જિન ચાલુ કરી દીધું.

પ્રત્યેક વ્રત, દરેક નિયમ, દરેક પળ, દરેક લાદેલું અનુશાસન પોતાનાં દબાણો અને તણાવો ઉત્પન્ન કરે છે. માટે આ તણાવ અને દબાણનો, આ રાસાયણિક સ્થિતિનો નાશ કરવા માટે એની વિરોધી રાસાયણિક સ્થિતિ પોતાનામાં કૃત્રિમ ઉપાયોથી ઉત્પન્ન કરી લે છે. બ્રહ્મચર્યની પ્રતિજ્ઞા લીધી. સંન્યાસનું વ્રત લીધું ગૃહત્યાગનો સંકલ્પ કર્યો. મારી સમજમાં નથી આવતું કે જીવનમાં સંકલ્પનું શું પ્રયોજન છે ? ધ્યાનમાં જ નથી આવતું. નિશ્ચય, દૃઢનિશ્ચય, નિર્ધાર આ શું વાતો છે ? જીવન કાંઈ દુશ્મન છે આપનું કે એની સાથે લડવા બધાં શસ્ત્રોથી સજ્જ થઈને, તૈયાર થઈને ચાલવાનું છે ? કોઈ રણમેદાન છે ? શું જીવનને હરાવવાનું છે ?

જીવન તો પરમ સખા-પરમ મિત્ર છે. એની સાથે સંવાદિતા થવી જોઈએ કે એની સાથે હરીફાઈ ? એની સાથે મૈત્રી હોય કે એની સાથે દુશ્મનાવટ ? પણ આપણને તો એ જ શીખવાડયું છે કે જીવનની બરોબર તૈયારી કરો. આ શીખો, તે શીખો, આવી પરિસ્થિતિ આવે તો એની સાથે આમ લડો, ગુસ્સો આવે તો આમ કરો. વિચાર જાગે તો એની આલોચના આમ કરો. આ જ બચપણથી શીખવે છે. સંસ્કારનો અર્થ જાણો છો ? એક કૃત્રિમ પ્રવાહ ઉત્પન્ન કરવો-બૌદ્ધિક, માનસિક અથવા શારીરિક પ્રવાહ ઉત્પન્ન તો એણે કરી લીધો. અંદર ક્રોધ છે અને છતાં બહાર દાંત બતાવીને હસવા જેવું છે.

કુશળ માણસ હશે, ચતુર માણસ હશે તો જેમ નટ લોકો અભિનય કરે છે એમ જ કરી લેશે. મારા એમ મિત્ર છે હોલેન્ડમાં. એ ત્યાંના ઉત્તમ નટ છે. મારી ઘણી મૈત્રી છે. શિબિરોમાં આવતા રહે છે. એક વાર ચેખોવની નવલકથા ઉપરથી એમનું એક નાટક હતું. મને બોલાવી હતી. હું ગઈ. એ દિવસે એ અત્યંત દુ:ખી હતા, કારણ કે એમના એકના એક દીકરાનું મૃત્યુ થયું હતું. સવારે મૃત્યુ થયું અને રાત્રે નાટક, અને એમાં મુખ્ય ભૂમિકા એમની જ હતી. માટે, મેં તેમને કહ્યું-આજે તમે કામ કેવી રીતે કરશો ? બોલ્યા કે, જોઈને કહેજો. આગળની હરોળમાં મને એમણે બેસાડી. એવો અભિનય કર્યો કે શ્રોતાઓમાંથી કોઈની પણ મજાલ છે કે એમની અંદર શું સળગી રહ્યું છે, તેની કોઈને પણ ખબર પડે ! એકના એક દીકરાનું મૃત્યુ ! અને આ અભિનય !

જે લોકોનું શરીર અને મન મજબૂત હશે, એ આ કરી લે છે. આ અભિનયની કિંમત પણ ચૂકવવી પડે છે. અંદરના માળખામાં સંકોચ અને સળ પડે છે. પણ જે જીવનમાં આવું કરે છે, જે કુશળ હોય, ચતુર હોય, મજબૂત હોય તો એમની અંદર એક અને બહાર બીજું કંઈક રહેતું હોય છે. આ બન્ને એ ચલાવે છે. અંદરનું ચાલ્યા જ કરે છે અને બહાર બીજું ચલાવતા રહે છે. શિષ્ટાચારને નામે, સંસ્કારના નામે, વ્યવહારના નામે, ધર્મના નામે, દેશના નામે, પરંપરાઓના નામે ચલાવે છે, તો આ અંદરનું નાશ પામતું નથી. દીકરાના મૃત્યુની જે વ્યથા હતી, અને પીડા હતી, એ નાશ ન થઈ. એ તો હતી જ અને વળી બહારની બીજી સમસ્યાઓને તણાવ અને દબાણ ઉત્પન્ન થયું.

માટે જે બીજા તણાવ ઉત્પન્ન કરીને, પહેલાના તણાવનો નાશ કરવા માગે છે, એ પહેલાનો તો નાશ નથી કરી શકતા. એકને બદલે બે લઈને બેસે છે, એકથી બે ભલા. અને એનો બોજો શરીર પર પડે છે. એટલે વિચારના સ્પંદન, શબ્દોના નાદ જ્યારે ઉત્પન્ન થાય છે તો પોતાના તણાવ અને દબાણના રૂપમાં પરિવર્તન પામે છે. અમલ કરે તો તણાવ અને દબાણ નીકળી જાય છે. અમલ ન કરે તો તણાવ અને દબાણ એમની રાસાયણિક ક્રિયામાં રૂપાંતરિત થઈ જાય છે.

પ્રશ્ન : અમારી બધી ક્રિયાઓ હેતુમાંથી જન્મે છે. હેતુ વિનાની ક્રિયાની તો કલ્પના પણ અસંભવ છે. જો હેતુ ન રહે તો શું કોઈ પણ ક્રિયા થઈ શકે છે ?

ઉત્તર : આપણી જેટલી ક્રિયાઓ ચાલે છે, એ હેતુમાંથી થાય છે. એકશન માટે ક્રિયા શબ્દનો ઉપયોગ કરીશ. જોકે એકશન શબ્દનું સાચું ભાષાંતર કર્મ થાય છે. પણ એકશન અને એકટીવિટી, કર્મ અને ક્રિયામાં જમીન-આસમાનનું અંતર છે. બહુ મોટું અંતર છે, ક્રિયા તો એ છે કે જે પરવશ થઈને કરવામાં આવે છે. શરીરની ઈન્દ્રિયો છે. એના વિકારો અથવા આવેગો ઉપર આરૂઢ થઈને જે હલનચલન થાય છે એ એકટીવિટી-ક્રિયા છે. કર્મ એકશન નથી. વિચારોના આવેશો, અભિનિવેશો પર સવાર થઈને આપણે જે હલનચલન કરીએ છીએ એ ક્રિયા છે, પરવશ છે, સ્વાધીન નહીં, સ્વાયત્ત નહીં, કર્મ નથી.

ક્રિયાઓનો જન્મ પરાધીનતામાં રહેલો છે અને ક્રિયાઓ હંમેશા આંશિક હોય છે. આપની સમગ્રતામાં એનો જન્મ નથી, કર્મનો જન્મ સમગ્રતામાં છે. ક્રિયાનો જન્મ અંશમાં છે. કર્મ સ્વાયત્ત છે, ક્રિયા પરાયત્ત, પરાધીન, પરવશ છે. આટલો ફરક સમજી લેવો જોઈએ. માટે કર્મ હેતુપૂર્વક હોતું નથી. ક્રિયાને હેતુ જોઈએ છે જ. હેતુ વિના ક્રિયા છે જ નહીં. ભૂખ લાગી, પ્રયોજન ઉત્પન્ન થયું, રસોઈ કરી, ક્રિયા થઈ, ભોજનક્રિયા થઈ. સંતોષ અને પુષ્ટતા પામ્યા, પરિણામ આવ્યું, હેતુ અને પ્રયોજન વિના ક્રિયા નથી. પ્રયોજન અને હેતુ વિકાર છે, વિચાર છે, સંકલ્પ અગર વિકલ્પ છે. ક્રિયાનો સંકલ્પ હોય, અગર અક્રિયાનો સંકલ્પ હોય, ભોગનો હોય કે ત્યાગનો હોય, આ બધું ગૌણ છે. પરંતુ હેતુ અને પ્રયોજન વિના ક્રિયા નથી. તો એમ પૂછવામાં આવ્યું છે કે જેમાં હેતુ ન હોય એવું પણ કોઈ કર્મ સંભવ છે ? પ્રયોજન અને હેતુની પ્રેરણા ન હોય તો કર્મ થશે શું ?

માણસનો પરિચય આખરે તો એના શરીર અને મનનો છે. શરીર અને મનથી પર જે ચેતના છે, એનો તો પરિચય નથી. આપણને જે પોતાનો પરિચય છે, એ અહંકાર સુધી છે. આ સુરેન્દ્ર કહેશે કે મારું નામ સુરેન્દ્ર છે. હું સુરેન્દ્ર છું અને સુરેન્દ્ર તો એના માતા-પિતાએ આપેલું નામ છે. પછી એમ કહ્યું કે છોકરો દેખાવમાં સુંદર છે, ગોરો છે, નાક અને ચહેરો સારાં છે. આ બધું વર્ણન શરીરનું ચાલી રહ્યું છે. હવે સુરેન્દ્ર એમ સમજે કે હું સુંદર છું, હું જ સારો છું તો તો એ ગયો. એનું શરીર સુંદર છે, અગર કદરૂપ છે, પણ એ તો એમ સમજે છે. લોકો કહે છે, અગર કદરૂપ છે, પણ એ તો એમ સમજે છે. લોકો કહે છે, માતા-પિતા કહે છે કે આ સુંદર છે, આ કદરૂપ છે. આ જડ છે, ધીમો છે, આ ઘણો તેજ છે. આ મંદતા અને તેજતા એની બુદ્ધિની છે, એની તો નથી. કાળાં કપડાં પહેરવાથી, કાળી સાડી પહેરવાથી આપ કાળા થઈ જાવ અને સફેદ કપડાં પહેરવાથી આપ સફેદ થઈ જાવ એમ તો નથી. આ ઢાંકવું છે. એ વસ્ત્ર છે, પછી એ એને પસંદ છે, આ એને પસંદ નથી. એટલે પસંદગી-નાપસંદગી થઈ. આ એને સારું લાગે છે, આ એને ખરાબ લાગે છે, પછી એ સમજવા માંડે છે કે આ પસંદગી-નાપસંદગી મારો સ્વભાવ છે. સમાજમાંથી લીધેલી માન્યતાઓ છે, વિચાર છે. એ બધાં જો એમ માની લે કે મારું સ્વરૂપ છે, મારું સત્ત્વ છે, તો પોતાનો પરિચય નથી.

જેને આપ 'હું' કહો છો, અગર 'અહમ્' કહો છો, એ તો એક પ્રતીક છે, જેમકે નામ પ્રતીક છે, એમ જ જેને આપ 'અહમ્' કહો છો, 'હું' કહો છો, એ 'હું' શબ્દ અને એની સાથે જે 'તું' શબ્દ આવ્યો, એ બન્ને પ્રતીકો છે. વ્યવહારને માટે ઉપયોગમાં લાવવા પડે છે. 'હું' અને 'તું' માટે વ્યવહારનાં પ્રતીકોમાં તથ્ય છે, પણ સત્ય નથી. 'હું' નો ભાવ ઘનીભૂત થાય એ અહંકારનો ઉદ્દેશ છે. 'હું'ની તાદાત્મ્યતા શરીરની સાથે, 'હું'ની તાદાત્મ્યતા મનની સાથે, 'હું'ની તાદાત્મ્યતા વિચારની સાથે, સંસ્કારની સાથે ભળી આકાર થતાં થતાં આપ સમજો છો, કે અહમ્ નામનું કંઈક છે. હવે આ જે અહમ્ છે, આ જે ઘનીભૂત 'હું' નો ભાવ છે, એને પ્રયોજનની જરૂર પડે છે.

એ એકમ ઘણો જબરદસ્ત છે. અને જે કુલીન છે, ગરીબ છે, એ બધાનો હાથ ફેલાયેલો છે, કે જે કરીશું, એના બદલામાં પાછું શું મળે છે. પછી એ મા-દીકરાનો સંબંધ હોય, પતિ-પત્નીનો હોય, મિત્રનો હોય, કે નેતા-અનુયાયીનો

હોય. એ બધા જ પોતાના વ્યવહારને અને સંબંધોને બદલાની, સોદાની વસ્તુ બનાવી દે છે. આ અહમ્નો ધંધો છે. આ અહમ્ હેતુ અને પ્રયોજન વિના, એની પ્રેરણા વિના ચાલશે નહીં. હેતુ અને પ્રયોજનોની ચાવી ફેરવી તો એ અહંકાર ક્રિયા કરવા નીકળે છે. એના બદલામાં શું મળશે ? એનું પણ સ્પષ્ટ ચિત્ર એને બતાવવું જોઈએ. એનું ચિત્ર નહીં દેખાય તો એ ચાલતો નથી. એ કહે છે આખો નકશો બતાવી દો. આટલું તો હું કરીશ, એના બદલામાં શું મળશે, ક્યારે મળશે, કેવી રીતે મળશે, ક્યાંથી મળશે, એ બધું એને પહેલાં બતાવી દો. ત્યારે એ ચાલે છે પછી એની ક્રિયા થાય છે.

હવે આ જે અહમ્ કેન્દ્રિત ચેતનાનું સ્તર છે, એનાથી તદ્દન જુદી જ ચેતનાનું એક પરિમાણ છે જ્યાં આપનું સ્વરૂપ છે. આ હાથ, પગ, આંખો જેમ આપનાં છે ને, એમ જ મન, બુદ્ધિ પણ આપનાં સાધનો છે, આપના યંત્રો છે, આપ નહીં. અહંકાર પણ આપનું સાધન છે, એક કરણ છે, એક યંત્ર છે, જેનો વૈજ્ઞાનિક ઉપયોગ કરવો જોઈએ. અહંકારનો વૈજ્ઞાનિક ઉપયોગ થતો નથી. માટે ઘરથી માંડીને દુનિયા સુધીના આટલા ઝઘડાઓ છે, આટલા સંઘર્ષો છે, આટલા યુદ્ધો છે; અહમ્નો ક્યાં ઉપયોગ કરવો છે ? એનું ક્ષેત્ર શું છે ? એનો આપને બોધ નથી. એ તો ચેતનાનો એક સ્તર છે, એનાથી પર, અહમ્ કેન્દ્રિત ચેતનાથી તદ્દન જુદું જ એક એવું ચેતનાનું સ્તર છે, જેમાં આ અહમ્ વચમાં રહેતો નથી. એમાં કોઈ પુરુષ નથી, એમાં કોઈ સ્ત્રી નથી, જેનું નામ આપી શકાય એવું કોઈ રૂપ નથી. જેનું વર્ણન કરી શકાય એવો કોઈ આકાર નથી. જેની વ્યાખ્યા કરી શકાય, એવું કોઈ તત્ત્વ નથી. જેને ઓળખી શકાય એવો કોઈ પ્રકાશ નથી. આવું ચેતનાનું એક સ્તર છે. એ ચેતના જ છે. કેન્દ્ર ન હોવાને લીધે એની કોઈ સીમા-હદ પણ નથી. પરીધ અને કેન્દ્રની સીમા એનું કેન્દ્ર બનાવે છે. કેન્દ્રનું અસ્તિત્વ, કેન્દ્રની સત્તા જ પરિધિનું નિર્માણ કરે છે. જેણે કેન્દ્ર બનાવ્યું, એ કેદ થઈ ગયો, કેદી બની ગયો, કારણ કે કેન્દ્ર પોતાની સીમા બનાવે છે આ પરિધ આપની સામે વ્યક્ત છે અને જ્ઞાત છે કે નહીં એ એક જુદો જ પ્રશ્ન છે. માટે એવો પણ એક ચેતનાનો સ્તર છે, જ્યાં વચ્ચે કોઈ માલિક બેઠેલા નથી. આ મારી ચેતના છે, મારું જ્ઞાન છે, મારો અનુભવ છે, 'અહમ્' અને 'મમ', 'અહમ્' અને 'ઈદમ્' અને 'અસ્માકમ્', અને 'યુષ્માકમ્', આ પ્રત્યય જ જ્યાં નથી, આવો એક ચેતનાનો

સ્તર છે, હશે નહીં, છે. આ ચેતનાના સ્તરનું ઉદ્‌ઘાટન થયા પછી, એમાં સ્થિર થયા પછી, આપ ત્યાં રહી જતા નથી. 'આપ' એટલે વિશેષ રૂપે દેહધારી, નર-દેહ-ધારી, નારી-દેહ-ધારી, એટલે ગુણવિશિષ્ટ, જ્ઞાની, અજ્ઞાની, પૈસાવાળા, ગરીબ, આપ રહી જતા નથી. માણસની તો આખી યાત્રા જ એટલા માટે છે કે મનથી પર જઈને પણ 'હું' રહું અને હું મુક્ત થઈ જાઉં.

મનથી પર જઈને હું બ્રહ્મ બની જાઉં, 'અહમ્ બ્રહ્માસ્મિ' કહું, 'અહમ્ મુક્તોસ્મિ' કહું, 'અહમ્ વિદેહી' કહી શકું એટલે વિદેહાવસ્થા રહે અને આ મહાશય પણ ત્યાં રહે. મુક્તિ હોય ને આ મહાશય પણ ત્યાં હાજર હોય, આમ થઈ શકતું નથી. એ તો એમ કહેવા બરોબર છે કે અમાવાસ્યાની મધ્યરાત્રિમાં સૂર્ય પ્રકાશમાન હોય. આવું થાય જ નહીં. આ પ્રતિવિરોધી વ્યદતોવ્યાઘાત (contradiction in terms) છે. માટે અહમ્‌કેન્દ્રિત ચેતનાનું જે સ્તર છે એનો ઉપયોગ છે. એ વિના શરીરનું ભરણપોષણ થતું નથી. એમ આજ સુધીમાં લોકોનું કહેવું છે. આજે આપણો એ વિષય નથી, અને આ શિબિરમાં એ વિષયને રાખીશું કે નહીં, કહેવું મુશ્કેલ છે. પણ અહમ્‌કેન્દ્રિ ચેતનાનું જે સ્તર છે, એનો ઉપયોગ કર્યા વિના, કેન્દ્રિયાતીત ચેતનાથી ઈંદ્રિયોનો ઉપયોગ થઈ શકે છે.

સમાધિ અવસ્થાથી દેહભાવમાં પાછા ફરીને ઈંન્દ્રિયોનો ઉપયોગ કરવાની જરૂરત નથી. સમાધિ અવસ્થામાં રહેવા છતા સીધાં ઈંન્દ્રિયો દ્વારા કાર્ય થઈ શકે છે, જેમાં પ્રયોજન નથી, જેમાં હેતુ નથી, ફક્ત શરીર ધારણને માટે જેટલી જરૂરી ક્રિયાઓ છે, એટલી જ હશે. એનું સંચાલન પણ કરવું પડતું નથી, કારણ કે ઈંદ્રિયોમાં આત્માની જે પ્રજ્ઞા-પ્રતિભા છે, જે સંવેદનશીલતા છે, એ ઊતરી આવે છે. પછી આત્મા જ દેહાકાર થઈ જાય છે. પછી આત્માથી જુદી આ ઈંદ્રિયો છે, એમ કહેવું મુશ્કેલ છે. સદેહબ્રહ્મ થઈ જાય છે, અને આમ, આત્મા જ દેહાકાર થઈ ગયો છે. આવી સદેહબ્રહ્મ અવસ્થામાં જીવવું સંભવ છે. અને અહંકારનો ઉપયોગ કર્યા વિના કર્મ કરવું સંભવ છે. આનુ નામ સહજાવસ્થા છે. સહજાવસ્થા જે કહેવાય છે, તે આ છે.

જ્ઞાનનો ઉપયોગ કર્યા વિના કર્મ કરવું સંભવ છે, જ્ઞાન તો અપ્રત્યક્ષ છે. આમાં તો સીધો સંપર્ક છે. પછી દર્શન અને વર્તન જુદાં નથી રહેતાં. દર્શન ખીલી

ઊઠે છે. લોકો કહે છે દર્શન ઘટયું, વ્યવહાર ઘટિત થયો. પણ એ અવસ્થા અગર એનું વર્ણન આજનો અભિપ્રેત વિષય નથી. એમ કહેવા માગું છું કે જેને આપ હેતુ રહિત કર્મ કહી રહ્યા છો, જે હેતુથી અતીત કર્મ કહી રહ્યા છો, એ કેવી રીતે સંભવ થાય ? આજની અવસ્થામાં એ સંભવ નથી.

આજે તો મનના ગુલામ છીએ, તનના ગુલામ છીએ, વિકારોને આધીન છીએ, વિચારોના કેદી છીએ, એમાં તો પ્રયોજન વગર ચાલશે જ નહીં, એ તો પરમાર્થ પણ પ્રયોજન વગર નથી કરતા; પણ આ માનવની અંતિમ અવસ્થા નથી. આ માણસની અવિકસિત અવસ્થા છે. અને આજે આખાયે જગતની ભૂખ છે, તરસ છે. ઓછામાં ઓછું યુવાનોમાં ઉત્કટ અભીપ્સા છે કે મનથી પર, બુદ્ધિથી પર આ ચેતનાનું જે પરિમાણ છે તેમાં જીવવાનું શીખે. સંસ્કારોથી કલુષિત ન બનેલી એવી જે ચેતનાની અવસ્થા છે, એમાં શી રીતે પ્રવેશ કરવો, એમાં સ્થિર કેમ થવું, અને ત્યાંથી કેવી રીતે વ્યવહાર કરવો એ આજની અભીપ્સા છે.

માટે હેતુમુકત કર્મ સંભવ છે, મનની ભૂમિકા પરથી થનારી ક્રિયાઓ આંશિક છે, માટે તે હેતુરહિત, અગર હેતુ-મુકત અગર સમગ્ર થઈ શકતી નથી. માનસિક ક્રિયાઓ યાંત્રિક છે, આંશિક છે, દૂષિત છે, કારણ કે હેતુ-પ્રેરિત છે; મલિન છે, કારણ કે અહમ્માંથી એ ઉત્પન્ન થઈ છે. અદ્વૈતના પવિત્ર અગ્નિમાંથી જે નીપજે, પ્રેમથી પ્રક્ષાલિત નજરમાંથી જે જિવાય, એ જ શુદ્ધ છે, એ જ કર્મ છે.

પ્રશ્ન : આપણે ઘણુખરું તો મનના સ્તર પર જીવીએ છીએ. મનથી પરનું જે દર્શન થાય છે, એના ઘટક કયાં છે ?

ઉત્તર : આપણે ઘણું ખરું તો મનની ભૂમિકા ઉપર જીવીએ છીએ. મનથી પર જે ભૂમિકા છે. એમાં જે દર્શન ઘટિત થાય છે, જે દર્શન જોનારની ક્રિયામાંથી ઊપજ્યું નથી, જે જોનારની સમગ્ર અવસ્થા અને બહારના વિષય સંબંધમાં જાતે જ ઘટિત થાય છે, એ જ દર્શન છે, એના ઘટક શું છે, ઉપાદાન શું છે એમ પૂછે છે ભાઈ ? પહેલા એ જુઓ. અહીંનું જો બરોબર સમજાય તો જ્ઞાતનું આકલન જ અજ્ઞાતની અનુભૂતિ કરાવે છે અને જ્ઞાતનું અજ્ઞાન જ અજ્ઞાતનો ભય ઉત્પન્ન કરે છે. આ સત્ નથી, આ સત્યનું ઋજુ વર્ણન છે.

માટે અહીં, જે દર્શન થાય છે, એમાં ઘટક દ્રવ્યો કયા છે, હમણા જેનું વર્ણન કર્યું હતું તે પહેલું દ્રવ્ય હેતુ છે. આંખો ખોલીને કોઈ ચીજ તરફ જુઓ, હેતુ વિના જુઓ. જોયું અને મન ત્યાં નથી, મન બીજે કયાંક છે, પછી જોવામાં આવે તો કહેશો કે મન વિના જોવું તો જોવાનું ન થયું. જોવાનું તો થવું જોઈએ અને હેતુ હોવો જોઈએ નહીં. કયાંક નજર ઉઠાવીને જુઓ. કયારેક ચકલીને, કયારેક સાગરના તરંગોને જુઓ, કયારેક આકાશની અસીમતાને જુઓ, કયારેક સૂર્ય-કિરણોની પારદર્શકતાને જુઓ. પોતાની સામે ઊભેલા માનવની આંખોમાં જે અથાગ સાગર ચૈતન્યનો છે, એમાં જરા બરોબર જુઓ તો ખરા. ત્યારે એ બધામાં આપને ખબર પડશે કે હેતુ વિના જોઈ શકાય છે. ચાહના વગર જોઈ શકાય છે, વાસના વિના જોઇ શકાય છે. કોઈપણ પ્રયોજન ન હોય અને જોયું. આપણે તો ફરવા પણ જઈએ તો સ્વાસ્થ્ય માટે ફરવુ અનિવાર્ય છે, તો ચાલો, એવો હેતુ રાખીને ફરીએ છીએ. આ ફરવાનું બન્યું ? આપ નથી ચાલતા, હેતુ ચાલે છે. વર્ષમાં એકાદ વાર આરામ કરવા વિશ્રામ લેવો જોઈએ. માટે જવું જોઈએ. ચાલો ભાઈ ! હિમાલય, બાર મહિનાના કામધંધાથી થાકી જઈએ છીએ માટે ચાલો !

સ્મૃતિની પાસે જઈશું તોપણ હેતુ, પ્રભુની પાસે જઈશું તો પણ હેતુ તો બિચારો હોય જ છે. કાંઈ માગવાનું ન હોય, તો પ્રભુનુ શું કામ છે ? કોઈ વિશેષ શકિત, અતીન્દ્રિય ક્ષેત્રની સિદ્ધિ, અગર એ બધું ન જોઈએ તો સંતો અને યોગીની સાથે શું મતલબ છે આપણો ?

આપણા સંકટોમાં કોઈ આપણે માટે જપ, તંત્ર-મંત્ર કરીને આપણને મુકત ન કરે તો તાંત્રિકોનો, યાંત્રિકોનો આપણે કોઈ મતલબ ખરો ? અરે ! પતિ-પત્ની એ વિના બોલતા નથી, કુટુંબમાં માતા-પુત્ર બોલતા નથી, બહેન-ભાઈ બોલતા નથી. આવી તો આપણી કલુષ અવસ્થા છે, ગંદું છે આ આપણું જીવન, ઘણું મલિન છે, આપનું એટલે આપનું જ નહીં, હું આપમાં આવી જાઉં છું, હું મને જુદી પાડીને બોલતી નથી. આપણું જીવન ઘણું ગંદું છે. આ જે દર્શનની ગંગોત્રી છે એ મલિન છે, એમાં જ ઝેર મેળવી દે છે. સાંભળીશું તો એમાં શું લાભ મળશે ? જોઈશું તો એમાં શું લાભ મળશે ? માટે હેતુ એક દ્રવ્ય છે.

આપણા દર્શનનું બીજું દ્રવ્ય વૃત્તિ છે, પણ વૃત્તિ હેતુની સાથે જોડાયેલ છે. એક રાસાયણિક અવસ્થા છે જેને આપ વૃત્તિ કહેશો, ભાવના કહેશો. કેવી રીતે એને થોડું સ્પષ્ટ કરી દઉં. બે વ્યકિત એકસાથે ચાલે છે, એક બગીચામાં જાય છે અને ત્યાં ગુલાબના ફૂલ ખીલ્યા છે, બંનેના મનમાં ઈચ્છા થઈ કે ફૂલ જોઈએ છે. ફૂલ કેવા સુંદર છે ! આપણને જોઈએ છે, તોડીએ, તો એકની વૃત્તિ પ્રભુત્વની છે, એ કહે છે, 'અરે એમાં વિચારો છો શું મિત્ર ! આગળ વધો અને તોડી લ્યો'. બીજાને થાય, 'અરે ભાઈ, કોણ જાણે કોનો બાગ છે ?' 'અરે ભાઈ, એમાં શું વિચારવાનું' ? ફૂલ આપણને પસંદ છે, માટે તોડી લ્યો.' આ હેતુની સાથે એની પ્રભુત્વની વૃત્તિ જોડાઈ ગઈ છે. જે જોઈએ તે લઈને રહીશ. જે ફૂલો સાથે થાય છે, એ જ વ્યકિતઓ સાથે થાય છે, યાદ રાખજો. ત્યાં એની અભિવ્યકિત જરા જુદી હશે પણ વ્યવહાર એવો જ થશે. પોતાના વસ્ત્રો સાથે અવિવેકથી રહેનાર, વ્યકિતઓ સાથે પ્રેમથી રહેશે શું ? અસંભવ છે. જીવન એક છે, અવિભાજિત છે, સમગ્ર એકાંતમાં બેઠાં બેઠાં એકબીજાને ગોળી મારનાર સામે આવીને સહયોગી બનશે ? અસંભવ છે. એકાન્તમાં એકબીજા માટે વાસના રાખનાર સામે આવ્યા પછી પ્રેમી બની જશે ? અસંભવ છે ; પરંતુ જીવનના પણ કંઈક નિયમો છે. જે હશે તે પ્રતિબિંબિત થશે, વ્યવહાર શું છે ? પ્રતિબિંબ છે, આપની અંદરની અવસ્થાનું બિંબપ્રક્ષેપણ છે, વિસ્તાર છે.

માટે હેતુની સાથે વૃત્તિ છે, પહેલી વ્યકિત કહે છે, 'તોડી લ્યો ને, ગમે તેનું હોય, કોઈ ચિંતા નહીં'. બીજો કહે છે, 'નહીં ભાઈ ! હું આસપાસ જોઉં, માળી હશે, કોઈકનો બગીચો છે. માંગી લઈશું.' પહેલો કહે છે, 'તોડી લ્યો ને !' બીજો કહે છે, 'માંગી લઈએ !' હેતુની સાથે વૃત્તિની જુદાઈ હોવાથી વ્યવહારમાં અભિવ્યકિત જુદી થઈ ગઈ. તો આપણા દર્શન હેતુની સાથે વૃત્તિ રહે છે. આ આપણા દર્શનનું ઘટક છે. અને ત્રીજું બતાવી દઉં. દ્વન્દ્વ છે, દ્વૈત છે. આ દર્શનમાં દૃશ્ય ત્યાં છે અને દૃષ્ટા અહીં છે. આ અહીંનું અને ત્યાંનું, દેશનું અંતર, અવકાશનું અંતર વચમાં રહે છે. આપની મનની ભૂમિકા ઉપરથી થનાર દર્શનમાં દૃશ્ય ત્યાં છે, દૃષ્ટા અહીં છે. હું દૃષ્ટા છું એ ભાવ જાગ્રત છે. હું દર્શન કરી રહ્યા છું. આ ક્રિયાની જાગૃતિ છે અને દૃશ્યનું દર્શન કર્યું. આ અનુભવનું સ્મરણ છે. કેટલી જ જાળ છે ? દૃશ્ય ત્યાં, દૃષ્ટા અહીં, વચમાં અવકાશ આવ્યો એટલે સમય આવ્યો.

હું દષ્ટા છું એટલે અહમ્‌નો જાગ્રત હેતુ, વૃત્તિ અને અહમ્‌નું ભાન. આ ત્રિપુટી જોઈ લેજો. અને હું દર્શન કરી રહ્યો છું, હું બોલી રહ્યો છું, હું પ્રેમ કરી રહ્યો છું, હું પૂજા કરી રહ્યો છું, હું દ્વેષ કરી રહ્યો છું, તમે આ 'હું' ને જોયો છે. કંઈક કરી રહ્યો છું બન્નેનું ભાન છે અને શું કરી રહ્યો છું, એનું પણ ભાન છે. મનુષ્યના વ્યવહારો શું છે, હાલતાં-ચાલતાં-ફરતાં ત્રિકોણ છે. કર્તા-કર્મ-ક્રિયાનો ત્રિકોણ સાથે લઈને ચાલીએ છીએ.

માટે, હું કહેવા માંગતી હતી કે દ્વૈત છે, અહીં અને ત્યાંનું અંતર છે, અને દ્વૈતને લીધે દ્વન્દ્વ છે. દ્વન્દ્વ એટલે દ્વૈતને લીધે ઉત્પન્ન થનારો તણાવ છે. જોયું કે જ્યાં દ્વૈત છે, અહીં અને ત્યાં એવી જુદી સત્તા માની લીધી છે. આ બોધને લીધે અંદર એક તણાવ ઉત્પન્ન થાય છે. દ્વૈતમાંથી દ્વંદ્વનો તણાવ છે. દ્વંદ્વના તણાવમાં કર્તાનો ભાવ છે. કર્તાના ભાવમાંથી કર્મનું બંધન છે. આજના આપણા દર્શનમાં આ બધો જ વિસ્તાર છે, અને મનથી પર જે ભૂમિકા છે, ત્યાં કોઈ દષ્ટા નથી. જોઈ લેજો, કેવી રીતે આપનો ત્રિકોણ ઊડી જાય છે ? એને ઉડાવીને બતાવી દો. એ ત્રિકોણ છે તે ઊડી જવાનો છે. દષ્ટા કોઈ જ નથી.

મેં એમ કહેલું કે ત્યાં ચેતનાના કેન્દ્રમાં અહમ્‌ નામનું કોઈ અસ્તિત્વ નથી. એવું કોઈ કેન્દ્ર ત્યાં નથી, તો જોનાર કોઈ નથી, જોવાની ક્રિયા નથી. દર્શન ઘટિત થાય છે, એટલે સમગ્રતામાં ઘટિત થાય છે. આપણે તો દર્શનના પણ કર્તા રહીએ છીએ. દષ્ટા રહીએ છીએ, અહંકારમાં કહીએ છીએ ને કે મેં સત્ય જોયું. હું મુકત થયો, મને સાક્ષાત્કાર થયો, હું સમાધિમાં રહું છું. અહંકાર જીવતો રાખીને ઉન્મની અવસ્થામાં જીવવા માંગીએ છીએ. અહંકારને જાગ્રત રાખીને તૂર્યાવસ્થામાં જીવવા માંગીએ છીએ. અહંકારને જાગ્રત રાખીને વિસ્ફોટ અને ઉત્ક્રાન્તિ માંગીએ છીએ. ઉત્ક્રાન્તિ પણ એના જોવામાં આવવી જોઈએ, જેથી બીજાને બતાવી શકે કે એનું પ્રદર્શન કરી શકે, એનો પ્રચાર કરી શકે. ઉત્ક્રાન્તિ એટલે આમૂલ પરિવર્તન. પરિવર્તન બધાનું છે, પણ અહમ્‌નું નહીં. અહમ્‌નું ક્ષેત્ર અલગ છે, પછી બાકી બધાનું પરિવર્તન થાય તો એ જોશે કે કેવી રીતે પરિવર્તન થયું અને બીજાને બતાવશે કે મારું પરિવર્તન થઈ ગયું છે. આમ થઈ શકતું નથી.

મનથી પર જે ચેતના છે, ત્યાં અહમ્‌નું કેન્દ્ર ન હોવાના કારણે દષ્ટા નથી, કર્તા નથી, ભોકતા નથી, માટે ક્રિયાઓ નથી. ત્યાં ક્રિયાઓનો સંભવ નથી. માટે

દર્શન તો અદ્વૈતમાં છે. હાડમાંસની બહાર હાડકાં અને મજ્જાઓની બહાર જે વિશ્વ છે, અને જે અંતરમાં વિશ્વ છે, એના સંયોગથી દર્શન છે; સંબંધ નથી, સંયોગ છે. જ્યાં સુધી અહમ્‌ની ભૂમિકા હતી ત્યાં સુધી સંબંધ હતો, કારણ કે સંબંધ ઉત્પન્ન કર્યા વિના અને સંબંધની જાળ બીજાઓ પર નાખ્યા વિના અહમ્‌ને સંતોષ નથી. સંસારના નામે, અધ્યાત્મને નામે, ધર્મને નામે, દેશને નામે, સેવાને નામે, અહમ્ સંબંધોની જાળ ફેલાવે છે, નહીં તો એ જીવી શકતો નથી. માટે અહીં તો, સંબંધ નહીં, સંયોગ છે. માટે જે હાડ-માંસની બહાર છે, અને જે અંદર થતું હોય છે એને સંયોગ થાય છે, ''सम्यक्त्वेन युज्यते ईति संयोगः''. સમ્યક્ રૂપે જ્યાં જોડાવાનું થાય છે, એ સંયોગ છે, સંબંધમાં બાંધવાનું છે, યોગ નથી.

માટે ત્યાં વિશ્વચેતનાની સાથે સંયોગ થાય છે. જેમ સાગરનાં બિંદુઓ હોય છે ને, એ બિંદુઓનો સંયોગ થાય છે, તેમજ ત્યાં વિશ્વચેતના અને આ શરીરમાં રહેલી ચેતનાના આ અમૃત-કુંભમાં, માનવ-દેહના અમૃત-કુંભમાં સંયોગ થઈને કંઈક ઘટિત થાય છે, એનું નામ દર્શન છે. ત્યાં અદ્વૈત છે, માટે નિર્દ્વન્દ્વતા છે અને નિર્દ્વન્દ્વતામાં કોઈ કર્તા, ભોકતા, દ્રષ્ટા ન હોવાને લીધે ત્યાં દર્શનની ઘટના માત્ર ઘટિત થાય છે. કર્મ શબ્દ વિષે કહી રહી હતી ને ! પણ પાંચ મિનિટ પહેલાં જ્યાં હતી ત્યાં હમણાં નથી. એ શબ્દને છોડી દો. જ્યારે જોવામાં, અવલોકનમાં પરિશુદ્ધિ નથી રહેતી ત્યારે થોડીક શિથિલતા પ્રગટ કરવામાં થાય છે. થોડોક જ, વાળ જેટલો જ પણ ફરક પડે તો સત્ય સાથે અન્યાય થાય છે, રસ-ભંગ થાય છે, માટે કર્મ ઘટિત થતું નથી. ક્રિયા અને કર્મ એ બધાને છોડી દો. ઘટના ઘટિત થાય છે, કયારેક ઓછી, કયારેક વધું.

ત્યારે જોનાર કોઈ નથી, અને જોયેલું કાંઈ નથી. ત્યાં સંયોગ છે, મિલન છે અને મિલનનું સ્પંદન છે. નિરહંકારી દર્શન છે. વ્યક્તિના હાડ-માંસમાં જે વિનમ્ર ચેતના ભરેલી છે, એનું વિશ્વચેતના સાથે મિલન. એ મિલનમાંથી થનાર જે સ્પન્દન છે, કમ્પન છે, એને આપ દર્શન કહો, એને આપ વ્યવહાર કહો, એને સહજતાની અભિવ્યક્તિ કહી લ્યો, એને આપ પ્રેમ કહો. માટે હમણાં જે થયું છે, તે પછી નહીં થાય. આ સંબંધ નથી કે જેનું તમે સાતત્ય રાખશો. એને કોઈ ચોકઠામાં પકડીને રાખશો, એને પકડીને રાખી શકાતું નથી. જીવન જેવું આ ક્ષણમાં છે, એવું બીજી ક્ષણમાં નથી. 'प्रतिक्षणम् नवनवतामुपैति' એવી

જીવનની સનાતન દિવ્યતા છે. આ રીતે વ્યક્તિ અને વિશ્વ-ચેતનાના સંયોગમાંથી જે ઘટના થાય છે, એ દરેક પળે અપૂર્વ છે, દરેક પળે અનોખી છે. માટે જીવનારની જિંદગીમાં તાજગી છે. એના હલનચલનમાં, એની વાણીમાં, એની નજરમાં, જિંદગીમાં તાજગી પણ છે અને સુગંધ પણ છે. આપે પૂછયું કે મનથી પર જે દર્શન છે એના તત્ત્વો કયાં છે ? અદ્વૈત છે, નિર્દ્વન્દ્વતા છે, તણાવરહિતતા છે.

પ્રશ્ન : આ દેશમાં પ્રજ્ઞાશીલ સમાજનું સ્વરૂપ કેવું હોય ? એમાં કુટુંબનું શું સ્થાન છે ?

ઉત્તર : આ દેશમાં ઔદ્યોગિક ક્રાંતિ ભલેને આવી ન હોય, પણ ક્રાંતિની છાયા છે, ઔદ્યોગિકરણ છે. અંગ્રેજોના હાથે અને જે અંગ્રેજના દત્તક પુત્રો ૧૯૪૭થી રાજ્ય કરી રહ્યા છે, એમના હાથોમાં ઔદ્યોગિકરણ કેટલાક અંશ સુધી આવ્યું, મોટા મોટા ઉદ્યોગ-ધંધાઓ થયા, કેન્દ્રની અવ્યવસ્થા તરફ પગલાં આગળ વધ્યાં, એ ઔદ્યોગિક વ્યવસ્થામાં કુટુંબ રહી શકશે નહીં. એક બીજી વાત છે. ૧૮૪૦-'૪૨ માં એટલે લોર્ડ મેકોલેએ, પશ્ચિમી શિક્ષણપદ્ધતિ જ્યારે અહીં સ્થાપિત કરી, ત્યારથી આજ સુધી કેટલીયે પેઢીઓ પસાર થઈ ગઈ. આ ૯૦-૯૫ વર્ષોમાં ૪-૫ પેઢીઓ થઈ ગઈ. માટે આ પેઢીઓમાં મૂલ્ય બદલાઈ ગયાં. એવાં મૂલ્યો આવ્યાં જેમાં કુટુંબની એકતા જીવી શકતી નથી. અર્થ પ્રધાન વૃત્તિ બની. પરિવાર પ્રેમાધારિત થઈ શકે છે. પૈસા જ સર્વ કાંઈ થઈ ગયા, સંપત્તિ નહીં, સંપત્તિ અને પૈસામાં ફરક છે, માટે આ બીજું કારણ છે કે શહેરમાં કુટુંબોના માળખાં રહ્યાં છે, આત્મા નથી. જેમ આ તાબૂતો નીકળે છે ને, એવા કુટુંબોના તાબૂત છે. એનો આશય, એનું સારતત્ત્વ, એનાં પ્રાણ તો છે નહીં, કયાંક થોડાં થોડાં એના ધબકારા રહ્યા છે. ત્રીજું, ૧૯મી શતાબ્દી અગર ૨૦મી શતાબ્દીનો પૂર્વાર્ધ, એમાં માનવ ઘણો વિદ્રોહી બન્યો છે, અને મૂલ્ય તથા જીવનપદ્ધતિઓને તોડતો ચાલ્યો છે.

ધર્મ હોય, સંસ્કૃતિ હોય, શિક્ષણપદ્ધતિ હોય, નીતિશાસ્ત્ર હોય, રાજનીતિ હોય, મૂલ્યોને અને જીવન પદ્ધતિઓને તોડવાનું ૧૯મી શતાબ્દી અને ૨૦મી શતાબ્દીના પૂર્વાર્ધમાં ઘણું જોર રહ્યું. યુરોપમાં, અમેરિકામાં, ભારતમાં, કહીએ તો આખાયે જગતમાં, વિદ્રોહીઓ ક્રાન્તિકારી નથી બની શકતા. વિદ્રોહમાં અને ક્રાન્તિમાં મૂળભૂત ફરક છે. વિદ્રોહ નિષેધ પર આધારિત છે, અને ક્રાન્તિ તો

સર્જનાત્મક પુરુષાર્થ છે; જેમાં નિષેધ તો છે, પણ એનું સ્થાન ગૌણ છે અને સર્જનનું મુખ્ય સ્થાન છે. સર્જન માટે નિષેધ એ એક વાત છે. પણ ક્રાન્તિમાં તો પહેલાં નિષેધ કરો, પછી સર્જન થતું રહેશે, પછી જેવું હોય તેવું, સર્જન થવા પહેલા અરાજકતા આવવા દો, એ પણ ઈચ્છવા યોગ્ય છે. પણ આજની પરિસ્થિતિની વિદ્રોહ-પ્રધાન મનોવૃત્તિમાં કુટુંબસંસ્થા હતી-ન હતી થઈ ગઈ. જ્યાં ત્યાં કોઈ વ્યવસ્થિત ઢંગથી એનો વિલય નથી થયો, પણ એ વેર-વિખેર થઈ ગઈ છે. સો સો ભાગમાં એનાં ચૂરા થઈ ગયા છે.

આ વાત શહેરોની થઈ. ગામડાઓમાં પરંપરા મુજબનાં કુટુંબો પડયા છે, ત્યાં પણ પ્રાણ નથી. એ કેદ થઈ ગયાં છે. એનું પિંજરું પણ બની ગયું છે, એમાંથી બહાર નીકળી શકતા નથી, માટે ત્યાં છે. નીકળવાનો રસ્તો મળ્યો તો ત્યાંથી છોકરા-છોકરીઓ શહેર તરફ ભાગ્યા. અર્થ વ્યવસ્થામાં સંગઠનની અનિવાર્યતા, ઈન્દ્રિયસુખોના ભોગની ઉચ્છૃંખલતાની નવી સંસ્કૃતિ, શરીરની પૂજનો નવો ધર્મ, જે કાંઈ પ્રસ્થાપિત છે એનો નિષેધ, અને એના પ્રત્યે વિદ્રોહની જ પ્રેરણાના સ્વરૂપમાં એનો સ્વીકાર-આ પૂરી ૧૯મી અને ૨૦મી શતાબ્દીનું વર્ણન કરી રહી છું. માટે એ શહેરમાં આવ્યા, અને એમની છાયાઓ ગામમાં રહી છે. જે ભાગવા ઈચ્છે છે, અને ભાગી શકતા નથી, એ કુંઠિત બનીને પોતાની કુંઠાઓ સાથે ગામોમાં જીવી રહ્યા છે. ત્યાં પણ કુટુંબો પડયા છે, ત્યાં પરંપરાઓનું તેલ નાખી નાખીને, પરંપરાનું ઘી નાખીને, કુટુંબનો દીવો સળગાવી રહ્યા છે. પણ એમાં પણ પ્રાણ નથી, કયાંક કયાંક છે !

મારા ભારતભ્રમણને ઠીક ઠીક સમય થઈ ગયો છે. દશેક વર્ષ થયા છે. એ પહેલાં ભારતના ખૂણે ખૂણે ભ્રમણ ચાલતું હતું. દૂરના એ બંગાળમાં સંયુકત કુટુંબોને પોતાની બધીયે શોભા, ગૌરવ, મહિમા સાથે જીવતાં, આ આંખોએ જોયા છે. સૌરાષ્ટ્રની અને ગુજરાતની સાંસ્કારિક ભૂમિમાં સંયુકત કુટુંબોનું ઐશ્વર્ય જોયું, કયાંક કયાંક બિહારમાં પણ જોયા, પણ એનો જમાનો ગયો. વર્તમાન પરિસ્થિતિનો અમને સાક્ષાત્કાર નથી, જાણકારી છે, અને જાણકારીને આધારે અનુમાન અને તર્કને સહારે બોલવું યોગ્ય નથી. માટે એને છોડી દઈએ. એટલું જ કહીએ છીએ કે એકતાવાળું કુટુંબ આજે કયાંય જીવતું નથી. આપ કહી રહ્યા છો, પ્રજ્ઞાશીલ સમાજ માટે, કુટુંબવ્યવસ્થાનું સ્વરૂપ કેવું હોવું જોઈએ, એટલે મેં શરૂઆતમાં

કહ્યું હતું કે વ્યવસ્થા નથી, અવ્યવસ્થા છે, જેના સંબંધ તૂટી ગયા છે, અને એ સંબંધો પર કપડા બાંધીને, એને આપ ટકાવી રાખો છો, એવી કુટુંબવ્યવસ્થા છે. નવી જ રીતે હવે કુટુંબને માટે વિચારવું પડશે અને એ લાવવું પડશે, રાખવું પડશે.

વ્યક્તિને સમાજનું એકમ બનાવવાનો પ્રયત્ન પશ્ચિમે ઘણો કર્યો, નિષ્ફળ ગયા છે. કુટુંબની એકતા પર આવવું પડશે. પણ આપનો એ પ્રશ્ન નથી. આપે તો પૂછયું છે કે પ્રજ્ઞાશીલ સમાજ કેવી રીતે બને ? હું કહું છું પ્રજ્ઞાશીલ સમાજ બનાવવા માટે પાયો જોઈએ. નવમાનવના સર્જનનો અને એવો સમગ્ર માનવ, એવો પૂરો માનવ, એવો સંપૂર્ણ માનવ આપનામાંથી પહેલાં ઉત્પન્ન તો થવા દેશો ને ? એને જીવંત અણુકોશ બનવા દો. પછી આપની પાસે પ્રેમાધારિત, સ્નેહાધારિત કુટુંબ હશે. માટે નવા માનવનું સર્જન પહેલા થાય, ત્યારે પ્રજ્ઞાશીલ સમાજ બનશે. 'પ્રજ્ઞાશીલ'નો અર્થ પ્રશ્નકર્તાને ખબર હશે. બુદ્ધિનિષ્ઠ નથી કહ્યું. આપે પ્રજ્ઞાશીલ કહ્યો છે. શબ્દ ઘણો મીઠો છે. ખબર નથી એ અવધાનપૂર્વક ઉપયોગ કર્યો છે કે પછી ધોખામાં જ !

પ્રજ્ઞાને અંગ્રેજીમાં 'Intelligence' કહીશું. બુદ્ધિને 'Intellect' કહીશું. 'પ્રકર્ષણ જ્ઞાપનમ્ કરોતિ ઈતિ પ્રજ્ઞા' આ એક વ્યાખ્યા થઈ ગઈ. ''પ્રત્યક્ષમ્ જ્ઞાપનમ્ કરોતિ, ઈતિ પ્રજ્ઞા'' આ અમારું નિરુક્ત છે. જે જીવનનો તથ્ય સાથે સીધો સંબંધ જોડી દે છે અને સાક્ષાત્કાર કરાવે છે તે પ્રજ્ઞા છે. માટે આ પ્રજ્ઞા, એટલે હરેક પળે જીવનની સાથે સીધો સંબંધ રાખીને, એના બોધમાંથી જીવવું એ જેનું શીલ છે, એ પ્રજ્ઞાશીલ છે. કેવો શબ્દ પ્રજ્ઞાશીલ બન્યો છે એનું સૌંદર્ય તો જુઓ. શબ્દોનું રૂપ, શબ્દોનો રસ, શબ્દોની ગંધ, શબ્દોનો સ્વાદ બરોબર ચાખી લેજો, પછી આગળ વધો. પાંચે ઈન્દ્રિયોથી શબ્દનું સેવન કરવું જોઈએ. માટે પ્રજ્ઞાશીલ સમાજને બનવા પહેલા પ્રજ્ઞાશીલ વ્યક્તિઓ તો હોય. બુદ્ધિની પાર જઈને પ્રજ્ઞાને જાગ્રત કરનાર માનવ તો પહેલાં હોય. જીવનનાં તથ્યોનો, જીવનના સત્ય નિકટનું સાન્નિધ્ય જેનાથી સહન થશે, સંવેદનશીલતાની આટલી ઉત્કટ શક્તિ જેની પાસે હોય, એવા માનવ તો હોય. આપણે તો જરાક જીવનની સાથે સંબંધ થયો કે ગભરાઈ જઈએ છીએ. સિદ્ધાંતોની, નિયમોની, વ્રતોની, પ્રતિજ્ઞાઓની, નિષ્કર્ષોના માધ્યમ દ્વારા, એ બારીઓ મારફત જીવન આવે તો આપણને પસંદ છે. સીધું આવે તો ગભરાઈ જઈએ છીએ. એટલે પ્રજ્ઞાશીલ

સમાજને માટે કુટુંબની આજની જે અવ્યવસ્થા છે, જે અરાજકતા છે, એને જલદીમાં જલદી હટાવી દો. કુટુંબનો નવો આધાર ઊભો કરવો પડશે અને એ આધાર ઊભો કરવા માટે નવા સમગ્ર માનવની જરૂર છે.

પ્રશ્ન : મનથી ઉપર જવું, એ શું અનિયંત્રિત વિસ્ફોટ છે ? એને માટે સમ્યક્-સ્મરણ કેવી રીતે કરવું ?

ઉત્તર : મનથી ઉપર જવું એ ઘટના છે, જે ઘટિત થાય છે, એક વિસ્ફોટ છે જે ઘટિત થાય છે. પુરુષાર્થનું કે કર્મજનિત પરિણામ નથી. એ કોઈનો પ્રાપ્તિ નથી, એ ઉપલબ્ધિ છે. એ અનાયાસ થાય છે, પણ એ ઉપલબ્ધિ માટે પોતાની સમગ્રતામાં માનવે ઉપસ્થિત રહેવું પડે છે. પોતાની સમગ્રતાની અખંડ અવસ્થા એને રાખવી પડે છે. આપ કહો છો સમ્યક્ સ્મરણ કેવી રીતે થાય ? આવું કંઈક પૂછયું છે ને ? સતત, સમ્યક્ સ્મરણ કોનું ? કોનું સ્મરણ કરશો ? પ્રભુનું ? આપ ખરા છો ! પ્રભુને પોતાનાથી પ્રથમ તો જુદા રાખવાનો ધંધો કરશો, પછી એનું સ્મરણ કરવાનો પુરુષાર્થ કરશો અને એના બદલામાં વિસ્ફોટ થાય એમ ઈચ્છો છો. આવો દ્રાવિડી પ્રાણાયામ શા માટે ? પ્રભુસત્તા એટલે વિશ્વસત્તા, વિશ્વચૈતન્ય, એનાથી આપ જુદા છો, એ જ તો ભ્રમ છે, એ જ તો ભ્રાંતિ છે. નિર્ભ્રાન્ત દૃષ્ટિની વાત કાલે આપણે કરતા હતા. આજે સવારે નહોતું કહ્યું કે આપણો સંબંધ પાંચ મહાભૂતોની કાયાથી લઈને વિચાર, સંસ્કારો સુધી, અવચેતન સુધીના વિશ્વમાં જેટલો અનંત પ્રવાહો છે, એની સાથે જોડાયેલો છે ? આપણે અલગ છીએ જ નહીં, આપણી એવી જુદાઈ નથી કે એ જુદાઈમાં આપણે ઊભા રહી શકીએ.

વિશ્વસત્તાથી તદ્દન જુદું હોય, પૂરેપૂરું સ્વતંત્ર હોય, એવી પોતાની એકતા લઈને ઊભા રહી શકીએ, એવી આપની તાકાત નથી. જીવનનું સત્ય તો એ છે કે આપ વિશ્વચેતનાનું અવિભાજ્ય અંગ છો. પ્રભુની જે આ બ્રહ્માંડમય કાયા છે, એમાં પિંડ નામનું એક દ્રવ્ય આપ છો. આપણે સૌ પ્રભુના અંગ-પ્રત્યંગ છીએ, એટલે સ્મરણ કરવા માટે જુદા કયાં રહેશો ? કયાં ઊભા રહેશો ? પ્રભુથી અલગ રહીને, વિશ્વસત્તાથી જુદા રહીને સ્મરણ કરશો ? નામસ્મરણને ખોટું સમજવામાં આવ્યું અને સમ્યક્ સ્મરણ જો થાય તો સમ્યક્ સ્મરણનું સહજ પરિણામ શું છે તે જાણો છો ? 'તુકા મ્હણે આમી સદેહચી બ્રહ્મ' . તુકારામ કહે છે અમે સદેહબ્રહ્મ

છીએ. આ હરિનામનો મર્મ અમે સમજી ગયા છીએ. પણ આપણને નામ લેવાથી મતલબ છે, નામીથી મતલબ નથી; નામની ગણતરી સાથે મતલબ છે. નામની ગણતરી કરવાથી કયાં ચક્રો ખૂલે છે એનાથી મતલબ છે. કેવી અનુભૂતિઓ થશે, આવશે એ સાથે મતલબ છે. સોદો કરવા બેઠા છીએ ને ? જીવન સાથે સોદો કરીએ છીએ. સોદો કરનાર જીવી શકતો નથી. જે પોતાને આખા જ ઝંપલાવી દે છે એનું કામ છે જીવવાનું. 'નમઃ શિવાય' આ મંત્રમાં 'શિવ' શું છે ? 'શ' ના સ્પંદનો અને એ સ્પંદનોનું ક્ષેત્ર શું છે ? નાદનાં સ્પંદનોના પોતપોતાનાં ક્ષેત્ર છે. અને નામસ્મરણ કરવું એટલે પોતાની આસપાસ નાદના સ્પંદનોના વલય ઉત્પન્ન કરવા. વાતાવરણની શુદ્ધિ માટે નામસ્મરણનો ઉપયોગ છે. પોતાની આસપાસ અને અંદર પાંચ ભૂતોની શુદ્ધિ માટે એનો ઉપયોગ છે. આપણને તો 'શિવાય' - નો અર્થ પણ ખબર નથી અને સ્પંદનશાસ્ત્રનો અભ્યાસ નથી. નાદસ્પંદનનું વિજ્ઞાન કોઈ જોતું નથી. મંડયા નામ જપવા. પરંપરા છે, માટે જપો, 'નમઃ શિવાય' કહો. 'શ્રી રામ જય રામ જય જય રામ' કહો 'ર' નો અર્થ શું ? 'ર' કહેતા 'ર' નો નાદ કયાંથી ઉત્પન્ન થાય છે અને 'ર' ના ઉચ્ચારણ સાથે રકતનું ફરવું, એમાં શું ઘટિત થાય છે, શ્વાસોચ્છવાસમાં શું ઘટિત થાય છે, આ જોવું નથી. 'નમઃ કૃષ્ણાય' કહીએ, 'ગોવિન્દાય નમો નમઃ', 'નમો ભગવતે વાસુદેવાય' કહેવું છે. 'નમઃ' શું છે ? 'ભગવતે' શું છે ? વાસુદેવ શું છે ? બસ આટલું જોતા જવાય તો એટલો અર્થબોધ થતા જ જીવનપરિવર્તન થઈ જશે. 'ભગ' શું છે ? 'ભગવાન' કોણ છે ? 'વસુદેવ' શું છે ? 'વાસુદેવ' શું છે, અને 'નમઃ'ની ક્રિયા શું છે ?

જ્ઞાનેશ્વર કહે છે કે ખાલી ઘડો નદીમાં ડુબાડયો, તો છલકાઈ ને ભરાયેલો નીકળ્યો. એવી જ રીતે પ્રણામ કરવા ગયો અને પ્રણામ કરીને ઊઠયો તો આત્મબોધથી છલકાતો હું ઊઠયો. આ નમઃ છે, આ પ્રણામ છે. આપણે તો આખું જીવન પ્રણામ કરીને ખાલી જ છીએ, કારણ કે પ્રણામની ક્રિયા જોડે મતલબ છે, પ્રણામના તત્ત્વ સાથે મતલબ નથી. સંબંધ સીધો સત્ય સાથે જોડો. સત્ય સાથે જોડો તો આપ પૂછો છો સમ્યક્ સ્મરણનો ઉપયોગ છે ? ભાઈ ! જે કાંઈ કરો તે સભાનતાથી કરો. એવી દરેક બાબતનો ઉપયોગ છે. પછી પરિવર્તનનો પુરુષાર્થ કરવો પડતો નથી. પરિવર્તન ઘટિત થાય છે ? પણ પ્રશ્નનો જે પૂર્વાર્ધ છે એ બાબતમાં કહ્યું કે વિસ્ફોટ ઘટિત થાય છે. મનને જોતાં શીખો. મનને જોતા

શીખીને ચેતન મનને જુઓ, એટલે અચેતન-અવચેતનમાં ભરેલા સંસ્કારોનો, અનુભૂતિઓનો, જ્ઞાનને જોવું એ વંદન છે. તેમાં કાંઈ કરવાનો કે ભોગવવાનો ભાવ ન આવે. નહીં તો અનુભૂતિઓના ભોગમાં જઈશું અને ફસાઈ જઈશું.

જો અવલોકનની અવસ્થા ખંડિત ન થઈ, તો ચેતન, અચેતન અને અવચેતન એને જોવા માટે કાંઈ બાકી રહેતું નથી, જોવા માટે કોઈ દશ્ય બાકી રહી જતું નથી. જ્યાં જોવાને માટે કાંઈ બાકી રહી જતું નથી, ત્યાં જોનાર દષ્ટા પોતે જ શાંત થઈ જાય છે, એને શાન્ત કરવો પડતો નથી. પછી સાક્ષીત્વભાવ, મધ્યસ્થભાવ, તટસ્થતા ધારણ કરવાં પડતાં નથી. એને ધારણ કરીને કોને જોવું છે ? માટે જોવાનું કાંઈ બાકી ન રહ્યું, જોનાર શાન્ત થઈ ગયો, એવી સ્થિતિ પછી રહેશે. જ્યાં દિશા નથી અને દિશાઓ નથી, માટે કયાંય ગંતવ્યસ્થાન નથી; જ્યાં હેતુ નથી, માટે પ્રવૃત્તિ નથી હેતુ નથી, માટે નિવૃત્તિ પણ નથી. જ્યાં ભાવને ધારણ કરવા માટે કોઈ અહમ્ નામની એકતા રહી નથી. એવી નવસ્થા એ લગભગ પ્રલયની અવસ્થા છે. એક અતલ ખાઈ, એક એવો અંધકાર, જેને અનુભૂતિનો પ્રકાશ ઉજ્જવળ કરી શકતો નથી. ઘેરા મૌનની પ્રાણશકિત આખીએ સમગ્રતાને ઘેરી લે છે. પ્રાણવંત મૌન એને ઘેરી વળે છે ત્યારે પછી વિસ્ફોટ ઘટિત થાય છે. એ કાંઈ દારૂગોળો તૈયાર કરીને તોપમાં નાખીને દાગવાનો નથી. ઉત્ક્રાન્તિ અને વિસ્ફોટ જો માનવરચિત બનાવેલો હોય તો એ વિસ્ફોટ નથી, એ પરિવર્તન નથી. પરિવર્તન એ ઘટના છે, જીવનમાં જે કાંઈ મહત્ત્વનું છે તે ઘટિત થાય છે. માનવકૃત ઘણું ઓછું છે, એ ઘણું નગણ્ય છે, ક્ષુદ્ર છે, પામર છે, જે ઘટિત થાય છે તે દિવ્ય છે, ભવ્ય છે.

પ્રશ્ન : સદ્‌ગુરુના આશ્રયનો મર્મ શું છે ?

ઉત્તર : ઘણો મહત્ત્વનો પ્રશ્ન પૂછયો છે. સર્વાંગનું અવધાન રાખીને સાંભળજો. જે કહેવાશે તેની પાછળ ચિંતન નથી, જીવન છે. આ જીવનનું અમૃત છે, જે શબ્દોના પાત્રમાં મૂકું છું. માટે તર્કનું હથિયાર લઈને ન સાંભળશો, અને અનુમાનનું અત્તર લગાડીને એને ન જોશો. આપ એને માનો, ન માનો, એ વાત જુદી છે; માનો કે ન માનો એ ગૌણ છે. બસ આપ સાંભળશો તો અમે કૃતાર્થ થઈ જઈશું.

ગુરુ કોને કહો છો ? ગુરુ શબ્દ ઘણો જ પવિત્ર છે. અને ગુરુ કોણ કરશે ? શિષ્ય કોને કહે છે ? ગુરુ અને શિષ્ય એ ચેતનાની સ્થિર અવસ્થાઓ છે શું ? જેમ કે મનુષ્યની જાતિઓ બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય છે એમ શું ગુરુ અને શિષ્ય એ કોઈ જાતિ છે ? ગુરુ એક પદ છે, ચેતનાની એક અવસ્થા છે. માનવમાં અંદર દિવ્યતાની જે અનંત સંભાવનાઓ પડી છે, એ સંભાવનાઓ એકસાથે જ્યારે ખીલી ઊઠે છે, તો ખીલી ઊઠેલી સંભાવનાઓના પરિમલનું નામ ગુરુપદ છે. જીવનની સાથે સીધો સંપર્ક સ્થાપન કરવાની વિનમ્રતા અને નિરહંકારિતા જેને જીવનનું સત્ત્વ છે, ચેતનાની પરિપકવ અવસ્થા છે, કયાંયે કચાશ નથી, અપરિપકવતા નથી, એ અવસ્થામાં અજ્ઞાન તો શું, જ્ઞાન પણ નથી. જ્ઞાન પણ અજ્ઞાનની એક વૃત્તિ છે, વેદાન્તમાં જ્ઞાનને પણ અજ્ઞાનની એક વૃત્તિ કહી છે. અજ્ઞાન તો શું, જ્ઞાન પણ ત્યાં નથી, અનુભવ તો શું, અનુભૂતિ પણ ત્યાં નથી. એમાં વિશ્વસત્તાથી જુદું કોઈ જીવી રહ્યું નથી. એમાં હાડમાંસની અંદર નિરહંકારિતા અને વિનમ્રતા જ છે. અંદર શૂન્ય છે એટલે તે જ છે. એ જ પ્રભુના હાથમાં બંસી છે. લોક સમજે છે કે એ બંસી તો વાંસની બનાવીને કૃષ્ણના હાથમાં પકડાવી દીધી છે. પૂરેપૂરી નિરહંકારી અને વિનમ્ર વ્યક્તિનું જીવન જ પ્રભુના હાથોમાં બંસી છે. વિશ્વચેતના એ હાડમાંસમાંથી બોલે છે, એના સ્વરો ગુંજી ઊઠે છે.

અને હવે આપ કહો છો કે એવા સદ્‌ગુરુનો અમે આશ્રય કરીશું. આશ્રય કોનો કરશો ? ત્યાં કોઈ હોય તો આશ્રય લેશો ને ! અથવા અગર આશ્રય કોનો શોધશો ? મેં ગુરુપદ ધારણ કર્યું છે એવું જેને ભાન છે એ ગુરુ નથી. દશેય ઈન્દ્રિયોમાં જ્યારે યૌવન ફૂટી નીકળે છે, તો કહેવાની જરૂર નથી પડતી કે હું યુવાન થઈ ગયો છું. એના ઊઠવામાં, બેસવામાં, બોલવામાં, ચાલવામાં યૌવનનું સૌંદર્ય ખીલી ઊઠે છે, ત્યાં તો યૌવન ચરણોમાં ધારણ થાય છે,એ ત્યાં મુસ્કુરાય છે. વસંત ઋતુના આવવાની જાહેરાત કરવી પડતી નથી. વન-ઉપવનને જોઈ લ્યો. આપને સુગંધ પરથી જ ખબર પડી જશે કે ઋતુ વસંત છે. એમ જ જ્યારે જીવનમાં પરિપકવતાની વસંત ઋતુ આવે છે, ત્યારે જીવન મહેંકી ઊઠે છે, પણ એનું ભાન રાખીને ત્યાં કોઈ બેઠું નથી, અહંકાર શેષમાત્ર પણ નથી.

આપ તો હાડ-માંસનું માળખું જુઓ છો, માટે આપને લાગે છે ત્યાં કોઈ હોવું જોઈએ. એક સત્તા હોવી જોઈએ, જે વિશ્વચેતનાથી અલગ છે અને જેને

પોતાની જુદાઈનું ભાન છે. અને પોતાની જુદાઈને સુરક્ષિત રાખવા માટે જે નિરર્થક પ્રયત્ન કરે એવું કોઈ બેઠું છે ? કોઈ હોય તો ને ! કોને ગુરુ બનાવશો ? કોનો આશ્રય લેશો ? એ તો એક એવી અવસ્થા છે કે જે રસ્તા પર લગાડેલાં સૂચનાના પાટિયા જેવી છે, એના પર નિશાનીથી બતાવી દીધું કે આ બાજું ચોરવાડ છે. ગુરુપદમાં જીવનાર વ્યક્તિનું કલેવર એક સૂચનાનું પાટિયું છે. એને વાંચી લ્યો અને પછી આગળ ચાલો. પરંતુ શિષ્યત્વ હોય, જિજ્ઞાસા હોય ત્યારે તો આગળ ચાલશો ને ? આપ એમ સમજો છો કે શિષ્યત્વ સહજ છે ? ગુરુપદથી વધુ કઠણ છે.

શિષ્યત્વ એટલે જિજ્ઞાસા. શીખવાની ઉત્કટ ઈચ્છા, સ્વરૂપની શોધનો તરફડાટ, વ્યાકુળતા. શિષ્યત્વ એક અવસ્થા છે અને ગુરુ પણ એક અવસ્થા છે. જિજ્ઞાસા અને અનુભૂતિનું જ્યાં મિલન થાય છે, ત્યાં જ ગુરુ અને શિષ્યનું મિલન છે, કોઈ બે વ્યક્તિઓના મિલનનું નામ ગુરુ-શિષ્યનું મિલન નહીં. એ તો ભ્રમ છે. આ આંખો છેતરાય છે. અંદરની અવસ્થાઓનું મિલન છે. જેણે પણ એને હાડ-માંસની બે વ્યક્તિઓનું જ મિલન સમજ્યું, એ વ્યક્તિ એક બીજાને ચીપકી રહેશે. એક બાજુથી જિજ્ઞાસા એ ક્ષણિક નીવડી, સમાપ્ત થઈ ગઈ, અને બીજી બાજુ પરિપકવ અવસ્થા હતી, એનું ભાન આવી ગયું. માટે જ ત્યાં ન તો શિષ્ય છે, ના ગુરુ. શિષ્યત્વની જિજ્ઞાસાની અવસ્થામાં પણ વ્યક્તિત્વ રહી જતું નથી. માત્ર જિજ્ઞાસાનો અગ્નિ રહી જાય છે.

આપના શરીરમાં જે કાંઈ છે, એને પોતાનું ઈંધણ બનાવનારી જિજ્ઞાસા છે. એ ઘણો પવિત્ર અગ્નિ છે. એને કોણ સળગતો રાખે છે ? આખાયે દિવસમાં એક કલાક રાખો તો ઘણું થયું. ૨૪ કલાક જિજ્ઞાસા જાગ્રત રહે તો આપણી વાસનાઓનું શું થશે ? મહત્ત્વાકાંક્ષાનું શું થશે ? આપણા દેહસંબંધોનું શું થશે ? સમાજની માન-પ્રતિષ્ઠાનું શું થશે ? આપણે માટે તો તથ્ય મહત્ત્વનું છે. સત્યની કોને પડી છે ? તથ્યોને વળગીને પડયા છીએ અને કયારેક આળસુ આંખોથી જોઈ લીધું કે હા, સત્ય છે-અહીં છે. તથ્યોની સુરક્ષા છોડીને, સત્યની અસુરક્ષા તરફ જાય કોણ ? માટે, જિજ્ઞાસાના અગ્નિને જે પોતાની અંદર સતત સળગતો રાખે છે, એની અવસ્થા શિષ્યત્વની છે. જેટલો વખત જિજ્ઞાસા જાગ્રત છે તેટલો

સમય શિષ્યત્વ છે, બાકી સમયે નહીં. બાકી સમયે તો એ કોઈ પણ સામાન્ય માણસ જેવો છે, અને જો એ પરિપકવ અવસ્થા સહન થઈ શકતી નથી, તો પછી અહંકારની ભૂમિકા પર ઊતરી આવે છે, એનું ભાન થાય છે. હું શીખવનાર છું, હું બીજાનું આશ્રયસ્થાન બની શકું છું, હું બીજાનું પરિવર્તન કરી શકું છું, એ ભાન જ્યાં આવ્યું, ત્યાં એ પણ ગુરુપદમાંથી પતિત થાય છે. એ વ્યકિત ગુરુ નથી.

આને બરોબર સમજી લેવું જરૂરી છે. આ શબ્દોનો ઘણો દુરુપયોગ થયો છે. જેમ પ્રેમ શબ્દનો દુરુપયોગ થયો છે, એને એટલો ગંદો, એટલો મલિન બનાવી દીધો છે કે આજે એને ચીપિયાથી અડકવાનો ડર લાગે છે. એ જ પ્રમાણે ગુરુ અને શિષ્ય એ બન્ને શબ્દોનું તાત્પર્ય છે. બે અવસ્થાઓ છે ચેતનાની, એક જિજ્ઞાસાની અને બીજી નિરંતર મુકતતાની, વિશુદ્ધ સત્તાની એનું નામ લેતા પણ સંકોચ થાય એટલું એને તોડવાનું, મરોડવાનું થયું છે, એટલી વિકૃતિ થઈ ગઈ છે. આપ કહો છો કે કબીરદાસ તો કહે છે કે, સદગુરુનો આશ્રય લેવો જોઈએ. જે કહે છે તે ખોટું કહે છે. પછી ભલે એ કબીર હોય કે અન્ય કોઈ હોય, ખરેખર તો કબીરજીએ કહ્યું જ નહીં હોય, 'બાહર કહું તો જગમય લાજે, ભિતર કહું તો જુઠા લો, ઐસા લો તત વૈસા લો. બાહર ભિતર સકલ નિરંતર ગુરુ પરતાપે ઠીઠા લો.' કોને ગુરુ કહેશો ? કોને આશ્રય લેવાનો કહેશે ? જે બહાર છે, જે અંદર છે, જે બધે છે, જે નિરંતર છે, એનો કોઈ આશ્રય લઈ શકાય છે ? આ કોઈ એક વ્યકિત છે, કે એનો આશ્રય લેશો ? આશ્રય લેવામાં પડશો તો જિજ્ઞાસાનું શું થશે ? આશ્રય તો અહંકાર પકડે છે. જિજ્ઞાસાને આશ્રય નહીં જોઈએ. માટે પોતાની અંદરના સ્વરૂપની જિજ્ઞાસા, સત્યની જિજ્ઞાસાને પ્રજ્વલિત કરો. ૨૪ કલાક એને પ્રજ્વલિત રાખો. જિજ્ઞાસા બધા સ્તરો ઉપર, સમાન રૂપથી, નિરંતર પ્રજ્વલિત રહે એના જે સ્પંદનો જ્યાં કોઈ એની અનુભૂતિમાંથી પસાર થયેલી, નિરહંકારિતામાં રહેનાર વ્યકિત હશે એને ખેંચી લાવશે. લોહચુંબકની જેમ જિજ્ઞાસાના સ્પંદનોનોમાં આકર્ષણ કરવાની શકિત હોય છે. કાં તો આપ ખેંચાઈ જશો અગર જિજ્ઞાસા એમને ખેંચી લાવશે. જે કહો તે-જિજ્ઞાસા અને અનુભૂતિનું મિલન છે-સત્ય, મધુર મિલન. એજ શિવશકિતનું મિલન છે. એ જ વિશ્વ-ચેતનાનું મિલન છે. એજ બ્રહ્માંડનું ઐકય છે. એમાં દ્વૈતનું નિરાકરણ છે. ત્યાં અદ્વૈત જીવી ઊઠે છે. ત્યાં જે પ્રેમ ખીલી ઊઠે છે, એ એક અત્યંત પવિત્ર ઘટના છે. માટે મેં

કહ્યું કે ગુરુ અને શિષ્ય એ શબ્દો જીભ પર લાવતા પહેલાં દસ વાર ગંગાજળથી મોં ધોઈ લેવું જોઈએ.

આજકાલ તો સસ્તામાં ગુરુ બની જવાય છે, જી ! અચેતનને ખોલ્યું, એનો સાક્ષાત્કાર થયો. કુંડલિની જાગ્રત થઈ, શક્તિપાત થયો, થોડી અતીન્દ્રિય શક્તિઓ આવી. એ શક્તિઓને બીજાનાં શરીરમાં યાંત્રિક પદ્ધતિએ સંચારિત કરવાની કંઈક કુશળતા આવી એટલે બન્યા ગુરુ. આ જુદી વાત છે. હઠયોગ શીખવનાર ગુરુ છે, સ્કૂલમાં શીવનાર પણ ગુરુ જ છે. બન્ને અલગ વાત છે. અમે જેની વાત કરી રહ્યા છીએ, એ જુદું છે. હવે એમને આપણું મન કઈ રીતે શોધશે ? મન કયારેય શોધી નહીં શકે. મનને જેની શોધ છે, એ તો આપની વાસનાને અનુકૂળ અને અનુરૂપ અને અનુકૂળ છે એને શોધી લેશે. મનને તો આધાર જોઈએ. માટે પ્રથમ તો સુંદર શરીર શોધશે, પછી ભલે એ પુરૂષ દેહ હોય કે સ્ત્રી દેહ હોય.

માટે મન પોતાની વાસના મુજબ અનુકૂળ શોધશે. આપણું મન તો પહેલા શરીર ઉપર આવી અટકયું છે. સુંદર રૂપ જોવાથી આંખોને આનંદ છે. સુંદર શબ્દો, નાદ સાંભળવામાં કાનને આનંદ છે. સુંદર શરીરનાં સ્પર્શમાં ત્વચાને આનંદ છે. એટલે પહેલાં તો શરીર પર અટકશે. જ્યાં શરીર અને રૂપની કોઈ વિશેષતા હશે, ત્યાં જ અટકશે. એનાથી આગળ વધ્યા. વાણીનું સૌંદર્ય જોયું, શૈલી જોઈ, પ્રસાદ પામ્યા, સ્પષ્ટતા જોઈ, ચારુતા જોઈ, વિચારોની સ્પષ્ટતા જોઈ, વકૃતૃત્વ જોયું, શૈલી જોઈ, કાવ્ય જોયું-અટકી ગયા. એથી પણ આગળ વધ્યા, તો સિદ્ધાંત શું છે, નિષ્કર્ષ શું છે, પ્રક્રિયા કઈ છે, શું આપણે લઈ શકીએ છીએ ? આપણે તો લેવા જ જઈ રહ્યા છીએ. માટે ઈન્દ્રિયો વિકારનો સંતોષ લઈને આવે છે, અથવા મનની મહત્ત્વાકાંક્ષા, વિચાર અને અનુભૂતિઓ લઈને આવે છે. બહુ ફરક પડતો નથી. વાત એક જ છે. એક સ્થૂળ છે, બીજું એનાથી થોડું ઓછું સ્થૂળ છે. અને આગળ જઈને અહંકાર અતીન્દ્રિય અનુભૂતિઓ લઈને આવે છે. અને આપને આ બધું આપી શકે એ ગુરુ બની ગયો. એમના સંગઠનો બની શકે છે. એમના સંપ્રદાયો બની શકે છે.

સત્યનો પ્રચાર ન થઈ શકે. સત્યનો વધુમાં વધુ તો સંવાદ થઈ શકે. સ્નેહવશ શબ્દો સુધી આવીને સંવાદ થઈ શકે. નિરૂપણ પણ ન થઈ શકે. નિરૂપણ

તો હરિદાસ કરે છે, કથાકાર કરે છે, વ્યાસ કરે છે. ભાગવતનું નિરૂપણ, રામાયણનું નિરૂપણ, એમાં તો પ્રતિપાદન છુપાયેલું છે. અને દાર્શનિકોનું પ્રતિપાદન ખુલ્લું હોય છે, આટલો જ ફરક છે. સત્યનું નિરૂપણ કે પ્રતિપાદન થઈ શકે નહીં. પ્રેમનું ભલા પ્રતિપાદન થઈ શકે ? એનું શું નિરૂપણ થશે ? વધુમાં વધુ, લથડિયા ખાતાં, જેમ તેમ, આત્મીયતાનાં નજદીકના પરિમાણમાં, જેમાં સંખ્યાની પ્રબળતાનો અસુર ન હોય તો સંવાદ થઈ શકે છે. મન શોધશે તો આમાંથી કંઈ પણ જ્યાં મળે છે, ત્યાં જઈને ફસાશે.

માટે બહારની શોધ છોડી, ગુરુપદધારી અગર ગુરુ-ચેતનાની પરિપકવ અવસ્થા ધારણ કરનાર જે કાંઈ કહો, એવી વ્યક્તિની શોધમાં ન લાગશો. તેમાં નિષ્ફળ જશો. જિજ્ઞાસાને પ્રગટવા દો, તેને ખૂબ ઉત્કટ બનાવો, નિરંતર જાગ્રત રાખો-બાકીનું કામ જીવન કરી લેશે. જેનું જીવન, જેના સંસ્કાર, જેની વાણી, આપના સંસ્કાર આપની જીવનપદ્ધતિને અનુકૂળ હશે, આપની જિજ્ઞાસાને સંતોષ કરવા યોગ્ય, સમજાવવાને લાયક જે હોય, અને એ વ્યક્તિ કાં તો આપના દરવાજા પર આવશે, અગર જીવન ખેંચીને આપને એમની પાસે લઈ જશે. એની ચિંતા ન કરશો. મિલનની ઘટનાની ચિંતા ન કરો. 'કર લે સિંગાર ચતુર અલબેલી' આ શણગાર આપની તન-મનની શુદ્ધિનો જિજ્ઞાસાના અગ્નિમાં સળગાવવાનો. આ શૃંગાર અલબેલીનો છે બાકી બધું જીવન જોઈ લેશે.

(ચોરવાડ શિબિરમાં ૧૧-૨-૭૧ના રોજ પ્રથમ પ્રશ્નોતરી સભા)

૩

બીજું પ્રવચન

આપણે અહીં શરીરને સ્થિર કરીને નિઃશબ્દ અવસ્થામાં બેસીએ છીએ. એમ શા માટે, એ સમજી લેવું જરૂરી છે. ધ્યાન કરવા બેસતા નથી, કારણ કે ધ્યાન કોઈ કર્મ નથી, જે કરી શકાય. ધ્યાન સમગ્રતાની અવસ્થા છે. ધ્યાન કોઈ ક્રિયા નથી, નથી શરીરની કે નથી મનની. ક્રિયાઓ જ્યારે પરવશ થાય છે, ત્યારે ઈન્દ્રિયોના કાબૂમાં હોય છે. અને સમગ્રતાની અવસ્થા સ્વાયત્ત છે, સ્વાર્જિત છે, સ્વાશ્રયી છે, જેમાં એકવાર પ્રવેશ કર્યા પછી ત્યાંથી પાછા ફરવાની કોઈ સંભાવના નથી.

આપણે સવારે-રાત્રે જે અહીં બેસીએ છીએ, તે શું ધ્યાન કરવા બેસીએ છીએ ? આપ કેમ બેસો છે ? બે ચીજો માટે. એક તો એ કે મૌન એક તત્ત્વ છે, એક તથ્ય છે, જેનો આહાર શરીરને, મનને, બુદ્ધિને મળવો જરૂરી છે. જે રીતે આપ અન્ન, પાણી શરીરને આપો છો, પ્રકાશ-ગરમી આપો છો, જે રીતે શરીરને વ્યાયામ કરાવો છો, શુદ્ધ પ્રાણવાયુ મળે માટે શરીરને ખુલ્લી હવામાં લઈ જાઓ છો, એ જ પ્રમાણે ક્રિયા અને અક્રિયાથી પર જે આકાશ તત્ત્વ છે, જેમાં મૌન દ્રવ્ય જીવતું રહે છે, એ દ્રવ્યનું આપનાં મન, બુદ્ધિ અને વાણીને પાન કરાવવું ખુબ જરૂરી છે. નહીં તો ચિત્ત સ્વસ્થ નથી થતું, નિરામય નથી થતું, પુષ્ટ નથી થતું.

જેની બુદ્ધિ, જેનું મન, જેનું ચિત્ત નબળું છે, ઢીલું છે, એ ધ્યાનાવસ્થા સુધી પહોંચી નહીં શકે. કારણ કે ધ્યાનાવસ્થાથી ચેતનાનાં બધાં સ્તરો અને બધાં દ્વાર ખૂલી જાય છે. ચેતન, અવચેતન અને અચેતન બધાં દ્વાર ખૂલી જાય છે. એમાં જે ભરેલો ભંડાર પડયો છે, જે સંગ્રહમાં સંચિત થયેલા સંસ્કાર છે, અનુભૂતિઓ છે એ બધું ઊભરાઈ આવે છે, અને શરીર સ્વસ્થ ન હોય, ચિત્ત

નિરામય ન હોય, તો ચેતનાના બધાં સ્તરોના સાક્ષાત્કારથી કાં તો શરીર બિમાર થઈ જશે, કાં તો ચિત્ત વિક્ષિપ્ત થઈ જશે. અતીન્દ્રિય સૃષ્ટિનો સાક્ષાત્કાર અને એમાંથી પસાર થઈને પર જવું એ બાળકોનો ખેલ નથી. શરીર તૂટી શકે છે. સાક્ષાત્કારની ઉત્કટતા સામે ચિત્ત વધુ વિક્ષિપ્ત થઈ શકે, અને બુદ્ધિનું સંતુલન પણ તૂટી શકે અને આવા વિક્ષિપ્ત ચિત્તવાળા સંતુલન ગુમાવેલાં યુવાનો અને યુવતીઓ સેંકડોની સંખ્યામાં જગતમાં ફરે છે.

શરીરની સ્વસ્થતા, બુદ્ધિની સ્વચ્છતા, ચિત્તની નિરામયતા, આ અધિષ્ઠાન ઉપરથી આધ્યાત્મિક શોધ થઈ શકે છે. આ જેને નથી કરવું, એ અધ્યાત્મને માર્ગે કૃપા કરીને ન જાય. એ ધાર્મિક સંસ્થાઓમાં, મંદિરોમાં જઈને સદાચાર અને નીતિના પાઠ શીખે. ત્યારે હાથમાં ધર્મગ્રંથો લઈને, એક-એક, બબ્બે વાક્યો વાંચીને એ અનુસાર ભલે વ્યવહાર કરે. આ પ્રવાહ વહેતો રહે. અધ્યાત્મની શોધ એ વીરોનું, શૂરોનું કામ છે. અહીં રમત નહીં ચાલે. માટે ચિત્તને, બુદ્ધિને, મનને મૌન નામનાં દ્રવ્યનો આહાર નિયમિત રીતે કરાવવો પડે છે.

૨૪ કલાક શરીર પાસે કામ લઈએ છીએ. કોઈને કોઈ ક્રિયા કે અક્રિયા ચાલે છે. ૨૪ કલાકમાં એકાદ કલાક સવાર-સાંજ મળીને શરીરને સ્વસ્થ બેસાડી આપ જોશો કે એ બેસવું કેમ તે જાણતું નથી. શરીરને કેમ બેસાડવું, ઉઠાડવું, કોઈએ શીખવ્યું નથી. સમતલ ધરતી તો નીચે સ્થિર છે. એ પર શરીરને સ્થિર રાખવું એ ખબર નથી. આ કમજોર સ્નાયુઓનું કામ નથી. હાડકાનું બંધારણ મજબૂત હોય તો આપના સ્નાયુઓ પર, જ્ઞાનતંતુઓ પર દબાણ અને તણાવ ઓછા પડે છે. આપે યોગાભ્યાસ કરનારનું શરીર જોયું હશે. વ્યાયામ કરનારનું કસરતી શરીર જોયું હશે. ફરક એ છે કે જે કસરત કરે છે, વ્યાયામ કરે છે, એમના સ્નાયુ મજબૂત બને છે, જાડાં બને છે, અને યોગાભ્યાસ કરનારનું શરીર પાતળું થઈ જાય છે.પોલાદ જેવું મજબૂત છે, પણ સ્નાયુઓની જાડાઈ નથી. માંસપેશીઓ જાડી નથી, એનું શરીર એકવડું થઈ જાય છે. શરીરનો મેદ અને મજ્જા પીગળી જાય છે, અને અસ્થિઓના સાંધાઓ ઉપર એને મજબૂત રાખનાર જે કોઈ દોરીની સૂક્ષ્મ વ્યવસ્થા છે એ એવી કસાયેલી રહે છે કે શરીર તો જાણે સ્પ્રિંગ હોય, તેવું વળે છે.

વિશ્વમાં શરીરને સ્વસ્થ રાખવાં માટે, સુડોળ રાખવાં માટે, પ્રમાણસર રાખવાં માટે કોઈ સર્વોત્તમ યુક્તિ હોય તો તે યોગ છે. એટલે આપણે જ્યારે આસન પર સ્થિર થઈને બેસીએ છીએ, અડધો કલાક પણ બેસી શકીએ, ૨૦ મિનિટ પણ બેસી શકીએ, શરીર એકદમ સીધું રહે, એ અડધા કલાકમાં એવું બેસશે કે શ્વાસોચ્છવાસની ક્રિયામાં લય અને ગતિ આપોઆપ નિર્માણ થશે. સીધા બેસવામાં સૌથી મોટો લાભ એ છે કે કરોડ સીધી થાય છે. પેટ અંદર ખેંચાયેલું હોય તો નાભિકેન્દ્ર અને કરોડનો જે આધાર છે, એ બન્ને નજીક આવી મળી જાય છે, ફેલાયેલાં રહેતા નથી. એની વચ્ચે મેદનો, મજ્જાનો ફેલાવો નથી રહેતો; એકબીજાને મળી જાય છે. શ્વાસોચ્છવાસમાં જ્યારે પ્રાણવાયુ અંદર આવે છે તો એનું ફરવું નખશિખ બધે થાય છે અને પછી જ્યારે ઉચ્છ્વાસ બહાર ફેંકીએ છીએ તો ફેફસાની અંદરનો બધો વાયુ જોરથી બહાર નીકળી શકે છે. આ રીતે ફરતાં લોહીની શુદ્ધિ થાય છે અને શ્વાસ-ઉચ્છ્વાસમાં એક લય બને છે. શરીરને સ્થિર રાખી બેસવાથી આ આખુંયે કામ આપોઆપ, અનાયાસ થઈ જાય છે. આ પહેલો લાભ છે.

શરીર કેવી રીતે સ્થિર રહી શકે, એમાં કોઈ થાક ન લાગે, એવી સહજતાથી બેસવાનું છે. શરીરના સ્નાયુઓને, મજ્જાને, તંતુઓને, એક શિક્ષણ આપવાની વાત છે. તો બેસવાનું છે. જો આ બેસવાનું શિક્ષણ થયું હશે તો કેવળ બેસવા માટે નહીં, પણ સીધા બેસવાથી, ઊઠવાની ક્રિયામાં પણ ફરક પડી જશે. ઊઠવા-બેસવામાં એક પ્રકારની સ્ફૂર્તિ આવશે, એક શાન આવશે, લાલિત્ય આવશે. બેસવું, ઊઠવું એક યૌગિક ક્રિયા બની જશે. શરીર કોઈ શબ તો નથી કે એને અહીંથી ત્યાં સુધી ઘસડો.

આપણાં તો શબ્દોમાં પણ સંગીત નથી. માનવ કેવી રીતે ઊઠે-બેસે છે, કેવી રીતે બોલે છે એમાં પણ સંગીત જોઈએ આપણા મુખમાંથી જે શબ્દો બહાર નીકળે છે, એમાં મધુરતા છે, મૃદુતા છે, કે કઠોરતા છે, શું છે ? એમાં સૌંદર્ય છે કે કદરૂપતા છે ? આખરે તો ઘર્ષણથી જ શબ્દ નીકળે છે ને ? હોઠોની ક્રિયાથી આપ પણ ઘર્ષણ કરો છો. શબ્દોને કેવી રીતે કાઢીએ છીએ ? જેમ ફૂલ ઝરતાં હોય તેમ, કે કપડાં ધોવામાં ધોબી કપડાં પછાડે છે તેમ નાદને પછાડીએ છીએ. નાદને મારી નાંખીએ છીએ. કેમ કાઢીએ છીએ એ આખું કર્મ છે. એ જ તો

જીવન છે. ક્ષણે ક્ષણે જે કરીએ છીએ તે જીવન છે. જીવનનું આખુંયે સૌંદર્ય, આખીયે મધુરતા, દરેક ક્ષણમાં પ્રગટ થાય છે. એમ તો ન જ બને કે ૨૪ કલાક મન ફાવે તેમ જીવે અને એક કલાકમાં એ પ્રસ્ફુરિત્ત થઈ જાય.

એટલે અડધો કલાક સુધી જો શરીરને સ્વસ્થ રાખી શકાય, સ્થિર રખાય, તો ઊઠવા-બેસવાની જે ક્રિયા થશે એમાં સૌંદર્ય અને સૌષ્ઠવ આવી જશે. એક પ્રકારનું નિઃશબ્દ મધુર સંગીત આવી જશે. બીજું, શ્વાસોચ્છ્વાસમાં લય આવશે અને લોહીની શુદ્ધિ આપોઆપ થશે. ત્રીજું, આપનો સંબંધ આકાશ અગર મૌન સાથે થશે. આકાશમાં શબ્દ સૂતેલો હોય છે. કયારેક તો શબ્દને સુવાડો, કયારેક તો વાણીને આરામ આપો. શરીરને આરામ મળે છે નિદ્રામાં, વાણીને આરામ આપો મૌનમાં. પોતાના જ શબ્દોનાં નાદોના આઘાત-પ્રત્યાઘાતમાં દિવસ-રાત વીતે છે. શબ્દને આકાશમાં સુવડાવી દો. નિઃશબ્દતામાં, આકાશમાં, મૌન નામના દ્રવ્યનું સેવન કરો. કેવળ વિચારમાં દ્રવ્ય નથી, કેવળ વિચાર જ દ્રવ્ય નથી. મૌન પણ એક દ્રવ્ય છે. તો શબ્દોને સેવીને જે ચિત્ત બને છે એ કયારેક નિઃશબ્દનું પણ સેવન કરે, જુઓ તો એનો કેવો સ્વાદ હોય છે એની સૌરભ કેવી છે ! આ સવાર-સાંજ જે બેસીએ છીએ એ આકાશ તત્ત્વના સેવન માટે બેસીએ છીએ. શરીરને ખુલ્લી હવામાં લઈ જવાથી બહારના આકાશનું સેવન થાય છે. અંદરના આકાશનો આહાર મૌનમાં મળે છે.

આપ જ જોઈ લો કે આત્માની ખૂબ જ નજીક કોઈ દ્રવ્ય હોય તો તે આકાશ છે અને એ આકાશ તત્ત્વમાં સ્થિર થવા માટે, વાણીને સુવડાવવી ખૂબ જરૂરી છે. વૈખરી, મધ્યમા, પશ્યન્તી જ નહીં. પરાવાણી પણ; વ્યકત વાણી જ નહીં, અવ્યકત વાણી પણ મૌનમાં લીન થશે. જ્યાં સુધી વાણી છે, ત્યાં સુધી શબ્દ છે, પછી ભલે એ પશ્યન્તીનો હોય કે પરાનો હોય અને જયાં સુધી શબ્દ છે, ત્યાં સુધી અવિદ્યા છે. આ ક્રમ છે. દરરોજ શબ્દોની વાણીને શાંતિ કરીને, આકાશનો સીધો સંપર્ક સાધીને, એ દ્રવ્યનો આહાર કરો. એ ભ્રમમાં ન રહેશો કે આંખો બંધ કરી બેઠા એટલે જોવાનું પૂરું થઈ ગયું અને મુખબંધ કરીને બેઠા, એટલે વાણી પૂરી થઈ ગઈ, એવું નથી. એનું પણ પ્રયોજન છે. દરરોજ એનું શિક્ષણ લેવું પડે છે. પહેલાં તો વાણી સૂવાનું પસંદ જ નથી કરતી.

વિચાર આવે છે, વિકાર આવે છે, વિચાર અને વિકાર એ વાણી ઉપર ઊઠતાં તરંગો છે. વિકાર પણ વાણીનું પ્રગટીકરણ છે. વિચાર પણ વાણીનું પ્રગટીકરણ છે. અનુભવ વિકારનો નાદ છે, એને કદી અંદર સાંભળ્યો છે ? વણબોલ્યા વિચારની વાણી કયારેય સાંભળી છે ? એનો શબ્દ સાંભળ્યો છે ? એ અંદર અરાજકતા ઉત્પન્ન કરી દે છે. બોલાયેલા શબ્દો, પ્રગટ થયેલા વિચારોના શબ્દો બહાર અરાજકતા અને અવ્યવસ્થા ફેલાવે છે. વિકાર, વિચાર, અનુભવ આપની અંદર અવ્યવસ્થા, અરાજકતા ઉત્પન્ન કરે છે. બન્ને અરાજકતાઓને જયારે શાંત કરશો ત્યારે જ ધ્યાનની અવસ્થાનાં દ્વાર ખૂલશે.

આ અંતરયાત્રા ઘણી આનંદદાયક છે. આ સ્વરૂપની શોધ ઘણી કાવ્યમય છે. સ્વરૂપની શોધમાં અનોખું લાવણ્ય છે આપ એમ ન સમજશો કે બહારના હિમાલય અને ગંગા જમુનામાં જ સૌંદર્ય છે. એમ ન સમજશો કે કાશ્મીરની ખીણોમાં જ સુંદરતા વિખરાયેલી પડી છે. અંતર-વિશ્વમાં પ્રભુએ જે સૌંદર્ય વેર્યું છે, એને પણ કયારેક જુઓ. આંખને જરા અંદર તો વાળી લો. કયારેક તો અનંતના યાત્રી બનો ! અનંતના યાત્રી બનવાની પ્રેરણા ત્યારે જ મળે છે જ્યારે મનુષ્ય એમ સમજી લે છે કે વિશ્વનું બધું રહસ્ય બુદ્ધિ દ્વારા નહીં ખૂલે. બુદ્ધિ, મન અને મગજ, જે કહો તે, એની શકિત ઘણી મર્યાદિત છે, એ સાધન છે, એ તો એક યંત્ર છે, બુદ્ધિ, મન અને એમાં જ સ્મૃતિ અને ધૃતિ આવી જાય છે. આ જે મોટું યંત્ર છે તેની મર્યાદા છે, એનું જે કલેવર છે એ મર્યાદિત છે. એનાં ઉપાદાન ગઈ કાલે આપને બતાવ્યા હતા કે આદિ માનવથી આજ સુધીના માનવમાં અનુભવ, સમસ્ત જ્ઞાન, સંસ્કાર આ ઉપાદાન છે. માટીનો જેમ ઘડો બને છે, એ જ રીતે આ બધાનું માનવમન બન્યું છે. એટલે આ જે યંત્રો છે, એક સાધન છે, અંતઃકરણ છે; બહિર્કરણ નથી, ઉપકરણ નથી, સાક્ષાત્ કરણ છે. કરણ એટલે સાધન. એની પણ મર્યાદા છે, શું મર્યાદા છે ?

જન્મ અને મૃત્યુ - આ બે બિંદુઓની વચ્ચે જીવન સીમિત છે, એટલું જ એ જોઈ શકે છે, એથી આગળ નહીં. હવે આમ અહીં બેઠા છો તો આપની આંખ શું જુએ છે ? આ બે દીવાલોની વચ્ચે જે આકાશ સીમિત છે એને જ આપની આંખો જોઈ શકે છે, દીવાલની પેલે પાર નહીં. એની જાણકારી થઈ શકે છે. ત્યાં શું મૂકયું છે, એનું અનુમાન થઈ શકે છે. જે જોઈને આવ્યા છો, એ બતાવો તો એ

આમ વચનો છે. એ માહિતી જ્ઞાનનો વિષય બની શકે છે. પણ જેનો આપને સાક્ષાત્કાર થાય છે, એ આ બે દીવાલોની વચ્ચે જે અવકાશ બંધાયેલ છે તેમાં જ સીમિત છે. આખરે મકાન બનાવવું એટલે અવકાશને મર્યાદિત કરવું એમ જ ને ! અવકાશને બાંધવું એનું નામ દેશ, મકાન, આશ્રય વગેરે છે. જે કાંઈ 'બનાવવાનું છે' એ દ્વારા મર્યાદિત કરવાનો જ ધંધો માનવ કરી શકે છે. પ્રભુની કૃપા હોય તો મર્યાદાથી પર જવાની ઘટના થઈ શકે છે. પણ માનવનો પુરુષાર્થ તો બધાને મર્યાદિત કરવાનો જ છે. દેશને મર્યાદિત કરો, સમયને મર્યાદિત કરો, સંબંધ બનાવો એટલે પોતાની ચેતનાને બાંધો, જકડો અને પછી ઠીક રહો.

આ એક સાધન છે, યંત્ર છે, એનાથી વિશ્વ-જીવનનાં બધાં રહસ્ય ખુલ્લાં થઈ જશે. આ અહંકાર, આ ઘમંડ દૂર થવાથી આગળ ગતિ થશે અને ઘમંડ, ગર્વ, દર્પ એ બધી અજ્ઞાનની યુક્તિઓ છે. જ્ઞાનીના ગર્વ કરતાં અજ્ઞાનીનો ગર્વ ભયંકર હોય છે. એટલે બુદ્ધિની પહેલી મર્યાદા સમજી લો કે જન્મ અને મૃત્યુ, આ બેની વચ્ચે જીવનને મર્યાદિત કરીને એ જુએ છે. મૃત્યુથી પર જોવાની શક્તિ આપની બુદ્ધિમાં નથી, કારણ કે આ ચામડાની આંખ છે. એ અમુક હદ સુધી જોઈ શકે છે. એથી દૂર જોવું હોય તો દૂરબીન હાથમાં લેવું પડે છે. એ જ પ્રમાણે બુદ્ધિ અમુક હદ સુધી જોઈ શકે છે. એથી વધુ જોવું હોય તો ધ્યાનની આંખ ખોલવી પડે છે, સમાધિની આંખ ખોલવી પડે છે. ત્રીજું નેત્ર ખોલવું પડે છે; ત્યારે મૃત્યુને પેલે પાર જે જીવન છે, એનો સાક્ષાત્કાર થાય છે. જીવનની શરૂઆત આપણા જન્મથી નથી થઈ. જન્મમાં જીવનની શરૂઆત નથી અને મૃત્યુમાં એનો અંત નથી. આ તો બે બિંદુઓ છે, જેની આગળપાછળ જીવનની ગતિ છે.

બુદ્ધિની બીજી મર્યાદા એ છે કે એ જીવનને કાર્યકારણ-ભાવમાં બાંધે છે. અને જે રીતે જન્મ અને મૃત્યુનાં બે બિંદુઓમાં જીવનને બાંધે છે તે જ પ્રમાણે કારણ અને કાર્ય સંબંધમાં જીવનને કાયમ માટે બાંધીને જુએ છે. કારણોના આપ વિભાજન કરો છો, તાત્કાલિક કારણો અને દૂરનાં કારણો. પછી એનું વિશ્લેષણ કરતા જઈએ છીએ, એમ કાર્ય-કારણ-સંબંધ રહે છે. હવે તમે મને એ બતાવો કે જીવનમાં કાર્ય-કારણ-સંબંધને આપ કેવી રીતે જોશો ? કેટલા કારણોને આપ જોઈ શકશો ? કયાં સુધી આપ જોઈ શકશો ? નિમિત્તને જોશો, ઉપાદાનને જોશો, કર્તાને જોશો, સંબંધોને જોશો, અને અંતમાં કયાં સુધી પહોંચશો

? એટલે કે કારણોની શોધમાં આપ જશો તો જેટલાં કારણો આપ શોધી શકો છો, એનાથી વધારે કારણો અજ્ઞાત રહી જાય છે. માટે, પ્રારબ્ધ એટલે અજ્ઞાત કારણોનો રાશિ, કારણોનો સમૂહ. જે રાશિ આપને જ્ઞાત ન થઈ શકયો એને આ પ્રારબ્ધ કહો છો, દૈવ કહો છો, નિયતિ કહી દો છો, નિસર્ગ કહો છો, ઈશ્વરનો સંકેત કહો છો. જે નામ આપશો તે, એમાં થોડો તરતમ ભાવ છે, પણ ગુણવત્તાનું અંતર ઓછું છે, માત્રાનો જ ફરક છે. જાતિ તો એક જ છે. જીવનમાં એક ઘટના ઘટે છે, એના કોઈ કારણો છે ? તમે તમારી સાથે સંબંધ ધરાવતા કારણો જોશો, તમારા કુટુંબના સંબંધમાં જોશો, આથી વધુ શું જોશો ? દેશના સંબંધમાં જોવા માટે પણ એટલી તરલતા જોઈએ, એટલી ચપળતા જોઈએ, એટલી ઉત્કટ સંવેદનશીલતા જોઈએ, પ્રખર અવધાન જોઈએ પણ તે સહેલું નથી. ત્યારે તમે, આ સંબંધોમાં છુપાયેલું કારણ જોશો. પણ કારણો અહીં પૂરા નથી થતાં. આપની જોવાની મર્યાદા એ કારણોની સત્તાને તો મર્યાદિત કરી શકતી નથી. એથીયે પર જીવન છે, વિશ્વ છે. આ વિશ્વની સાથે ચંદ્રનો, સૂર્યનો સંબંધ છે, ગ્રહોનો સંબંધ છે, પૃથ્વી અને જળતત્ત્વનો અંદરોઅંદર સંબંધ છે, અગ્નિ અને વાયુનો પરસ્પર સંબંધ છે. એને આપ જોઈ શકશો ? માનવ પોતાની જ અંદરના કારણો જોવાની સાવધાનતામાં કેટલો જડ છે, કેટલો મૂઢ છે. મન અંદર છે પણ એ ખંડિત થયેલું છે, છિન્ન-વિચ્છિન્ન છે. એક સાથે વિરોધી વિચારો, એકીસાથે વિરોધી ઈચ્છાઓ, એકીસાથે વિરોધી આકાંક્ષાઓ એમાં છે. આવો છિન્ન-વિચ્છિન્ન માનવ પોતાના જ શરીર અને મનમાંના કારણોને જોઈ નથી શકતો, તો પછી સમસ્ત વિશ્વમાં જે અનંત પ્રવાહો છે, એ પ્રવાહો સાથે આપનું કારણ કેવી રીતે સંબંધિત છે, એને કયાં જોશો, અને આ કારણનું કાર્ય કઈ રીતે જોશો ?

માણસને ઘણો ઘમંડ છે. હું જાણું છું, હું જોઉં છું. અરે ! તારું જોવાનું કેટલું ? તારાં જોવાનાં સાધનો કેટલા મર્યાદિત છે ? અને જોનાર એટલો અસંતુલિત છે, એ શું ખાક જોશે ? માટે આપ જેને કાર્ય-કારણ-ભાવ કહો છો, તર્કને માટે, તર્કશાસ્ત્ર માટે આ જે સિદ્ધાંતો બનાવ્યા છે, જીવન એની બહાર પણ છે અને એની બહારનું જીવન, આ મર્યાદિત બુદ્ધિની કક્ષામાં નહીં આવી શકે. આ તથ્યને ગ્રહણ કર્યા વગર જિજ્ઞાસાનો અગ્નિ સળગી ઊઠતો નથી, પ્રજ્વલિત થતો નથી. બુદ્ધિનો ઉપયોગ છે, મનનો ઉપયોગ છે. બહુ સુંદર સાધન છે. એને સ્વસ્થ,

નિરામય રાખીને જીવનમાં ઘણું કામ લેવાનું છે. એના વિના ચાલશે નહીં. શરીરની ઈંદ્રિયોને સ્વચ્છ, સુંદર રાખવાની છે. એના દ્વારા જ જીવન અભિવ્યક્ત થશે. કોઈ વાતનો નિષેધ નથી.

પણ એટલું વિચારવું જરૂરી છે કે આ કારણો સુધી જીવન સીમિત નથી. માનો કે આપનાં મકાનમાં આઠ ઓરડા છે, ચાર ઓરડા છે, કોઈ એક ઓરડામાંથી બીજામાં જવામાં, આપને તકલીફ નથી થતી. એ માટે તમે રડતા નથી કે આ ઓરડાને કેમ છોડું. આપને ખબર છે કે આપનાં મકાનમાં બે ઓરડા છે કે આઠ ઓરડા છે, તો આપ ઓરડામાંથી આવવા જવાનું કરશો જ. ઉપર નીચે તો આવો કે જાઓ છો. એ વખતે તો દુઃખ નથી થતું. એ જ પ્રમાણે ઈંદ્રિયોમાં, તનમાં, મનમાં આવવા જવાનું આપ કરશો તો સમજશે કે આ બુદ્ધિ અને મનમાં જ આખુંયે જીવન મર્યાદિત નથી, અને જીવનનો અર્થ સમજાવનારી આ જ એકમાત્ર શક્તિ નથી, બીજું પણ ઘણું બધું છે; તો કાર્ય-કારણ-ભાવ વિના અગર ક્રમ વિના બુદ્ધિ જોઈ શકતી નથી એટલે કે સમયનો, કાળનો આધાર લાવ્યા વિના બુદ્ધિ જોઈ શકતી નથી.

હવે ત્રીજી મર્યાદા બતાવી રહી છું. જન્મ-મૃત્યુની સીમામાં જીવનને બાંધી દેવું, કાર્ય-કારણ-ભાવમાં જીવનને બાંધી દેવું અને હવે કહી રહી છું કે સમયને, કાળને મર્યાદિત બનાવવો. આ મન બુદ્ધિ છે એણે કાળનો એટલો મોટો વિસ્તાર વધારી દીધો છે, સમયને માનવે હજારો વર્ષ પહેલા પોતાની સગવડ માટે બનાવ્યો. ભગવાન આદિત્યનાં દર્શન થયાં, સૂર્યનારાયણના દર્શન થયાં, તો દિવસ કહ્યો, એના દર્શન ન થયા તો રાત કહી. એની પાછળ પણ ઉદય અસ્ત આવ્યો. આ બધા રૂપક છે. જેનો ઉદય નથી, અસ્ત નથી, એનાં ઉદય-અસ્ત પર ગીતો બન્યાં, કવિતાઓ બની. જો અંધકાર થયો તો એને રાત્રિ કહી. દિવસ અને રાત્રિ તો માનવની રસિકતા અને કાવ્યપ્રકૃતિની અભિવ્યકિત છે. આ તથ્ય છે પણ જીવનનું સત્ય નથી. આ સમય નામની એક કાલ્પનિક રચના બુદ્ધિ ઊભી કરે છે પણ એ જોઈ નથી શકતી. સમગ્રતાને એકસાથે જોઈ શકતી નથી. સમગ્રતાને ખંડિત કરીને જોવાનો પુરુષાર્થ કરે છે. આ વ્યકિતગત જીવન છે, આ સામૂહિક જીવન છે, આ આર્થિક જીવન છે. આ પ્રકારે ખંડોમાં વિભાજિત કરે છે. ટૂકડાઓમાં કાપકૂપ કરીને રાખે છે અને પછી તત્ત્વજ્ઞાનના, સિદ્ધાંતોના, નિષ્કર્ષોના સોય

દોરા લઈને એને જોડતી રહે છે. જીવનનાં અખંડ વસ્ત્રને કાપકૂપ કરીને ચીંથરાને જોડવાનું કામ દાર્શનિકો કરે છે, શાસ્ત્રીઓ કરે છે. અખંડ કપડાંને કાપી કાપીને ગોદડી બનાવે છે.

જીવનની અખંડતામાં રહેનારને આ બધું જોઈને દુઃખ થતું હશે. મીરાંને ઝેરનો પ્યાલો નહોતો પીવો પડયો ? વ્યથા અને પીડાનો પ્યાલો નહોતો પીવો પડયો ? વ્યથા અને પીડાનો પ્યાલો દરેક જીવનારને પીવો પડે છે. એને પીને જીવવું પડે છે. અત્યંત વ્યથામાંથી કરુણાનું અમૃત નીકળે છે. કેવળ શિવજીને જ કંઠમાં હળાહળ ધારણ નથી કરવું પડતું. દરેક જોનારને, દરેક જીવનારને એમ કરવું પડે છે. આ પ્રારબ્ધ છે. અવધાનના પ્યાલામાં વ્યથા અને પીડાને ભરીને પીતા જવું અને જેમ ગાય દૂધ બનાવી લે છે, એમ વ્યથા અને પીડાનું કરુણામાં પરિવર્તન કરવાનું છે. જેણે પણ કોઈ જીવનારને કયાંક જોયો હશે તો એને કરુણાના રસમાં તરબોળ જ જોયો હશે.

માટે સમય નામનું સાધન બુદ્ધિ લાવે છે. દિવસ અને રાત્રિ. અને એની સાથે આજ, ગઈકાલ અને આવતીકાલ, આ બધી બુદ્ધિની રમત છે. આને માયા કહી. જે સાપેક્ષ છે, તેને નિરપેક્ષ બતાવવી એ માયા છે. એ અમર્યાદિત છે તેને મર્યાદિત માનવું એ માયા છે. માયા નામની કોઈ સ્ત્રી નથી કે જઈને પેલા ઓરડામાં જોઈ લઈએ. આપણે માયા ઉત્પન્ન કરતા જઈએ છીએ. જેમ કરોળિયો પોતાના જ શરીરમાંથી જાળું બનાવે છે અને પછી એમાં ફસાય છે, એનાથી આપણી અવસ્થા શું જુદી છે ? જુઓ તો, દિવસભરમાં કેટલી જાળ બનાવીએ છીએ. જીવન તો આજ પણ નથી અને કાલ પણ નથી. જીવન બસ છે એની સત્તા છે, એનું અસ્તિત્વ છે. જે સત્તાને, અસ્તિત્વને કોઈ વિશેષણથી પણ મર્યાદિત ન કરી શકાય. એની વ્યાખ્યા, એનું વર્ણન નથી થઈ શકતું. આમ, બુદ્ધિ સમય સિવાય જોઈ શકતી નથી. સમયને વચ્ચે લાવે છે અને કાર્ય-કારણ-ભાવને પણ વચ્ચે લાવે છે. જ્યાં કાળ આવ્યો તો દેશ પાછળ કયાંથી રહે ? એ એની સાથે જોડાયેલ છે. એક જ બુદ્ધિના છોતરામાં આ બન્નેનું અસ્તિત્વ છે અને જીવનમાં કાળ નામનું તત્ત્વ છે જ નહીં.

જુઓને ! આ ૫ મિનિટ, ૧૦ મિનિટ, એક કલાક, ૨-૪ કલાક આપો, અમે ગણતરી માટે બનાવ્યા. ૧,૨,૩,૪,૫,૬, આ બધા આંકડા પણ બનાવ્યા, અને પછી એનો સંબંધ પણ કાયમ કર્યો. એના આધાર પર આપણે ગણિતશાસ્ત્ર બનાવ્યું. આપે બિન્દુની કલ્પના કરી. જેની લંબાઈ નહીં, પહોળાઈ નહીં, એવાં બિન્દુની કલ્પના લઈને આખુંયે એન્જિનિયરિંગશાસ્ત્ર ઊભું છે. ટેક્નોલોજી એના પર જ ઊભી છે. એવાં બિન્દુની કલ્પના કર્યા બાદ ચતુષ્કોણ બનાવ્યા, અષ્ટકોણ બનાવ્યા, બધાં મકાનો પણ એને આધારે ઊભાં છે. આ જેમ એક બિન્દુના, મિથ્યા બિન્દુના આધારે સમય નામના બિન્દુ પર, આપણે આપણા જીવનમાં દિવસ, સપ્તાહ, વર્ષ અને સો વર્ષ બનાવી આખી માયાજાળ ઊભી કરી છે.

'માયા' નામનો અર્થ 'મિથ્યા' કેવી રીતે છે, એને આપણે સમજતા નથી. માટે શંકરને સમજી ન શકયા, જેમણે કહ્યું-જગત માયા છે ; આઈન્સ્ટાઈન સમજી ન શકયા, જેમણે સાપેક્ષતાનો સિદ્ધાંત બતાવ્યો. આમ, બુદ્ધિ જોઈ નથી શકતી, એટલે સમયને વચ્ચે લાવે છે. જીવનમાં એક નથી, બે નથી, અને અનેક પણ નથી. જીવનમાં આજ, કાલ અને પરમ દિવસ પણ નથી. જીવન બસ છે. વ્યવસ્થા માટે આપણે આજ, કાલ, પરમ દિવસ બનાવ્યા છે.

વધુ અત્યારે તો નહીં કહું. પરંતુ બુદ્ધિ વિશ્વના રહસ્યોનું ઉદ્‌ઘાટન આપને માટે કેમ નથી કરતી શકતી, બુદ્ધિનું એક મર્યાદિત ક્ષેત્ર છે, એમાં જ એનો ઉપયોગ કરવો જોઈએ. એની બહારના, જીવનના રહસ્યનો બોધ થવા માટે, બુદ્ધિને, એના શબ્દને, એની સ્મૃતિને સુવડાવવી આવશ્યક છે. આકાશમાં એને થોડીવાર સુવડાવી દો, આરામ કરવા દો. સમાધિમાં પ્રાણનો વિશ્રામ છે, ઊંઘમાં શરીરનો વિશ્રામ છે, અને મૌનાવસ્થામાં વાણીનો વિશ્રામ છે. શબ્દના સૂવાની સાથે જ એક રાસાયણિક અક્ષુબ્ધ અવસ્થા નિર્માણ થાય છે. શબ્દના શાંત થવાની સાથે, સંસ્કાર શાંત થઈ જશે. અને બધા જ વિચાર, વિકાર સૂઈ જશે. પછી શરીરની જે રાસાયણિક અવસ્થા છે, એ જોવાના કર્મને માટે અનુકૂળ બનશે. પછી એ અવસ્થા અવલોકશે-જોશે, આપ નથી જોતા.

એવી રાસાયણિક અવસ્થા આપણી અંદર છે. એને જાગ્રત કરવા માટે, અગર જે સહજાવસ્થા છે એના પ્રગટીકરણમાં જે અવરોધો અને પ્રત્યવાય છે

એને ખસેડવા, આ અભ્યાસ છે. સવાર-સાંજ જે અહીં કરીએ છીએ એ મૌન નથી, ધ્યાન નથી. અમે ધ્યાન કરવા બેસીએ છીએ. શિબિરમાં અમે મૌન કરવા બેસીએ છીએ. આવી જાતના ખોટા પ્રયોગ મહેરબાની કરી ન કરશો. મનુષ્યનું ગળું દાબી દેવું, ખૂન કહેવાય, વધ કહેવાય છે. અને તથ્યોનું ખૂન જે દિવસ-રાત કરતા રહીએ છીએ એ માટે આપને ખૂની નથી ? વાણીથી તથ્યને અપમાનિત નથી કરતા ? સત્યને ઉપેક્ષિત નથી રાખતા ? જયારે જીવનના સત્યને ઉપેક્ષિત રાખીએ છીએ, એનું અપમાન કરીએ છીએ, અતિશયોકિત વડે એને સજાવવા ચાહો છે, ત્યારે સત્ય કુરૂપ થઈ જાય છે. ગઈકાલે શું કહ્યું હતું ? સત્યને જેવા ને તેવા રૂપમાં વાણી સુધી લાવવામાં પુરુષાર્થ કરવો પડે છે, એને માટે નમ્રતા જોઈએ, નિર્દોષતા જોઈએ અને આ એના શિક્ષણનો ઉપક્રમ છે.

ભૂલોમાં જ આપણે મોટા થયાં. પાલન પોષણ ખોટી રીતે થયું. માટે પોતે જ પોતાનું શિક્ષણ લેવું પડે છે. મિત્રો સાથે મળીને જ્યારે આત્મશિક્ષણ કરીએ છીએ, ત્યારે એકબીજાની ઉપસ્થિતિમાં જ સહયોગ રહેલો છે, કરવું જ પડે છે. લોકોએ સહયોગને પણ કર્મ બનાવી દીધું છે. ઉપસ્થિતિમાં પ્રેમની ઉપલબ્ધિ થઈ જાય છે. અને એ જે પ્રેમનાં, સ્નેહનાં સ્પંદન છે, એ સ્પંદનોથી અંદરની વિદ્યુલ્લતા જાગી ઊઠે છે. એની મેળે જ કામ થઈ જાય છે, માટે સત્સંગ છે, માટે શિબિર છે. કોઈ એક વ્યકિત આવીને અંજલિમાં કંઈ રાખીને આપને આપવાની નથી. એ જ વ્યકિત આવા શિબિરમાં બોલી શકે છે જે મૌનમાં જ જીવે છે. એવાની જ વાણી થોડી-કંઈક મદદ કરી શકે છે, જેની વાણીનું ઉપાદાન જ મૌન છે. જ્યારે પણ આપણે મળીએ છીએ, સૂચન કરીએ છીએ કે ભાઈ ! ભલે સવાર-સાંજ અડધો જ કલાક હોય પણ આપણે નિ:સ્તબ્ધતાના સામ્રાજ્યમાં બેસી રહીએ એની પાછળ ઈશારો શું છે એ આજે સવારે બતાવ્યું છે.

(ચોરવાડના પ્રથમ શિબિરનું બીજું પ્રવચન તા. ૧૨-૨-૭૧)

૪

પ્રશ્નોત્તર-૨

પ્રશ્ન : પરિસ્થિતિ, પ્રારબ્ધ, કર્મ, કુદરત એ બાબતમાં આપ શું વિચારો છો ?

ઉત્તર : પરિસ્થિતિ શબ્દમાં બે ભાગ છે. પરિ-પરિતઃ-આસપાસની સ્થિતિ-જે કાંઈ સ્થિર છે, પોતાની આસપાસ જે કાંઈ સ્થિર છે, વાતાવરણ, વસ્તુઓ, વ્યક્તિઓ, વિચાર અને વિકાર જે કાંઈ સ્થિર છે, એ સ્થિર વસ્તુઓના સમુદાયને પરિસ્થિતિ કહીશું. પરિતઃ સ્થિતિ આ શબ્દ પર ખાસ ધ્યાન આપવું પડે છે. આસપાસ કોની આસપાસ ? સ્વરૂપની આસપાસને બદલે અહમ્‌ની આસપાસ એવો અર્થ લઈએ. આસમન્તમાં એવો કદાચ અર્થ કરીએ તો અનર્થ થશે. પહેલા શબ્દાર્થ જોઈ લઈએ, પછી આગળ ચાલીશું.

બીજો શબ્દ પ્રારબ્ધ છે. પ્રાગ્ + આરબ્ધમ્ ઇતિ પ્રારબ્ધમ્ જેની શરૂઆત પહેલા જ થઈ ચૂકી છે, જેની ગતિ પહેલાં જ શરૂ થઈ ગઈ છે, એટલું જ નહીં, સંચલન પણ થઈ ચુકયું છે. આપ જાણતા હશો કે ગતિનો પ્રારંભ એટલે ગતિની શરૂઆત થવી એટલે ગતિનું સ્વરૂપ, એની તીવ્રતા, મધ્યમતા, મંદતા, એની દિશા, આ બધાં પૂર્વનિર્ધારિત છે. માટે, જે પહેલાથી જ શરૂ થઈ ચૂકયું છે, જેની ગતિ પહેલેથી જ નિર્ધારિત છે, જેની દિશા પહેલેથી જ નિશ્ચિત છે, એને પ્રારબ્ધ કહીશું.

ત્રીજો શબ્દ હતો કર્મ. કૃ ધાતુથી કર્મ શબ્દ બન્યો છે. કરવું-જે કરવામાં આવ્યું છે. આ કર્મ-સિદ્ધાંતનું ખાસ કરીને હિન્દુ ધર્મ અને વૈદિક દર્શનમાં ઘણું મહત્ત્વ રહ્યું છે. એને પ્રધાનતા આપવામાં આવી છે. એમ જ કર્મ-વિચાર જૈનોના આગમમાં પણ કરવામાં આવ્યો છે. સવારમાં જે કાર્ય-કારણ-ભાવનો નિયમ કહ્યો હતો, કારણ-કાર્ય-સંબંધની વાત જે આજે સવારે થઈ એને જ બીજા શબ્દોમાં કર્મ-સિદ્ધાંત કહીશું અને જે કરવામાં આવે છે, જે કરવામાં આવ્યું છે,

પછી બુદ્ધિ પોતે જ શાંત થઈ જશે અને પછી બુદ્ધિની શાંતિમાં જે બુદ્ધિથી પર છે એના બારણાં ખૂલશે. ત્યાં પછી આપને જવું નહીં પડે. કોઈ હાથ પકડીને લઈ જશે. જ્યાં સુધી બુદ્ધિ જઈ શકે છે, ત્યાં સુધી લઈ જવી પડે છે માટે પીંજવાનું કરી રહ્યા છીએ. ગભરાશો નહીં, અપેક્ષા, આકાંક્ષા, વાસના, મહત્ત્વાકાંક્ષા, ઈચ્છા એ બધાં આપની અંદર રહેલા છે, અને આપણે એટલા ચતુર છીએ કે બીજા પાસે કરાવી લઈએ છીએ-પતિ પાસે, પત્ની પાસે, બાળકો પાસે, મિત્રો, અનુયાયીઓ પાસે, શિષ્યો પાસે, ભક્તો પાસે,

ચોથો શબ્દ હતો નિસર્ગ. એટલે પ્રકૃતિ કોને કહીએ છીએ ? જેમ બહાર આપને પ્રકૃતિ દેખાય છે, પાંચ મહાભૂતોની બનેલી સૃષ્ટિ બહાર છે, પાણી છે, જમીન છે, આકાશ છે, પવન છે, અગ્નિ છે; એમ જ અંદર છે. આ પાંચ મહાભૂતોની વ્યવસ્થા જેમ બહાર છે, એવી અંદર છે, એ વ્યવસ્થામાં જ્યારે અને જ્યાં વિષમતા થાય છે, એ વિષમતાને કારણે કાંઈક ઘટિત થતું રહે છે. માટે નિસર્ગ શબ્દનો અર્થ પણ વ્યકત, અવ્યકત, અંદર, બહાર લેવો પડશે. બહાર-અંદર શબ્દો પણ માનવની ભાષામાં છે. આમ તો બહાર અને અંદર જેવું કાંઈ નથી. ચામડીની અંદર આપ જોઈ શકતા નથી. હાડ અને માંસની અંદર આપની નજર પહોંચતી નથી. માટે એને અંદર કહ્યું અને જે દેખાય છે એને બહાર કહી દીધું. છે. આ બહાર-અંદરનું વિભાજન આપણી દૃષ્ટિમર્યાદાનું પરિણામ છે. આવાં જોનારા નીકળ્યા, જેને માટે અંદર-બહારનો ફરક નથી, કોઈ દેશકાળનું અંતર નથી, પોતાનાં-પારકાનું વિભાજન નથી.

એક જ જમીનમાં રોપેલું અને ફળેલું અનાજ ખાઈને જ તો આપની અને અમારી માટી બની છે, એક જ ધરતીનાં સંતાનો છીએ ને ! એક જ આકાશના સંતાનો છીએ ને ! એક જ અગ્નિનાં કિરણો આપની અને અમારી અંદર છે ને ! - જે પેટનાં અન્નનું પાચન કરે છે. એક જ નદીનું પાણી પી પીને અંદર આર્દ્રતા બનાવી છે, બાકી તો આખાયે વિશ્વ સાથેનો સંબંધ આપણો એવો છે જેવો કે હાથનો સંબંધ શરીર સાથે છે. આ અભિન્નતાની, એકતાની, અદ્વૈતની, કવિતાની વાતો નથી, નક્કર સત્ય છે. હું તથ્ય પણ નથી કહેતી, સત્ય કહી રહી છું. એકતાને જોવાની દૃષ્ટિ છે. જેમ તાનપૂરાના તુંબડા પર તાર સુરમાં બાંધ્યા હોય છે, એમ જ આખા વિશ્વમાં પાંચ મહાભૂતોના આધાર પર વિશ્વચેતનાનું સંગીત નિનાદિત

થતું રહે છે. આપ અને અમે બધા સ્વરો છીએ. માટે નિસર્ગનો મતલબ છે, બહાર-અંદર જે હોય તે સર્વસ્વ-સમગ્રતા.

હવે જોઈએ કે મનુષ્ય જીવનમાં પરિસ્થિતિ, પ્રારબ્ધ, કર્મ અને કુદરતનો શું સંબંધ છે ? પહેલી વાત કહી દઉં કે પરિસ્થિતિ માણસ નિર્માણ કરે છે, માનવના આસમન્તમાં આસપાસ જે કાંઈ પણ છે, માણસ એને નિર્માણ કરે છે. એક જ જીવનના કોઈ પણ તથ્યમાંથી વ્યકિત જુદી જુદી પરિસ્થિતિ નિર્માણ કરી લે છે. તથ્ય એ જ છે, પણ એમાંથી વાતાવરણ જુદું બનાવી લે છે. આવરણનું વર્તુળ જુદું બનાવી લે છે. પરંતુ તે પહેલાં એક વાત કહી દઉં કે જન્મ કયાં લેવો છે, એ પણ તમે નક્કી કરો છો. આપ જન્મને જોતા નથી, માટે આપને ખબર નથી. માતા-પિતા અને કુળને નિર્ધારિત પણ કરી શકાય છે, અને કરવામાં આવે છે. જ્યારે સ્ત્રી-પુરુષનો સંબંધ થાય છે, તો એ જ ક્ષણમાં સ્ત્રીની અને પુરુષની ચિત્ત અને વ્યકિતત્વની જે અવસ્થા હશે, એને અનુકૂળ જે સ્પન્દન વિશ્વચેતનામાં હશે, એને એ પકડી લે છે. ઉત્પન્ન થનાર બાળક કેવું થશે એ તો ગર્ભાધાનની ક્ષણમાં જ નિશ્ચિત થઈ જાય છે. શિક્ષણ ત્યાંથી શરૂ થાય છે. પ્રારબ્ધ, પરિસ્થિતિ ત્યાંથી શરૂ થાય છે. પણ આ વિષયમાં હું જઈશ નહીં. જઈશ તો હું તો કહીશ જોયેલી વાત; અને આપ એને જોડશો અગર તોડશો ગ્રંથોની સાથે, અનુમાનની સાથે, તર્કની સાથે. માટે જન્મનું સ્થાન, માતા-પિતા અને કુળની નિશ્ચિતતા પણ કેવી રીતે કરી શકાય છે, એ વાત છોડી દઉં છું. આ વિષયને છોડી દઈએ, ઈશારો કરી દીધો છે.

હવે આત્માની આસપાસની પરિસ્થિતિ, એટલે વિચાર-સંસ્કાર, જ્ઞાન આ એક આસમન્ત છે. આવરણો તો ઘણાં પડયા છે. શરીરનું આવરણ તો બહારનું આવરણ છે. પંચમહાભૂતોનું બનેલું શરીરનું આવરણ એ બધાથી છેલ્લું અને બહારનું આવરણ છે. એની અંદર વિચારોનું, વિકારોનું, સંસ્કારોનું બનેલું આવરણ છે. વસ્ત્ર છે. એની અંદર ભાવનું આવરણ છે, વસ્ત્ર છે, ભાવ નામનું એક દ્રવ્ય છે. પછી મૌનનું આવરણ છે, જેમાં પ્રવેશ કરવાથી આપ નિર્વાણ-મુકિત, કૈવલ્યમાં પ્રવેશ કરો છો, જેને આપ નિર્ગ્રન્થ અવસ્થા કહો છો. તો મૌનનું, આકાશનું પણ એક આવરણ છે. આ બધી પરિસ્થિતિ છે અને પછી પરિસ્થિતિ શરીરની બહાર પણ છે. શરીરની બહાર જે સંબંધ છે, ઘરબાર છે,

એનું પરિણામ ભોગવ્યા વિના છૂટકો નથી. હવે કર્મ એટલે હાથ ચલાવીને, પગ ચલાવીને કરો છો, એટલો જ કર્મનો સંકુચિત અર્થ નથી. કર્મ એ વ્યક્ત થઈ શકે છે, કર્મ અવ્યક્ત થઈ શકે છે, કર્મ દશ્ય છે, કર્મ અદશ્ય છે, માટે આપના હાડમાંસની બહાર શારીરિક ક્રિયાઓ દ્વારા જે ઘટિત થાય છે, એટલાને જ કર્મ ન સમજશો; વાણીથી જે શબ્દનો ઉચ્ચાર થાય છે એટલાને જ કર્મ ન સમજશો. અનુચ્ચારિત શબ્દ પણ કર્મ છે. આજે સવારે કહ્યું હતું ને કે બોલ્યા વિનાના શબ્દોનું પરિણામ આવે છે, વણબોલ્યા શબ્દોની પણ દુનિયા છે, અને આમ, ફકત વાણીથી ઉચ્ચારિત કે અનુચ્ચારિત જ નહીં, પણ ચિત્તમાં જે ગતિમાન થયું તે પણ કર્મ છે.

ચિત્તમાં જે તરંગ ઊઠયો, જે સ્પંદન ઊઠયું એ પણ કર્મ છે, જેનું આપને ભાન છે. સભાનતામાં કરેલું અને જાગૃતિપૂર્વક કરેલું, એટલું જ કર્મ નથી, નિદ્રામાં, સ્વપ્નાવસ્થામાં જે ઘટિત થાય છે, એ પણ કર્મ છે. આપ જોઈ લેજો કર્મનો વ્યાપાર, અને સંસાર કેટલો મોટો છે, એની માયા કેટલી ફેલાયેલી છે, અને એમાં જે જે ઘટિત થશે એનું પરિણામ ભોગવ્યા વિના છુટ્ટી નહીં મળે. જાણીને કરો, અજાણતા કરો, સ્વૈચ્છાએ કરો, પારકાની ઈચ્છાથી કરો, ઈચ્છા ન હોય તે કરો, વ્યક્ત અને અવ્યક્ત સૃષ્ટિમાં જે પણ આપની સમગ્રતામાં ઘટિત થશે એ કર્મ છે. અને એનાં પરિણામ સૂક્ષ્મ અને સ્થૂળ બન્ને જગતમાં થતા રહે છે.

આપે પોતે કર્મ ન કર્યું, કોઈને નજરના ઈશારાથી કર્મ કરવા માટે પ્રેરણા કરી દીધી. એ કર્મ એટલું જ આપનું છે જેટલું એનું છે. દષ્ટિના ઈશારાથી, હાથના ઈશારાથી અને અપેક્ષાના ઈશારાને કારણે જે ઘટિત થયું, એમાં પણ આપનો ભાગ છે. આકાંક્ષા આપની છે, માધ્યમ બીજા છે, બીજી વ્યકિતઓને સાધન બનાવી એની પાસે કરાવવું, આવું પણ ચાલે છે. આપની અપેક્ષાથી સંચાલન થયેલું જે પણ કર્મ બીજાઓ દ્વારા થશે, એનાં પરિણામ ભોગવવામાં આપ પણ ભાગીદાર થશો.

આ ગભરાવવાને માટે કહી રહી નથી. ડરશો નહીં, જ્યારે વિષય સમજવો છે તો ખૂબ બારીકાઈથી સમજી લેજો, બરાબર રીતે એને પીંજી પીંજીને જોઈ લેજો. જોવા માટે પીંજણ કરવું જોઈએ. સૂક્ષ્મથી સૂક્ષ્મતમ જ્યાં સુધી બુદ્ધિ જઈ શકે છે, ત્યાં સુધી એને લઈ જાઓ. જ્યારે બુદ્ધિ કહે છે કે હવે નથી જોઈ શકતી, ત્યારે

કુટુંબ છે, ધંધો છે, માટે વૃત્તિ ધારણ કરી, એટલે નોકરી ધંધો, વેપાર જે કાંઈ છે, મિત્રો વગેરે પરિવાર છે, જીવનની પદ્ધતિ છે, જીવનનાં મૂલ્યો છે, માપવાના માપદંડ છે, આ બધાં પરિસ્થિતિમાં આવે છે. પછી આવે છે આપની આસપાસના લોકોની જીવન પદ્ધતિઓ, એમનાં જીવન મૂલ્યો અને આપના અને એમનાં સંબંધનું માળખું, એમનાં અને આપના સંબંધોની જે પદ્ધતિ છે, એનું જે સ્વરૂપ છે, જોયું ? પરિસ્થિતિ શબ્દને સમગ્રતામાં જોઈ લ્યો.

એક-એક શબ્દ સાથે પરિચય પામવો છે. બહુ જ કોમળતાથી અગર શબ્દને કહેશો કે તારા અંદરને ખોલ તો એ ઘૂંઘટનો પડદો ખોલી દેશે. પછી જે આનંદ આવે છે, એક-એક શબ્દના પરિચયમાં તો બ્રહ્માંડનો પરિચય થઈ જાય. 'એકઃ શબ્દઃ સમ્યગ્‌જ્ઞાનઃ' 'નહીં', 'સમ્યગ્‌ અનુભૂતઃ' અને 'સમ્યગ્‌ ધૃતઃ'ધારણ કરેલુ-તથ્ય-મૂળથી નહીં. સત્ય મૂળથી, માધુર્ય મૂળથી, જીવન મૂળથી - એક : શબ્દઃ સમ્યક્‌ અનુભૂતઃ એક જ શબ્દનો સમ્યક્‌ પરિચય થાય, સૌથી પ્રથમ તો સમ્યક્‌ ઉચ્ચારણ થાય. પછી અર્થની અનુભૂતિ થાય, પછી એને ધારણ કરીએ તો શબ્દોમાંથી કેવો સંતોષ મળે ? આપણે તો ખાઈએ પણ છીએ અને ભૂખ્યા પણ રહીએ છીએ. તો પરિસ્થિતિ નિર્માણ કરવામાં સો ટકા માણસની, વ્યક્તિની જવાબદારી છે એમ હું જોઉં છું. પણ તમને તો હું ૫૦% ટકા સુધી લઈ જાઉં, ૧૦૦% સુધી નહીં. પરિસ્થિતિનું જે સ્વરૂપ છે, એની ૫૦% જવાબદારી પોતાના ઉપર છે. આપ તો એકદમ આત્મદયામાં જતા રહો છો. શું કરીએ, અમારી પરિસ્થિતિ અનુકૂળ નથી.

જે કરવું નથી ને, એને માટે પરિસ્થિતિના નામ પર સમર્થન મળી જાય છે. એ તો બિચારી એવી ખૂંટી છે, જે કાંઈપણ બોલતી જ નથી. ગમે તે લટકાવી દોને, તે મૂક છે. આપણે કહીએ છીએ કે પરિસ્થિતિ અનુકૂળ નથી, સમય અનુકૂળ નથી, પરિસ્થિતિ નિર્માણ આપણે કરીએ છીએ. માણસે આ જોઈ લેવું જોઈએ. અધ્યાત્મમાં પહેલી વૃત્તિ, પ્રથમ દૃષ્ટિકોણ એ હોવો જોઈએ કે મારા જીવનની જવાબદારી મારી છે, હું જવાબદાર છું. જવાબદારી ઉઠાવવાની તૈયારી ન હોય અને હિંમત ન હોય તો અધ્યાત્મની શોધ થઈ ન શકે. પહાડ પર ચઢનારને ખબર પડે છે કે ચઢતી વખતે સામાન કેવી રીતે ખેંચવો પડે છે. માટે પહાડોની ગૌમુખ ગૌરી-શંકરની ચઢાઈથી જીવન જીવવું એ કાંઈ ઓછા ચઢાણનું કામ નથી. એ

પણ ચઢાઈ છે, આરોહણ છે. માટે પ્રથમ તો જવાબદારી ઉઠાવો, જિજ્ઞાસાની અખંડ જવાબદારી ઉઠાવો.

મારી આસપાસની પરિસ્થિતિ હું નિર્માણ કરું છું. મારા પતિનો, પત્નીનો, પુત્રનો, મિત્રનો, દીકરીનો સ્વભાવ-એને માટે જવાબદાર હું નથી, પણ એ સ્વભાવની સામે મારામાં જે પ્રતિક્રિયા ઊઠે છે, અને એમાં જે વ્યવહાર થાય છે, એ જવાબદારી મારી છે. બીજાનાં વ્યવહારની પ્રતિક્રિયા જે હું કરું છું એની જવાબદારી તો મારી છે. અને આખરે તો વ્યવહાર એટલે બીજાઓ તરફથી જે આઘાત આવે છે એનાં પ્રત્યાઘાતમાં આપ શું કરો છો એ જ સવાલ છે ને ! આપણે તો જીવનનાં બધા દોર બીજાના હાથમાં સોંપી દઈએ છીએ. નોકરોના હાથમાં દોર છે. એ ન આવ્યો તો ક્રોધ આવે છે. દોર એના હાથમાં છે. એના આવવાથી પ્રસન્નતા થાય છે, ન આવે તો અંદર ફરિયાદ છે, ઘર્ષણ છે. નોકર ન આવ્યો, દૂધવાળો અડધો કલાક મોડો કેમ આવ્યો ? દૂધ લાવવામાં અડધો કલાક મોડું થયું. આપણો મિજાજ એના હાથમાં છે. કારણ કે આમાં મોડું થયું. માટે અડધા કલાકમાં આપણી જે દુર્ગતિ છે, જે નરક આપણે અનુભવીએ છીએ, એ વખતની બેચેની, ધૂંધવાટ, તડફડાટ, અને શું કરીએ ? દૂધવાળો તો સામે છે નહીં. ક્રોધ કોના ઉપર કાઢશો ? જે કોઈ સામે હશે એના પર; કોઈ વ્યકિત સામે ન હોય તો વસ્તુઓ ઉપર, વસ્ત્રો ઉપર, લોટા ઉપર; માટે એ જે અડધા કલાકની નરકાવસ્થા છે, એ માટે કોની જવાબદારી છે ? દૂધવાળાની નથી, જવાબદારી મારી છે.

આપણે કહીએ છીએ, પરિસ્થિતિ છે. આજકાલ એવી પરિસ્થિતિ છે કે નોકરો સવારથી નથી આવતા. દૂધવાળા આમ નથી કરતા છોકરાઓ કોઈનું સાંભળતા નથી. બધું બીજાના ઉપર છોડીને આપણે તો બેઠા છીએ, મુકતાવસ્થામાં બેઠા છીએ. આપણી કોઈ જવાબદારી નથી. આવી વ્યકિતથી સ્વરૂપની શોધ થઈ શકે જ નહીં. એ સાધક ન થઈ શકે. સાધના જીવનની એક દષ્ટિ છે, સાધના એક અવસ્થા છે, એ કર્મ નથી. અને આપણે નોકરોથી માંડીને દૂધવાળા સુધી, શાકભાજીવાળા સુધીના માણસોને પરિસ્થિતિમાં નાંખીએ છીએ અને મંદિરમાં બેસીને, ખૂણામાં બેસીને, મંત્ર જપીને, આંખો બંધ કરીને, આંખ ખુલ્લી રાખીને, સત્સંગમાં જઈને પ્રવચન એક કલાક સાંભળીએ છીએ એ આપણી

સાધનાની જવાબદારી, બાકી તો ૨૩ કલાક પરિસ્થિતિ છે. આ ખોટું વિભાજન છે. કૃપા કરીને આને જોઈ લેજો.

૨૪ કલાકમાં જે કર્મ ચાલ્યા કરે છે, શરીરથી, વાણીથી, મનથી, વ્યકત, અવ્યકત, ઉચ્ચારેલું, વણઉચ્ચારાયેલું, સંચાલન કરેલું, સંચાલન ન કરેલું- આ બધામાં જો સાધનાની દષ્ટિ આવી જાય તો ગતિ અનંત છે. ગતિને શું થાય છે ? ગતિ તો અહીં છે, અત્યારે જ છે. ના, આપણી ગતિ નથી થતી, આપણું કામ નથી ચાલતું, વિકાસ નથી થતો, વર્ષો લાગી જાય છે, જન્મ-જન્માંતર, ભવ-ભવાંતર; ભાઈ ! જેટલો સમય લગાડવા તમે ઈચ્છશો, તેટલો સમય લાગશે; આ મુખ્ય બાબત છે. જ્યારે માનવ આ રીતે જવાબદારી ઉઠાવી લે છે, જાગ્રત-સ્વપ્ન-સુષુપ્તિ સુધી, ત્યારે આપ જોજો, પરિસ્થિતિનું ક્ષેત્ર નાનું થતું જાય છે. પછી રહે છે કેવળ આપની જવાબદારી, રહી જાય છે કેવળ આપની દષ્ટિ, રહે છે કેવળ આપની વૃત્તિ. સ્વાધીન વ્યકિત તરીકે દષ્ટિનો, વૃત્તિનો વિનિયોગ પછી થાય છે.

અમે તો અમદાવાદમાં રહીએ છીએ, મુંબઈમાં રહીએ છીએ, ત્યાંનું જીવન એવું છે. કોણે કહ્યું હતું ? ખુદાએ લખીને મોકલ્યા હતા કે અમદાવાદમાં રહો, મુંબઈમાં રહો ? જીવનના મૂલ્ય આપે બનાવ્યાં, માપ આપે બનાવ્યાં, ધંધાની, વ્યવસાયની, નોકરીની જાણકારી પૂરેપૂરી થયા પછી અને એ જાણતા છતાં આપે એનો સ્વીકાર કર્યો. એ જવાબદારી આપની નથી ? જ્યાં ક્ષિતિજોનું દર્શન થતું નથી, જ્યાં મકાનો માનવને રહેવાનાં નહીં પણ કબૂતરોને રહેવાના છે, ત્યાં જઈને આપણે આપણી જિંદગી વિતાવીએ છીએ. એમાં આપણી જવાબદારી નથી ? આ તો પરવશતા છે. આ જે અપરિપકવતા છે, આ જે બાલિશ દષ્ટિકોણ છે, એને પહેલાં સાધકે છોડી દેવો જોઇએ.

પહેલી વાત તો એ છે કે પરિસ્થિતિ જેવી કોઈ ચીજ નથી, હો. પરિસ્થિતિ શું છે ? જે મેં કહ્યું - ૫૦ ટકા છે. મા-બાપથી મળેલું શરીર છે. મારી વાત છોડી દો કે અમે જન્મ પણ નકકી કરી શકીએ છીએ. અમે ૫૦ ટકા સુધી માની લઈશું. શરીર મળ્યું છે. એમાં વારસામાં મળેલી રોગિષ્ઠતા છે, કમજોરી છે, એમાં જે કેટલોક માતા પિતાનો વારસો છે, પિતાનો ક્રોધી સ્વભાવ, માતાનો ઈર્ષ્યાળુ સ્વભાવ, આ પણ આપણે વારસામાં લીધો છે. માટે શારીરિક, માનસિક જે વારસો છે, ત્યાં સુધીની પરિસ્થિતિને આજે હું આ ઘડીએ માની લઉ છું. એ

તથ્ય છે, સત્ય નથી, પણ છે તથ્ય. અહીં સુધીની જ આપણે વાત કરીએ. માટે જો સાધકની દૃષ્ટિ અને સાધનાની વૃત્તિ જાગ્રતાવસ્થામાં, સ્વપ્ન સુષુપ્તિમાં કાયમ રહે, તો આપ જેને પરિસ્થિતિ કહો છો, એનું ક્ષેત્ર સાંકડું થતું જાય છે, અને જવાબદારીનું ક્ષેત્ર વ્યાપક થતું જાય છે. જવાબદારી ઉઠાવો, તો આપ સ્વાધીન થઈ આપની પરવશતા ગઈ, પરાધીનતા ગઈ, આત્મદયાનો, શહીદ થઈ જવાની ગ્રંથિનો ભાર ગયો.

જવાબદારીની મશાલ હાથમાં લઈને જે કાંઈ મારા જીવનમાં થાય છે, થતું રહેશે એની જવાબદારી મારી છે. ત્યારે તમે જુઓ કે આપના જે બધા સંબંધો છે, અને બધા વ્યવહાર છે, એની કાયાપલટ કેવી રીતે થઈ જાય છે, જોતા રહો. એની કાયા બદલાય નહીં તો અંદર એ અવસ્થા નથી. એ તો કલ્પનાનો વિહાર છે. એવું કોઈ પરિવર્તન નથી જે પરિવર્તિત થાય અને વ્યવહારમાં જો એનું પ્રતિબિંબ ન પડયું તો વ્યવહારમાં પ્રતિબિંબિત ન થાય. એ વાણીનો વિલાસ છે. એ કલ્પનાનો શૃંગાર છે, એ સત્ય નથી. એ પ્રતિબિંબિત થાય છે, જેમ કે, આપનાં વિજ્ઞાનનાં પ્રયોગોમાં કાચના ફાનસની અંદર આપ જ્યોતિ રાખો છો, તો જે રંગનો કાચ હશે એ રંગનો પ્રકાશ બહાર હોય છે ને, એ જ પ્રમાણે આપના હાડ-માંસ પારદર્શક બની જાય છે. વાણી આપની પારદર્શક બની જાય છે અને આંતરદશા એમાં પ્રતિબિંબિત થાય છે. અંદર શાંતિ છે અને બહાર ક્રોધ છે, એમ બની શકે નહીં; અંદર આત્મજિજ્ઞાસા છે અને બહાર ક્રોધ અને ઈર્ષા છે, એમ થાય જ નહીં.

પણ માણસ જવાબદારી ઉઠાવતા ગભરાય છે, કારણ કે સ્વાધીનતાથી ડરે છે. સ્વતંત્રતા, સ્વાધીનતા કોઈને પણ જોઈતી નથી. સૌને જોઈએ છે નાનાં નાનાં માળાઓ, જેમાં એમને કોઈ સંભાળે, કોઈ એમની દેખભાળ કરે. શારીરિક સંરક્ષણ નહીં, પણ માનસિક, બૌદ્ધિક સંરક્ષણ આપે. દિશાદર્શન, માર્ગદર્શન જ નહીં, હાથ પકડીને ચલાવે, અગર તો ખભા પર લઈને ચાલે. જવાબદારી લેવી નથી, એ જ તો માણસનું દુર્ભાગ્ય છે. માટે આપ જેને 'ગુરૂવાદ' કહો છો એ ચાલે છે, માટે સંપ્રદાય બને છે; માટે લોકોને બહેકાવી શકાય છે, ફોસલાવી શકાય છે, કારણ કે શિકાર કરનારા ઘણા બેઠા છે. સંસારમાં આધ્યાત્મિક આતંક ઘણાં છે. પોતપોતાની અતીન્દ્રિય શક્તિઓને, સિદ્ધિઓને, વિદ્વત્તાને, પંડિત્યને લઈને આપનો શિકાર કરવા જ્યાં ત્યાં શિકારીઓ બેઠા છે. એ માનવ-વનમાં શિકાર

કરી રહ્યા છે. હું ઈચ્છું છું કે મારાં સ્વજનો, મારા મિત્રો સાવધાન રહે, કોઈના શિકાર ન બને.

જવાબદારી આપે ઉઠાવી લીધી તો જવાબદારીની મશાલ જ આપની આસપાસ એટલો પ્રકાશ વેરશે કે કોઇ આપને ભક્ષ નહીં બનાવી શકે, આપનો શિકાર નહીં કરી શકે. અને જ્યાં આપે કહ્યું કે સંરક્ષણ જોઈએ, નિયંત્રણ જોઈએ, સંચાલન ઈચ્છશો, આધાર ચાહશો, અગર કોઈના ઉપર આપનો આખોયે ભાર નાંખવા ચાહશો, ત્યાં શિકારી ઘણા મળશે. આપ શરણાગતિનો અર્થ એવો સમજ્યા છો. પોતાનો બોજ બીજા પર નાંખી દઈએ તો શરણાગતિ થઈ જાય છે. અરે ! સમર્પણ તો પ્રેમનો પરિમલ છે રે ! અહંકારની ચેષ્ટા નથી. જવાબદારીનો નંદાદીપ હાથમાં ઉઠાવી લીધા પછી અને એ મશાલ જલાવ્યા પછી, જેને પ્રારબ્ધ કહો છો, એનો ડંખ મંદ પડી જાય છે. પ્રાગ્વત્તા આરબ્ધમ્ - જે પહેલેથી શરૂ થયું છે, જેની ગતિ અગાઉથી નિર્ધારિત છે, જેની દિશા પહેલેથી નિશ્ચિત છે, એવું જે કાંઈ જીવનમાં દેખાય છે, એ આપને ડંખ નહીં મારી શકે.

આપની ચેતનાના જે સ્તરો છે, એમાં સૌથી ઉપર ચેતન મન છે. બચપણથી આપ જે શીખ્યા, ઘરમાં શીખ્યા, વિદ્યાલયમાં આપ ભણ્યા, નવલકથાઓમાં, નાટક-સિનેમામાં જોયું, વાંચ્યુ, સાંભળ્યું, વિચાર્યું-સમજ્યા. એ બધું ચેતનાનાં ઉપરનાં સ્તરમાં છે. એની નીચે એક સ્તર છે જેને આપ અચેતન કહેશો. આપના માતા-પિતા તરફથી મળેલી જે ચીજો છે- શારીરિક, માનસિક જે એમની અનુભૂતિઓ છે, એમની અતૃપ્ત વાસનાઓ છે, એમની અતૃપ્ત આકાંક્ષાઓ છે, અગર આપનાં જ્ઞાતિનાં સંસ્કાર, ધર્મના સંસ્કાર, આ બધાં ચેતનની નીચે, અચેતનમાં પડયાં છે. આ છે પ્રારબ્ધ. એ પહેલેથી શરૂ થઈ ચૂકયું છે. એમાં આપનું કરવાપણું વિશેષ નથી. અને આ અચેતનની નીચે અવચેતન છે. એક એવું ચેતનનું સ્તર છે જે કેવળ ચેતનની નીચે નહીં પણ જે ચેતન મન છે, એ જેનો અર્થ પણ કરી શકતું નથી, જેનો અનુભવ પણ કરી શકતું નથી, એવું અવચેતન પડયું છે, એમાં જ અખિલ માનવ-જાતિના સંસ્કાર અને અનુભવ પડેલા છે. આ આખુંયે પ્રારબ્ધ છે; એની એક ગતિ છે.

આ ધરતી પર હજારો, લાખો વર્ષોથી માનવ જીવતો આવ્યો છે. એણે આ ધરતી ઉપર પોતાના ખંડો બનાવ્યા, એના નામ આપી દીધા. આ એશિયા છે,

આ યુરોપ છે, આ આફ્રિકા છે, આ અમેરિકા છે, આ પ્રભુના બનાવેલા દેશ તો નથી, ખંડ નથી, આપણે ધરતી વહેંચી લીધી. આપણે આકાશ વહેંચી લીધું. હવે આપણે ચંદ્ર-સૂરજને વહેંચવાની તૈયારીમાં છીએ. માટે આ આખીયે ધરતી પર રહેલી જે માનવજાતિ છે, એના અનુભવ, એનાં જ્ઞાન, એનાં સંસ્કારો, આપની, મારી, દરેકની ચેતનામાં પડેલા છે અને જે અવચેતન ખોદીને જોવા ચાહે તે જોઈ શકે છે. પછી એ ભલે અંદરની અનુભૂતિ હોય. આખરે અનુભૂતિ એટલે ચેતનાની અવસ્થા. અને ચેતનાની અવસ્થામાં થનારી ઘટના-પછી એ જીસસની હોય, મહાવીરની હોય, બુદ્ધની હોય, ચૈતન્ય મહા-પ્રભુની હોય, જ્ઞાનેશ્વરની હોય, શંકરાચાર્યની હોય; જેની પણ હોય, એક પણ માનવે, જેણે અનુભવ કર્યો છે, એનો અનુભવ આપણામાં જોવો હોય અને એ ફરી અનુભવવો હોય તો આપને, મારે માટે સંભવ છે. એનું નિયંત્રણ સંભવ નથી. પ્રારબ્ધનું નિયંત્રણ કરી શકાય નહીં.

જેની ગતિ પહેલાં સંચાલિત થઈ છે, દિશા જેની નિશ્ચિત છે, એનું નિયંત્રણ કરવાનો વ્યર્થ પ્રયત્ન માનવ કરતો આવ્યો છે, એમ સમજી લેવું. પણ આપ કોઈપણ રીતે એનું નિયંત્રણ નહીં કરી શકો, એને દબાવી નહીં શકો. એને નામશેષ કરી નહીં શકો. એને ભસ્મીભૂત બનાવી શકશો નહીં. એની સાથે તમે કાંઈ જ કરી શકશો નહીં, એની સાથે લડવાની આકાંક્ષા વ્યર્થ છે. એના પર ક્રોધ કરવાનો મિથ્યા પુરુષાર્થ નકામો છે. માની લ્યો કે જે શરીર મળ્યું છે તે રોગથી પકડાયેલું છે. માતા-પિતા પણ એવા હતાં. શરીર કમજોર છે. હવે એને જેટલું ઠીક રાખી શકાય એટલું રાખો. વિજ્ઞાનની મદદથી જેટલું ઠીકઠાક રાખી શકાય તેટલું રાખો. પણ શરીરની નબળાઈ એ સમસ્યા નથી; મારું શરીર નબળું કેમ છે, આ સમસ્યા છે. અહંકારને ઠોકર વાગે છે, કારણ ઈર્ષ્યા ઊઠે છે. હું પહાડ પર ચઢી શકતો નથી, હું તરી શકતો નથી, હું ઘોડા પર ચઢી શકતો નથી, હું વરસાદમાં ફરી શકતો નથી-ઈર્ષ્યા કે પ્રારબ્ધનો સ્વીકાર કરી શકતો નથી. પોતાના જીવનની હકીકતનો એ સ્વીકાર કરતો નથી, કારણ કે રાત-દિવસ બીજા સાથે સરખામણી છે. ત્રાજવું લઈને બેસે છે, પડોશી પાસે આટલું છે, તો મારી પાસે કેટલું છે, એને અનુભૂતિ થઈ તો મને કેટલી થઈ. ભાઈ ! ઈર્ષ્યાના પ્રકાશમાં જોશો તો બધું પીળું જ દેખાશે, અને ક્રોધના પ્રકાશમાં જોશો તો બધું લાલ જ દેખાશે. આ વિકાર પોતપોતાના

રંગમાં આપના દર્શનને રંગ આપે છે. વિચાર રંગ આપે છે, સિદ્ધાંત રંગ આપે છે, દર્શનને દોષિત બનાવી દે છે. માટે પ્રારબ્ધ સમસ્યા નથી. મારી દશા આવી છે અને બીજાની આવી નથી-ઈર્ષ્યા છે, મત્સર છે, હરીફાઈ છે. આ સમસ્યા નથી. કારણ કે પોતાને પોતે જેવા છીએ તેવા જોવા અને આપણે જેવા છીએ તેવા પોતાનો પોતે સ્વીકાર કરવો એ આપણે શીખ્યા નથી.

આપણી પાસે પોતાનું તો કોઈ મૂલ્ય જ નથી. પોતાનું મૂલ્ય જાણવા માટે આપણે બીજાની આંખોએ જોયા કરીએ છીએ કે એ મને કેટલો ચાહે છે. આ મને કેટલો ચાહે છે, કેટલો આદર આપે છે, સમાજમાં મારી આબરૂ કેટલી છે. જઈને બેસીએ તો દસ માણસો ઊભા થયા કે સો થયા, મોટરકારમાં નીકળ્યા તો મારી કાર તરફ કોઈ જુએ છે કે નહીં; બીજાની આંખોમાં જોઈને પોતાના જીવનનું મૂલ્ય કરવું પડે છે, કિંમત આંકવી પડે છે, એ તો કોઈ જીવંત માનવ છે ? લોકોના જે અભિપ્રાય છે, એમનાં જે મૂલ્ય છે, એમની જે માન્યતાઓ છે, એમના બજારમાં શું આપણે વેચાવાની વસ્તુ છીએ ? એમણે સારાં છો કહ્યું, તો આપણે ખીલી ઊઠયાં. એમણે આપણને ખરાબ કહ્યા તો આપણે કરમાઈ ગયા. એમણે જોડા માર્યા તો આપણે આબરૂ વિનાના થઈ ગયા. ભાઈ ! જિજ્ઞાસુ તો એ છે, સાધક તો એ છે કે જે બીજાની આંખોમાં જોવાનું છોડી દે. જોવું જ છે તો પોતાની અંદર જ જુવોને ! ત્યાં જુવો, અસલિયત શું છે, એ આંખો ખોલીને જુવો અને જે અસલ છે તે સમજો.

ખરું છે કે તે બાંધતું નથી, પ્રારબ્ધ બાંધતું નથી. બંધન ત્યાં નથી. બંધનનું વિષ તો આપની નજરમાં છે, આપની વૃત્તિમાં છે. બંધન બહાર નથી. દુનિયામાં કોઈ ચીજની તાકાત નથી કે આપને બાંધે, પણ આપ જ આપને બાંધો છે, એને કોઈ શું કરે, અને દિવસ-રાત બાંધવાની આપની પ્રક્રિયા ચાલુ જ છે, તો કોણ મહાસમર્થ આપના બંધન તોડે ? એ શું પગની સાંકળ છે કે એને તોડી એટલે આપ મુકત થઈ ગયા ? આપ તો બંધન એવું બનાવો છો જેમ કરોળિયો પોતાની જાળ બનાવે છે. માટે રાત-દિવસ કાતર લઈને કોઈ આપની પાસે બેસે તોપણ એને કેવી રીતે ખબર પડે કે આપ બંધન બનાવી રહ્યા છો, કારણ કે બંધન પ્રતિક્રિયામાંથી ગૂંથવામાં આવે છે, વિકારોમાંથી ગૂંથાય છે, વિચારોથી ગૂંથાય છે, આ આખોયે મામલો અવ્યકત છે.

પ્રારબ્ધનો જેણે સ્વીકાર કરી લીધો, એટલે જેવું છે તેવું એણે જોઈ લીધું અને એને સમજી લીધું. એના મનમાં ફરિયાદ નથી રહેતી, એનો પ્રતિકાર નથી રહેતો. આ જે ફરિયાદ છે ને, એનું ઘર્ષણ અંદર ચાલ્યા કરે છે. અને આ ઘર્ષણ આપના શરીરમાં કૃત્રિમ ગરમી ઉત્પન્ન કરે છે, એ સૂકવી નાખે છે, એક પ્રકારનો તણાવ ઉત્પન્ન કરી દે છે. નસો પર એક પ્રકારનું દબાણ નાંખે છે. શું શું કહું ? આ ઘર્ષણની અનર્થ-પરંપરા અનન્ત છે, અને પછી એનો ઉકેલ લાવવા જાય છે. તણાવ-દબાણનો બહારથી ઉકેલ કરવા જઈએ છીએ. અંદર ઘર્ષણ છે, વિરોધ છે, ફરિયાદ છે, એને પકડતાં નથી. એના મૂળને પકડીશું તો જવાબદારી પોતાના ઉપર આવશે. માટે વૃક્ષની ડાળોને કાપવામાં લાગ્યા રહીએ છીએ. દિવસ-રાત લાગ્યા જ છીએ છતાં પણ થતું નથી. ભાઈ ! શાખાઓને કાપો નહીં. શાખા પર પાણી નાંખો નહીં. મૂળને જુવો, મૂળને ! જે કાંઈ કરવાનું છે તે મૂળમાં કરવાનું છે. અને મૂળ તો અવ્યક્તમાં છે. અવ્યક્ત મૂળિયાના, આટલા અમસ્તા બીજમાંથી કેટલું મોટુ વૃક્ષ બને છે, જોયું છે ? પીપળો કેવો મોટો બને છે ? જોયું છે ? જેમ વૃક્ષના મૂળ ધરતીની અંદર છે, એમ હાડ-માંસની અંદર મૂળ પડયા છે. નાભિકેન્દ્રથી લઈને બ્રહ્મરંધ્ર સુધી મૂળ જ મૂળ છે. મૂલાધારથી માંડીને બ્રહ્મરંધ્ર સુધી ક્યાં ક્યાં શું શું પડયું છે એ નથી જોતા માટે બહારથી યમ, નિયમ, પ્રાણાયામ, પ્રત્યાહાર-કાંઈ કરી શકતા નથી. બહારનું અનુશાસન, શાખાઓને, પુષ્પોને, કળીઓને પાણી છાંટીને તાજું કરવા જેવું છે. જીવન પરિવર્તનનું સ્થાન અંદરના મૂળ છે. પ્રારબ્ધને જો સમજી લીધું છે તો જ્યારે વ્યવહારમાં પ્રારબ્ધના સંસ્કાર, પ્રારબ્ધના વિકાર ઉપર ઊઠીને આવશે ત્યારે એને પણ આપ જોશો. પછી એ વિકાર આપને વિવશ બનાવશે નહીં. વિકારનું સાક્ષીત્વ આવવાથી વચમાં અંતર આવી ગયું. આપ એની હાજરીમાં છો, પણ એની કેદમાં નથી. એટલે પ્રારબ્ધગત સંસ્કાર અને એની જે ગતિ છે, એ આપના ઉપરથી પસાર થઈ જશે, કારણ કે જીવન તો રોકાતું નથી. દરેક ક્ષણે આપને વ્યવહાર તો કરવો પડે છે.

વ્યવહાર કરતી વખતે એકદમ પ્રારબ્ધગત સંસ્કાર અગર વિકાર ઊઠે, એને આપે જોઈ લીધો, તો આપના જોતાં જ એની ડંખ મારવાની શકિત નહીં રહે. એ અનુપસ્થિત નહીં હોય, ઉપસ્થિત હશે, પણ ડંખ નહીં મારી શકે. આપનું ગળું દબાવી દેશે નહીં. આપના વ્યવહારને દોષિત નહીં બનાવી શકે. પહેલાં કેદ હતા,

હવે સાથે રહેવાનું છે, પણ બિચારા કાંઈ કરી શકતા નથી. અને આપનો જે પ્રતિસાદ છે, વ્યવહાર છે તે મુક્ત રહે છે, પ્રારબ્ધગત સંસ્કાર અને વિકારથી મુક્ત રહે છે. પ્રારબ્ધગત સંસ્કાર અને વિકારથી મુક્ત વ્યવહાર સંભવ બને છે. આ તર્ક નથી, આ સિદ્ધાંત નથી, આ અનુમાન નથી, આ જિવાયેલું સત્ય બતાવ્યું છે.

પ્રારબ્ધમુક્ત કોણ છે ? અવધાનના પ્રકાશમાં પ્રારબ્ધગત સંસ્કારની ગતિ ક્ષીણ અગર ધીમી પડી જાય છે. અને એવી પણ એક અવસ્થા છે કે જેમાં એની કેવળ ભસ્મ રહી જાય છે. ગતિ જ ક્ષીણ નથી થતી, એની ઉપસ્થિતિ પણ ભસ્મીભૂત થઈ જાય છે. એની ભસ્મ બનાવીને કપાળ પર લગાવો કે પગ તળે ગૂંદો, પ્રારબ્ધ કાંઈ કરી શકતું નથી; એવી પણ અવસ્થા છે. પણ એની વાત બહુ જ ગૂઢ છે. યોગસિદ્ધ કાયા છે, ભાવસિદ્ધ કાયા છે, પ્રેમનો પંચમ પુરુષાર્થ જ્યારે પ્રતિષ્ઠિત થઈ ગયો હોય, ત્યારે એ સંભવ છે, ત્યાં સુધી નહીં, માટે એટલી દૂરની વાત છોડી દઈએ. નજદીકની વાત કરીએ.

રહી ગયું કર્મ. આપ માતા-પિતાના કર્મના શિકાર છો, પોતાના કર્મના શિકાર છો. બાળકનો જન્મ થયો; પણ બચ્ચું હજી માના પેટમાં છે, એ વખતે માતા-પિતા જે જે રીતે એ બચ્ચાની બાબતમાં બોલે છે, બાળક વાંચ્છિત છે, કે અવાંચ્છિત છે એનો વિરોધ છે, ફરિયાદ છે, અહંકાર છે. આ બધાનું પરિણામ બાળક ઉપર થાય છે. આપ તો એમ સમજો છો કે બિચારું ઉદરમાં પડયું છે, એને શું સમજણમાં આવશે ? આપ જે વ્યવહાર કરો છો, માતા-પિતાનો જે પરસ્પર વ્યવહાર છે એનું પરિણામ ઉદરમાંના બાળક પર થાય છે. લોકોએ માતૃત્વ, પિતૃત્વને કેટલું બીભત્સ બનાવી દીધું છે, અને સ્ત્રી-પુરુષના સંબંધના કાવ્યને, એના સંગીતને ઝૂંટવી લીધું છે. આજકાલ તો પાશવિક પરાકાષ્ઠામાં લોકો જીવે છે. શ્વાસ રૂંધાય છે, શ્વાસ લઈ શકાતો નથી. જ્યારે બધા પ્રકારના લોકોમાં ફરવાનું થાય છે ત્યારે અમે જોઈએ છીએ કે એમની પાસે બીભત્સતા અને ઉત્તાનતા સિવાય કાંઈ રહ્યું નથી. આવા વાતાવરણમાં પ્રેમનું પારિજાતક ખીલશે કેવી રીતે ? એમાં તો વિકારનો ધતૂરો અને ભાંગ જ ખીલી શકશે.

એટલે માતા-પિતાનું કર્મ કયાંથી બાળકને શિકાર બનાવશે, આ વાત છે. બાળકનો જન્મ થયો પછી એનું શરીર, એનું જે છોતરું છે, એ શરીરનું વર્ણન કરવામાં આવે છે. એનો લાભ શું ? એનું વર્ણન કરે છે- સુંદર છે, કુશળ છે,

બુધ્ધુ છે, મૂર્ખ છે, હોશિયાર છે. આના જેવો તો છે નહીં, પિતા જેવો નથી, માતા જેવો નથી, ભાઈ જેવો નથી; બસ ચાલ્યું. એ એમ સમજે છે કે બિચારું બાળક તો શું સમજે ? એક મહિનાનું હોય, અરે, વડના ઝાડનું બીજ અંકુર રૂપે હોય, બીજના રૂપમાં હોય, સંપૂર્ણ વડનું વૃક્ષ છે. આપ બીજમાં વડના વૃક્ષને નથી જોઈ શકતા એને બીજ શું કરે ? એ તો ત્યાં છે. અને અંકુર થવાની-બનવાની પ્રક્રિયા શરૂ થઈ ગઈ એનું આપને ધ્યાન નથી. તો એની સરખામણી થાય છે, એનો નિર્ણય થાય છે. જ્યારે મનમાં આવ્યું ત્યારે એને વહાલ ને લાડ કર્યો, જ્યારે મનમાં ન આવ્યું, ગુસ્સામાં હોઈએ તો પછાડયું, માટે આપમાં જે પછાડવાનું આક્રમણ છે, હિંસા છે, એનું પરિણામ એના પર નહીં થાય ? છોકરો મોટો થઈને, છોકરી મોટી થઈને જ્યારે વ્યવહાર કરે છે, ત્યારે કહે છે આટલા સારા માતા-પિતા છે; આ સંતાન આવું કેમ નીકળ્યું ? માટે માતા-પિતાના કર્મનું પરિણામ પ્રારબ્ધ બનીને બાળકની સાથોસાથ ચાલે છે. પછી બાળક બોલવા-ચાલવાની ક્ષમતામાં આવી જાય છે. આશરે ૮ વર્ષની ઉંમરથી તો બાળકની જવાબદારી શરૂ થાય છે. બોલવાનું, ચાલવા-ફરવાનું, સાંભળવાનું, આવવા-જવાનું એ બધી જવાબદારી શરૂ થાય છે. પછી એમાં સમાજની જે જીવનપદ્ધતિ છે એનો કર્મમાં શું ભાગ છે, એ ઘણો વ્યાપક વિષય છે. આ પ્રશ્ન મને સારો લાગ્યો મેં વિચાર્યું કે આજની સવારનો આમાં જ ઉપયોગ કરીએ. વિષય કોઈપણ હોય, કહેવાનું સત્ય તો એક જ છે. હવે એ ઉંમર પછી બાળક જે પણ બોલશે, જે કાંઈ કરશે, જે કાંઈ વિચારશે, એ આખું એનું કર્મ બનશે. કર્મ થયું એટલે એનું પરિણામ આગળ જતાં એને ભોગવવું પડશે. આપ માનો છો કે રસ્તામાં ચાલતા આપના મનમાં વાસના ઊઠી એની કોઈને ખબર નથી, પ્રભુના ગુપ્તચર યોગીજનોને, સંતજનોને પણ નથી; માનો, એમનાથી પણ દૂર છો, એટલે આપના મનમાં કોઈના પ્રત્યે લાલસા ઊઠી, વાસના થઈ, એ કોઈને ખબર નથી, તો શું એનું પરિણામ આપને ભોગવવું પડશે નહીં ? જરૂર ભોગવવું પડશે. વસ્તુ જોઈને વાસના થઈ, આપનુ કર્મ થઈ ગયું. એક ગ્રંથિ બની ગઈ. નિસ્તરંગ, નિસ્પન્દ, નિષ્કમ્પ અવસ્થામાં આપણે જીવી શકતા નથી. દિવસરાત એ ઘુંટાતું રહે છે, ચાલતું જ રહે છે. સાગરોના તરંગ પણ કયારેક શાંત થાય છે, પણ માણસના ચિત્તમાં, મનમાં ઊઠનાર વાસના, વિકાર, વિચારના તરંગ શાંત જ નથી થતા.

કારણ સ્પન્દન વિના રહેવાનું શિક્ષણ એને મળ્યું જ નથી. નિર્વિષય, નિર્વિકાર, નિર્વિચાર એવી અક્ષુબ્ધ અવસ્થા ચિત્તની રહે; સામ્યાવસ્થામાં જીવીએ. જ્યારે કોઈ હેતુ હોય ત્યારે એમાં ક્ષોભ ઉત્પન્ન કરીને, સ્પન્દન ઉત્પન્ન કરીને કર્મ કરી લીધું, પણ બાકી સહજ અવસ્થા રહે. નિર્વિષય, નિર્વિચાર, નિર્વિકાર, નિસ્પંદ એ પરિપકવતા છે. એ છે મનુષ્યતા એટલે અંદર જે જે ઊઠે છે તે પણ આપનું કર્મ થઈ જાય છે. એના પરિણામ પણ આપને ભોગવવા પડે છે. કયારે ભોગવવા પડશે, કેવી રીતે ભોગવવા પડશે, કોની મારફત આ પરિણામ પોતાની પાસે આવશે એનું કોઈ ગણિત નથી. જે એમ કહેલું કે વાતાવરણમાં અનંત પ્રવાહો છે, એની સાથે આપ અને અમે સંબંધમાં છીએ, જ્યારે પોતાના કર્મના પરિણામ ભોગવવાની નોબત વાગે છે ત્યારે આપ કહો છો આપત્તિ આવી, વિપત્તિ આવી ગઈ. મારી સમજમાં નથી આવતું કે આપત્તિ-વિપત્તિ શું છે ? પ્રભુ-પરમાત્મા આપની કોઈ પરીક્ષા લેવા બેઠા છે, કોઈ વાંધાઓ ઊભા કરવા બેઠા છે ?

માટે, પોતાનામાં જે જે ઊઠે છે, એ પણ કર્મ છે, એનું પરિણામ ભોગવવું પડે છે. આ આપણે સમજી લઈશું, તો જીવન પ્રત્યે આપણને જે ફરિયાદ છે, એ ઓછી થઈ જશે. પછી માનવ સાવધાન રહેશે. અવધાનનો નંદાદીપ એમની આંખોમાં આખી રાત્રી જલતો રહેશે, એમના ચિત્તમાં નિસ્તરંગ, નિસ્પંદ અવસ્થા અક્ષુણ્ણ રહેશે, અબાધિત રહેશે અને જ્યારે પ્રયોજન હશે ત્યારે વાણીમાં આવીને બોલી લેશે, હાથમાં ઊતરીને કામ કરી દેશે, પગમાં ઊતરીને માર્ગ ચાલી નાખશે, એ કર્મ કરશે. પણ પ્રતિષ્ઠા કયાં હશે, એનુ આસન કયાં હશે, એનુ અધિષ્ઠાન કયાં હશે ? એનું અધિષ્ઠાન અવધાનના પ્રકાશમાં અને નિષ્કમ્પ, નિસ્પંદ સહજાવસ્થામાં હશે. ત્યારે મારા ભાઈ ! જીવનની શરૂઆત થાય છે, ત્યારે જીવનનો પ્રારંભ છે, એ મુકામ નથી. ત્યારે જન્મથી આપ જીવન સુધી પહોંચશો અને મૃત્યુના શિકાર બન્યા વિના મૃત્યુમાંથી પસાર થઈ જશો.

ત્યારે જીવનનો પ્રારંભ છે, ત્યારે સુખ-દુ:ખના ઝૂલા પરથી ઊતરીને આનંદની ગંગોત્રીમાં પ્રવેશ છે. ત્યારે દ્વન્દ્વોના ઝૂલા પરથી ઊતરીને નિર્દ્વન્દ્વ પ્રેમાવસ્થામાં પ્રતિષ્ઠિત થશો. ત્યારે મજા છે. અધ્યાત્મનું પ્રયોજન આવા આનંદની ઉપલબ્ધી છે, આવી પ્રેમાવસ્થાની પરિણતી છે.

(ચોરવાડના પ્રથમ શિબિરનો પ્રશ્નોત્તર બીજો, તા. ૧૨-૨-૧૯૭૧)

૫

ત્રીજું પ્રવચન

અમારી સમજમાં એ નથી આવતું કે માણસને સ્વાધીનતાની-સ્વતંત્રતાની પ્રાથમિકતા કેમ નથી, અભીપ્સા કેમ નથી ? સ્વાધીનતાની, સ્વતંત્રતાની અભીપ્સા પ્રાણીને આકુળ-વ્યાકુળ કેમ નથી કરતી ? એમ કેમ છે કે માનવ આટલો ડરી ગયો છે ? આટલો મૂઢ થઈ ગયો છે ? એવું શું છે જે માનવને આ સંસારમાં બાંધે છે ? આ બંધન શું છે ? આ બંધનોમાં માનવને આટલી આસકિત કેમ છે અને સ્વવતંત્રતાનો આટલો ભય કેમ છે ? આ વાત કાંઈ સમજમાં આવતી નથી. પાંચ વર્ષની ઉમ્મરથી મેં એ જોવા પ્રયત્ન કર્યો છે કે આખરે બંધન કયાં છે જે બાંધે છે. એ તો સરળ વાત છે કે જેની શરૂઆત છે તેનો અંત પણ છે. જેનો પ્રારંભ છે તેની સમાપ્તિ છે. જે રચાય છે તેનું વિઘટન પણ થાય છે. જેનો જન્મ છે, તેનું મરણ પણ છે.

એ તો સરળ વાત છે, જે જન્મે છે, એ મરવાના તો છે જ ; એમાં આપણે પણ છીએ. અને મરવાની પળ કોઈને પૂછીને નથી આવતી કે આવું ? હવે તું તૈયાર છે ? એ કાંઈ રેલવેનું ટાઈમ ટેબલ નથી કે ગાડી જોઈ લઈશું. એ કામ યોગીઓનું છે. જન્મ-મરણની જે રેલવે ચાલે છે, એનું ટાઈમ ટેબલ યોગીઓ પાસે રહે છે. એ ઘડી પણ બતાવશે, એ પળ પણ બતાવશે. પણ તમારે અને અમારે માટે મરણની ઘડી પૂછયા વગર આવી જાય છે- કોઈની પણ તૈયારી વિના, ઈચ્છા વિના.

જેમ પાનખર ઋતુમાં સૂકાં પાન ઝાડથી જુદાં પડવા જાણે કે આતુર હોય એમ જરાક પવનનો સપાટો આવ્યો અને એ ડાળીથી જુદા પડે છે. જીવનના સપાટાથી ઊડતા ઊડતાં ધરતીમાતાની ગોદમાં પડે છે. એમાં વૃક્ષને કોઇ દુઃખ નથી કે સૂકાં પાનોને કોઈ દુઃખ નથી. એ જુદા પડવાની ક્રિયા કેટલી મધુર છે. એમાં કેટલી સુંદરતા છે.

પાનખરની ઋતુમાં વૃક્ષોથી જુદાં પડીને સૂકાં પાનો, નવી કુંપળોનાં આવવાની તૈયારી કરી દે છે. વૃક્ષથી જુદા થવામાં, એનાથી વિસર્જિત થવામાં, નવસર્જન માટે સ્થાન કરી દે છે. અને અહીં જુઓ તો માનવ રોજ માણસોને મરતા જુએ છે, છતાં પોતાના મરણની પળનો વિચાર જ નથી કરતો. કેટલી મૂર્ખતા છે, કેટલી જડતા છે, કેટલી અણસમજ છે ! એ ભૂલી જાય છે કે મૃત્યુની ઘડી અત્યારે પણ આવી શકે છે. હમણા એટલે ગમે ત્યારે આવી શકે છે. રોજ જુએ છે. શરીરના રોગમાં સપડાતાં, બીમાર થતા અને છતાં એ ભૂલી જાય છે કે મારા શરીરનું સ્વાસ્થ્ય પણ બગડી શકે છે. ઘડપણ તરફ, વૃદ્ધત્વ તરફ યુવાનીનું એક એક પગલું આગળ વધે છે. અને વૃદ્ધત્વ શું છે ? મૃત્યુનું મહાદ્વાર છે. એમાંથી રાજ્યારોહણની જેમ કોઈ પસાર થતું નથી. રડતાં, કકળતાં, ચીસો પાડતાં, કણસતાં, દબાયેલાં શ્વાસથી, નીચે મુંડીએ, ઢીલા ખભા રાખીને જાય છે. એ શું જરૂરી છે કે મૃત્યુ સાથેનું મિલન આટલું કરુણ હોય ! એ મહોત્સવ કેમ ન બની શકે ? એમાં પાનખરની ઋતુ જેવી સહજતા કેમ ન હોય ? એમાં સૂર્યાસ્તની શોભા કેમ ન હોય ? મૃત્યુ શું કોઈ સંકટ છે ?

મૃત્યુ તો જીવનનું અવિભાજ્ય અંગ છે. જેમ જન્મ અવિભાજ્ય અંગ છે, મૃત્યુ પણ અવિભાજ્ય અંગ છે. મૃત્યુ જો ન હોય તો જન્મનું કોઈ સૌંદર્ય નથી. એટલે માનવ મૃત્યુને સંકટ કેમ સમજે છે ? બાળક હતા ત્યારે અજ્ઞાન હતા, જુવાન થયા ત્યારે ઉચ્છૃંખલ બન્યા, વૃદ્ધ થયા ત્યારે ઢીલા પડી ગયા, તો જીવ્યા કયારે ? આપ લોકો જીવશો કયારે, જીવવાનું કયારે બનશે ? જેની શરૂઆત છે, તેનો અંત છે, આ તથ્યને પહેલાં ગ્રહણ કરવું જોઈએ. જીવનની રેખાના એક છેડે જન્મ છે તો બીજા છેડે મૃત્યુ લખાયેલું છે, એને ટાળી નહીં શકો. અને એ કંઈ એવી બલા નથી કે એને ટાળવું જોઈએ. તો જન્મ થતા જ એક નજરમાં જીવનની પૂરી રેખા જોઈ લ્યો. એક જ દષ્ટિમાં જોઈ લ્યો કે એક છેડે ઊભા છીએ, અને બીજા છેડા પર જવું છે.

જેણે આદિ અને અંત એક જ દષ્ટિમાં જોઈ લીધા, એને સંસારમાં કાંઈ પણ બાંધી શકશે નહીં. અમે બહુ સરળ યુકિત બતાવી રહ્યા છીએ. આપના હાથમાં ચાવી આપી રહ્યા છીએ. એને પકડી લેજો. પછી કોઈના પર આપને આધાર નહીં રાખવો પડે, માર્ગદર્શન માટે આશ્રય નહીં લેવો પડે. અમને તો આપ

કહી જ નહીં શકો, કારણ અમે છીએ જ નહીં, 'અમે' તો હોવા પણાનો એક ભ્રમ છે. તો અમારો આશ્રય કોઈ શું લેશે ? શું શૂન્યતાનો કયારેય કોઈનેય આશ્રય મળે છે ? શૂન્યતાને હાડ-માંસમાં મઢી દીધી છે, તો મૃદંગ પર વગાડી લ્યો. જેવી આપની આંગળીઓ ચાલશે, તેવો અવાજ થશે, નાદ નીકળશે, એ આપનો ધ્વનિ છે. આપ જ જે દબાવો છો એ દબાણનો પ્રતિસાદ છે, એ એનો પોતાનો અવાજ નથી. પોતાપણું રહ્યું હોય તો જ કોઈ અવાજ કરે ને ? જેનો આદિ છે, તેનો અંત છે, જેની શરૂઆત છે તેની સમાપ્તિ છે, રચના છે, એનું વિસર્જન અને વિઘટન છે. આ સત્યનું જો આપ સેવન કરશો, એને સમગ્રતામાં ધારણ કરશો, તો જીવન બદલાઈ જશે.

જ્યારે સિદ્ધાર્થ રાજમહેલમાં હતા, ત્યારે માતા-પિતાએ એમને એવી રીતે રાખ્યા હતા કે ન કોઈ બીમારને જુએ, ના વૃદ્ધને જુએ, કે ના મૃત્યુનું દર્શન થાય. એવા મહેલને, રાજમહેલને મોટું જેલખાતું બનાવીને રાખ્યા હતા. સિદ્ધાર્થના પિતા રાજા શુદ્ધોધન હતા. એમણે મોટો રાજમહેલ મોટી જેલ જેવો બનાવ્યો. આપ આપની નાની નાની જેલ બનાવો છો. એક દિવસ એ બહાર ગયો અને બિમારને જોયો, ''એ બિમારી છે, વ્યાધિ છે.'' ''દરેકને વ્યાધિ-રોગ થાય છે ?'' ''હા, રોગ, બિમારીઓ, આધિ-ભૌતિક, આધિદૈવિક, આધ્યાત્મિક દરેકના માર્ગમાં આવે છે.'' ''મને પણ આવશે ? '' ''હા, આવશે.'' ''રથ આગળ લઈ લે.''

એક એવી વ્યકિત જોઈ, જેના અંગ ગળી ગયાં છે, અંગો ઢીલાં પડી ગયા છે, ઈન્દ્રિયો સ્વાધીન થની, દષ્ટિ સ્વાધીન નથી. ''આ શું છે ?'' ''આ ઘડપણ છે, શરીરનો ધર્મ છે, મહારાજ, દરેકને આમાંથી પસાર થવું પડે છે.''

એક એક દર્શન થતા અંદર એક એક પરિવર્તન થતું જાય છે. દર્શન થાય અને પરિવર્તન ન થાય, તો શું એ આંધળાની આંખો છે ? આંધળાની આંખો માટે માહિતીનો એક જ માર્ગ છે. આપણી આંખો ખુલ્લી હોવા છતાં પણ આપણે આંધળા બનવાનું નાટક કરીએ છીએ અને માહિતી એકઠી કરવા ચાહીએ છીએ, જોવા નથી માંગતા. જીવનની આ ઘણી કરુણાજનક સ્થિતિ છે. આંખો ખુલ્લી છે, જોવાની શકિત છે, પણ આંખો પર પાટો બાંધીને બીજા સાથે ઝૂઝીએ છીએ.

દર્શન થાય અને પરિવર્તન ન થાય, અંદર કંઈક ઘટના બને નહીં, એમ કેમ બની શકે ? રથ આગળ લઈ લે. પછી ચાર વ્યકિતઓના ખભા પર કોઈની મહાયાત્રા જોઈ. ''આ મરેલો દેહ છે મહારાજ ! એને સળગાવી દેવા લઈ જાય છે, અગ્નિસંસ્કાર માટે લઈ જાય છે. એમાંથી બધાને જ પસાર થવું પડે છે.'' ''મારે પણ ?'' ''હા'' '' રથ પાછો લઈ લે.''

આ ''રથ પાછો લઈ લે''નો અર્થ કયા દિવસે સમજશો મારા ભાઈ ! આ એક વાકયમાં જે મહાકાવ્ય છે એને જે દિવસે વાંચી શકીશું, તે દિવસે જીવન બદલાઈ જશે ! રથ પાછો લઈ લે-વાસનાનો, વિચારનો, વિકારનો, મહત્ત્વાકાંક્ષાઓનો રથ પાછો લઈ ચાલ, એટલે સ્વસ્થાનમાં લઈ ચાલ. બુદ્ધિને પ્રજ્ઞા પાસે પાછી વાળો, વિકારોને પ્રેમ પાસે પાછાં વાળો. સંસ્કારને અહમ્ પાસે અને અહમ્ને આત્મા પાસે લઈ ચાલો. આત્માની પાસે રથ પાછો લઈ લે. આ જોઈને એને દુઃખ ન થયું. પડકારો, આહ્વાનો, પરિસ્થિતિઓને જોઈને દુઃખમાં જે ફસાય છે તેની યાત્રા આગળ નથી ચાલતી. એ આગળ નથી જતી ને પાછી પણ નથી જતી, પણ અટકી જાય છે. સુખ અને દુઃખ માનવને કયાંય જવા નથી દેતાં. પોતાનામાં ગૂંચવાયેલા રહે છે. અને સુખદુઃખમાં જેનો પાલવ ગુંચવાઈ ગયો, સુખદુઃખમાં જેનો છેડો પકડાઈ ગયો, એ નથી આનંદ જાણતા, નથી શોક. દુઃખ અને શોકમાં અંતર છે. સુખ અને આનંદમાં પણ બહુ અંતર છે.

માટે, શોક થતો નથી. જોયું અને તેથી થોડીક ભાવનાઓના તરંગ ઊઠયા, દુઃખ થયું, 'પ્રતિકૂલ સંવેદનમ્ દુઃખમ્' પ્રતિકૂળ સંવેદના થઈ, થોડુંક કષ્ટ પડયું. રેડિયો પર ખબર સાંભળી, બસો માણસો મરી ગયા. ટેલિવિઝન પર જોયું, વિયેતનામમાં આટલા માણસ મરી ગયા. ''અરે ! આ કેટલું બીભત્સ છે, કેટલું ક્રુર છે !'' પછી ટેલિવિઝન બંધ કરીને, રેડિયો બંધ કરીને કહે છે, આજે કયો સિનેમા જોવા જઈશું, આજ કયાં પાર્ટીમાં જવું છે ? પેલું ભૂલી ગયા, પાંચ મિનિટ થઈ ગઈ ને ! દુઃખના સ્પન્દનો સ્થિર રહી શકતા નથી. દુઃખમાં સ્થિર થવાની શકિત નથી અને શરીરની અંદર ઘૂસવાની શકિત પણ નથી. એ ઉપરનું ઉપર જ રહે છે. એ તો ફીણ છે. પાણીના મોજા પર જે ઊઠે છે તે ફીણ છે. એ ફીણમાં સ્નાન થતું નથી અને શુદ્ધિ પણ થતી નથી. એ તો શોભા છે, શણગાર છે, અને શણગાર એ કાંઈ સૌંદર્યનો પ્રાણ નથી. ટાપટીપ અને શણગાર તો જે નથી તે

દેખાડવાનો નાહક પ્રયત્ન છે. અસ્તિત્વનો શૃંગાર કેવો અને પ્રેમનું પ્રસાધન કેવું ? જે છે તે પોતે જે એટલું સુંદર છે, મધુર છે, કે એનો શૃંગાર ને પ્રસાધન એને વિકૃત બનાવે છે, બીભત્સ બનાવે છે. એટલે જ તો પંડિતોની પંડિતાઈ, અને દાર્શનિકોનો પ્રજ્ઞાવાદ, સંતના હૃદયને કદી સ્પર્શી શકતો નથી.

એટલે સિદ્ધાર્થને દુઃખ ન થયું, શોક થયો. શોકમાં મગ્ન અને શોક-સંતપ્ત થઈ ગયો. દુઃખ સ્થિર રહેતું નથી. કારણ દુઃખ એ ચિત્તની પ્રતિક્રિયા છે, દુઃખ એ અહંકારની પ્રતિક્રિયા છે. એક દિવસ મારે પણ આવું થવું પડશે શું ? પછી ચાલ્યા આત્મદયામાં, એનાથી દીનતા આવી. આત્મદયા દીનતા તરફ લઈ જાય છે. આપ વિવશ બનો છો. આત્મદયામાં રહેશો તો તમારા હાથમાં દીનતા સિવાય કાંઈ આવશે નહીં. આત્મદયા વિતરાગતા તરફ લઈ જતી નથી. એ તો નાહક મિથ્યા શહાદતના ભાવમાં લઈ જશે. એમાં સામર્થ્ય નહીં આવે. શોક તો એક ચિનગારી છે, એક અગ્નિ છે કે જે અંદરના ગંદા કચરાને બાળીને ભસ્મ કરી દે છે. એટલે એણે વ્યથા, રોગ, ઘડપણ અને મૃત્યુને આખાયે માનવજીવન સાથે જોડી દીધું. સાધક સવારથી સાંજ સુધીમાં થનારી ઘટનાઓને સમગ્રતા સાથે જોડતો જાય છે. જેણે કોઈ ઘટનાને સમગ્રતા સાથે જોડી તે ઘટનામાંથી પસાર થતા પણ મુકત હોય છે, અને ઘટના થઈ ગયા પછી પણ મુકત હોય છે. એને બંધન હોતું જ નથી. ઘટનાને પોતાની સમગ્રતા અને જીવનની સમગ્રતા સાથે ન જોડીએ તો બંધન છે, અને ઘટનાને સમગ્રતા સાથે જોડી દેવી તે મુકિત છે.

તમે એટલું ધ્યાનમાં રાખો કે જેનો આદિ તેનો અંત છે. આ શરીર કાંઈ અમર નથી. આ શરીરની અંદર કંઈક છે જેનો જન્મ પણ થયો નથી, જે મરશે પણ નહીં, પણ એની અમને અને તમને ખબર નથી. માટે, આ શરીરમાં, જેમાં આપ રહો છો, કયારેક આ શરીર ઢળી પડશે, આ માળખું કયારેય પડી જશે, એનું કયારેક વિઘટન થશે, પ્રતિપળે થઈ રહ્યું છે, પ્રતિક્ષણે થઈ રહ્યું છે. એને ખૂબ સાવધાન થઈને જોઈ લેવું જોઈએ, ત્યારે આપ ન ભોગમાં ફસાશો, ન ત્યાગમાં, ન રાગમાં અટવાશો કે વિરાગની જાળમાં ફસાશો. સહજતાની ઉપલબ્ધિ ત્યારે થશે, ત્યાં સુધી નહીં. લોક કહે છે આદિ છે, અંત છે-માટે ફાવે તેમ જીવી લ્યો. એક દિવસ તો મરવાના જ છીએ ને ! તો પછી આજની આ ઘડીમાં સૌંદર્યની શી જરૂર છે ? એક દિવસ તો મરવું જ છે. બધું મિથ્યા છે માટે વ્યવસ્થાની શી જરૂર

છે ? સૌંદર્યની નહીં, અભિરુચિની નહીં, સંગીતની નહીં, સંવાદની નહીં, કશાયની પણ જરૂર નથી, ફાવે તેમ જીવી નાંખ્યું, આ જીવવાનું ન થયું.

એક અમારા આત્મીય હતા. એમનું નામ હતું સંત તુકડોજી. શરીરમાં કેન્સર ફેલાયેલું હતું. એમના આશ્રમમાં હું મળવા ગઈ હતી. બિલકુલ નિરક્ષર હતા. લખવા-વાંચવાનું જાણતા ન હતા. અને મૃત્યુ કેટલું નજદીક છે એની સૌને ખબર હતી, એ પણ જાણતા હતા. મારાં બચપણમાં એમનો સવારે અઢી-ત્રણ વાગે ઊઠવાનો ક્રમ મેં જોયેલો હતો. બિમારીમાં પણ ઊઠતા. નર્સ હતી, ડોકટર હતા, ''શરીરને સ્પંજ કરી દો, કપડા બદલાવી દો, ચાદર બદલી નાંખો, ધૂપ સળગાવો, ઓરડામાં દીવો કરો. મને ઉઠાડીને બેસાડી દો, ધ્યાનનો સમય થઈ ગયો.''-અંત સુધી આ જ ચાલ્યું. અને પછી એક દિવસ હું ગઈ. નર્સે ઉઠાડીને બેસાડયા. પંઢરપુરના વારકરી ભકત હતા. જે વૈષ્ણવો મહારાષ્ટ્રમાં છે તે સ્નાન કર્યા પછી ચંદન તિલક ધારણ કરે છે. તો સેવકને કહે કે અહીં લાવો; એ ચંદન લાવ્યો; તિલકનો સામાન લાવ્યો. તો કહે કે અરે નહીં, દર્પણ લાવો, અરીસો લાવો. તમે તો કહેશો-આ તો હવે મરવાના જ છે. આડુંઅવળું ગમે તેમ લગાવી દેશે. દર્પણ અહીં લાવો, જીવતો છું, ત્યાં સુધી પૂરો જીવતો છું. મરીશ એ ક્ષણે પૂરો મરીશ. આજે તો પૂરેપૂરો જીવું છું. શાનથી જઈશ. તો અરીસો સામે રાખવા કહે છે. મૃત્યુની તિથિ, મૃત્યુનો સમય બધું જાણે છે. અંદર એટલે વ્યથા છે, કે લોહીની ઊલટી થાય છે. શરીર સંકોચાઈ જઈને માત્ર હાડપિંજર રહ્યું છે. પણ શું વૈભવ હતો ! કહે કે જીવું છું ત્યાં સુધી પૂરેપૂરો જીવું છું. દર્પણ લાવો. એવી અદાથી ચંદન લગાડયું કે હું જોતી જ રહી ગઈ !

આ ઘટનાએ મને મથી નાંખી. અંત ઘડી આવનારી છે, માટે વર્તમાન પ્રત્યે ઉપેક્ષા નહીં અને આપણે અંતે આવનાર ઘડીને નામે વર્તમાન પ્રત્યે ઉપેક્ષા બતાવીએ છીએ. ભોગમાં ફસાવું તે પણ ઉપેક્ષા છે, ત્યાગમાં ફસાવું એ પણ ઉપેક્ષા છે. ભોગી સ્વાધીન નથી અને ત્યાગી પણ સ્વાધીન નથી. રાગી સ્વતંત્ર નથી અને વૈરાગી પણ સ્વતંત્ર નથી. એમના કર્મમાં, એમના જીવનમાં સૌંદર્ય નથી, મધુરતા નથી, કુશળતા નથી. કારણ કે વૃત્તિ ભોગમાં ફસાઈ છે, વૃત્તિ ત્યાગમાં અટકી છે. વૃત્તિ રાગમય થઈ જાય તો દૃષ્ટિ નિર્ભ્રાન્ત કયાંથી હોય ? વૃત્તિ ભલે ભોગમાં જાય કે ત્યાગમાં જાય, ભલે રાગમાં કે વિરાગમાં ; એ ચિત્તને નિરંજન

રહેવા દેતી નથી. નિરંજન સમજો છો ને ? જેમાં અંજન નથી, વિતરાગતાથી દૃષ્ટિ પ્રક્ષાલિત નથી, પછી એ રાગ આપને પૈસાનો હોય કે ઈંદ્રિયોના સુખનો હોય, અગર સદાચારનો હોય, કે ધર્મનો હોય; રાગ કે રાગ જ છે. પત્ની, બાળકોનો મોહ, એ બંધન છે. તો પછી આશ્રમનો, ગુરુનો, ગુરુભાઈઓનો મોહ પણ બંધન જ છે. મોહ એ મોહ જ છે, આસક્તિ એ આસક્તિ છે. સંબંધ જો બંધન છે તો બધા જ સંબંધ એ બંધન છે. માનવ જોતો નથી. જે સંબંધ બન્યો, જેને બનાવવો પડે છે, એની શરૂઆત છે અને એનો અંત છે. જે કાંઇ આપ બનાવશો એ એક દિવસ વિસર્જિત થઈને રહેશે. પછી એ વસ્તુ હોય, સંબંધ હોય, કે પરિવાર. આ સંસારનો છે અને પેલો પારમાર્થિક છે. એ ધાર્મિક છે.

એનો અર્થ એવો નથી કે સંબંધ ન બનાવશો. અભિપ્રાય એવો નથી કે લગ્ન ન કરો, ઘર ન વસાવશો. આપ ખોટું સમજશો, પણ જેનો આરંભ કરશો એ પ્રારંભનો અંત થવાનો છે, એ અવધાનની સાથે પ્રારંભ કરો, એમાંથી પસાર થાવ. લોકો પસાર થવાનું જાણતા જ નથી. જ્યાં સુધી કોઈ ઝૂંટવી લઈને જુદા ન કરે ત્યાં સુધી ચોંટી જ રહે છે. ઝૂંટવી લઈને કોઈ જુદા ન કરે, ત્યાં સુધી નીકળતા નથી. આપ એમ સમજો છો કે બાળકો જ રમકડા-ઉશીકા પાસે રાખીને સૂવે છે. આપણે પણ આપણા વિષયોના રમકડાં-ઉશીકાં પાસે મૂકીને સૂઈએ છીએ. બાળકોના રમકડા દેખાય છે, મોટાઓના રમકડાં દેખાતા નથી. આપની આકાંક્ષાઓ, આપની વાસનાઓ રમકડા નથી શું ? જેને વળગી વળગીને આપ સૂવો છો, જેને વળગી રહીને આપ ઊઠો છો. અરે ! વળગી રહેવુ એ જીવવું નથી. સુખ ઉપભોગના સાધનો છે, તો ગૌરવપૂર્વક એનો ઉપયોગ કરો, સુખને જુવો આંખો ખોલીને, અને તેમાંથી પસાર થઈ જાઓ. જેથી સુખની સ્મૃતિ આવનારી ક્ષણને દોષિત ન કરે. દુઃખોમાંથી પસાર થવાનું છે. આંસુ છે, વ્યાકુળતા છે, તડફડાટ છે, તો એ તડફડાટમાંથી પણ ગૌરવપૂર્વક પસાર થાવ. આંસુઓમાં પણ દીનતાથી નહીં, ઐશ્વર્યથી પસાર થાવ, જેથી આંસુઓની સ્મૃતિ આપને બાંધે નહીં.

વિવશ થઈને માનવ કાંઈ ન કરે, તો સ્વાધીનતા તો સ્વભાવ જ છે. લોકો તો એવા છે કે લગ્ન પણ કરે છે, અને કહે છે-મારી ઈચ્છા નથી. મા-બાપની ઈચ્છાથી લગ્ન કર્યું છે. ભલા માણસ છો. નોકરી કરે છે, કહે છે-

લાચાર છું, એટલે કરું છું. વેપાર છે, ધંધો છે, ગૃહસ્થાશ્રમ પણ કરે છે, શું કરીએ ? અરે શું કરીએ, દીનહીન થઈને સંસાર કરશો તો શાનથી જીવશો કયારે ? આ શરીરનો ધર્મ છે, આ મારી આવશ્યકતા છે, એની પૂર્તિ હું કરીશ, કરો. અપરાધ-ભાવના રાખીને, એનો ભાર હૃદય પર રાખીને શા માટે જીવવું ? પ્રારંભથી પામેલાં સંબંધો છે, તો જોઈ લ્યો. પ્રારબ્ધથી પામેલાં શરીરના સંબંધો છે. એમાં કડવાશ હશે, એમાં પ્રિયતા હશે, એમાં અપ્રિયતા હશે. એ શું જરૂરી છે કે સંસારમાં એમ જ બનવું જોઈએ, જે તમને પ્રિય હોય, તમને અનુકૂળ હોય ? અનુકૂળ પણ હોય, પ્રતિકૂળ પણ હોય. કયારેક તમને યશ મળશે, કયારેક અપયશ પણ મળશે. અપયશ મળતાં શરમથી ગરદન ઝુકાવી દેવાની શી જરૂર છે ?

હાર અને જીતની ભાષાને જીવન સાથે સંબંધ નથી, એ તો સમાજ સાથે સંબંધિત છે. એ માપતોલ સમાજે બનાવ્યા છે. આ યશ છે, આ અપયશ છે, આ હાર છે, આ જીત છે. તો આજે સવારે એમ કહેવા ચાહું છું કે જેનો પ્રારંભ છે, તેનો અંત છે. આ શરીરનો જન્મ છે, તો એનું મૃત્યું પણ છે જ. મૃત્યુની ઘડી કયારે આવશે, એની ખબર નથી. આટલું જે સમજ્યો, તે દરરોજ સાવધાન રહેશે. અવધાન સાથે જીવશે તો સાવધાન માણસનું કર્મ કુશળ જ હોય છે. આપ મોટરમાં બેઠા છો, મોટર ચલાવો છો. મુંબઈનો ટ્રાફિક છે, ન્યુયોર્કનો, લંડનનો ટ્રાફિક છે. બહુ લોકોની ભીડ છે. આપની સાવધાનતા વ્યાપક બનીને મોટરના આકારની બની જાય છે. આપનું આખું શરીર, આંખ જ નહીં, પગનો અંગૂઠો પણ મોટરમય બની જાય છે. એક્સિલરેટર પર કેટલુ દબાણ આપવું છે, કયાં કેટલુ દબાવવું છે, હેન્ડ બ્રેક કયાં છે, ફુટ બ્રેક કયાં છે, એ આંખને જોવું નથી પડતું. આખુંયે શરીર જાણે કે આંખો બની જાય છે; આખુંયે શરીર જાણે કે કાન-શ્રવણ બની જાય છે. આગળથી આવનાર પાછળથી આવનાર આ અરીસામાં જુવો, પેલા અરીસામાં જુવો, ગાડીમાં પેટ્રોલ કેટલું છે, ગિયર ચોંટી ગયો નથીને ? કેટલું અવધાન છે ! આપ ત્યારે સાડાત્રણ હાથનો દેહ નથી હોતા. એ વખતે તો પૂરી મોટરનો આકાર બની જાવ છો ! આત્મા વ્યાપક છે અને તે પોતાની વ્યાપકતાની અભિવ્યકિત પણ કરે છે. વિમાન ચલાવનારને પણ એમ જ થાય છે.

હું હોનોલુલુથી દિલ્હી બોઈંગ ૭૪૭માં આવી રહી હતી. ૪૧૦ યાત્રીઓ હતા. મોટું વિમાન હતું, મેં કદી જોયું ન હતું. એમાં એક માળ, વળી એમાં બીજો માળ, એમાં નિસરણી, એ ઊતરવાની. એ ઉપરાંત એમાં દીવાનખાનું છે, લાયબ્રેરી છે, બાગ છે, થિયેટર છે, બહુ જ મોટું. હું પાઈલોટની પાસે ગઈ. મને થયું લાવો કેબિનમાં જઈને જોઈએ તો ખરા ! આ વિમાન કેવું છે, કેમ ચાલે છે; એટલે પાઈલોટ પાસે પહોંચી અને એની ચારે તરફ કીબોર્ડ જોયું તો જાણે બેભાન થવા માંડી. એટલા માટે કે આ લોકો શી રીતે સમજતા હશે કે કઈ ચાવી દબાવવાથી શું થાય છે. એના હાથમાં આટલા લોકોનું જીવન છે. કેટલી સાવધાનતા છે ? એ સમાધિ અવસ્થામાં ન હોય તો શું ચલાવી શકે ? અવધાન કેવું ફેલાઈ જાય છે ? એને ચલાવવામાં કેટલી કુશળતા હોય છે ? અમને બધાને ૪૫,૦૦૦ ફુટની ઊંચાઈ પર એ વિમાન લઈને જઈ રહ્યો છે. એનું અવધાન કેટલું ફેલાયેલ છે ? ૪૧૦ માણસોના પ્રાણ એના પ્રાણમાં વસેલા છે, અને આટલું મોટું વિમાન છે તેની ગતિ એની નાડીમાં ચાલી રહી છે. એક દાખલો આપી રહી છું. એ અસાવધાન હોય તો ? એની સામે મુંબઈનો ટ્રાફિક છે અને તમારી સામે આખાયે વિશ્વનો ટ્રાફિક છે, એમ જ સમજો. આપ તો આખા વિશ્વના સંબંધમાં છો માટે તમારા દરેક કર્મમાં સાવધાનતા અને કુશળતા ન હોય, - 'કર્મસુ કૌશલમ્' તો શું થશે ? યોગી બન્યા વિના છુટકારો છે ભાઈ ?

જીવન તમને યોગી પણ બનાવી દેશે. આપ સાવધાન રહો. યોગ આપનામાં પ્રવેશ કરશે. મિથ્યા નથી બોલી રહી. ઘટનારી દરેક ઘટનાને, સમગ્રતા સાથે જોડીને જુઓ. ક્રોધ આવે તો ક્રોધથી ઊઠનારી જે દરેક ઘટના છે, એનો આપના આખાયે જીવન સાથે શું સંબંધ છે એને જુવો. ક્રોધ આવે તો કહી દઈએ છીએ કે સ્વભાવ છે. અરે, સ્વભાવ શું હોય છે ? સ્વભાવને જુવો, 'ભાવ' શબ્દનો અર્થ ખબર છે ? 'સ્વ' નો અર્થ છે ? કોને 'સ્વ' કહી રહ્યા છો ? ઈન્દ્રિયોને, મનને, અહંકારને ? - સ્વભાવ છે એમ કહી દીધું. ભગવાને જીભ આપી છે એટલે ઉઠાવીને બોલી દઈએ છીએ. શબ્દ બોલીએ છીએ, અર્થ ખબર નથી. પગ ઉપાડીએ છીએ. કેમ ઉપાડયો ? ખબર નથી. ક્રોધ કરીએ છીએ, કેમ ? તો કહે ખબર નથી. કડવું બોલીએ છીએ, કેમ ? તો કહે ખબર નથી. કંઈ જ ખબર નથી. તો શું ક્રિયાઓના મોજાઓ પર વહી જ જવું છે શું ? સાધના એટલે સાવધાનતાનો અભ્યાસ.

સાધના એટલે ૨૪ કલાક માળા જપવી તો સહેલી છે, પણ સામે પતિ ઊભા હોય, પુત્ર ઊભો હોય, નોકરાણીની પણ સામે ઊભી હોય ત્યારે શું આત્માનું અવધાન છે કે નોકરાણીની પાછળ એ જ આત્મતત્ત્વ છે જે આપનામાં પણ છે ? આ અવધાન છે કે મનમાં આવે છે કે હું માલિક છું અને પગાર આપું છું, માટે ચલાવો જીભને. એને ગુલામ ન બનાવો તો એના સમયને ૧૦ કલાક માટે ગુલામ બનાવો. એ ૧૦ કલાકમાં જો એ આળસ કરે તો એને મારવા ધમકાવવાનો અધિકાર આપનો છે, કારણ, તમે રૂપિયા ૬૦ આપો છો. ગયો, આત્મા ગયો. જે શબ્દો નીકળે છે તે ધારવાળા છે, સ્વરમાં જે તીક્ષ્ણતા છે, નજરમાં જે ઉપેક્ષા છે, તુચ્છતાનો ભાવ છે. કયારેકય જુવો. જો કોઈ પ્રોજેકટર હોય અને એ આપણને ખબર પણ ન હોય, એમ ૨૪ કલાક આપની ફિલ્મ ઉતારી લે. એક રેકોર્ડર હોય, એક કેમેરો હોય એ પર આપનો અવાજ નોંધી લે અને સજીવ ફિલ્મ-૨૪ કલાકની બનાવે; એકાન્તમાં લોકોની વચ્ચે ચોવીસ કલાકની આ ક્રિયાઓને નોંધી લે, ત્યારે આપને ખબર પડે કે આપનું જીવન હકીકતમાં શું છે ? ત્યારે આપની બનાવેલી આપને માટેની મૂર્તિઓ, કે હું તો બરોબર છું, હું તો ધાર્મિક છું, મોટો આધ્યાત્મિક છું, વગેરે; એ બધી મૂર્તિઓ તૂટશે, કોઈ એક એવું મશીન તમારી સાથે જોડી દઉં, જે આપની અંદર ચાલતા બધા તરંગોના રેખાચિત્ર બનાવી દે અને એ આપની સામે રાખવામાં આવે તો ખબર પડે !

વ્યકત જગતમાં વિવેકનો ચાબુક ચલાવી ચલાવીને તથા શિષ્ટાચારના દબાણથી આપનું જે સ્વરૂપ પ્રગટ થાય છે, એ આપ નથી. આપ અસલમાં એ નથી. પત્ની સામે આવે તો આપની નજર શું જુવે છે ? આ પતિ અને પત્નીના ભાવ કયાં સુધી જાય છે ? આ પુત્ર છે, આ પુત્રી છે, એ ભાવ કયાં સુધી જાય છે ? એમના પર હુકમ ચલાવવાની ઈચ્છા કયાં સુધી થાય છે ? હિટલર, સ્ટાલીન, મુસોલિની આપની અંદર પણ પડયા છે, એને તો જુઓ ! સવારથી સાંજ સુધી કેટલું અસત્ય, કેટલું જૂઠ, કેટલું આક્રમણ ચાલે છે ?નકસલવાદીની જેમ આપ પિસ્તોલ ચલાવતા નથી, પિસ્તોલ ચલાવવાની જરૂર શી છે ? નજર જ ચલાવી દીધી. આપે નજર ચલાવી દીધી અને કોઈનેય ખબર ન પડી કે આપે શસ્ત્ર ચલાવી દીધું ? નજર ઉપેક્ષાની, ક્રોધની કે ઈર્ષાની ચલાવો. એના સિવાય કોઈનેય પણ ખબર ન પડી. સ્વામિત્વની, વાસનાની, માલિકીપણાની વાત, આપનું ઊઠવું,

આપનું બેસવું બોલે છે. આપની નજર જ બોલે છે. આપના શરીરના અંગઅંગ બોલે છે. એમાં શું થાય છે, બસ એને જુઓ.

સાવધાનતાનું શિક્ષણ લેવું એ જ સાધનાનો મર્મ છે. સાધનાને ઘડભરનું કાર્ય ન સમજશો. ૧૦૮ માળા જપી લેવી એ સાધના નથી. એ તો બરોબર છે. એ એક ઉપાય છે, જેમ દરેક દવાનું પરિણામ છે એમ દરેક ઉપાયની ફળશ્રુતિ છે. માટે આપનો અહંકાર એને માપશે, તોળશે, પ્રાપ્ત કરશે, સંગ્રહ કરી રાખશે. આપ સંગ્રહ અને પરિગ્રહની રમત કરતા રહો. એ અધ્યાત્મ નથી. અધ્યાત્મ તો નિરન્તર સાવધાનતા છે. એ સાવધાનતાનો નંદાદીપ પ્રજ્વલિત રહેશે તો જે ઘટના ઘટશે એને સમગ્રતા સાથે જોડીને આપ જોઈ શકશો. આટલું આપ જોઈ લ્યો. બાકી પરિવર્તન એની મેળે થશે. અને અંત કયારે છે, એ ખબર નથી. એનું ભાન રહે તો અવલોકનની અવસ્થા છોડયે નહીં છૂટે, નહીં તૂટે.

બહુ જ સરળ છે જી, બહુ જ સરળ. આને લોકોએ જટીલ કેમ બનાવ્યું ? મુકિત ઘણી સરળ છે. સંસારમાં મુકિતથી સરળ બીજું કાંઈ નથી. સહજાવસ્થાથી સરળ બીજું કાંઈ નથી. પણ એને લોકોએ ઘણું ગૂંચવણભર્યું બનાવી લીધું છે. વિદ્વાનોએ, પંડિતોએ, પુરોહિતોએ, દાર્શનિકોએ એને ગૂંચવી દીધું છે. કહે છે કે સંસારમાં બંધાઈ જવું સ્વાભાવિક છે અને મુકત રહેવું કઠિન છે. મોહમાં રહેવું સ્વાભાવિક છે અને સાવધાન રહેવું મુશ્કેલ છે એમ કહે છે; અમારી સમજમાં નથી આવતું. અને આપની, સ્વજનોની સાથે અતિશયોકિત નહીં કરું. ૫ વર્ષની ઉંમરથી એક જ વાત સમજાતી નથી કે શું બાંધે છે ? જેની સામે મૃત્યુ છે એને બંધન કેવું ? જેની સામે મૃત્યુ છે એ પ્રમાદમાં કેમ ? એનામાં જડતા કેવી ? મૃત્યુને ટાળવા માટે અવકાશ જ કયાં છે ? માણસ આવો નાદાન કેમ છે ? અને આ તો સ્વજનોનું, આત્મીયોનું કામ છે. જરા ખભો પકડીને હલાવી દીધા, બાકી આપવા-લેવાનું કાંઈ નથી.

પ્રેમમાં તો આપવા લેવાનું થતું જ નથી. કારણ કે ત્યાં બે છે જ નહીં. આપવામાં તો અહંકાર છે, લેવામાં પણ અહંકાર છે. દીનતા એ અહંકારનું સ્વરૂપ છે, તો દીનતા પણ અહંકારનું જ સ્વરૂપ છે. તો આપવા લેવાની વાત નથી કરતી. હાં, ખભો પકડીને આત્મીયોને હલાવી દીધા-અરે જાગ, ઊઠ રે ભાઈ !

વખત ગુમાવ્યો, વખત ગુમાવતાં ચાલ્યા જઈએ છીએ. જે ઘડી હાથમાંથી ગઈ તે પાછી નથી આવતી. એટલે ? સમય તો મિથ્યા છે. જે ઘડી હાથમાંથી ગઈ એ પાછી નથી આવતી એનો અર્થ શું ? અર્થ એ જ કે આપના શરીરમાં જે પ્રવાહ છે, અણુપરમાણુ છે, એ પ્રતિપળે બદલાતા જાય છે. તમે રોકાયેલા રહેશો એટલે બાળપણ રોકાતું નથી. એ કિશોરાવસ્થામાં આપને લઈ જાય છે; એ પ્રવાહ છે જીવનનો. આપ જાગ્યા નહીં, માટે યુવાની રોકાશે નહીં, અટકશે નહીં, જાગ્રત થાય ત્યાં સુધી એને યુવાન રાખું. એ તો આપને વૃદ્ધત્વ આપી દે છે. અને વૃદ્ધાવસ્થામાં જો આપ આજકાલ કરતા રહેશો તો ? આની તૈયારી નથી માટે એને સમેટી લેવા ધો એમ મૃત્યુ નહીં કહે.

મૃત્યુ કોઈનેય સમેટવા નથી દેતું. આવીને એમ જ ઊભું રહે છે. એટલે હાથ પકડીને લઈ જાય છે. મૃત્યુ જેવો કોઈ સખા નથી. એટલું અધીર છે કે પળ માટેય રોકાવાનું જાણતું નથી. આ પરમ સરખા મહાસખા પોતાનામાં ભેળવી દેવા કેટલો આતુર છે ? આલિંગનમાં લઈને જ જંપે છે. સ્વરૂપમાં ભેળવીને જ રહે છે; જેથી આપ કાંઈ જ બાકી ન રહો. સાપની કાંચળીની જેમ આપનો દેહ રહી જાય છે, સત્ત્વને લઈ જાય છે. તો આ પરમ મિત્ર દરવાજા પર ચીર પ્રતીક્ષામાં ઊભો છે, એટલો ખ્યાલ રાખો, બાકી બધું સુલભ છે.

(ચોરવાડના પ્રથમ શિબિરનું ત્રીજું પ્રવચન તા. ૧૩-૨-૧૯૭૧)

૬

પ્રશ્નોત્તર-૩

પ્રશ્ન : બહુ ભારપૂર્વક એમ કહેવામાં આવે છે કે અધ્યાત્મના માર્ગમાં જ્ઞાન એક બહુ મોટો અવરોધ છે. અને સાથે સાથે એ પણ સૌને ખબર છે કે જીવનમાં જ્ઞાનની જરૂર પડે છે. જ્ઞાનની આવશ્યકતા ક્યાં છે અને એ પ્રત્યવાય, રુકાવટ ક્યાં બની જાય છે ? આ બન્નેને એકબીજાથી જુદા પડનારી સીમા-રેખા કઈ છે ?

ઉત્તર : જ્ઞાન એટલે શું ? જેને માહિતી કહીએ છીએ. સત્યનું જ્ઞાન હોઈ શકતું નથી. સત્યની અનુભૂતિ પણ સંભવ નથી. સત્યનો સાક્ષાત્કાર સંભવ છે. માટે, જીવનનાં તથ્યોનાં વિષયમાં જાણકારીનો સંગ્રહ કરવો, એ સંગ્રહમાં વ્યવસ્થા નિર્માણ કરવી, વિષયો પ્રમાણે એ સંગ્રહનું વિભાજન કરવું, જાણકારીના આ સુવ્યવસ્થિત સંગ્રહ અને વિભાજનને જ્ઞાન કહેવામાં આવે છે. જ્ઞાનનો બીજો કોઈ અર્થ નથી. એ જાણકારી, એ જ્ઞાન આપ પદાર્થના વિષય બાબત રાખો તો એ પદાર્થ વિજ્ઞાન છે; ધરતીના વિષયમાં રાખતા હો તો ભૂગોળ છે, ખગોળ છે; એ માહિતી રસાયણની બાબતમાં રાખતા હો તો રસાયણશાસ્ત્ર છે; મનની બાબતમાં રાખો તો મનોવિજ્ઞાન છે, સમાજશાસ્ત્ર છે, અર્થશાસ્ત્ર છે, માનસશાસ્ત્ર છે, ધર્મશાસ્ત્ર છે. આત્માના વિષયમાં પણ લોકોએ જાણકારીનો સંગ્રહ કર્યો છે. અને 'આત્મ-જ્ઞાન' એવો એક ખોટો શબ્દ પ્રચાર ચાલે છે. આ જે વાકયપ્રયોગ છે એ અમારા જોવામાં ખોટો પ્રયોગ છે. આત્માનું જ્ઞાન થઈ શકતું નથી, પણ એ શબ્દ શંકરાચાર્યના સમયથી ચાલે છે તો ચલાવીશું.

જીવનના તથ્યોનાં વિષયમાં સંઘરેલી જાણકારી, સુવ્યવસ્થિત જાણકારીનું નામ જ્ઞાન છે. અને અધ્યાત્મ તો સ્વરૂપની શોધ છે. એ તો સત્યની વ્યકિતગત ઉપલબ્ધિ છે. સ્વરૂપની શોધનો તથ્યો સાથે બહુ સંબંધ નથી. જેમકે અહીંથી આપને પાસેના કોઈ ગામમાં જવું છે, તો ધરતી પર બનેલા માર્ગો પર આપ

ચાલશો. ધરતી પર બનેલી પગદંડીઓથી, રસ્તાઓ પરથી ચાલશો. એ પ્રમાણે સત્યોને મર્યાદિત કરીને જે તથ્યો બનાવવામાં આવ્યાં, એ તથ્યો પરથી ચાલતાં આપ જરૂર જીવશો. પણ સ્વરૂપની શોધનો તથ્યો સાથે બહુ સંબંધ નથી. માટે કહું છું કે અધ્યાત્મના માર્ગ પર સ્વરૂપની શોધમાં, જ્ઞાન એક પ્રત્યવાય છે, વિક્ષેપ છે, એક અવરોધ છે.

એક ઉદાહરણ લો. આપે હિંદુ ધર્મગ્રંથો વાંચ્યા છે, આપે વૈદિક દર્શનો વાંચ્યા છે. સાંખ્ય ખબર છે, ન્યાય ખબર છે, કંઈક યોગ-શાસ્ત્રની જાણકારી રાખો છો, કંઈક પૂર્વ-મીમાંસા, કર્મકાંડની જાણકારી રાખો છો, ઉત્તર-મીમાંસા, વેદાન્તની જાણકારી રાખો છો, કન્ફ્યુશિયસ ધર્મગ્રંથો વાંચ્યા છે. આ તો જાણકારી થઈ. એ અંદર જઈને ઘનીભૂત થઈ ગઈ. સ્વરૂપની શોધ શરૂ થઈ નથી.

બચપણથી કોઈ આપને એમ નથી કહેતું કે મારા દીકરા, તું કોણ છે એ તું સમજી લે. તું શું છે એ સમજી લે. કોઈ નથી કહેતું. માતા-પિતાને અને સમાજને તો તું તેમના વિચાર, તેમની માન્યતાઓ શીખી લે એની પડી છે. એમાં ઠાંસીઠાંસીને આપણે આપણી માન્યતાઓ ભરી દઈએ છીએ. અમારો વિશ્વાસ, અમારો અવિશ્વાસ, અમારી જીવનપદ્ધતિ તારા મગજમાં ભરી દીધી છે અને તારા શરીરને શિખવાડી દઈશું. પછી તું એ પ્રમાણે ચાલતો રહેશે. પુત્ર-પુત્રીઓની પાસેથી એમને આશા શું છે ? એમને સાતત્ય જોઈએ છે. અમારી જીવનપદ્ધતિને, અમારી માન્યતાઓને એ આગળ ચલાવે. પોતાની જીવનપદ્ધતિનું સાતત્ય ચાહનાર આ સમાજ કયારેય કોઈ બાળકને નહીં કહે કે તું એ જાણ કે તું કોણ છે, શું છે ?

આપણામાં બાળપણથી વારસામાં આવેલા સંસ્કાર તો છે જ. સંસ્કાર છે, અનુભૂતિઓ છે, પણ ચેતન મનમાં પણ આ જાણકારી જ ભરી દેવામાં આવે છે. માટે ઝટ કહી દઈએ છીએ કે આત્મા અમર છે. અમર શબ્દનો અર્થ પણ ખબર નથી, આત્માનો પણ કોઈ પરિચય નથી. આત્મા, પરમાત્મા શું બલા છે એ જોયું નથી. જોયું નથી અને ઝટ દઈને મોં ખોલીને કહીએ છીએ કે આત્મા અમર છે, પુનર્જન્મ છે. એને તો જન્મની ખબર નથી, મરવાની ખબર નથી એને પુનર્જન્મ છે એ ખબર છે. કારણ કે એ જાણકારી, જે સંગ્રહિત થઈ ગઈ અને દૃઢ થઈ ગઈ, એને પોતાનો પ્રત્યય આપણે સમજવા લાગ્યા છીએ. ભૂલ ત્યાં જ છે,

અને ગઈકાલે જેમ કહ્યું હતું, અધ્યાત્મનો સંબંધ ન તો માનવ સાથે છે કે ન જાણવા સાથે છે, એ તો પ્રત્યય સાથે જ સંબંધિત છે, જે બન્નેથી તદ્દન જુદું છે.

આપણી પાસે જ્ઞાન છે. પાપ શું છે, પુણ્ય શું છે, નીતિ શું છે, અનીતિ શું છે, બરોબર શિખવાડાયું છે. ખરાબ શું છે, સારું શું છે; જેમ રંગોનો પરિચય કરાવવામાં આવ્યો છે કે, આ કાળો છે, આ સફેદ છે, આ લાલ છે, આ લીલો છે, આ ભૂરો છે, આ પીળો છે; એ જ પ્રમાણે વર્ણોની-રંગોની જેમ જાણકારી આપી દીધી છે, માનવની બાબત વિભાગો કરીને જાણકારી આપી દીધી છે. આમ કરનાર ખરાબ છે, આમ કરનાર સારો છે, આ પાપ છે, આ પુણ્ય છે, એટલે આ જાણકારી અંદર પડી છે, માટે અંદરથી ઊઠનાર વિકારને અગર વિચારને આપણે જોઈ નથી શકતા. એ જેવો ઊઠયો કે તરત જ ચિત્તમાં નિર્ણય આવી જાય છે. આ તો ક્રોધ છે અને ખરાબ છે, એને હટાવો, એને દબાવો, એને છુપાવો. આ ક્રોધ કેવી રીતે ઊઠે છે, અને નખશિખાંત મારી સાથે શું કરે છે, મારું કેટલું નુકશાન, મારી કેટલી હાનિ થાય છે, એને કોઈ જોતું નથી. પહેલાં પોતાનું નુકશાન થાય છે, પછી જ બીજા કોઈને ક્રોધી વ્યકિત નુકસાન કરે છે, પણ ક્રોધના આવવાથી એનું જે નુકશાન થાય છે, એની એને ખબર નથી. ક્રોધ જ્યારે પણ અંદર ઊઠે છે, અને શરીરની એક એક નસમાં જ્યારે એ ફરવા માંડે છે તો પળમાં આપણને ગાંડા બનાવી દે છે. ક્રોધી વ્યકિત અને ગાંડા માણસની અભિવ્યકિતમાં ખાસ કોઈ ફરક નથી. એકનું ક્ષણિક પાગલપણું છે અને બીજાનું ચોવીસ કલાક પાગલપણું રહે છે, આટલો જ ફરક છે, એથી વધારે નહીં.ઈર્ષ્યામાં, મત્સરમાં, જે માણસ રચ્યોપચ્યો છે એનામાં અને પાગલમાં કોઈ ફરક નથી.

આમ, દિવસમાં દસ વાર એક એક ક્ષણને માટે આપ પાગલ બનો છો. અને એ પાગલપણામાં જે કહી દઈએ છીએ, જે કરીએ છીએ, જે વિચારી જઈએ છીએ, એ આપના હથિયારો છે, પણ એ પાગલપણાને જોવાની આંખ જ ખૂલી નથી. માટે ક્રોધ ખરાબ છે, એમ કહીએ એની સાથે લડીએ છીએ. અને પાગલપણા સાથે કોઈ લડે તો એ દૂર શી રીતે થશે ? એક સમસ્યા પાગલપાણાની અને બીજી સમસ્યા લડવાની. પછી એની સાથે સંઘર્ષ કરવાને માટે શસ્ત્રો કયાંથી એકઠાં કરશો ? નીતિ-શાસ્ત્ર કયાં શસ્ત્રો આપે છે, ધર્મ ગ્રન્થ કયા શસ્ત્રો આપે છે. કયા મંત્રો આપે છે, આ બધું શોધવાનું ચાલે છે. માટે ક્રોધ તો બિચારો રહી ગયો,

પાગલપણું રહી ગયું. શસ્ત્રો અને શાસ્ત્રોની મારામારીમાં માણસ પડ્યો છે. જિંદગી એમ જ ચાલી જાય છે. ન તો ક્રોધનો સાક્ષાત્કાર પામ્યા, ના એનાં પરિણામોનો સાક્ષાત્કાર થયો, ઉપાયોની શોધમાં ચાલ્યા જઈએ છીએ.

માટે, સંઘરેલું જ્ઞાન જીવવા નથી દેતું, હા, જ્ઞાનનો ઉપયોગ કયાં છે ? અહીંથી અમદાવાદ, મુંબઈ જવું છે. રસ્તો કયો છે ? રેલવેથી જઈશું, વિમાનમાં જઈશું, એનો સમય કયો છે; જાણકારી આવશ્યક છે. મોટર ચલાવવી છે, મોટર બને છે કેવી રીતે, ચાલે છે કેવી રીતે, એમાં શું નાખવું પડે છે, કઈ-કઈ યાંત્રિક ક્રિયાઓ કરવી પડે છે ; આ બધું જાણવું જરૂરી છે. માનવે રચેલાં યંત્રો દ્વારા હોય, અગર પ્રભુએ બનાવેલાં યંત્રો દ્વારા હોય, એટલે આપને આપની ઈંદ્રિયો દ્વારા કામ કરવું છે. યાંત્રિક ક્રિયા જ્યાં કરવી છે, ત્યાં જ્ઞાનની આવશ્યકતા છે, જ્ઞાનની અનિવાર્યતા છે. અને જ્ઞાન પણ કેવું હોવું જ જોઈએ ? એકદમ વિશદ, સુનિશ્ચિત જ્ઞાન બરોબર હોવું જોઈએ. એમાં અંદાજ-અનુમાન કરી ન શકો, એમાં આમ હશે, તેમ હશે એ ન ચાલે; રત્તિમાત્ર આમ તેમ ન હોય.

જાણકારી અગર જ્ઞાન જેટલું સુનિશ્ચિત હશે, સુરેખ હશે, એટલું જ કર્મ કુશળ હશે. અકુશળ કર્મનાં મૂળમાં જે રીતે દોષવાળી વૃત્તિ છે તે જ રીતે જાણકારીના અભાવનું હોય છે. જાણકારીની અવ્યવસ્થા, અરાજકતા એના મૂળમાં રહે છે. જાણકારી અંદર પડી છે, વ્યવસ્થા નથી, ત્યારે એ કાંઈ કામ આવતી નથી. જાણકારી પડી છે, જેમ કે ઘરમાં વસ્તુ પડી છે, કયાંક રાખી છે પણ વખત આવે ત્યારે જ યાદ નથી આવતી. ગૃહિણીઓ નથી કહેતી, 'છે તો જરૂર, પણ કયાં છે, ખબર નથી !' પોતાની પાસે પડેલી વસ્તુ કયાં મૂકી છે એ ખબર ન હોવાને કારણે, એ યાદ ન આવવાને કારણે, વખત જતો રહે છે, વખત ચૂકી જવાય છે. અને આવું જિંદગીમાં કંઈક વાર બનતું હશે.

યાંત્રિક ક્રિયાઓને માટે શરીર અને મન મોટાં યંત્રો છે, સુંદર છે, સપ્રમાણ છે, એ તંતુવાદ્યથી પણ નાજુક છે પણ છે તો યંત્ર. ઉપકરણ છે અને કરણ છે, એનો ઉપયોગ કરવા માટે જ્ઞાન અનિવાર્ય છે, નહીં તો જીવનમાં સૌંદર્ય નથી, જીવનમાં રસિકતા નથી, કર્મકુશળતા નથી, દક્ષતા નથી, કાંઈ પણ તો રહેતું નથી. બહુ જ કઢંગા ચાલ્યા જઈએ છીએ. એટલે પછી રસોઈ કરશે તો જેમ તેમ,

ભોજન કરશે તો જેવું તેવું, અન્નની સાથે પણ સંબંધ નહીં. સ્નાન કરે તો જેવું તેવું, આમ જ ચાલ્યું જાય છે. આમાં જ જીવન નીકળી જાય છે. આવું ચલાવવાનું શા માટે ભાઈ ? જે ક્ષણ છે, જે ઘડી છે, એમાં શા માટે જીવવું નહીં ? ગમે તેમ ચલાવવાનું શા માટે ભલા ? જીવન કોઈ બલા છે, સંકટ છે ?

યાંત્રિક ક્રિયાઓ માટે આ અનિવાર્ય છે. મન ચલાવવું છે, બુદ્ધિ ચલાવવાની છે, એટલે બરોબર જાણકારી હોવી જોઈએ કે મન શું છે, એના કેટલા સ્તરો છે. પોતાના જ મકાનના ઓરડાઓની પોતાને જ ખબર ન હોય, એમાં બારણું કયાં છે, બારી કયાં છે, એની ખબર ન હોય, તો સુંદર મહેલ હોય, સુંદર મકાન હોય અને એમાં વ્યકિત બિલકુલ દીનહીન, ઐશ્વર્ય વિનાની પડી રહેશે. જેમ કબૂતર આમ તેમ જાય છે ને, ચકલીઓ ઓરડામાં જેમ આમ તેમ જાય છે ને, તેવું જ એ કરશે. પોતાના જ મકાનની ખબર ન હોય, કયાં બારી છે, કયાં બારણું છે, ખોલાશે કેમ ? હવા કયાંથી આરપાર આવશે, પ્રકાશ કયા ખૂણેથી આવશે, તે ખબર નથી, છે તો બધું જ. એ રીતે મનનો પરિચય ન હોય, શરીરનો પરિચય ન હોય, તો શરીરની માંસ-પેશીઓ છે, સ્નાયુ છે, મજ્જા છે, જ્ઞાન-તંતુ છે, છતાં પણ આપ એનાથી કામ નહીં લઈ શકો. શરીરને કેટલાં પ્રમાણમાં આકાશ તત્ત્વ આપવું, પ્રાણવાયુ આપવો તો તાજગી બની રહે ? કેટલા પ્રમાણમાં એને નક્કર અન્નનો આહાર આપવો, પૌષ્ટિક ખોરાક આપવો, કઈ ઋતુમાં કયા પ્રકારનો આહાર આપવો ? બુદ્ધિની પાસેથી કઠોર પરિશ્રમ લેવો છે, તો એવે વખતે કયો આહાર આપવો ? બુદ્ધિથી કઠોર પરિશ્રમ કરવાનો ન હોય, એવે સમયે ખોરાક કેવો હોય ? કોઈ નથી જોતું. અરે ભાઈ ! સંગીતમાં જ રાગ છે શું ? જીવનમાં પણ રાગયુકતતા છે. એ જ જીવે છે, જે દરેક પળે પોતાના જ જ્ઞાનતંતુ, સ્નાયુ, હાડકાં મજ્જામાંથી નવા રાગ છેડયા કરે છે. એમાં અનન્ત શકિતઓ છે. યોગશાસ્ત્રમાં એનો કંઈક પરિચય કરાવવામાં આવ્યો છે.

જ્યાં તનનો, મનનો ઉપયોગ કરવાનો છે, વાણીનો ઉપયોગ કરવાનો છે, ત્યાં જ્ઞાન અનિવાર્ય છે, આવશ્યક છે. મોં ખોલ્યું અને બોલવા ગયા, તો શરીરના પાંચ તત્ત્વોમાંથી કયાં તત્ત્વોનો ઉપયોગ આપે કર્યો ? શબ્દ બોલીએ છીએ, નાદ નીકળે છે; તો નાદમાં અગ્નિ તત્ત્વ કેટલું છે, વાયુ તત્ત્વ કેટલું છે, અને એક કલાક બોલવું પડે તો અગ્નિ અને વાયુનો કેટલો ખર્ચ થશે ? એ પછી આગળના કલાકમાં

એની ખામી કેવી રીતે પૂરી કરીશું ? આ જાણકારી હોય તો જ શરીરની તાજગી રહેશે, ચિત્તની તાજગી રહેશે. વાણીનો શરીર સાથે જે સંબંધ છે, એને જોવા માટે જ્ઞાન અનિવાર્ય છે, કાં તો આપણને જ્ઞાન નથી. આપણે જ્ઞાનને ક્યાં લઈ જઈએ છીએ ? ભગવાન એક છે, અનેક છે, સગુણ છે, નિર્ગુણ છે, અહીં તો પોતાની ખબર નથી. પોતાની ખબર તો પહેલાં રાખો. પોતાની અંદર શું પડયું છે, એ તો જોવું નથી, અને એને શોધવા નીકળી પડયા ! એ જાણે કયાંક બહાર છે. જેને પોતાની ખબર નથી એની પાસે ભગવાન પણ આવીને શું કરે ? માટે જ્ઞાન આ ક્ષેત્રમાં અનિવાર્ય છે.

શબ્દની રાસાયણિક ક્રિયા આપના ઉપર કેવી થાય છે એ ખબર હોય તો માણસ બરાડશે નહીં, કર્કશ અવાજમાં બોલશે નહીં. એનો અવાજ, એને પોતાને માટે જ કાનને કડવો લાગશે. અવાજની તીવ્રતા, તારતા, ઘનતા-બધું સપ્રમાણ રહેશે. પણ આપ તો નાદનાં સ્પન્દનો બહાર ફેંકી રહ્યા છો, નાદનું વિકીરણ કરી રહ્યા છો, શબ્દની રાસાયણિક પ્રક્રિયા પોતાના ઉપર થાય છે તેમ બીજાના ઉપર થાય છે, આ વાતને ધ્યાનમાં રાખીને પછી શબ્દનો વિનિયોગ કરો. કેવું સૌંદર્ય આવશે ? માણસને જીવવાની ખબર નથી. જીવતા શીખ્યો નથી. પછી એને ખબર પડશે કે વિચાર કરીએ છીએ તો શકિત ખર્ચાય છે. બેઠાં બેઠાં સ્મૃતિને ચલાવીએ, જે કોઈ પ્રસંગો બની ગયા છે, એને વાગોળતા રહીએ. આમ, વિચારો આવતા રહે છે. એકવાર ખાઈ લીધું અને પછી દિવસ આખો વાગોળવાનો ધંધો ચલાવવો. જીવનની ઘટનાઓમાંથી પસાર થયા પછી, સ્મૃતિના દાંત લગાડીને એનો ફરીથી સ્વાદ લેતા રહીએ છીએ. આ સ્મૃતિનો દુરુપયોગ છે.

સ્મૃતિનો ઉપયોગ તો ત્યાં છે, જ્યાં શહેરની મહાનગરપાલિકા છે. નગરપાલિકાએ એ નક્કી કરવાનું છે કે કયા મહોલ્લામાં, કયા લત્તામાં શું કરવાનું છે. દેશનું શાસન સંભાળવાનું છે, ત્યાં એની જરૂરિયાત છે. એન્જિનિયરિંગમાં એની જરૂરિયાત છે, પણ ઘેર બેઠાં સ્મૃતિનો દુરુપયોગ કરે છે.ઓરડામાં બેઠા છે. કંઈ કામ કરવાનું છે નહીં, એટલે ચાલ્યા સ્મૃતિના ચક્કરમાં ! આગળની વાત વિચારે છે, કાલે શું કરીશું, પરમ દિવસે શું કરીશું, પેલે દિવસે શું કરીશું ? અરે ભાઈ ! કાલને આવવા તો દો. કાલે તું રહીશ પણ કે નહીં ? હા, જ્યાં સંયોજનની જરૂરિયાત છે, અને સંયોજન કરવાનું છે તો એકવાર માણસ કરી લે, પણ આપણું

તો આખો દિવસ એ જ ચાલે છે. સ્મૃતિનો દુરુપયોગ, વાણીનો દુરુપયોગ, શબ્દોનો દુરુપયોગ, શરીરની માંસ-પેશીઓનો, સ્નાયુઓનો દુરુપયોગ, નકામા એને હલાવતા રહીએ છીએ. માનવની જીભ અને મન શું કૂતરાની પૂંછડી છે તે હલાવતાં જ રહીએ ? જીભ ચાલ્યા જ કરે છે. શરીરનો, મનનો બુદ્ધિનો કેવી રીતે ઉપયોગ કરવો એ બાબત જ્ઞાન અનિવાર્ય છે. એને માટે જાણકારી પ્રાપ્ત કરીએ અને ઉપયોગ જરૂર કરીએ. બુદ્ધિથી સમજવું, ધૃતિથી ધારણ કરવું, સ્મૃતિમાં સંગ્રહ રાખવો અને પછી એનો વિનિયોગ કરવો, એ ગ્રહણ કરવાની એક યાંત્રિક ક્રિયા છે. આ ક્રિયા માટે જ્ઞાન જોઈએ.

અધ્યાત્મની શોધમાં જ્ઞાનની જરૂરિયાત નથી. કારણ કે અધ્યાત્મની શોધ, આપના શરીર અને મનથી નહીં થાય, શરીર અને મનમાં બેસીને થશે. પણ તન અને મન એનાં સાધન નથી. તનની સ્થિરતા અને મનનું મૌન એ અનિવાર્ય છે અને જ્ઞાનનો ઉપયોગ કરશો, મન કેવી રીતે મૌન રહેશે ? મનનો ઉપયોગ કર્યા વિના જ્ઞાનનો વિનિયોગ તો નહીં થાય ને ! 'સ્વરૂપની શોધ' પણ ઘણો ઢીલો શબ્દ છે, કારણ કે શોધમાં પોતાના પ્રયત્નનો કંઇક સંકેત થઈ જાય છે, જે અમને અભિપ્રેત નથી. સ્વરૂપનું અનુસંધાન કહીએ તો અનુસંધાનમાં પણ કંઈક પ્રયત્ન છે. શબ્દની બાબતમાં આ જ મોટી મુશ્કેલી છે કે દ્વૈતના અને દ્વન્દ્વના જગતમાંથી શબ્દો ઉઠાવીને, નિર્દ્વન્દ્વ અને અદ્વૈતની અવસ્થાનું અમારે વર્ણન કરવું પડે છે. લાચાર છું.

આત્મસાક્ષાત્કાર અગર આત્મરતિ કેવી રીતે હોઈ શકે છે, એ તો જીવન જીવીને જ દેખાડી શકાય છે. પણ માણસ શબ્દોમાં એનું વર્ણન ઈચ્છે છે. જીવીને દેખાડી શકાય છે. સાથે રહોને જોઈ લ્યો. પણ જોવું જ શીખવું બની જાય એટલી સંવેદનશીલતા પણ આપણી પાસે નથી. માટે જોયેલાને પણ 'કેમ' અને 'કેવી રીતે'નો તર્ક, અનુમાન કરીને, નિષ્કર્ષના માળખામાં ઢાળીને, ચોકઠામાં ઢાળીને આપણે જોવા ચાહીએ છીએ. સ્વરૂપની ઉપલબ્ધિને માટે, આત્મસાક્ષાત્કાર માટે, મનનું મૌન અનિવાર્ય છે, એમ કહેવું એ મુશ્કેલ થઈ જાય છે, ત્યાં જ્ઞાન બિચારું શું કરશે ? ત્યાં જ્ઞાની, અજ્ઞાની, સદાચારી, દુરાચારી, સંત અને સજ્જન બધાં સમાન છે, એક જેવાં છે. એ સમાન કયાં નથી ? સાક્ષાત્કાર પછી એની જે અભિવ્યક્તિ થશે એ યોગીના શરીરમાં એક રીતે થશે, સંત-સજ્જનના જીવનમાં

એ બીજી રીતે થશે. જીવન જેનું દુરાચારી રહ્યું હોય, એના શરીરમાં અને જીવનમાં બીજી રીતે થશે. અભિવ્યક્તિ વખતે ફરક પડશે, ઉપલબ્ધિને વખતે નહીં, કારણ કે ઉપલબ્ધિમાં તન અને મન અને એના સંસ્કારોની મર્યાદાઓનો કોઈ સંબંધ આવતો નથી.

ઉપલબ્ધિ એ ઘટના છે જે ઘટિત થઈ જાય છે. એ નિરાકારમાંથી ઊઠેલો સાકારનો તરંગ છે. એ સાગર પર પવનના સપાટામાંથી ઊઠેલું અનાયાસ કમ્પન છે. પણ જ્યાં અભિવ્યક્તિ થશે, ત્યાં તો તન-મનનાં બધા સૂર બજાવીને પોતાની નિષ્પત્તિ કરાવી લેશે. એ ઘટનાની અભિવ્યક્તિ વાણીમાં થાય તે સમયે ફરક પડશે. ઈન્દ્રિયો મારફત જ્યાં અભિવ્યક્તિ હોય, ત્યાં ફરક પડશે, કારણ કે એકની ઈન્દ્રિયો લાલિત્યમાં, લાડપ્યારમાં, દુલારમાં બગડેલી છે અને બીજાની સંયમના જળથી પ્રક્ષાલિત છે. એકનું જીવન શરૂઆતથી સુવ્યવસ્થિત છે. અભિવ્યક્તિ સુવ્યવસ્થિત, સુંદર, પોતાની મેળે, અનાયાસ થશે; બીજાના જીવનમાં ઈન્દ્રિયસ્તર ઉપરની અભિવ્યક્તિ એટલે શારીરિક અભિવ્યક્તિ, વાણીની અભિવ્યક્તિ અને માનસિક અભિવ્યક્તિમાં ફરક પડી જશે. ઉપલબ્ધિની ઘટનામાં ફરક નહીં પડે. એની ઉત્કટતામાં ફરક નહીં પડે ઉપલબ્ધિ પછી જે ઘટિત થાય છે, ત્યાં ફરક હોય છે. તો મનમાં મૌનમાં જે ઉપલબ્ધિ થશે, એ જ્ઞાની, અજ્ઞાની, દુરાચારી, સદાચારી, પાપી અને પુણ્યશીલ, એમાં કોઈ ફરક નથી.

હવે સમજમાં આવ્યું હશે કે જ્ઞાન અનિવાર્ય કયાં છે, અને અવરોધ કયાં છે. મારે આપની પાસે રહેવું છે. કોઈપણ હોય, અને મને જાણકારી તો છે નહીં, પણ મને ટેવ પડી છે. મોટરની માહિતી પ્રાપ્ત કરો, સોફાસેટની કરો, મકાનની કરો, રેડિયોની કરો. તે રીતે હું આપને માટે પણ જાણકારી પ્રાપ્ત કરવા ચાહું છું. આ વ્યક્તિની સાથે મારે ચાર દિવસ રહેવું છે. આ વ્યક્તિ કેવી છે. જૈન છે, હિન્દુ છે, વૈષ્ણવ છે, શાકત છે; ધંધો શું છે, એમનું પૂર્વ જાણકારીને મારું શસ્ત્ર બનાવવાનું છે. એનાથી સજ્જ રહેવું છે. એટલે જાણકારીના ઘોડા પર ચઢીને આપની સાથે મારે વ્યવહાર કરવો છે. હવે જુઓ, માણસ કયાં છેતરાય ખાય છે.

ટેબલ છે, અને ટેબલની માહિતી પ્રાપ્ત કરવી હોય, તો ટેબલ તો હજુ ટેબલ છે, આજે પણ છે, કાલે પણ છે અને એ રહેવાનું છે. એના ગુણ-ધર્મમાં ફરક

નથી પડતો. જોકે વિજ્ઞાન કહે છે કે ફરક પડે છે. જડમાં જે માનસ છે, મન છુપાયેલું છે, એની શોધ રશિયાના વૈજ્ઞાનિકોએ કરી છે. એક બહેન રશિયામાં છે, આજે પણ જીવે છે. એ જડમાં જે મન છે, એની સાથે સંવાદ સાધી લે છે. મીણબત્તી સામે રાખી છે, એને કહે છે-ઘણા જ પ્રેમથી, કે તારી જરૂરિયાત છે, તું સળગી ઊઠ. તો એ પોતાની મેળે સળગે છે. એના ચશ્મા રાખ્યા છે. એની તરફ પ્રેમથી જોઈને એને કહે છે તો પોતે આવીને નાક પર ચઢી જાય છે. રોટલીનો ટુકડો હોય, પાણી ભરેલો પ્યાલો હોય, એ અહીંથી ત્યાં ચાલ્યાં જાય છે. આંતરખંડીય પરિષદોમાં એ બહેને પ્રયોગ કરીને બતાવ્યું છે. મનમાં જડ 'ભૂત'પર પ્રભુત્વ જમાવ્યું નથી, પણ જડ અને મનની વચ્ચે સંપર્ક સાધ્યો છે. તો, ફરક એમાં પણ પડે છે. એ આપણો હાલનો વિષય નથી. એને છોડી દઉં છું.

આપ લોકો કહેશો કે શિબિરમાં શું સાંભળવા આવ્યા હતા અને આ વિશ્વનું કેટલું મોટું કેન્વાસ ફેલાવી દે છે. શું-શું જોઈએ, શું-શું સાંભળીએ, એટલે સમેટી લેવામાં મુશ્કેલી થાય છે. દૃષ્ટિના ક્ષેત્રમાં આ આંખોને આખું વિશ્વ, જેમાં ભૂગોળ, ખગોળ અને ઉપગ્રહ બધું જ આવી જાય છે, એને સામે લઈને અમે બેસીએ છીએ. માટે સમેટવું મુશ્કેલ છે. સંવેદને હું તે કેવી રીતે સંક્ષિપ્ત બનાવું, એમાં જ પૂરતી શક્તિ ખર્ચાઈ જાય છે. તો આપ સાંભળી લો. કદાચ કયારેક એનો ઉપયોગ થઈ જાય, ન થાય તો છોડી દેજો.

એમ કહી રહી હતી કે ટેબલ તો આજે પણ ટેબલ છે, કાલે પણ ટેબલ રહેશે. તો માહિતી મેળવીને, એ માહિતીને આધારે જ એ ટેબલ સાથે વ્યવહાર થઈ શકે છે. માણસ ટેબલ નથી. માણસ તો ચૈતન્યનું કિરણ છે. આ માટીના લોંદા પર ઈંદ્રિયોનાં તાર લાગેલા છે, એમાં ચૈતન્યનું કિરણ છે, પ્રકાશ છે, જડતા નથી. આપ માણસનાં ચૈતન્યકિરણની જાણકારી પ્રાપ્ત કરશો અને એ તો બદલાતું રહેશે. એનામાં બદલાવાની શક્તિ છે. માનવ-દેહનું મૂલ્ય એટલાં માટે જ છે કે એમાં દિવ્યતાની સંભાવના પડી છે. જે દેહ દેખાય છે, એ સ્વરૂપ માટે માનવનું મહત્ત્વ નથી, પણ અંદર જે દિવ્યતાની સંભાવના છે તેને માટે છે. માટે એ કયારે બદલાશે એનું ઠેકાણું નહીં.

માની લો કે ગુસ્સામાં કોઈએ કંઈ કહી દીધું. વાત લાગી ગઈ, ચોટ લાગી, આપણું ચિત્ત ઘાયલ થયું, અહંકારને ઠોકર વાગી, ઘટના તો થઈ ગઈ, કંઈક હતું,

ખરાબ ચિંતા હતી કે ગમગીની હતી, અગર કંઈક તો જરૂર હતું. માની લ્યો, તો એ વ્યક્તિ તો બોલી ગઈ. એક નિરાશ ચિત્તની અવસ્થામાં મુખમાંથી વાત નીકળી ગઈ–જાણી જોઈને કે અજાણતાં, વિકારના કોઈ ને કોઈ વાદળો ઊઠતાં રહે છે. આપણી દૃષ્ટિ અને વૃત્તિ નિર્ભ્રાન્ત રહેતી નથી. હવે વાત તો બની ગઈ. એનાથી દુઃખ થયું એ પણ બરોબર છે. એક પ્રતિકૂળ સંવેદન થઈ ગયું પણ એને હું સ્મૃતિમાં સંભારીને સાચવી રાખું. આણે આમ કહ્યું છે, એણે મને આમ કહ્યું છે. કહેવાની ઘટના તો ચાલી ગઈ અને પછી પેલી વ્યકિત મળે છે. અને પછી હું કહું છું, હા, આજે હું જોઈ લઈશ, કાલે મને આમ કહ્યું હતું. હવે ગઈ કાલે કહેનારી જે અવસ્થા હતી એ તો નીકળી ગઈ છે અને આજે ચિત્ત પ્રફુલ્લિત છે, ખીલેલું છે, પણ સમય આવે ત્યારે આપણું મોં એવું છે કે ખીલેલું ચિત્ત કરમાઈ જાય, આવે ત્યારે આપણું મોં એવું છે કે ખીલેલું ચિત્ત કરમાઈ જાય, કારણ આજ આપણે છીએ જ નહીં, આપણે તો ગઈ કાલની એ ક્ષણ પર જ રોકાઈ ગયા છીએ, ત્યાંથી આગળ ચાલ્યા નથી. તો પછી એમ જ લાગ્યા કરે છે કે એ વ્યકિત કયારે આવશે અને આપણે કયારે એનો બદલો લઈએ ? વ્યકિતની અવસ્થામાં ફેર પડયો, પણ આપણે એ ઘટનાને ચોંટીને બેઠા છીએ, એ સંવેદનને ચોંટીને પડયા છીએ.

એટલે માનવ જીવી શકતો નથી ને ! એક એક સંવેદનને ચોંટી રહે છે. એકનો બદલો ચૂકવતા ચૂકવતાં સો જન્મ લાગી જશે. પણ પ્રતિક્રિયામાં જ આપણને આનંદ છે, પછી જીવવાની ફુરસદ કયાંથી મળે ? કોઈએ ખુશામત કરી, પછી પ્રશંસા કરી; વાહ, બહુ જ સરસ ! બે-ચાર વાતો કહીને પ્રશંસા કરી; અહંકારને ગલગલિયાં થયાં, ઘણું પ્રિય લાગ્યું. મેં જેને પકડયો, એ તો ચાલ્યો ગયો. પણ આપણે પકડીને બેઠાં છીએ. એના શબ્દોનો જે નાદ છે તે પણ ચાલ્યો ગયો, આકાશમાં વિલીન થઈ ગયો. એ નાદના આઘાતથી અહીં જે ગલગલિયા થયાં, એનું શબ લઈને આપણે બેઠાં છીએ. હવે કાલે મળે તો કેવી રીતે ફરી એ પ્રશંસા કરે ? પોતાને તૈયાર કરવામાં, જીવવાની ફુરસદ નથી.

આપ સુખનાં સંવેદનની સ્મૃતિમાં રોકાઓ છો કે દુઃખનાં, વાત તો એક જ છે. ધૃતિમાં, સ્મૃતિમાં, એને સંઘરવામાં આપ અટકી જાઓ છો. આપની જાણકારી અને આપની અનુભૂતિ, માનવીની સાથે આપનો જે સંબંધ છે એને માટે એ પ્રત્યવાય ઊભો કરે છે, માટે જ્ઞાન અનિવાર્ય છે. યંત્રોની સાથે સંબંધ

અહીં આવે છે. તથ્યને નિભાવવા માટે તથ્યની સાથે સંબંધ છે, તથ્યના માર્ગ પર ચાલવા માટે, પણ અહીં જીવવાનું છે અને માનવો સાથે તો જીવવાનું જ બની શકે છે, ત્યાં પુનરાવર્તન કેવું ? ત્યાં ફરી જીવવાનું શી રીતે ? કાલે જે આપ હતા અને આજે સવારમાં આપ જે હતા અમે જે હતા; કોઈ કહે સવારે કહ્યું હતું તે ફરીથી કહો ને ! તો ન તો એ સવાર છે, ના એ સૂર્ય-નારાયણના દર્શન છે, ના એ ઉષ્મા છે, ન તો સાગરના એ દર્શન છે, ન આપ એ છો, ના અમે એ છીએ. પુનરાવર્તન કેવી રીતે કરીએ ? એ ટેપ રેકોર્ડર કરી દેશે, અમે કેવી રીતે કરીએ ?

માનવના સંબંધોમાં જ્યાં પુરાવર્તન આવ્યું ત્યાં જીવન તો યાંત્રિક થયું, માટે વિકારોની પૂર્તિ કરવામાં માનવ થાકી જાય છે, કારણ કે ત્યાં પુનરાવર્તન છે. માટે વિચારોના આવેશ અને અભિનિવેશની પૂર્તિ કરવામાં માણસ વાસી પડે છે, કારણ કે પુનરાવર્તન કરવું પડે છે. બેવડાવવામાં, પુનરાવર્તનમાં સર્જનનો આનંદ નથી, મનુષ્યને સાચો આનંદ સર્જનાત્મક જીવનમાં છે. હરેક પળે કંઈક ને કંઈક નવું સર્જન થતું રહે, 'પ્રતિક્ષણ નવનવતામુપૈતિ' આ આ બહારનું ફક્ત કુદરતનું લક્ષણ નથી, પરંતુ આ લક્ષણ આપના આત્માનું પણ છે. સર્જન માટે તરફડે છે, અભીપ્સા છે, તરસે છે, અને આપણે એને પુનરાવર્તનમાં, ફરીથી કરવાના યંત્રમાં નાંખીને કાઢવા માગીએ છીએ. વિચારનો રસ તો એ જ વખતે સૂકાઈ જાય છે જ્યારે એક વાર આવેલ વિચાર અનુસાર કર્મ કરી દીધું; જેમ કે શેરડી છે, યંત્રમાં નાંખી, રસ કાઢીને ફેંકી દીધી. એક વાર વિચારની ક્રિયા કરી લીધી, પછી ફરી વાર એ વિચાર મુજબ ક્રિયા કરવા જઈએ છીએ. રસ તો નીકળી ગયો; વિકારોના રસ પણ આ જ પ્રકારના છે. વિચારોના રસ પણ નીકળી જાય છે.

સંવેદનશીલ વ્યક્તિને માટે, જીવનારને માટે આનંદ પુનરાવર્તનમાં નથી, ફરી જીવવાનું જીવનમાં નથી. જ્ઞાન પુનરાવર્તન છે. અને એક મુદ્દો કહી દઉં કે જ્ઞાનનો ઉપયોગ ત્યાં છે જ્યાં અનુમાન અને તર્કને કામમાં લાવવું પડે છે. શાસ્ત્ર બનાવવું છે, પછી એ અર્થનીતિ હોય, કે રાજનીતિ હોય, કે સમાજનીતિ હોય, કે ધર્મશાસ્ત્ર હોય. આ બધાં જે શાસ્ત્ર બને છે, ત્યાં જ્ઞાન અનિવાર્ય છે, કારણ તેમાં વ્યવસ્થા છે. 'ધર્મોધારયતે પ્રજાઃ' 'ધારણાદ્ ધર્મ ઈત્યા હુઃ' સમાજની ધારણા કેવી થશે એની વ્યવસ્થા કરવાની છે, એટલે સંયોજન કરી દે છે. ધર્મ એટલે સંયોજિત, સુવ્યવસ્થિત વિચાર માટે ત્યાં જ્ઞાનનો ઉપયોગ છે. અનુમાન, તર્કથી

કામ લેવું પડે છે. ત્યાં આપ્તવચનનું મહત્ત્વ છે, ત્યાં પરંપરાનું મહત્ત્વ છે, ત્યાં જાણકારીનું મહત્ત્વ છે. સ્વરૂપની ઉપલબ્ધિમાં આ સાધન અસંગત છે, સત્યની ઉપલબ્ધિમાં એનું કોઈ સ્થાન નથી.

પ્રશ્ન : શ્વાસોચ્છ્વાસ પર જો ધ્યાન આપે તો સૂરતા રખડી પડે છે, એવું બહુ લોકોએ કહ્યું છે. એવી બહુ લોકોની સલાહ મળી છે. તો શું શ્વાસ અને ઉચ્છ્વાસની વચ્ચે નામને રાખવું ?

ઉત્તર : શ્વાસ લેવાનું પૂરું કયાં થાય છે અને ઉચ્છ્વાસ લેવાની શરૂઆત કયાં થાય છે, પહેલાં એ જોઈએ. આપ જ્યારે શ્વાસ લો છો ત્યારે આપ બે તત્ત્વો લો છો. એક તો વાયુ લો છો, જે કાંઈ પણ ઓકિસજન, હાઈડ્રોજન એમાં હશે, અને બીજું, શ્વાસ લેતી વખતે જો આપની સંવેદનશીલતા જાગ્રત હશે તો આપે જોયું હશે કે ચૈતન્ય પણ લઈએ છીએ. પ્રાણવાયુની અંદર છુપાયેલા જે ચૈતન્યનો ઉન્મેષ છે, વિસ્ફોટ જેવા ચૈતન્યના જે કમ્પનો છે, સ્પન્દનો છે, એ પણ લો છો. આ સભાનો વિષય સ્પન્દન તો છે નહીં. એ સ્પન્દન શું છે, કમ્પન શું છે, એની કાંઈ માહિતી છે શું ? સાત સ્વરોની ઓળખ ન હોય, તો રાગ ઓળખી શકાય નહીં. વિષયના ઊંડાણમાં નથી જતી, ઈશારો ફકત કરી દઉં છું. માટે શ્વાસ લેતી વખતે વાયુ તો લઈએ છીએ. પણ એની અંદર જે ચૈતન્ય તત્ત્વ છે, એ ન હોય તો શરીર ટકશે નહીં. શ્વાસોચ્છ્વાસમાં જે કાંઈ આપ લો છો અને બહાર કાઢો છો એના પર શરીરનું જીવવું છે. પણ જે પણ વાયુ આપ લ્યો છો, એ જ જીવનનું તત્ત્વ નથી, એમાં જે ઊર્જા છે, એ ઊર્જા જીવનનું તત્ત્વ છે. આપ જે હવા, આ પવન અંદર ખેંચો છો અને ધમણ ચલાવીને બહાર ફેંકો છો, એ ઊર્જા નથી. બન્ને જુદાં સમજો.

શ્વાસોચ્છ્વાસ લઈને પણ ઊર્જા ન લેનારા, અને થોડા શ્વાસોમાં વધુ ઊર્જા ગ્રહણ કરનાર બન્ને પ્રકારની વ્યકિતઓ છે. એ શીખવું પડે છે કે શ્વાસ અંદર લેતી વખતે વાયુ પણ લઈએ અને ઊર્જાની સાથે સંયોગ સાધીએ. આ યોગશાસ્ત્રનો મર્મ છે. યોગાભ્યાસમાં પ્રાણાયામમાં કેવળ પૂરક કુમ્ભક, રેચક કરવાની યાંત્રિક ક્રિયા શિખવાડે, અને આ ન શીખવે તો એ તો એનું બહારનું અંગ છે, છોતરું છે, જી. ઠીક, આપે શ્વાસ લીધો. એ કયાં ગયો ? નાકમાંથી કયાં ગયો ? એનો કેટલો ભાગ છે, કેટલો અંશ છે જે કપાળમાંથી ઉપર ચઢે છે, મુખમાંથી કાનની તરફ

કેટલો દોડે છે, ગળાની નીચે કેટલો ઊતરે છે. ફેફસાંઓમાં કેટલો જાય છે, પેટમાં કયાં સુધી જાય છે ? શ્વાસની ગતિને તો પહેલાં જુઓ, પછી ઉચ્છ્વાસ પર આવીશું. આ ઘણું રોચક, ઘણું રસમય કાર્ય છે. અંતરયાત્રા એ જીવન સાથેની રસમય રમત છે. પોતાની જ સાથે રમી રહ્યા છો. પણ એકાંતમાં બેસવામાં જ પ્રેમ નથી આવતો, માણસ ગભરાય જાય છે.

એટલે આ જ શ્વાસ ઉચ્છ્વાસ બનીને બહાર નીકળે છે. પ્રશ્નકર્તાનો પ્રશ્ન શ્વાસની બાબત નથી, એ તો શ્વાસોચ્છ્વાસની અંદર જે કરી રહ્યા છીએ, બે શ્વાસોની વચ્ચે નામ લેવાનું અગર શ્વાસ લીધો અને કાઢયો એટલે શ્વાસ અને ઉચ્છ્વાસની વચ્ચે નામ રાખવાનું કહી રહ્યા છે. બે શ્વાસની વચ્ચે, એટલે એક શ્વાસ લીધો અને એનો ઉચ્છ્વાસ કર્યા બાદ બીજો શ્વાસ લેવાનો તે પહેલાં નામ રાખવાનું કહે છે.

શ્વાસ અંદર ગયો અને બહાર આવ્યો. જો એને બરોબર જોશો તો ખબર પડશે. શ્વાસના મૃદુતમ આઘાતથી, કોમળ આઘાતથી, અંદરની નાડીઓમાં વહેનાર નાદ બોલે છે, અનાહત નાદ બોલે છે. 'રામ કરે મેરા જપ, મૈં કરું આરામ' - અંદર બેઠાં બેઠાં રામ એટલે એ ઊર્જા જપ કરે છે અને હું આરામ કરું છું. કોઈ ફક્કડે કહ્યું છે. અમારો કબીર હશે, બીજું કોણ હોય ? આવી અવધૂતી વાણી એમની જ છે. અવધૂત સમજો છો ? 'આપાદતઃ ધૃતમ્ પ્રક્ષાલિતમ્ યેન' પોતાની સમગ્રતાને આપાદ કહો, એ જેણે પ્રક્ષાલિત કરી દીધી, એ અવધૂત. અવધૂતી વાણી છે. માટે શ્વાસ અંદર જાય છે. ઘણો મૃદુ અને કોમળ આઘાત છે. ત્યારે અંદર એનો આઘાત થાય છે. ઉચ્છ્વાસ ઉપર ઊઠે છે ત્યારે પણ આઘાત થાય છે. આઘાત શબ્દ એને માટે કઠોર છે. સ્પર્શ કહું ?

આપણાં શ્વાસોચ્છ્વાસમાં આઘાત થાય છે, અને યોગીના શ્વાસોચ્છ્વાસમાં આઘાત, સ્પર્શ બની જાય છે માટે અમે આ આઘાતને મૃદુ અને કોમળ વિશેષણ આપી રહ્યા છીએ, કારણ ઈશારો કરવા ઈચ્છું છું કે એને સ્પર્શ બનાવો. આપણે તો જોરજોરથી લુહારની ધમણ ચાલે છે તેમ શ્વાસોચ્છ્વાસ કરીએ છીએ, એ આઘાતને કારણે નાડીઓમાં જે સ્વયંભૂ નાદ છે, એ બોલી ઊઠે છે. કોઈ સાત નાદ કહે છે, કોઈ આઠ. તાંત્રિકો આઠ માને છે, માટે જે સાતે પ્રકારના સ્વયંભૂ અનાહત નાદ નાડીઓમાં વહે છે, જે આજે સંભળાતા નથી,

એ શ્વાસોચ્છ્વાસના સ્પર્શથી આંદોલિત થઈને બોલી ઊઠે છે, એને સાંભળવું એ છે શ્રવણ.

શ્રવણ, મનન, નિદિધ્યાસન, આપ લોકો શબ્દોનો ઉપયોગ કરો છો, પણ શ્રવણ કોનું છે ? બહારના નાદનું ? રામ, કૃષ્ણ, ગોવિંદ, શિવ, સરસ્વતી, કાલી એ બરોબર છે. પણ શ્રવણ એ અંદરનું છે. શ્રવણ જ્યાં સુધી બહાર છે, ત્યાં સુધી શ્રવણ પણ ઉપાધિ બની શકે છે. શ્રાવ્ય અંદર હોય ત્યારે એ ઉપાધિ નથી. એ સહજતાનો માર્ગ પ્રશસ્ત કરનારો પ્રકાશ છે. માટે શ્વાસોચ્છ્વાસમાં આ શ્વાસ અને ઉચ્છ્વાસ બન્ને મળીને લય બને છે. આરોહ-અવરોહ જોઈ લેજો. આ આરોહ-અવરોહમાં સ્વયંભૂ નાદ ઊઠે છે, એને સાંભળી લીધો. હવે આ જે શ્રવણ છે, એને ધારણ કરવા માટે બીજો શ્વાસ લેતા પહેલાં, બે શ્વાસની વચ્ચે થોડું અંતર હોવું જોઈએ. પણ આપણો જે ઉચ્છ્વાસ છે, એ બાર આંગળ પણ પહોંચતો નથી, એ પહેલાં જ આપણે બીજો ખેંચી લઈએ છીએ. આ મર્યાદા છે કે બાર આંગળ સુધી શ્વાસ, ઉચ્છ્વાસ પહોંચે ત્યાં સુધી બીજો શ્વાસ ન લ્યો. પણ અહીં તો જોરથી બહાર ધકેલ્યો કે બીજો શ્વાસ લઈ લીધો.

૨૪ કલાકમાં માણસ ૨૧,૬૦૦ વખત શ્વાસ લે છે. જો શ્વાસ દીર્ઘ બનાવે તો આ સંખ્યાને ઓછી કરતાં કરતાં, એક તૃતિયાંશ સુધી લઈ જઈ શકાય છે. માટે, સામાન્ય માણસ બે શ્વાસ, ત્રણ શ્વાસ લેશે, એટલામાં યોગી એક શ્વાસમાં નભાવી લેશે, ચલાવી લેશે. કારણ કે જે વાયુ અગર પવન એ અંદર લે છે એને ધારણ કરવાની એની શક્તિ હોવાને કારણે, અને બે શ્વાસોની વચ્ચે અંતર હોવાથી, આયુષ્ય વધી જાય છે. ૨૧,૬૦૦ શ્વાસ લેવાં છે. હવે આપ એને ૨૪ કલાકમાં લ્યો છો કે આપ ૪૦ કલાકમાં લ્યો છો એનો આધાર આપના પર છે. 'યોગઃ કર્મશુ કૌશલમ્' બરોબર છે. આ કાંઈ બહુ અધ્યાત્મની વાત કહી રહી નથી, યુક્તિ છે, યોગયુક્તિ છે.

એટલે શ્વાસ અને ઉચ્છ્વાસના કોમળ સ્પર્શથી જે નાદ આંદોલિત થાય છે, એને સાંભળવો છે કે એનો જપ થાય અને જે સાંભળ્યું તે બે શ્વાસોની વચ્ચે ધારણ કરીને ફરી શ્વાસ લેવો. સ્મરણને બદલે અમે શ્રવણ કહીશું. સ્મરણ કહ્યું છે ને ! એની વચ્ચે નામ રાખો તો ? નામને રાખશો કયાં અને કોણ રાખશે ? એને 'ઓમ્ સોડહમ્' કહ્યો. શ્વાસનો જે નાદ ચાલે છે-શ્વાસોચ્છ્વાસનો, એને બહુ

ખૂબીથી સાંભળશો, તો પ્રણવનો નાદ સંભળાય છે. જેમ કે સાગરનો નાદ રાત્રે કદીક સાંભળ્યો હશે. હમણાં બે-ત્રણ રાત્રીઓ, અહીં વ્યતીત કરી છે ને ! તો રાત્રે ઝરૂખાઓમાંથી, બારીઓમાંથી આંદોલિત થઈને જે સાગરનો નાદ આવે છે, ખાસ કરીને મધ્યરાત્રિમાં, એને ધ્યાનથી સાંભળજો. એ પ્રણવનો નાદ છે. એ જ રીતે અંદર પ્રણવ ચાલે છે. એને સાંભળશો તો 'સુરત' શબ્દયોગ થઈ જશે. પછી 'સુરતા' ભટકશે નહીં. પ્રશ્ન લખનારે કહ્યું કે 'સુરતા' ભટકે છે. એ તો પહેલેથી જ બિચારી ભટકતી હતી. આપની અંદરની અંધારી ગલીઓમાં ભટકતાં ભટકતાં થાકી ગઈ છે. આ 'સુરતા' શબ્દયોગનો વિશેષ ઉપયોગ રાધાસ્વામી પંથે, આ દેશમાં કર્યો છે. એ વિષે તાંત્રિકોમાં સ્વામી પ્રત્યગાત્માનંદ સરસ્વતીએ સારો ગ્રંથ લખ્યો છે. નાદ પર, સ્પંદન પર સારું વિશ્લેષણ છે, 'જપસૂત્રમ્' એ નામનો બંગાળી અને સંસ્કૃત ભાષામાં ગ્રંથ છે, એનો હિંદીમાં થોડો ભાગ અનુવાદ પણ થયો છે. અંગ્રેજીમાં પણ સંક્ષિપ્ત રૂપાંતર નીકળ્યું છે.

અંદર અનાહત નાદ છે, જેણે આ અનાહત નાદનો સ્વાદ ચાખ્યો નથી, એના આહત નાદમાં મધુરતા આવી જ શકતી નથી. એમના સ્વરમાં મધુરતા નથી આવતી. આપના ભ્રમણમાં, આપનાં જીવનમાં કદી યોગીઓ સાથે પરિચય થયો હોય તો આપ જોશો કે એમના સ્વરમાં એક પ્રકારની મધુરતા છે, એ લાવણ્ય છે સ્વરમાં, એ કંઠનું લાવણ્ય નથી હોતું એમ કહી રહી નથી. એમનો સ્વર જે રીતે અંદરના તંતુઓમાંથી નીકળે છે, એમાં એક કોમળતા, એક માર્દવ, એક લાવણ્ય છે. લાવણ્યયુક્ત સ્વર અને કદરૂપ સ્વરને જોયા છે રે, ભાઈ ? માટે એ જે અનાહત નાદ છે એનો સ્વાદ ચાખો. અનાહતનો પ્રકાશ આપના બહારના પ્રકાશોથી બિલકુલ જુદો છે.

ન તત્ર સૂર્યોભાતિ, ન ચન્દ્રતારકમ્ ।
નેમા વિદ્યુતો ભ્રાન્તિ, કુતોડયમગ્નિઃ ॥

આ આલોકનું વર્ણન પૂછશો તો કહે, અગ્નિના જેવો નહીં. સૂર્યના, આદિત્યના પ્રકાશ જેવો નહીં, તારાઓના જેવો નહીં, વિદ્યુલ્લતાનાં જેવો નહીં, આપના જેટલાં પણ પ્રકાશ પરિચિત છે, જેની વ્યાખ્યા આપની પાસે છે, જેના સહિયારા ભાવ આપના લોહીમાં જાગ્રત છે, એ પ્રકારનો આ પ્રકાશ નથી. તો અનાહતનો પ્રકાશ, અનાહત નાદનો સ્વાદ ચાખવાથી આહત નાદમાં લાવણ્ય

છે, મધુરતા છે, માર્દવ છે, બધા રસ છે. આખરે જીવન રસ છે, રસાયન છે, 'રસાનામ્ વૈ રસઃ' રસમય છે. અને જીવન જીવવું એ રસિકોનું કામ છે. પછી સુરતા ભટકે નહીં.

પ્રશ્ન : ધ્યાન કરવાના અભ્યાસમાંથી આંતરડાનો રોગ થાય છે, એવું ડોક્ટરોનું કહેવું છે. આ ભ્રમ છે કે આમા કાંઇ તથ્ય છે ?

ઉત્તર : ભ્રમ નથી, એમાં તથ્ય છે. આપના ઘરોમાં, કુટુંબોમાં બાળકો તો હશે જ. બાળકો ભણતા હશે. માની લો કે મેટ્રિકમાં ભણતો છોકરો છે, છોકરી છે, કોલેજમાં ભણનાર છે. પરીક્ષાના એના દિવસો છે. દૃષ્ટાંત, ઉદાહરણ અહીંથી જ આવશે તો એનું અનુસંધાન ખબર પડી જશે. એટલે, હવે દિવસ-રાત ભણે છે, આખું વર્ષ ભણતો નથી, ફક્ત એક-બે માસમાં બાર મહિનાની કસર કાઢવી છે તો રાતને દિવસ બનાવી દે છે. મા પણ બિચારી ઘણાં વહાલથી રાત્રે ચા પિવડાવી-કરીને એની મદદ કરે છે. ભણો, દીકરાની પરીક્ષા છે, ભણો. જાણે કે પરીક્ષા કોઈ સંકટ છે. એ સ્કૂલ, કોલેજમાં મોકલે છે ભણવા માટે. પરીક્ષા આવી કે આખાયે કુટુંબની કમબખ્તી છે. હવે એ દીકરો ભણે છે. ભણવામાં જરા પ્રામાણિક હોય, પરિસ્થિતિ અમીરની ન હોય, કે જેથી નાપાસ થવા છતાં મા-બાપ ચલાવી લેશે. મધ્યમ વર્ગનો હોય ને ભણતો હોય, નપાસ થઈશ તો આગલા વર્ષમાં કોલેજમાં જઈ નહીં શકું, એમ થાય ત્યારે છોકરો એકાગ્ર થાય છે.

એકાગ્રતાથી શરીરમાં ગરમી વધી જાય છે. કયારેક કરીને જુઓ. કોઈ એક બિંદુ પર ચિત્ત એકાગ્ર કરીને દસ મિનિટ જુઓ, ત્રાટક કરીને જુઓ, ગરમી વધશે. એકાગ્રતામાં બધુંયે અવધાન, બધી ઊર્જા બધી શક્તિ એક બિંદુ પર લગાડો તો એને ધાર આવી જાય છે. અને એ ધારને ધારણ કરવાની તો ટેવ નથી. આખું વર્ષ તો છોકરો એકાગ્ર હોતો નથી, વ્યગ્ર રહે છે. હવે એકાગ્રતામાં ઉષ્ણતા હોય છે, એ ઉષ્ણતાને શાંત પાડવા જો મા-બાપ સમજદાર ન હોય, ઉપાય ન કરે તો આંખ બગડી જાય છે. પરીક્ષામાંથી છોકરાઓ નીકળ્યા, છેલ્લા દિવસે પેપર આપીને આવ્યા તો લાગે છે કે વધસ્થાન પરથી છુટીને ભાગ્યા. શરીર પાતળું પડી ગયું છે, વજન ઘટી ગયું છે, મોં લેવાઈ ગયું છે, સંકોચાઈ ગયું છે અગ્નિ મંદ પડયો છે, રાત્રે ઊંઘ આવતી નથી. કેટલી વ્યાધિઓ લઈને આવે છે. ચિત્તની એકાગ્રતા એક

અડધો મહિનો જ રહી. આપ જોશો કે અનેક વ્યાધિ લાગુ પડી જાય છે. આખું વર્ષ નિયમથી ભણનાર છોકરો હોય તો આ ઉપદ્રવ થતો નથી.

આપણને ચોવીસ કલાકના વ્યવહારો ધ્યાનાવસ્થિત થઈને કરવાની ટેવ નથી. એક કલાકમાં સઘળું બળ લગાડી રહ્યા છે, જેમ કે કોઈ અખાડામાં કુસ્તી ખેલવાની હોય. એમ મનના મૌનમાં ધ્યાનાવસ્થામાં જે આપની વિખરાયેલી ઊર્જા પડી હતી. વિરોધી વિચારોમાં, વિરોધી ઈચ્છાઓમાં અસંગત આકાંક્ષાઓમાં, વાસનાઓમાં વિખરાએલી ઊર્જા હવે પાછી ફરવા લાગે છે. શરીરના અંગો, પ્રત્યેક અંગોમાંથી પાછી ફરીને પોતાના મૂળ સ્થાનમાં, નાભિકેન્દ્રમાં ઊર્જા પાછી ફરે છે. હવે ફેલાયેલી નથી, 'કાચબો જેમ પોતાના અંગોને સમેટી લે છે' એ જે પ્રમાણે ઊર્જા પોતાના અવધાનની જુદી જુદી દિશાઓમાં ફેલાયેલા જે કિરણો છે, એને સમેટી લઈને નાભિકેન્દ્રમાં પોતાના મૂળસ્થાનમાં પાછી ફરે છે. એ બિચારી ફેલાયેલી હતી તો અવધાનમાં તરલતા હતી, માનો કે અવધાનમાં મિલાવટ કરેલી હતી. ઊર્જા ફેલાયેલી હતી એને આપણે સહન કરી શકતા હતા. હવે એ નાભિકેન્દ્રમાં પાછી ફરી ગઈ છે. પોતાની સમગ્રતામાં સમેટાય ને કેન્દ્રમાં ઓતપ્રોત થઈ ગઈ છે. હવે જે પોતે પોતાને સમેટી લઈને સમગ્રતામાં ઉપસ્થિત થઈ ગઈ છે, એટલે ઉષ્ણતા વધી જાય છે. એની સમગ્રતાને ધારણ કરવાની શકિત આપણામાં નથી. ગરમી વધી જાય છે, જો મનના મૌન સુધી પહોંચી ગયા હો તો !

અમારા જેવા તો જીવનભર પણ બેઠા છીએ, પરંતુ મૌન સુધી આપણે પહોંચતા નથી. એટલે ઉષ્ણતા આપણામાં વધશે નહીં. પ્રશ્નોના જવાબ બતાવવામાં એક મોટું નુકશાન થાય છે કે માણસ જરા ભાવનાપ્રધાન હોય અને કલ્પનાશીલ હોય તો પોતાને માટે કલ્પના કરી લેશે કે મારામાં આ લક્ષણ છે. કુંડલિનીની જાગૃતિનાં લક્ષણો છે. કેવળ હિસ્ટીરિયા જેવું હોય છે ને ! કુંડલિનીના નામ પર 'હિસ્ટરીકલ' માણસોને જોયા છે. ઉષ્ણતા છે, કુંડલિની જાગ્રત થઈ ગઈ છે, એનો સંચાર થઈ ગયો છે. આ બધી એમની માનસિક કલ્પનાઓ છે. એમની કલ્પનામાત્રથી એ લક્ષણો ઉત્પન્ન કરી લેવાય છે. આખરે 'હિસ્ટરીકલ' માણસ કરશે પણ શું ? એટલે હિસ્ટીરિયાવાળાનું કામ અહીં ચાલતું નથી. એમાં તો પોલાદ જેવું શરીર જોઈએ. આજકાલ અધ્યાત્મના નામે બહુ રમત ચાલે છે. માટે મેં આજે ગંભીરતાથી વાત મૂકી. એ ગહન અને ગંભીર વિષય છે. જીવન

પરિવર્તન જીવન-વિસ્ફોટનો વિષય છે, બચ્ચાઓનો ખેલ નથી કે બે દિવસમાં કુંડલિની જાગ્રત થઈ, ત્રણ દિવસમાં સમાધિ લાગી ગઈ અને ચોથે દિવસે મુકત થઈને ફરવા લાગ્યા; એમ થતું નથી. આપ દારૂ પીને ઉન્માદની કૃત્રિમ અવસ્થા ઉત્પન્ન કરી શકો છો. એ જ પ્રમાણે ભાવનાનાં, કલ્પનાનાં ખમીરથી આપ આવી દશાઓને નિર્માણ કરશો અને ઉન્માદનું વાતાવરણ ઊભું કરીને એને કેટલક વખત માટે જીવતું પણ રાખશો. પણ એ સમગ્રતાનો વિકાસ નથી એ પરિવર્તન નથી. એથી માનવનો વ્યવહાર નથી બદલાતો. બીજાઓની સાથેના વ્યવહારમાં કોઈ આમૂલ પરિવર્તન નથી આવતું. એ ઉત્ક્રાન્તિ નથી. શકિતઓની સિદ્ધિઓની, ઉપલબ્ધિ જીવન-પરિવર્તન નથી.

એટલે અમે કહી રહ્યાં હતાં કે મૌનની અવસ્થામાં પહોંચાય તો પણ આ ઘટિત થાય છે. ઊર્જા પોતાની સમગ્રતામાં પોતાના નાભિકેન્દ્રમાં પાછી વળીને ઉપસ્થિત થાય છે. હવે ઊર્જા જ્યારે સમગ્રતામાં ઉપસ્થિત છે, એની ગતિ કેટલી હશે ? આપને દોડવાની ટેવ નથી, અને હું આપને દોડવું તો ? એક ફર્લાંગ જ, વધારે નહીં તો હાંફી જવાય છે જે ! ઉષ્ણતા વધી જાય છે, નાડીની ગતિ વધી જાય છે. રકત ચાપ વધી જાય છે. ખરું ને ! ચઢવાની ટેવ નથી, અને ગિરનાર પર ચઢાવી દઉં તો, દત્તાત્રેયની ટુંક સુધી નહીં, પણ ગોરખનાથની ટુંક પર અડધે ચઢાવી દઉં તો ! આપના શરીરની પછી ડોકટરથી તપાસ કરાવી લેજો. હૃદયના ધબકારા નાડીની ગતિ, બ્લડપ્રેસર, બધું જ વધી જશે, આંતરડા સંકોચાઈ જશે. આ બધું થશે. આમ, જ્યારે ઊર્જા પોતાની સમગ્રતામાં અનંત ગતિથી ફરવા માંડે છે. તો આખા શરીરની ઉષ્ણતા વધી જાય છે.

આ ઉષ્ણતાના શમન માટે કંઈક ઉપાય કરવા પડે છે, ધ્યાનાવસ્થાના કેટલાક પથ્ય સંભાળવા પડે છે. આહારના અને વિહારના એ ન સંભાળીએ તો એ ઉષ્ણતાથી આંતરડાની વ્યાધિનું નિર્માણ થવાની સંભાવના છે. એ અવસ્થાની ઉત્કટતા જે છે એ સહન નથી કરી શકતા, એટલે કેટલાક સાધક ક્ષય રોગથી પીડાય છે. આહારની બાબતમાં વૈજ્ઞાનિક દષ્ટિ ન હોવાને કારણે શ્રીમદ્ રાજચંદ્રનું શરીર ૩૫ વર્ષની ઉંમરમાં છૂટયું કારણ કે જીવનની ગતિ અત્યંત તેજ હતી. નિર્ગ્રંથાવસ્થાની અસીમ ગતિમાં પ્રતિષ્ઠિત થયા પછી આહારવિહારની બાબતમાં વૈજ્ઞાનિક દષ્ટિ રાખી ન હતી. આહાર શુષ્ક હતો, મુઠ્ઠીમાં સમાય તેટલો હતો.

જેટલા પ્રમાણમાં અન્ન જોઈએ એટલું ઉષ્ણતાના શમન માટે આપવામાં આવ્યું ન હતું. મેરુદંડ, ગર્દન, નાભિકેન્દ્ર પર કોઈ ગાયનાં ઘીનું માલિશ કરતું ન હતું. તપસ્યાને નામે હાથ-પગનાં તળિયામાં ગાયનાં ઘીનું માલિશ થતું ન હતું. કોઈ બ્રાહ્મી ખવડાવતું ન હતું. કોઈ કુષ્માંડ ઘૃત ખવડાવતું ન હતું. કોઈ સાકર ખવડાવતું ન હતું. ઉષ્ણતાથી લોહી તો સુકાતું જતું હતું. શરીરનું વજન ઘટીને ૬૪ પાઉન્ડ જેટલું પણ રહ્યું ન હતું.

હવે આ બધું કહું તો શ્રીમદ્‌ના ભક્તો દંડો લઈને ઊઠશે. આ લોકોને જેટલો પ્રેમ નહીં. હોય, એથી ઘણો પ્રેમ અમારો રાજચંદ્રને માટે છે. અહીં ગુજરાતની ભૂમિમાં સો-દોઢસો વર્ષમાં નહીં, પાંચસો વર્ષમાં એવો પરાક્રમી વીર થયો નથી. બધાં જૈન આગમોની ભવભવાન્તરની કલ્પનાને ઠોકર મારીને એક ભવમાં, એક ગૃહસ્થાશ્રમી, વ્યાપારી વ્યકિત મુકત થઈને ઊભા રહી ગયા. ઘણું જ રોમાંચક પરાક્રમ છે. એમને ગયે હજી સો વર્ષ પણ થયાં નથી. પણ આપણી ભૂલવાની શકિત અપાર છે. કંઈક મંદિરો બનાવી દીધાં. કંઈક મૂર્તિ બનાવી દીધી. હવે બેસો, બહુ થયું તો તમારા જન્મદિવસે 'આત્મસિદ્ધિ' શાસ્ત્રનો પાઠ કરી લઈશું. વૈજ્ઞાનિક દૃષ્ટિનો અભાવ રહેવાથી શરીર જલદી ક્ષીણ થઈ જાય છે. શરીરની ઉષ્ણતા વધતી જાય છે, અને શરીર સુકાતું ગયું. એટલે ડૉકટરોના કહેવામાં તથ્ય છે. ધ્યાનાવસ્થાની સાથે એનો કોઈ સંબંધ નથી. શરીર વિજ્ઞાનનું અજ્ઞાન છે, એટલે આમ થાય છે. બિચારા ધ્યાનને શા માટે બદનામ કરીએ ? લોકો એમ સમજે છે કે અધ્યાત્મ તરફ વળ્યા એટલે આયુર્વેદના જ્ઞાનની જરૂરિયાત નથી. શરીર વિજ્ઞાનની જરૂર નથી. મનોવિજ્ઞાનની જરૂર નથી. અધ્યાત્મ એકાંગી નથી. અધ્યાત્મ તો પોતાના અવધાનની કક્ષામાં જીવનની સમગ્રતાને સમજી લેવું તે છે.

પ્રશ્ન : સાચું શ્રવણ શું છે ? શ્રવણ, દર્શન અને જાગૃતિમાં શું સંબંધ છે અને શું ક્રમ છે ?

ઉત્તર : પ્રશ્ન ત્રણ શબ્દોનો પ્રયોગ છે-શ્રવણ, દર્શન, જાગૃતિ, પ્રશ્નકર્તાને એના સૌંદર્યનું ભાન છે કે નહીં, એ કહેવું મુશ્કેલ છે. સાચું શ્રવણ, દર્શન અને જાગૃતિ એ ક્રમ છે અને સાચા શ્રવણનો અભિપ્રાય કાન હોય તે નાદ સાંભળે છે.

નાદમાંથી સંસ્કારો શબ્દોનું વિશેષ જ્ઞાન કરાવે છે. ગુજરાતી ભાષા જેને સમજમાં આવતી ન હોય, એ ભાષા એને માટે નાદનો સમૂહ જ છે. આપને માટે શબ્દ છે. જે તામિલ ભાષાનો છે, જે તામિલભાષી હોય, એને માટે એ ભાષા છે, આપને માટે નાદ-સમૂહ જ છે. નાદ હોય, ધ્વનિ હોય, એમાંથી શબ્દોને, આપણે વિશેષીકૃત કરીએ છીએ, જેમ ટેલિગ્રાફના સંકેતોમાંથી કરવામાં આવે છે. એ કરવાનું જ્ઞાન ન હોય તો આપને માટે, મારે માટે ભાષા બની શકશે નહીં નાદ સાંભળ્યો તો શું થયું ? નાદના સ્પન્દન થાય છે, આ જે સ્પન્દન છે, એ જઈને કાનમાં અથડાય છે. કેટલાક લોકો ફક્ત કાનથી સાંભળે છે, આખા દેહથી સાંભળતા નથી. ખરેખર તો નાદ આપની સમગ્રતાને ઘેરી લે છે. તો એ સ્પન્દન જઈને આપના કાનમાં આઘાત કરે છે. ત્યારે જે આપનાં વિદ્યુતચુંબક યંત્રમાં ગતિ આવે છે. સ્પન્દન અથડાય છે. આપનો 'મધ્યકર્ણ' છે. એમાંથી પસાર થઈને 'આંતર' કર્ણમાં પહોંચે છે, આવો ક્રમ છે. ત્યાં એક આઘાત થાય છે. આઘાત મૃદુ હોઈ શકે છે, આઘાત કઠોર પણ હોઈ શકે છે, એ ઉપર નાદની પ્રિયતા, અપ્રિયતા નિર્ભર છે. હવે જ્યારે ત્યાં સ્પન્દન ઉત્પન્ન થયું, એનો જે આવેગ છે, એ (કાનની) ગલીઓમાં થઈને ચાલ્યો ગયો. કયારે પોતાનાં શ્રવણની લીલા જોઈ છે ? કેમ સંભળાય છે એમાં ઘણો 'રોમાંસ' છે, મગજ સુધી જઈને જ્ઞાનતંતુઓની મારફત એ આવેગ શું કરે છે, સંવેદી તંતુઓનું (sensory nerves) શું કામ છે, ચલન-તંતુઓ (motion nerves) શું કામ છે, એની ઘેરાઈમાં નહીં જઈએ, તો એ બધું કેમ ચાલે છે તેની ખબર કેમ પડશે ? એટલે જ 'રોમાંસ' શબ્દનો જાણી જોઈને ઉપયોગ કર્યો, આ એક જોવા જેવી ચીજ છે. અને જેણે પિંડમાં જોયું, તેણે બ્રહ્માંડને જોઈ લીધું.

પિંડની બહાર જે બ્રહ્માંડ છે, એ પિંડનો જ વિસ્તાર છે. જે પિંડમાં નથી તે બ્રહ્માંડમાં નથી, અને જે જે બ્રહ્માંડમાં છે તે પિંડમાં છે જ. બ્રહ્માંડમાં જે છે એનું અનુમાન અને નિષ્કર્ષ કરવો પડે છે અને પિંડમાં જે છે એની પ્રતીતિ થઈ શકે છે. એટલે મગજમાં જ્યારે આવેગ જઈ પહોંચે છે, અને ત્યાં એક બિંદુ પર એનો આઘાત થાય છે; ત્યાંથી અર્થ કરવાની ક્રિયા શરૂ થાય છે. ત્યાં પ્રતિક્રિયા પણ શરૂ થાય છે. આ જે અર્થ કરવાની ક્રિયા છે, ત્યાં શુદ્ધતા અને અશુદ્ધતા આવે છે. આ જે અર્થ કરવાની ક્રિયા છે, ત્યાં શુદ્ધતા અને અશુદ્ધતા આવે છે.

નાદની પ્રિયતા, અપ્રિયતા, કર્કશતા, મંજુલતા, કઠોરતા એ આખુંયે જે છે એનું જ્ઞાન, એની પ્રત્યભિજ્ઞા તો ત્યાં જ થઈ જાય છે, જ્યાં આપનાં કાનનાં યંત્રમાં નાદ આઘાત કરે છે. હવે પહોંચવું છે નાદમાંથી શબ્દ સુધી. શ્રવણતંતુ એ મગજથી કાનની સાથે જોડાયેલા છે. આંખોની સાથે પણ મગજમાં જોડાયેલા દર્શનતંતુ છે, આખા શરીરનું જે સંતુલન છે, એનું કેન્દ્ર પણ મગજમાં પડયું છે. સુખની અનુભૂતિ લેવાનું બિંદુ મગજમાં એક જગ્યાએ પડયું છે, મગજમાં ગોલક છે. દુઃખની અનુભૂતિ કરવાનું ગોલક બીજી જગ્યાએ પડયું છે; આ ચમત્કાર નથી, આ બિલકુલ ભૌતિક ઘટના છે, જે ઘટિત થાય છે.

રાસાયણિક અને સંવેદનાત્મક ક્રિયા-પ્રતિક્રિયા થાય છે, પણ આપણે એનો અભ્યાસ નથી કર્યો. 'શ્રવણં મનનં નિદિધ્યાસનં' કહી દઈએ છીએ. પણ શ્રવણ શું છે ? હું કંઈ પણ સાંભળું છું તે કેવી રીતે સંભળાય છે, એનો અર્થ કરવાની ક્રિયા કયારે શરૂ થાય ? અર્થ કરતા કરતા પ્રતિક્રિયા કેમ ઉત્પન્ન થાય છે ? તેને કોઈ જોતું નથી. સાચું શ્રવણ કેવી રીતે ઉપલબ્ધ થશે ? આ શ્રવણ શું છે ? ઘટનાર દરેક ઘટનાનો અર્થ સમજવો અને નિરંતર ગતિશીલતા એટલે ગતિમાં ગતિને મેળવવી, આ જીવનનો અર્થ છે ; જીવવાનો ઉદ્દેશ આ છે. જેટલું અર્થ સમજ્યા વિના જીવન પસાર થયું, એટલું આપ જીવ્યા નહીં, એટલું આપ તણાયા છો.

શબ્દનો અર્થ કરવાની ક્રિયા હવે એ મગજમાં થવા માંડી છે. આમાં શુદ્ધિ અને અશુદ્ધિ કેવી રીતે ઉત્પન્ન થાય છે ? શુદ્ધિ, અશુદ્ધિની ક્ષણ ત્યાં જ છે. માટે ત્યાં સંસ્કારોનો ભંડાર પડયો છે, ત્યાં સ્મૃતિ પડી છે. મગજના એનાં ગોલકોનાં રસાયણનાં રૂપમાં, એક-એક પ્રવાહી પદાર્થનાં રૂપમાં એ પડી છે. આપનું જ્ઞાન ત્યાં પડયું છે, સ્મૃતિ ત્યાં પડી છે, સંસ્કાર પડયા છે. મગજ દેખાય છે, જરા અમસ્તુ, પણ એમાં આખુંયે બ્રહ્માંડ પડયું છે. આદિ-માનવથી લઈને આજ સુધી માણસજાતે જે જે જ્ઞાન મેળવ્યું, જે જે અનુભૂતિઓ લીધી, એ બધીયે દરેક માનવના મગજમાં પડી છે. આ દેખાય છે, નાનકડું મગજ. હમણાં અમેરિકામાં, માનવનું જે મગજ છે, એ જ પ્રકારનું કૃત્રિમ મગજ બનાવવાની તૈયાર કરી રહ્યા છે. વિદ્યુત મગજ નહીં, એ તો ઘણું કઠોર છે, પણ એ અભ્યાસ કરી રહ્યા છે કે માણસનું જે મગજ છે, એ કેવી રીતે બન્યું ? અને એવું જ

આપણે બનાવીએ. એમણે રાસાયણિક લોહી તો બનાવી લીધું છે, જેથી માણસોએ રકતનું દાન આપવું ન પડે. એટલે પ્લાઝમા બનાવવા સુધી પહોંચ્યા છે, એક જીવિત અંડકોષ બનાવવા સુધી પહોંચ્યા છે. હવે એક મગજ બનાવવા ઈચ્છે છે, જે તત્ત્વોનું અહીં બન્યું છે એ જ તત્ત્વોનું બનાવવા ઈચ્છે છે. એમાં સંસ્કાર કેવી રીતે ભરી શકાય; એમાં જ્ઞાન કેવી રીતે ભરી શકાય, આ બધાનો પ્રયોગ ચાલી રહ્યો છે.

કોમ્પ્યુટર, અગર વિદ્યુત મગજથી આગળનું પગલું, માનવજાતિ અમેરિકામાં, ઝેકોસ્લોવેકિયા, હંગેરિયા, રશિયામાં ઉઠાવી રહી છે. આપને તો ખબર જ નથી કે કેટલી ગંભીર પરિસ્થિતિમાંથી માનવજાતિ જઈ રહી છે. ચંદ્ર પર ઊતરવું એ તો બહુ જ ગૌણ છે. પણ માણસના અંદરના વિશ્વ સાથે જે ચાલી રહ્યું છે, એ ઘણું ભયાનક છે. એટલે ત્યાં આદિ માનવથી લઈને આજ સુધીની બધી જાતિઓના, બધા વંશોના, બધા ધર્મોના અનુભવ જ્ઞાન, બધાનો સંગ્રહ છે. આ છે પ્રારબ્ધ આપનું અને અમારું પ્રારબ્ધ છે. પ્રારબ્ધ માત્ર વ્યકિતગત અને કુળગત નથી હોતું, માત્ર જાતિગત નથી હોતું, ધર્મગત નથી હોતું. આખીયે માનવજાતિના સંસ્કાર એટલે પરિસ્થિતિઓનો સામનો કરવા જ પદ્ધતિઓ, પડકારનો સામનો કરવાની પદ્ધતિઓ એમાં પડી છે.

વ્યકિતઓની સાથે કેવી રીતે વર્તવું, પડકાર અને કસોટીઓની સાથે કેવી રીતે વર્તવું, આ વ્યવહારની પદ્ધતિઓ માનવે બનાવી છે. માનવનાં મગજમાં સામુદાયિક રૂપમાં એને ઠાંસી ઠાંસીને ભરવામાં આવી છે. હિન્દુઓએ એક પ્રકારથી ભરી દીધી, તો મુસલમાનોએ બીજા પ્રકારથી, ખ્રિસ્તીઓમાં કેથોલિકોએ બીજા પ્રકારથી, પ્રોટેસ્ટન્ટોએ વળી બીજા જ પ્રકારથી. આમ, સામૂહિક મન બને છે. મન કયારેય વ્યકિતગત નથી, એ સામુદાયિક છે. હવે એમાં આખુંયે જે કાંઈ પડયું છે, તે જ્યારે જ્યારે નાદના આઘાતથી સ્પંદન થાય છે ત્યારે સ્મૃતિઓ રૂપે જાગે છે, તો સંસ્કાર જાગ્રત થાય છે. પોતાનાં કમાયેલાં, મા-બાપના વારસામાં મળેલા, કુલગત, જાતિગત અને પૂરી માનવજાતિના મળેલા સંસ્કારો પડયા છે. આ બધા સંસ્કારો ઉપર ઊઠીને આપને શ્રવણ કરવા દેતા નથી, કારણ કે સંસ્કારના ઊઠતાંની સાથે જ રાસાયણિક ક્રિયા શરીરમાં શરૂ થાય છે, જેનું નામ પ્રતિક્રિયા છે.

આખી ને આખી પ્રતિક્રિયાની રીતિઓ બનાવવામાં આવી છે. માનવજાતિએ બહુ જ અવધાનપૂર્વક એને બનાવી છે. રાસાયણિક પ્રતિક્રિયા બનાવી, શારીરિક પ્રતિક્રિયા બનાવી અને શીખવી, આપને જ નહીં. કૂતરાઓને પણ શીખવે છે, બિલાડીઓને શીખવે છે. સારી જાતના ઘોડા, જાનવરો ઉત્પન્ન કરે છે. એને કેમ તૈયાર કરવાં ? ઘોડદોડનાં ઘોડા જુદા હોય છે, સવારીનો ઘોડો અલગ પ્રકારનો હોય છે. આ જેમ આપ શીખવો છો, એમ જ માનવજાતિએ પોતાની સાથે કર્યું છે.

આપના શ્રવણ કરવાની વખતે જેવા સંસ્કારો ઉદ્‌ભૂત થયા કે અનુકૂળતા, પ્રતિકૂળતા, સ્વીકાર, અસ્વીકાર, ત્યાગ, ભોગ, આની ઈચ્છા, એની વાસના, એની ચાહના થવા લાગે છે. શ્રવણ કર્યું તો અર્થ સમજવાની સાથોસાથ, એ જ વખતે સ્વીકાર અગર અસ્વીકારની, ભોગ અગર ત્યાગની આ આખીયે પ્રતિક્રિયાઓ થવા માંડે છે. એ શ્રવણ થવા દેતા નથી, કારણ કે શુદ્ધ શ્રવણમાં પ્રતિક્રિયા થતી નથી. અર્થ સમજશો, પ્રતિક્રિયા નહીં હોય, એ શુદ્ધ શ્રવણ છે. જેને આપે સાચું શ્રવણ કહ્યું, ત્યાં અર્થબોધ છે, પણ અર્થબોધની સાથોસાથ શરીરમાં ઊઠનારી જે રાસાયણિક પ્રતિક્રિયા છે, તે થતી નથી.

કેટલાક લોકો તટસ્થ ભાવધારણ કરીને, સાક્ષીભાવ ધારણ કરીને જ્યારે પ્રતિક્રિયા થાય છે, એના થતાં થતાં એનો અવરોધ કરી દે છે, એને રોકી દે છે. કેટલાક લોકો તપસ્યાનું, વિગ્રહનું દમન પીડનનું જોર લગાડીને એને રોકી દે છે, અને કેટલાક લોકો જે પ્રતિક્રિયા ઊઠી, એને જ પોતાનું સત્ય સમજીને, એના પર અમલ કરે છે. આ ત્રણે વાતોથી તદ્દન જુદી વાત કરી રહી છું. અર્થબોધની સાથે ઊઠનારી જે રાસાયણિક પ્રતિક્રિયા છે એ પ્રતિક્રિયાને, બોધને દૂષિત થવા દેવાનો નથી. એ ઊઠશે ને શાંતિ થશે જેમ કે સાગરનો તરંગ ઊઠયો અને શાંત થયો. પણ એ અર્થબોધને દૂષિત ન કરે, ત્યારે સાચું શ્રવણ થયું એમ સમજવાનું.

સાચું શ્રવણ તો આપણને આવડતું જ નથી. આપણને કોઈએ અવાજ કરીને બોલાવ્યા, તો એણે કેવી રીતે પોકાર્યા, એનો હેતુ શું હતો, એ અવાજમાંથી, આપણે પહેલાં નિર્ણય કરવા ઈચ્છીએ છીએ, કે એણે પ્રેમથી બોલાવ્યો, ક્રોધથી પોકાર્યો, કે ઉપેક્ષા અગર ઘૃણાની સાથે બોલાવ્યો છે; તો આ બધું જોઈને હિસાબ

કરીને નક્કી કરીશું કે કેમ બોલાવ્યો. હિસાબ બરોબર લગાડી લેજો. એણે એમ બોલાવ્યો એટલે હું આમ જ કરીશ. હિસાબ કરીને જે પણ કદમ ઉઠાવે છે, એ જીવવું ન બન્યું. તો આપણે પહેલેથી જ એના અવાજમાંથી અંદાજ કરીએ છીએ. કંઈક અનુમાનથી, કંઈક આમવાકયથી, કંઈક પરંપરાથી, બરાબર હિસાબ કરીને પ્રતિક્રિયાનું સ્વરૂપ નિર્ધારિત કરી લે છે. આપણો ત્યારે જ વ્યવહાર થાય છે. આપણને સાચું શ્રવણ તો ખબર જ નથી.

કૃષ્ણમૂર્તિ આજે ૫૦ વર્ષથી બોલી રહ્યા છે, છતાં એ વાત જાહેર કરી સ્પષ્ટ છે કે લોકો એ વાત સમજ્યા નથી; એનો અર્થ એમ નથી કે એ નિષ્ફળ રહ્યા છે. પણ એ એટલી ગંભીર વાત કરી રહ્યા છે કે, હજારો વર્ષોના પ્રવાહથી બનેલા માનવો એ ચીજના ઊંડાણને સમજી શકયા નથી. આપણને શ્રવણની ખબર જ નથી કે કેમ કરવું, જે પોતાના શરીરમાં શબ્દોની સાથે ઘટનારી રાસાયણિક પ્રતિક્રિયાઓના ગુલામ છે, શિકાર છે, એ શું શ્રવણ કરશે ? અર્થબોધ ત્યાં સ્થિર કેવી રીતે થશે ? કારણ પ્રતિક્રિયા તો હરેક પળમાં એના શ્વાસોચ્છવાસને પ્રક્ષુબ્ધ કરી દે છે.

કોઈ શબ્દ સાંભળ્યો અને ક્રોધ આવ્યો. એક રાસાયણિક પ્રતિક્રિયા થઈ ગઈ. એના તણાવ, દબાણ જોયાં શબ્દ સાંભળ્યો અને ઈર્ષ્યા ઊઠી, ઈર્ષ્યા ઊઠીને વિકૃતિ કરી ગઈ. પેટમાં ખટાશ ઊઠી, ક્રોધ આવ્યો અને આંખમાં લોહી ચઢયું, પેટમાં તણાવ થયો, કાન પર દબાણ આવ્યું. મહત્ત્વાકાંક્ષાનો પ્રાદુર્ભાવ થયો એટલે શરીરમાં 'ખમીર' શરૂ થાય છે. એ મહત્ત્વાકાંક્ષાનો નશો બનાવે છે. દિવસ રાત પોતાની રાસાયણિક ક્રિયા કરતી જ રહે છે અને દૂષિત, વિષમય બનાવી દે છે. વિષાકત કહું કે નશાકત કહું ? જે માનવને નશીલો બનાવે છે, ત્યાં શ્રવણ કેમ થાય ? અને શરીરમાં અર્થ બોધ થતા થતામાં તો જે પ્રતિક્રિયાઓ શરૂ થાય છે, તે બોધને દોષિત બનાવી દે છે, એનું આપણને ભાન જ નથી. આપણે સમજીએ છીએ કે એ જ સ્વભાવ છે. એ જ વ્યવહાર છે, આનું ભાન નથી.

આપ જાણો છો કે બંધન શું છે ? અનવધાનમાં જીવવું એ બંધન છે. અવધાન હોય તો સાચું શ્રવણ થાય છે. આ હાલત દર્શનની છે. શ્રવણથી વધુ દર્શનની સાથે દોષિતપણું જલદી મળી જાય છે. નાદને આપનાં કાન સુધી જવામાં

જે અવકાશમાંથી પસાર થવું પડે છે એ અવકાશ, આ નાદને બહુ જ મુલાયમ બનાવી દે છે. આંખ કંઈક જુવે છે. તો સીધો સાક્ષાત્કાર, સીધો સ્પર્શ થાય છે. ચામડીના સ્પર્શથી પણ વધુ દૃષ્ટિનો સ્પર્શ કેટલો વધારેઃ તીક્ષ્ણ, ભેદક, બોધક હોય છે. એકસ-રે જેવું કામ છે ને ! એમ જ સમજો ને કે શરીરની પાસે એકસ-રેનું મશીન લગાડયું છે.

કાનને ઠગી શકો છો. આંખને તો ઠગી શકતા નથી, અને જેવું સીધું દૃષ્ટિનું દૃશ્યના વિષયની સાથે મિલન થયું કે કેટલી શીઘ્ર ગતિથી પ્રતિક્રિયા થાય છે, નિર્ણય થાય છે, પોતાનો અભિપ્રાય પોતાનો મત, પોતાનો નિષ્કર્ષ, પોતાનો સિદ્ધાંત, પોતાનો અનુભવ બધું જ એકદમ એકસાથે ઊઠે છે. નાદોનું સ્પંદન આવે, એની યાત્રા, કાનમાંથી મગજ સુધી થાય, એમાં સમય વધુ જાય છે, અને આમાં ઓછો. તો સાર્થ દર્શન થવાને માટે એટલી ઉત્કટ સંવેદનશીલતા જોઈએ અને એટલું તીવ્ર અવધાન જોઈએ. આપ જોતા નથી. ક્રોધની ક્ષણમાં જે જોવાય છે તે આપ નથી જોતા, આપનો ક્રોધ જુએ છે, આંખ નામના, ચક્ષુ નામના સાધનનો, યંત્રનો ઉપયોગ કરીને, ક્રોધ જુએ છે, આપની ઘૃણા જુવે છે, આપની ઈર્ષ્યા જુએ છે, આપની મહત્ત્વાકાંક્ષા જુએ છે. મહત્ત્વાકાંક્ષાનો કોઈ વિષય સાથે, વસ્તુ સાથે, કોઈ વ્યકિત સાથે સંબંધ થયા પછી, જે પ્રતિક્રિયા થાય છે, એ મહત્ત્વાકાંક્ષાનું બાળક છે. એને આપ આપની પ્રતિક્રિયા સમજી લો છો. આખરે આંખો તો મુડદાને પણ હોય છે; એ તો જોતી નથી. એટલે વિકાર જુએ છે, વિચાર જુએ છે, રાસાયણિક પ્રતિક્રિયા જુવે છે. જોવાનો અવસર આપને મળતો જ નથી. જેવા આપ જોવા ગયા, ત્યાં સંધરેલા અનુભવ, જ્ઞાન અને સંસ્કાર પહેલા આગળ આવે છે, માટે સાચું દર્શન ઉપલબ્ધ થતું નથી. એટલે કહેવું તો સહેલું છે.

'જ્યારે માનવને સાચું દર્શન ઉપલબ્ધ થાય છે, ત્યારે સાચી જાગૃતિ આવે છે' કેટલાં મોટાં શબ્દો છે, જોયું આપે ? આ 'જ્યારે' ની અવસ્થા પોતાની અંદર છે. આ અવસ્થા નિર્માણ કરવાની પણ કોઈની ઉત્સુકતા નથી. શું એમ જ શ્રવણ ઉત્પન્ન થઈ જશે, એમ જ દર્શન થઈ જશે? આંખ પણ એવી જ છે ! દર્શન નહીં થાય. ફરીથી 'જન્મ' લેવો પડશે. આમ તો, જન્મ થયો તો મૃત્યુ સુધી આપ પહોંચશો જ, પણ જન્મ લીધો છે, માટે મૃત્યુ સુધી પહોંચવું એ જીવવું

નથી. આમેય તો કોઈ પોતે પોતાને ઘસડીને પહોંચે છે, કોઈ દોડતા પહોંચે છે. માટે મૃત્યુ સુધી પહોંચવું એ જીવવું નથી. જીવવાનો અભ્યાસ કરવો પડે છે.

આપ જેને સાધના કહો છો, એમાં જોવાનો અભ્યાસ કરવો પડે છે કે જોવું કેમ ? પોતાના શરીરને જોવાથી શરૂઆત કરવી. શરીરને પણ જોવાનું જાણતા નથી. શરીર પવિત્ર છે, અપવિત્ર છે, સ્ત્રીનું છે, પુરુષનું છે, સુંદર છે, કુરૂપ છે, જાડું છે, પાતળું છે એ જોઈએ છીએ. માટે જોવાનો અભ્યાસ કરવો જોઈએ. એટલે એ રીતે જોઈ શકીએ વસ્તુને, વિષયને, વ્યક્તિને, પડકારને રાસાયણિક પ્રતિક્રિયા શ્વાસ-પ્રશ્વાસને, લોહીનાં વહનને ક્ષુબ્ધ ન બનાવે. અક્ષુબ્ધ અવસ્થામાં જોવાનું કર્મ ઘટિત થાય છે, પણ જોયું અને ક્ષોભ પેદા થયો, તો ક્ષોભ જ સમસ્યા બની જાય છે. એના નિરાકારણમાં આપ પડી જાઓ છો. જેને જોવાનું છે એ તો બાજુ પર રહી જાય છે.

અને જે શરીરને એક મિનિટ સ્થિર રાખી શકતા નથી, શરીરની ચંચળતા છે, હાથ-પગ એમના સ્થિર રહી શકતા નથી, દૃષ્ટિ સ્થિર રહી શકતી નથી. અને દરેક ક્ષણે કોઈ ને કોઈ વિચાર અને વિકારને કારણે અંદર ક્ષોભ ઉત્પન્ન થતો જ રહે છે, એનાથી દર્શન શી રીતે થશે, મારા ભાઈ ! માટે અક્ષોભ્ય અવસ્થામાં, અક્ષુબ્ધ અવસ્થામાં, જીવી શકાય છે કે નહીં, રહી શકાય છે કે નહીં, એનો અભ્યાસ કરી લ્યો. અક્ષુબ્ધ અવસ્થામાં રહેવા માટે ક્ષોભ શું છે, અને ક્ષુબ્ધતા કેવી રીતે ઉત્પન્ન થાય છે, કયાં સુધી રહે છે, એને જોવું પડશે, ક્ષોભને જોવો પડશે. ક્ષોભનું આવવું અને જવું, એનું ઊઠવું અને શાંત થવું, એને જુઓ. અક્ષુબ્ધાવસ્થા એ સહજતા છે. માટે આપ એ સમજી લો. એ જોઈ લો કે સાચું શ્રવણ અને સાચું દર્શન થવાને માટે શરીરમાં એક સહજ અને શુદ્ધ અવસ્થા અનિવાર્ય છે.

આહાર-વિહારની બાબતમાં વિચાર ન કર્યો હોય, શરીરની આવશ્યકતાઓને કેવી રીતે આપણે પૂરી કરી દઈએ, એ ન જોયું તો શરીરની શુદ્ધિ શી રીતે થશે ? અને શુદ્ધિ એટલે કે, સંપૂર્ણ સંવેદનશીલતાની શુદ્ધિ જ એકમાત્ર શક્તિ છે. આપણને કોઈ વ્યાયામ કરનારા અખાડાવાળા, પહેલવાનની શક્તિ તો નથી જોઈતી, યોદ્ધાની અને લડવૈયાની શક્તિ પણ નથી જોઈતી. અહીં તો અપાર, અસીમ, સંવેદનશીલતા જોઈએ. એનો આહાર-વિહાર સાથે, નિદ્રા સાથે

બહુ જ ઊંડો સંબંધ છે. એમ ન સમજશો કે ગમે તે ગમે ત્યારે, ગમે તે કંઈક ખાઈ લીધું, શરીરની જે બધી આંધળી માંગણીઓ છે, એના શિકાર થતા રહીએ અને પછી કયાંક જઈને પ્રવચન સાંભળ્યું, પાંચ-દસ ગ્રંથો વાંચ્યા તો થઈ ગયું. બુદ્ધિ થોડી તેજ છે તો શબ્દકોષની મદદથી અર્થ પણ સમજી લીધો અને અધ્યાત્મ થઈ ગયું.

વૈજ્ઞાનિક આહારવિહારનો પાયો શરીરની અક્ષુબ્ધ અવસ્થા રહે, તે માટે જોઈએ. અને આહાર એટલે કાનથી જે સાંભળ્યું તે પણ આહાર છે; આંખથી જે જોયું તે પણ આહાર છે; ચામડીથી સ્પર્શ થયો એ પણ આહાર છે; નાકથી સૂંઘ્યું એ પણ આહાર છે; એમ નહીં કે મોંથી જે ખાધું એ જ આહાર છે. એ તો બહારની ઘણી સ્થૂળ વ્યાખ્યા છે. અને શ્વાસ જે લીધો તે પણ આહાર છે અને નિદ્રા પણ વિહાર છે. કેવળ ચાલવું, ઊઠવું, બેસવું, વિહાર નથી. એ પણ વિહાર છે કે આપ કેવા જાઓ છો, કેવા પાછા ફરો છો. કોઈ તાજગી હોય, સૌંદર્ય હોય, આનંદ હોય, નિદ્રા હોય અને આનંદ ન હોય ? નિદ્રા હોય અને સ્વપ્નની વ્યાધિઓમાં પકડાયેલાં હોઈએ, નિદ્રા હોય પણ કૃત્રિમ રૂપે એને લાવવી પડે; જેમ કે કોઈ માંદાને ઓક્સિજન આપી આપીને જિવાડે છે. એમ નિદ્રાને જીવતી રાખવા માટે (એટલે નિદ્રા આવે તે માટે) ઉપાય કરવા પડતા હોય તો એ શું નિદ્રા થઈ ? માટે આહાર-વિહારમાં વૈજ્ઞાનિકતા વિના, જે કાંઈ અક્ષુબ્ધ અવસ્થાનું વર્ણન કરી રહી છું એ સંભવ નથી.

એને માટે કોઈ નિયમ બનાવી શકાતા નથી કે બધી વ્યકિતઓ માટે નિયમ બનાવીને આપી દો. આ ખાઓ, આ પીવો, આટલા કલાક સૂવો. માનવ ઈચ્છે છે કે આવાં બધાં તૈયાર બનાવેલાં નિયમો મળે. આપ લોકોને પહેલેથી જ સાવધાન કરી દીધા કે અહીં કોઈ પદ્ધતિઓ નથી ! માટે આ બહેન જે બોલે છે તેમાં કોઈ પદ્ધતિ હશે એવી આપણને અપેક્ષા રહે છે. આહાર-વિહારની વૈજ્ઞાનિકતા શું હશે, એ પ્રત્યેકે શોધી લેવું જોઈએ. આપ કહેશો, તો આવા તૈયાર નિયમો બનાવી આપી દો, પછી આગળ અને સાધનાથી શોધ કરીશું.

અરે ભાઈ ! ૨૦૦૦ માઈલની યાત્રા હોય તો જે પહેલું પગલું ઉઠાવો એ જ યાત્રાની ફલશ્રૂતિ છે. એ કેમ ઉઠાવાય છે એ બાબતમાં આપણે વિચાર્યું જ નથી. આ ભૌતિક છે, આ ભૌતિક નથી. જીવનમાં પાર્થિવ અને ચિન્મયનો ભેદ, ભૌતિક

અને આધ્યાત્મિકનો ભેદ નથી. જે કાંઈ છે, જીવનમાં છે; જે કાંઈ છે તે છે. હરપળે સમગ્ર છે. માટે, એ વૈજ્ઞાનિકતા કેવી હશે ? મારું શરીર કેવું છે ? એની પ્રકૃતિ શું છે, કફપ્રધાન છે, પિત્તપ્રધાન છે કે વાયુપ્રધાન છે ? માતાપિતા તરફથી મને શું મળ્યું છે, માનસિક, શારીરિક વારસામાં શું થશે, હું કયો ધંધો કરું છું. એ બધું જોવું પડશે. મુંબઈમાં રહેનાર અને જયપુરમાં રહેનારનો આહાર એક હોઈ જ ન શકે, હવાનો ફરક છે, વ્યવસાયનો ફરક છે. કેટલાક કલાક માણસને બેસવું પડે છે, કેટલા વાગે ઊઠવું પડે છે, એ બધું જોવું પડે છે.

અહીં ગણિતને આપણે ઉપયોગી નહીં કહીએ ? એનો તો ફકત એન્જિનિયરિંગમાં ઉપયોગ કરવાનો છે ? અહીં તો પરંપરા, જેવી ઘરમાં ચાલી છે, પ્રદેશમાં ચાલી છે, એમ ચલાવીશું. ગુજરાતમાં છે તો એક પરંપરા છે. માટે પછી એ પોરબંદરમાં રહે, ચોરવાડમાં, અમદાવાદમાં રહે કે જઈ ને નોર્વેમાં રહે કે સ્વિટ્ઝર્લેન્ડમાં રહે, એમ જ ચલાવીશું તો ચાલે નહીં. શરીર સાથે અન્યાય છે. આ તંતુ આપ સૌના છે. અને જે આપ ખાશો એ જ આપનું સ્વરૂપ બનશે. રાસાયણિક ક્ષુબ્ધતા, અક્ષુબ્ધતાનો મનુષ્યના આહાર-વિહારની સાથે નિકટનો સંબંધ છે, ઘનિષ્ઠ સંબંધ, કાર્ય-કારણ-સંબંધ થઈ જાય છે. એ માનવનું સત્ત્વ બને છે. એનો સંબંધ છે, એને જોઈ લેવું જોઈએ, પ્રત્યેકે એ જોઈ લેવું જોઈએ. ત્યારે સમ્યક્આહાર-વિહારથી અધિષ્ઠાન બનશે. અક્ષોભની અવસ્થા સ્થિર રહી શકે, એવા આપ બની જાઓ.

બીજો પણ એક ઉપાય છે. આહાર-વિહારના જેવી જ અંદર ક્ષોભ ઉત્પન્ન કરનારી અગર અક્ષુબ્ધતાની અવસ્થા કાયમ રાખનારી ચીજ વાણી છે. વાણીની રાસાયણિક ક્રિયા આહારથી પણ જલદી થાય છે, અધિક તીવ્ર થાય છે. આ વાણીનો પ્રયોગ આપ કઈ રીતે કરો છો ? માનવ અંદર જ બોલતો રહે છે, સંભળાય નહીં. તેવા રૂપે, બીજા સાંભળે નહીં. દિવસ-રાત એ પોતાની સાથે જ સંવાદ કરતો રહે છે. પોતાની બાબતમાં, બીજાની બાબતમાં ફરિયાદો કરતો રહે છે, કોઈની પ્રશંસા કરતો રહે છે, કોઈની નિંદા કરતો રહે છે. પોતાનું સમર્થન કેવી રીતે કરશે, બીજાં પર આક્રમણ કેમ કરીશ. બીજાને પોતાના કાબૂમાં કેમ રાખીશું, મારે આ જોઈએ, હું શી રીતે મેળવીશ. આવું બધું અંદર જ વાણીની મારફત ચાલતું હોય છે. માનવ જેટલું પોતાની સાથે બોલે છે એનો સોમો ભાગ પણ એ બીજાની

સાથે નથી બોલતો. આ જે વાણીની અંદર વેપાર ચાલતો રહે છે, તેનાથી આપની રાસાયણિક અવસ્થા કેમ અક્ષુબ્ધ રહે એ બતાવો જોઈએ ! કારણ કે જે શબ્દ અંદર ઊઠશે, એનું સ્પંદન ઊઠશે જ. સ્પંદનનો પ્રભાવ જ્ઞાનતંતુઓ પર થશે. સ્પંદન તીવ્ર હશે તો સ્નાયુઓ સુધી, મજ્જા સુધી પણ પ્રભાવ પડશે. માટે, વાણીનો ઉપયોગ જ્યાં અનિવાર્ય હોય ત્યાં જ કરવો, બાકી ન કરવો.

આ એક શિક્ષણ માણસને મળવું જોઈએ. અને વાણીનો દુરુપયોગ કેટલો ? કોઈકે કાંઈ પૂછયું, તો તથ્યનું કથન આપણે કરી શકતા નથી. તથ્ય પર ભાર હોવો જોઈએ. હજારમાં એકાદ માનવ એ કરી શકશે. બીજાની બાબતમાં તથ્ય નથી, પોતાની બાબત તો તથ્ય બોલો. તથ્યને તો આપણે જોતા જ નથી. પોતાની કલ્પના સુધીનું જ જોઈએ છીએ. પોતાની ભાવનાના રંગમાં જોઈએ છીએ, પોતાની વાસનાના રંગમાં તથ્યને રંગીને પોતાની મહત્ત્વાકાંક્ષાના બ્રશથી, કૂચડાથી તેને રંગીને જોઈએ છીએ. પોતાનામાં પોતાના તથ્યને જોઈ શકતા નથી તો બીજાના તથ્યોને શું જોઈશું ? સંવાદ કેવી રીતે થશે ?

જેની વાણી સત્ય પર પળવાર પણ સ્થિર રહેતી નથી, નાનકડી વાત પૂછો, તો જેના મોંમાંથી અસત્ય નીકળે છે, અતિશયોક્તિ નીકળે છે; ક્રોધ, ઈર્ષ્યા વગેરેને તો છોડી જ દો. એ શું સંવાદ કરશે ? જેવું થયું હોય, એવું જોવું અને એવું જ એને વાણીમાં લાવવું; તથ્યને યથાર્થ રૂપમાં વાણી સુધી લાવવું એ મોટા પુરુષાર્થનું કામ છે, ઘણી જ નિઃસ્પૃહતાનું કામ છે. આપણે માટે તો તથ્ય પણ મૂડી છે. એને જેમ ફાવે તેમ તોડી મરોડીને મૂકીશું, પોતાની સામે અને બીજાની સામે. તથ્યને વાણી સુધી લાવવામાં જ એ કેવું દોષિત બની જાય છે ! શ્રવણ અને દર્શનની વાત કરી ને ! આ વાણીની વાત છે. અને દરેક હકીકતને પોતાના સ્વાર્થ પોતાની ઈચ્છા, વાસનાને અનુકૂળ બનાવવા, આખો દિવસ આપણે લાગેલા જ છીએ. માટે તથ્યથી સત્ય સુધીની યાત્રા કેવી રીતે થશે ? તથ્યથી સત્ય સુધી કેમ પહોંચીશું ?

માટે જેવું છે તેવું એને જોવું, જેવું છે તેવું વાણી સુધી લાવવું, મૌનનો મર્મ એમાં છે ; સત્યને યથાર્થ રૂપમાં ગ્રહણ કરવું અને યથાર્થ રૂપમાં વાણી સુધી લાવીને અભિવ્યકત કરવાનું જેનું સધાઈ ગયું, એ મૌન છે. એમ નહીં કે કેટલોક

સમય વાણીમાં બોલવું, કેટલોક સમય ન બોલવું. ન બોલવાની ક્રિયા એ મૌન નથી. મૌન કાંઈ નકારાત્મક, નિષેધાત્મક ક્રિયા નથી. એ તો સર્જનાત્મક અવસ્થા છે. કોઈ ચોવીસ કલાક બોલીને પણ મૌનમાં રહી શકે છે, અને કોઈ ચોવીસ કલાક ન બોલીને પણ અત્યંત વાચાળ હોઈ શકે છે; કારણ કે એ અંદરનો વેપાર છે. જે બહાર છે, એ તો એની છાયા છે, માત્ર પ્રતિબિંબ છે. શબ્દનો નાદ જે બહાર આવે છે, એ પ્રતિબિંબ છે, વાણી તો અંદર ઘટે છે. આહાર-વિહારની શુદ્ધિ, પછી વાણીનો વૈજ્ઞાનિક વિનિયોગ, એ બીજું ચરણ છે. ત્યારે આપની જે સમગ્રતાની અવસ્થા છે, એ અક્ષુબ્ધ રહેશે. ચલાયમાન ન થાય, અક્ષુબ્ધ સમઅવસ્થા જેને કહે છે, એ સમતા અંદર રહેશે.

યોગનો મર્મ સમતા કેવી રીતે છે ? લોકો સમજે છે કે સમતા એટલે શું સુખ છે, શું દુઃખ છે એને જોઈ લીધું, પછી એનો હિસાબ કરીને એને સમ માની લીધું. અધ્યાત્મમાં માનવાનું કામ નથી, જાણવાનું છે, સમજવાનું છે. જાણવાનું પણ નહીં, સમજવાનું છે. માન્યતાઓનું કામ ધર્મમાં છે, પરંપરાઓનું કામ ધર્મમાં છે, અર્થનીતિમાં છે; અધ્યાત્મનો માન્યતાઓ સાથે કોઈ સંબંધ નથી. જાણવાનું કામ દર્શનશાસ્ત્રમાં છે. જાણવું એટલે જ્ઞાન-જેટલા પણ વિજ્ઞાન છે, ભૌતિકવિજ્ઞાન, રાસાયણિક વિજ્ઞાન વગેરે, પ્રકૃતિ વિજ્ઞાન અથવા મનોવિજ્ઞાન, સમાજશાસ્ત્ર જેવું સામાજિક વિજ્ઞાન અગર દર્શનશાસ્ત્ર વગેરે, આ બધા જ જ્ઞાન-સંગ્રહના વિષયો છે. જ્યાં અનુમાનનો ઉપયોગ છે, જ્યાં આપ્તવાક્યનો ઉપયોગ છે, પરંપરાનો કંઈક ઉપયોગ છે, એ જ્ઞાનનો વિષય છે. આ સઘળી માન્યતાઓનો સંબંધ ધર્મ સાથે છે અને જાણવાનો, માન્યતાઓનો સંબંધ ધર્મ સાથે છે અને જાણવાનો સંબંધ દર્શન સાથે છે. વિજ્ઞાનનો પણ જાણવા સાથે સંબંધ છે. પછી એ પશ્ચિમનું વિજ્ઞાન હોય કે પૂર્વનું, અને અધ્યાત્મનો સંબંધ તો પ્રત્યય સાથે છે, માનવાની સાથે પણ નહીં અને જાણવાની સાથે પણ નહીં. નહીં તો બધા દાર્શનિકો જીવી શકત.

દર્શન અને શ્રવણ એ સાચે જ ઉપલબ્ધ થાય અને જાગૃતિ ઉપલબ્ધ થાય, એ પ્રકારનો પ્રશ્ન હતો ને ? હું પ્રશ્નપત્રની જેમ તો બધાનો જવાબ નહીં આપું. પહેલેથી જ કહ્યું હતું-ઊંડાણમાં જઈશું. પ્રશ્નોને ખીલતા જવા જોઈએ, એક એક પાંખડી ઘણા પ્રેમથી ઊઘડી શકે તેવો અવસર આપવો જોઈએ. આપણે

તો પ્રશ્ન આવ્યો કે હથિયાર લઈને તૂટી પડીએ છીએ; બુદ્ધિનું શસ્ત્ર ઉઠાવીએ છીએ, સિદ્ધાંતનું શસ્ત્ર ઉઠાવીએ છીએ. આપણી પાસે બરોબર અણુશસ્ત્રો છે. પ્રશ્ન એ શું કોઈ આક્રમણ કરવાની વસ્તુ છે, કે એનો નાશ કરીને એની જગ્યાએ ઉત્તર લાવીને રાખીએ ? જીવનમાંથી ખીલેલો પ્રશ્ન છે. પોતાના બાળકને જેમ જુઓ છો એમ પ્રશ્નને ઘણાં પ્રેમથી જુઓ. પછી એ ખીલી ઊઠશે. જેવો એ ખીલશે, તેવું જ એમાંથી, એનું સમાધાન પણ પોતાની મેળે ઉત્તર એમ કદી થતું નથી. પ્રશ્ન જ્યાં પાંગરે છે, ત્યાં જ એના ઉત્તરોની સૌરભ છે.

જવાબ શું છે, સમસ્યાનું સમાધાન શું છે ? સમાધાન તો સમસ્યાની અંદર છુપાયેલી સૌરભ છે. આપણે સમજીએ છીએ કે અહીં પ્રશ્ન છે, અને ત્યાં એનો જવાબ છે. તો આ શું કોઈ ગણિતનું પુસ્તક છે, વિજ્ઞાનનું પુસ્તક છે કે એક ભાગમાં પ્રશ્નો લખ્યા છે અને બીજી બાજુ એના જવાબ આપ્યા હોય ? ઉત્તરોને જોતાં જાઓ, પછી પ્રશ્નોને હલ કરો. હવે જોઈ લીધું કે ઉત્તર શું છે, દર્શનોમાં જોયું, સાંખ્ય શું કહે છે, ન્યાય શું કહે છે, ગીતામાં શું કહ્યું છે, બુદ્ધે શું કહ્યું છે ? પહેલા ઉત્તર જોઈ લઈશું પછી જીવી નાંખીશું. તૈયાર ઉત્તરોના ફૅસલા લઈ લઈને પોતાના જીવન પર લાદવાથી જીવવાનું નથી બનતું. અમારી તો વ્યથા એ છે કે જન્મો કેટલાં મળે છે અને કેટલું ઓછું જીવીએ છીએ. બધાને અવસર સરખા રૂપમાં ઉપલબ્ધ છે. માનવ કેમ જીવતો નથી ? આ વ્યથા છે, આ પીડા છે.

આપે આ પ્રશ્નમાં ત્રીજો શબ્દ મૂક્યો છે જાગૃતિ. 'જો સાચી જાગૃતિ ઉપલબ્ધ થાય'. જાગૃતિ શું છે ? જાગૃતિ શું સુષુપ્તની અગર નિદ્રાની અપેક્ષાએ છે ? એટલે શું જ્યારે સૂતા નથી ત્યારે એ અવસ્થા આવે છે ? નિદ્રાની અપેક્ષામાં જે જાગૃતિ છે, એ તો નિદ્રા-અવસ્થાની છાયા છે, એ જાગૃતિ નથી. આપ અગર 'સાચી જાગૃતિ' કહો છો તે શબ્દનો અર્થ જોવો હોય તો જોઈ લો. નિદ્રા જાગૃતિની છાયા છે, અગર જાગૃતિ જ નિદ્રાની છાયા છે. પણ એનો સંબંધ કેવો છે ? એક વિના બીજી રહી શકતી નથી. કેટલાકની જાગૃતિનો સંબંધ તુર્યાવસ્થા સુધી પહોંચે છે. જાગૃતિ, સ્વપ્ન, સુષુપ્તિથી તુર્યાવસ્થા અને તુર્યાવસ્થા એટલે સત્ય તરફ આંખ મંડાયેલી છે, આંખમાં સત્યની ઝલક છે, પ્રકાર છે, પણ કદમ એની સાથે ચાલી શકતા નથી. તન અને મન એની સાથે ચાલી શકતા નથી. સત્યદર્શનની જે ગતિ છે, એની સાથે તન અને મનની ગતિ રાખી શકાતી નથી, ત્યારે તુર્યાવસ્થા છે.

એમાં અડધી બેહોશી છે, અડધો હોશ છે.

આપ એમ ન સમજતા કે સત્યનું દર્શન ઘણું નિરુપદ્રવી છે. જીવનનું જે સત્ય છે, અગર જે સ્વરૂપ છે, એને જોવું બહુ નિરુપદ્રવી છે, એવા ભ્રમમાં ન રહો. કેટલાક લોકો તો આંખથી જોતાની સાથે જ મસ્ત બની જાય છે. સત્યનો પ્રકાશ આપના ચંદ્ર અને સૂર્યના, વીજળીના કે અગ્નિના પ્રકાશથી તદ્દન જુદો છે. એની સુગંધ આપની અનુભૂતિની સુગંધથી સર્વથા, હંમેશા જુદી જ છે. માટે એવા સ્વરૂપદર્શનમાં, સાક્ષાત્કારમાં મસ્તી આવી જાય છે, નશો આવી જાય છે અને એજ મસ્તી એનામાં જામી જાય છે, ઘર કરી લે છે. સત્યનું જે દર્શન થયું એને વાણી સુધી પણ લાવી શકાતા નથી. ઘણી મસ્તીમાં રહે છે. અને એમની આંખોમાં જે મસ્તીની રોનક છે, અને એ મસ્તીની જે છાયા એની ઈંદ્રિયો પર પડે છે, એ મસ્તી ચાલવામાં, ઊઠવામાં, બેસવામાં વ્યકત થાય છે, એને જોઈને જ લોકો મુગ્ધ થઈ જાય છે. મસ્ત થઈ ગયો, મસ્તાના છે. આ ઘણી પ્રાથમિક અવસ્થા છે.

એમાંથી કોઈ પસાર થયું અને એ દર્શનને વાણીથી સાક્ષાત્કાર સુધી લાવવા ગયો તો એની વાણી લથડાય છે, રહસ્યવાદની ભાષા નીકળે છે. સત્યમાં રહસ્યમય કાંઈ નથી, પણ એ દર્શનને વાણી સુધી લાવી શકતા નથી. વાણી લથડે છે, ઠોકરો ખાય છે, પડતી આખડતી વાણી સુધી વાત પહોંચે છે, એ કાવ્યમાં બોલે છે. એ વાણીમાં એક નશો છે. કવિતાના છંદમાં એક ઉન્મુકતતા છે. માટે મસ્તી બોલે છે, પણ એ જે મસ્તી છે ત્યાં અવધાન નથી હોતું એમાંથી પણ કોઈ આગળ વધ્યું તો એ દર્શનને વાણી સુધી લાવી વ્યવસ્થિત રીતથી મૂકી શકશે, અને એને દર્શનનું વ્યવસ્થિત રૂપ આપશે. એક પદ્ધતિમાં બાંધી દે છે. ફૂલની માળા બનાવે છે ને, એમ માળા ગૂંથી દે છે. કોઈ શ્રી અરવિંદ જેવા, કોઈ શ્રી વિવેકાનંદ જેવા. એટલે કોઈ પણ બીજા એને પકડી શકે એવી બુદ્ધિના સ્તર પર લાવીને વ્યવસ્થિત રીતે પોતાના દર્શનોનાં પુષ્પોની માળા ગૂંથીને મૂકી દે છે. કેટલાંયે દર્શન છે. આપના છ દર્શનો તો છે જ.

પણ ત્યાં સુધી હોય છતાં પણ દર્શન એમના વ્યવહારમાં ઊતરી ગયું એવું નથી. એમના ઈન્દ્રિયગત વ્યવહારમાં સત્યદર્શન છે એમ નહીં, સત્યના દર્શનની કંઈક જુદી જ રોનક છે. એમનું લેખન પ્રતિબિંબ બની જાય છે. પણ પ્રતિબિંબ

બિંબ નથી. અને અધ્યાત્મ છે, પ્રતિબિંબનું બિંબમાં વિલીન થવું અને બિંબનું જીવવું. એટલે કોઈક ભાગ્યશાળી હોય છે, જેને સત્યનું દર્શન થયું. અને જે એને વાણી સુધી લાવવામાં, વ્યવસ્થામાં, બાંધવામાં, લાગી જતા નથી, તે પોતાના વ્યવહારમાં એ સત્યદર્શન કેવી રીતે વ્યવહૃત થશે, કેમ પ્રગટ થશે, કેવી રીતે અભિવ્યક્ત થશે, એ જુએ છે. આ પ્રમાણે વ્યવહારનાં બધાં સ્તરો પર, ઈંદ્રિયોનાં સ્તર પર, મનનાં સ્તર પર, બધાં સ્તરો પર એક સાથે એનું પ્રગટ થવું સંભવિત છે. એમ નહીં કે તંબૂરાના તાર મળ્યા છે, અગર સિતારના તાર મળ્યા છે તો એક તાર છેડયો અને બાકી પછી એક કલાક બાદ બીજો તાર અને ત્રીજો તાર છેડીને પછી ચોથો છેડયો. એમ કરવાથી સંગીત નિષ્પન્ન નથી થતું, નિનાદિત નથી થતું.

સત્યદર્શનનું, સાક્ષાત્કારનું, ઉપલબ્ધિનું ગુંજન હાડમાંસમાંથી નથી ઊઠતું તો જીવન-સંગીત કેવી રીતે નીપજશે ? માટે જાગૃતિ એટલે ગુંજન, નિનાદ ગુંજી ઊઠે છે. અને આ કંઈ આપની સામે કાવ્ય મૂકી રહી નથી. જે જિવાયું નથી, એ આપની સામે મૂકીશ નહીં, એ પ્રતિજ્ઞા છે. અને જે દિવસે જિવાયેલું નહીં બોલાય, કલ્પનાથી બોલાશે, એ દિવસે વાણીને શાંત કરી મૂકી દઈશું કહી દઈશું કે હવે એ બેકાર થઈ ગઈ છે, અમારા કાંઈ કામની નથી. જે જિવાશે એટલું જ અને એ જ બોલીશું. એને શણગારીશું કે પ્રસાધિત પણ નહીં કરીએ. જેવું છે તેવું જ ખુલ્લું કરી દઈશું. એને જ શબરીના બોર કહ્યાં. પોતાના મુખથી ખાઈ-ખાઈ ને એણે બોર આપ્યા હતા ને ! માનવ એવો અરસિક થઈ ગયો છે કે કંઈ સમજતો જ નથી. એમ જ સિનેમામાં, પુસ્તકોમાં જોયું છે, કે શબરી ખાઈ રહી છે અને એઠાં બોર ખવડાવી રહી છે ના-ના, જે કાંઈ વાણીમાંથી નીકળ્યું, ઈન્દ્રિયોમાંથી વ્યકત થયું તે માટે એઠું છે.

જાગૃતિ એટલે જે સત્યને જોયું, જે ઉપલબ્ધ છે, એની ઉપલબ્ધિના સ્પંદન સમગ્રતામાં નિનાદિત થતા રહે છે. એવી અવસ્થાની જો અભીપ્સા હોય તો શું કરવું જોઈશે એવો પ્રશ્ન ઉત્તરાર્ધમાં હતો ને ! સંસ્કાર કેવી રીતે દર્શનને, શ્રવણને મિથ્યા બનાવે છે, કેવી રીતે દોષિત કરે છે, એ તો હમણાં કહ્યું ને ! અને એને એવી રીતે દૂષિત ન કરે માટે કેવી રીતે સાવધાની રાખવી પડે છે, એ સમજવાની વાત છે. સંસ્કારોની ખૂબી એ છે કે જ્યાં તમે આંખ ખોલીને સંસ્કાર તરફ જોતા

નથી ત્યાં સુધી તે બંધનકારક છે. આ સંસ્કાર વારસામાં મળ્યા છે. આ પ્રારબ્ધ એટલે પહેલેથી જ શરૂ થયેલી એક પ્રક્રિયા છે. એ રૂપમાં એને જોતા નથી અને સંસ્કારને જ્યારે સ્વભાવ માની લે છે, સ્વદ્રવ્ય માની લે છે, ત્યારે એ બંધન બને છે. સંસ્કાર વિના તો આપ અને અમે બધાં રહી શકીએ નહીં. કોઈને કોઈ સંસ્કાર ચાલુ રહેશે જ પણ સંસ્કાર પરદ્રવ્ય છે, એ પરભાવ છે, એ સ્વભાવ નથી, સ્વદ્રવ્ય નથી, એ મારું સત્ત્વ નથી, વિદેશી દ્રવ્ય છે. એટલું સમજી લેશો. આ શું કંઈ ચામડી છે કે તમે એને ઉતરડી લેશો ?

એનું તો આંતર કલેવર બનેલું છે. પણ એ આંતર કલેવરનું ઉપાદાન, જ્ઞાન, અનુભૂતિ અને સંસ્કાર છે, એમ સમજી લેવું, એ જ કલેવરની પકડમાંથી મુક્ત થવાની ક્રિયા છે. એને ફેંકી દેવાનું નથી, એનો નાશ કરી શકાતો નથી, એનું રૂપાંતર થઈ શકતું નથી, એને દબાવી શકાતું નથી. એની ઉપેક્ષા કરીને આપણે દોડીને જતાં રહીશું, એમ બની શકતું નથી. એ તો છે, પણ સંસ્કાર બંધન કયારે બને છે, સંસ્કાર અવરોધ-પ્રત્યવાય કયારે ઉત્પન્ન કરે છે ? જ્યારે સંસ્કાર જ મારું સત્ત્વ છે એવો આગ્રહ પેદા થઈ જાય છે. જૈન કુળમાં જન્મેલો છે, હિન્દુ-બ્રાહ્મણના ઘરમાં જન્મ થયો છે, ઈસાઈ ઘરમાં જન્મ થયો. સામ્યવાદી મા-બાપના ઘરમાં જન્મ થયો તો જન્મગત સંસ્કાર એને મળ્યા.સામ્યવાદી માબાપનો દીકરો સામ્યવાદી થાય. જાણે એની જાતિ બની ગઈ. બ્રાહ્મણનો દીકરો હોઉ તો હું બ્રાહ્મણ છું, હિન્દુ છું, હું જૈન છું, આ સંસ્કારને એણે સ્વરૂપ સમજી લીધું, એ જ તો બંધન છે.

હાડ-માંસમાં રહેતા સંસ્કારો સાથે લડાઈ કરવી અસંભવ છે. એ તો છે, પણ એને સ્વરૂપ ન સમજો. એ આવરણ છે, આવરણો બદલાતા રહે છે. આજનો નાસ્તિક તે આસ્તિક બની જાય છે, કેમ આવું થાય છે ? માન્યતાના આવરણો બદલવા બહુ મુશ્કેલ નથી. પરંપરાઓના વસ્ત્રો બદલવા બહુ મુશ્કેલ નથી. વિચારોના વસ્ત્રો બદલવાં મુશ્કેલ નથી. વિકારની અભિવ્યકિત કરવાની પદ્ધતિઓને બદલવી મુશ્કેલ નથી. માટે કહી રહી છું કે સંસ્કારોનાં આવરણો છે, વસ્ત્રો છે, પરિધાન છે, જે પહેરી શકાય છે, અગર જુદાં મૂકી શકાય છે. ઉતારી શકાય છે, બદલી શકાય છે. જે બદલી શકાય છે, એ સ્વરૂપ નથી, એ સત્ય નથી. માટે આપ એમ કહો છો કે ભાઈ, સાચું શ્રવણ થયું, સાચું દર્શન થયું, સાચી જાગૃતિ છે. અને

સંસ્કારોને વ્યકત નહીં થવા દો. આ આપનું અનુમાન છે. આપ એમ સમજી રહ્યા છો કે સત્યદર્શનમાં, શ્રવણમાં, જાગૃતિમાં કોઈ પોતાની ગતિ નથી. આવો આપને ભ્રમ કોણે કર્યો ? સંસ્કારોમાં જે ગતિ છે, વિચારમાં ગતિ છે, અનુભવમાં ગતિ છે. આપ સમજો છો કે દર્શનમાં, શ્રવણમાં, જાગૃતિમાં ગતિ નથી ? વિકારોની ગતિ ઈન્દ્રિયોથી મર્યાદિત છે, વિચારોની ગતિ મગજથી મર્યાદિત છે, પણ બોધની ગતિ, જાગૃતિની ગતિ અપરિમિત છે; એમાં વિલક્ષણ ગતિ છે. એની સામે આ સંસ્કારોની ગતિ ઊભી રહી શકતી નથી.

હા, શરીર નબળું છે, ઋણ છે, વ્યાધિગ્રસ્ત છે, આનુવંશિક કંઈક બીમારી છે, એ નથી જતી. યોગાભ્યાસ કરીએ, વ્યાયામ કરીએ તો જશે. પણ યોગથી માત્ર શરીરને વારસામાં જે વ્યાધિ-વગેરે મળ્યા છે તે જશે, એવો અભિપ્રાય નથી, પણ જે માંદગી છે તે આપણા ચિત્તમાં ફરિયાદ નહીં બને. બીમારીનું દુઃખ એટલું નથી હોતું જેટલું કે બીમારી મને કેમ છે, એની ફરિયાદ બનાવવાથી હોય છે. બીમારીનો તો ઈલાજ થશે, પણ ફરિયાદનો ઈલાજ દુનિયામાં કયો ડૉકટર કરશે ? અને જેટલી સાંત્વના બીમારોને આપવામાં આવે છે, એ જે ફરિયાદો બનાવવામાં ૨૪ કલાક કારખાના ચાલે છે ને, એને બંધ રાખવા માટે જ છે, બીમારી માટે નહીં. એટલે શરીરની જે મર્યાદાઓ હશે, એ અભિવ્યકિતમાં મર્યાદા લાવી શકે છે, શરીર બીમાર હોય, માંદું હોય, વૃદ્ધ હોય, બાળક હોય, તો અભિવ્યકિતનું સ્વરૂપ બદલાશે, અભિવ્યકિતની ઉત્કૃષ્ટતામાં ફરક પડશે, અભિવ્યકિતની ગતિમાં ફરક પડશે, પણ આશયમાં નહીં, ઉપલબ્ધિના આશયમાં નહીં પડે.

પ્રશ્ન : કબીર સાહેબનું વચન છે ''યહ ચાદર સુર-નર-મુની ઓઢી, ઓઢ કે મેલી કીન્હી ચદરિયા. દાસ કબીર જતનસે ઓઢી, જ્યોં કી ત્યોં ધર દીન્હી ચદરિયા''ચાદર કયારેય અશુદ્ધ ન થઇ હોય, એમ સંભવ છે શું ?

ઉત્તર : અગર તો કબીરની વાણી ખોટી છે, ''યહ ચાદર સુર, નર, મુની ઓઢી, ઓઢ કે મેલી કિન્હી ચદરિયા. દાસ કબીર જતનસે ઓઢી, જ્યોં કી ત્યોં ધર દિન્હી ચદરિયા'' આ જે પાંચ મહાભૂતોની ચાદર છે, પ્રભુને મારે ઓઢાડવી છે એને શુદ્ધ અવસ્થામાં તારા ચરણોમાં મૂકું છું. હવે પ્રશ્ન એમ પૂછયો કે સંપૂર્ણ જીવનમાં અંદરનું માળખું અને બહારના માળખાને, શુદ્ધ રાખવું શું સંભવ છે ? આપ શુદ્ધિનો અર્થ શું કરો છો એ જોવું પડશે. જેમ કે મેં કહ્યું કે શરીરમાં આનુવંશિક

કોઈ ખામી છે, ત્રુટી છે, બીમારી છે, એને તો નહીં હટાવી શકાય. એ શુદ્ધિની વાત કબીર સાહેબ કરતા નથી. આ માળખા પર વાસનાનો ડાઘ મેં લાગવા દીધો નથી. પછી વાસના ભોગની હતી કે ત્યાગની, ભોગની હતી કે વૈરાગ્યની. વૈરાગ્યની વાસના એટલો જ ઉપદ્રવ કરે છે, જેટલો ભોગની વાસના કરે છે. અને વૈરાગ્યનો અહંકાર, ત્યાગનો અહંકાર, ભોગના અહંકારથી વધુ ઉપદ્રવ કરે છે. તો આ ચાદરમાં ભોગની, ત્યાગની, વૈરાગ્યની, કર્તૃત્વભાવની, કોઈ મલિનતા મેં આવવા દીધી નથી. અને આપણી તો બચપણથી જ મલિન છે.

જે રીતે પાલનપોષણ થયું, શિક્ષણને નામે આપણા પર જે આક્રમણ થયું, અત્યાચાર થયો, એના આપણે શિકાર છીએ. પણ જ્યારથી જાગ્યા, ત્યારથી સવાર ભાઈ ! જે ક્ષણે જાગી ગયા, ત્યારથી જીવનનું પ્રભાત સમજો. ત્યાં સુધી તો જીવ્યા જ નથી. મલિનતા પહેલા આવી ગઈ છે. આ મલિનતા એવી છે કે ધોઈ શકાય છે. આ બધાં સ્થૂળ જગતના શબ્દો, સૂક્ષ્મ જગતમાં જે રીતે લાગુ પડે છે, એ શબ્દોનો વ્યવહાર જ્યારે સૂક્ષ્મ જગતને માટે, અવ્યક્તને માટે કરવો પડે છે, તો કેટલી મુશ્કેલી પડતી હશે. આપ લોક રસિક હશો તો જોઈ લો. એક પળની એમની અનુભૂતિ શબ્દમાં વ્યક્ત થઈ શકતી નથી. શબ્દ લુલા લંગડા પડે છે. આપ અવાક્ થઈ જાઓ છો. કોઈ ભીષણ પ્રસંગ સામે આવ્યો, તો અવાક્ થઈ જાઓ છો ને !

અવ્યક્તને સમજાવવાને માટે અગર અવ્યક્ત વિશે વાણીથી સંવાદ કરવાથી ખોટી તકલીફ થાય છે અને જ્યાં સુધી શબ્દો જઈ શકે છે. ત્યાં સુધી ગયા વિના તો નિઃશબ્દની અવસ્થા આવશે નહીં. શબ્દને દબાવવાથી નિઃશબ્દની અવસ્થા આવશે નહીં. ક્રિયાને દબાવવાથી અકર્મની અવસ્થા તો નહીં આવે. માટે સાવધાનીથી અને જવાબદારી સાથે ઉપયોગ કરવો પડે છે. આ મલિનતાને જાગૃતિના જળથી ધોઈ શકાય છે. જાગૃતિનું જળ ગંગા છે. સત્સંગની જરૂરત છે. સત્સંગમાં પ્રક્ષાલન અનાયાસ ઘટિત થાય છે, જાગ્રત રહેવા માટે આખુંયે વાતાવરણ ચોતરફથી મદદ કરે છે, પ્રેરણા આપ્યા કરે છે. માટે એવું વાતાવરણ હોય. જ્યાં પ્રેરણા છે, જ્યાં સહયોગ છે.

માની લો કે એક ઓરડો છે, અને ૧૦ વર્ષથી બંધ કરી રાખ્યો છે. ત્યાં ઘણો અંધાર છવાયેલો છે. અને આપ એ ઓરડામાં દીવો લઈને ગયા. તમે એમ

કહેશો કે ૧૦ વર્ષનું અંધારું એક ક્ષણમાં કેવી રીતે નાશ પામ્યું ? તો કેવી રીતે આ મલિનતાઓ ધોવાઈ જશે ? દીવો ત્યાં ગયો, અને પ્રકાશે ઘણા પ્રેમથી અંધારને ધોઈ નાંખ્યો; ધોઈ શું નાંખ્યો, અંધારને આલોકમય બનાવી દીધો. એનો નાશ તો ન કર્યો, લોકોએ પારસ પથ્થરને જ લોઢાના સુવર્ણ બનાવતા જોયો છે, પણ પ્રકાશને અંધકાર સાથે વ્યવહાર કરતો કદી જોયો નથી. જ્યારે પ્રભાત થાય છે ત્યારે કદીક જુઓ. અમાવાસ્યાની કાળી રાત, ગહન અંધકાર છે, કયારેક ઊઠો. રાતના અંધકારને ખૂબ જીવ ભરીને જોઈ લો. અંધકારને આલોક પળભરમાં કેવી રીતે પ્રકાશમય બનાવી દે છે ? સુવર્ણ નથી બનાવતો. પોતાના રૂપમાં મેળવી લે છે. એવી જ આ જે જાગૃતિ છે, આકલન જે છે, આ મલિનતાને ધોઈને, પ્રક્ષાલિત કરીને, શુદ્ધ બનાવી દે છે.

જન્મ-જન્માન્તર, ભવ-ભવાન્તરની ભાષા આપ લોકો બોલો છો ને ? પલભરમાં આકલન એને શુદ્ધ કરી દે છે, એ પછી એને શુદ્ધ રાખવી, ન રાખવી એ પુરુષાર્થ આપનો છે. ઈંદ્રિય સ્તર પર એ શુદ્ધિનું સંરક્ષણ કરવું, એ પુરુષાર્થની વાત છે. માટે જો મલિનતા આવી ગઈ છે અને મલિનતાનું ભાન થયું એ જ તો શુદ્ધિની શરૂઆત છે. હું નિદ્રામાં હતો એ જે કહી શકે છે, એ તો જાગ્રત થઈ ગયો છે. જે નિદ્રામાં છે એ તો નહીં કહી શકે કે હું સૂતેલો હતો. હું સૂતેલો હતો એટલે હું જાગ્રત થઈ ગયો છું. એટલે, આપણને શુદ્ધ, પવિત્ર ચાદર મળી છે કે નહીં, એ તો આપણી સ્વાધીનતામાં એક હદ સુધી નથી. પણ જે ક્ષણે મલિનતાનું ભાન થયું, જે ક્ષણે આપણે તંદ્રામાં છીએ, બેહોશીમાં છીએ, મૂર્છામાં વહી જઈ રહ્યા છીએ, એનું ભાન થાય એ સમયે આંખ ખોલીને મૂર્છાના સ્વરૂપને તો જોઈ શકીએ છીએ. કયાં વહી જઈ રહ્યા હતાં, એ તો જોઈ શકીએ છીએ. આ શુદ્ધિની શરૂઆત થઈ ગઈ.

અને પછી જો એ બોધને વ્યકિતત્વનાં બધાં સ્તરો પર જીવવા દીધો, તો વાત આગળ વધે છે, બોધને જીવવા દેવો એ વીરોનું કામ છે. બોધ થવો એટલો મુશ્કેલ નથી, પણ જે બોધ થાય છે એને જીવવા દેતા નથી. એની સાથે સમજૂતી કરે છે. કૂળ શું કહેશે, જાતિ શું કહેશે, સમાજ શું કહેશે ? આજ સુધીનું મારું જીવન આવું હતું; એની સાથે સંગતિ કેવી રીતે બેસાડું ? બોધની સંગતિ કરવા જાય છે. આત્મસાક્ષાત્કાર, આત્મબોધ બહુ મુશ્કેલ વાત નથી, પણ બોધને જીવવા દઈએ એ મુશ્કેલ છે. જીવનનું અધિષ્ઠાન સત્ય છે, એ ખબર છે, પણ એ

કુટુંબમાં નથી ચાલી શકતું. બધાની સાથે સત્ય નથી બોલાતું, વેપાર થઈ શકતો નથી, ધંધો થઈ શકતો નથી. આપણાં માટે ધંધો, વેપાર, કુળની રીત આ મહત્ત્વની છે. અને સત્ય જે જીવનનું અધિષ્ઠાન છે, એને કાપકૂપ કરીને, એનાં ટૂકડા બનાવીને, આ ટૂકડાનો અહીં ઉપયોગ કરીશું, એ ટૂકડાનો ઉપયોગ ત્યાં કરીશું. જેટલી તમને તમારુ કુટુંબ, તમારી જાતિ, તમારો સમાજ, તમારો વ્યવસાય સગવડ આપશે તેટલો જ આપ સત્યનો ટૂકડો બનાવીને ત્યાં જોડવા ચાહશો. આ થીગડાં લગાડવાં એ જીવન નથી.

અમે જેમ ઈચ્છીએ છીએ, એવું જીવીશું. ઈંન્દ્રિયોના વિકારના આવેશો પર ચઢીને, વિચારના આવેશ અને અભિનિવેશમાં આપણે ચાલ્યા જઈએ છીએ, અને અડધો કલાક કયારેક વિતાવ્યો, બે કલાક એમાં વિતાવ્યા, સત્સંગમાં પ્રવચન સાંભળ્યું, પુસ્તક વાંચ્યાં એટલી કિંમતમાં અમને જીવનની શુદ્ધિ મળી જવી જોઈએ. પહાડનાં પથ્થરોને તોડીને જો પાંચ-દસ ટીપાં વહે તો તે વહેતી ગંગા નથી. પથ્થરોને તોડવાનું એ કામ અખંડ કાયમ ચાલુ રહે છે, ત્યારે જ ગંગા જઈને સાગરમાં મળે છે. સાંતનું અનંતની સાથે મિલન ઘટિત થાય છે, એના માટે એમ કહે છે કે હવે બહુ વહી ગયો છું, રોકાઈ જાઓ, તો તળાવ બનશે નહીં. એ અનંતની યાત્રા નહીં બને. માટે બોધને બધાં સ્તરો પર જીવવા દેવામાં લોકોની કાયરતા વિક્ષેપ બને છે. ડરે છે, અગર પછી જે મિથ્યા સમજમાં આવ્યું કે આ મિથ્યા છે, એ મિથ્યાનો મોહ છે.

પણ આમ થઈ શકતું નથી. મનુષ્યના જીવનમાં જાગૃતિ એટલે બોધ હોય, વાત સમજમાં આવે, પણ જીવન શુદ્ધ ન બને, એવું થઈ ન શકે. બોધ તો અગ્નિ છે, અગ્નિ પાવક છે, એમાં રસ છે પ્રેમનો. રસાયણ છે, બોધ વ્યવહારમાં કામ કરતો થયો કે પ્રેમ બને છે. એટલે આપ એમ ન સમજશો કે માનવને માટે આ સંભવ નથી. જેટલા પણ મનુષ્ય છે એટલી સમસ્યાઓનો મુકાબલો કરવો પડે છે. માટે, સમગ્ર જીવનની આંતરિક શુદ્ધિની અવસ્થામાં રહેતાં, માનવ વ્યક્તિત્વના બધાં સ્તરો સુધી વ્યવહાર કરે, એ થઈ શકે છે. એટલે એ ચાદર માત્ર કબીરસાહેબ જ છોડી શકયા એમ નથી.

આપે ઉદાહરણ કબીરસાહેબનું આપ્યું છે. તુલસીનું લ્યો ને : કેવું જીવન હતું ! કેવા કામી વ્યકિત હતા ! પત્નીનાં ઓરડામાં સાપને પકડીને ચાલ્યા ગયા

હતા-ચોરી-ચોરી-છૂપાઈ છૂપાઈને. અને એ પણ હતી જગદંબા કહે છે કે મારા હાડમાંસ પર આટલો પ્રેમ ? એ જ પ્રેમ પ્રભુ પર થઈ જાય તો ? આ આસક્તિ મરનાર આ દેહ પર ઊતરી ? શબ્દબાણ લાગી ગયું, અને જે રામચરિત માનસને વાંચી વાંચીને જીવન બદલીએ છીએ, એ ગ્રંથ એમના દ્વારા પ્રગટ થઈ ગયો. એટલે તુલસીની ચાદર કબીરની ચાદર કરતા ઓછી શુદ્ધાવસ્થામાં પહોંચી નહીં હોય. કબીરે કહી દીધું, મસ્ત આદમી હતા, ફક્કડ આદમી હતા. અને તુલસીદાસે કહ્યું, 'મો સમ કૌન કુટિલ ખમ કામી' પૂર્વ જીવનને યાદ કરે છે. એ કોઈ એમની મરવાની ક્ષણની, અગર નિર્વાણની અવસ્થાનું વર્ણન નથી. 'મો સમ કૌન કુટિલ ખલ કામી' પ્રભુ, કેવો હું હતો. તેં કૃપા કરીને મને આવો બનાવી દીધો. વિનયની ભાષા છે. બીજી હતી ફક્કડની ભાષા. જીવન એમ બદલાય છે. ગયા ગ્રીષ્મમાં અમે ગંગોત્રી ગયા હતાં. ગૌમુખ ગયા હતાં. ગંગોત્રીમાં એક સંત મળ્યા. મોટી ઉંમર હતી, લગભગ સોએક વર્ષ હશે. શરીર બંગાળનું હતું. વાતો થઈ. મેં કહ્યું, 'મહારાજ, હિમાલયમાં નિવાસ કરો છો, કંઈક શ્રવણનો આનંદ અમને પણ મળે.' તો કહેવા લાગ્યા, 'હા, અહીં રહેતા રહેતા ૭૫ વર્ષ થઈ ગયાં' 'કેવી રીતે આવ્યા મહારાજ, કયારે આવ્યા ?' તો કહે 'જુઓ, પિતાજી લાહોરમાં રહેતા હતા. સરકારી ઓફિસર હતા. ત્યાં શિક્ષણ થયું, ત્યાં એમ.એ. સુધી અભ્યાસ કર્યો. એક મારો મિત્ર હતો જે પંજાબી હતો. તો એની સાથે કયારેક એને ઘેર હું જતો. એક રજામાં ગયો હતો. અને અમે લોકો ફરવા નીકળ્યા, તો કોઈએ કહ્યું કે કોઈ ફકીર આવ્યા છે. એમને મળવા ગયા. અમે ફકીર પાસે પહોંચ્યા તો એ તો લયલા-મજનુની પ્રેમકહાની વાંચી રહ્યા હતા. અમને આશ્ચર્ય થયું કે ફકીર છે અને લયલા-મજનુની પ્રેમકહાની વાંચી રહ્યા છે ? એટલે અમે ફકીરને સવાલ કર્યો, પૂછયું કે આ શું વાંચી રહ્યા છો ? મજનુનો લૈલા સાથે પ્રેમ હતો. એના માતા-પિતાને પસંદ ન હતું. એમણે કહ્યું કે જવાનીનું ગરમ લોહી મગજમાં ચઢી ગયું છે. ત્યાંની નસ કાપીશું તો જેટલું વધારાનું લોહી છે તે વહી જશે. મગજ ઠેકાણે આવી જશે. નસ કાપી. નસ કાપી તો લોહીનું એક બિંદુ નહીં. ઘણું આશ્ચર્ય થયું, પણ ત્યાંથી ૪૦૦-૫૦૦ માઈલ પર પોતાના ગામમાં બેઠેલી લૈલાની મગજની નસ એકદમ ફાટી અને લોહી વહેતા વહેતા લૈલા બેહોશ બની ગઈ. ફકીરે કહ્યું કે આને વૈષયિક પ્રેમ કહેશો ? વૈષયિક પ્રયોગનો સંકુચિત અર્થ ન

કરશો. જેમાં વિષય અને વિષયની દૃષ્ટિ છે, એ વૈષયિક થઈ ગયો. માટે વૈષયિક પ્રેમમાં, ખાસ કરીને સ્ત્રી-પુરૂષમાં જ્યારે હોય છે, એમાં એટલી તાકાત છે કે અહીં નસ કાપી અને ફાટી, તો લોહી ત્યાં વહ્યું ! પ્રભુની સાથે પ્રેમ હોય તો ? એ તો ૫૦૦ માઇલથી પણ નથી ફાટતી. પ્રભુ તો અંદર છે. એની સાથે પ્રેમ હોય તો ?

સંત કહે છે, 'આ જે ફકીરનું સાંભળ્યું, તો અમે બન્ને મિત્રો ઊઠયા, સ્ટેશને ગયા, અમૃતસરની ગાડીમાં બેઠા, ઋષિકેશ આવ્યા, યાત્રા કરતા કરતાં ગંગોત્રી પહોંચ્યા. ત્યારથી પાછા ફર્યા જ નહીં.' બોધ, જેમાં પ્રેમનો રસ ભરેલો છે, એનાથી જ્યારે મલિનતા ધોવાઈ છે, ત્યારે આપની અને અમારી ચાદર શુદ્ધ રૂપમાં રહી શકે છે. હા, એટલી તેજસ્વી નહીં હોય, જેટલી કબીરની હતી. જેનાં તન-મનને વિકારોએ સ્પર્શ જ ન કર્યો, એની ચાદરની રોનક અલગ જ હશે. આપ એમ કહેશો કે સુતરાઉ કાપડની ચમક પણ રેશમી વસ્ત્ર જેવી હોવી જોઈએએ, તો કેવી રીતે હોય ? દસ નંબરનું સૂતર કોઈએ કાંત્યું છે અને ૮૦ નંબરના સૂતરની સાડી છે, અગર ધોતી છે તો આપ કહેશો કે આ પણ એટલી મુલાયમ હોય; એ તો કેમ હોય ? સૂતર એટલું ઝીણું કાંતોને ! ૨૦૦-૪૦૦ નંબરનું કાંતો, સૂતર કાંતવું આપને સ્વાધીન છે. એટલે એ રેશમી વસ્તુની ચમક, એનું બારીકપણું, એની મુલાયમતા, એટલી મુલાયમ ભલેને ન હોય, પણ શુદ્ધ તો હોઈ શકે છે. સૂતરનું કપડું પણ શુદ્ધ રહી શકે છે.

પણ આપણને બારીક અને મુલાયમ રેશમી ચાદર નથી મળી, એટલે નહીં ધોઈએ. માનવ આત્મ-સમર્થન શોધે છે ને ? અમને નથી મળી. કબીરને તો મળી, રામકૃષ્ણ પરમહંસને તો મળી હતી, અમે તો સંસારી છીએ. અમને કયાં મળી છે ? માટે ધોવાનું કામ અટકાવી દીધું છે. બચાવ ૨૪ કલાક ચાલુ જ રહે છે. પોતાની કમજોરીનું સમર્થન શોધવામાં માણસ એટલો ચતુર છે, માટે બોધને બધા સ્તરો પર જીવવા દેવો એ જ સાધના છે, એ જ કર્મ છે. વીરોનું કર્મ આ છે. 'હરિનો મારગ છે શૂરાનો' માટે કહ્યું છે; નામ લેવું નહીં, પણ નામનો જે અર્થબોધ થાય છે, એનો રસ જ્યારે નસોમાં દોડવા લાગે છે, એને રોકશો નહીં. શૂરતા તો ત્યાં છે.

(ચોરવાડના પ્રથમ શિબિરનો પ્રશ્નોત્તર ત્રીજો તા. ૧૨-૨-૧૯૭૧)

૭

ચોથું પ્રવચન

આજે સવારે સ્વજનોના હાથમાં ત્રણ રત્ન આપવા માંગું છું, જેની મદદથી આપની આંતરયાત્રા મંગળમય બને, કુશળ બને. આ ત્રણ રત્નો છે: શ્રદ્ધા, અભય અને પ્રેમ. એ માનવદેહમાં જ પામવા સંભવ છે. આ ત્રણ રત્નોને જે પામ્યા, આ નિધિનું જેણે હૃદયમાં જતન કર્યું, એની અધ્યાત્મની યાત્રા નિર્વિઘ્ન સફળ થાય છે. દાવા સહિત એ આપને કહેવા ઈચ્છું છું.

'સત્યે પ્રતિષ્ઠિતા ધારણા શ્રદ્ધા' - સત્યમાં ધારણાનું પ્રતિષ્ઠિત થવું એ શ્રદ્ધા છે. અને જીવન સત્ય છે. સતત ગતિશીલ જીવન તે સત્ય છે. અનન્ત ગતિ એ આ જીવનનું ઐશ્વર્ય છે. જીવન પર શ્રદ્ધા હોવી જોઈએ. જે રીતે સૂર્યોદય થતાં રાત્રિની, રજનીની અંધકારમયી છાયા ખસી જાય છે, તેવી રીતે શ્રદ્ધાનો ઉદય થવામાં સઘળો વિશ્વાસ અને માન્યતાઓ વિલીન થઈ જાય છે. માન્યતાઓ, સિદ્ધાન્તો, તત્ત્વો પ્રત્યે થઈ શકે છે, વિશ્વાસ વ્યકિતઓ અને સંગઠનો પ્રત્યે હોઈ શકે છે, પણ શ્રદ્ધા કેવળ જીવન પ્રત્યે હોઈ શકે છે. માનવમાં શ્રદ્ધા રાખવી એ નાદાની છે. માનવમાત્રમાં સ્ખલનશીલતા છે. માનવની મર્યાદાઓ છે, એના પ્રત્યે પ્રેમ હોઈ શકે છે, માન હોઈ શકે છે, પરંતુ શ્રદ્ધા કેવળ અનન્ત ઐશ્વર્યભર્યા જીવન પ્રત્યે જ હોઈ શકે છે.

આ જીવનમાં કોણ જાણે કેટલાયે આજ સુધી આવી ગયા, જીવી ગયા, તરંગની જેમ જીવનસાગરમાં પ્રગટયા અને એ જ સાગરમાં શાંત થઈ ગયા. તમે અને અમે કોઈ આદિ માનવો નથી. આપણી પહેલાં કોણ જાણે કેટલાયે જીવી ગયા હશે. એમનું જીવવું નકામું તો ન જ ગયું હોય. જે એ જીવી ગયા એ આપણો વારસો છે. એ જ આપણને તેમણે આપેલું દાન છે. સોક્રેટીસ જીવી ગયા. સત્યનિષ્ઠાને માટે સહજતાથી ઝેરની પ્યાલી ઉઠાવીને પી જનારા સોક્રેટીસ, મૃત્યુને

આવતું જોઈને એને ભેટનાર સોક્રેટીસ, આપના અને મારા પૂર્વજ છે. જે વ્યકિત પોતાનું મુખ સત્ય ભણી વાળશે, સોક્રેટીસની ચેતના આંગળી પકડીને એને ચલાવશે. આપણા જીવનને સત્ય પ્રતિ ઉન્મુખ બનાવવું, બસ આટલું જ પગલું, આપણે ઉઠાવવાનું છે. બાકી આ અનન્ત ઐશ્વર્યશાળું જીવન મદદમાં દોડતું ચાલ્યું આવે છે.

પ્રેમનો મહિમા પોતાના હાડ-માંસમાં જીવનાર જિસસ, યેશુ, એમનું જીવન નષ્ટ તો ન થયું. ' જે તમારા પર આઘાત કરે તેને પ્રેમ કરો' આમ કહ્યું નહીં, એ જીવીને દેખાડયું. એમનું હાથમાં ક્રોસને ઉઠાવવું, અને શૂળી પર ચઢવું વ્યર્થ તો ન જ ગયું. જે પ્રેમ પ્રત્યે ઉન્મુખ હશે, જિસસની ચેતના આંગળી પકડીને એની મદદ કરશે. સાધક કયારેય એકલો નથી હોતો. એનો પરમ સખા જીવન, આંગળી પકડીને મદદ કરવા માટે આતુરતાથી બેઠો છે. જીવનારની સાથે ચાલવાનું જીવનને વ્યસન છે. જીવન ચીર પ્રતીક્ષામાં છે કે કોઈ જાગ્રત થાય, સત્યોન્મુખ બને, પ્રેમોન્મુખ બને તો એની સાથે ચાલુ. એના પગ લથડિયા ખાય તો હાથ આપું. એની દષ્ટિ વિચારો, વિકારોથી ઢંકાય જાય તો દિશા બતાવું. ઠોકર વાગે તો હાથ આપીને ઉઠાડું, પ્યાર કરું, પંપાળું, એને માટે જીવન આતુર છે. જીવન ચીર પ્રતીક્ષામાં છે. આ સત્ય આપની પાસે છોડી જવા ચાહું છું- જે આ દેહમાં અનુભૂત છે.

જે પ્રબુદ્ધ થવા માગે છે, જાગી ઊઠવા માગે છે, એ કયાંય એકલો હોઈ શકે ? બુદ્ધની ચેતના જશે કયાં ? ભોગ માંથી ત્યાગ પ્રત્યે વળ્યા, ત્યાગમાં શરીરને તપાવ્યું, કષ્ટ આપ્યું. ૪૮ દિવસના ઉપવાસ કર્યા. શરીરની સાથે આ પ્રકારના અન્યાયથી જાગૃતિ અને સમબુદ્ધતા ઉપલબ્ધ થતી નથી, એમ સમજમાં આવ્યું. સુજાતાને હાથે ખીર પીધી, અને મધ્યમ માર્ગ પર પાછા આવ્યા, એમનું આ ભોગથી ત્યાગ સુધી જવું, એક છેડાથી બીજા છેડા સુધી ચાલી જવું, અને એની નિષ્ફળતા જોઈને મધ્યમ માર્ગ પર પાછા ફરવું, નષ્ટ તો ન થયું. જેણે ભોગ અને ત્યાગ બન્નેની કડવાશ જોઈ લીધી છે એની આંગળી પકડવા બુદ્ધ પોતે બેઠા છે. એમ ન સમજશો કે એ સિદ્ધાર્થ, શુદ્ધોદનના પુત્ર ગૌતમ આપનો હાથ આવીને પકડશે. ચેતના આપની ચેતનાને પકડશે. આપ એમ ચાહો છો કે હાડમાંસની આંગળીને કોઈ ચલાવે ! એટલાં સ્થૂળમાં ન જીવશો. એમની ચેતના આ ચેતનાને

પકડશે. આપને પ્રેરણા મળે છે. એ જ સમજી લો કે વિશ્વચેતનાએ આપની ચેતનાને પકડી છે, આંગળી પકડી છે એટલે કે પ્રેરણા આપી છે. જ્યારે પ્રેરણાની જાગૃતિ થાય છે ત્યારે કોઈએ આપની આંગળી પકડી છે એ એનું નિદર્શક છે, એનું દ્યોતક છે, એનું લક્ષણ છે.

વૈદિક ઋષિઓએ સૃષ્ટિના અંગેઅંગમાં વ્યાપ્ત ચેતનાના કિરણોને અંદર અને બહાર શોધ્યાં, એમની ઉપલબ્ધિઓ કયાંય નષ્ટ તો ન થઈ. જીવનમાં કંઈ જ નાશ પામતું નથી. જે સાકાર છે, એના આકાર તો બદલાય છે. નિરાકારનો આકાર છે નહીં, કે એનો લય થાય અને એમાં પરિવર્તન આવે. સગુણનું રૂપાંતર થાય છે. જે નિર્ગુણ છે તેનો નાશ જ નથી થતો. તેનું રૂપાંતર કેવી રીતે થાય, વિલય કેવી રીતે થાય ? માટે એ ઋષિઓની ઉપલબ્ધિઓ સૂક્ષ્મ જગતમાં ચૈતન્યના પ્રવાહરૂપે ઉપસ્થિત છે. આપ ગમે ત્યાં જાઓ, ગમે ત્યાં રહો.

એ ગાર્ગી, એ મૈત્રેયી, કયાં ગયાં ? શરીરો ગયાં, પણ પતિ સન્યાસ લઈને કહે અમૃતત્વની ઉપલબ્ધિ માટે જાઉ છું, તો હાથ પકડીને રોકયાં અને મૈત્રેયી પૂછે છે 'ધર્મેચ, અર્થેચ, કામેચ, નાતિ-ચરામિ' આ પ્રતિજ્ઞા કરીને તમે છોડી જાઓ છો ? આ બધી ધનદૌલત કોને આપીને જાઓ છો? એનાથી અમૃતત્વની ઉપલબ્ધિ થાય છે ? નથી થતી, તો અમૃતત્વ કયાં છે ? પહેલાં બતાવો અને પછી જાઓ.' 'ન વા અરે જયાયાઃ, કામાય, જાયા પ્રિયા ભવતિ, આત્મનસ્તુ કામાય જાયા પ્રિયા ભવતિ, ન વા અરે પત્યુઃ કામાય પતિઃ પ્રિયો ભવતિ, આત્મનસ્તુ કામાય પતિઃ પ્રિયો ભવતિ' બતાવવું પડયું. યાજ્ઞવલ્કય ટાળીને જઈ ન શકયા. અને અંતે કહેવું પડયું, 'આત્મા વા અરે દ્રષ્ટવ્યઃ શ્રોતવ્યો મન્તવ્યો નિદિધ્યાસિતવ્યઃ હે આર્યે ! હે દેવી ! આ માર્ગ છે. આત્માને જુઓ, એનું જ મનન, એનો જ અભ્યાસ કરો. એમાં જ અમૃતની ઉપલબ્ધિ છે,' એ ચેતના જશે કયાં ? જે પણ સત્યોન્મુખ થશે, એમની આંગળી પકડવા, એની ચેતનામાં પ્રવેશ કરવા, એ ચેતના બેઠી છે.

એ ગૌરાંગ, નવદ્વીપમાં જેમનો જન્મ થયો, ન્યાયશાસ્ત્ર શીખ્યા, ભકતોની મશ્કરી કરતા. રસિકવર હતા, ગૃહસ્થાશ્રમી પણ હતા. પછી એમને વેદાન્તની ધૂન ચઢી, પછી પ્રેમે એમની આંખો ચોરી લીધી અને નાદિયાથી નિલાંચલ સુધી હરતાં ફરતાં, ભકિત, વેદાન્ત, સંન્યાસ અને સંન્યાસ પછી મધુરાદ્વૈતની યાત્રા

કરીને બતાવી દીધું, એમના ચરણોનાં ચિહ્ન ધરતી પર નથી, પણ જે કોઈપણ ચૈતન્યનાં આકાશ-માર્ગથી યાત્રા કરવા ઈચ્છે છે, એમને માટે તો આકાશમાં એ પ્રવાહ પડેલો જ છે. એ જ્ઞાનેશ્વર કયાં ગયા ? શરીર ગયું પણ એ અનુભૂતિ, ઉપલબ્ધિ નાશ નથી પામી : જીવન પર શ્રદ્ધા રહેશે તો જીવનના અનન્ત સાગરમાં આ જે ઉપલબ્ધિઓના પ્રવાહો છે, તે આપની મદદ કર્યા વિના નહીં રહે. આપનાથી પણ એ વધુ આતુર છે. જિજ્ઞાસાથી વધુ આતુર અનુભૂતિ છે કે એ કયારે કોઈ જિજ્ઞાસુને મળે. એ રામકૃષ્ણ પરમહંસ, મકાનની ટોચ પર ચડીને રડી રહ્યા છે કે 'કયાં છે મારા એ બાળકો, જે આત્માની વાત સાંભળશે, ધારણ કરશે, ગ્રહણ કરશે, સંસારીઓની વાતો સાંભળી સાંભળીને થાકી ગયો છું. હવે ઉબાય ગયો છું. મા ! એ કયાં છે, એ કયારે આવશે ? જિજ્ઞાસા જોડે મિલન માટે અનુભૂતિની આતુરતા જુઓ. કેટકેટલાં વર્ણન કરું ? એ ગોરક્ષનાથ હોય, એ ગેહનીનાથ હોય, એ નિવૃત્તિનાથ હોય, કે જ્ઞાનેશ્વર હોય; એ રામકૃષ્ણ હતા કે જે નરેન્દ્ર માટે ભટકતા હતા, બ્રહ્મોસમાજની સભામાં ચાલ્યા જાય છે. લોકો એમને પાગલ કહે છે, લોકો કહે છે, નરેન્દ્રમાં આસકત થઈ ગયા છે. નરેન્દ્ર પોતે પણ એમની આ મૂર્ખામી પર ખિજાય છે. પણ જે અજ્ઞાન પર ખિજાય એ પ્યાર નથી. રામકૃષ્ણ ચિડાતા નથી. શોધે છે, ખોળે છે, ભટકે છે. નરેન્દ્ર મળવા ઈચ્છતો નથી, તો પાસેના ઓરડામાં કલાકો સુધી બેસી રહે છે, કે ઝરૂખામાંથી એનું મુખ દેખાય, અહા ! આ પ્રેમ નરેન્દ્ર માટે ન હતો. આ એનામાં ઘુમરાતી જિજ્ઞાસા માટે હતો. એ પ્રસ્ફુરિત થઈ ખીલે અને એમાં પોતાની અનુભૂતિની સુગંધ ભરી દઉં.

એમ ન સમજતા કે આપ નીકળી પડશો તો એકલા રહેશો, એકાકી રહેશો. સત્યની તરફ મુખ વાળનાર કદી એકલો નથી રહ્યો, કદીયે નથી રહ્યો. માટે આપ અભય થઈ જાવ. 'ભયસ્ય અભાવો વર્તતે યત્ર તદ્ અભયમ્' જ્યાં ભયનો અભાવ છે, એ અભય છે; નિર્ભયતા નહીં, ભયને કાઢી મૂકયો છે એ ભયને તો બહાદુર માણસ પણ કાઢી મૂકશે. લડનાર સિપાઈ પણ કાઢી મૂકે છે. જે ભયની સામે વિરોધમાં ઊભો છે એ નિર્ભયતાની જરૂર નથી. અભયની આવશ્યકતા છે જે નિર્દ્વન્દ્વની ભૂમિમાં છે ત્યાં સુધી અજ્ઞાતનો ભય છે. જ્ઞાતને વળગી રહો છો ત્યાં સુધી અજ્ઞાતનો ભય છે અને અજ્ઞાતનો ભય જ સૌથી મોટું બંધન છે, જે જીવવા નથી દેતું.

આપણે પરિચિત ઉપરથી અપરિચિત ઉપર જવા જ નથી માંગતા. જ્ઞાતને અને પરિચિતને છોડવા નથી ઈચ્છતા. મકાન પરિચિત છે. એમાં રાખેલું રાચરચીલું પરિચિત છે. એની દીવાલો પરિચિત છે. ચાર દિવસ પ્રવાસમાં ગયા. અપરિચિત સ્થાનોમાં જીવ અસ્તવ્યસ્ત થાય છે, જીવ ગભરાઈ જાય છે, દમ ગૂંગળાય છે. કયારે પરિચિતમાં પાછો ફરું, કારણ કે એ વસ્તુઓમાં આપની વાસનાઓના સૂક્ષ્મ તરંગો ચોંટેલા છે. ત્યાં જઈને વાસના શ્વાસ લઈ શકે છે. ત્યાં જઈને વિકારો આરામ લઈ શકે છે. તો અપરિચિતમાં અસ્વસ્થતા, એ પરિચિત પ્રત્યેની આસક્તિનું ચિહ્ન છે. આ ઓળખી લો. જ્ઞાતનો મોહ અને આસક્તિ જ અજ્ઞાતનો ભય બની જાય છે. અજ્ઞાતનો ભય કોઈ સ્વતંત્ર વસ્તુ નથી, જેને નિયમ અને અનુશાસનથી હટાવી શકશો કે ભગાડી દેશો. નિર્ભયતાના પાઠ નથી શીખવા પડતા. ભયનું સ્વરૂપ સમજવાનું હોય છે.

એ કહેવા માંગું છું કે અજ્ઞાતમાં ભય રાખવા જેવું કાંઈ જ નથી. માનવ અંધકારથી ડરે છે ને કારણ કે આંખ પર ભરોસો છે. બહારની આંખો પર ભરોસો છે અને બુદ્ધિ પર ભરોસો છે. જીવનમાં શ્રદ્ધા હોય તો અંધકારનો ભય અને અજ્ઞાતનો ભય નીકળી જાય છે. રાત્રીએ, મધ્યરાત્રીએ, અડધી રાત્રીએ, હિમાલયનાં જંગલોમાં, અમર કંટકની ગુફાઓમાં, પહાડીઓમાં, હાથમાં કાંઈ પણ લીધા વિના ત્યાં ફરવાનું થયું છે. કાંટા પર પગ પડે જ કેમ ? શું પગમાં એની પ્રતિભા નથી ? પ્રતિભા શું મગજમાં જ પડી છે ? કાંટા પર પગ સહજ જ નહીં જાય. એની પોતાની જે પ્રતિભા છે, તે બોલવા લાગશે. આપ શું એમ ઈચ્છો છો કે આપની પ્રતિભા, આપની પ્રજ્ઞા, કેવળ વાણીમાંથી, મુખમાંથી બોલે ! આંખમાંથી જુએ, શરીરમાંથી ન જુએ ! શું ઈન્દ્રની જ સો આંખો છે ? અને આપના હજારો રોમ આપની આંખો નથી ? એનાથી જોવાનું પણ શીખી શકાય છે.

જંગલમાં ફરતા વાઘ વગેરે મળે તો ઘણો આનંદ થાય છે. એ ખાવા શા માટે દોડે ? અર્બુદાચલના જંગલમાં અમે ધ્યાનમાં બેઠા હતાં. સવારનો સમય છે. અચાનક અવાજ થયો. આંખો ખોલી તો જોયું કે વનરાજ ઊભા છે. દસ ફીટનું પણ અંતર ન હતું. મોટું સુંદર શરીર, નવ ફૂટનું શરીર હતું. એમનું ઐશ્વર્ય કેવું ? એમનું રૂપ કેવું, રંગ કેવો, શું સરસ એમની આંખો ! શું વનરાજની શાન હતી ! અમે તો જોતાં જ રહી ગયાં. ભય લાગવા માટે પણ ફુરસદ ન હતી.

રસિકતા ભયને જીતી જાય છે. જોતી જ રહી. વનરાજે આંખોમાં આંખો મેળવી. એ પણ જોતા જ રહી ગયા. ''મારા.... મારા..... રાજ્યમાં આટલી ટાઢકથી બેસનાર કોણ છે?'' કંઈક પળો માટે સત્સંગ રહ્યો. એમના શરીરની ગંધ, એમના શરીરની ગરમી અનુભવાઈ અને એમણે પગ ઉપાડયાં ને ચાલ્યાં. ચાલતા જાય અને પાછા વળીને જુવે. પછી આગળ ચાલે, ફરી પાછા વળીને જુવે. અંદર જો ભયના સ્પન્દનો થાત, પરસેવો છૂટયો હોત, તો એ પરસેવાની ગંધથી અમારા પર કૂદી પડત.

માટે વાત જે કહું છું તે પુસ્તકોની નથી. પુસ્તકો વાંચ્યાં છે. પુસ્તકો વાંચવા નથી ગમતાં એમ નથી. શા માટે ન વાંચવાં ? કોઈએ પોતાનું જીવન કલમ પકડીને શબ્દોમાં લખી દીધું તો શા માટે ન વાંચવું ? જરૂર વાંચવું. વાંચવામાં જે બંધાય છે તે પંડિત છે. વાંચવાથી, વાંચવામાં કંઈક આવે એની જ કેદમાં બંધાય જાય તે પંડિત. વાંચ્યું, શીખ્યા, પુસ્તક તો હતું તેમ રહ્યું. શબ્દોના છોતરાં ઉતારીને શબ્દોમાં જે રસ પડયો છે એનું સેવન કરી લીધું. તો સંતોષ પામીને આગળ ચાલ્યા, પંડિતો અને પ્રેમીઓમાં આ જ તો ફરક છે. પ્રેમી, જ્ઞાનનો ભાર સહન કરી શકતો નથી, કારણ કે યાત્રા સૂક્ષ્મ છે.

વાઘ હોય, વીંછી હોય, સાપ હોય, ભય શા માટે ? અર્બુદાચલની વાત છે. એવા મકાનમાં રહેવા આવી કે જેમાં ચૌદ વર્ષથી કોઈ રહ્યું ન હતું. લોકોએ કહ્યું અહીં ન રહેશો, અહીં તો ભૂત-પ્રેત છે, પિશાચ છે. મને થયું ચાલો, એ પણ ઠીક છે કે એની સાથે રહેવાનું થશે. કાં તો એ અમને ભગાડશે, અગર એ જ નીકળી જશે. એટલે રહ્યાં. ગાદલાની નીચે આખી રાખી રાત સાપ પડી રહ્યો, બહુ જ લાંબો હતો. સવારે ઊઠીને ગાદલું ઉપાડયું તો જોયું કે નીચે સાપ છે. આપ એમ સમજો છો કે આખી દુનિયા, આખો સંસાર શત્રુ છે, દુશ્મન છે, શા માટે ?

આપનો ભય બીજાને વેરી બનાવી દે છે. આપની વાસના, લાલસા, બીજાને આક્રમણકારી બનાવી દે છે. આપની નિશ્ચિંતતા અને અભય બીજામાં સ્વસ્થતા ઉત્પન્ન કરે છે. કારણ કે બીજું કોઈ છે જ નહીં ને ? 'દ્વિતિયાત્ વૈ ભયમ્ ભવતિ'એક જ આત્માનું સામ્રાજ્ય છે, એક જ જીવન ઓતપ્રોત છે. ભય શા માટે અને કોનો ? જીવનમાં જ્ઞાતની રેખા-સીમા ઉત્પન્ન કરીને અજ્ઞાતનો ભય આપે જગાડયો છે. હવે હું આપને કહી રહી છું કે અંધકારને જોવાનો અભ્યાસ ન કર્યો માટે રજની

અને અંધકાર ડરાવતાં લાગે છે, બાકી એ તો ઘણી સરસ છે. કેમ કરીને આપને કહું ? ભય ન રાખશો, અભયમાં જીવો, 'અભયમ્સત્વસંશુદ્ધિઃ'. 'નિર્ભયમ્ સત્વસંશુદ્ધિઃ' એમ ન કહ્યું. નિર્ભયતામાં શૂરવીરતા આવી શકે છે. પણ અભયમાં સહજતા છે. શૂરવીરતા પણ એટલી જ વિકૃત છે, જેટલી ભયગ્રસ્તતા. સુંદરતા, તો સહજતામાં છે, માંગલ્યતા તો સહજતામાં છે અને પ્રેમ અમૃત છે.

પ્રેમ જ અભયનો શ્વાસ છે. અભય જ્યારે શ્વાસોચ્છ્વાસ કરે છે ત્યારે એમાંથી પ્રેમ અને સખ્યની નીપજ થાય છે. સ્વસ્થતા માટે અભય થઈ જાઓ. આપ જ્યાં પણ હો, જ્યાં પ્રારબ્ધને લીધે જીવન હોય, કુટુંબમાં હો તો કુટુંબમાં, એકલા હો તો એકલા, દેહને અને મનને લીધે જે પ્રારબ્ધ છે, એણે જીવનમાં જ્યાં આપને મૂકયા છે, ત્યાંથી જરાપણ અહીં કે તહીં, આત્મોપલબ્ધિ માટે, એક ડગ પણ ભરવાની જરૂર નથી. જીવને આપને જ્યાં પણ મૂકયા છે, ત્યાંથી દૂર ભાગવાની જરૂર નથી. એ તો કાયરનું કામ છે. જ્યાં છીએ ત્યાં છીએ. જ્યાં છો ત્યાં સાવધાન હોવાથી આપના સંબંધો જ સાધનાના અવસર બનશે. આપની આસપાસ જે વ્યકિતઓ છે, એની ત્રુટિઓ, એમના વિકાર, એમના સંસ્કાર, એમની ભૂલો એમના અપરાધો, એમનાં આક્રમણો, આ બધાં આત્માની શોધના અવસર બનશે. જે લોકો નિંદા કરે છે, અવિશ્વાસ બતાવે છે, જુઠું બોલે છે, તેમનો ચરણસ્પર્શ કરો. રાતદિવસ જાગતા રહેવાનું શિક્ષણ એ જ આપી રહ્યા છે,

જે રસ્તામાં અડચણો કરે તેને પ્રણામ કરો. જોજો, આપનું દૃષ્ટિ-પરિવર્તન આપનું વૃત્તિ-પરિવર્તનનું પરિણામ ત્યાં પણ થશે. મહારાષ્ટ્રના પૈઠણ ક્ષેત્રમાં દૌલતાબાદ જિલ્લામાં એકનાથ નામના એક મહાપરાક્રમી વ્યકિત જીવી ગયા. તેઓએ શ્રીમદ્‌ભાગવત્‌નો મરાઠી ભાષામાં અનુવાદ લખ્યો છે. દશમો અને અગિયારમો સ્કંધ 'એકનાથી ભાગવત્' મહારાષ્ટ્રમાં બહુ જ જનપ્રિય ગ્રંથ છે. ભાગવત્ એમનું હૃદયધન હતું. આ એકનાથ શાંતિની મૂર્તિ હતા. એટલો શાંત સ્વભાવ, અક્રોધી સ્વભાવ, કહેવું શું ? ક્ષમાશીલ નહોતા. ક્ષમા તો અહંકારી કરી શકે છે. કોણ કોને ક્ષમા કરે ? અમને ક્ષમા પણ એટલી સ્થૂળ લાગે છે કે રસિકતા ક્ષમાનો સ્પર્શ પણ સહન કરી શકતી નથી. પ્રેમમાં ક્ષમા કેવી ? સજા કરવી અને ક્ષમા કરવી બેમાં ફરક કેટલો છે ? એક સ્થૂળ છે, બીજી થોડી ઓછી સ્થૂળ છે.

આ અહંકારનું લક્ષણ છે. જે પ્રભુત્વ રાખે છે તે જ ક્ષમા પણ કરી શકે છે. ભોગ ભોગવે છે, તે ત્યાગ પણ કરી શકે છે. જે સંગ્રહ કરે છે તે દાન પણ આપી શકે છે. દાન પણ સંગ્રહનું સ્વરૂપ છે, ક્ષમા પણ પ્રભુત્વનું સ્વરૂપ છે.

લોકોથી એકનાથજીની આ અક્રોધાવસ્થા આ પ્રેમમયતા જોઈ શકાતી ન હતી. એમને ઈર્ષ્યા થતી હતી. એટલે એક મુસ્લિમ યુવાનને તૈયાર કર્યો કે જે એમનામાં ક્રોધ જગાડે. એકનાથજીનો નિત્યક્રમ હતો કે બ્રાહ્મ સમયે ઊઠીને સ્નાન કરવા ચાલ્યા જતા હતા. સ્નાન કરીને પાછા ફરતા હતા. બસ, હવે મકાન પાસે જ છે. યુવાન આવ્યો અને શરીર પર થૂંકયો. એના તરફ જોઈને હસ્યા. સ્નાન કરવા પાછા ગયા. સ્નાન કરીને આવ્યા, યુવાન ઊભો જ હતો. ફરીથી થુંકયો. બસ, એ હસ્યા અને ફરી સ્નાન કરવા ગયા. ૧૦૮ વાર સ્નાન થયું. એ તો પૈસાની લાલચમાં થૂંકતો જ રહ્યો. બ્રાહ્મ સમયે શરૂ કરીને બપોરના ચાર વાગ્યા સુધી આ ક્રમ ચાલ્યો. પૈસાની લાલચ પણ આખરે ઊડી ગઈ. એણે પ્રણામ કર્યા, 'મહારાજ ! ધન્ય છે, ક્ષમા કરો ! પૈસાના લોભથી આ પાપ કર્યું. કહે છે, પાપ કેવું ? અરે રોજ તો એક જ વાર મૈયાના સ્નાન કરતો હતો. આજે તે ૧૦૮ વાર સ્નાન કરાવ્યું. ધન્ય છે, પ્રણામ કરું છું. આ દૃષ્ટિપરિવર્તન છે. 'ઉલટ ભઈ મોરે નયનનકી' આ છે. એ નહીં કે આંખો ચડી ગઈ છે, કોઈ અતીન્દ્રિય અનુભૂતિનો ઉન્માદ ચઢયો છે, એ આંખો ન હતી.

શક્તિના ઉન્માદમાં ફરનારા સત્યના વ્યભિચારી છે, પ્રેમી નથી. સત્યની શક્તિનો ઉપભોગ કરો છો? એ તો અદમ્ય અહંકારનો અવિવેક છે. સાક્ષીભાવનો ઉપભોગ કરો છો ? હું સન્યાસી છું, હું દૃષ્ટા છું, હું સાક્ષી છું, આ ભાવ ધારણ કર્યો, તો ભાવોન્માદ પણ એક પ્રકારની વિકૃતિ છે. ઈન્દ્રિયોના વિકારના આવેગોમાં તણાઓ છો, કે વિચારના અભિનિવેશોમાં તણાઓ છો, કે ભાવના ઉન્માદમાં તણાઓ છો, તણાવું તે જીવન નથી. અને ઉન્માદ તો તાણશે જ. ભલે મહાભાવનો ઉન્માદ હોય, એ તાણશે જ. જેમાં સંતુલન ચંચળ થઈ જાય છે અને સહજતા અથવા સાવધાનતામાં સંતુલન ગર્ભિત છે, સમાયેલું છે. સંતુલન જ સાવધાનતાનો પ્રસાદ છે. સહજતામાં અવધાન અને સંતુલનતા અગર સમતુલા છે. જેને શાંતિ કહો છો એ સંતુલનની સૌરભ છે. એ તો સંતુલનનો શ્વાસ છે. શાંતિની કોઇ સ્વતંત્ર સત્તા નથી, કે જેને આપ પ્રાપ્ત કરવા જશો.

પૈઠણ ક્ષેત્રના બ્રાહ્મણોએ બીજો યવન નક્કી કર્યો. ક્રોધ કેમ ન આવે ? આ તો એકનાથની કેવી સહજતા કે ૧૦૮ વાર, સ્નાન કરવામાં એમણે આનંદ જ માણ્યો ! આપણે પળ માટે પણ નિરાનંદ ન બનાવી શકયા ? શ્રાદ્ધનો દિવસ છે, એકનાથના ઘરમાં સેંકડો બ્રાહ્મણ ભોજન કરે છે. દીકરો હરિ પીરસી રહ્યો છે અને સુંદર રેશમી વસ્ત્રો પહેરીને સૌભાગ્ય લક્ષ્મી ગિરીજા પીરસી રહ્યાં છે. પીરસવું તો નીચા નમીને કરવાનું હોય છે. યવન આવ્યો ને એમની પીઠ પર ચઢયો. બરોબર એકનાથ મહારાજના પતરાળા સામે, માટીથી ભરેલું શરીર લઈને, યવન ગિરીજાની પીઠ પર ચઢયો. એકનાથ હસીને પત્નીને કહે છે, 'આર્યે દીકરો પીઠ પર ચઢયો છે, સંભાળી લેજો !' અને ગિરીજાનો જવાબ મળે છે, 'ચિન્તા ન કરશો ! હરિને નવ મહિના ગોદમાં રાખ્યો, આ દીકરાને પણ શું પળ માટે પીઠ પર નહીં રાખી શકું ?' આ ગૃહસ્થાશ્રમીની વાત છે, હું સન્યાસીની વાત નથી કરી રહી.

જીવન બદલાય જાય છે, અભય અને શ્રદ્ધા, દષ્ટિપરિવર્તન અને વૃત્તિ પરિવર્તન કરી દે છે. શ્રદ્ધા દષ્ટિને બદલી નાંખે છે, અભય વૃત્તિને બદલી નાંખે છે, રહે છે શેષ પ્રેમ. સર્વ પ્રત્યે પ્રેમ શા માટે કહેવો ? સર્વ છે જ નહીં. એક અને અનેક આ બધા આપની ગણતરીનો ભેદ છે, જીવનમાં ન એકતા છે, ન અનેકતા છે. ભોગવાદીઓએ અનેકનો ભ્રમ ઉત્પન્ન કર્યો અને ત્યાગીઓએ એકતાનો ભ્રમ જગાડયો. બન્નેને હટાવી દેજો. જીવનમાં ન એક છે ન અનેક. આપની ગણિતની ગણતરી, ગણિતનાં પુસ્તકોમાં જ રાખો, જીવન તો બસ છે.

કાશીનગરમાં પંડિતોની સભામાં ચર્ચા ચાલી. 'પ્રભુ સગુણ છે કે નિર્ગુણ છે, એક છે કે અનેક છે, દ્વૈત છે કે અદ્વૈત છે-નિર્ણય ન થઈ શકયો. અસ્સીઘાટ પર આવેલા શ્રી કબીરજી પાસે એ ગયા : 'મહારાજ, બાકી બધા પ્રશ્નોનો નિર્ણય તો થઈ ગયો. હવે એક છે. દ્વૈત છે કે અદ્વૈત છે ?' તો એ બોલ્યા, 'બધા પ્રશ્નોનો નિર્ણય થઈ ગયો અને ભગવાન તમારા એક યા બેના કેદી થશે શું ? તમારી એક યા બેની ગણતરીમાં પ્રભુ બંધાઈ જશે ? માટે સમજી લો. પ્રભુ એક પણ છે, બે પણ છે અને પ્રભુ એક પણ નથી, બે પણ નથી. જીવન જોડે તમારી ગણતરી અસંગત છે. એટલે સર્વથી પ્રેમ થઈ જશે, એ વાણીનો વિકાસ છે. આપ ક્ષમા કરો, એમ કહેવું પણ ભૂલ છે. 'બધા' છે જ કયાં ? એક નથી, અનેક નથી; બસ પ્રેમાવસ્થાનો ઉદય છે.

શ્રદ્ધા અને અભયના રત્નો જે પામ્યાં, દૃષ્ટિપરિવર્તન થયું અને વૃત્તિ પરિવર્તન થયું, કે આ શરીરમાં પ્રેમાવસ્થાનો ઉદય થાય છે, પ્રેમની અવસ્થા છે, બીજાઓ પ્રતિ નહીં, પોતાની જાત પ્રત્યે, જે છે તેના પ્રત્યે છે. પછી જીવવું ચાર દિવસનું છે કે ચારસો વર્ષનું છે એ ગૌણ છે. જે ક્ષણ જીવ્યા તે પ્રેમમાં જીવ્યા, અને જીવનમાં સૌથી મોટો પુરુષાર્થ એ પ્રેમ છે. તન અને મનની ઓળખ જેને નથી, એ પ્રેમ શબ્દનો અર્થ નહીં સમજે. વિકારોના આવેગોમાં જે ફસાયા છે, અને વિચારોના આવેશોમાં જે કેદી છે, એ પ્રેમને નહીં સમજે. આ સંસારમાં જેને પ્રેમ કહેવામાં આવે છે એ પ્રેમ નથી. એ પ્રેમનું પ્રતિબિંબ છે. પાણીમાં પડેલ સૂર્યના પ્રતિબિંબને પકડવાની કોશિશમાં આપ છો, પ્રતિબિંબ છે ખરું. દેહમાં, ઈન્દ્રિયોમાં મનમાં, અને વાણીમાં પ્રતિબિંબ પડી શકે છે ખરું અને પડતું રહે છે. આત્મા, ચૈતન્ય જેનો ધર્મ જ પ્રેમ છે એ જશે કયાં ? જેમ સૂર્યનો ધર્મ પ્રકાશ છે, એ જ પ્રમાણે આત્માનો ધર્મ જ પ્રેમ છે અને એ છે જ માટે એનું પ્રતિબિંબ ઈન્દ્રિયોમાં પડે છે. એનાં કિરણો ધરતી પર ઊતરે છે. કિરણોને આપે કદી પકડયાં છે ? પકડી તો જુઓ કે મુઠીમાં બાંધીને કિરણોને રાખ્યા છે. પ્રેમને સંબંધમાં બાંધવાની ઈચ્છા જ એને મોહ બનાવી દે છે. આ સંબંધ શું છે ? શરીરમાં રહેવા છતાં વ્યવહાર કરવા માટે નિર્માણ કરેલી યુકિત છે, સમાજ અને વ્યવસ્થાની યુકિત છે. એની જરૂરત છે. સંબંધ બનશે, શરીરમાં રહીએ છીએ. માતા છે, પિતા છે, પત્ની છે, ભાઈ છે, બહેન છે, આ સંબંધ બનશે. આને ઓળખો એની સાપેક્ષતાને ઓળખો. સંબંધોમાંથી સંયોગ સુધી જવાની તકનું આ સાધન છે. એ સાધન છે, સાધ્ય નથી. સંબંધ સાધ્ય બન્યું કે બંધન બન્યું, અને સંબંધ સંયોગનું બારણું ખોલનારો એક અવસર બન્યો સાધન બને તો એમાંથી પસાર થઈ જાઓ. કોઈકની ઈચ્છા ન થઈ અને લગ્ન ન કર્યું. બ્રહ્મચર્ય વિકૃતિ ન હોય, જો એ પ્રયત્નથી સાધેલી ચીજ નથી અને ઉપલબ્ધિ છે તો એ એટલું જ સહજ હશે, જેટલું આપને લોકોને લગ્ન સહજ લાગે છે. સહજ છે, એમાં શું છે ? ઈચ્છા ન થઈ, ન કર્યું. ઈચ્છા ન થઈ, યૌન ચેતના નથી, ચેતના એથી પર ગઈ. જ્યાં સુધી અહમ કેન્દ્રિત ચેતના છે, ત્યાં સુધી યૌનચેતના છે, ત્યાં સુધી આ આખોયે પસારો ઉઠાવવો પડે છે; ઉઠાવીએ પણ એટલું ઓળખી લો કે વિકારની પૂર્તિને માટે, વિકારના સંતોષ માટે આ આખોયે પસારો ઊભો કરીએ છીએ. પત્તાનો બંગલો

ઊભો કરી રહ્યા છો. કદી કોઈની ફૂંકથી ઊડી ગયો. તો પછી આંસુ નહીં આવે. બનાવો તો રસિકતાથી બનાવો.

કપડાં બનાવો છો, પહેરો છો ને ! જાણીએ છીએ કે કપડા આપણું સત્ત્વ નથી. પણ સુંદર વસ્ત્ર આપ નથી પહેરતા શું ? તો સંબંધોને પણ સુંદર બનાવો, સપ્રમાણ બનાવો. શરીર મરવાનું છે, માટે શું એને ગંદું રાખવાનું છે, મલિન રાખવું છે, શિથિલ રાખવું છે ? એને પણ સુંદર રાખવું છે. એ જ પ્રમાણે જીવનમાં ભટકતાં જ્યાં જ્યાં દેહની આવશ્યકતઆઓ, મનની આવશ્યકતાઓ આપને લઈ જાય છે, ત્યાં સમજી લેજો કે જે તન અને મનની જરૂરિયાતો છે, એ આપનું સત્ત્વ નથી, સ્વરૂપ નથી. આટલું ઓળખી લેજો. અસત્યને અસત્યના રૂપમાં સમજવાથી જ સત્યનું દ્વાર ખૂલી જાય છે. આટલું જ કરવાનું છે.

આપ જ્યાં છો ત્યાંથી ખસવાની જરૂર નથી, ત્યાંથી ભાગીને જશો કયાં ? ઈંટ, ચૂનો, સિમેન્ટની ઘરની દીવાલો બને છે, આશ્રમોની દીવાલો પણ તેનાથી જ બને છે. અહંકાર જ મમતાનો ઘેરો બનાવે છે, એમાંથી કુટુંબ ઊભું થાય છે, એમાંથી આશ્રમ પણ ઊભો થાય છે. આ મારા પિતા છે અને આ મારા ગુરુ, આ મારો પુત્ર છે અને આ મારો શિષ્ય, હું પણ છું અને મારું પણ છે. અહમ્ છે અને મમ પણ છે. એક લોખંડની બેડી છે, બીજી સોનાની બેડી છે, પણ છે તો બેડી. એમાં પણ સંબંધનું ભાન છે. આ નાળિયેરની દોરીથી-કાથીથી આપને બાંધે છે, પેલું રેશમની દોરીથી બાંધે છે. આ બંધાવવું દુઃખદ છે, અને પેલું સુખદ છે. પણ સુખ અને દુઃખ એ દ્વન્દ્વાત્મક છે. સંબંધ દ્વન્દ્વ અને દ્વૈતની ભૂમિ પર જ ઊભા થાય છે. માટે જશો કયાં 'અહમ્' નો, 'મમ'નો નવો શણગાર કરવા જશો ? આ ધાર્મિક લોકોનું કામ છે. એ એમના ઉપર જ છોડી દો. આ સત્યશોધકોનું કામ નથી.

જ્યાં છો ત્યાં જ જીવન સાથે મુકાબલો થવાનો છે. આસપાસ છે, હરીફાઈ કરે છે, તો એમની હરીફાઈમાંથી આપની અંદર મંથન જાગવું જોઈએ. આપની અંદર ઊંડાણમાં ઊતરવાનો અવસર, વિરોધ કરનારના વિરોધમાંથી પેદા થાય છે. માટે પ્રેમનાં જલથી સ્નાન કરીને દિવસનો પ્રારંભ કરજો. તમારી દષ્ટિ પ્રેમના જળથી ધોઈને ઘરમાંથી બહાર નીકળજો. અમારા એક આપ્તજન છે. ભાવનગરના શ્રી મુકુંદભાઈ પારાશર્ય. 'કંઠ ચાતકનો' એમનો કાવ્યસંગ્રહ છે. એમાં મુકુંદભાઈ

લખે છે, 'મેં તો આંજણ-અવધૂતનું આંજ્યું' અવધૂતનું આંજણ મેં આજી દીધું છે. આંખોમાં લગાવી દીધું છે. હવે જુઓ. મારી દૃષ્ટિ કેવી સાફ થઈ ગઈ છે. આકલનના, બોધના જળથી આંખો ધોઈને નીકળજો. એક સંબંધ થયો. એમાં શીખવા શું મળ્યું ? આહાર કરું છું, અન્ન ખાઉં છું. શું બોધ મળે છે ? સંબંધમાંથી બોધ લ્યો તો બંધન હટી જશે, મનને હટાવી લેશો તો અદ્વૈત આવી જશે. જીવન ઘણું સુંદર બની જશે-ઘણું સ્વસ્થ, ઘણું નિરામય. હું જાણું છું કે આખો દેશ સળગી રહ્યો છે, દુનિયા સળગી રહી છે. આપણી આસપાસની પરિસ્થિતિ ગંભીર છે કાલે આપ અમદાવાદ, મુંબઈ પહોંચશો, જીવન-પથ ભૂલેલા રાહીઓની માયા અને એમની ભ્રમણાની જાળ આપની આસપાસ, આપને પકડવા, બાંધવા મોં ખોલીને ઊભી છે, આવી પરિસ્થિતિમાં જવું છે અને ચારે બાજુ આંધી છે, તોફાન છે, તણાવ છે. એમાં આપના પાંચ પ્રાણોમાં જો શ્રદ્ધાના, અભયના, અને પ્રેમના દીપકો પ્રદીપ્ત થશે, તો જે જે કર્મ આપ કરશો તે પ્રભુની આરતી બની જશે.

પ્રારબ્ધને લીધે આ દેશમાં, આપનો-અમારો-જન્મ થયો. પરિસ્થિતિ કઠણ છે, વિકટ છે. કોઈ મૂર્ખતાથી આવીને મારી પણ નાંખે છે, કોઈ ઈર્ષા, દ્વેષની અગ્નિમાં સળગતા આવીને, આપના ઘરને આગ લગાડી દે છે, તો એમ સમજજો કે એ ઈર્ષાનો અગ્નિ માનવ જીવનને સળગાવી રહ્યો છે. આપના, અમારા ઘરને સળગાવે છે, તો પોતે પોતાને સળગાવી રહ્યો છે. એમાં જો સળગી જવાનું, કપાઈ મરવાનું, મરી જવાનું આપણા સંયોગમાં આવે તો એ પણ ખરું. ડરશો તો પણ એમાં જવું જ પડશે. તો અભયથી કેમ નહીં ? અસત્ય પર આધારિત, ઈર્ષ્યા, દ્વેષ, ક્રોધ અને હરીફાઈ પર રચાયેલી સમાજ રચના, અર્થ-રચના, રાજ્ય અને શાસન-રચના, એની જે કિંમત છે, આવા મૂલ્યોના ત્રાજવામાં પોતાના જીવનની હાર-જીતને, યશ-અપયશ, અને સફળતા-નિષ્ફળતાને તોલવાનું છોડી દો. આ મૂલ્યો આપના-મારા કામનાં નથી. સત્યને પંથે ચાલતાં, આપના ભાગ્યમાં હાર આવે છે, યા જીત આવે છે, એ સમાજ હાર-જીતનો હિસાબ કરે. આપને તો સત્ય પથ પર ચાલવાનો આનંદ જ મળશે.

અભયમાં જીવતાં આપની પાસે એકાકીપણું હોય છે, કે લોકપ્રિયતા આવે છે, એ તો સમાજની દૃષ્ટિએ જોવાનું થયું. આપના ભાગ્યમાં, આપના પાલવમાં તો રહી જશે પ્રેમ-યાત્રા. કૃતકૃત્યતા તો એમાં જ છે. બીજાની આંખોમાં જોઈ

જોઈને આપનું મૂલ્ય કરવાનું, આપને માપવાનું છોડી દો, એમ કહ્યું હતું ને ! જોવું હોય તો પોતાની અંદર જુઓ. અને કહી તો દીધું જ કે સત્યને અને પ્રેમને માર્ગે જનાર કદી પણ એકાકી રહેતો નથી. એનો સથવારો દશ્ય અને વ્યકતમાં ન જડે, તો અદશ્ય અને અવ્યકતમાં તો છે જ. અને વ્યકત જ સત્ય છે, અવ્યકત સત્ય નથી એમ ન સમજશો. વ્યકત અને અવ્યકતની મર્યાદા, આપની આંખોની છે. પ્રભુ વ્યકત પણ નથી અને અવ્યકત પણ નથી. દશ્ય-અદશ્ય, ગોચર-અગોચર એ આપની ઈન્દ્રિયોની મર્યાદા છે, સત્યની નથી. આ સત્યની મર્યાદાઓ નથી. એ આપના સાધનોની અને કરણોની મર્યાદા છે. એ મર્યાદાઓ જીવનને બાંધી શકતી નથી. પોતાની મર્યાદાઓમાં જીવનને ન જકડશો. એ અમર્યાદ છે. એને આપ અસીમ, અમાપ, અમર્યાદ રહેવા દો.

તો અભય અને શ્રદ્ધા આપને પ્રેમાવસ્થામાં લઈ જાઓ ! યોગ્ય અહાર-વિહાર, જે રીતે તન-મનના સ્વાસ્થ્ય સુધી આપને પહોંચાડી દે છે, એ જ રીતે અભય અને શ્રદ્ધા, સમગ્રતાના સ્વાસ્થ્યમાં એટલે પ્રેમાવસ્થામાં અગર સહજાવસ્થામાં આપને લઈ જશે, પછી ત્યાં આયાસ નથી, પ્રયત્ન નથી. એમાં પ્રતિકાર નથી, ત્યાં પ્રામિ નથી, ત્યાં પુરુષાર્થ નથી, ત્યાં તો ઉપલબ્ધિ થતી જશે, થતી જ જશે. અને પ્રેમ, સહજતા એ જ જીવનનું સ્વાસ્થ્ય છે. એવા સ્વસ્થ માનવ આપ બનો, એવી સ્વસ્થતા, નિરામયતા આપને ઉપલબ્ધ થાય, એ શુભેચ્છા સાથે આજે પ્રભાતનો આત્મ-સંવાદ વિસર્જિત કરું છું.

(ચોરવાડના પ્રથમ શિબિરનું ચોથું પ્રવચન, તા. ૧૪-૨-૧૯૭૧)

૮

પ્રશ્નોત્તર-૪

પ્રશ્ન : સાધના અને ઉપાસનાની વચ્ચે કોઈ મૂળભૂત ફરક છે ?

ઉત્તર : ઉપરના પ્રશ્ન પછી પ્રશ્નકર્તા પોતાની પ્રતિક્રિયા લખે છે કે વકતાની વાતોમાં ઉપાસનાની સુગંધ આવે છે. આ પ્રશ્ન નથી, એ એમનો અભિપ્રાય છે. એ પર હું ભાષ્ય નહીં કરું. કોઈને ઉપાસનાની સુગંધ આવતી હોય, કોઈને સાધનાની ગંધ આવશે. કોઈને નિર્ગંધતાની અનુભૂતિ થશે. પોતાની અભિમુખતાનો સવાલ છે. અમે એટલું જ જાણીએ છીએ કે અમે જીવી રહ્યા છીએ. હા, એમ જરૂર છે કે અહીં સાધના અને ઉપાસના, બન્ને શબ્દોનો પ્રયોગ કરવામાં આવે છે. ઉપરઃ નજદીક, ઉપશબ્દનો અર્થ નિકટ પાસે છે. ઉપવાસ એટલે પાસે વાસ. એ પ્રમાણે ઉપાસનાના મૂળમાં પ્રભુની પાસે બેસવાનો નહીં, માત્ર વાસ કરવાનો નહીં, પ્રભુની પાસે સાનિધ્યમાં જીવવાનો ભાવ છે. 'પ્રભુ', એવી વિશ્વ ચેતના જેનો બોધ નથી, જેનું એક અસ્પષ્ટ ભાન છે. સુસ્પષ્ટ, સુનિશ્ચિત રૂપે દેહમાં બોધ થયા પછી ઉપાસનાનું પ્રયોજન રહેતું નથી. ઉપાસનામાં પ્રભુ મારા જુદા છે, મારી બહાર છે, એમની પાસે હું રહું, દસ ઈન્દ્રિયોથી. પાંચ કર્મેન્દ્રિયો, પાંચ જ્ઞાનેન્દ્રિયોથી એમની પાસે રહું. મારી દરેક ઈન્દ્રિયનો વિષય માત્ર પ્રભુ થઈ જાય એવો ભાવ રહે છે. 'વિષયાચી અવધા ઝાલા નારાયણ' તુકારામ કહે છે કે શું કરું, મારી ઈન્દ્રિયોને માટે નારાયણ જ એકમાત્ર વિષય રહી ગયા છે, એટલે લોક કહે છે ભકત થઈ ગયા. માટે ભાન હોય અને બોધ ન હોય, ત્યારે એ ઉપાસના છે. બોધ થઈ ગયો હોય તો પછી પ્રેમ છે, ઉપાસના નથી.

સાધના તદ્દન જુદી છે. સાધના દષ્ટિની અને વૃત્તિની એક અવસ્થા છે. જે આત્મજિજ્ઞાસુ હોય તે સાધક છે, જિજ્ઞાસુ જે અવસ્થામાં જીવે છે, એ સાધનાની અવસ્થા છે. જિજ્ઞાસાનો સંબંધ, આત્મજિજ્ઞાસાનો સંબંધ પોતાની

બધી જ ક્રિયાઓની સાથે જે જોડે છે, એ સાધક થઈ ગયો. પોતાનાં તન-મન પર અવધાનની હથોડી અને છીણી લઈને જે ચલાવે છે, પોતાની જ અંદરથી જે શિલ્પ બનાવે છે. માટે સાધના, સર્વ સ્થળોમાં, સર્વ સમયે, બધી જ ક્રિયાઓની સાથે આત્મજિજ્ઞાસાને જોડવી તે છે. જેમ કે જોરથી જે આંધી ઊઠે છે, હવે ચાલે છે તો આપને શું લાગે છે ? એનાથી ઉપાસનાની સુગંધ આવશે, પણ કહી દઈએ છીએ કે જેમ કે શિવજીનું ડમરું વાગે છે, પહાડીઓમાં, ખીણોમાં તેજ હવા ચાલે છે, એનો નાદ જુદા પ્રકારનો છે. વેરાન ભૂમિમાં તેજ હવા ચાલતી હોય અગર રેતીનાં તોફાન અને રેતીની આંધી ઊઠે છે તો એનો નાદ, એનો અવાજ એકદમ જુદો છે, અને પછી તે જ હવા સાગર ઉપરથી જ સાગરકિનારે પસાર થતી હોય તો એનો નાદ જુદો જ છે.

આંધી અને તોફાનમાંથી આંખ, કાન, નાક, ખુલ્લાં રાખીને કયારેક પસાર થાય તો ઘણી મજા આવશે. ઘરમાં બેસીને નહીં, બહાર નીકળવું જોઈએ, પગ સ્થિર રહેતા નથી, હવા તમને ઊંચકીને ફેંકી દેવા ચાહે છે. ત્યારે એની ગતિની અનુભૂતિ થાય છે. એમ જ અંદરના સંસ્કારોની, વાસનાઓની, વિકારોની જ્યારે આંધી ઊઠે છે, તોફાન ઊઠે છે, એને પણ જોવા જોઈએ. વિવેકના સામ્રાજ્યમાંથી એ આંધી પસાર થાય છે, તો એક જુદા પ્રકારનો નાદ ઊઠે છે. નિગ્રહ દમન-પીડાની વેરાન ભૂમિમાંથી જ્યારે વિકારોની આંધી અને તોફાન પસાર થાય છે, ત્યારે જુદા પ્રકારનો નાદ થાય છે. અંદરના તોફાનોને પણ જોવાં જોઈએ, એનાં નાદ, એનાં સ્વરૂપ, કેવી રીતે પગ ઉપાડીને ચાલ્યાં જાય છે, એનાં મૂળિયાં કેવા હલતા જાય છે; જીવનમાં જડમૂળમાંથી હલી ગયા હો, એવી ક્ષણો આવી છે ને !

માટે, સાધનામાં પોતાની જિજ્ઞાસામાં, બ્રહ્મ-જિજ્ઞાસાને બધી જ ક્રિયાઓની સાથે જોડવાની હોય છે. ઉપાસના ભાવપ્રાણ છે, અને સાધના બોધ પ્રાણ છે. બસ, આ ફરક છે. ઉપાસક એક જ દિશામાં, દેશકાળમાં મર્યાદિત કોઈ મૂર્તિમાં અગર વિગ્રહસમ જેની કાયા હોય એવી કોઈ વ્યક્તિમાં પહેલા ભાવને આરોપિત કરે છે. જેનો ભાવ મૂર્તિમાં હોય અગર જેની મૂર્તિ-સમ કાયા હોય, એવી વ્યક્તિમાં ફસાઈ ગયા તે આગળ નહીં વધે, એ તો સંપ્રદાય બનાવશે, પરંતુ મૂર્તિને ચીરીને જે જોઈ શકે છે, તો ભાવનું આરોપણ વિશેષ વ્યક્તિ પર અગર

મૂર્તિ પર ન રહેતા, આખી દુનિયા માટે એ વ્યાપક ભાવાવસ્થા થઇ જાય છે, અને ભાવાવસ્થા પણ એકદેશીયમાંથી સર્વદેશીય થઈ જાય. એક વ્યકિત કે મૂર્તિમાં જે સીમિત હતી એ સર્વવ્યાપક ખીલી ઊઠે છે. એટલે શરૂઆત ઉપાસનાથી કરે તોપણ બોધમાં પહોંચવાનું હોય છે. અને આત્મસાધનાથી કરે તોપણ બોધમાં પહોંચવાનું જ હોય છે, એટલું છે કે આત્મસાધનામાં બોધ શરૂઆતથી છે, પ્રથમ ક્ષણથી જ છે, 'શોર્ટ કટ' ટૂંકો માર્ગ છે અને પેલો લાંબો માર્ગ છે. ફરક આટલો છે.

જે વ્યકિતને બીજાઓની સામે શબ્દમય સંવાદ કરવાનો હોય છે, એ વ્યકિતને દરેક માર્ગથી પસાર થવાનું હોય છે, પછી તે ઉપાસના હોય, જ્ઞાનમાર્ગ હોય, એ યોગમાર્ગ હોય, એ તંત્ર હોય. રામ-કૃષ્ણ જો ઈસાઈ ધર્મની, મુસ્લિમ ધર્મની, તંત્રની, વેદાંતની જ પોતે સાધના ન કરે તો 'સ્થપકાય ચ ધર્મસ્ય સર્વધર્મસ્વરૂપિણે, અવતાર વરિષ્ઠાય રામકૃષ્ણાય તે નમઃ' એ અનુસાર એમની દ્વારા ધર્મની સ્થાપના થઈ ન શકત. પોતાની કાયામાં પ્રયોગ કરીને જોયું. જો એ પોતે પ્રયોગ કરીને ન જુએ, તો એ બીજાઓની સામે વાણી નહીં ઉચ્ચારે, આ તથ્ય છે. પ્રયોગથી પવિત્ર થયેલી વાણી જ શુદ્ધ છે, બાકી બધી વાણી અશુદ્ધ છે, અપવિત્ર છે. કલ્પનાના વિલાસમાંથી, બુદ્ધિના પાંડિત્યમાંથી નીકળેલી વાણી અધ્યાત્મમાં કાંઈ કામની નથી. એ દર્શનશાસ્ત્રોનો શણગાર કરે. ઉપાસનાની ગંધ આવતી હોય, સાધનાની આવતી હોય, જીવનારને આ બધું જોવું પડે છે.

સાધના શબ્દનો જે ઉપયોગ અમે કરીએ છીએ, એ કોઈક વિશિષ્ટ સંદર્ભમાં કરીએ છીએ, અને ઉપાસનાનો કોઇ નિર્દેશ કરતા હોઈએ તો કોઈ વિશેષ સંદર્ભમાં કરીએ છીએ. અમારી પાસે નિષેધ તો છે જ નહીં. આજકાલ નિષેધ અને ખંડનની ભાષા સર્વપ્રિય છે, ભારતમાં અને ભારતની બહાર. અમને એવું દેખાય છે કે આગ્રહ અને નિષેધ એક જ દૃષ્ટિના બે પાસાં છે. આ ખોટું છે, આ બરોબર છે, એવો જ્યાં આગ્રહ છે ત્યાં આ ખોટું છે એ અભિપ્રાય છુપાયેલો છે. આ સારું છે એટલે બીજો ખોટો છે. આપ અભિપ્રાય જોઈ લ્યો, અંતર સમજી લ્યો. જો હું એમ કહું કે આ જ એકમેવ સત્ય છે, એનો અર્થ એવો કે બીજા ખોટા છે. તો આગ્રહમાં સત્યનો સ્પર્શ ન હોવાથી કટ્ટરપણું આવે છે, કારણ કે એમાં નિષેધ છુપાયો છે. આગ્રહ ઉપર દેખાય છે, નિષેધ અંદર છે. જે નિષેધ બહાર રાખે છે એની અંદર

આગ્રહ હોય છે કે બાકી બધાં ખોટાં છે, હું ખરો છું. બન્ને માર્ગો અજ્ઞાનીઓના છે. પ્રભુ એમને માફ કરે. નિષેધ કરનારાઓનો પણ સંપ્રદાય બને છે, આગ્રહી લોકોનો તો બને જ છે.

સત્ય આગ્રહ રાખવા માટે નથી. સત્યની ઉપલબ્ધિ બીજાઓના નિષેધ માટે નથી. કોનું ખંડન કરીએ ? કોનો નિષેધ કરીએ ? સત્ય જીવવા માટે છે, સંવાદને માટે છે, કોઈ પક્ષ રાખવો, બીજાઓને એ મનાવવું, એ તો અહંકારમાંથી જ થઈ શકે. સત્ય જ્યારે એમાંથી પસાર થાય છે ત્યારે આ રીતે દૂષિત થઈ જાય છે. દલીલો, તર્ક, સ્વપક્ષનું સ્થાપવું, આ બધી જ અભિસંધિ માત્ર અહમ્‌માં જ રહી શકે. રાજનીતિ અને અર્થનીતિમાં નિષેધના આગ્રહનો રસ્તો અપનાવ્યો છે. ખંડનનો, નિષેધનો, તોડફોડનો રસ્તો અર્થનીતિ, રાજનીતિમાં લોકોએ અપનાવ્યો છે, ધર્મે અપનાવ્યો છે. બૌદ્ધિક સ્તર પર ચાર્વાક થઈ ગયા છે.

અધ્યાત્મ ક્ષેત્રમાં નિષેધનો, ખંડનનો રસ્તો આજકાલ સર્વપ્રિય છે, પછી એ ઝેન બુદ્ધિઝમમાંથી આવે છે, અગર કોઈ વ્યક્તિઓમાંથી આવે છે. અમને એમ દેખાય છે કે જીવનમાં નિષેધ કરવા જેવું કાંઈ જ નથી. અને બધી ભૂલો એ અવૈજ્ઞાનિક દૃષ્ટિનું પરિણામ છે. દૃષ્ટિ વૈજ્ઞાનિક બને, એ ઉપર ભાર મૂકાય તો ભૂલો આપોઆપ શાંત થઈ જશે. અને માણસ ભાર શેના ઉપર મૂકે છે એના પર એનું જીવન-સંગીત નિર્ભર છે. સંગીતમાં કયાં સ્વર પર આપ ભાર મૂકો છો, એના પર રાગનું સ્વરૂપ નિર્ધારિત છે. જીવનમાં આપ કયો રાગ છેડવા ચાહો છો ? અને મનુષ્યો સાથે જો સંવાદનો રાગ છેડવો હોય તો ખંડન-નિષેધ બહુ કામ નથી આપતાં. એનાથી ઝાકમઝોળ રહે છે. જે ઉત્તેજનાપ્રિય લોકો હશે એવાઓને માટે એમાં આકર્ષણ છે, સનસનાટ છે; જે જડ, પ્રમાદી, આળસુ છે, એમને માટે આકર્ષણ છે. એ બન્ને માટે આકર્ષણ છે અને ઉત્તેજના, પ્રિયતા જડતાનું જ લક્ષણ છે.

પ્રશ્ન : પાંચ વર્ષની ઉંમરમાં આપને એવો ખ્યાલ કેવી રીતે આવ્યો કે સંસારમાં તો બંધન છે જ નહીં, લોકો કેમ બંધન માને છે ? જો આપની અનુભૂતિ પાંચ વર્ષની ઉંમરમાં થઈ તો એનો સંબંધ પૂર્વજન્મ સાથે છે કે એને માટે બીજું કાંઇ કારણ છે ?

ઉત્તર : એકદમ વ્યક્તિગત પ્રશ્ન પૂછ્યો છે. શું જવાબ આપું ? વંશાનુક્રમથી પ્રાપ્ત સંસ્કારોની દૃષ્ટિથી, વારસામાં મળેલા સંસ્કારોની દૃષ્ટિથી કહેવુ હોય તો માતામહ એક સત્પુરુષ હતા. એમને ત્યાં સંતોનું, યોગીઓનું આવવા જવાનું હંમેશ રહેતું હતું. એમના મિત્ર પરિવારમાં પહેલા હતાં શિરડીના શ્રી સાંઈબાબા. એમના મિત્ર પરિવારમાં હતા સ્વામી વિવેકાનંદ, એમના મિત્ર પરિવારમાં હતા શ્રી યોગેશ્વર સીતારામદાસ મહારાજ. કેટલાક નામ ગણાવું ? છત્તીસગઢના નવાબ હતા અને છતાં જીવન વિતરાગી હતું. શકય છે કે વારસામાં એ ચીજ આવી ગઈ હોય. હવે વાત રહી પાછલા જન્મની. આ જન્મની પોતાને ખબર નથી હોતી તો પાછલો જન્મ શું હોય છે, જી ? પાછલો જન્મ અને આગળનો જન્મ એ શું હોય છે ? આગળ અને પાછળ આવો સવાલ કોણ પૂછશે ? જેના મનમાં અમરત્વ અને પુનર્જન્મના નિષ્કર્ષ અને સિદ્ધાંત દૃઢ છે એ પોતાના સિદ્ધાંતોની પ્રતિક્રિયાને પ્રશ્નોના રૂપમાં મૂકે છે.

વાંચેલી અને સાંભળેલી વાતોને લીધે જ્યારે પ્રતિક્રિયા ઊઠે છે, તો એ પ્રતિક્રિયાને જિજ્ઞાસા ન સમજો. આપના સંસ્કારોની પ્રતિક્રિયા એ જિજ્ઞાસા નથી. જેને પુનર્જન્મ, પાછલો જન્મ, આ ભાષા પણ જેને ખબર નથી એના મનમાં આ સવાલ ઊઠશે શું ? જોવાની વાત છે; એ આવો સવાલ પૂછશે ? એ એટલું પૂછશે કે એ કયાંથી આવ્યું ? પાંચ વર્ષની ઉંમરમાં આપની પાસે આ ચીજ કયાંથી આવી, એટલું પૂછશે. પણ એ પાછલા જન્મની વાત ઉઠાવશે ? પુનર્જન્મની વાત ઉઠાવશે ? પુનર્જન્મની બાબતમાં, મૃત્યુ પછી જીવન છે કે નહીં, એ બાબત જે પ્રશ્ન કરવામાં આવે છે, એ અમારી વાંચેલી અને સાંભળેલી વાતોની પ્રતિક્રિયાઓ છે. એ પ્રશ્ન નથી, એ સમસ્યા નથી. જે જન્મ અને મૃત્યુને જોઈ શકશે, એ જ પૂછી શકે કે આગળ કાંઈ છે ? અને એ પૂછશે જ નહીં. મૃત્યુને જોતાં જોતા આગળ શું છે, અને છે કે નહીં, એની ખબર એને પોતાને જ પડી જશે. અનુમાનથી ઉત્તર આપવો હોય તો કહી દઉં કે હા, પાછલો જન્મ છે, શું થશે ? એનાથી ફાયદો શું ? બસ, ચિત્તમાં સિદ્ધાંત દૃઢ થઈ જશે.

કુતૂહલ અને જિજ્ઞાસાનો ફરક પહેલે દિવસે સમજાવ્યો હતો. એ જ રીતે સંસ્કારોની પ્રતિક્રિયા અને જિજ્ઞાસાનો ફરક ધ્યાનમાં લઈએ. એ તો જાહેર જ છે કે જન્મ સાથે જીવનનો પ્રારંભ નથી અને મૃત્યુની સાથે એનો અંત નથી. જન્મ

છે જીવનસાગરનો એક તરંગ અને મૃત્યુ છે એનો બીજો તરંગ. પરંતુ પાંચ વર્ષની ઉંમરમાં, કે ત્રણ વર્ષની ઉંમરમાં આવું ઉદ્‌બોધન ન થઈ શકે એવું આપ ન માનશો. ઉંમર ગણી રહ્યા છો શરીરની, પણ એમાં જે બીજ છે તે કોઈનું જલદી ખૂલી જાય છે, જલદી ખીલી ઊઠે છે. અગર કોઈનું બહુ જ મોડેથી પ્રફુલ્લિત-પ્રસ્ફુટિત થાય છે. સો વર્ષ જીવવા છતાં પણ કેટલાંકની અંદરની સંભાવના ખૂલી ન હોય. એ હતા શંકર, શંકરાચાર્ય, પાંચ વર્ષની ઉંમરમાં માને કહ્યું કે સંન્યાસ લેવો છે. 'અરે ! સંન્યાસ કઈ ચીજનો લઈશ ? તેં જીવન જોયું નથી.' કહે, 'જોઈ લીધું છે' અને પહોંચ્યા છે ગોવિંદાપાદની પાસે, ગુફાની પાસે જઈને ઊભા છે, અવાજ કરે છે તો અંદરથી પૂછે છે 'કોણ છે ?' તો કહે છે કે 'આપનું પ્રતિબિંબ'. પાંચ વર્ષનો બાળક કહે છે-'આપનુ પ્રતિબિંબ', શું કરવા આવ્યો છે ? તો કહે, 'બિંબને જોવા આવ્યો છું.' જેની પાસે શીખવા આવ્યા હતા એ શિલા હટાવીને બહાર આવ્યા અને પહેલા પ્રણામ ભગવાન શંકરને કર્યા. 'અચ્છા વિદ્યાર્થી આવ્યા છો પ્રભુ. જે જીવનમાં શીખ્યા, પામ્યા એને અભિવ્યકત કરવાનો અવસર આપવા આવ્યા છો. આવો.' એ પાંચ વર્ષનો બાળક બોલે છે.

નવ વર્ષના હતા જ્ઞાનેશ્વર, જ્યારે નિવૃત્તિનાથ પાસેથી ઉપદેશ ગ્રહણ કર્યો; અને નિવૃત્તિ હતા બાર વર્ષના. એને એ નવ વર્ષનો બાળક કહે છે ખાલી ઘડો નદીમાં ડુબાડયો તો છલકતો ઉપર ઊઠીને આવે છે. હું પ્રણામ કરવા ગયો અને ઊઠયો તો આત્મબોધથી છલકાઈ ઊઠયો. નવ વર્ષનો બાળક બોલે છે. આપને અમારી આટલી નાનકડી વાતથી આશ્ચર્ય થાય છે ? એ તો કાંઈ નથી. જે કહ્યું તે પણ અંશમાત્ર કહ્યું છે કારણ કે પોતાને વિષે કહેવા માટે શિબિર બોલાવ્યો નથી. આમ તો હાડમાંસના દેહમાં અપૂર્ણતાઓ પણ ઘણી હશે. આત્મશ્લાઘા થઈ જતી હોય તોપણ કોણ જાણે છે, પણ જાણી જોઈને તો કરવી નથી. એટલું કહી દઈએ છીએ કે પાંચ અને સાત અને નવ જે આપની આ ગણતરી છે એ ગણતરી માનવ-જીવન માટે અસંગત છે.

આપ સાત, બાર ગણો છો. સ્કૂલોમાં આજકાલ ગણિતના આંકડામાં બચ્ચાઓની યોગ્યતા માપે છે. આજકાલ કોણ જાણે સ્કૂલોમાં શું શું કરે છે ? બાળકોનો બૌદ્ધિ સ્તર આંકડા દ્વારા માપે છે, ન જાણે, શું શું ગણે છે. પછી કહે છે કે આ બુદ્ધિશાળી છે અને આ મંદબુદ્ધિ છે. ખબર નથી શું શું કહે છે. ગણિતશાસ્ત્રના

આંકડાઓથી અને અંકોના સંબંધો પરથી માણસનું માપ-તોલ કરવાની આ પદ્ધતિ છે, એ આસુરી છે. આ આજે નહીં તો કયારેક માનવે છોડવી પડશે. આ પશ્ચિમમાંથી લીધેલી વાત છે. પશ્ચિમે પણ છોડવી પડશે. આ ભવિષ્યવાણી કહી રહી નથી. હું બલ્ગેરીઆમાં એક સંસ્થા છે તેની વાત કરું. (**Institute of Suggestology and Suggestopedia**) એમણે પ્રયોગો કર્યા છે અને શિક્ષણની ગતિને ૫૦ ગણી વધારીને બતાવી છે. એ કહે છે કે યોગશાસ્ત્ર પરથી આ પદ્ધતિ આજે અમે આવિષ્કૃત કરી છે. એટલે આપ જેને કુંઠિત બુદ્ધિનો કહેશો એવા બાળકોને, સ્ત્રીઓને, પુરુષોને, મજદૂરોને, એક ૮૦ વર્ષનો, એક આઠ વર્ષનો હોય, એને એક જ ઓરડામાં બેસાડે છે. વિષયો શીખવે છે-ભૌતિક વિજ્ઞાન, રસાયણ શાસ્ત્ર, ભાષા વગેરે. એ કહે છે, 'આપ અહીં શીખશો નહીં, બુદ્ધિ ચલાવશો નહીં, અહીં આવીને આરામથી બેસો' અને ત્યારે શિખવાડે છે. એ લોકોએ બે વર્ષનો પાઠયક્રમ બે અઠવાડિયામાં કરી દેખાડયો છે, એમની પરીક્ષાઓ લેવાઈ છે. ૪-૬ મહિનાઓ બાદ પછી એ કહે છે કે મગજ મર્યાદિત છે, મન મર્યાદિત છે. અમે મનથી પર જે ચેતના છે એની સાથે સંબંધ સ્થાપિત કરીને તેનાથી અને ત્યાંથી શીખવીએ છીએ. સંસ્કારયુકત મગજ મારફત શીખવતા અમે થાકી ગયા છીએ. એટલે મગજનો જે સંસ્કારમુકત ચેતન વિભાગ છે, એનો સીધો સંપર્ક કરીએ છીએ. મગજની જે રુકાવટ-અવરોધ છે, એની પાર જઈને અમે સંબંધ સ્થાપિત કરીએ છીએ તે શીખવીએ છીએ.

પાંચ વર્ષની ઉંમરમાં શરીર રહ્યું હતું. પણ અંદર વસનારની ઉંમર લાખો વર્ષની હોઈ શકે છે. ઊહાપોહ, સિદ્ધાંત-નિર્ધારણ વગેરેમાં હું જવા નથી ઈચ્છતી. એટલે પાછલો જન્મ એ શબ્દને અમે છોડી દીધો છે, કારણ કે એ માટે બહુ ગંભીર વિષયમાં આપણે ઊતરવું પડશે. પોતાના જ જન્મ-મૃત્યુના બે બિંદુઓની વચ્ચે કેમ જીવવું એની જ ખબર નથી, તો પાછળના જન્મના ઊહાપોહની ખબર કયાંથી લાધશે ? અનુમાનમાં, તર્કમાં કયાં જવું છે ? એટલે જેનો પ્રશ્ન છે તે માફ કરે.

અમારી ઈચ્છા તો એમ છે કે માનવ જીવી શકે. જે શરીર એને મળ્યું, જે મન મળ્યું, જે પરિસ્થિતિમાં એ છે, ત્યાં જીવી શકે. સવાલ એ છે કે, અધ્યાત્મનો સંબંધ આ લોકમાં, અહીંયા, અત્યારે જીવવાથી છે, પરલોક સાથે નહીં. વિદ્વત્તાથી,

પાંડિત્યથી નહીં, એમ મરવા પછી શું થાય છે અને જન્મ પહેલાં શું થયું હતું, એની સાથે એટલો સંબંધ નથી કે જેટલો વર્તમાન સાથે છે. આજે છે, હમણાંની સાથે છે, માટે એ વાતોને આપ છોડી દો. કાલે ઘેર પાછા ફરશો તો શું કરશો ? કયાંથી શરૂ કરશો ? વાતો તો સારી-સારી સાંભળી, આપને માટે વાતો થઈ, આપને માટે વિચારો થયાં, અમારે માટે સત્ય થયું, સંવાદ થયો, સત્યનું સુખ થયું, કંઈક અંદર જાગ્યું, કંઈક આંદોલિત થયું, કંઈક સૂતેલું જાગી ઊઠયું, કોઈએ અંદર પાસું બદલ્યું, આમ બધું થયું હશે. હવે આથી આગળ કાલે પાછા ફરવા પછી શું થશે, એને જોઈએ.

એટલે આશા કરું છું કે ઘેર પાછા ફર્યા પછી આપ પ્રથમ અભ્યાસ જોવાનો કરશો. કેમ જોવું, દૃષ્ટિ કેમ શુદ્ધ બને કે જેથી ઈચ્છા વિના, વાસના વિના, પ્રભુત્વની આકાંક્ષા વિના, સ્વામિત્વની ભાવના વિના વસ્તુઓ તરફ, વ્યક્તિઓ તરફ, વિચારો તરફ, વિકારો તરફ જોઈએ. આ જોવાની કલા શીખવી, એ પહેલું પગલું આપ ભરશો એવી આશા રાખું છું. તનને જુઓ, મનને જુઓ, માટે પહેલાં તો જોવાનો અભ્યાસ કરવો પડશે. જો જોવામાં શૂન્યતા આવી ગઈ તો જોવાનું છૂટી જશે. સાવધાન થઈને જુઓ. સાગરને, નદીને, વૃક્ષને જુઓ, જોઈએ છીએ છતાં વાસના નથી ઊઠતી કે આ જોઈએ છે, પેલું નથી જોઈતું. આ સારું છે કે ખરાબ છે, એવો નિર્ણય થઈ જતો નથી. આ એનાથી સારું છે, આ એનાથી ખરાબ છે, એવી સરખામણી થઈ જતી નથી.

જોવા માટે પુરુષાર્થની જરૂરિયાત છે. માટે અક્ષુબ્ધ અવસ્થાનો ઉલ્લેખ પરમ દિવસે કર્યો હતો. એકાંતમાં બેસવા માટે ૨૪ કલાકમાંથી કંઈક સમય કાઢજો. બેસો, ઊભા રહો કે સૂઈ જાઓ એ આપની મરજી. પણ એક વાત છે કે આપની કરોડરજ્જુ સીધી રહે, ગર્દન સીધી રહે, જુઓ શું થાય છે, શરીરમાં શું થાય છે. સ્થિર રહેવાની ટેવ નથી તો શરીર કેવું બેચેન થાય છે, પગમાં કેવું ભારેપણું આવે છે; પગ સૂઈ જાય છે, હાથ હાલવા ચાહે છે, નજર ખૂલી જવા ઈચ્છે છે, કાન સાંભળવા ઈચ્છે છે, એને તો જુઓ. બાહ્ય ઇંદ્રિયોના વેપારને જોઈ લ્યો ને ! શરીર કહેશે ઊઠો, તો ઊઠવું નહીં. શરીરની, ઇંદ્રિયોની આંધળી માંગણીઓને પૂરી કરવાથી કુંઠા, અવરોધાય નહીં જાય. કુંઠામાંથી મુકિત અપાવવાનો આ માર્ગ અમેરિકા, યુરોપે ઘણો અપનાવ્યો છે. આપ ઉસ્પેન્સ્કીના ગ્રંથો વાંચો. અથવા

આજે કુંઠા મુક્તિના નામે જે કંઈ અમેરિકા યુરોપમાં ચાલે છે, એનો રિપોર્ટ વાંચો, એ નથી થતું. ક્ષણિક રાહત તો મુક્તિ નથી. નહીં તો ફરીથી કુંઠા આવે જ નહીં. એમ નથી થતું. તણાવ ખસી જાય છે. તણાવનું પળ માટે થીજી જવું એ તો કુંઠા અગર અવરોધમાંથી મુક્તિ નથી. હું બહુ જ ગંભીર ચીજ કહેવા ચાહું છું. કુંઠાઓમાંથી મુક્તિને નામે જે બીભત્સ કારભાર ચાલે છે, એ જોઈને હૃદય રડી ઊઠે છે. મેં અમેરિકા, યુરોપમાં ખૂબ જોયું છે. 'નગ્ન' સમૂહો જોયાં, 'કમ્યૂન' જોયાં. શરીરના તણાવોને શાંત કરવા, એ તો મુક્તિ નથી. વિશિષ્ટ વાતાવરણમાં આપ એને શાંત કરશો તો થોડીક રાસાયણિક વિશ્રાંતિ થશે. રાસાયણિક વિશ્રામ એ મુક્તિ નથી.

એટલે પહેલાં શરીરના વ્યાપારને જુઓ. શી માંગ ઊઠે છે, કેમ ઊઠે છે. પછી એ શરીરને માટે આટલો ક્ષોભપ્રદ, એને આટલું અસ્વસ્થ બનાવનારો કેમ થઈ જાય છે, એ જુઓ. એને ખરાબ ન કહેશો. એને સારો પણ ન કહેશો. જો જોવાનું, પાંચ યા દશ મિનિટ છે, તો ૧૦ મિનિટમાં જે જે થાય એ જુઓ, એના પર અમલ ન કરશો. અમલ કરવા જશો તો જોવાનું રહી જશે. અમલ કરવા જશો તો આપ કર્તા બની જાય છો, ભોક્તા બની જાઓ છો, પછી પણ નિરીક્ષક ન રહ્યા. માટે કહ્યું કે જોવું એ બહુ પુરુષાર્થની વાત છે, એને માટે સાહસ જોઈએ, ધીરજ જોઈએ, ત્યારે થાય છે. નિરીક્ષકની અવસ્થામાં રહેવું એ બાળકોનો ખેલ નથી.

હવે આ થયું શરીરની સાથે, ઇંદ્રિયોની સાથે. આવું મન સાથે કરવું પડે છે. વિચાર ઊઠે છે. એ જુ ઓ. વિકાર ઊઠે છે, એ જુઓ. એ જે તણાવ પેદા કરે છે, એને જુઓ. એકદમ તણાવમાંથી મુક્તિનો રસ્તો ન શોધશો. એ તરફ ન દોડશો, કારણ જોવાનું છૂટી જઈને કર્તૃત્વ આવી જશે. એના પછી બીજા પરિણામો આવશે. આ વાત અત્યંત ગંભીર છે જેટલી ગંભીરતાથી કહી રહી છું, આપ એટલી જ ગંભીરતાથી એને લેજો. એને હળવી ન બનાવતા. એને આલોચનાનો વિષય ન સમજો. એની પાછળ મારા લોહીના આંસુ છે. માનવજીવન રમતની વસ્તુ નથી. પેઢી પર પેઢીઓ બરબાદ થતી ચાલી જાય છે. આજે યુરોપ અમેરિકામાંનો ૧૮ થી ૩૦ ની વચ્ચેનો જે યુવક વર્ગ છે, એમણે પોતાના શરીરની સાથે, મનની સાથે, રસાયણો લઈ દવાઓ લઈને, યોગને નામે ખોટી ક્રિયાઓ કરીને, તંત્રને

નામે કેટલીક ક્રિયાઓ કરીને અત્યાચાર કર્યો છે. અમારી આંખોની સામે એક પેઢી બરબાદ થાય છે, અમે જોઈ રહ્યા છીએ, વ્યથા કોને કહીએ ? એની પીડા કોને કહીએ ? સાંભળવાની ફુરસદ કોને છે ? પોતાના સંપ્રદાય બનાવવાની, સંગઠનોને વધારવાની જ્યાં લાલસા ચાલી રહી છે, વધતી રહી છે, ત્યાં આ બંસરીને કોણ સાંભળશે ? એ તો અમારી બંસરીને જ ઉઠાવીને સળગાવી દેશે. પણ અહીં તો સ્વજન જેવો પરિવાર છે ને ! માટે પ્રેમથી કહું છું.

માટે, મનના વિચાર અથવા વિકારનું ઊઠવું એમ જ જોવાનું, જેમ શરીરમાં ઈન્દ્રિયોના તણાવો જોયાં. વિચાર એક પ્રકારનો તણાવ છે, વિકાર એક પ્રકારનો તણાવ છે. શારીરિક તણાવ, રાસાયણિક તણાવ, મગજના તણાવ, એ તણાવોના સ્તર છે. વિકારને મેં રાસાયણિક તણાવ કહ્યો, આ એકબીજાથી તદ્દન જુદાં છે એમ ન સમજશો. વાણીમાં મૂકવું પડે છે; એટલે ક્રમમાં મૂકવું પડે છે. એ એકબીજાની સાથે હળીભળી ગયેલા છે. થોડુંક વિશ્લેષણ કરીને મૂકું છું. માટે, મગજમાં તણાવ ઊઠયો, વિચાર ઊઠયો, સંસ્કાર અને વિકારનો તણાવ ઊઠયો. ઈંદ્રિયોના તણાવો છે. ભૌતિક તણાવ ઊઠયા, જેમ કે ભૂખનો, તરસનો તણાવ થાય છે. જાતિય વિકારનો તણાવ થાય છે. આ બધા તણાવો છે. હવે એને જોવા માટે કેટલું સાહસ જોઈએ, બોલો ! જોવાનો અભ્યાસ કરો, એમ જે કહું છું, અભ્યાસ કરવાથી આવડશે. હવે ઘડીભાર બેસશો ત્યારે જોવાનું આવડશે માટે ૨૪ કલાકનો વ્યવહાર કરતાં કરતાં પણ જોવાની અવસ્થા રહી શકશે. એ જોવાનું હજી વ્યવહારની ગુણાત્મકતાને નહીં બદલી નાંખે. એમ ન સમજશો કે ઘડીક બેસીને જોઈ લીધું અને જોવાનું આવડી ગયું, અવલોકન આવડી ગયું. માટે ૨૪ કલાકના વ્યવહારમાં ગુણાત્મક પરિવર્તન ઘટિત થશે નહીં. એટલું સહેલું નથી. પણ ચોવીસ કલાક જોઈ શકશો. કોઈએ કંઈક કહ્યું, મને ક્રોધ આવ્યો, મેં વ્યવહાર કર્યો તો ક્રોધમાંથી કર્યો એ જોવાનું છે.

આપ કહેશો આ શું સાક્ષીભાવ નથી ? નથી, કારણ કે સાક્ષિત્વમાં એ જુદું છે, હું જુદો છું, હું એને જોઈ રહ્યો છું. એનું પણ ભાન રાખવું પડે છે. મધ્યસ્થ ભાવ રાખવો પડે છે, તટસ્થતાની દૃષ્ટિ રાખવી પડે છે. સાક્ષિત્વનો ભાવ ગ્રહણ કરવો પડે છે. ધારણ, ગ્રહણ કંઈ ન કરો. જે છે તે શું ઓછું છે, કે નવી ઉપાધિ ઊભી કરશો ? પહેલા ૨૪ કલાકમાં ચેતન મનના સ્તર પર, ઈન્દ્રિયોના

સ્તર પર, ઊઠનાર તરંગોને, તણાવોને, દબાવોને જુઓ. ચેતન મનને જોવાની અવસ્થા જો સ્થિર થઈ તો પછી આગળની વાત થશે. ચેતન મન એટલે જાગ્રત અવસ્થાનો વ્યવહાર. કારણ કે હજુ નિદ્રાને જોવાની શક્તિ આવી નથી. નિદ્રાને પણ જોઈ શકાય છે, સુષુમ્નિને પણ જોઈ શકાય છે. સુષુમ્નિને જોવી એ જ સમાધિ છે અને તુરિયાને જોવી એ સહજાવસ્થા છે. માટે, જાગ્રતાવસ્થામાં ચેતન મનના વ્યાપારોને જોવાની અવસ્થા રહી તો, એટલે કે જુદા જુદા સંબંધોની વચ્ચે રાસાયણિક, સ્નાયુઓની અક્ષુબ્ધ અવસ્થા રહી તો એ જોવાની અવસ્થાની ઉત્કટતાથી અચેતન ખૂલશે.

ચેતનની નીચે અચેતનમાં પણ વ્યવહાર તો ચાલે છે. જે પાણીના તરંગો ઉપર છે, એની નીચે પણ ગતિ તો છે જ. અચેતનની જે ગતિ છે, વ્યાપાર છે, એ આપની સામે ખુલ્લો થઈ જશે, જ્યારે આપની ઓછામાં ઓછી ૧૨ કલાક નિરીક્ષણની અવસ્થા સ્થિર થશે. અવલોકન એ આપની ક્રિયા પણ નથી, એ આપનું કર્મ પણ નથી. આ અવલોકનની અવસ્થામાં પોતે પોતાને રાખો. એ ઘટિત થઈ જશે, એ ઘટના છે.

આમ, અચેતન ખૂલશે. પછી માતા-પિતાની અતૃપ્ત-વાસનાઓ, એમની આકાંક્ષાઓ, કુલગત સંસ્કારો, જ્ઞાતિગત સંસ્કારો, ધર્મગત સંસ્કારો, જ્ઞાતિના અનુભવો, ધર્મના અનુભવો ખૂલવા માંડશે, દૃષ્ટાંતો થવા માંડશે. મહાવીરનાં, બુદ્ધનાં, કૃષ્ણનાં, શિવનાં એ બધા અચેતનમાં પડયા છે. એ ઉપર ઊઠવા માંડશે. આ સંસ્કારોના ઉપર ઊઠવાને અથવા અભિવ્યકત થવાને અમે દૃષ્ટાંત કહીએ છીએ. એને અમે અનુભૂતિ કહીએ છીએ. ખરેખર એ અનુભૂતિ નથી. એ તો ચેતનની સ્થિરતા અને શાંતિમાં, અચેતનના વ્યાપારોની અભિવ્યકિત છે. એ વ્યાપારો અવધાનના આલોકમાં આવી જાય છે, તો દૃષ્ટાંત થશે. હવે આ દૃષ્ટાંતોને પણ જોવા જોઈએ. આ કામ કઠણ છે. કારણ દૃષ્ટાંત થયાં કે સુખ થવા માંડે છે. ઈંદ્રિયોનો વિષયો સાથે સંગ થયો કે સુખ થાય છે ને ? એજ પ્રમાણે અચેતન જ્યારે ઉપર ઊઠે છે સુખ થાય છે ને ? એ જ પ્રમાણે અચેતન જ્યારે ઉપર ઊઠે છે અને અવધાન સાથે એનો સંયોગ થાય છે તો સુખદ સ્પંદન થાય છે. એને અતીન્દ્રિય અનુભૂતિ કહેવામાં આવે છે. માટે એ શબ્દનો પ્રયોગ કરી રહી છું. અચેતનના પ્રક્ષેપણને અનુભૂતિ માની લેવાય છે.

સુખ થાય છે અને સુખમાં માદકતા તો છે, ભાઈ ! અન્ન ખાઈએ તો એની માદકતા છે. ચ્હા પીવો, કોફી પીવો એની માદકતા ચઢે છે. સંગીત સાંભળો તો એના સ્વરોનો નશો ચઢે છે. સારું રૂપ જોયું તો એનો નશો ચઢે છે. આ જ્યાં ઈંદ્રિયોની હાલત છે, ત્યાં અતીન્દ્રિય ક્ષેત્રમાં જ્યારે આ દૃષ્ટાંત થવા લાગે છે, જે દર્શન થવા માંડે છે, અચેતનનો સાક્ષાત્કાર થવા માંડે છે, એના નશાની શું વાત પૂછો છો ? એનો નશો એવો આવે છે કે શું કહીએ ? અન્ન ખાધા પછી જેમ નશો આવે છે, એમ જ અતીન્દ્રિયના સાક્ષાત્કારનો, પ્રક્ષેપણનો નશો આવે છે. જોવાનું છૂટી જાય છે. એ નશામાં જ ચકચૂર હોય અને અહંકાર તો આતુર છે, કે કયારે જોવાનું પૂરું થાય, હું કર્તા-ભોકતા કયારે બનું ? કારણ કે બિચારાને ઘણું મુશ્કેલ પડે છે. ત્યાં ક્રિયા પણ નથી, અક્રિયા પણ નથી. અવલોકનમાં તો એનો દમ ઘૂંટાય છે. આ શું ? કરવાનું કાંઈ નહીં અને જોવાનું મારું કર્મ થતું નથી. જોવું એ સમગ્રતાની અવસ્થા છે, મારું કર્મ નથી.

અહંકાર તડફડે છે, કંઈક કરો, કંઈક કરો. આટલો સુંદર નાદ સાંભળ્યો, આટલો સુંદર તમને પ્રકાશ દેખાયો, આ તો બિલકુલ સાક્ષાત રૂપ સામે આવ્યું, કોઈને કહો, કોઈને બતાવો. શરીરની રાસાયણિક અવસ્થા બદલાઈ છે, વ્યવહારમાં થોડુંક પરિવર્તન આવ્યું છે, એને કોઈ માન્યતા આપે. એની સાથે હું શું કરું ? આ નમ્રતાથી પૂછવાનો આડંબર કરીને અંદર અહંકારની ચેષ્ટા છે દેખાડવાની, આ મને મળ્યું છે, જુઓ ! મારી પાસે આ હીરો, આ મોતી, આ રતન આવ્યું. આનાથી બચવું પડે છે. માટે કહ્યું કે અવલોકન મોટું તપ છે. બીજી કોઈ તપસ્યાની જરૂરિયાત રહેતી નથી. પણ એ સાવધાનતા જોઈએ કે જોવાનું ન છુટે. નાદ સંભળાશે. અંદર નાદ તો પડયા છે, અંદર અગ્નિ પડયો છે; એટલે રૂપ પણ પડયું છે, અંદર આકાશ પણ પડયું છે, સૂતેલા શબ્દો છે, જાગ્રત શબ્દો પણ છે; બધું જ તો અંદર પડયું છે, એ બધું દેખાશે. એને જોઈ લો.

જો અચેતનની સાથે સાક્ષાત્કારમાં જોવાની અવસ્થા સ્થિર રહી શકી તો, અચેતનના સાક્ષાત્કારની સાથે જે શકિતઓ સુપ્ત છે એ જાગ્રત થાય છે. યૌવનની સાથે કેવી સૂતેલી શકિત, આળસુ પડેલી શકિત જાગી ઊઠે છે. બંધ આંખો કેવી રીતે ખૂલે છે, આપના વ્યવહારમાં કેવું પરિવર્તન આવે છે, અભિરુચિઓમાં કેવું પરિવર્તન આવે છે. કપડાંથી માંડીને ખોરાક સુધીની રુચિ કેવી બદલાય છે ? એ

જ રીતે અચેતનની સાથે સાક્ષાત્કારમાં સૂતેલી શક્તિઓ જ્યારે જાગે છે ત્યારે અભિરુચિ બદલાય છે. સંગ અને સથવારો જુદા પ્રકારનો થતો હોય છે. એમાં આપનું ઊઠવું, બોલવું, બધું જ બદલાઈ જાય છે. માટે લોકો ઉપર બહુ પ્રભાવ પડે છે. જેની અતીન્દ્રિય શક્તિઓ જાગ્રત છે, એના વ્યક્તિત્વમાં જે માદકતા છે, એનો ઘણો પ્રભાવ પડે છે. કદી કોઈનાથી પ્રભાવિત ન થશો અને અમારા આ સાદા-સીધા પ્રેમમય નિવેદન અને સંવાદનો જો નશો ચઢતો હોય તો ભૂલથી પણ કદી અમારા શિબિરમાં ન આવશો. આટલી બધી સાવધાની છતાં પણ, જો પ્રભાવ પડતો હોય તો અમારી પાસે ફરકશો નહીં. પ્રેરણા મેળવવી એ જુદી ચીજ છે. પ્રભાવ પડવો એ અલગ ચીજ છે. પ્રભાવ પડશે તો અમારા વ્યક્તિત્વના આપ કેદી અને શિકાર થઈ જશો. એમાં આપનું આત્મસન્માન ગયું અને હું કોઈ માનવ પર મારી છાયા પડે તે પહેલાં મરી જવાનું પસંદ કરીશ.

શક્તિઓની જાગૃતિમાં એક મોહકતા, માદકતા, એક નશો છે. હવે એનો એક મહિમા છે. શાન છે, ત્યાગ, નિગ્રહ અને દમનમાં સંકોચાઈ ગયેલું જીવન અને ભોગમાં રહેલું જીવન, એમાં પણ આપ ફરક જુઓ છો ને ! એમ જ આંતરિક શક્તિઓના ઐશ્વર્યમાં સુખમાં લોકો ફસાઈ જાય છે. જોવાનું છૂટી જાય છે, માટે જોવાનું ન છૂટી જાય. જો એ ન છૂટયું તો પછી અવચેતનનું જે સ્તર ખૂલી જાય છે. ખૂલી જાય છે એટલે શું ? એ ખુલ્લું તો હતું જ પણ એનાં જે વ્યાપાર છે, તે વ્યાપાર આપને દેખાતા નથી. આ સાગરમાં ૨૦૦ ફીટ નીચે જે તરંગોની ગતિ છે, ત્યાં જે માછલીઓનું આવાગમન છે, ત્યાં પડેલા જે કોઈ મણિ, મુક્તા, યા પથ્થર, જે કાંઈ પડયું છે તે આપને દેખાતું નથી કારણ કે ત્યાં સુધી નજર પહોંચતી નથી. આપની દષ્ટિનું ન પહોંચવું, ત્યાંની ગતિને સ્થિર બનાવતું નથી. ત્યાં ગતિ છે. માટે જોવાની અવસ્થા જો અતીન્દ્રિય વિશ્વમાંથી પસાર થતા સ્થિર થઈ શકી, તો અવચેતનનો વ્યાપાર દષ્ટિગોચર થવા માંડે છે, અવધાનનાં ચક્ષુઓને દેખાવા માંડે છે. દષ્ટિગોચર કહ્યું એટલે આ દષ્ટિ તો નથી ભાઈ ! અંદરની દષ્ટિ છે.

અને અવચેતનમાં તો આખીયે માનવજાતિના સંસ્કાર, આખીયે માનવજાતિની અનુભૂતિઓ બેઠેલી છે. જે કોઈ ચેતનામાં ઉપલબ્ધિનો પ્રવાહ થયો હોય, એ ઉપલબ્ધિઓ ત્યાં પડી છે. એ હીરા, મોતી, જવાહર બધું ત્યાં છે, એ વ્યાપારો હવે ખૂલવા માંડશે. આ બધું હજુ જોવાની અવસ્થા ચાલી રહી છે.

આ મૌન પણ નથી, આ ધ્યાન પણ નથી. આને ધ્યાન અને મૌન ન સમજશો. આ તો અવલોકન ચાલી રહ્યું છે, અને અવલોકન ત્યાં સુધી ચલાવવું પડશે જ્યાં સુધી અવલોકન કરનાર જીવતો છે. અવચેતનની અવસ્થામાં જો અવલોકન સ્થિર થયું તો આગળ કાંઈ જોવાનું નથી. દશ્ય ત્યાં શાંત થાય છે. એ અનુભૂતિઓમાં જોવાનું સ્થિર રહી શકયું તો આગળ વધશો. એકાદ લાખમાં કોઈ એકાદનું સ્થિર થાય તો સ્થિર થાય. ત્યાંનું સુખ તો અતીન્દ્રિય સુખથી પણ આગળનું સુખ છે. અતીન્દ્રિય સુખોથી આ સુખની ગુણાત્મક ભિન્નતા છે. ત્યાંના સુખમાં ન ફસાશો, નિરીક્ષક બની રહેજો. અહીં જોવાનું ચાલુ રહ્યું ત્યારે જેને આનંદ કહે છે, તેની ઉપલબ્ધિ થશે. હમણાં તો સુખના સામ્રાજ્યમાંથી પસાર થઈ રહ્યા છો. દ્વૈતના સામ્રાજ્યમાંથી પસાર થઈ રહ્યા છો. પછી બધાં દશ્યો શાંત થશે અને દશ્યોના શાંત થવામાં દષ્ટાની શાંતિ છે જ. એનું વિસર્જન છે. શાંતિ શબ્દ ઢીલો પડયો. દષ્ટાનું વિસર્જન ન થાય છે, એનું વિસર્જન છે. જોવાનું જ્યારે કાંઈ બાકી રહી જતું નથી, જોનારનું પ્રયોજન શાંત થઈ જાય છે, ત્યાં દષ્ટા વિસર્જિત થઈ જાય છે.

પણ દષ્ટાના વિસર્જિત થતાં પહેલાં એક બીજી ઘટના થાય છે. દષ્ટા કહે છે હવે જોવાનું કાંઈ ન રહ્યું. આજ સુધી ઓછામાં ઓછું જોવાનું સુખ તો હતું, હવે એ પણ ન રહ્યું. હું શું કરું ? દિશાઓ તો પહેલેથી જ છિનવાઈ ગઈ હતી. ક્રિયા-અક્રિયાઓ પહેલેથી જ છિનવાઈ ગઈ હતી. ફકત જોવાનું રહ્યું હતું. હવે આ જોવાનું પણ શાંત થઈ રહ્યું છે. હવે હું કયાં જઉં ? એક અતલ, એક તળિયા વિનાની, એક એવી ખાઈ છે જ્યાં કોઈ પ્રકાશ નથી. દશ્યના પ્રકાશમાં જોનારને એમ લાગતું હતું હું પ્રકાશિત છું. હવે દશ્ય પણ શાંત થયું, તો પ્રકાશ નથી. આ અંધકાર હોઈ શકે છે, દિશા નથી, તળિયું નથી. કોને પૂછું ? કયાં જઉં ? શું કરું ? આ છેલ્લા શ્વાસ લેવાની, જીવતા રહેવાની છેલ્લી ચેષ્ટા છે. અહંકાર હવે તે મુકામ પર છે, ત્યાં સુધી નહીં. ત્યાં સુધી તો તે પોષાતો જાય છે. અહંકાર પોતાની પુષ્ટિના સાધન શારીરિક, માનસિક, અતીન્દ્રિય સ્તરો પર શોધી જ લે છે. ઘણી પુષ્ટિ મળે છે, પણ અહીં કાંઈ પણ નથી, ત્યારે છેલ્લો તડફડાટ છે, વ્યાકુળતા છે, રડે છે. આંસુ વહે છે, કહે છે મરી ગયો, બચાવો ! કોઈ તો આવો, કોઈ તો બચાવો ! કહે છે, પાછા ચાલો, અહીં રહેવું નથી, કારણ હવે તો ખબર છે કે વિસર્જન થવાની વેળા આવી ગઈ છે.

એવાં આંસુ વહેશે. હતાશા લાગશે, ગભરાટ થશે, વ્યાકુળતા આવશે. એનાથી ડરશો નહીં, આજે સવારે અભયની વાત કહી હતી. કહ્યું હતું ને કે અજ્ઞાતમાં એવું કાંઈ પણ નથી, કે જેનો આપ ભય રાખો, આ જ્ઞાતનો મોહ છે જે અજ્ઞાતનો ભય ઊભો કરે છે. અહંકારને રડવા દો. આંસુઓના લજ્જા જેવું શું છે જી ? આંસુ વહે, વ્યાકુળતા થાય તો વ્યાકુળતા થવા દો, ગભરાટ, તડફડાટ હોય તો થવા દો. આમ તેમ ભાગવાથી કોઈ બચાવી શકવાનું નથી. કોઈ અમને બચાવે એટલે એનો અર્થ એમ થાય કે આપને ત્યાંથી ઉઠાવીને પાછાં લઈ જાય છે. સાંત્વન આપવું, સંરક્ષણ આપવું, એ આપની આગળની પ્રગતિમાં અવરોધો ઉત્પન્ન કરવા બરોબર છે. કોઈ સમજદાર કદી સાંત્વન આપશે નહીં, સત્ય કદી સાંત્વન આપતું નથી, એ આપને સંરક્ષણ આપતું નથી, એ તો આંગળી પકડીને આપને જીવન સામે અનાવૃત્ત કરી મૂકે છે. સંરક્ષણ પામવું એ મૃત્યુ છે. અનાવૃત્ત થવું એ જીવન છે. જે સમજદાર છે, જે ભુકતભોગી છે તે કદી સાંત્વન નહીં આપે. કહેશે ઠીક છે, ચાલો, રડવા દો; હાસ્યમાં જિંદગી છે તો શું આંસુઓમાં જિંદગી નથી ? સુખમાં જિંદગી છે અને દુ:ખમાં નથી ? વ્યથા, અને પીડાના કંપનમાં શું જિંદગી નથી ? જિંદગી ત્યાં પણ તો છે, એને જુઓ. આંસુઓની અંદર છુપાયેલી જિંદગીની મુસ્કુરાહટને જુઓ. વિકળતાની અંદર સ્થિરતાથી, ધીરજથી જુઓ ત્યારે બધું શાંત થશે. ત્યારે જોનારો વિસર્જિત થશે અને ત્યાર પછી એક ગહન મૌનથી આખુંયે અસ્તિત્વ ભરાઈ જશે.

માટે જોનારનાં વિસર્જનમાં એક ઘેરું મૌન છવાઈ જશે. એક એવું મૌન જે નિર્દ્વન્દ્વ છે. નાદની શાંતિમાં અને અભાવમાં જે મૌન છે, એ જુદું છે. એ દ્વૈતાત્મક, દ્વન્દ્વાત્મક મૌન છે, એની વાત અહીં નથી. અહીં તો નિર્દ્વન્દ્વ મૌન છે. આ જોનારનું વિસર્જન જ શરણાગતિ કહેવાય છે. ઉપાસનાની ભાષામાં એ જ પ્રપત્તિ છે, કારણ કે ત્યાં વ્યકિત-ચેતના વિસર્જિત થઈ છે. વ્યકિત ચેતનાના વિસર્જનમાં છુપાયેલી વિશ્વચેતના કામ કરવા લાગે છે, એ બોલવા લાગે છે. અહમ્‌ના વિસર્જનમાં પછી આપના જીવનની બંસી ઉઠાવીને વિશ્વચેતના બજાવવા માંડે છે. માટે, આ અવસ્થાને શરણાગતિની અવસ્થા કહો યા નિર્વાણની અવસ્થા કહો, મુકિતની અવસ્થા કહો, જે કહેવું હોય તે કહો.

ત્યાર પછી ત્યાં વ્યક્તિ નથી, વ્યક્તિનો આકાર છે. દોરી સળગી ગઈ છે, જે ભસ્મ છે તે દોરીનાં આકારમાં પડી છે. પછી ત્યાં વિશ્વચેતના બોલે છે. એમ કહો કે વિશ્વચેતના એના પર ઊતરે છે. અગર ત્યાં અહમ્‌નું વિસર્જન થયાં પછી વ્યક્તિ નિર્વાણ પામ્યો, મુક્તિ પામ્યો એમ કહો. અહીંથી ભાષા લાવો કે ત્યાંથી ભાષાને લાવો, ઘટના એક જ છે. એક જ વ્યક્તિને કોઈ પતિ કહે, કોઈ પુત્ર કહે, કોઈ ભાઈ કહે, કોઈ મિત્ર કહે, વ્યક્તિ એક છે. એટલે જેવા જેના સંસ્કાર એવું એ અવસ્થાનું વર્ણન કરશે. વર્ણનની વિવિધતામાંથી ઘટનાની વિવિધતા બનાવવી એ નાસમજદારી છે. માટે ત્યાં સુધી જોનારના વિસર્જનમાં દષ્ટા, દશ્ય, અને દર્શનની ત્રિપુટીના વિસર્જનમાં, એક નિર્દ્વન્દ્વ અવસ્થાનું અખંડ, અબાધિત સામ્રાજ્ય છવાય જાય છે. પછી વિશ્વચેતના અહંકારની મદદ વિના સીધી શરીરથી, ઈન્દ્રિયોથી પોતાનાં સ્વર વગાડવા માંડે છે. એવી વ્યક્તિ કોઈની નથી. એને પકડીને કોઈ કહી શકશે નહીં કે આ મારા ગુરુ છે. કારણ કે તમારા ભાવને પ્રતિસાદ આપવા માટે કોઈક તો ત્યાં જોઈશે ને ! ત્યાં કોઈ છે નહીં તો તમે કોને પકડશો ? હાડમાંસમાં મઢેલી શૂન્યતા છે, મૌન છે, એક મૃદંગ છે, હાડમાંસનું વાજું બન્યું છે, વગાડો જેમ વગાડવું હોય તેમ, જેવી આપની આંગળીઓનું દબાણ, તણાવ હશે, એવાં સ્વરો એમાંથી નીકળશે. એ સ્વરમાં બાંધેલી વીણા છે. સ્પર્શ કરનાર પર સંગીતની નીપજ નિર્ભર છે. અહીં માનવ પોતાના મૂળમાં પહોંચી ગયો છે. 'ઊર્ધ્વમૂલમધઃશાખમ્‌ અશ્વત્થમ્‌ પ્રાહુરવ્યયમ્‌' ઊર્ધ્વમાં, જે મૂળમાં પહોંચી ગયો છે, એનું સિંચન થઈ રહ્યું છે.

અહમ્‌ના વિસર્જન પછી જન્મેલાં, છવાયેલાં, ગહેરા મૌનથી મૂળોનું સિંચન થાય છે અને નવજીવન ખીલી ઊઠે છે. એ વ્યક્તિના જીવનમાં નવી ઊર્જા છે, નવો પ્રકાશ છે, નવું તેજ, નવી મહેક છે. દરેક સંબંધમાં, એ આંગળી ઉઠાવીને બોલે તો, મોં ખોલે તો, ભોજન કરે તો, કોઈની સાથે બોલે તો, ઊઠે તો, બેસે તો, સંગીત છે, સંવાદ છે, કારણ અંદર વિસંવાદ નથી, અંદર અરાજકતા નથી, અવ્યવસ્થા નથી, આવો નવો માનવ આપની અંદરથી સર્જન થાય. અહમ્‌ના વિસર્જનમાં વિશ્વચેતનાનું જે સર્જન ઘટિત થાય છે ત્યાં માનવની સમગ્રતા છે. આવાં નવાં માનવનાં સર્જનની આજે જગતને અભીપ્સા છે, જરૂર છે. માટે વાત કરું છું, કે માનવનું સર્જન આપની અંદરથી થવા દો. ત્યાં કોણ છે

જે પ્રભુત્વ ઈચ્છશે, સ્વામિત્વ ચાહશે, અગર શોષણ કરશે, અહમ્ અને મમનો પસાર ઊભો કરશે ? વ્યવહાર થશે, પણ વ્યવહારની ભૂમિકા બદલાઈ જશે, સ્તર બદલાઈ જશે. સમગ્રતાનું કાયાકલ્પ ઘટિત થાય છે. એવી અવસ્થા ઉપલબ્ધ કરવાની પ્રેરણા પ્રભુકૃપાથી આપ સૌને મળે. એક વ્યકિત જે કરી શકી છે, એ બધી વ્યકિત કરી શકે છે. અને આપની પાસે બેઠેલી બહેન એક નિતાન્ત સામાન્ય વ્યકિત છે. માટે એક વ્યકિતના જીવનમાં ઘટિત થવું એટલે અખિલ માનવજાતિમાં અંતર્નિહિત જે સંભાવના છે, એની તરફ અંગુલિનિર્દેશ છે. હું શું છું ? વિશ્વચેતનાની આંગળી છું, જે આપની તરફ નિર્દેશ કરી રહી છું, કે ત્યાં પણ આવું થઈ શકે છે. એવી પ્રેરણા પ્રભુ આપને આપે.

પ્રશ્ન : આપની બતાવેલી ચેતનાનો પ્રાદુર્ભાવ થયા પછી પણ વ્યકિતને સમાજની પરિસ્થિતિથી દુ:ખ થતું હોય તો એ સમાજનું પરિવર્તન એકલો જ કરી શકશે અગર સામૂહિક પ્રયત્નોમાંથી જ વિશ્વચેતના જગાડીને પછી પરિવર્તન કરી શકશે ?

ઉત્તર : જ્યાં સુધી વિશ્વચેતનાનો સ્પર્શ એટલે આમૂલાગ્ર નિરહંકારિતા અને વિનમ્રતાનો જન્મ થતો નથી, ત્યાં સુધી સમાજના પ્રશ્નોથી કોઈને પણ દુ:ખ થતું નથી. આ વાત પહેલાં સમજી લો. એક અગર બે મિનિટ માટે, પાંચ મિનિટ, દસ મિનિટ માટે ચિત્તને ઉદ્વેગ થઈ જાય, વ્યથિત થાય, પીડા થાય, આ શોકની અનુભૂતિ નથી, અને જ્યાં સુધી શોકનો સ્પર્શ ચેતનાને ન થાય, ત્યાં સુધી પરિવર્તન ઘટિત નથી થતું. આપને એમ લાગતું હોય, કે સમાજની સમસ્યાઓથી આપને દુ:ખ થાય છે, તો આપ ભ્રમમાં છો. આપ એટલે પ્રશ્નકર્તા નહીં, પ્રશ્ન વ્યકિત દ્વારા થાય છે પરંતુ એમાં આશય વૈશ્વિક છે. એ વ્યકિત દ્વારા પ્રગટ થાય છે, પણ આપના, અમારા બધાના મનમાં એમ જ થાય છે.

આજે સમાજમાં હિંસા છે, આક્રમણ છે, શોષણ છે, અન્યાય છે, આપને અને અમને શું દુ:ખ થાય છે ? અસત્ય છે, ભ્રષ્ટાચાર છે, તો શું આપણને દુ:ખ થાય છે ? ધંધાને નામે અસત્ય આપણે ચલાવતા નથી શું ? સામાજિક પ્રતિષ્ઠા માટે અસત્યને આપણે ચલાવી લેતા નથી શું ? સરકારના દરબારમાં કામ કરવવાં હોય તો લાંચ વિના કામ ચાલતું નથી, નહીં તો વેપાર ખતમ થઈ જશે. આપણે

લાંચરુશ્વત નથી આપતા ? કોઈની જૂઠી ખુશામત નથી કરતા ? મારો દીકરો વધુમાં વધુ ધન કમાય, જે રસ્તે સમાજ કમાય છે, એ જ રસ્તે કમાય, વધુમાં વધુ પ્રતિષ્ઠા મેળવે, જેને ધનની, પરિગ્રહની અભિલાષા છે, પ્રતિષ્ઠાની લાલસા છે, એને સમાજની સમસ્યાઓથી શું દુઃખ થાય છે ? પોતાને બરોબર જોઈ લો. આત્મવંચના ન કરશો. દુઃખ થશે તો માણસની વાણીમાંથી અસત્ય એકદમ ખરી પડશે. ગમે તે કિંમત ચૂકવવી પડે તોપણ અસત્ય નહીં બોલે. ધંધાની વાત છોડી દો. રાજનીતિ અસત્ય વિના ચાલતી જ નથી, રાજનૈતિક પક્ષો ટકતા નથી. ત્યાં અસત્યની પ્રતિષ્ઠા છે, ત્યાં સ્પર્ધાની પ્રતિષ્ઠા છે. મહત્વાકાંક્ષાનું સન્માનનીય મૂલ્ય છે. અને બીજા પક્ષોને હરાવવા, જીતવા માટે ગમે તે સાધનોનો ઉપયોગ કરીએ, એ પ્રતિષ્ઠિત રસ્તો છે, એમાં જોનારાને દુઃખ થાય છે ? કહોને, દુઃખ કોને થાય છે ?

ઘરમાં વિવાહને નામે, ગૃહસ્થાશ્રમના નામે, જૂઠ નથી ચાલતું ? આ વાત પતિને કહેવી ન જોઈએ. આ વાત પત્નીને કહેવી ન જોઈએ. આ બાળકોને કહેવી ન જોઈએ. આ પડોશી સાથે જે બોલાય છે, પડોશીને જે કહેવાય છે એ સત્ય એક પ્રકારનું છે. પત્નીને જે કહી શકાય તે બીજા પ્રકારનું છે. બાળકોને શિક્ષણ આપીશું અસત્યનું અને આપણને સમાજની સમસ્યાઓથી દુઃખ થાય છે ? કયાં છે એ દુઃખી થનારું ચિત્ત ? કયાં છે ? શોષણથી આપણને દુઃખ છે ? જે શોષણમાંથી આ આર્થિક વિષમતા છે, દરિદ્રતા છે, ભૂખ છે, નગ્નતા છે, એનાથી દુઃખ છે ? જ્યાં મોકો મળશે ત્યાં શોષણ કરીશું. કયાંયથી શાકભાજીની ટોપલી ઉઠાવીને ચાર માઈલ દૂરથી આવેલી વ્યકિતને, એ શાકભાજી વેચનારી સ્ત્રી હોય કે પુરુષ હોય, ઘરમાં બેઠાં બેઠાં, એ આઠ આને કિલો કહે તો એના સાડા સાત આને કિલો કરવા માટે આપ એની સાથે લડતાં-ઝઘડતાં નથી ? આપના રસ્તાઓ ઘણા સભ્ય છે. આક્રમણના રસ્તા ઘણા પરિમાર્જિત છે. રીક્ષા ચલાવનાર સાથે, સ્ટેશન ઉપર પહોંચીને ઓછામાં ઓછા કુલીને પૈસા આપવા અને વધુમાં વધુ કામ કરાવી લેવાની ઈચ્છા, આ શોષણના મૂળ છે.

આ આપના અને અમારામાં છે કે નહીં ? હું પોતે કરું તો ઓછામાં ઓછા શ્રમમાં વધારેમાં વધારે મને મળે અને બીજાઓ પાસે કરાવું તો વધુમાં વધુ શ્રમે ઈચ્છીએ, અને ઓછામાં ઓછા દામ આપું. એ કેમ આપું ? આ શોષણનું મૂળ

છે. આપના અને અમારા દિલમાં શોષણના મૂળિયાં પડયાં છે અને શોષણમુકત સમાજ બનાવીશું ? ભ્રષ્ટાચાર દૂર કરીશું ? મને, મારા ભત્રીજાને, ભાણાને જ્યાં મોકો મળ્યો, લાંચ આપીને, ખુશામત કરીને, સારામાં સારી નોકરી, સારામાં સારો છોકરો, છોકરી અપાવવામાં મને હૃદયમાં સંકોચ નથી અને આપણે અન્યાય નષ્ટ કરીશું, અસત્ય મિટાવીશું ? આપ માફ કરજો. અહંના ગુલામોને સમાજની સમસ્યાઓની પણ શી પડી છે ? ગરીબી-અમીરી મિટાવવાના સ્વપ્નો જોવાં એક વાત છે, અને એ સ્વપ્નોને સાકાર કરવાને માટે, પોતાના જીવનની આહુતિ યજ્ઞ-વેદી પર ચઢાવવી એ બીજી જ વાત છે.

વિશ્વચેતનાનો જ્યાં સ્પર્શ છે, ત્યાં એ જીવનનો ઉત્સર્ગ થઈ જાય છે. માનવીય સમસ્યાઓમાં, હિન્દુ સમાજ અને મુસ્લિમ સમાજની નહીં, ભારતીય અને યહૂદી સમાજની નહીં, એશિયા અને આફ્રિકાની સમસ્યા નહીં, માનવની સમસ્યાઓમાં મૂળભૂત તો એ છે કે માનવના ચિત્તમાં અહંતાનું મૂળ છે. જ્યાંથી આક્રમણનો જન્મ છે, અન્યાયનો જન્મ છે. એને કેમ ઉખાડવા, એકમાત્ર ક્રાંતિ આ છે. કરુણાનું ઝરણું તો ત્યાં છે, હવે આપ કહી રહ્યા છો, કે માની લ્યો, એક વ્યકિતને વિશ્વચેતનાનો સ્પર્શ થઈ ગયો. એનું અવતરણ થયું અગર એને એની ઉપલબ્ધિ થઈ. પછી એ શું કરશે ? એકલો કરશે ? તો ભાઈ ! આપ અનુમાન કરો છો. એ એકલો હોતો જ નથી. એ જ તો આજે સવારે કહ્યું, પ્રભાતમાં શું કહ્યું હતું ! જે પચ્ચીસસો સંસ્થા કરી શકતી નથી, સેંકડો કાર્યકર્તા અગર વ્યકિતઓ કરી શકતા નથી, એટલું કામ એક વ્યકિત દ્વારા ઘટિત થઈ જાય છે.

ઉદાહરણ જોઈએ છે ? વિનોબાને જુઓ, ગાંધીને જુઓ, ગરીબી મિટાવવાની વાત લોકો કરતા રહ્યા. ભલેને ૪૦ લાખ એકર, પણ એટલી ભૂમિ શાંતિ અને પ્રેમથી મેળવી વહેંચી આપવાનું કામ તો એક વ્યકિતએ જ કરી બતાવ્યું. વ્યકિત તો એકજ હતી. કરુણાના અમૃતમાં ભીંજાયેલા શબ્દો નીકળ્યા, ભૂદાન થયું, ગ્રામદાન થયાં. એ આગળ ન ચાલી શકયું, એમના સાથીઓની બેવફાઈથી, અજ્ઞાનથી, એમની ત્રુટીઓ, ખામીઓને લીધે. પણ માર્ગ એક વ્યકિતના હૃદયમાંથી નીકળ્યો, અને એ કરુણાની ગંગા વહી ઊઠી. ગુલામીમાં સડી રહ્યા હતા, નિઃશસ્ત્ર આ દેશ હતો. માટીના લોંદા જેવા માણસો પડયા હતા. માટીના એ લોંદાઓમાં પ્રાણ કોણે ફૂંકયા ? એક માનવે જગાડયા.

હવે આગળની વાત કહી દઉં. એક વ્યક્તિ આ ઘટિત કરાવી શકે છે, એમ કહ્યું. હવે આપ કહી રહ્યા છો, સામૂહિક પ્રયત્ન થાય, ત્યાં આવી રહી છું. હવે આપ કહી રહ્યા છો કે એમણે સામૂહિક પ્રયત્નો કરાવ્યા. તો સામૂહિક પ્રયત્ન શું છે એ આપ કહેશો ? ગાંધીજી અને વિનોબાજીની સાથે સામૂહિક પ્રયત્નો નથી થયા. સામૂહિક પ્રયત્નને માટે સ્વાધીન વ્યક્તિ જોઈએ. જેનું જીવન સ્વાયત્ત હોય, જેમનું જીવનદર્શન સ્વાયત્ત હોય, એવી વ્યક્તિ જોઈએ. એવી વ્યક્તિઓ વિનોબા, ગાંધીને મળ્યા નહીં, અનુયાયી મળ્યા. અહિંસાનો પ્રત્યય નથી. પણ ગાંધી કહે છે, હથિયાર પોતાની પાસે નથી તો ચાલો એની પાછળ. આ પ્રયત્ન સામૂહિક ન થયો. એકલું ગાંધીનું જીવન એન્જિન હતું. કરુણા વિનોબાની જ હતી. પોતપોતાના સ્વાર્થના નાનાં મોટાં માળામાં બેઠેલા લોકો એમની પાછળ ચાલ્યા, પોતાના માળા સંભાળતા, પોતાના શોષણનું વર્તુળ, પોતાની વિષમતાનો પરિધ, એ સંભાળતા તેઓ પાછળ ચાલ્યા. પુરુષાર્થ તો એક જ વ્યક્તિનો હતો, સામૂહિક પ્રયત્ન કયાં થયો ? સામૂહિક પ્રયત્ન હોત, એટલે કરુણાનો પ્રયત્ન ૫૦ વ્યક્તિઓના દિલમાં પણ હોત, એમનું સ્વાધીન જીવન હોત, સત્યની નિષ્ઠા ૫૦ વ્યક્તિઓમાં હોત તો હિંદુસ્તાનનો નકશો બદલાઈ ગયો હોત. પ્રત્યય હતો નહીં.

પ્રત્યયને ઉધાર લઈને, પ્રત્યય-યુકત વ્યક્તિની પાછળ ચાલવાથી સામુદાયિક પ્રયત્ન થતો નથી. એકની પાછળ હજાર ચાલ્યા, એકની પાછળ લાખ ચાલ્યા. લાખ ચાલનારાઓમાં પ્રત્યય નથી, માટે એ વ્યક્તિનો પ્રત્યય જેટલો હશે, એમના જીવનની જેટલા ઉષ્મા હશે, એને ઉધાર લઈને પાછળ ચાલે છે. યંત્રોથી કામ કરાવી લેવું અને આવી વ્યક્તિઓ પાસેથી કામ કરાવી લેવું, એમાં બહુ ફરક પડતો નથી, અહીં ગુરુજન બેઠા હશે. જેમણે ગાંધીજીની સાથે કામ કર્યું હશે, વિનોબાની સાથે કામ કર્યું હશે, તેઓ ક્ષમા કરે. કઠ-પૂતળીઓનાં સામુદાયિક નૃત્યથી કાંઈ ઘટિત થતું નથી. કઠપૂતળીઓનો નાચ ઘટનાનો આભાસ માત્ર ઉત્પન્ન કરે છે. ત્યાં કશુંયે ઘટિત થતું નથી. માટે સામુદાયિક પ્રયત્ન થવાને માટે, વિશ્વચેતનાના ઉદ્‌ઘાટનનો, નિરંહકારિતાના વિસ્ફોટનો પ્રયત્ન પણ સામુદાયિક કરવો હોય તો એને માટે વ્યક્તિ જોઈએ. પોતાનામાં એકતા હોય, પોતાના પગ પર ઊભા હોય, જવાબદારીની મશાલ હાથમાં ઉઠાવી લીધી હોય, એવી વ્યક્તિ તો જોઈએ, નહીં તો સામુદાયિક પ્રયત્ન કેમ થશે ?

વ્યક્તિઓના સહયોગથી સમાજનું પરિવર્તન થશે, સામૂહિક પ્રયત્નોથી નહીં. વ્યક્તિઓનો સહયોગ અને સામૂહિક આંદોલન, આ બે તદ્દન જુદાં પરિમાણો છે. સ્વાધીન વ્યક્તિઓ જ એકઠાં થઈને એકબીજાના જીવનને સમૃદ્ધ કરી શકે છે. સમાજે, દુનિયાએ જોયું જ નથી. આ દેશમાં નહીં, બીજા દેશોમાં પણ નહીં, કારણ કે વ્યક્તિ સ્વાધીન થવા તૈયાર નથી. કોઈના અનુયાયી બનવા તૈયાર છે. કોઈકની જય બોલવા તૈયાર છે. ભલે એ રાજનીતિમાં હોય, ભલે ધર્મમાં હોય, ભલે અધ્યાત્મમાં હોય, કોઈકની જય બોલાવી, કોઈકનો ઝંડો ઉઠાવીને ચાલે. જેથી પોતાની જવાબદારી ઓછી હોય. પોતાની અંદર ક્રાંતિ ઘટિત કરવાની જવાબદારીથી બધા ખચકાય છે. ક્રાંતિના અગ્નિમાંથી પસાર થશે કોઈ એક ગાંધી, કોઈ એક વિનોબા, કોઈ એક બુદ્ધ. 'બુદ્ધમ્ શરણમ્ ગચ્છામિ' કહેવા માટે આપણે તૈયાર છીએ. પાછળ ચાલીશું. અપયશ થાય તો એ વ્યક્તિનો, યશ થાય તો એ વ્યક્તિનો, એમની છાયામાં આપણે સુરક્ષિત છીએ.

સુરક્ષાનો મોહ, ગુલામીનો મોહ નથી તો શું છે જી ? જ્યાં સુધી માણસોને સુરક્ષાનો મોહ છે, વ્યક્તિઓનો પરસ્પર સહયોગ અને એનાથી સમાજરચના અને અર્થરચનાની સમસ્યાઓનું નિરાકરણ અસંભવ છે. આપ પૂછો છો 'જેની ચેતનામાં વૈશ્વિક ચેતનાનો સ્પર્શ થયો એ શું કરશે ?' 'વૈશ્વિક ચેતનાનો સ્પર્શ થયો' આ ભાષા જરા સદોષ છે. ભ્રમ એટલા માટે થાય છે કે વ્યક્તિચેતના જુદી છે. વિશ્વચેતના જુદી છે. એમ કહોને કે જે વ્યક્તિ અહંકારના વિસર્જન સુધી પહોંચ્યા, એ વ્યક્તિ અહંતાના વિસર્જન પછી, એને જે એક આનંદની અવસ્થા પ્રાપ્ત થાય છે, પ્રેમની અવસ્થા પ્રાપ્ત થાય છે, એમાં ડૂબી ન જાય. સમાધિની અવસ્થા સુધી પહોંચતા પહોંચતા જ લોકો નિવૃત્ત થઈ જાય છે અને જ્યાં છે, એ સ્થાન છોડીને કયાંક સમાજથી જુદા થઈ જાય છે, અલગ બેસી જાય છે. હવે આગળ આવનાર સમયમાં આવું કરવાની તાકાત આપને અને મારે માટે નથી. મનથી પર ચાલ્યા ગયા, મૌનથી પર ચાલ્યા ગયા, અહંના વિસર્જનમાં આનંદની ઉપલબ્ધિ થઈ, અને પ્રેમનીઉપલબ્ધિ થઈ, તો ઉર્વરિત જીવનમાં એનું સુખ લૂંટતા બેસી રહેવાનું નથી, એનો ઉપભોગ કરતા બેસી રહેવાનું નથી. બોલે, ઈશારો કરે, કે આવું થઈ શકે છે, એના વિના સમસ્યાઓનું નિરાકરણ નથી.

એ બતાવે, એ સંવાદ કરે અને પોતાના જીવનમાં સમાજજીવનની જે સમસ્યાઓમાં મૂળિયાં છે, એ ન રહે એટલા માટે સાવધાન રહે.

વાત તો એમ છે, ભાઈ, કે જ્યાં મન અને મૌનથી પર ચાલ્યા ગયા, ત્યાં એ વ્યક્તિને જીવન સ્વસ્થ બેસવા નથી દેતું. ખાલી બેઠા એને કોઈ ખવડાવી નથી શકતું. અનંત પ્રવાહો એને ધકેલતા રહે છે, અને જ્યાં એની જરૂરિયાત છે, એની વાણી સમજવાની શક્તિ છે, એવા સ્થાનોમાં યા તો જીવન એને ગરદન પકડીને લઈ જશે, યા વ્યક્તિઓને એની પાસે લાવશે. માટે, આ સંવાદનો પુરુષાર્થ, મૌનનું સામ્રાજ્ય કેટલુંયે પ્રિય કેમ ન હોય, એની બહાર નીકળીને એ વ્યક્તિએ કરવો જ પડશે. અને આપની અને મારી સામે એ જ સવાલ છે કે અહંતાનું વિસર્જન કેટલા મુઠ્ઠીભર લોકોની બાપની મિલકત નથી, એનો એકલાનો અધિકાર નથી. આ માનવજીવનની અનિવાર્ય આવશ્યકતા છે.

મન અને બુદ્ધિના પરિમાણથી આગળ ચાલો, અને એ મુક્તિ, નિર્વાણનું સુખ લૂંટવાને માટે નહીં, પણ માનવના સંબંધો મૂળમાંથી બદલવાને માટે છે. પછી એકબીજાની સાથે રહેશે અને શોષણ નહીં કરે. આજે તો એકબીજાનું ઘરમાં જ શોષણ કરે છે. શોષણ આર્થિક નહીં, પણ માનસિક. માનસિક શોષણ તો આર્થિક શોષણથી પણ બદતર છે. એકબીજાને કેવા ગુલામ બનાવે છે ? અપેક્ષા, આકાંક્ષા, વાસનાની જાળ ફેલાવી ફેલાવીને એકબીજાને કેવા જકડી લે છે ? મોહને, આસક્તિને પૂરી કરવા માટેના ઉપકરણ એકબીજાને કેવા બનાવી લે છે ? જુઓને, આખોય શોષણનો ફેલાવો ! માટે જ્યાં સુધી મન અને બુદ્ધિની ભૂમિકા પર રહીશું ત્યાં સુધી આમ થવાનું જ છે. એકબીજાને ગુલામ બનાવવાનો માર્ગ બદલીશું, સાધનો બદલીશું, ભાષા બદલાશે પણ ગુલામ જરૂર બનાવશે.

આર્થિક અને રાજકીય ગુલામીનો નાશ કરનારાં, એનો વિલીન કરનારાં દેશોને જોઈ લો. ભલે એ રશિયા હોય, ચાહે ભલે ચીન હોય, યુગોસ્લાવિયા હોય, બલ્ગેરિયા હોય કે ક્યુબા હોય. કેટલા દેશોના નામ લઉં ? અને અહિંસાથી આપણે સ્વાધીનતા પ્રાપ્ત કરી, એમ દિવસમાં દસ વાર આશીર્વાદ આપનાર હિંદુસ્તાનને જોઈ લેજો. એ વ્યક્તિઓના મન અને બુદ્ધિમાં પરિવર્તન નથી. પૈસા પ્રત્યે, સંગ્રહ પ્રત્યે, માલિકી પ્રત્યે, એ જ લાલસા, એ જ અભિલાષા છે, એટલે શોષણ અટકતું

જ નથી. વ્યક્તિઓના હાથમાંથી માલિકી ગઈ તો સરકારના હાથમાં આવી, અને સરકારનાં તો હજાર હાથ, હજાર પગ છે. એ હજારો હાથ અને પગ, શોષણ અને અન્યાય કરે છે. માલિકી ત્યાં જઈને વસી. માટે ભાઈ ! માલિકી, પ્રભુત્વ અને શોષણની લાલસા, એ જે અહંકારની ચેષ્ટાઓ છે, એને જ્યાં સુધી વ્યક્તિ ચેતનામાંથી નિર્મૂળ કરી દેતા નથી, ત્યાં સુધી સમસ્યાઓ હલ નહીં થાય, ઉકેલાશે નહીં, એનું નિરાકરણ થશે નહીં.

એટલે પછી આપણે ત્યાં સુધી કેમ રોકાઈશું, આપણે તો રોકાઈ શકતા નથી. સત્ય છે. આજે જ કંઈક કરીશું, કરો અને સમતા વિનાનું ચિત્ત, વિશુદ્ધ ચિત્ત, વ્યક્તિ, જેનું જીવન અસંયમી છે, જેની વૃત્તિ વિકૃત છે, અને જેની દૃષ્ટિ ભ્રાંતિમય છે, એવી વ્યક્તિઓ સમાજની સમસ્યાઓનો ઉકેલ લાવવા દુનિયામાં પ્રયત્ન કરી રહી છે. બે મહાયુદ્ધ થવા છતાં પણ સંયુકત રાષ્ટ્રસંઘમાં બેસીને એક પણ સમસ્યાનો ઉકેલ આવી શકતો નથી. કોરિયા અને વિયેટનામનો સવાલ છે. સંયુકત આરબ ગણરાજ્ય અને ઈઝરાયલની વચ્ચેની વાત હોય કે જોર્ડનની વચ્ચેની વાત હોય, અગર અમેરિકામાં હબસીઓનો સવાલ હોય, અને પૂર્વ પશ્ચિમ જર્મનીનો સવાલ હોય, અગર બર્લિનની દીવાલ ખસેડી લેવાની વાત હોય કે કાશ્મીરની સમસ્યા હોય, કાંઈ ઉકેલ આવતો નથી. ખુલ્લી આંખોએ જોઈ લેજો, હા, રાહતનું કામ થશે, એ કરવું જ જોઈએ.

માટે જે ક્રાંતિની આજે ધરતીને ભૂખ છે, ધરતી જેને માટે તરસે છે, અને આકાશ જેને માટે આતુર છે, એ છે માનવ-ચેતનામાં જ ઉત્ક્રાન્તિ ચેતનાનો જે હેતુ છે તેમાં જ પરિવર્તન, એ સિવાય બીજો રસ્તો દેખાતો નથી. ગુફામાં બેઠા છે એટલે ત્યાં જઈને કેમ બેઠા છે, એની ખબર ન પડે તો ગુફાની બહાર એમને કેવી રીતે લાવશો ? એની અંદર જવાની પ્રક્રિયાનું જ્યાં સુધી રહસ્ય ખોલતા નથી, ત્યાં સુધી એ બહાર નહીં આવી શકે. આ બીજો સવાલ છે. અને ત્રીજો એ છે કે સામાન્ય માનવ વ્યકિતને માટે જે પ્રેમ જોઈએ છે તે છે કે નહીં એની આપણને ખબર નથી.

ભારતવર્ષમાં અમૂર્ત માનવતાને માટે બહુ પ્રેમ છે, માનવ-જાતિ, માનવજીવનની વાતો છે, પણ વ્યકિત સામે આવે ત્યારે તેના પર પ્રેમ નથી. પહેલાં જોઈ લઈશું કે સ્ત્રી છે કે પુરુષ, પછી જોઈશું કે જાતિ કઈ છે ? પછી જોઈશું

કે ધંધો શું કરે છે ? એના પ્રત્યે જે વ્યવહાર થશે, એને માટે જે વૃત્તિ રાખશે, એના કરતાં ઘટક દ્રવ્યો બીજાં જ કંઈક છે. માનવ માત્ર માનવ છે માટે પ્રેમ, માનવ એ માનવ છે માટે ઉપાસ્ય છે. પ્રેમ કોને માટે છે ? એ પોતાનામાં નથી. આ દેશમાં તો છે જ નહીં. ગાંધીજીની પાસે આવ્યો તો ઈસાઈ ધર્મમાંથી આવ્યો. સંસ્કાર ઘણો ઊંડો હતો, એટલે આ મહાત્માઓ પાસે વ્યક્તિની, માનવની માનવને નાતે કોઈ કિંમત છે ?

આજની પરિસ્થિતિમાં અડધી જનસંખ્યા તો સ્ત્રીઓની છે. સ્ત્રીઓને પહેલાં જ ઉઠાવશે કે એ તો આવી હોય છે, તેવી હોય છે, એ તો દાસી બનવાને લાયક છે, એ તો મુકત થઈ જ ન શકે. એની તો કોઈ કિંમત જ નથી. આ સમયની પરિસ્થિતિમાં અડધી જનસંખ્યાતો આમ જ ઊડી ગઈ. રાજનૈતિક નેતાઓએ, સમાજના ગુરુઓએ, સ્ત્રીને શિક્ષણ આપ્યું. પુરુષોની સરખામણીમાં બેસવા માટે, એટલે એની નકલ કરવા માટે. એટલે આજ જ્યાં જ્યાં સ્ત્રી ગઈ છે, એ નકલી પુરુષ બનીને બેઠી છે, રાજનીતિમાં હોય કે અર્થનીતિમાં હોય. અમેરિકામાં સ્ત્રીસ્વાતંત્ર્ય આંદોલન છે, એમણે મને બોલાવી હતી. કેલિફોર્નિયામાં પરિષદમાં બોલાવી હતી. હું ગઈ અને મેં કહ્યું, ભાઈ ! તમારાં દેશમાં આવું છું. તો મને કયાંયે સ્ત્રીના દર્શન જ નથી થતાં, અમેરિકામાં સ્ત્રીઓ છે કયાં ? પુરુષોની નકલ છે.

જેમણે પુરુષોએ પ્રેરેલાં મૂલ્યોનો સ્વીકાર કરી લીધો, સ્પર્ધાને, મહત્ત્વાકાંક્ષાને જેણે પ્રતિષ્ઠિત મૂલ્ય માની લીધું, ઉપભોગને જેણે જીવનનું મૂલ્ય માની લીધું, એ કોઈ સ્ત્રી છે ? એ અર્થનીતિ, રાજનીતિમાં જઈને પણ શું કરશે ? એ જ સંગ્રહના, એ જ પરિગ્રહના એ જ માલિકીપણાના મૂલ્યોનું પુનરુચ્ચારણ કરશે. અડધી સંખ્યા ગઈકાલ સુધી એ જ કરતી રહી અને અડધી હવે એ જ કરશે. વધુ કટ્ટર બનશે. સ્ત્રી જ્યારે કમાવા માંડે છે તો વધુ કટ્ટર બનશે. બધું નવું નવું છે. તો નવાઓમાં આજકાલ બહુ કટ્ટરપણું ચાલે છે. તો આ વાત છે એમની, આ એમની કરુણા છે. અડધી જનસંખ્યા તો એને સ્પર્શશે પણ નહીં. એનું મારા ચિત્તમાં ઘણું દુઃખ છે. મેં ગંગોત્રી, ગૌમુખ, બદરીનાથ, કેદારનાથ અને ત્યાં નારાયણ આશ્રમ હિમાલયમાં કાંઈ ઓછું પરિભ્રમણ નથી કર્યું. માટે જાતિ, વર્ણ, આશ્રમ આ બધા ભેદોમાંથી એની ચાળણીમાંથી ચાળતાં ચાળતાં કેટલા બચશે,

જેની સમસ્યાઓ પર લોકો વિચાર કરશે ? અને સાધનાને માટે જેને પોતાનાં ઘરોથી ભાગવું પડયું, સાધના માટે જેને સમાજથી હટવું પડયું, એ સમાજની સમસ્યાઓનું નિદાન પણ શું કરશે, નિરાકરણ પણ શું કરશે ?

જે જીવનમાં રહેતાં રહેતાં જન્યાં છે, ત્યાં સંબંધોને જ સાધનાના અવસર સમજીને આત્મશોધન ત્યાં જ કરશે, મન અને બુદ્ધિથી પર જશે, એને જે ઉપલબ્ધિ છે, એનાથી પછી સમાજને કંઈક ઉપયોગી થશે. હા, હઠયોગ શીખવો હોય તો હઠયોગ શીખવનાર લોકો આજે પણ હાજર છે. ઈચ્છા હોય તો અમારી સાથે ચાલો અમરકંટક, હિમાલય ચાલો, બતાવી દઈશ. તંત્રનો અભ્યાસ કરવો હોય તો એવા આજે અધિકારી વ્યકિત છે. કામરૂપ પ્રવેશ હોય, નેપાળ હોય, હિમાલયનો કેટલોક ભાગ હોય, ખાસ કરીને કાલીગંગાનું ક્ષેત્ર છે, ભૂરી અને કાળી ગંગાનો જ્યાં સંગમ થાય છે એ ક્ષેત્ર છે, તંત્ર સાધના કરવી હોય તો જે શિખવાડી શકે એવા વિશેષજ્ઞો છે. જે આત્મ-સંયમના જુદા જુદા પ્રકારોમાં વિશેષતા પામ્યાં હોય, એવા લોકો છે. તાંત્રિક છે. માંત્રિક છે, યોગાભ્યાસી સાધકો છે. શકિતપાતનું રહસ્ય જાણનાર છે. કુંડલિની સંચાલનની યુકિતઓ જાણનારા છે. જો આ બધું કરવાથી સમાજની સમસ્યાઓ હલ થતી હોય તો કરાવી લો. એનો અધ્યાત્મ સાથે જરા પણ સંબંધ નથી અને જીવનમાં નવું પરિમાણ જાગ્રત કરવા સાથે પણ કોઈ સંબંધ નથી. આ તો છે શકિતનો, આંતરિક શકિતની શોધનો માર્ગ.

માનવસમાજ કાંઈ પશુઓના ઝૂંડ તો નથી કે એની પાછળ ચાબુક લઈને ચાલીએ. પશુઓની જમાતોને લાકડી લઈને હાંકતા રહીએ છીએ. અને આજ સુધી માનવોને આ જ રીતે ટોળાઓમાં હાંકવાનું કામ જ સભ્યતા અને સંસ્કૃતિને નામે ચાલ્યું છે, ધર્મ અને અધ્યાત્મના નામ પર ચાલ્યું છે. તમારા જેવો જુવાન શું એમ ચાહે છે કે બહેન એક સુંદર રંગીન લાકડી રાખે અને હાંકે ? હાંકવા માંડું તો આવીને મારી લાકડીને તોડી નાંખો, ઉઠાવીને ફેંકી દો. અને આપણાં દેશનિર્માણનાં, સમાજનિર્માણનાં રસ્તામાંથી આ તાઈને પણ ઉઠાવી ફેંકી દો. આ કામ કરી શકો તો તમે ક્રાંતિકારી છો. લાકડી પકડવાનું કામ ન કરશો. કદાચ અમને પણ લાકડી પકડવાનો મોહ થઈ જાય. ચંદનની સુગંધિત લાકડી હોય તોપણ ન જોઈએ.

માનવની ચેતનામાં બે પ્રત્યયો દૃઢ છે. 'અસ્માકમ્' 'યુષ્માકમ્' 'અહમ્' 'ઈદમ્' 'અહમ્-ત્વમ્' હું, તું, અમે અને તમે. જીવન આ પ્રત્યોની વચ્ચે વહેંચાયેલું છે. હવે એ 'હું' નામનો જે પ્રત્યય અહમ્ અસ્મી, હું છું, હું છું, આ જે પ્રત્યય છે, આ પ્રત્યયમાં 'હું' કહેનાર, કયું તત્ત્વ છે, એને શોધવું છે. પોતાની અંદર શોધવા જશો તો સ્તર ઉપર સ્તર આપને મળશે. પહેલાં તો એમ લાગે છે કે આ દેહ જ હું છું. દેહની સાથે તદાત્મતા થઈ ગઈ, અહંકાર આવ્યો. અહમનું સ્ફુરણ પોતાનાથી બહાર કોઈપણ ઉપાધિની સાથે તદાત્મતાથી બંધાય જાય છે, ત્યારે અહંકારનો જન્મ થાય છે. તો પહેલો સ્તર આ આવે છે કે જેનું નામ છે, જેનું રૂપ છે, એવા દેહની સાથે તદાત્મતાના ભાવમાં બંધાય ગયા. હવે દેહને જ આપણે આ 'હું' છું એમ માની લીધું. પછી મનમાં, બુદ્ધિમાં જે વિચાર છે, જે સંસ્કાર છે, જે સંઘરાયેલી અનુભૂતિઓ છે, એના સમૂહને 'હું' છું એમ સમજી લીધું. હવે એ સમૂહનો જે હુંકાર છે, જે સમૂહનું સ્ફૂરણ છે, તદાત્મતા ત્યાં બોલવા લાગી કે અહંકાર આવ્યો. પહેલા એ ભ્રમ છે કે હું દેહ છું, હું ઈન્દ્રિયો છું, હું મન છું, હું બુદ્ધિ છું. આ જે 'હું' છે ને તેના સ્વરૂપની ખબર નથી. 'હું' ની વિશુદ્ધ સત્તા ખબર નથી અને આ 'હું' ખોટી વસ્તુની સાથે, ખોટાં તત્ત્વોની સાથે તદાત્મભાવ થઈને સમરસ થવાને જાય છે અને ગોથું ખાઈને ફસાય છે.

માટે, અનંત તદાત્માઓના સમૂહથી અહંકારનો જન્મ થયો. અહંકાર પ્રતીક છે. 'અહંકાર' શબ્દ બોલીએ છીએ ને, તે એક પ્રતીક છે. ખરેખર તો એ માત્ર ઘનીભૂત પૂંજીભૂત તદાત્મતાઓનો ભાવ છે અને બીજું કાંઈ નહીં. આ તદાત્મતાઓનો જે ભાવ છે, એને જોવા ગયા, એનો બોધ થયો અને એ ભાવ એક પછી એક તદાત્મતાના સ્તરની સાથે વિલીન થતો ચાલ્યો જશે કે પછીથી અહંકાર બચશે નહીં. તદાત્મતાના જામેલાં સ્તરો એક પછી એક ઓગળવા માંડે છે, જ્યારે એના પર અવધાનનો પ્રકાશ પડે છે. એને જ્યારે જોવા ગયા, એનો બોધ થયો, કે એ જે ઘનીભૂત પૂંજીભૂત સ્તર પીગળવા માંડે છે. માટે બાહ્ય તત્ત્વોની તદાત્મતાઓનો ભાવ જાણે કે પીગળવા લાગે છે. એક પછી એક જે સ્તર છે, એ પીગળી ગયા, તો પછી જે ખુલ્લું થયેલું સ્ફુરણ છે, એ અહમ્ પણ નથી અને ઈદમ્ પણ નથી. અમારું પણ નથી અને તમારું પણ નથી.

એ માત્ર વિશુદ્ધ ચૈતન્યની સત્તા છે. ત્યાં એક ચેતના છે, જેના કેન્દ્રમાં કોઈ સમૂહ નથી. જે ઘનીભૂત હોય, નક્કર હોય, આખાયે વિશ્વથી, આખાયે ચૈતન્યથી જુદું રહેનાર એવું કોઈ એકમ ત્યાં નથી. કેન્દ્ર વિનાનો, પરિધ વિનાનો, ચૈતન્યનો વિસ્તાર ત્યાં છે અને અહમ્ તો એ કેન્દ્ર વિનાના, પરિધ વિનાના, ચૈતન્યનાં વિસ્તારમાં, જેમ પાણીની વચમાં જામી જાય એવા જમા થયેલ એકમનો આભાસ ઉત્પન્ન કરનાર એક ગાંઠ સમાન છે. બોધમાં અહમ્‌ના પીગળવાનું અને બીજા તદાત્માઓના વિલીનીકરણનું રહસ્ય છે. બોધ થયા પછી અહમ્ રહેતો નથી. અહંકાર રહેતો નથી.

(ચોરવાડના પ્રથમ શિબિરનો ચોથો પ્રશ્નોત્તર તા. ૧૪-૨-૧૯૭૧)

૯

પાંચમું પ્રવચન

જીવનમાં પરસ્પર વિરોધી તત્ત્વોને મેળવીને, તેને એકરસ બનાવીને, બન્નેથી તદ્દન જુદી એક ત્રીજી સત્તાને નિર્માણ કરવાની અદ્‌ભુત શકિત છે. જીવન પ્રભુની લીલા છે એનો કોઈ પાર નથી. જ્યાં દિવસ અને રાત્રિને, પ્રકાશ અને અંધકારને મેળવીને ત્રીજી જ સત્તાનો ઉદય થાય છે, એમ મિલન અને વિરહને એકરસ બનાવીને ત્રીજી જ સત્તા, જેને સત્સંગ કહે છે એનો ઉદય થાય છે. વિરહ ન હોય તો મિલનમાં પ્રાણ જ નથી. બે આંખો પણ એક દષ્ટિ, બે હોઠોથી એક વાત, એ જ પ્રમાણે મિલન અને વિરહને એકરસ જે બનાવી શકે, એ જીવનમાં સત્સંગનું અદ્‌ભુત રસાયણ પામે છે. મિલનમાં એક અવસ્થા અને વિરહમાં એકદમ તદ્દન જુદી અવસ્થા થઈ જાય તો જોવાનું નથી બની શકતું. બે આંખો બે દિશાઓમાં જોવા લાગે તો દષ્ટિમાં પરિણમતી નથી. બે આંખોથી એક જ તથ્યને જુએ, એક જ દશ્યને જુએ ત્યારે જ દર્શન સમગ્ર થાય છે.

અહીં છો, સાથે છો, તો ચિત્તની એક અવસ્થા, શરીરના વ્યવહારોની એક અવસ્થા, વાણીના વ્યવહારની એક અવસ્થા, અને સાંજ સુધીમાં અગર કાલ સુધીમાં ઘેર પહોંચી જશો તો દષ્ટિની, વૃત્તિની, વાણીની, કાયાની, વ્યવહારની બીજી અવસ્થા થઈ જશે, તો દર્શન ખંડિત થઈ જશે, પછી સત્સંગ ન થયો કારણ કે વિરહની આંખ એક તરફ જુએ છે, અને મિલનની આંખ બીજી તરફ જુએ છે. આવું ન થાય. પોતાના પ્રિય સ્વજનોને સાવધાન કરવા મન થયું. માટે ક્રમ તોડીને બોલવા માંડયું. આજે સવારે બોલવાનું તો હતું નહીં, પણ જ્યાં પ્રેમ ત્યાં નિયમ નહીં. વિચાર્યું કે ઈશારો કરી દઉં કે મિલનમાં જ ઉપસ્થિતિ અને વિરહમાં અંતર થઈ એવું ન થઈ જાય.

આપ કહેશો કે આ મિલન-વિરહની ભાષા કેમ છે ? જરૂર ભાષા છે, કારણ કે, અમને આપને માટે પ્રેમ છે. અને આપને અમારે માટે પ્રેમ ન હોત તો આપ અહીં સુધી આવત નહીં. સમય, શક્તિ અને ધન ખર્ચીને અહીં કોણ આવે છે ? એમાં આપ બધા સંસારી છો. અમારા જેવું તો નથી કે જેને આગળ કંઈ નથી, પાછળ કંઈ નથી. ના ઘર છે, ન બહાર છે. માટે આપના સંસાર-વ્યવહારથી, બાલબચ્ચાઓથી છૂટા પડીને, પાંચ દિવસ આપ અહીં રહ્યા, એ આપના પ્રેમનું પ્રતીક છે. અને તેથી આપને માટે કૃતજ્ઞતાનો ભાવ અંદરથી ઊમટે છે. જે વ્યક્તિ કંઈ આપતી નથી, આપવાનું જાણતી નથી, આપવાનો દાવો નથી, શીખવાનો દાવો નથી, આપનું પરિવર્તન કરવાની અભીપ્સા પણ જે વ્યક્તિમાં નથી, એવી વ્યક્તિ પાસે પાંચ દિવસ આવીને હેતુ વિના એમની વાતો સાંભળી. એ પ્રભુનો અનુગ્રહ છે કે આપ આટલો સ્નેહ રાખો છો.

અમે આ જીવનમાં ઘણાં ધન્ય છીએ કારણ પ્રેમ અને મૈત્રી સિવાય અન્ય કંઈ રહેવા પામ્યું નથી. મિત્રોનાં પરિવારોમાં બેસીએ છીએ, ત્યારે હૃદય ખોલીને બોલીએ છીએ. આખુંયે વિશ્વ જેને માટે ઘર બની જાય, એ બીજું શું કરે ? આપ પોતાના ઘરમાં બેસીને પોતાના મા-બાપ, પતિ-પત્ની, બાળકો સાથે વાતો કરો છો. અમે જ્યાં જઈએ છીએ, મિત્રો સાથે હૃદય ખોલીને વાતો કરી લઈએ છીએ. બસ આટલું જ કરીએ છીએ. આમાં કોઈ અભિસંધિ નથી, હેતુ નથી. જે દિવસે પ્રેમના વાર્તાલાપમાં હેતુ પ્રવેશી જશે, તો એ અહંકારની બીભત્સ ચેષ્ટા હશે. માટે આવી વ્યક્તિને પણ લોકો પ્યાર કરે છે એ જોઈને ઘણો આનંદ આવેલ છે, બહુ આનંદ આવ્યો.

આ જ દશા અમારી યુરોપ-અમેરિકામાં છે. એકેએક દેશોમાં ૪૦-૫૦ એવી વ્યક્તિઓ થઈ ગઈ છે જે આવા વાતાવરણમાં બેસે છે, ફરક એટલો જ છે ત્યાં જે લોકો આવે છે, સાથે રહે છે, એ રસોઈ વગેરે પણ જાતે કરી લે છે. બધું કામ સાથે જ કરે છે. વધુ મજા આવે છે. અને આખા દિવસનું મૌન રાખે છે. અમે લોકો જ્યાં સાથે રહીએ છીએ, મકાનની સાફસૂફી કરવી, નાસ્તો બનાવવો, બધું ટોળીમાં વહેંચી લઈને બધા સાથે કરીએ છીએ. એક પણ અક્ષર કોઈ બોલતું નથી. ફક્ત ભોજન સમયે બોલે છે. આટલો ફરક છે. એમની જરૂરિયાત વધારે

છે, એમની જિજ્ઞાસા વધું પ્રખર છે અને બધા લોકો દૃઢનિશ્ચયી છે કે ૫ દિવસમાં જીવનનાં મૂલ્યવાન સમયમાંથી એક મિનિટ પણ ખોવા માગતાં નથી.

એમની સામે તો જીવવા-મરવાનો સવાલ છે. મનથી, બુદ્ધિથી ઉપર ન ગયા તો જીવી નહીં શકે. કોમ્પ્યુટરની સાથે, વીજળીક મગજની સાથે કામ કરતા કરતાં એ કંટાળી જશે. કોમ્પ્યુટરો આજે માનવથી વધુ કાર્યકુશળ થઈ ગયાં છે. ધારણામાં, સ્મરણમાં, કામ કરવામાં, વધુ કુશળ છે. તો એમની સામે તો પડકાર છે, આહ્વાન છે, કે માનવમાં એનાથી શું વધારે છે ? ચાલો, જુઓ, એમાં ઊંડા જઈ જીવો. હવે એમને માટે અધ્યાત્મ એ મનોરંજનનો વિષય નથી, એ જન્મ-મરણનો પ્રશ્ન છે. અહીં તો હજુ પણ અધ્યાત્મને થોડી રોમેન્ટિક દૃષ્ટિથી જુએ છે. થયું તો થયું, ન થયું તો કાંઈ નહીં, બાકી જિંદગી તો વ્યતીત થઈ રહી છે. ત્યાં આ ચાલી શકે તેમ નથી. ત્યાંની જિજ્ઞાસામાં પ્રજ્વલિત અગ્નિ છે. અહીં, કયારેક મન્દ છે, કયારેક પ્રજ્વલિત છે. અભાવમાં જકડાયેલા લોકોની વચ્ચે આપણે ઘેરાયેલા છીએ એટલે અહીં સુખ-સાધનોનું મહત્ત્વ જરૂરિયાતથી પણ વધું છે.

ત્યાં પણ આમ જ ચાલે છે. સાથે રહીએ છીએ, વાતો કરીએ છીએ, અને એમ કહેવા છતાં કે અમે કંઈ આપવા આવ્યા નથી, કંઈ શીખવવા આવ્યાં, નથી તમારામાં કંઈ પરિવર્તન ઘટિત કરવા નથી આવ્યા, છતાં લોકો આવે છે. પ્રેમમાં કાંઈક ઘટના થઈ જાય તો એમાં આપનો કે અમારો પુરુષાર્થ નથી. પ્રેમમાં આપવા લેવાનું કેવું ? એકબીજાની મદદ કરવાનું કેવું ? મદદ કરવી, સેવા કરવી એ જ ભૌતિક અને માનસિક સ્તરની ભાષા છે. ભૌતિક સ્તર પર એકબીજાની મદદ પણ કરવી પડે છે. ગરીબ દેશમાં છીએ, એટલે અહીંની દરિદ્રતાને દૂર કરવા આપણે પ્રયત્ન કરવો જોઈએ. અજ્ઞાન છે, લોકો અભણ છે, અહીં સેવા કરવી જોઈએ, મદદ કરવી જોઈએ કે જેથી લોકો લખતા-વાંચતા શીખે. સ્વાસ્થ્યના નિયમો જાણતાં નથી તો સ્વાસ્થ્યના નિયમો સમજાવીએ. શરીર સ્વસ્થ રહે એવાં ઉપાયો કરવાં, આ સેવા, આ મદદ, એ ભૌતિક અને માનસિક સ્તરની ભાષા છે. ધર્મમાં પણ મદદ થઈ શકે છે, કારણ ધર્મનું શાસ્ત્ર છે, એક વિજ્ઞાન છે. આધિભૌતિક, આધિદૈવિક ત્યાં સુધી મદદ શકય છે, ત્યાં સુધી આપવા લેવાનું શકય છે. ભૌતિક અને માનસિક સ્તર ઉપર આદાન-પ્રદાન, આ મદદ ઘટિત થાય છે.

હવે સ્નેહ અને મિત્રતામાં લેવાનું અને આપવાનું કેવું ? અને આપવા-લેવાનો ભાર જે વહે તે મિત્ર છે ? ત્યાં સ્નેહ છે ? કોઈ એવો દાવો કરે કે ૪ દિવસ આપ મારી સાથે રહો તો મારા પ્રેમથી અને મૈત્રીથી હું આપને આ કે તે આપીશ. કંઈ પદ્ધતિ બનાવી લઈશું. હા, કોઈ શારીરિક, માનસિક ક્રિયા શીખવી હોય તો મદદ થઈ શકે છે; હઠયોગ શીખવો હોય, પ્રાણાયામ શીખવો હોય, યૌગિક આસનો શીખવા હોય, મંત્રોનો ઉચ્ચાર શીખવો હોય, શરીરના ચક્રોનું ભેદન શીખવું હોય, ચક્રોનું ઉદ્‌ઘાટન શીખવું હોય, કુંડલિની જાગ્રત કરી સંચાલન શીખવું હોય, પણ એ અધ્યાત્મ નથી. એનો અધ્યાત્મ સાથે સ્નાનસૂતકનો પણ સંબંધ નથી, જરા જેટલો પણ ન અહીં. કારણ કે આ બધાં ભૌતિક, માનસિક, અતિમાનસિક સ્તરો અહંકારના ક્ષેત્રમાં છે. કુંડલિની જાગ્રત કરનાર અને સંચાલન કરનાર તો કોઈક તો હશે ને ! એમાં આપની મદદની ભાષા, સેવાની ભાષા હોઈ શકે છે.

માનો આપ બગીચામાં ગયા, ખીલેલાં ફૂલો છે-કમળ છે, ગુલાબ છે, મોગરો છે, જુઈ છે, ચંપો છે, અને ફૂલો પાસે ગયા છો ને કહો કે 'હે પુષ્પરાજ ! મારી મદદ કરો, જેથી હું આપનો આનંદ લૂંટી શકું. મારી મદદ કરો જેથી હું આપની સૌરભ લઈ શકું. આપના સૌંદર્યનું હું આસ્વાદન કરી શકું, હે પુષ્પરાજ ! મદદ કરો. આકુળ-વ્યાકુળ થાવ, રડો અને પછી એ શું કરશે ? પુષ્પરાજ શું બોલશે ? એ આપની મદદ કરશે ? એના હોવાથી જ જો આપને મદદ ન થઈ તો કરવાની મદદ થશે ? એની ઉપસ્થિતિ જો આપને માટે ઉપલબ્ધિ ન બની તો પુષ્પ શું કરે ? બધી જ પાંખડીઓ ખોલીને એ અંતરંગનું ઐશ્વર્ય પ્રગટ કરતું એ ત્યાં છે અને એમાં આપ કહો કે ઉપસ્થિતિ પણ અમને આપો. ઉપસ્થિતિનું એમાં જ સૌંદર્ય છે કે આપી શકાતી નથી. ઉપસ્થિતિને ઉપલબ્ધિ બનાવી શકાતી નથી. માએ બહુ જ સરસ રસોઈ બનાવી છે, પંચ પકવાન્ન બનાવ્યાં છે, કેમ ખાવું એ જો આપને ખબર ન હોય તો એ પણ બતાવી દે કે દાંતથી કેવી રીતે ચાવવું, જીભથી એનો શી રીતે ઉપયોગ કરવો, એ બતાવી દીધું, પણ શું મા આપને માટે ચાવી પણ આપશે ? આપને માટે ગમે તેટલો પ્રેમ હોય તોપણ ચાવવું આપને પડશે જ ને !

અમારા અખા ભગત ઘણા પાકા હતા. એ તો કહે છે કે પાનનું બીડું મોમાં નાંખ્યું છે, આપને દાંત છે અને છતાં ચાવ્યું નહીં, અને ગળી ગયા. એનો રંગ

પણ હોઠો પર આવતો નથી અને ગળામાં એનો સ્વાદ પણ નથી. સત્સંગમાં ગયા, સંવાદ સાંભળ્યો, સાંભળેલા શબ્દોને ચાવ્યા નહીં અને ગળી ગયા તો આંખોમાં એનું તેજ નથી, હોઠો પર રંગત નથી, જીભને સ્વાદ પણ મળ્યો નહીં, જીવનમાં પરિવર્તન પણ થયું નહીં. માટે બગીચામાં જઈને પણ ફૂલોની સુગંધ લીધા વિના, સૌંદર્યનો આસ્વાદ માણ્યા વિના આપણે પાછા આવીએ તો દોષ કોનો ? સત્તાથી વધુ કાંઈ થઈ શકતું નથી. માની લ્યો કે ઉપલબ્ધિસંપન્ન વ્યકિત છે. ઉપલબ્ધિસંપન્ન વ્યકિતમાં અહંકાર તો રહ્યો નથી કે એ આપતા ફરે, દાવો કરે, હાથ પકડીને આપને શીખવી શકે, પ્રવૃત્ત કરવા જેટલું આક્રમણ કરે ? કોણ કરે ? પ્રેમ સૂચન કરવા સુધી જાય છે. આંગળીથી નિર્દેશ કરીને બતાવી દે કે આ દિશામાં છે. તેણે પોતે જ ચાલવું પડશે.

સાગરને કિનારે ઊભા છો. ઠંડો પવન આવે છે. એવી ખાતરી થાય છે માટે તો સાગરકિનારે જઈએ છીએ. સત્સંગમાં કંઈક ઘટિત થઈ શકે છે એનો સંદિગ્ધ આભાસ છે માટે તો આપ આવો છો, નહીં તો આવત જ નહીં. પણ ત્યારબાદ સાગરકિનારે ગયા, તરંગો ન જોયા, અને તરંગો જેના પર ધારણ થાય છે તે જલની સત્તાને ન જોઈ, પવનની લહરીઓ સાથે તરંગોની લીલા ન જોઈ, આકાશની સાથે સાગરનું જે મિલન છે તે પણ ન જોયું, સૂર્યના કિરણોની જે લીલા ચાલે છે, સાગરના જલમાં જે નૃત્ય ચાલે છે એને પણ ન જોયું તો દોષ કોનો ? એ તો લૂંટાવવા બેઠો છે. એની ઠંડકથી ચામડીને જે સુખ મળે છે, એટલું જ સંવેદન લઈને જો પાછાં ગયા તો ? એક જશે સુખના સ્પન્દન લઈને પાછો ફરશે, અને બીજો સાગરનું મિલન લઈને પાછો ફરશે. ત્યારે મિલન અને વિરહની બે આંખોથી સત્સંગ ઘટિત થશે.

કેવળ મિલનની એક આંખથી કાંઈ ઘટિત થતું નથી, બે આંખોની એક દૃષ્ટિ છે. એમ બરોબર ધ્યાન રાખો કે મિલન અને વિરહ મળીને સત્સંગ થાય છે. આનું ખૂબ ધ્યાન રાખો. મિલનની આંખ બીજી દિશામાં ગઈ, સંસારની દિશામાં ગઇ એટલે સંસારને જુદી દૃષ્ટિથી જોવા લાગ્યા તો ? આજે અહીં બેસીને સંસારને જે દૃષ્ટિથી સમજો છો, જે વૃત્તિથી એને જુઓ છો, એ જોવું એક પ્રકારનું અને ત્યાં જઈને સંસારને, એ જ ઘરબારને, એ જ સગાવહાલાઓને જો બીજી (સાંસારિક) નજરથી જોવા લાગ્યા તો દર્શન ઘટિત થયું ? કાંઈજ નહીં. આપ

ખંડિત થઈ જશો, આપ વિભાજિત થઈ ગયા હશો. ન તો આની મજા લઇ શકશો, ને તેની. આવી હાલત ન થાય હો !

મનમાં એમ ન આવે કે સંસાર મિથ્યા છે, માયા છે. એટલે આપની ત્યાં કોઈ જવાબદારી નથી, ત્યાં કોઈ દાયિત્વ નથી. જ્યાં પ્રારબ્ધવશ છો, ત્યાં જ સાધનાનું ક્ષેત્ર છે. ધર્મક્ષેત્ર, કુરુક્ષેત્ર, ત્યાં જ છે. એને ન છોડી શકાય. એ છૂટી જાય તે જુદી જ વાત છે. પાનખરની ઋતુ ન હોય અને પાન ખરી રહ્યાં છે એમ થતું નથી. પાનખરની ઋતુ જીવનમાં આવવી તો જોઈએ ત્યારે આપોઆપ પાન ખરશે. ત્યારે આપને પણ દુઃખ નહીં થાય, ખરતાં પાનને પણ દુઃખ નહીં થાય. એમ જ સાંસારિક કર્મ જે છે એને ખરી જવા દો. એને છોડવામાં દુઃખ છે. છોડવું પડે છે એનો અર્થ જ હજી કચાસ છે. અંદર આસક્તિ ન હોય તો કંઈ જ છોડવું પડતું નથી. છોડવું અને ત્યાગવું, આ અંદરની આસક્તિની સાક્ષી આપવા બરોબર છે. આમ છે. છોડવું અગર ત્યાગવું એટલે અંદરની આસક્તિથી પોષાયેલો એક પ્રતિકાર છે.

સંન્યાસ લેવો, ત્યાગ કરવો, એ સંસારને અંદરની આસક્તિની સાથે ચાલેલો સંઘર્ષ જાહેર કરવા બરોબર છે. જ્યાં વિરોધ હોય, જ્યાં ઘર્ષણ હોય ત્યાં તણાવ તો આવશે જ. ત્યાં દ્વન્દ્વ આવશે જ, સંઘર્ષ આવશે જ, એટલે જ્યારે ઘેર પાછા ફરો, પોતપોતાના સ્થાનોમાં પાછાં ફરો તો એ સ્થાનોની, એ સંબંધોની સાપેક્ષતાને સમજી લેજો. મર્યાદાઓને સમજી લ્યો, પણ એના ત્યાગવાની, છોડવાની ભાષા ન શીખશો. વિરહમાં એક નજરથી જોયું અને મિલનમાં બીજી નજરથી જોશો તો લાગશે કે આ મારી સામે શું આવ્યું ? ત્યાં ચોરવાડમાં કેટલું સારું હતું ? હવે જુઓને, શું થઈ ગયું. ઘરમાં મજા નથી આવતી. આ મને સમજતા નથી, તે મને સમજતા નથી. માટે સહયોગ નથી કરતા. આ શું ઓફિસમાં જઈને બેસવું પડયું ? આ શું કચેરીમાં જવું થયું ? આ કચેરી, આ કુટુંબ, આ સંગ્રહ-પરિગ્રહ, આ ઉપાધિ-એ બધા આપના કર્મ છે, એનાથી કેવી રીતે ભાગી શકશો ? શરીર છે, તેનાથી તમે ભાગી શકતા નથી ને ? એ હાડ-માંસમાં આપની જ સત્તા છે. તિજોરીમાં, આપના ફર્નિચર, રાચરચીલામાં આપ જ પડયા છો, આપનો જ એ બધો વિસ્તાર છે. હવે છોડવું એટલે વિશ્વામિત્રે મેનકાનો ત્યાગ કર્યો એવું અહીં અભિપ્રેત નથી.

સંદર્ભ એ છે કે ત્યાં જે આસક્તિ છે, જે આસક્તિ ઘર્ષણ પેદા કરે છે, એ ન રહે. આસક્તિ થાય છે, કારણ કે આપણા દેહ સાથે તદાત્મતા છે. પોતાનું સ્વરૂપ ખબર નથી માટે દેહ સાથે તદાત્મતા છે, મનની સાથે તદાત્મતા છે. તદાત્મતા આવે છે માટે વિકારનો આવેગ છે, માટે વિચારનો આવેશ છે. તદાત્મતા ન રહે. ઈન્દ્રિયોની વૈજ્ઞાનિક દૃષ્ટિથી જરૂરિયાત પૂરી થશે એમાં આસક્તિ પણ નહીં, અનાસક્તિ પણ નહીં, અનાસક્તિ પણ વિકૃતિ છે.

વૈજ્ઞાનિક દૃષ્ટિથી આપ શરીર-મનની જરૂરિયાતો પૂરી કરી દેજો. માનો કે કોઈને મરચું ખાવું અનુકૂળ નથી. કોઈના શરીરને મીઠું ખાવું અનુકૂળ નથી, તો કોઈ જાહેર કરશે કે હું મીઠા વિનાનું ખાઉં છું. એમાં અહંકાર રહ્યો છે. અમે સાત્ત્વિક અન્ન લઈએ છીએ, એનો પણ અહંકાર. અમે રોજ ધ્યાન કરીએ છીએ, દોઢ કલાક પૂજામાં બેસીએ છીએ, એનો પણ અહંકાર. આની જાહેરાત કેમ કરવી પડે છે ? એને બતાવવું કેમ પડે છે ? આપ નહાવ છો અને બીજો નહાતો નથી તો એના પ્રત્યે આપનો અહંકાર કેમ જાગી ઊઠે છે ? એને વારંવાર બતાવવાની શી જરૂર છે કે તું કરતો નથી. હું કરું છું ભાઈ ! તમે કરો છો તમારા ભલા માટે. એમાં એના પ્રત્યે ઉપેક્ષા કે તુચ્છતાનો ભાવ શા માટે ઊઠે છે ? જોજો ! બંધન પૂરેપૂરું પ્રતિક્રિયામાં છે. બંધનનો જન્મ આપની પ્રતિક્રિયામાં છે, બીજાના વ્યવહારમાં નહીં. બીજાનો વ્યવહાર બાંધતો નથી. આપની જ પ્રતિક્રિયા બાંધે છે. તો પાછા ફરશો, વાતાવરણ તદ્દન જુદું હશે. એની સાથે સમરસ થવામાં થોડું કષ્ટ થશે, આ યાદ આવશે. યાદ આવશે અહીંનું વાતાવરણ, અહીંનો સ્નેહ, અને અહીંનો સ્નેહ રહેવો સ્વાભાવિક હતો. કારણ કે દરેકની જુદી જુદી વ્યવસ્થા હતી. એકબીજાની સાથે કાંઈ ઝગડો ન હતો. જો કામ કરવું પડતું હોત, શાક સમારવાનું હોત, રસોઈ બનાવવાની હોત, નાની નાની ચીજોને બહાને ઘર્ષણ આવી જાત. એવું તો અહીં હતું નહીં. માટે સંઘર્ષનો અવસર ન હતો. આમ, આ શિબિરની અહીં પૂર્ણાહુતિ જાહેર કરું છું.

(ચોરવાડના પ્રથમ શિબિરનું પાંચમું છેલ્લું પ્રવચન તા. ૧૫-૨-૧૯૭૧)

ધ્યાન શિબિર-૨

:: સ્થાન ::

ચોરવાડ

સૌરાષ્ટ્ર - ગુજરાત

(તા. ૧૫-૧૨-૧૯૭૧ થી તા. ૨૦-૧૨-૧૯૭૧)

૧

પહેલું પ્રવચન

ફરી એકવાર આપણે ચોરવાડના પ્રશાંત જીવનમાં, સાગરતટે એકઠાં થયાં છીએ. તમે અને અમે અહીં પાંચ દિવસ ભેગા રહીશું. (યુદ્ધના કારણે) તમારાં ચિત્તમાં વ્યગ્રતા હશે તેથી ઓછી વેદના, વ્યથા, મારા ચિત્તમાં નથી. પરંતુ જેવી ચિન્તા તમને થતી હશે, તેવી ચિન્તા મને થતી નથી. પીડા અને વ્યથા છે. પણ ભય અને ચિન્તા મને નથી. ભય, ચિન્તા એટલા માટે નથી કે જે રીતે આપણે જીવતા આવ્યાં છીએ તેમાંથી આવતા પરિણામો જ્યારે આપણી સમક્ષ આવી ઊભા છે, તો ભય રાખવાથી શું વળશે ? અને ચિન્તા એટલા માટે નથી થતી કે પોતાના જીવન સાથે જ્યારે સંબંધ આવે છે, ત્યાં જે કાંઈ થઈ શકે તે કર્યા પછી, ચિન્તા અને ભયનો શિકાર થવું એ નાસમજદારી છે. એ બુદ્ધિહીનતા છે. ટેવ પડી છે, માટે ચિન્તા કરવી એ તો તેથીયે વધુ નાદાનિયત છે. તો ભય અને ચિન્તા નથી, દુઃખ છે, પીડા છે.

આપણે અહીં ચાર-પાંચ દિવસો ભેગા રહીશું, માટે બે-એક વિનંતી. એક-બે સૂચનો આપની પાસે મૂકું છું. જ્યારે તમે સ્નાન કરવા જાવ છો, શરીરને નિર્મળ કરવા જાવ છો, ત્યારે આવરણો કાઢી નાંખવા પડે છે. ગમે તેટલા મનગમતાં સરસ પરિધાન હોય, પરંતુ પરિધાન રાખીને સ્નાન કરતા નથી, એમ કોઈ કરતું નથી. એમ કરવામાં કોઈ માનતું નથી. અહીં જે પાંચ દિવસ રહેવાનું છે તેમાં ચેતનાના કેટલાંક આવરણો જો ઊતારીને બાજુ પર મૂકી શકીશું તો આપ અને અમે મળીને પરસ્પર પ્રક્ષાલન કરી લઈશું, તો સાચું પ્રક્ષાલન થશે.

આવરણ છે આપણા સંબંધો. એક જ વ્યકિત કોઈના પતિ છે, પિતા છે, કોઈની પત્ની છે, કોઈની માં છે, કોઈની કન્યા છે, કોઈની વહુ છે, કોઈની પડોશી છે, કોઈની માલિક છે, કોઈની નોકર છે. કઈ જાતિમાં શરીર જન્મ્યું છે, કયા

વર્ણમાં જન્મ્યું છે, કયા રાજ્યમાં જન્મ્યું છે, કઈ ભાષામાં જન્મ થયો છે, આ બધાં બહારનાં આવરણો છે. નામ પણ એક આવરણ છે. નામ આમ તો દેહનું હોય છે. તો આવરણો પાંચ દિવસ માટે તમે ઉતારીને બાજુ પર મૂકી શકશો ? જૈન છું, હિન્દુ છું, સ્ત્રી છું, પુરુષ છું, પતિ છું, પિતા છું, પત્ની છું, માતા છું, નિર્મલા છું, કમલા છું, ઉમા છું. આ વસ્ત્રોને પાંચ દિવસો સુધી ઉતારીને રાખી શકશો ? આ ચેતનાના અનાવૃત્ત રૂપમાં આપણે રહી શકીશું ? આ આવરણોમાં જે અંદરના આવરણો છે તેની વાત કાલે કરીશ. માન્યતાઓના આવરણ, સિદ્ધાંતોના આવરણ, વિચારોના, ભાવનાઓના, સંસ્કારોના આવરણ; જરા સૂક્ષ્મ છે. આજે સાંજે આપણે એ નહીં જોઈએ. આ બહારના આવરણો છે, જે કોઈના પણ ધ્યાનમાં આવે તેવા છે. એક જ વ્યક્તિનાં અનેક સંબંધોની વાત કરી રહી છું. ચેતનાના આવરણો ઉતાર્યા સિવાય સત્સંગ ન થઈ શકે. જેમ વસ્ત્રો પહેરીને સ્નાન નથી થતું, તેમ આવરણો સાથે સત્સંગ થઈ શકે નહીં.

આપણે પાંચ દિવસો સુધી કેવળ માનવ છીએ. ચૈતન્યસાગર પરના તરંગો છીએ. વિશ્વજીવનનાં રશ્મિ છીએ. અમારી ભાષા કદાચ કાવ્યમય લાગે, પણ એ કાવ્યમય નથી, એ તો યથાર્થનું શબ્દાંકિત રૂપ છે. છોડો એને. પણ આપણે માનવ તો છીએ ને ? વિશુદ્ધ માનવ, ફક્ત માનવ, ભારતીય છીએ, પાકિસ્તાની છીએ, ગુજરાતી છીએ, મરાઠી છીએ એ બધું છોડો. આ બધા બહારના આવરણો છે. તો કાલે જે આપણે વાતો કરીશું, અગર જે સંપર્ક આવતા-જતાં નજરો મળવાથી થશે, વાણીથી થશે, ઉપસ્થિતિથી થશે, જે સાંનિધ્ય મળશે, આ બધું જે થવાનું છે, તેમાં આપણને એકબીજાનો સ્પર્શ થઈ શકશે.

બીજી એક પ્રાર્થના છે. વાણીનો, શબ્દનો ઉપયોગ જેટલો અનિવાર્ય હોય તેટલો જ કરીએ. આપણા આ સહજીવન શિબિરમાં કે સ્વજન મિલનમાં કોઈ ચીજને અનિવાર્ય બનાવું કે શરત રાખું એ મને જરાયે રુચતું નથી. મારા તરફથી કોઈ પણ શરત સહજીવનમાં હું રાખવા માંગતી નથી. જેને જે કાર્યક્રમમાં આવવું હોય તે આવે. જેમાં ભળવું હોય તેમા ભળે. પોતાના પર કોઈ બળજબરી ન કરે. આરામથી રહો. આનંદમાં રહો. છતાંયે ભલે શરત તરીકે ન રાખું તોપણ મારી નમ્ર પ્રાર્થના છે કે વાણીનો ખાસ અનાવશ્યક ઉપયોગ કરવામાં શક્તિ ન ખર્ચાય તો સારું. ગપ્પાં મારવાં માટે આખી જિંદગી પડી છે. અર્થ વિનાનાં વાણીનાં વ્યાપારમાં

તો જિંદગી વહેતી જ હોય છે. જ્યાં વાણીનો નાહક, અનાવશ્યક રીતે ઉપયોગ કરાય છે, ત્યાં કોઈની પણ નિંદા થાય છે, કાંઈક અસત્ય મુખમાંથી પ્રગટ થાય છે, અતિશયોક્તિ થાય છે, સંદિગ્ધતા આવે છે, આત્મશ્લાઘા થાય છે. આત્મસ્તુતિ થશે. કંઈક પાખંડ, કંઈક દંભ, જેવી જેટલી ટેવો પડી છે એ એક પછી એક કયાંક અને કયાંક ડોકિયાં કર્યા વિના રહેશે નહીં, અને વાણીનો ઉપયોગ આપણે કર્યા જ કરીએ છીએ. એકાંતમાં, લોકો સાથે, બીજા સાથે કે પોતાની સાથે માનવ બોલતો જ રહે છે. બોલ્યા વગર શું થાય છે એટલું તો જરા જોઈએ.

જે રીતે ચેતનાને ખુલ્લી થવા દેવી છે, પરસ્પર સંબંધોનાં પરિધાન ઉતારવાની વાત આજ કહી છે, એથી આગળનાં પરિધાન ઉતારવાની વાત કાલે કરીશું. શું એ સંભવિત છે કે જેટલો સંપર્ક થઈ શકશે એ નિઃશબ્દ હોય ? સશબ્દ આત્મસંગ પણ પરનિંદા, આત્મશ્લાઘામાં અગર પોતાના બચાવમાં પરિણત થાય છે, તો જેટલી પણ શબ્દાતીત અવસ્થા રહી શકે એટલું સારું. જો તમે મૌનને અનિવાર્ય માનશો તો તેમાં જડતા આવી જશે, એક પ્રકારનું ભારે વાતાવરણ લાગશે. એકબીજા સાથે બોલવું નથી, તો આ, ન બોલવું એનો જ ચિત્ત પર ભાર લાગશે. આવા ભારે ચિત્તથી શું સત્સંગ થશે ? માટે આને આપ શરત ન માનશો.

આપણો બીજાની સાથે શબ્દાતીત, નિઃશબ્દ સંગ થાય તો શું થાય છે એ પ્રયોગ કરીને જોવા જેવું છે. એકબીજાની સાથે ફરવા જઈએ તોપણ વાતચીત કરીએ છીએ તો શબ્દથી સંગ તો વાણીનો જ હોય છે. મૌન સહવાસમાં, મૌન સાંનિધ્યમાં જે એક ઘનિષ્ઠ નિકટતા છે, એક નિગૂઢ નિકટતા છે, એમાં જે ઉત્કટતા છે, આ ઉત્કટતાનો આપણે અહીં જે ૩૦-૪૦ વ્યક્તિઓ આવી છે એમને કંઈક અનુભવ થશે, કંઈક સમજશે કે મૌનથી શું ઘટિત થાય છે. શબ્દાતીત સહવાસમાં, સાંનિધ્યમાં અને ઉપસ્થિતિના શબ્દાતીત સ્પર્શથી સ્થૂળ અગર તેથી સૂક્ષ્મ વાણીનો સ્પર્શ છે. વાણીથી સૂક્ષ્મ દૃષ્ટિનો સ્પર્શ છે, તો પરસ્પર સંસ્પર્શ માટે મૌનમાં વધુ અનુકૂળતા છે. જો ઈચ્છા થાય તો પ્રયોગ કરીને જોજો.

ત્રીજી વાત કહેવી છે, કે સવારે અને સાંજે આ ઓરડામાં બેસીશું. એને ભૂલથી પણ ધ્યાન કરવા બેસીએ છીએ એમ ન માનશો. ધ્યાન એ કંઈ કરવાની

વસ્તુ નથી, ક્રિયા નથી, ધ્યાન તો સમગ્રતાની એક અવસ્થા છે. એમાં પ્રવેશ થાય તે માટે શરીરની અને મનની કંઈક અનુકૂળતા યોજવી પડે છે. આવું શિક્ષણ આપણને મળતું નથી. તો એ પ્રકારનું શિક્ષણ, શરીર અગર મનને આપવું પડે છે. આપણે અહીં ધ્યાન કરવા બેસવાનું નથી. એકાગ્રતા માટે પણ નહીં બેસીએ. ધ્યાનનો અર્થ સમજીને, એ અવસ્થામાં ઉત્થાન થાય તે માટે, એમાં કયા કયા અવરોધો છે, કઈ કઈ અડચણો છે, મુશ્કેલીઓ શું છે એનું સ્વરૂપ સમજીશું. અને શરીર તથા મનમાં અનુકૂળતા જાગ્રત કરી શકીએ છીએ કે નહીં એ પણ જોઈશું. કે શું આ મૌન છે ? મૌન શબ્દ ચાલે છે, કારણ કે અહીં બોલતા નથી. ક્રિયાઓને સમેટીને બેસીએ છીએ. શરીરની ક્રિયા સમેટી લેવાય છે, મનની ક્રિયાઓ પણ સમેટી લેવાય છે, વાણીનો વ્યવહાર પણ સમેટી લેવાય છે, માટે મૌન કહીએ છીએ.

ધ્યાન કરવા નથી બેસતા એ જ પ્રમાણે મૌન કરવા માટે આપણે બેસતા નથી. કારણ મૌન પણ એક અવસ્થા છે. એમાં ક્રિયાઓનો અભાવ નથી. વાણીનો અભાવ, નિરોધ અગર તો નિગ્રહ એ મૌન નથી, ક્રિયાઓનો નિગ્રહ પણ મૌન નથી, એમનું સહજ શાંત થવું મૌન છે. શારીરિક, માનસિક, વાચિક ક્રિયાઓના સહજ શાંત થયા બાદ મૌન જીવી ઊઠે છે. એ નિષેધાત્મક, અભાવાત્મક નથી, એ તો એક સર્જનશીલ, ભાવાત્મક અવસ્થા છે જે ધ્યાનથી અગાઉ આવે છે, પરંતુ ક્રિયા અને અક્રિયા પછી. ક્રિયા અથવા અક્રિયા અને ધ્યાન, એ બેની વચ્ચે એક અવસ્થા છે. તો અહીં આપણે બેસીએ છીએ, રોજ બેસીશું. કંઈ મેળવવા માટે નહીં, કાંઈ અનુભવ કરવા માટે નહીં, શાંત બેસીશું. શબ્દોના કે નાદ-સ્પંદનોના કોલાહલ વિના શાંત બેસીશું અને જો વિચારોને, ભાવનાઓને સમેટી લેતા શીખી જઈશું, તો વિચારોનો કોલાહલ નહીં રહે. ભાવનાઓની અરાજકતા, અવ્યવસ્થા નહીં રહે. એક પ્રશાંત-સંતૃપ્ત સંતુલિત અવસ્થા છે, તો પ્રભાત અને રાત્રીના આ સમયને ભૂલથી પણ આપણે ધ્યાન કરવાનો સમય નહીં કહીએ. એટલે હું તો એક વર્ષથી ધ્યાન-શિબિર શબ્દ જ વિસર્જિત કરી દેવા ચાહું છું. ભવિષ્યમાં કયારેય પણ કોઈ શિબિરને ધ્યાન શિબિર ન કહેવી. શિબિર કહેવી જ હોય તો સહજીવન શિબિર કહો. સહજીવન ગોષ્ઠી છે, સ્વજન મિલન છે, અહેતુક મિલન છે, સ્નેહમિલન છે.

શ્રી કિશનભાઈએ સાચી વાત કહી કે આપણે સૌ મિત્રો છીએ. અધ્યાત્મના ક્ષેત્રમાં મિત્રતાનું પરિમાણ ખોલવું છે. એમાં કોઈ ઊંચા નથી, કોઈ નીચા નથી. અહીં કોઈ કોઈને પ્રભાવિત કરવા નથી આવ્યું. સંવાદ માટે જરૂર આપણે અહીં આવ્યા છીએ. અને ઈંદ્રિયોથી, મનથી પર જે જીવનક્ષેત્ર છે, એમાં આવવા-જવાનું, ફરવાનું મેં વધુ કર્યું છે, તો કદાચ હું વધુ બોલીશ. બસ એટલું જ. અધ્યાત્મના ક્ષેત્રમાં, મિત્રતાના સ્તર પરથી આ રીતે સંવાદ-ચર્ચા થતાં નથી કોઈકના ચરણોમાં બેસવા માટે જઈએ છીએ. કોઈને ગુરુ રૂપે સ્વીકારવા માટે કોઈ જાય છે. કોઈ જાય છે પોતાની જીવનપદ્ધતિનો પ્રસાર કરવા, તો કોઈ જાય છે વિચારપદ્ધતિનો પ્રસાર કરવા. આપ એટલો વિશ્વાસ રાખજો કે અહીં એ હેતુ નથી. મિત્રો સાથે એક સ્વસ્થ સંવાદ થાય. જ્યારે ચિત્તમાં આ મિત્રતાનું પરિમાણ ખૂલશે તો જે આત્માનુભવની અવસ્થામાં રહે છે, એમ ચિત્તમાંથી પ્રભુત્વ, સ્વામિત્વ, આગ્રહ, પ્રસાર, પ્રચાર, પરિવર્તન, પ્રભાવિત કરવું, આ બધી જે આસુરી વાતો છે, જે અમાનુષી છે, તે નીકળી જશે. આ સહવાસ નિરામય બની શકે, અને સંવાદનો આનંદ નિરામય બનશે, જો આપણા ચિત્તમાં કંઈ લેવાની ભાવના નહીં હોય, સમજવાની ભાવના હશે, કંઈક શીખવાની હશે, જોવાની હશે. પરંતુ જે વ્યકિત આપણાથી આગળ વધેલી હશે, એમના જીવનથી સત્યને મર્યાદિત કરવાની, અગર ઢાંકી દેવાની જો ઈચ્છા નહીં હોય, એ વ્યકિતની જીવનપદ્ધતિને સત્યની મર્યાદા માનવાની ઈચ્છા નહીં હોય તો જ એ નિરામય સહવાસ અને સંવાદનો આનંદ પામી શકશે. મારી તરફથી તો આ મિત્રતા છે, અને મારો મૈત્રીભર્યો હાથ ધરેલો જ છે. તમારી વાત તમે જાણો. પરંતુ અહીં પ્રભાવિત થવાની ઈચ્છાથી આવ્યા હશો, તો નિરાશ થશો. કોઈપણ દાવાભર્યું કથન તમને અહીં મળશે નહીં. નિવેદન જરૂર સ્વીકાર કરાવવો, આ શબ્દો પણ હવે ચિત્તથી સહન થતા નથી. એવું લાગે છે કે એનાથી બીજાનું અપમાન થાય છે. પુષ્પની સૌરભ તમારા સુધી પહોંચશે. અને પળ માટે પણ તમારા અંતરંગને સુવાસિત કરી દેશે. તો શું આપ પ્રભાવિત થયા હતાં ? એણે જીવનને સુવાસિત બનાવી દીધું ! સૌંદર્ય અને લાવણ્ય જોયું તો અંદર પ્રસાદ ખીલી ઊઠે છે. આમ, પરસ્પર સૌંદર્ય, પરસ્પર લાવણ્યથી આનંદ થતો હોય, પ્રસન્નતા થતી હોય તો તે જીવનનું સહજ શીલ છે.

છેલ્લી વાત, ને આજ સાંજનું નિવેદન અહીં પૂરું કરીશ. કૃપા કરીને એટલું યાદ રાખો કે અધ્યાત્મ જીવનથી જુદું નથી. જેમ વિદ્યાલય કે મહાવિદ્યાલયમાં કોઈ ભૌતિકશાસ્ત્ર, કોઈ રસાયણશાસ્ત્ર, કોઈ પ્રાણીવિજ્ઞાનશાસ્ત્ર એમ જુદા જુદા વિષયોનું અધ્યયન કરવા જાય છે એ પ્રમાણે જીવનમાં અનેક વિષયોમાંથી એક વિષય અધ્યાત્મ છે, એવું નથી. એક વિષય મનોવિજ્ઞાન હોઈ શકે. ખરેખર તો એ પણ એક વિષય ન હોઈ શકે. પરંતુ ઘડીભર માની લો. જેટલી જીવનની વ્યાપ્તિ એટલી જ અધ્યાત્મની વ્યાપ્તિ, એનાથી જરાયે ઓછી નહીં. જીવન પ્રત્યે નવી દૃષ્ટિનું જ નામ અધ્યાત્મ છે. અધ્યાત્મ એ જીવનના વિજ્ઞાનનું આકલન છે. અધ્યાત્મ છે જીવન-યોગ, જીવન જીવવાની કળા. યોગ છે જીવનયોગ. જીવવાનો અર્થ સમજવો, જન્મ અને મૃત્યુનું રહસ્ય સમજવું, વ્યક્તિનો વિશ્વ સાથે જે સંબંધ છે એ સમજવો. વ્યક્તિચેતનાના ઘૂંઘટમાંથી વિશ્વચેતના જે સ્મિત કરે છે, એ ઘૂંઘટ ખસેડીને એનું મુખ-દર્શન કરવું. એને મિટાવીને નહીં પણ હટાવીને. આ અધ્યાત્મ છે. માટે જીવનની બહાર એની સાધના નથી. જ્યાં જન્મ્યા છીએ, જે જગ્યાએ છીએ, જે કુટુંબમાં, જે ક્ષેત્રમાં, એનાથી બહાર અધ્યાત્મ નથી. સવારથી રાત્રી સુધી જે જીવન છે, એમાં જો અધ્યાત્મની સાધના ન થઈ, તો બીજે કયાંય થઈ શકશે નહીં. જે સંબંધો આપણને મળ્યા છે, એ સંબંધોમાં જો સ્વ-દર્શનની કળા નહીં પામીએ, તો બીજે કયાંય સ્વ-દર્શન નહીં થાય.

જે સંબંધોમાં આપણે જીવી રહ્યા છીએ, ત્યાં જો આત્મોપલબ્ધિ ન થાય, તો બીજા નવા સંબંધોનો પ્રપંચ ઊભો કરવાથી નહીં થાય. કુટુંબમાં આસપાસ જે વ્યક્તિઓ આવે છે તે જ જીવંત આહ્વાનો છે. આ સજીવ પડકાર છે. એનાથી મુખ ફેરવી લઇને કયાંય સંવર્ધન ગૃહ (આશ્રમો વિગેરેમાં)માં આપ સાધના નહીં કરી શકો. જો તરતાં શીખવું હોય તો તમે જલાશયમાં શીખવા જાઓ છો, મોટર ચલાવવી હોય તો તે શીખવા જાઓ છો, એ પ્રમાણે શરીરનો ઉપયોગ કેમ કરવો, મનનો ઉપયોગ કેમ કરવો, વાણી શું છે, એનો વિનિયોગ કેમ કરવો, આ શીખવા માટે કદાચ તમે થોડો સમય આપો. પણ જેને અધ્યાત્મના નામથી ઓળખો છો, એ તો આપણે જ્યાં છીએ ત્યાં જ જિવાય છે. એ જીવનથી વિમુખ નહીં પણ જીવન અભિમુખતાનું સ્પંદન છે.

એને જેને આપ પરમાત્માના નામથી સંબોધો છો, પ્રભુ કહો છો, જીવનવિભુ કહો છો, બ્રહ્મ કહો છો; જે કાંઈ તમે કહેતા હો, મને ખબર નથી; તમે કયા કયા નામથી એને સંબોધો છો. દિવ્ય પણ કહો છો તો એ દિવ્ય પણ વિશ્વની બહાર જુદું તો નથી જ. વિશ્વથી અલગ એ કયાંય જુદું નથી. વિભુતા, પ્રભુતાનો સાક્ષાત્કાર પાષાણથી લઈને, મૃદુતાનાં કણથી લઈને માનવનાં મન સુધી થઈ શકે છે. એ પણ શકય છે કે આપની અને મારી અંદર, આ માનવદેહોની અંદર એ દિવ્યતા નિહિત હોય, અને પોતાની સમગ્રતામાં પરિશુદ્ધ માનવ જ દિવ્યતાનો સુંદર આવિર્ભાવ હોય. શકય છે કે માનવદેહ જ, પ્રભુનો સર્વોત્કૃષ્ટ વિગ્રહ હોય. શકય છે કે માનવના આ સાડાત્રણ હાથના દેહમાં, આ પિંડમાં, વિશ્વનાં બધા રહસ્યોનાં સંકેતો સમાયા હોય. માટે પ્રભુની, પરમાત્માની શોધ દેહની બહાર નહીં પણ અંદર જ કરવાની છે. આ યાત્રા બહારની નહીં, પણ અંતર્યાત્રા છે. એમાં ઉપયોગ થશે શરીરનો, ઉપયોગ થશે મનનો, ઉપયોગ થશે બુદ્ધિનો; એમ ન સમજશો કે બુદ્ધિનો ઉપયોગ નથી કરવાનો, શરીરની સુંદર ઈંદ્રિયોનો ઉપયોગ નથી કરવાનો. પ્રભુના આ સંસારમાં કાંઈ નકામું નથી. બધું જ પોત-પોતાની જગ્યાએ અર્થપૂર્ણ છે, સુંદર છે.

તો યાત્રા કરવાની છે દેહની અંદર. ઈંદ્રિયો ઉપયોગ કરવાનો છે. વાણીનો વિનિયોગ કરવાનો છે. મન બુદ્ધિનો, ચિત્તનો, બધાનો ઉપયોગ થવાનો છે. એ ઉપયોગ વૈજ્ઞાનિક દષ્ટિથી થવાનો છે, સંતુલનથી થશે. સાધનાને નામે અસંતુલનની ઉપાસના નથી કરવાની. એનાથી ઉત્તેજનાઓની શોધ નથી કરવાની. સાધનાને નામે પ્રારંભમાં જ જો ઉત્તેજનાઓના શિકાર બનશો, અથવા અસંતુલિત જીવન તરફ દોડતા ચાલી જશો, તો ઘણી મુશ્કેલી થવાની છે.

અહીં અધ્યાત્મની વાતો થશે. એ જીવનની બહાર પણ નથી અને જીવનથી ઓછી વ્યાપક પણ નથી. સમગ્રતામાં દિવ્યતાનું ઐશ્વર્ય છે. સમગ્રતાને ખંડિત કરવું એ સંસાર છે, અવિભાજ્યને વિભાજિત કરવું એ જ પ્રપંચ છે. વિવિધતામાં અને વિભાગ થવામાં અગર કરવામાં જે ફરક છે, એ કાલે જોઈશું. વિવિધતા તો જીવનની એકતાનો શૃંગાર છે, એ તો પ્રસાધન છે; એ તો રહેશે જ. પરંતુ વિવિધતા ઉપર વિભાજન આરોપણ કરવું અનેકના પર ખંડિતતાનો આરોપ કરવો એ જે ભૂલ થાય છે, એ ભૂલથી અનેક અનર્થ નીપજે છે.

હવેના ચાર દિવસોમાં અહીં શું શું થશે એની શબ્દોમાં રૂપરેખા તમારી સામે મૂકી. ઘરબાર છોડીને, આટલે દૂર મૃત્યુના મુખમાં મારી સાથે કૂદી પડવાનું સાહસ આપે કર્યું છે તેનાથી અમે પ્રસન્ન થઈ ગયા છીએ. તમારી જિજ્ઞાસાની સચ્ચાઈ, અને ભયમુક્તિ જોઈને અમે ખુશ છીએ. પ્રભુ કરે, આપનું અને અમારું આ મિલન, આ સહવાસ હિતકર થાય, આનંદમય થાય, અને એ આનંદ મિત્રતાની ભૂમિકાને લીધે નિરામય થાય.

(ચોરવાડમાં બીજા શિબિરમાં આપેલું પ્રથમ પ્રવચન તા. ૧૫-૧૨-૧૯૭૧)

૨

બીજું પ્રવચન

વિશ્વનાં બીજા દેશોમાં જન્મ પામનારી વ્યક્તિઓ કરતાં, ભારતમાં જે જન્મ પામે છે, તેની જવાબદારી સો ગણી વધારે છે. આ દાયિત્વને સૌભાગ્ય બનવા દેવું કે દુર્ભાગ્ય બનવા દેવું, એ વ્યક્તિના હાથમાં છે, વ્યક્તિ પર અવલંબિત છે. દાયિત્વ એટલા માટે છે કે અહીં ઓછામાં ઓછા દસ હજાર વર્ષથી અને વધુમાં વધુ પચાસ હજાર વર્ષથી જીવનસાધના થતી આવી છે. આ ભૂખંડમાં હજારો વર્ષોથી જીવનસાધના કરનાર સાહસિકો, ધીરગંભીર વ્યક્તિઓ જન્મ પામતાં આવ્યાં છે. પોતાની પ્રવૃત્તિ વિષે, પોતાની અનુભૂતિ વિષે, પોતાના જીવનદર્શન વિષે એ લોકો બોલતા ગયા. એમની વાણીમાંથી નીતિનો, વ્યવસ્થાનો, શાસનનો જન્મ થયો. આંતરિક વ્યવસ્થા, બાહ્ય વ્યવસ્થા, વ્યક્તિગત શાસન, સામુદાયિક શાસન ઉત્પન્ન થતાં ગયાં, કેટલીયે ભાષાઓ રચાતી ગઈ. એમાંથી વિચારપદ્ધતિઓ વિકસિત થતી ગઈ. જીવનપદ્ધતિઓ, સંસ્કારપદ્ધતિઓ ખીલતી ગઈ. જીવનસાધના વિષે આટલો સમૃદ્ધ ભૂખંડ વિશ્વમાં બીજો નહીં મળે. એટલે જે અહીં જન્મ પામે છે. ખાસ કરીને માનવદેહમાં જન્મ પામે છે, તેની વિશ્વના બીજા ભૂંખડોમાં જન્મ પામનાર કરતા સો ગણી જવાબદારી અધિક છે. જેમ કે યુરોપના દેશોમાં, અમેરિકામાં, રશિયામાં જન્મનારની, વિજ્ઞાનના વિષયમાં સો ગણી જવાબદારી અધિક છે. સમાજશાસ્ત્ર, અર્થશાસ્ત્ર, રાજયશાસ્ત્રના વિષયમાં પાશ્ચાત્યોની જવાબદારી સો ગણી વધુ છે, કારણ કે ત્યાંના લોકોએ પ્રયોગ કર્યા છે.

આ દાયિત્વ નિભાવવા માટે જે શબ્દો પરિચિત લાગે છે પરંતુ ખરેખર પરિચિત નથી. તેનો સાચો પરિચય પામવો, તે પહેલું કામ છે. શબ્દ જે તથ્યો તરફ સંકેત કરે છે, એ તથ્યોનું સ્વરૂપ, એ એનો આશય છે. એ તથ્યોના

પરસ્પર સંબંધોને જોવાં છે, તેને સમજવાં છે. જો જ્ઞાતનો પરિચય ન હોય તો અજ્ઞાતના દ્વાર નહીં ખૂલે. કારણ કે જ્ઞાત જ અજ્ઞાતનું દ્વાર છે. અહંતાનો જો પરિચય ન હોય તો આત્માનું દ્વાર ખૂલશે નહીં, કારણ કે અહમ્ જ આત્માનું દ્વાર છે. સાંતનો પરિચય ન હોય તો સાંતમાં જેની પ્રતિષ્ઠા છે, એ અનંતના દર્શન થાય નહીં. અહીં સાંતની કાયામાં અનંતની પ્રાણપ્રતિષ્ઠા છે. અહીં જ્ઞાતના વિગ્રહમાં અજ્ઞાત સંતાયેલ છે. અહીં વ્યક્તનાં પડદામાં અવ્યક્તની સૌરભ છે. અહીં નામ-રૂપની પાછળ રૂપાતીત, અનામી સ્મિત કરી રહ્યો છે. બીજું કોઈ દ્વાર નથી. જે જ્ઞાતથી અપરિચિત રહેશે, એની અજ્ઞાત માટેની અભીપ્સા એ વ્યર્થ ચેષ્ટા છે. જ્ઞાતનું સ્વરૂપ સમજવામાં જ મુક્તિનો સંચાર છે. પછી જ્ઞાત એ બંધન નથી બનતું. પછી સીમાઓ એ બેડીઓ નહીં બને. સીમાઓમાં હોય છે. અસીમ ઊભું થાય. વ્યક્ત એ અવ્યક્તનું અને સીમાઓ અસીમનું પ્રસાધન બની જાય છે.

માટે શબ્દોનો પરિચય પામવો, એને ખોલી ખોલીને જોઈ લેવા કે કયા તથ્યનો એ ઈશારો કરે છે, શેનો સંકેત કરે છે. આ ન કરીએ ત્યાં સુધી જિજ્ઞાસા, સાધના જેવાં પરંપરાગત શબ્દો તમે નેકલેસની જેમ ગળામાં લટકાવીને ફરતા રહેશો. આત્માર્થી, વિદ્યાર્થી, શ્રેયાર્થી, સાધક એ શું કોઈ સરકાર જેમ પદ્મશ્રી, પદ્મભૂષણ વગેરે ઈલકાબો આપે એવા ઈલકાબો છે ? આ કાંઈ બહારથી મેળવવાની, કમાવાની વસ્તુ નથી. એ તો અંદરથી સમજનું કે આકલનનું ખીલી ઊઠવું છે.

પહેલો શબ્દ છે નીતિ, બીજો શબ્દ છે ધર્મ અને ત્રીજો શબ્દ છે અધ્યાત્મ. આ શબ્દોને બરોબર સમજી લેવા જોઇએ. જે નિયમોથી વ્યક્તિ જીવન જીવશે, અગર વ્યક્તિઓનો સમૂહ જીવન જીવશે તે નીતિ. નિ-નીયતે મૂળ ધાતુમાંથી નીતિ શબ્દનો જન્મ છે. શબ્દોનો જન્મ કયાં થયો, શબ્દોનું મૂળ કયું છે, એનો ઉદ્‌ભવ કયાં છે એ જોવું જોઈએ. ગંગોત્રી, જમનોત્રીના દર્શન કરવા જઈએ છીએ, તો શબ્દોની ગંગોત્રી, જમનોત્રી જોઈ છે ? એમાંથી પ્રકાશરૂપે વહેતો અર્થ જોયો છે ? તથ્યોના પ્રવાહને, જલને પામ્યા છો ? આપણા મુખમાં, આપણા ચિત્તમાં, આપણા જીવનમાં શબ્દ શું છે ? અખા ભગતનું 'અણચાવ્યું બીડું' છે. અખો કહે છે અરે, પાનનું બીડું ખાઓ છો પણ ચાવતા નથી. જો ચાવશો નહીં તો એનો રંગ

આપને માટે પ્રાયશ્ચિત એ કરવા બેસે છે. એમાંથી સ્વર્ગ અને નરકનું નિર્માણ થયું છે. પાપ-પુણ્યની ધારણા કરવામાં આવી છે. મારે સંક્ષેપમાં દશ હજાર વર્ષનો ઈતિહાસ મૂકવો છે. આ એક વર્ગ થયો.

બીજો એક વર્ગ ધર્મોએ નિર્માણ કર્યો. અંદર જે શક્તિઓ છુપાયેલી છે, મનની અંદર જ શક્તિઓ છુપાયેલી છે, દેહ, મન, પ્રાણની અંદર, સાડાત્રણ હાથના દેહમાં જે અનંત શક્તિઓ ભરી પડી છે, એ બાબત, અને શરીરની બહાર વિશ્વનાં અણુ, રેણુમાં એ શક્તિઓનું જે સ્વરૂપ છે, એનું સ્થાન છે, એનો બોધ કરાવવો અને બહારની તથા અંદરની શક્તિઓનો એકબીજા સાથે સંબંધ જોડી આપવો એ આ બીજા વર્ગનું કામ છે. તનની, મનની, પ્રાણોની ધારણા સુંદર રીતે થાય, સપ્રમાણમાં થાય, સૌષ્ઠવમાં થાય, સૌંદર્યમાં થાય, એ માટે પિંડ બ્રહ્માંડની શક્તિઓના સંબંધ કેવી રીતે સ્થાપિત થઈ શકે, એનું તંત્ર ઊભું કરવું, એની વ્યવસ્થા કરવી; માર્ગ બતાવવો, એ બીજું કામ ધર્મોમાં થયું છે. અતિમાનસના ક્ષેત્રમાં, અતીન્દ્રિયના ક્ષેત્રમાં જે શક્તિઓ છુપાયેલી છે; પ્રથમ શરીરની, મનની, પ્રાણોની શક્તિઓનો પૂરો વિકાસ કરવો અને પછી આ વિકસિત શક્તિઓને વિશ્વમાં છુપાયેલી શક્તિઓ સાથે જોડી દેવી. આમાંથી સાંખ્ય, યોગ, ન્યાય, વૈશેષિક, પૂર્વમીમાંસા, ઉત્તર-મીમાંસા જેવાં દર્શનોનો જન્મ થયો, આમાંથી જૈન આગમોનો વિચાર ઉદ્‌ભવ્યો. બૌદ્ધ ધર્મમાં નાગાર્જુનનો પૂરો વિચાર આનાં પર આધારિત છે.

તો આ વર્ગોએ કેટલાંયે દર્શન બનાવ્યાં છે. એનાં કેટલાંયે તંત્ર તૈયાર કર્યા છે. હઠયોગ દ્વારા શરીરમાં, મજ્જાઓમાં, માંસપેશીઓમાં, જ્ઞાનતંતુઓમાં, અવયવોમાં છુપાયેલ શક્તિઓનો વિકાસ કરવાનો રસ્તો બતાવ્યો છે. તંત્રમાં શારીરિક પ્રક્રિયાઓ દ્વારા કામનું રૂપાંતર કરવાનો પ્રયત્ન છે. મંત્રયોગ, લયયોગ દ્વારા નાદના સ્પંદનોમાં જે શક્તિ છુપાયેલી છે અને માનવના મનમાં જે શક્તિ છુપાઈ છે, એ બન્ને શક્તિઓના અનુસંધાનમાં સાધવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે. ભક્તિયોગમાં નામ અને રૂપ, આ બન્નેની અંદર જે અનામી, અરૂપીની શક્તિ પડી છે, એના શ્રવણ, મનન, નિદિધ્યાસનથી, નામ અને રૂપમાં જ આ અનામી અને અરૂપીને જાણવાનો પુરુષાર્થ કર્યો છે. આ આખુંયે ધર્મોનું ક્ષેત્ર છે. સાધના એ ધર્મોના ક્ષેત્રમાં આવી જાય છે. ધર્મએ પુરુષાર્થનો વિષય છે. એમાં પુરુષાર્થના

કયાંથી આવશે ? તો હોઠો પર રંગ નહીં, કંઠમાં સ્વાદ નહીં, અને મુખમાં એનો ગુણ નહીં. બધું જ નકામું તો ગયું.

નીતિ એક શાસ્ત્ર કહેવાય છે. શાસન કરનાર નિયમોની સુવ્યવસ્થિત, સુગઠિત રચના જ નીતિ છે. એક આંતરિક નીતિ છે, અને બીજી બાહ્ય નીતિ છે. અર્થનીતિ છે, સમાજનીતિ છે, રાજનીતિ ઈત્યાદિ નીતિઓ છે જે માનવોને નિયમોનું પાલન કરવા, કોઈને કોઈ દિશામાં, જેમ પુષ્પોમાં દોરી પરોવવાથી જેવો હાર બને છે, માળા બને છે તેવી રીતે વિશિષ્ટ દિશામાં લઈ જનારી નીતિઓ છે. એ રીતે નીતિ દોરો છે. એમાં માનવીએ પોતાનું જીવન પરોવવું પડે છે. ત્યારે એ એક દિશામાં જાય છે.

નિયમોમાં પોતાનામાં શાસન કરવાની શકિત નથી. જેમ વિજ્ઞાનમાં રહસ્ય ઉદ્‌ઘાટિત કરવાની શકિત છે, પણ શાસનની ક્ષમતા વિજ્ઞાનમાં નથી. એ જ રીતે નીતિઓમાં પણ શાસન કરવાની શકિત અંતર્ભૂત નથી. માનવોએ ધર્મ બનાવ્યાં, શાસ્ત્રજ્ઞો શાસન નથી કરતા. એ તો શાસ્ત્રોને વાંચે છે, ઊંડાણથી સમજાવે છે. આથી વધુ શાસ્ત્રજ્ઞોથી થઈ શકતું નથી.

પછી ધર્મો આવ્યા. ધર્મોનું કામ બેવડું રહ્યું. એક કામ તો શાસ્ત્રોમાં નીતિ-નિયમોમાં જે શાસનની ક્ષમતા નથી એ ઊણપને પૂરી કરવી. એ માટે પુરોહિતોનો વર્ગ ઊભો થયો. પછી તે કેથોલિકોનો પુરોહિત વર્ગ હોય, પ્રેસ્બેટેરિયનોનું, પ્રોટેસ્ટંટોનું કે મેથોડીસ્ટોનું ચર્ચ હોય અગર હિંદુઓનું, જૈનોનું, બૌદ્ધોનું અગર ઈસ્લામના મૌલવીઓનું હોય પણ એક પુરોહિતોનો વર્ગ-એમાંથી ઊભો થયો છે. જેમ રાજનીતિ માટે પ્રતિનિધિઓ એ પુરોહિતોનો વર્ગ છે, અર્થનીતિ માટે જેટલો વ્યાપારી સમાજ છે તે પુરોહિતોનો વર્ગ છે, એ જ પ્રમાણે ધર્મના ક્ષેત્રમાં પુરોહિતોનો વર્ગ શાસન કરવા બેસે છે. પાપ-પુણ્યની, નીતિ-અનીતિની, ધર્મ-અધર્મની વ્યવસ્થા પુરોહિત વર્ગ કરી આપે છે. તેઓ ભયસ્થાન ઊભાં કરી દે છે, જેથી ભયના માર્યા લોકો શાસન સ્વીકારતા થઈ જાય. એ લોકો પ્રલોભનોની વ્યવસ્થા પણ કરી દે છે. જેથી લોકો પ્રલોભનથી લલચાઈને નીતિનિયમોને આધીન થઈ જાય. કાં તો લલચાવીને, અગર ભયના ડરથી પાલન કરતા થાય. આટલું થયા પછી પણ પાલન ન થાય તો સજા કરવા બીજો એક વર્ગ બેસે છે. રાજદંડની જેમ ધર્મદંડની વ્યવસ્થા જગતના બધા ધર્મોમાં કરવામાં આવી છે.

તંત્ર, મંત્ર, પદ્ધતિઓ, માર્ગ અને દિશા, બતાવવાની જરૂરત રહે છે. તો પુરોહિતોની જેમ તાંત્રિકોનો, માંત્રિકોનો એક વર્ગ સમાજમાં ઊભો થયો.

નીતિનું શાસન અને ધર્મોની વ્યવસ્થા, આ બે વાતો થઈ. ધારણા માટે ધર્મ છે, જ્યારે અધ્યાત્મ છે સ્વાધીનતાનો મૂળ સ્રોત. તનથી, મનથી, પ્રાણોથી પર જે ચેતના છે, એ ચેતનામાં પ્રવેશવાનું, સ્થિર થવાનું એ ક્ષેત્ર છે. ન શરીરની અંદર રહેવું, ન શરીરની બહાર રહેવું, બહાર-અંદર બન્નેના દ્વારને જોડનાર સેતુ ઉપર સ્થિર થવું એ અધ્યાત્મ છે. અહીં શાસન નથી ચાલતું. એમાં સામુદાયિક વ્યવસ્થા નથી ચાલતી, કારણ સંબંધ કેવળ મનુષ્ય સમુદાયથી જ નથી. વિશ્વમાં માનવ ઉપરાંત પશુઓ પણ છે, પક્ષીઓ પણ છે, વૃક્ષો અને લતાઓ પણ છે, નદીઓ છે, સાગર છે, આકાશ છે, સૂર્ય છે, ચંદ્ર છે, તારાઓ છે. આ બધાં જ અનંતની અનેકતાના વિગ્રહો છે.

આ ધર્મ આપને માનવીય સંબંધોની વ્યવસ્થા આપી શકે છે. અને જે અંદર-બહારની શક્તિઓ પડી છે, એનો સંબંધ જોડી આપે છે. પરંતુ શક્તિથી પણ પર જે સત્તા છે, સમસ્ત સંસાર સાથે આ વિશ્વમાં સ્પંદિત થતી જે ચેતનાના સંબંધ છે, એ સંબંધમાં પ્રતિષ્ઠત થવું તે અધ્યાત્મ છે. ચેતનાનું કેન્દ્ર મનમાં-તનમાં છે ત્યાં સુધી શાસનનીજરૂરિયાત છે. પણ જો ચેતનાનું કેન્દ્ર એ સેતુની પેલે પાર ચાલ્યું જાય, તો પછી શાસન કે સંયમ નહીં, સ્વાધીનતા છે. એ જીવનનું શીલ બની જાય છે. વિશ્વમાં સ્વતંત્રતાની અભીપ્સા એ આ યુગનો પોકાર છે. અધ્યાત્મનું ક્ષેત્ર સંપૂર્ણ સ્વાધીનતા અને સહજ સંયમનું લીલાક્ષેત્ર છે. માટે, અધ્યાત્મ વિના સંસારની કોઈ પણ સમસ્યાનો ઉકેલ થઈ શકતો નથી.

રાજનીતિથી, અર્થનીતિથી, નીતિ અને શાસનના ક્ષેત્રથી, મુક્ત થવા માટે આજે માનવ તડફડે છે. રાજનીતિ એ લોકતંત્રની ભાષા છે. અર્થનીતિમાં ઉત્પાદકોના સમાજની અને સ્વાધીનતાની વાત છે. તો ધર્મ અને નીતિના ક્ષેત્રમાંથી અધ્યાત્મના ક્ષેત્રમાં, શોષણરહિત ક્ષેત્રમાં, વ્યક્તિગત સ્વાધીનતા અને સંયમના ક્ષેત્રમાં જવું અનિવાર્ય છે.

જે આંતરિક જીવન માટે શાસનને આધીન રહે છે, એ વ્યક્તિ લોકતંત્રની સદસ્ય કદાપિ નહીં બની શકે. જે ગુલામીમાં રહે છે એ લોકતંત્ર અગર સામ્યયોગી

કદી નહીં બની શકે. માટે તમે જ શોધી લેજો, કે તમે નીતિશાસ્ત્ર ચાહો છો કે ધર્મના ક્ષેત્રમાં રહેવા ચાહો છો ? જ્યાં કોઈ પુરોહિત તમારી અને પ્રભુની વચ્ચે ઊભો છે, આપની અને વિશ્વની શક્તિઓની વચ્ચે કોઈ ઊભું છે. એવી વ્યવસ્થા ચાહો છો કે સ્વાધીનતા ચાહો છો ?

ગુલામીની મનોવૃત્તિ અને સ્વતંત્રતાની મનોવૃત્તિ, ગુલામીનો ચિત્તવૃત્તિ અને સ્વતંત્રતા માટે ઉત્કૃષ્ટ પ્રેમ–આ બન્ને તદ્દન જુદાં છે. એની રાસાયણિક અસરો જુદી છે. આપ એક એવી વ્યક્તિ પાસે કાં તો હેતુપૂર્વક અગર અજાણપણે, અગર ભૂલથી આવ્યા છો, જે વ્યક્તિ ક્રાંતિની સદેહ જ્વાળા છે, જેના હાડમાંસમાં સ્વાધીનતા સિવાય અન્ય કંઈ મળશે નહીં.

અહીં સમાધાન કે સમન્વય નથી. અહીં બહારનું શાસન નથી, અંદર સંયમનું સંગીત છે કે નહીં, એ તો આપ જોઈ લેજો. જેમ સૌંદર્યનો દાવો વ્યક્તિ પોતે નહીં કરી શકે, એમ જ સંયમનું સંગીત એના જીવનમાં છે કે નહીં, એ દાવો કરવાની વસ્તુ નથી. એ બીજી વ્યક્તિઓ જોઈ શકે છે.

નીતિ, ધર્મ અને અધ્યાત્મ આ ત્રણ શબ્દોનો આજે પ્રભાતમાં આપણે પરિચય પામ્યા, આથી આગળની વાત હવે પછી કરીશું.

(ચોરવાડના બીજા શિબિરમાં આપેલું બીજું પ્રવચન, તા. ૧૬-૧૨-૧૯૭૧)

૩

પ્રશ્નોત્તર-૧

પ્રશ્ન : આપ જ્ઞાતને અજ્ઞાતનું દ્વાર બતાવો છો. શું એ પરથી એવો સાર કાઢી ન શકાય, કે મન અજ્ઞાતને જોવાનું, સમજવાનું કરણ છે, સાધન છે ?

ઉત્તર : આવો સાર નીકળી શકે નહીં. જ્ઞાતને અજ્ઞાતનું દ્વાર કહ્યું, જ્ઞાતાને તો દ્વાર કહ્યું નથી. જ્ઞાતના આકલનથી અજ્ઞાતનું દ્વાર ખૂલે છે, એમ કહ્યું. એમ તો કયારેય કહ્યું નથી કે જ્ઞાત જ અજ્ઞાતનું દ્વાર છે. ખરેખર તો આપે પ્રશ્ન એમ પૂછવો જોઈતો હતો કે અહંતાને આત્માનું દ્વાર કેમ બતાવ્યું ? પ્રશ્ન ત્યાં આવવો જોઈતો હતો. આ પ્રશ્ન આવ્યો પરિધિ પર, કેન્દ્રમાં પ્રશ્ન ગયો નહીં.

અમે જ્ઞાતને અજ્ઞાતનું દ્વાર બતાવ્યું, સાંતને અસીમનું અને અહમ્‌ને આત્માનું દ્વાર બતાવ્યું. માટે, જ્ઞાત પોતાને માટે દ્વાર તો છે, પણ એને ખોલશે કોણ ? જ્ઞાતનો બોધ, જ્ઞાતનો પ્રત્યય, જ્ઞાતનું આકલન, જ્ઞાતને જ્ઞાતના રૂપમાં ઓળખવું, નહીં તો જ્ઞાત માત્ર પડેલું છે ને ? એ દ્વાર નથી બનતું. કારણ કે આપણે એને જોયું નથી. જ્ઞાત હોવાને કારણે પરિચિતનો આભાસ છે. પરિચય આપણે પામ્યા નથી. એટલે જ્ઞાત દ્વાર ત્યારે જ બને છે જ્યારે એનો પરિચય પામો છો. પરિચયમાં એ સ્વરૂપનો બોધ થાય છે. બોધમાં મૈત્રીનો જન્મ થાય છે. જ્ઞાત સાથેની મૈત્રી અજ્ઞાતનું દ્વાર ખોલે છે. એમાં કરણ મન છે, જ્ઞાત-સંગ્રહ માટે મન સાધન છે. આકલનને માટે, બોધને માટે, પ્રત્યયને માટે, સમજવાને માટે, આપની જે સમગ્રતા છે, નખ-શિખાંત જે આપ છો, તન-મન-પ્રાણો સહિત જે આપ છો, એ કરણ છે, એ સાધન છે, મન નહીં.

Question : What is the difference between self-analysis and merciless self-criticism ?

પ્રશ્ન : આત્મ-વિશ્લેષણ અને નિર્મમ, કઠોર આત્મપરીક્ષણમાં, આત્મમીમાંસામાં શું ફરક છે ?

ઉત્તર : એ એક દુર્ભાગ્ય છે કે અંગ્રેજીમાં પ્રશ્નોતરી થઈ શકતી નથી. શ્રોતાઓમાં બધાં જે ભાષાને સમજી શકે, એ ભાષામાં બોલવામાં આનંદ થાય છે. પ્રત્યેક ભાષાને એનું પોતાનું વાતાવરણ હોય છે, પ્રત્યેક ભાષામાં એનું પોતાનું વ્યક્તિતત્વ હોય છે. ભાષાનાં શબ્દોનું ઉચ્ચારણ, સ્વર-સંબંધો, અર્થની છટાઓ બધું મળીને એક વાતાવરણ ઉત્પન્ન કરે છે. આપે કદી ભાષાનું વાતાવરણ જોયું છે ? ગુજરાતી ભાષામાં પણ આપે જોયું છે ? તળપદીનું, 'ચરોતરી'નું કેવું વાતાવરણ છે ? ભાવનગરમાં ગુજરાતી ભાષા બોલાય છે, તેનું કેવું વાતાવરણ છે ? સુરતમાં બોલાય છે તેનું કેવું વાતાવરણ છે ? મુંબઈમાં ગુજરાતી બોલાય છે, અનુનાસિક ઉચ્ચારણથી શું થાય છે ? હ્રસ્વ-દીર્ઘના ઉચ્ચારણમાં શું અંતર છે ? દરેક ભાષાનું લાવણ્ય છે, સૌંદર્ય છે, વ્યક્તિગત છે, એની રેખાઓ છે, એના અંગ-વિન્યાસ છે. શબ્દોનાં અને નાદનાં અંગ-વિન્યાસને કદી જોયા છે ? ફુરસદ નથી. પૈસા કમાવા છે. સમાજની પ્રતિષ્ઠા છે, કુટુંબની મરજી સંભાળવી છે, મિત્રોની પ્રતિષ્ઠા સંભાળવી છે. ફુરસદ નથી.

પ્રશ્ન છે, આત્મવિશ્લેષણ અને નિર્મમ-આત્મપરીક્ષણમાં શું ફરક છે ? બહુ જ ફરક છે. આત્મવિશ્લેષણમાં આપનું જે આનુવંશિક જીવન છે, એની જાણકારી પ્રાપ્ત થાય છે. પહેલાં તો આ આપના શારીરિક અને માનસિક, આનુવંશિક ગુણદોષોની ઉપપત્તિ મળે છે. એ ક્યાંથી આવ્યા, કેવી રીતે આવ્યા ? બીજી વાત, આત્મવિશ્લેષણમાં, વાતાવરણમાં સામાજિક સંદર્ભની કેટલી જવાબદારી છે. આપને બતાવવામાં આપનાં ગુણદોષોમાં, આપની ટેવોમાં એ બધાની ઉપસ્થિતિ મળે છે. આપના શારીરિક અને માનસિક વ્યવહારનું મૂળ આપની આસપાસના વાતાવરણમાં સામાજિક, આર્થિક સંદર્ભમાં કેવી રીતે મળે છે, આ બધાની ઉપપત્તિ આત્મવિશ્લેષણમાં મળે છે.

ત્રીજી ઉપપત્તિ આપની જે વિચારપદ્ધતિ છે, જે જીવનપદ્ધતિ છે, જે આપ ક્રિયાઓ કરો છો, એ ક્રિયાઓનું કારણ છે; તરતનું કારણ અને દૂરકાલીન કારણ છે. પાસેનું કારણ, દૂરવર્તી કારણ, પ્રત્યક્ષ કારણ, અપ્રત્યક્ષ કારણ,આપના

શારીરિક માનસિક વ્યવહાર, અને આપનુ વંશાનુગત વલણ, પ્રવૃત્તિ વચ્ચે કાર્ય-કારણ સંબંધ, આ ત્રીજી ઉપપત્તિ છે.

આત્મવિશ્લેષણમાં ચોથી ઉપપત્તિ મળે છે કે જે ક્રિયાઓ આપ કરો છો, એનું જ્ઞાનસંગત અને રાસાયણિક કારણ શું છે ? એ બધું આત્મવિશ્લેષણમાં મળે છે. 'પાશ્ચાત્ય મનોવિજ્ઞાન'ની વાત કરીએ તો, પાશ્ચાત્ય પણ હવે બહુ વ્યાપક બની ગયું છે. કારણ કે પાશ્ચાત્ય મનોવિજ્ઞાનમાં આપ કોને મૂકો છો ? રશિયામાં મનોવિજ્ઞાનનો વિકાસ અમેરિકાથી વધુ છે, બલ્ગેરિયામાં રુમાનિયાથી વધુ છે. એટલે મનોવિજ્ઞાન આપ વિલિયન જેમ્સથી શરૂ કરીને, ફ્રોઈડથી, એડલરથી, યુંગથી, માર્ટીનથી લઈને જેટલા મનોવિજ્ઞાનના સંપ્રદાય પશ્ચિમમાં છે એને લઈ લો. અમેરિકાથી રશિયા સુધી લઈ લ્યો. કારણ કે આ આત્મવિશ્લેષણ એ લોકોનું છે, અને આ મનોવિદ્યા છે. તેનું પરિણામ માર્કસ, અને લેનિન સુધી પહોંચી ગયું છે. સામાવાળા પક્ષોમાં, બોલ્શેવિક અને મેન્સોવિક, બન્નેમાં જે સ્વીકારોક્તિ (સેલ્ફ કનફેશન) પાર્ટીના સભ્યો સાથે બેસીને થાય છે, એ આત્મવિશ્લેષણનું પરિષ્કૃત રૂપ છે; ત્યારે આ આત્મવિશ્લેષણમાં આ પ્રકારની ઉપપત્તિઓ છે. self-criticism નિર્મમ-આત્મપરીક્ષણની બાબતમાં criticism શબ્દનો અર્થ, ભારતના લોકોએ બરોબર સમજી લેવો જોઈએ. criticism constructive and distructive વિધાયક અને વિધ્વંશક, ભાવરૂપ અને નિષેધાત્મક, બે પ્રકારનો હોય છે. બેમાંથી કોઈ એક અંગનો વિચાર કરીએ, તો પરીક્ષણ અધૂરું છે, અપૂર્ણ છે. જેથી કોઈ આલોચક દોષો, અપૂર્ણતાઓ, ભૂલો વગેરેનું સૂચન કરે છે, તો એની એ નૈતિક જવાબદારી છે કે એ દોષોમાંથી મુકત થવાના ઉપાયો પણ બતાવે. આલોચના કરીને જે ત્રુટીઓ છે, જે દોષ છે એ બતાવીને છુટી ગયા એવું નથી. પછી એ પરીક્ષક (critic) કહેવડાવી શકે નહીં. અહીંના કેટલાક લોકોએ પાશ્ચાત્ય તર્કશાસ્ત્ર, તત્ત્વજ્ઞાનને જોયું હશે. કાન્ટના ગ્રંથનું નામ જ *'Critique'* છે. એ ગ્રીસના વર્ણાનુપૂર્વી સાથે જાય છે. તર્કશાસ્ત્ર માટે એનો અભ્યાસ કરવો પડે છે. માટે criticism (આલોચના) પરીક્ષણ શબ્દનો ભારતવર્ષમાં, ભારતીય ભાષાઓમાં જે અર્થ લેવામાં આવે છે, એ પૂરતો નથી. એમાં અવ્યાપ્તિનો દોષ છે અને શબ્દની સાથે અન્યાય તો થવા દેવો નથી. પૂરો સમજી લેવો જોઈએ. એટલે હવે આપણે આત્મપરીક્ષણ (સેલ્ફ ક્રીટીસીઝમ)

શબ્દ પર આવીએ છીએ. પરીક્ષણ માટે શું જોઈએ ? એને માટે કસોટી જોઈએ, મૂલ્ય જોઈએ, આચારસંહિતા જોઈએ, જે મુજબ મૂલ્યાંકન કરવામાં આવે, નિર્ણય આપી શકાય. આ ન હોય તો પરીક્ષણ થવું અસંભવ છે.

પરીક્ષણનો અર્થ જ સંતુલનાત્મક નિરીક્ષણ છે. એને બહુ ખૂબીથી જોઈ લેજો. નાનકડાં સહજીવન શિબિરમાં જ્યાં ૪૦-૫૦ વ્યક્તિઓ હોય છે, ત્યાં વિષયના ઊંડાણમાં બહુ સંભાળીને ઊતરીએ છીએ. અહીં પ્રવચન કરવાનું હોતું નથી. અહીં સંવાદ થાય છે. એ જ સૌંદર્ય છે. એટલે સહજીવનમાં મને ખૂબ આનંદ છે. શું દેખાડું ? કેવી રીતે દેખાડું ? કયાં કયાં સંકેત કરી દઉ એવી ઉત્કટતા આવી જાય છે. જિજ્ઞાસાઓનો નિરવ એકાંતમાં સંગ એ જીવનનું મોટું વરદાન છે. અને આત્માર્થી અને શ્રેયાર્થીનો સંગ છોડીને, સંસારમાં કંઈ પામવા જેવું છે, એમ દેખાતું નથી.

એટલે પરીક્ષણને માટે પરિમિત, સંતુલનાત્મક દર્શન જોઈએ અને સંતુલનાત્મક ચિંતન માટે પુષ્ટ ધારણા જોઈએ. પરીક્ષણ કરવું કંઈ ખેલ નથી, ઘણી જવાબદારીનું કામ છે. એટલે જ્યારે માણસ આત્મ પરીક્ષણ માટે બેસે છે, ત્યારે ત્યાં એક તુલનાત્મક ચિંતન છે, અંતર્મુખી ચિંતન છે, એમાં આત્માવલોકન છે, આત્મ નિરીક્ષણ અને પરીક્ષણ છે. અવલોકન, નિરીક્ષણ, પરીક્ષણ. એનાથી જ પરીક્ષણ (ક્રીટીસીઝમ)નું કામ બને છે. નિર્મમ કેમ હોવું જોઈએ ? પ્રશ્નકર્તાએ નિર્મમ (મરસીલેસ) વિશેષણ મૂકયું છે. આપ પ્રશ્નોના ઉત્તર અહીં ગણિતના પ્રશ્નપત્ર જેવા ન સમજશો. એવી પ્રશ્નોતરી સભામાં 'હા-ના' માં જવાબ આપવાનો હોય તો બરાબર છે. પ્રશ્ને બરાબર સમજવામાં જો આપના પ્રત્યે મારાથી કંઈ સેવા થઈ શકી તો કૃતાર્થ થઈ જઈશ. પ્રશ્નનું સ્વરૂપ આપ બરોબર સમજશો તો એમાંથી ઉત્તર નીકળી આવશે. એટલે અવલોકન, નિરીક્ષણ, એના પછી પરીક્ષણ.

વિશ્લેષણમાં આપનું પોતાનું અવલોકન ન હોય તોપણ ચાલી શકે છે. બીજું કોઈ અવલોકન કરીને આપને બતાવે છે. આમ, આમ છે માટે આપ જોઈ લો છો. આ જોવામાં પોતાના પ્રત્યે પક્ષપાત છે. પ્રગાઢ સુષુપ્તિમાં પણ પોતાના પ્રત્યે પક્ષપાત, પોતાના બચાવની આકાંક્ષા રહે છે. પોતાના બચાવનું યંત્ર (ડીફેન્સ મિકેનીઝમ) સુષુપ્તિમાં પણ કામ કરે છે, જાગૃતિની વાત છોડી દો. દોષોની જવાબદારી બહાર બીજા પર, અરે ગુણોનું શ્રેય પોતાની તરફ રાખવાની આકાંક્ષા

રહે છે. જેમ ત્રાજવું હોય છે ને ! હાથમાં ચાલે છે, એને આમ ઝોક આપી દે છે. શાકભાજીવાળા ત્રાજવાની દાંડીને આપની આંખોમાં ધૂળ નાંખીને નમાવી દે છે-એટલી સિફતથી, એટલી સફાઈથી કે તમને ખબર પણ ન પડે કે કઈ તરફ ત્રાજવું ઝુકી ગયું, કયાં નીચે, કયાં ઉપર ? અને દિવસ આખો આમ કરતા રહે છે, અને દસ-બાર આનાનો લાભ ઉઠાવી લે છે. એમ જ આપ થોડું થોડું, દિવસભર પોતાના પ્રત્યે પક્ષપાત કરતા રહો છો. માટે, રાત્રે સૂતી વખતે, શું કરો છો ? દસ-બાર આના પૂરતો હિસાબ પોતાની પાસે થઈ જાય છે. એટલે પોતાના પ્રત્યે પક્ષપાત, લોહીમાં હોવાને કારણે, કહેવામાં આવ્યું છે કે નિર્મમ અગર નિર્દય આત્મપરીક્ષણ. આ 'નિર્મમ' અગર નિર્દય (મરસીલેસ) શબ્દ અભાવાત્મ દેખાય છે. પણ એ અભાવાત્મક નથી. દયા, પક્ષપાત, બચાવ, પોતાનું સમર્થન, એ ભાવના લોહીમાં હોવાને કારણે આમ ન થાય, એમ કહેવું એક રીતે ભાવરૂપ અને વિધાયક વાતનું સૂચન કરે છે. એટલે નિર્મમ શબ્દ ઘણો મજાનો છે. લાગે છે નિષેધાત્મક અને સ્વરૂપમાં વિધાયક છે. આત્મપરીક્ષણ થાય, પણ પક્ષપાત વિનાનું થાય, દયા વિનાનું થાય, સમર્થનની વાસનાથી મુકત હોય ! નહીં તો વિશ્લેષણ કરતાં કરતાં માણસ સ્વબચાવની દલીલો જ કરતો ચાલ્યો જાય. પોતાનું વકીલપત્ર પોતે જ લઈ લે. માટે નિર્મમ આત્મપરીક્ષણ (મરસીલેસ સેલ્ફ ક્રીટીસીઝમ) કહ્યું, આત્મવિશ્લેષણમાં, એ પક્ષપાત વિનાનું, બચાવમુકત હોય, એવી ભૂમિકાનો કયાંય સંકેત આવતો નથી. અને આત્મવિશ્લેષણ કરી શકે, એવી તાકાત બહુ જ ઓછા માણસોમાં હોય છે. માટે તો આપ જેમ નોકર રાખો છો પગારથી, એમ એ બેઠાં છે પોતાનું સૂચનાનું પાટિયું (સાઈન બોર્ડ) લગાડીને, સમાજમાં, માનસ-વિશેષજ્ઞ (સાયકો એનાલીસીસ) (સાયકીયાટ્રીસ્ટ) એમની પાસે આપ ચાલ્યા જાવ છો, કે અમે પૈસા આપીશું, આપ વિશ્લેષણ કરી આપો. જીવીએ આપણે, વિશ્લેષણ એ કરે; જેમ ખાવા-પીવાનું અસંયમી કરીને, આપણે માંદા પડીએ છીએ અને પૈસા લઈને ડૉકટર પાસે પહોંચીએ છીએ. નિદાન તમે બતાવો. દવા તમે બતાવો.

માટે આત્મપરીક્ષણમાં પક્ષપાત રહિત દષ્ટિ જોઈએ. બચાવની ઈચ્છાથી મુકત વૃત્તિ જોઈએ. પછી આપ અવલોકન શરૂ કરો. જે પોતાની સમગ્રતાને વ્યવહારમાં જોઈ નથી શકતો, એ આલોચના નહીં કરી શકે. જરૂરી છે જોવાનું,

આત્મવિશ્લેષણમાં એક વિશિષ્ટ ઘટનાને લે છે, એક વિશિષ્ટ રોગને લે છે, અને એનું નિદાન એના ઉપપત્તિ, એની ચિકિત્સા એના ઉપાય બતાવે છે. અને આત્મપરીક્ષણમાં વિશિષ્ટ ઘટના નહીં, જીવનની સમગ્રતાને લેવાની છે. હવે એમાં કયા માપદંડો-કસોટી છે ? આપની પાસે કયા મૂલ્યાંકનનાં સાધનો છે ? સવારે બતાવ્યા હતાં તેમ નીતિશાસ્ત્ર છે, ધર્મશાસ્ત્ર છે, અર્થનીતિ છે, રાજનીતિ છે, આ પ્રકારની અનેક નીતિઓ છે. અને અનેક શાસ્ત્રો બન્યા છે એ અનુસાર, એની મદદથી મૂલ્યાંકન કરો છો. એની મદદથી આપ કોઈ નિર્ણય પર આવો છો. પોતાની બાબતમાં અભિપ્રાય બાંધો છો. આ વિશ્લેષણ અને આત્મપરીક્ષણના વિષયમાં ફેર છે.

પ્રશ્ન : સમ્યક્ રડવાની વાત છે. હું રડી શકતો નથી. એવી કેવી વાત આવી જાય છે કે રડવા તરફ વળીએ છીએ પણ પગ પાછા એ જ જગા પર આવી જાય છે. મને લાગે છે કે ઘણીવાર ખોટી યુક્તિઓથી પણ જીવ ધરાઈ ને મને રડાવો. કોઈ એવી વાત, અગર કોઇ ગીત, કંઈ પણ કરો અને રડાવો; આંસુ પડયા છે પણ બહાર નીકળવાનું બહાનું બતાવી આપો ?

ઉત્તર : બીજો રડાવે અને જે રડી જાય એ શું રુદન છે ? બીજાઓની ઉત્તેજનાથી અને ભડકાવવાથી, જે ક્ષણજીવી વિકળતા આવે તો એ શું ખરી હશે ? આંસુઓના પુષ્પ તો આપના હૃદયમાંથી નીકળવા જોઈએ ને ! અને જો અંદર છે તો ચિંતા કરવાનું કારણ શું છે ? આંસુઓ વહેવડાવવા એ શું કોઈ કર્મ છે ? મને રડાવી દો, મને બહાનું પેદા કરી આપો, હું રડી નથી શકતો, આ પ્રશ્નને આપ બહુ હળવી રીતે ન લેશો. પ્રશ્ન ઘણો કરુણ છે. ૧૦૦ માંથી ૯૯ વ્યક્તિઓના આંસુ અને હસવું સહજ નથી હોતા. રોવાનો એવો કોઈ ગુણ છે ? હું રડી નથી શકતો. હું રડવા ઈચ્છું છું. આ રડવાની ઈચ્છા કઈ ચીજ છે ? સારું છે, એમાં શુભ સંકેત એટલો છે કે આપણે ખોટું હાસ્ય હસીએ છીએ. આપ પ્રશ્નકર્તાને એક વ્યક્તિ ન સમજો. આ એક વ્યક્તિ દ્વારા વ્યક્ત થયેલો પ્રશ્ન છે. એમાં માનવજીવનની કરુણતા છે. નકારાત્મક ખોટા આંસુ વહેવડાવવામાં અને ખોટું હાસ્ય વેરવામાં કુશળ થઈ ગયા છીએ. ગળામાં એનો નાદ સુદ્ધાં કરતા નથી. ખોટા હાસ્યની કદરૂપતા, વિરૂપ લક્ષણ નથી જોયું ? આ આપનું અને અમારું જીવન છે. કોઈ પ્રમાણિક જિજ્ઞાસુ હશે જેણે કયારેક સત્યને વ્યક્ત કરી દીધું. ખોટા હાસ્યનો દંભ જો શાન્ત થઈ

જાય, તો સાચા આંસુઓની જે કિંમત છે એની ખબર પડશે. આંસુ પાડવાં નથી, આંસુઓના જન્મસ્થાનને શોધવા માટે કયાં-કયાંથી આંસુ ઊઠે છે, ઊભરાય છે, એને જોવું છે. આપણાં મનને અનુરૂપ ન થયું, અનુકૂળ ન થયું, પ્રતિકૂળ થયું, ઠેસ પહોંચી, આંસુ આવ્યા. ઉપરના સ્તરેથી ઊઠેલાં આંસુઓ અને ઊંડાણથી ઊઠેલાં, સમગ્રતામાંથી ઊઠેલાં આંસુઓનો ફરક સમજી લેજો.

કરુણાનું સ્મિત, અને કરુણાનાં આંસુ બન્નેમાં બહુ ફરક નથી. એટલે આપણે વ્યથાને, પીડાને, વેદનાને, પોતાના ઊંડાણ પર, સમગ્રતા પર આવવા દેતા નથી. તો રુદનનું વરદાન કયાંથી મળે ? વ્યથા, પીડા થઈ, આપણા અહંકારને ઠેસ વાગી, આંસુ આવ્યાં, હમણાં આવ્યાં, હમણાં સુકાયાં, પણ કોઈને કોઈ રીતે એણે વખાણ કર્યાં, ખુશામત કરી, વિનંતી કરી, અહંકારને ઠેસ વાગી પછી ફૂંક મારી, જરા ફુલાઈ ગયા. ન તો હસવામાં દમ છે, ન રડવામાં દમ છે.

સાબુને પાણીમાં ભેળવીને બાળકો એના ફુગ્ગા બનાવે છે. હવામાં એને ફુંકે છે, એવાં છે આ હાસ્ય, આ સ્મિત, આ રડવું, આ આંસુ; એ એવાં વિખરાઈ જાય છે. એ ક્ષણજીવી પુષ્પો પણ નથી, એના જન્મની ક્ષણમાં જ એનું મોત સમાયું છે. કારણ કે એ કોઈને સ્પર્શતા નથી. જે જીવન વ્યતીત થઈ રહ્યું છે, એમાં મનની પ્રતિકૂળતાથી જરાક ઠેસ વાગી, આંસુ આવ્યાં. આ આંસુ સુકાયાં પણ નથી, એનો અર્થ શું છે ? સામનો કરવાની શકિત નથી. જેમ શરીરમાં શકિત ન હોય, અને થોડીક હવામાં ઠંડક આવી, કે શરદી થઈ, કંઈ ખાવાપીવામાં ફરક પડયો, તો તબિયત બગડી; વિરોધ કરવાની શકિત નથી, જીવવાની શકિત નથી. રકત શૂન્ય માનસ છે.

માટે જેણે લખ્યું છે તે આંસુ ઈચ્છતા નથી. હવે એને થોડાક ઊંડાણમાં સાંભળો. અપેક્ષાઓ અને આકાંક્ષાઓ શું છે ? મને દુનિયા તરફથી અપેક્ષા છે, આકાંક્ષા છે. મારા કુટુંબની અપેક્ષા છે, આકાંક્ષા છે. ઊંડી છે. આ પ્રતિકૂળતા ઉપરની ચીજ નથી, આપ થોડુંક ઊંડાણથી સાંભળો. કેટલીક અપેક્ષાઓનું ભાન છે. કંઈક આશાઓ સુષુપ્ત છે, એ પૂરી નથી થતી. હું પ્રયત્ન કરું છું. સફળ થતો નથી. એટલે અપેક્ષાઓની વિકળતામાંથી, આકાંક્ષાઓની વિકળતાથી આંસુ આવે છે, એ થોડાંક દીર્ઘજીવી છે. પેલાના જેવાં ક્ષણજીવી નથી. થોડાંક દીર્ઘ જીવી છે.

એમાં નિરાશા અગર હતાશાનું ખારાંપણું છે, એ ખારાં છે. એ નુકસાન પહોંચાડે છે. નિરાશા, હતાશા ચિત્તમાં એક જાતની આતુરતાની છાયા નાંખે છે. વિષાદનાં વાદળાં ચિત્તમાં ગરજતાં વરસતાં રહે છે.

સૂર્યપ્રકાશ નથી, પવન નથી. થાક કેવો લાગે છે ? કેન્દ્રમાં અહંકાર પણ છે અને માણસ ખૂબ જાણે છે કે બધી આકાંક્ષાઓ, બધી ઈચ્છાઓ, બધી વાસનાઓ સંતોષાઈ શકતી નથી. બરોબર જાણે છે. છતાં પણ ઈચ્છા સફળ થઈ છે માટે હસે છે અને નિષ્ફળ થઈ છે એટલે આંસુ આવે છે. આમા પણ જીવનનું સત્ય નથી. હજુ થોડા ઊંડા ઊતરીએ. મન વધુ સમજદાર છે, વધુ સંવેદનશીલ છે, જીવનની સમગ્રતા પોતાનાં હાથોમાં લેવા ઈચ્છે છે. ઈંદ્રિયો મારફત લેવા જાય છે. ત્યારે જીવનની સમગ્રતાને પોતાની ઈંદ્રિયો દ્વારા આલિંગન આપી શકતો નથી. પોતાનાં મન અને બુદ્ધિની પક્કડમાં પ્યારા પ્રભુને, વિભુને લાવવા ઈચ્છે છે. પકડી પકડીને, ભાનનાં રૂપમાં ખેંચવા ઈચ્છે છે. એ જરૂર આવે છે. પરંતુ શેષ રહી પણ જાય છે. એ નટખટ ઓછાં નથી. જેટલાં વ્યક્ત થાય છે, એટલાં જ અવ્યક્ત બાકી રહી જાય છે. એટલે પૂર્ણને પોતાના અપૂર્ણ સાધનોમાં પકડી લેવાની, સમેટી લેવાની અભીપ્સા, આ પૂરી મનોવૃત્તિ છે. જન્મ અને મૃત્યુના ચીપિયામાં અખંડને પકડી લેવા ઈચ્છે છે. આવતું નથી તો તડફડે છે. એ શું છે ? હવે આ વિકળતા છે, આ તડફડવું છે. આ દિવ્ય અસંતોષ છે.

બંધન માત્ર ખૂંચવા માંડે છે. દેહનું બંધન-ઈંન્દ્રિયોનું બંધન, મનનું બંધન, પ્રાણનું બંધન; સીમાઓ પણ ખૂંચવા લાગે છે. આ જીવનકથા છે, એ શૂળ બની જાય છે. એટલે તડફડી ઊઠે છે. કોઈ એકાદ સિદ્ધાર્થ આંસુઓમાં સીંચાયેલ સમગ્રતાને લઈને અજ્ઞાત તરફ ચાલી નીકળે છે. કોઈ ગાંરાંગ ગૌરહરિ, ચૈતન્ય જેને આપ કહો છો એ ચાલી નીકળે છે. ઈંન્દ્રિયોની બધી પ્રાપ્તિ, મન અને બુદ્ધિની બધી પ્રાપ્તિ ફીકી પડી જાય છે. કારણ કે એની અપૂર્ણતાનું ભાન સતત જાગ્રત રહે છે. હમણાં સુધી એમાં અપૂર્ણતાનું ભાન રહેતું ન હતું. ત્યાર પછી અસીમની, પૂર્ણની પ્યાસ રડાવે છે. હવે જિજ્ઞાસાની અનુભૂતિ તરફ ડગ મંડાય છે. આ જિજ્ઞાસાનો આત્માનુભવ તરફનો તરફડાટ છે, વિકળતા છે, એ કોઈ રાધિકાનો અભિસાર છે. આ સમગ્રતાનું રુદન છે. આ અપૂર્ણતાનું તડફડવું છે. પૂર્ણતાને પ્રગટ કરવા માટે, વ્યક્ત કરવા, એમ કોઈક ગૌરાંગ ચાલી નીકળે છે, કોઈ સિદ્ધાર્થ

ચાલી નીકળે છે. કોઈ કૃષ્ણમૂર્તિ જગદ્‌ગુરુના આસન પરથી ઊઠીને નિરવ શાનથી નીકળી જાય છે. આ આંસુ કોઈના રડાવવાથી આવતાં નથી. સૂર્યની ગરમીથી, સાગરના પાણીમાંથી વાદળો બની જાય છે. જોતાં નથી ? ગરમી અને વર્ષાની ઋતુનો સંબંધ જોયો નથી ? સહયોગ નથી જોયો ? એટલે જિજ્ઞાસા આત્મસૂર્ય છે. સમગ્ર વિશ્વમાં જે પૂર્ણતાનો પ્રકાશ સ્પંદિત થાય છે, સત્યનો, શિવનો, સુંદરતાનો, પ્રત્યે ચિત્ત ઊઠે છે. આ જિજ્ઞાસામાંથી બનેલાં વાદળો છે. એ ચિત્તમાં, ચિત્તાકાશમાં જઈને વ્યાપી જાય છે. માટે ઈન્દ્રિયોની અણુ-રેણુમાં સાધના વ્યાપ્ત છે. સાધનાની જે ગરમી છે, એમાં એ વરસે છે. પહેલા તરફડવું, વિકળતાના આંસુ, અને પછી મિલનના આંસુ; પહેલાં જિજ્ઞાસાના અને પછી આત્માનુભૂતિનાં.

માટે આ ગીત ગાઈને રડાવવું કંઈ બહુ અઘરું નથી. કોઈ મન્ના ડે ને બોલાવીએ, કોઈ શશીકપૂર, શમ્મીકપૂર રાજકપૂરને બોલાવીએ, અભિનય કરીને રડાવે. કોઈ કથાકારને બોલાવીએ, ભાગવતની, રામાયણની કથા સંભળાવીને રડાવે. પણ પગના અંગૂઠાથી માંડીને, બ્રહ્મરંધ્ર સુધી, રોમકૂપ સુધી, જ્યારે વ્યાકુળતા અને તડફડાટ ઓતપ્રોત થઇ જશે ત્યારે આંસુ જોનારા પણ ધન્ય થઈ જશે.

માટે, મારા અત્યંત પ્રિય અનામી ભાઈ, ખોટા હાસ્યનો ડગલો ઉતારો, સમાજ પ્રતિષ્ઠાની ચિંતા છોડો. બીજાની આંખોમાં જોઈને પોતાના વિષે ધારણા કરવાનું છોડી દો. બીજાના ભરોસે જીવનનો પ્રત્યય લેવાનું છોડી દો, અંતર તરફ ફરો. ત્યાં જુઓ, ત્યાં ડોકિયું કરો. પ્યારાની શોધ ત્યાં કરો.

પ્રભુ રડાવવામાં ઘણા કુશળ છે. રોવાની ચિંતા ન કરશો. એ તો મિલનમાં પણ રડાવી દે છે, તો વિરહની તો વાત જ શું કરવી ?

આવા રુદનનું ભાગ્ય મારા મિત્રને મળે !

પ્રશ્ન : આપનું પુસ્તક 'ઈટરનલ વોયેજ'માં કૃષ્ણમૂર્તિની સાથેના વાર્તાલાપમાં આપે કહ્યું છે, 'મને એટલું તો કબૂલ કરવા દો કે આ આક્રમણે મને વ્યાકુળ બનાવી દીધી હતી. એમાં મેં કાંઈ કર્યું ન હતું. કાર્ય-કારણનો એમાં મારી સાથે કોઈ સંબંધ ન હતો. આ કાર્ય-કારણનો સંબંધ હવે સ્પષ્ટ થયો છે કે શું ?'

ઉત્તર : માની લો કે સંબંધ સ્પષ્ટ થયો છે. પૂછનારને એનાથી શું લાભ ? પૂછનારની અંતરયાત્રામાં એનાથી શું લાભ ?

સંબંધ સ્પષ્ટ છે. સંબંધ તો એ છે કે વ્યક્તિચેતનાના તદાત્મતા વિશિષ્ટ દેહની સાથે, નામ-રૂપની સાથે, વિશિષ્ટ જાતિની સાથે, ધર્મની સાથે, દેશની સાથે, વિશિષ્ટ વિચાર-પદ્ધતિ, આચાર પદ્ધતિ, જીવનમૂલ્યાંકનની સાથેનો સંબંધ જ્યારે ખરી પડે છે, વિસર્જિત થઈ જાય છે, ત્યારે તે પછી એ વ્યક્તિના સાડાત્રણ હાથના શરીરમાં, એ વ્યક્તિના નાનકડા મગજમાં, બુદ્ધિમાં વિશ્વ ચેતનાનો પ્રકાશ પથરાય છે.

એ તો આપના પુરાણોમાં ભગીરથને ગંગાવતરણમાં જેટલું કષ્ટ નહીં પડયું હોય, ગંગાજીને ધારણ કરવામાં, લાવવામાં, એટલું અહીં થાય છે. એને અસહ્ય શક્તિ એટલા માટે કહે છે કે શરીરના જે જ્ઞાનતંતુ, મજ્જાઓ, ઈન્દ્રિયો છે, એની શક્તિ સીમિત છે. આ વિશ્વશક્તિના મિલનની સાથે, અવતરણની સાથે ઈન્દ્રિયોની કાયાપલટ થાય છે, શરીરનું નહીં. ઈન્દ્રિયોની મર્યાદાનુ વિસર્જન થાય છે. મનબુદ્ધિની સીમાઓ સમાપ્ત થાય છે. પછી, સાચે જ સીમાઓમાં અસીમનું સામ્રાજ્ય છે. અજ્ઞાત કંઈ રહી જતું નથી. પછી જ્ઞાત અને અજ્ઞાતની જે જુદાઈ છે, એ નિઃશેષ થઈ જાય છે. પછી જાણવાનું કંઈ બાકી રહેતું નથી. આ સંબંધ સ્પષ્ટ છે કે જ્યાં એક બાજુએથી વ્યક્તિચેતના દેહમાંથી, મનમાંથી, કેન્દ્રને હટાવી લે છે, તો ત્યાં વિશ્વચેતના આવીને એ વ્યક્તિના દેહમાં પોતાનું કેન્દ્ર બનાવી લે છે. એ વ્યક્તિને વ્યક્તિ કહેવી, વિશ્વ કહેવું, પછી નિરર્થક છે. કારણ કે વ્યક્તિ અને વિશ્વની જુદાઈ ત્યાં રહેતી નથી. વ્યષ્ટિ-સમષ્ટિની જુદાઈ ત્યાં રહેતી નથી. એ વ્યક્તિની વાણી નથી, વિશ્વવાણી બની જાય છે. એને આપ વિમલ નામની વ્યક્તિની સાથે ન જોડશો. જે થયું છે, એમાં આપનો કે મારો કોઈ અપરાધ નથી !

માટે, સંબંધ આ છે, કે જ્યાં વ્યક્તિચેતના અનાવૃત્ત થઈ ગઈ, સંપૂર્ણ રીતથી અનાવૃત્ત થઈ ગઈ, કોઈ આવરણ નથી, તદાત્મતાના આવરણો એક પછી એક જેમ ઊતરતાં ગયાં, ત્યાં વ્યક્તિ અને વિશ્વની વચમાંનું અંતર તૂટી ગયું. આ અંતરનું તૂટવું એ જ પ્રભુ કૃપાનું અવતરણ છે, આનો બોધ સાડા ત્રણ

હાથના દેહમાં એ વખતે થતો નથી. વિશ્વચેતના કેન્દ્ર બનાવી લે છે એનો બોધ નહીં, અનુમાન છે અને ઘટના એટલી પ્રચંડ છે કે એ ઘટનાની પ્રચંડતા સાથે દમ ઘુંટાવા માંડે છે. માટે વ્યક્તિનું અનાવૃત્ત થવું એ જ પ્રભુ કૃપાનું આવરણ છે. આ બે ઘટના જુદી નથી.

બસ, એ બિંદુ જે છે, ત્યાંથી 'અસહ્ય શક્તિનું આવરણ' એ બધા શબ્દો આ બિંદુ પર ઊભા થાય છે. હવે વિસર્જન થઈ રહ્યું છે, વિષમતાને લીધે, અત્યંત સંવેદનશીલતાને કારણે, અહમ્‌ના વિસર્જનની પ્રક્રિયા જોઈ જાય. અને એનું આવરણ પણ જોયું જાય. અહીંથી શૂન્યનું અને ત્યાંથી પૂર્ણનું. અહીં શૂન્યનું હોવું જ, ત્યાં પૂર્ણનું વ્યકત થવું છે. શૂન્ય અને પૂર્ણના મિલનના બિંદુ પર ઊભા રહીને જોવામાં આવ્યું. શિવ અને શક્તિના મિલનના બિંદુ પર ઊભા રહીને જોવામાં આવ્યું.

માટે, સંબંધ શબ્દ જ આજે ઉપયોગમાં નહીં લાવું કારણ કે ઘટનાઓ બે નથી. બે સ્વતંત્ર સત્તાઓ નથી. અહીં શૂન્યનું હોવું જ ત્યાં પૂર્ણની અભિવ્યકિત છે. ત્યારે પૂર્ણતા અભિવ્યકત થાય છે.

પ્રશ્ન : જો આ ઘટના આપના જીવનમાં ઘટિત ન થઈ હોત, તો આજે આપ જ્યાં છો, ત્યાં હોત શું ?

ઉત્તર : કોઈપણ ઘટના આકસ્મિક થતી નથી. પોતાના જ જીવનને સમગ્રતામાં જોવાનો અભ્યાસ ન હોવાના કારણે, બુદ્ધિ દ્વારા માણસ કાર્ય-કારણ-મીમાંસા કરતો રહે છે. માટે એને એમ લાગે છે કે આ ઘટના થઈ છે, એમાં કોઈ આકસ્મિકતા છે. યોગાનુયોગ છે, યોગાનુયોગ નથી, એનો અર્થ નિયતિ નથી, એવું ન માનશો. કારણ કે યોગાનુયોગ નથી એમ કહીને આપ બીજો તણાવ ઊભો કરી દેશો. કારણ કે આ યોગાનુયોગ થયો, નિયતિ થઈ, એ શબ્દો તૈયાર થાય છે. એનાં દ્વન્દ્વ તૈયાર થાય છે, એનાં તણાવ તૈયાર થાય છે. કારણ કે દ્વન્દ્વાત્મક ઘટનામાં, દ્વન્દ્વાત્મક ચિંતન છે. આ દ્વન્દ્વોની દષ્ટિ નથી. કોઈ સાપેક્ષ તત્ત્વ નથી. એનો અર્થ આ છે. મારે તો મુશ્કેલી એ છે કોઈ ભાષામાં બોલવા જઉં તો શબ્દોનો જન્મ જ દ્વન્દ્વોમાં થાય છે, કારણ એકની બાબતમાં બોલવા જઉં તો બીજો એકદમ જોવા માંડે છે. શ્રોતાઓના ચિત્તમાં, એની આંખોમાં, તણાવને તરતો હું

જોઈ લઉં છું. મારું વાકય પણ પૂરું થતું નથી એટલામાં ત્યાં તણાવ જાગી ઊઠે છે. માટે નિયતિ, ભાગ્યની વાત નથી. પ્રારબ્ધની વાત કરી રહી નથી. અભિપ્રાય એટલો છે કે સમગ્રતાનું ઉત્થાન થાય છે. અને આપણું ધ્યાન ઉત્થાન થવાના કોઈ એક અંશ પર કેન્દ્રિત રહે છે.

સ્વાધીનતામાં અને સંયમમાં ઉત્થાન સમગ્રતાનું થાય છે. મારી દષ્ટિ એ જ હશે, જે એનું કેન્દ્રબિંદુ હશે. મધ્યબિંદુ મારી સર્ચ લાઈટમાં જે બુદ્ધિથી આવ્યું હશે, તો આપણને બાકી જે ઘટનાઓ છે, તે જાણે આકસ્મિક થઈ રહી છે, એમ લાગ્યું હશે. આ ઘટનાનું બનવું જ હતું, ઘટનાને થવું જ હતું. સમગ્રતાના ઉત્થાનમાં આ અનુબંધ હતો. જે નિયતિવાળા છે, એ આ અનુબંધનમાં જે પુરુષાર્થ વ્યકિત દ્વારા થાય છે, એને ભૂલી જાય છે. માટે સમગ્રતાના ઉત્થાનમાં આ ઘટનાનું થવું કદાચ અનિવાર્ય હતું માટે થઈ ગયું. અને જિજ્ઞાસુ, શ્રેયાર્થી આત્માર્થી પોતાના બધા પુરુષાર્થમાં કદી એકલો હોતો નથી. આખીયે સમગ્રતા સહયોગ કરવાને માટે આતુર બેઠી છે. દોડી દોડીને સહયોગ કરે છે. આપની નજર આપના પુરુષાર્થ પર છે. એટલે સમગ્રતાનાં સહયોગને આપણે જોઈ શકતા નથી, સમજતા નથી. આજ સુધી જગતમાં કોઈ શ્રેયાર્થી એવો નથી થયો કે જેને પ્રભુએ એકલો છોડી દીધો હોય, નિર્જનમાં રહ્યો હોય. માટે, શ્રેયાર્થીએ સત્યની દિશામાં, પરમાત્માની દિશામાં એક ડગ ભર્યું છે તો સમગ્રતા દસ ડગલાં ચાલી આવે છે. માટે કહી રહી છું કે ઘટના તો બનવાની જ હતી. માટે એ ઘટના ન થઈ હોત તો હું આજે કયાં હોત, એ એક અનુમાન પરથી પ્રશ્ન છે. આજે કેમ કુતૂહલ જાગે છે ? આ કુતૂહલ છે, આ જિજ્ઞાસા નથી, હું કયાં હોત, કયાં ન હોત, એની સાથે પ્રશ્નકર્તા ને શું મતલબ ? ઘટના થઈ છે, એનું શ્રેય ન તો કૃષ્ણમૂર્તિને છે, ન વિમલને.

જીવનમાં પ્રેમનો નિયમ કામ કરે છે, જેમ વિજ્ઞાનનો ગુરુત્વાકર્ષનો નિયમ છે ને, એમ જીવનના પણ કંઈક નિયમો હોય છે અને જીવનની એ કક્ષામાં જે કોઈ વ્યકિત પહોંચશે, ત્યાં એ ઘટિત થનાર છે. કૃષ્ણમૂર્તિની જગ્યાએ કોઈ રામમૂર્તિ હશે, વિમલની જગ્યાએ કોઈ બીજી કમલ હશે, નામરૂપોને ન જોશો. એના જીવનનાં સત્યને સ્પંદિત થતું જુઓ. એના લાવણ્યને જુઓ, એના સૌંદર્યને જુઓ. નિમિત્ત કૃષ્ણમૂર્તિ હોય, નિમિત્ત વિમલ હોય. એટલે ઉપાદાન વિમલનું

જીવન હોય, અને નિમિત્તકારણ કૃષ્ણમૂર્તિનું જીવન હોય. થઈ શકે છે, થયું પણ છે. પરંતુ આ નિમિત્તનો સંચાર કરવાવાળી પણ કોઈ સમગ્રતા છે.

માટે, શ્રેય વ્યક્તિઓને ન આપશો, કે આખુંયે શ્રેય, આખું ને આખું શ્રેય કૃષ્ણમૂર્તિને છે. એ ન હોત તો આ આજે કયાં હોત ? સત્યમાં સ્થિર ન થયા હોવાને કારણે આ ભ્રમ આ ભ્રાન્તિ ઉત્પન્ન થાય છે. આ જાણે, જાણતા હતા જ માટે કૃષ્ણમૂર્તિએ એનું નિરાકરણ એ જ વખતે કરી દીધું, જેની કથા એ પુસ્તકમાં છે, પણ એથી કોઈને સંતોષ નથી. અને બીજા કેટલાક વિમલપ્રેમી હશે, એ કહેશે, ના વિમલબહેનના જીવનમાં આમ થયું, બીજા કોઈના જીવનમાં કેમ ન થયું ? માટે, એનું શ્રેય ત્યાં નથી, અહીં છે, બન્ને સત્યના અપરાધી છે. સત્ય ન તો ત્યાં છે, ન અહીં છે !

પવન વૃક્ષની કઈ શાખાઓમાંથી વહ્યો અને કયાં પાન પાડીને આગળ વધ્યો, એનું શું મહત્ત્વ છે ? આવી કેટલી વ્યક્તિ આવશે-જશે. જિજ્ઞાસુએ જોવાનું છે, શીખવાનું છે, એ તો એ છે કે જિજ્ઞાસા, આત્મજિજ્ઞાસા માનવને કયાં લઈ જાય છે, એની પરિપકવતાના કયાં લક્ષણો છે ? પરિપકવતાનું પરિણામ શું છે-વગેરે જોવાનું હોય છે. ભાઈ ! હંમેશા જિજ્ઞાસુને કુતૂહલ પાછળ ખેંચી લે છે માટે સંપ્રદાય બને છે. જિજ્ઞાસાની ભૂમિકા પર સંપ્રદાય બની જ ન શકે !

પ્રશ્ન : આજે સવારે આપે સ્વભાવ અને સહજતાની બાબત કહ્યું હતું, એને વધુ સ્પષ્ટ કરશો ?

ઉત્તર : સહજતાનું પરિમાણ, મન અને બુદ્ધિથી પરનું પરિમાણ છે. આયામ શબ્દ પરિમાણ (ડાયમેન્શન)ના અર્થમાં હું ઉપયોગમાં લાવું છું. સ્વભાવ ઈંદ્રિયોનો હોય છે. ઈંદ્રિયોનો જે સ્વભાવ છે, મન અને બુદ્ધિનો જે સ્વભાવ છે, જે સંસ્કાર છે, એ આપના કમાયેલાં નથી. માનવશરીરમાં કામ-વિકારનું રહેવું, ક્રોધનું થવું, ભયનું રહેવું, મત્સરની ભાવનાનું ઊઠવું, આ બધાં સ્વાયત્ત છે એમ નથી. ભૂખ, તરસ, નિદ્રા, એ બધી જે વૃત્તિઓ છે, એ માણસની પોતાની કમાયેલી નથી. શરીરની સાથે મળેલી છે. કુદરતે આપેલી શારીરિક, માનસિક પ્રવૃત્તિઓ છે. આપ એ પ્રવૃત્તિઓના સંસ્કૃતિમાં કરેલા સંસ્કાર જોઈ લો. તો પ્રકૃતિગત અને બીજા શિક્ષણ, સાહિત્ય, સામાજિક, આર્થિક સંદર્ભ, ધર્મ, નીતિશાસ્ત્ર વગેરે સંસ્કારથી

બનેલી પ્રવૃત્તિઓ માટે, શરીર અને મનમાં વંશાનુક્રમથી મળેલો વારસો એટલો પ્રબળ હોય છે કે આપણા વ્યવહાર તે મુજબ જ થાય છે અને એની મારફત જ નિયંત્રિત હોય છે. હવે, કોઈની તદાત્મતા શરીર, મન અને બુદ્ધિ ત્રણેયથી પર નીકળી ગઈ હોય, અને સમગ્રતાની સાથે તદાત્મતા હોય, સાડાત્રણ હાથના દેહની સાથે ન હોય. તો સમગ્રતાના અવધાનમાં, સમગ્રતાની સાથે સમરસ થવામાં, સમગ્રતાનું પરિમાણ છે. એ એક નવું પરિમાણ છે. સહજતામાં સંસ્કાર વિના, સંપૂર્ણ નમ્રતા અને અભિમુખતા ગતિશીલ થઈ જાય છે. આ સહજતાનો આશય છે.

સહજતાને માટે અંગ્રેજીમાં શબ્દ કયો લાવું ? માત્ર sponteneity કહું તો સહજતાની એક જ છટા વ્યક્ત થાય છે. માટે વિનમ્રતાની નમનશીલતા અને સુકુમાર કોમળતા તથા ગ્રહણ શીલતાની સહજતા, એ બંને એકત્ર-મિશ્રિત હોય છે અને એ પરિમાણને જન્મ આપે છે. જે આપને સર્વથા અબાધિત સ્વતઃ પ્રવૃત્ત (સહજ) પ્રતિસાદમાં અને દર્શનમાં ગુણાત્મક પરિવર્તન લાવે છે. તે પ્રાકૃતિક પણ નથી અને સંસ્કારગત પણ નથી. માટે થતું નથી ને ! બુદ્ધિ સુધી આપના સંસ્કાર પહોંચી શકે છે. ચૈતન્ય જો સંસ્કારિત હોત તો ત્યાં પણ શુદ્ધિ અને અશુદ્ધિ લાગી જાત, પવિત્રતા, અપવિત્રતા લાગી જાત. સંસ્કાર ઈન્દ્રિયો પર થાય છે, શરીર પર થઈ શકે છે, મન પર થાય છે, બુદ્ધિ પર થાય છે, અહંભાવ પર સંસ્કાર થઈ શકે છે. ચૈતન્ય પર સંસ્કાર થતા નથી. સુષુપ્તિમાં જે જાગ્રત રહે છે, એના પર સંસ્કાર કેમ પડશે ? માટે સહજતા છે.

(ચોરવાડના બીજા શિબિરમાં થયેલો પ્રશ્નોત્તર-૧ તા. ૧૬-૧૨-૧૯૭૧)

૪

ત્રીજું પ્રવચન

જીવનધારણા અને સંતૃપ્તિ માટે માનવ અન્ન લે છે, નિદ્રાનું સેવન કરે છે. એ જ રીતે મૌનનો આહાર અનિવાર્ય છે. પાંચ મહાભૂતોમાં જેમ પૃથ્વી, પાણી, વાયુ, અગ્નિ એ તત્ત્વો છે તેમ આકાશ પણ એક તત્વ છે, આકાશ પણ એક દ્રવ્ય છે અને મૌન એ આકાશનું સેવન છે. અંદરનાં અને બહારનાં આકાશનું ગ્રહણ કરવું, એ મૌનનો હેતુ છે. શરીરને સ્વચ્છ કરવા માટે સ્નાન કરીએ છીએ, કપડાં પહેરીએ છીએ, મનના વિશ્રામ માટે સૂઈએ છીએ, એ પ્રમાણેના પ્રાણોનાં વિશ્રામ માટે, પ્રાણોનું પ્રક્ષાલન કરવા માટે મૌન સેવન અનિવાર્ય છે.

હાલનાં જીવનમાં આંતરિક અતૃપ્તિ, અસંતુલન, અસંતોષ છે. આંતરજીવનમાં તુષ્ટિ અને પુષ્ટિનો આ જે અભાવ છે, એનું મુખ્ય કારણ એ છે કે માનવનો એકાંત સાથે, નિરવતા સાથે, મૌન સાથે, આકાશ સાથેનો સંબંધ લગભગ નષ્ટ થઈ ગયો છે. કાં તો ભોગ ભોગવવા અગર વિશિષ્ટ યોગ સાધવા લોકો એકાંતસેવન કરે છે. એકાંતનું પરિમાણ સામાન્ય માનવના જીવનમાંથી ખતમ થઈ ગયું છે. એકાંતસેવનની કલા આપણે ભૂલી ગયા છીએ. મૌનસેવનની કલા આપણને યાદ રહી નથી. એ યાદ રહી નથી માટે દિવસભરના જે વિચારો, વિકારોનો વિનિયોગ ચાલે છે, શરીરનાં, મનનાં, વાણીનાં વ્યાપારમાં, વ્યવહારમાં જે મલિનતા ચિત્ત પર છવાઈ જાય છે, જે કાલિમાં લાગી જાય છે, એને ધોવા કે સાફ કરવાનો મોકો કયાંય નથી રહેતો. અને જે કોઈ મૌનમાં બેસે છે, તે કંઈ પ્રાપ્ત કરવા, કંઈક અનુભૂતિ મેળવવાની આકાંક્ષા લઈને બેસે છે. એ મૌન નથી. ક્રિયાઓ બંધ કરીને, અક્રિયાને સાધન બનાવીને, કંઈક સાધના માટે, જે બેસે છે, એ નથી એકાંતમાં બેસતા, કે નથી મૌનમાં બેસતા.

મૌન એ વાણીનો અભાવ અગર ક્રિયાઓનો અભાવ નથી. મૌન એ અક્રિયાનું સાધન બનશે નહીં. લોકોને વર્જ્ય કરવાથી એકાંત નિષ્પન્ન થતું નથી. ત્યાં એકાંત સાધન બને છે. કંઈક પ્રાપ્ત કરવા, અનુભૂતિ માટે, જે લાલસા અંદરથી ઘગધગે છે, હું કંઈક જોઉં, મને કંઈક મળશે, હું કંઈક કરીશ, કંઈક કરવાની, કંઈક પામવાની લાલસા, અભિલાષા, જેમાં જાગ્રત છે, એ એકાંત કેમ કહેવાય ? એમાં મૌન કયાં રહ્યું ? મનને તો સાથે લઈને બેઠા છો. હેતુપૂર્વકનો સંગ છે, હેતુભર્યો, પ્રયોજનભર્યો મનનો સંગાથ છે. મનની ક્રિયાઓને બહારથી વાળી લીધી, અને હવે અંદર ક્રિયા કરીશું. ઈંદ્રિયોને બહારના વિષયોમાથી વાળી લીધી, અને હવે અંદર ક્રિયા કરીશું. ઈંદ્રિયોને બહારનાં વિષયોમાંથી હટાવી લીધી, જેથી અંદરના વિષયોમાં એ ચાલી શકે. તો ઈંદ્રિયો અંદરની અનુભૂતિઓ લેશે અને અહંકાર પોષાશે. એ એનો ખોરાક બનાવશે. એનાથી પુષ્ટ થશે. 'મને' નામ દેખાયું, 'મને' રૂપ દેખાયું, 'મને' પ્રકાશ દેખાયો, 'મને' સાક્ષાત્કાર થયો, 'મારી' કુંડલિની જાગ્રત થઈ, 'મારું' ચક્રભેદન થયું, પરંતુ 'હું' તો શેષ રહ્યો જ. અનુભૂતિઓ શેષ રહી. અનુભૂતિઓના પરિણામ શેષ રહ્યાં. આવો કોલાહલ જ્યાં છે ત્યાં મૌન કયાં રહ્યું ? માટે જ્યારે એમ કહેવામાં આવે છે કે મૌનના જલથી પ્રક્ષાલન થવું જોઈએ, તો એનો આશય, આપણે ઠીક રીતે, સ્પષ્ટ રૂપે સમજી લઈએ. શારીરિક ક્રિયાઓમાં પૃથ્વી અને અગ્નિ આ બે દ્રવ્યોનો ઘનિષ્ઠ સંબંધ રહે છે. બંનેનો વિનિયોગ થાય છે. માનસિક ક્રિયાઓમાં વાયુ અને અગ્નિ એ બે દ્રવ્યોનો વિશેષ વિનિયોગ થાય છે. બાકી રહ્યું આકાશ.

''આત્મનઃ આકાશઃ સંભૂતઃ આકાશાદ્ વાયુઃ વાયોરગ્નિઃ'' આ જે આકાશ વચમાં રહ્યું છે, એની સાથે સંબંધ થવો જોઈએ. આકાશમાં થઈને પસાર થઈશું ત્યારે આત્મતત્ત્વ સુધી પહોંચીશું, તો ૨૪ કલાકમાંથી કેટલોક સમય એકાંતમાં, મૌનમાં વિતાવવો એ અનિવાર્ય છે. એવો સમય હોય, જ્યારે આ સંસારનો હક્ક દાવો તમારા પર ન હોય, કોઈ બોલાવે નહીં, કોઈ ખલેલ ન પહોંચાડે, એવો સમય પોતાની અનુકૂળતા પ્રમાણે શોધી લેવો જોઈએ. મધ્યરાત્રી પછી અને પ્રભાત થાય એ પહેલાનો કેટલોક સમય જો માનવ કાઢી શકે તો એ સૌથી વધુ અનુકૂળ પડે છે, એ તો યોગ્ય જ છે. કોઈ ધર્મવિશેષની વાત હું કહી રહી નથી. માનવમાત્રની વાત કરી રહી છું. એક અદ્‌ભુત શાંતિ, સઘનરૂપે શાંતિ, ઊંડી

શાંતિ, જે શાન્તિ મૃતપ્રાય નથી, જેમાં જીવનની ઊર્જા ઠાંસી ઠાંસીને ભરેલી છે, જેમાં જીવન જાગ્રત થવા આતુર છે, અભિમુખ છે, એવી એ બ્રાહ્મમુહૂર્તની શાંતિ સાચે જ અનુકૂળ પડે છે. કારણ કે જેમ તમે હોમિયોપથીની દવાઓમાં, બાયોકેમિકની દવાઓમાં ૩૦ x, ૨૦૦ x, ૧૦૦ xના પુટ લગાવો છો, અને જેમ દવાનો ગુણ વધારવામાં આવે છે એ જ પ્રકારે સનાતન સમયથી, મૌનમાં જેમણે પ્રવેશ કર્યો છે, સમાધિ અવસ્થામાં પ્રવેશ કરનારાઓ, ધ્યાન સાધનારાઓ, ભક્તિ કરનારા, જેટલા સાધકો થયા છે, એ સૌએ બ્રાહ્મમુહૂર્તનો વિશેષ ઉપયોગ કર્યો છે. તો એ મુહૂર્તમાં એક વિશેષ ગુણ રહેલો છે. એ સમય ભાવિત છે. અંતર્મુખી વ્યક્તિઓએ આત્મશક્તિ માટે, હજારો વર્ષોથી એનુ ભાવન કર્યું છે અને આપ કહો છો કે આ શું ભારતવર્ષ માટે જ છે, તો એમ નથી. હવાઈદ્વીપ, કેલિફોર્નિયા, ન્યુયોર્ક, લંડન, પેરીસ, એમસ્ટરડેમ, જીનીવા અને નોર્વે આ બધા જ દેશોમાં એ અનુભવ થયો છે કે જે આ સમયે મૌનમાં પ્રવેશ કરે છે એને માટે શરીરની બહાર જે પ્રવાહો વહેતા હોય છે તેનો વિશેષ સહયોગ મળે છે. વ્યક્તિની ચેતનાને વિશ્વચેતના તરફથી વિશેષ સહયોગ મળે છે. એને રહસ્યમય માનવાની જરૂર નથી. શરીરની અંદરના પંચમહાભૂતોનો બહારના પંચમહાભૂતો સાથે એક ખૂબ જ ગાઢ સંબંધ છે. આપ એ જોતા નથી કે સાગરને કિનારે, અગાધ અપાર, અસીમ, સાગરતટે ઊભા રહીએ તો અંદરના બધા દ્રવ્યો કેવો સંતોષ પામે છે ? કેવી શીતલતા, કેવો સંતોષ, જાણે કે તમારા શરીરમાંનુ જલતત્ત્વ ખડખડાટ હાસ્ય કરવા લાગે છે. કયારેય પહાડો પર ગયા છો ? હિમાલય પર ગયા છો ? ત્યાંની નિરવ શાંતિમાં અંદરનું આકાશ તત્ત્વ પ્રસન્ન થઈ જાય છે. વનમાં, ઉપવનમાં, અરણ્યમાં, કયારેય ફર્યા છો ? જો ફર્યા હશો તો ખબર પડી હશે કે સઘન અરણ્ય, નિબિડ એકાંત, પૃથ્વીતત્ત્વમાં એટલે શરીરમાં છે. એક અનોખી છટાથી એ પૃથ્વીતત્ત્વ હસે છે. ત્યારે જાણે શરીરને શુંયે થઈ જાય છે. આ સરિતાઓ, સાગરનો સંગ ! એ વનનો, ઉપવનનો, અરણ્યોનો સંગ !

આ જે પંચ મહાભૂતોનો અંદર-બહારનો સંબંધ છે. એમાં એક પ્રકારની સંવાદિતા જાગી ઊઠે છે. અંદરનું આકાશ અને બહારનું આકાશ, આ અંદર-બહારનો જે ભેદ છે એ હાડ-માંસ-ચામડીના પડદાને કારણે લાગે છે. જાણે મૌનમાં આ પડદો જ ખસી જાય છે. જાણે કે ઘટાકાશ અને વિશ્વાકાશની વચ્ચે

જે કલ્પિત અંતર છે, માનવની આંખ માટે, અગર તો મનને માટે જે અંતર કલ્પિત છે તે કપાઈ જાય છે, ખાઈ પુરાય જાય છે.

તમે જ્યારે એકાન્તમાં તમારા સંગમાં બેસશો, કંઈ કરવા માટે નહીં, કંઈ પામવા માટે નહીં, ત્યારે ખંડથી વિચ્છેદ થઈને અખંડ જોડે સંબંધ બંધાય છે. આ એટલા માટે કહી રહી છું કે એકાંતથી કેટલાકને ડર લાગે છે. પોતાના આખાયે જીવનમાં જાણે કર્તા-હર્તા એ પોતે જ છે. જે કંઈ ત્યારે થાય છે, એ બધું કરવાવાળા, કરાવવાવાળા જાણે કે એ જ છે, માટે ભય લાગે છે. એકાંતમાં ચાલી જઈશું, કાંઈ જ નહીં કરીએ, તો આપણું શું થશે ? જેને એકાંતનો ભય લાગે છે એને મૌનનો પણ ભય લાગશે જ. કારણ કે મનમાં અને એકાંતમાં મરવાનો અભ્યાસ છે. સુષુપ્તિમાં તો મૃત્યુ સાથે જ રહે છે, પરંતુ સુષુપ્તિમાં જાગ્રત રહીને એને જોનારાં વિરલા છે. મૌન અને એકાંતસેવનમાં જાગૃતિમાંની સુષુપ્તિનો અનુભવ છે. મન અને દેહ સાથેની તદાત્મતાનું એ મૃત્યુ છે. મૃત્યુ અને મુક્તિમાં બહુ અંતર નથી. એટલે જ કહી રહી છું, એવું ન સમજશો કે ક્રિયાઓમાંથી છુટયા, મન નહીં ચાલે ત્યારે જીવન પણ નહીં ચાલે. ક્રિયાઓ શાંત થશે, તો કયાંક અનાથ, નિરાધાર, અપંગ થઈ જઈશું, એ કેવો મોટો ભ્રમ છે ! શરીરના આવેગોનો જે ધક્કો લાગે છે, એને શું જીવનની ગતિ સમજો છો ? વિકારોના આવેશોને અને વિચારોના અભિનિવેશોને જીવનની ગતિ સમજો છો શું ?

તો એમ જ કયાંય સમજી ન બેસશો કે મોટર ચાલે છે, વિમાન ચાલે છે તેવી આ ગતિ છે. ટેલિફોન અને ટેલિગ્રામની ગતિ પણ ગતિ જ છે, અને પ્રેમ જે દેશ અને કાળને પાર જઈ મહાત કરી શકે છે, એ પ્રેમની ગતિ પર શ્રદ્ધા નથી થતી ! ગતિ શબ્દનો અર્થ છે જીવનની ગતિ. આ શબ્દોનો અર્થ આપણે કેટલો સંકુચિત, કેટલો સંકીર્ણ, કેટલો ક્ષુદ્ર, કેટલો છીછરો બનાવી લીધો છે ? આ શરીરની, ઈન્દ્રિયોની અવિરત ગતિ, અને મનની પણ ગતિ છે. એ જ આપણી જીવનની ગતિ છે, એમાં જઈને અખનંતની ગતિને ઓળખવી જોઈએ. જીવનની ગતિ તદ્દન ભિન્ન છે, તદ્દન સ્વતંત્ર છે. ઈન્દ્રિયો સ્વતંત્ર નથી, મન સ્વતંત્ર નથી. વિચાર કદીયે સ્વતંત્ર નથી થઈ શકતો, ભાવનાઓ પણ સ્વતંત્ર નથી, ભાવ પણ સ્વતંત્ર નથી. એની બનાવેલી યુક્તિઓ છે, સેંકડો વર્ષોથી એ અજમાવવામાં આવ્યાં છે. બહુ વાપરવાથી જેમ કોઈ રેકર્ડ ઘસાઈ જાય છે, એ પ્રમાણે આ ઘસાઈ ચૂકયાં

છે. ઈન્દ્રિયો મન, બુદ્ધિ બધાં પરવશ છે, સ્વવશ નથી. આ પરવશનો અર્થ હવે પછીની સભામાં જોઈશું. હમણાં તો કહેવાનું એટલું જ કે જ્યારે મૌનમાં પ્રવેશ કરીએ છીએ, જ્યારે એકાંતસેવન માટે, મૌનસેવન માટે તમે બેસો છો, તો નિશ્ચિંત થઈને બેસો. ચિંતા કોને ? જેને કંઈક કરવું છે, કંઈક મેળવવું છે, કેમ કરું, કેમ પામું, ક્યારે મળશે, ક્યારે દેખાશે, આ અભિલાષા અને આકાંક્ષા જ ચિંતાને જન્મ આપે છે. અભિલાષા અને આકાંક્ષા જ સમયનો તણાવ પેદા કરે છે. જ્યાં કંઈ કરવું નથી, કંઈ મેળવવું નથી, ત્યાં પછી તણાવ કેવો ? દબાણ કેવું ?

સમય પણ ખસી જાય છે. કારણ કે સમય એ પ્રતીક છે, કાળ એ પ્રતીક છે. મન એને ઉપયોગમાં લાવે છે. નિશ્ચિંત થઈને બેસો, ઊઠો, સૂઈ રહો, જે કરવું હોય તે કરો. પરંતુ બેસીને, ઊભા રહીને કે સૂઈને સમય એવી રીતે વીતવા દો કે એમાં તંદ્રા ન રહે, જડતા ન આવે, સાવધાનપણું ખોઈ ન બેસીએ, એ રીતે શરીર રાખવું જોઈએ. શ્વાસોચ્છ્વાસમાંનો લય તૂટે નહીં એ રીતે રહેવું. ક્રિયાઓ વિનાના શાંત શરીરને જોવાની, રાખવાની ટેવ નથી, અભ્યાસ નથી, એવું શિક્ષણ મળ્યું નથી. દુનિયાભરની બધી વસ્તુઓનું શિક્ષણ બાળકોને મળે છે. શરીરને શાંત રહેવા દેવાનું, શાંતિનું જે અલૌકિક સૌંદર્ય છે, ક્રિયાઓ સમેટી લઈને જે શરીર તેનું શિક્ષણ નહીં હોવાથી શરીર સ્વસ્થતાથી સ્થિર રહી શકતું નથી; જાણે સ્થિરતા જ સમસ્યા બની જાય છે, કારણ કે શરીરને યોગ્ય આહાર-વિહાર આપીને સરળ રાખ્યું નથી. સંવેદનશીલ, સાવધાન રાખ્યું નથી. એમાં કયાંક જડતા છે, કયાંક બધિરતા છે.

મારી સમજમાં એ નથી આવતું કે જે શરીર બાળપણમાં આટલું કોમળ, આટલું મધુર છે, કેટલું લચીલું હોય છે, મોટા થતાં થતાં લોકો કેમ ખોઈ બેસે છે ? શું ઈન્દ્રિય-વિષય-સંબંધ એવી કોઈ કલા નથી કે ઈન્દ્રિય-વિષય-સંબંધમાંથી પસાર થતા પણ, બાળપણનું માર્દવ, કોમળતા, લચીલાપણું આપણે ખોઈ ન બેસીએ ? અને જો એ ખોઈ બેસતા હોઈએ. તો આપણે વિકારોના ભોગ બનીએ છીએ ને ? એ બેઠાં બેઠાં તમારી પાસેથી જકાત વસુલ કરી લે છે. દરેક ઈન્દ્રિય-વિષય-વ્યાપાર જ જકાત કહી શકાય છે. દરેક ઈન્દ્રિય-વિષય-સંબંધ એની જકાત લે છે. એનાથી છુટી નહીં શકો. જેટલું શરીર ટકાવવા માટે અનિવાર્ય જે ઈન્દ્રિય-વિષય-સંબંધ છે, એમાંથી એવી કળાપૂર્વક હસતા હસતાં પસાર થઈએ

કે જેથી ઈન્દ્રિયોને જરાય ડાઘ ન લાગે. ન તો આસક્તિનો કે ન વિરક્તિનો ડાઘ લાગે. આપણું શરીર સંવેદનશીલ નથી, નાજુક નથી, કોમળ નથી. શૈશવમાં જે પામીએ છીએ તે આપણે ગુમાવી દઈએ છીએ. અસીમ, અપાર શક્તિ લઈને યૌવન અકડાઈ જાય છે. શક્તિઓને શા માટે ખોઈ દેવી ? એ પુખ્ત બને, પ્રબળ થાય, એ વૃદ્ધ થાય; પરંતુ વૃદ્ધાવસ્થામાં એ શું જરૂરી છે કે માનવ કોઈ રસકસ વિનાનો થઈ જાય ?

જીવનયોગમાં સાધારણ આહાર-વિહારની, નિદ્રાની કળા નથી શીખ્યા કે જેથી એમાંથી પસાર થતા શરીર સ્વસ્થ રહે. ક્રિયાઓ સમેટી લઈને શરીર એની ભવ્યતા, દિવ્યતામાં સ્વસ્થ રહે. તો જ મનને ચલિત થવા માટે ઈન્દ્રિયોની મદદ નથી મળતી, કારણ કે ઈન્દ્રિય-વિષય-સંબંધ, ઈન્દ્રિય-વિષય-વ્યાપાર સમેટી લીધેલો છે. હવે મનને બહાર વિષય નથી મળતો. એટલે મનને ન છૂટકે અંદર જોવું જ રહ્યું. ત્યારે ક્રિયાઓનું ક્ષેત્ર શરીરમાંથી મન પર આવે છે. આ ઉત્થાન થવું, ઉપર ઊઠવું એમ નહીં. એ કંઈ શરીરને આસન કરી ધરતીથી ઉપર ઉઠાવ્યું, બે આંગળ કે દસ આંગળ એવી હઠયોગની પ્રક્રિયાઓની વાત હું નથી કરી રહી. હું અંદરના સમગ્ર ઉત્થાનની વાત કરી રહી છું. શરીરના ઉત્થાનથી શું થાય ? તો હવે મનની ક્રિયાઓ પર પહોંચ્યા. ચેતન મનની ક્રિયાઓ જલદી શરૂ થાય છે. હવે મૌનમાં પ્રવેશ કરવા બેઠા છો તો જે વિઘ્નો છે તે હું બતાવી રહી છું. યુકત આહાર-વિહારથી શરીરની ક્રિયાઓ માનો કે સમેટાઈ ગઈ છે. શરીરને પોષણ કેટલું આપવું, કયારે આપવું કેવી રીતે આપવુ કે જેથી જડતા ન આવે અને શરીર ભૂખ્યું પણ ન રહે. એની જોડે યુકત આહાર-વિહારનો સંબંધ છે.

મોટી મોટી વાતો કરીએ છીએ, ચંદ્ર પર ઊતરવાની, મંગળ પર જવાની, લોકતંત્રની, સામ્યવાદની, સામ્યયોગની, સર્વોદયની, અને આહારગત આપણી અંદર કયાંક મૂઢતા છે. શરીર ભૂખ્યું ન રહે અને શરીરમાં જડતા પણ ન આવે. શરીરને જરૂરી ખોરાક મળે અને એથી આથો ઉત્પન્ન થાય એવું વધારાનું ભોજન શરીરમાં પડયું ન રહે. વણપચેલા ભોજનમાંથી રાસાયણિક ક્રિયા ઉત્પન્ન થાય છે. કયા દ્રવ્યો અનુકૂળ છે કે પ્રતિકૂળ છે, એ માનવ જોઈ શકતો નથી. ઋતુઓ સાથેનો એનો સંબંધ જોડવો જોઈએ. કયારેક શરીરને વધુ શ્રમ પડે તો, એ પ્રકારનો ખોરાક લેવો, કયારેક બુદ્ધિને વધુ શ્રમ પડે તો તેવો બીજા પ્રકારનો ખોરાક લેવો.

ઋતુઓ સાથે, દિવસ સાથે, રાત્રિ સાથે, આહારનું એક સંગીત છે, એને પણ સમજી લેવું. અન્નબ્રહ્મનું કયારેય અપમાન, અનાદર કે ઉપેક્ષા નહીં કરવી જોઈએ.

એવો જ નિદ્રાનો સંબંધ છે. જો શરીરને અને મનને સપ્રમાણ નિદ્રા આપવામાં આવે તો એ હંમશ સ્વસ્થ રહી શકે છે. ત્યારે નિત્ય સાવધાન, સંવેનશીલ ચિત્ત રહેશે. રાત્રે સૂઈએ નહીં, અને દિવસે શરીર અને મન ભારે ભારે લાગે એવા આપણે છીએ. જે જાગૃતિનો સમય છે, એ તંદ્રામાં વીતે છે, અને રાત્રિનો જે નિદ્રા અને સુષુપ્તિનો સમય છે એ સ્વપ્નમાં વીતે છે. આપણુ જીવન કેવું અરસિક છે ! જીવન જીવવું પ્રેમીઓનું કામ છે, આ આશિકોનું કામ છે. તેમાં જિંદગી જોડે અને મોત જોડે ઈશ્ક થઈ જાય એવું થાય છે; એવું જીવી શકાય છે.

આમ, જ્યારે શરીરયુકત આહાર-વિહારથી અને નિદ્રાથી સશકત, કોમળ, સુકુમાર હોય, જડતા હોય નહીં, ગ્રંથિઓ હોય નહીં, ત્યારે મનની પ્રક્રિયાઓ, ચેનની ક્રિયાઓ શરૂ થાય છે. ત્યાં કાં તો ઉત્થાન થયું છે, ક્રિયાઓ સંકેલાઈ ગઈ છે. ચેતનની ક્રિયામાં વિચાર છે, અને કલ્પનાઓ છે, ધારણાઓ અને માન્યતાનું આવાગમન ચાલે છે. એક વિચાર આવ્યો, બીજો વિચાર આવ્યો પછી સ્મૃતિ થઈ. જે ઘટનાઓ અનુભવી છે તેને ફરીથી વાગોળવા માંડે છે. મન અને બુદ્ધિ આગળનું જોવા માટે આતુર બને છે. માની લો કે બહારના વિષયોનો સંબંધ નથી રહ્યો. ત્યારે બુદ્ધિ કહેશે કે કાલે શું થશે ? આવું થાય તો કેવું ? આવું ન થાય તો પછી શું થશે ? કાંઈક સંયોજન કરવા બેઠા હો તો કલ્પનાશકિતનો ઉપયોગ કરવો એ જરૂરી વાત છે. કારણ કલ્પના એ મનની એક શકિત છે, સ્મૃતિ મનની એક શકિત છે. એ શકિત સાથે કેવો અનાચાર ચાલે છે ? એ મન, પ્રયોજન વિના, કારણ વગર ચાલવા માંડયું. આમ કરું કે તેમ કરું. આમ થયું હતું. તેમ થયું હતું. આપણે આમ કર્યું, તેણે તેમ કર્યું, બસ ભટકવાનું શરૂ થયું. એને રોકો નહીં. શારીરિક ક્રિયાઓથી દેખભાળ રાખવાની જવાબદારીમાંથી મુકત મન, પોતાની ક્રિયાઓમાં જ રમવા માંડે છે. એને રોકશો નહીં, અને સારું ખોટું પણ ન કહેશો. આપે એને જીવનભર ભટકવાની ટેવ પાડી છે. તમે જ તો ઉદ્દેશ વગર, પ્રયોજન વગર આમ તેમ ભટકવાની ટેવ પાડી છે. જીવનભર જેને બગાડી મૂકયું છે, એ મન ઘડીકમાં સુધરશે નહીં. એને આવી ટેવ છે, એટલું જાણી લો અને આ ટેવને દિવસભર જોતા રહો ત્યારે ખબર પડશે કે કેટલી રીતે, કેવાં ઢંગથી, ભટકવાની ટેવ

છે. ભટકવા દો એને, રોકશો નહીં. મન ભટકશે અને મનના ભટકવાને આપણે જોઈશું. આપણે કોણ છીએ, જે સુષુપ્તિમાં જાગ્રત રહીએ છીએ, અને સવારે ઊઠીને કહીએ છીએ આપને ઘણી સરસ ઊંઘ આવી.

એનું નામ શું છે ? એ અનામી છે. એને અનામી જ રહેવા દો. નામ આપશો અને પાછા નામનાં ઝઘડામાં પડશો. અરૂપીને રૂપ આપશો અને પાછા રૂપના ઝઘડામાં પડશો. ઝઘડાઓને દાર્શનિકો અને શાસ્ત્રીઓની પાસે જ રહેવા દો. ''શાસ્ત્રીઓએ કીધી યુક્તિ કલ્પ્યો બંધ અને માની મુક્તિ'' તો આ બધી એમની યુક્તિઓ છે, પ્રયુક્તિઓ છે. એને એમની પાસે જ રહેવા દો. અમારો અખો કહે છે આ ઝંઝટમાં ન પડશો. કર્મ-જડ મીમાંસકો અને શુષ્કજ્ઞાન શાસ્ત્રીઓની ઝંઝટમાં, ગૂંચવાડામાં ન જશો. તમારે અમારે તો જીવવું છે ને ? તો, જે હોય તે, જે જાગતો રહે છે જ્યારે તમે સૂતા હો ત્યારે પણ, જે તમારા પ્રાણોનો રક્ષક છે, જે ગાઢ સુષુપ્તિઓમાં પણ તમારાં શ્વાસોચ્છ્વાસને ચલાવે છે, એ જે દ્રવ્ય હશે, તત્ત્વ હશે, એ જ મનની પ્રક્રિયાઓને જુએ છે. હવે આ ક્રિયાઓને તમે રોકશો નહીં. રોકવું કયારે પડે છે ? ભોગને માટે રોકવું પડે છે. અગર દમન કરવા રોકવું પડે છે. નિરોધ કરવા રોકવું પડે. હવે એ વિચારનો ભોગ તો કરવો નથી. જે આપણે માટે યોગ્ય હશે, એનો પ્રત્યક્ષ ભોગ શરીર તો કરવાનો નથી. અને જે કલ્પના આપ ભવિષ્ય માટે કરી રહ્યા છો, તે ભવિષ્ય, વર્તમાન ન હોવાને કારણે, એ કલ્પનાને એ પળમાં અમલમાં લાવવાની નથી. માટે તેને રોકશો નહીં. મનની રમતને રોકવા માટે એક નવું બળ ઊભું કરશો. એક નવી એ કઈ ગતિ છે, એ કયો વિધિ-નિષેધ છે ? એમ કરશો તો એક નવી ગતિ નિર્માણ કરશો. એમ થવું જોઈએ, એમ થવું ન જોઈએ, આ ખરાબ વિચાર છે, આ સારાં છે, આવી ધારણાઓને અને માન્યતાઓને વચ્ચે લાવશો નહીં. ભટકવાને જ જુઓ. અલગ રહીને ખૂબ મજાથી જોઈ લ્યો. જો આ જોવાનું થયું, જોવાની અવસ્થાને સ્થિર થવા દીધી, તો જોવાની એ અવસ્થા જ અટકાવતી નથી, નિષેધ કરતી નથી.

ન એમાં ભોગ છે, ન ત્યાગ છે. એમાં સરખામણી નથી કે નિર્ણય નથી. એટલે વિચારોનું આવાગમન એ બધું નિરંકુશ ચાલે છે. શરૂઆતમાં મેં કહ્યું હતું ને આપણને શિક્ષણ મળ્યું નથી, આપણને એ કળાની ખબર નથી. મૌનમાં પ્રવેશ કરવામાં, આપણને જે અડચણો વચમાં આવશે. એ હું દેખાડી રહી છું.

હજુ મૌનની અવસ્થા આવી નથી. એ કાંઈ ખેલ નથી કે પહેલે દિવસે જ મૌનમાં બેઠા અને મૌન સધાય જાય, બીજે દિવસે સમાધિ લાગી જાય અને ત્રીજા દિવસે વિતરાગ દશા આવી જાય. અધ્યાત્મ એવું, એટલું સસ્તું નથી. એ ખેલ નથી. શરીરનો અનાદર કરવાથી કાંઈ વિતરાગની અવસ્થા આવતી નથી. અને ઘડીભર માટે વાણીને રોકવાથી નિર્વિકાર અને નિર્વિષય અવસ્થા થતી નથી. ભારતના અત્યંત ગંભીર જીવન સાથે આજે એક બીભત્સ ખેલ ચાલી રહ્યો છે, એની વેદના, વ્યથા મારા ચિત્તમાં છે. બધું જ બજારુ થઈ ચૂકયું છે. હવે ઈંદ્રિયાતીત જીવનને પણ સોદાનો વિષય બનાવી રહ્યા છે. ચેતન મનની ક્રિયાઓને જો સ્વસ્થતાથી જોશો, જોવાની અવસ્થા સ્થિર થવા દેશો, તો એક એવી અવસ્થા આવશે જેમાં કર્તાપણું નથી, ભોકતાપણું નથી.

માનવજીવન સાથે આજે એક સસ્તો ખેલ ચાલી રહ્યો છે. સત્તાધીશોનો એક પ્રકારનો, ધનવાળાનો બીજા પ્રકારનો, ધર્મને નામે પુરોહિતોનું, ત્રીજા પ્રકારનું શોષણ, અને હવે આ અધ્યાત્મના નામથી અતીન્દ્રિયના ક્ષેત્રમાં જે અનાચાર છે, જે સ્વૈરાચાર થાય છે, જે માનવનું શોષણ થાય છે તે એક નવી પ્રકારની ગુલામી છે. જો કે એ બહુ મોહક છે, માદક છે.

એટલે જો જોવાની અવસ્થા સ્થિર થવા દેશો તો તણાવ અને દબાણ પોતાની મેળે ખસવા માંડશે. ચેતનને જોવાની અવસ્થા જો સ્થિર થઈ, તો ચેતનની ક્રિયાઓ, વિચારોનું આવાગમન એ પળ માટે શાંત થતાં, અચેતન ઉપર આવે છે. ચેતનના પડદા પર અચેતનનું પ્રક્ષેપણ થાય છે. જેમ કોઈ સિનેમાના પડદા પર જે રીતે તમારા ચલ-ચિત્રો અને બોલતાં ચિત્રો પ્રક્ષેપિત થાય છે, એ જ રીતે ચેતનના પટ પર, અવધાનના પડદા પર, અચેતન પ્રક્ષેપિત થાય છે. મૌનમાં પ્રવેશ કરવાથી શું થાય છે ? મૌનમાં પ્રવેશ અનિવાર્ય છે, એટલી જ વાત શરૂમાં કહી. સમય થઈ જાય તેનાં પર ધ્યાન ન આપવા વિનંતી છે. આપણે તો ફકત આ ચાર-પાંચ દિવસ માટે મળ્યા છીએ. સાત કે દસ દિવસ હોત તો એક એક વાત સુખશાંતિથી ખુલ્લી કરત. પરંતુ અહીં કેટલીયે વાતો છે જે આપની સામે મૂકવી છે. આટલે દૂરથી જોખમ ખેડીને આપ આવ્યા છો તો મારો જીવનરસ શબ્દના પાત્રમાં ભરી ભરીને આપના ચરણોમાં મૂકવા ચાહું છું.

(ચોરવાડના બીજા શિબિરમાં આપેલું ત્રીજું પ્રવચન, તા. ૧૭-૧૨-૧૯૭૧)

૫

ચોથું પ્રવચન

જે અવસ્થા વ્યવહારમાં પ્રગટ થતી નથી તે અવસ્થા નથી, તે માત્ર કલ્પનાનું આરોપણ છે. તે એક અધ્યાસ છે, પણ અહીં અધ્યાસોનો સંગ્રહ નથી. જે રીતે વિચારોનો પરિગ્રહ નથી, એ પ્રમાણે આરોપણ પણ નથી. આત્માવસ્થા એવી કોઈ કલ્પના નથી, કોઈ વિચાર નથી, કે કોઈ ભ્રાન્તિ પણ નથી. એ પરાશક્તિ એની લીલા પળપળમાં પગલે પગલે કરતી જ રહે છે. એટલે ખૂબ સમજી લો કે અવલોકનની અવસ્થા આખા દિવસના કર્મવ્યાપારમાં સ્થિર રહે છે કે નહીં, એ જોવું આવશ્યક છે. બહારના વિષયો, બહારના પડકારો, બહારના તણાવો, પરિસ્થિતિઓને તથા અંદરની પ્રતિક્રિયાઓને એટલે અંદરની ક્રિયાઓને, એકસાથે જોવાની શક્તિ અને ક્ષમતા પેદા થાય છે. આપણામાં એટલી ધારણા-શક્તિ નથી. માનસિક સાહસ નથી. જ્યારે બહારનું જોઈએ છીએ ત્યારે બહારનું જ જોતા રહીએ છીએ અને અંદરનો જે આવેગ છે, એમાં તણાઈ જઈએ છીએ. તો બહાર તેમજ અંદર આપણે પ્રવાહ-પ્રતિતની જેમ તણાયા કરીએ છીએ. તરતા નથી.

તમે પહેલા જોશો કે આખા દિવસના કર્મવ્યવહારમાં ચેતન મનનાં હેતુ, પ્રયોજન, ઉદ્દેશ્યો ઉપરાંત કોઈક બીજી શક્તિ કામ કરે છે. ચેતન મનમાં બુદ્ધિ કેમ કામ કરવા ચાહે છે, અને અચેતનમાંથી કંઈક બીજું જ ઘુમરાઈને ઉપર ઊઠે છે. તમારા હેતુઓ પર, ઉદ્દેશ્યો પર પાણી ફેરવી દે છે. એના પર જાણે સવાર થઈ જાય છે. કંઈક કહેવા ચાહતાં હતાં, કંઈક કહેવા ગયા, કંઈક બીજું જ કહી બેઠા. કરવું હતું કંઈક અને કંઈક બીજું જ કરી બેઠા. આવી સ્થિતિ દિવસમાં કેટલી વાર થાય છે. એક કામ કરવા ગયા, થાય છે કંઈક બીજું જ. હેતુથી અસંગત કામ થાય છે. હેતુથી વિરોધી કર્મ કરી બેસીએ છીએ. એવું ભાન છે કે હું અમુક કરવા

ચાહું છું, અને એક બીજી જ ચીજ અંદરથી ઉપર ઊઠે છે. અને મારા પર સવાર થઈને કંઈક બીજું જ કામ કરાવી લે છે. ઓછામાં ઓછું આટલું ધ્યાન રહે, કયારેક તો આ ધ્યાન પણ રહેતું નથી. અને એક કામ કરવા ગયા, અંદરથી બીજી જ માંગ ઊઠી, ત્યારે ધ્યાનમાં આવતાં પહેલાં મનુષ્યે કંઈક કરી નાંખ્યું. અચેતન મનમાં સમાયેલાં વિઘ્નો ચેતન સ્તર પર પ્રગટ થવા માંડે છે, અને નિરીક્ષણની અવસ્થા વ્યવહારમાં છૂટી જાય છે.

અચેતનમાં જે ગ્રંથિઓ છે, જે ગૂંચવાડા છે, અતૃપ્તિઓ છે, જે વિકૃતિઓ છે, એ વ્યવહારમાં પ્રગટ થયા સિવાય રહી શકતી નથી. એટલે જ સવારમાં કહ્યું હતું કે ગ્રંથિઓને, વિકૃતિઓને, અવરોધોને જાણી જોઈને, ખોદીને, ઉપર લાવીને, ભડકાવીને પ્રગટ કરવાની કોશિશ એ અવૈજ્ઞાનિક છે, એને ઈચ્છાયોગ્ય નથી, બિનજરૂરી છે. એમાં પોતા પ્રત્યે હિંસા છે, પોતાની સાથે જબરદસ્તી છે. હમણાં કેલિફોર્નિયામાં એક નવી ચિકિત્સા-પદ્ધતિ નીકળી છે. એમાં માનસિક રોગીઓ માટે, જે ગંભીર દશામાં છે, એમને માટે આ ચિકિત્સાનો એક હદ સુધી પ્રયોગ થાય છે. પણ જે ગંભીર માનસિક રોગી નથી બન્યાં, એવી તમારા અને મારા કામની વાત હું કહી રહી છું.

જે અવરોધો છે, જે વિકૃતિઓ છે, ગ્રંથિઓ છે, એ વ્યવહારમાં આ ચેતન મનના હેતુઓ પર, ઉદ્દેશો પર પાણી કેવી રીતે ફેરવી દે છે, કેવી રીતે ચેતન મનને પણ ગુલામ બનાવી દે છે, બુદ્ધિને પણ ગુલામ બનાવી દે છે, એ જોવાનું શરૂ થઈ જાય છે. આ જોવું, આ અવલોકન એ કાંઈ ખેલ નથી. એ ઘણી ગંભીર બાબત છે. જ્યારે હું અવલોકન, નિરીક્ષણની વાત કરું છું ત્યારે લોકો કેટલીક વાર મજાક કરે છે. આત્મવિશ્લેષણ, પરીક્ષણ, વિવેચન, એ જુદાં છે. એને એ સમજતા નથી. ક્રિયામાં હેતુ જોઈએ, કર્તૃત્વભાવ જોઈએ. ખાસ હેતુ સિવાય ક્રિયા થતી નથી. વિશિષ્ટ અભીપ્સા, આકાંક્ષા વિના ક્રિયા થતી નથી. નિરીક્ષણ વખતે, આપણને ખબર નથી કે અચેતનમાંથી શું નીકળવાનું છે.

જ્યારે માનવ બાહ્ય પરિસ્થિતિ માટે જાગ્રત થઈ જાય છે, ત્યારે અંદરના અચેતન મનની પ્રતિક્રિયાઓનું સ્વરૂપ એને દેખાય છે. ચેતન મનને નિયંત્રણમાં રાખવાવાળી, નિયમન કરવાવાળી, અચેતનની જે ત્રીજી શક્તિ છે, તે હવે જુએ છે. આ અવલોકનનું ક્ષેત્ર કેવું વ્યાપક થતું જાય છે ? અવધાનનું ઊંડાણ વધે છે;

અને દર્શનની વ્યાપ્તિ વધે છે. બન્ને એકસાથે ચાલે છે-અવધાનની ઉત્કટતા, ઊંડાણ અને દર્શનની વ્યાપ્તિ, ત્યારે માણસનો ઘમંડ તૂટવા માંડે છે. એની પોતાને માટે જે ધારણા તૂટવા માંડે છે. હું ઘણો હોશિયાર વ્યક્તિ છું, મારામાં ક્રોધ નથી, મારામાં કામવિકાર નથી, મારામાં ઈર્ષ્યા નથી, આ ભ્રમ તૂટે છે. ચેતન મન પર વિવેકનો ચાબુક ચલાવી ચલાવીને વાસનાઓને, ભાવનાઓને એણે કાબુમાં રાખી હતી. અચેતનમાં વિવેકનો ચાબુક ચાલતો નથી. નીતિ નિયમોનું દબાણ ત્યાં કામ કરતું નથી, કારણ કે અચેતનની પાછળ જે ગતિ છે, એ વ્યક્તિના મનની ગતિ નથી, આનુવંશિક છે, વારસામાં આવી છે. માતા-પિતાની, કુટુંબની, જાતિની, ધર્મની, જે સમાજમાં, સમૂહમાં આપ રહો છો, ત્યાંની સામાજિક, આર્થિક સંદર્ભની બધી વાસનાઓ, બધી ધારણાઓ, બધી પરંપરાઓ અચેતનમાં પડી છે. એ ત્યાં ગતિ ધારણ કરે છે, ત્યારે એનો ઘમંડ તૂટે છે. ચાહું છું એક અને થાય છે બીજું 'જાનામી ધર્મમ્ ન ચ મે' प्रवृत्तिः जानाम्यधर्मम् न च मे निवृत्तिः, એના જેવી કરુણ દશા થાય છે. એ દશાની અનુભૂતિનું નિવેદન થવા માંડે છે, કે હું મારી જાતને શું સમજતો હતો, અને આ અંદર શું સંસાર પડયો છે; સંસાર બહાર નથી, પૂરેપૂરો અંદર છે. અંદરની અરાજક અવસ્થાને પહેલાં જોવી છે. અવ્યવસ્થા અરાજકતા કયાંથી પેદા થઈ, એ જોવાનું છે. હવે સિતારની જે ખીંટી છે, તે પર હાથ પહોંચશે. પરંતુ સૂરને મેળવશો કેવી રીતે ? લોકો એમ સમજે છે કે સંસાર બેસૂરો છે. અરે ! સંસાર બહાર નથી. પ્રથમ તો અંદર છે, પછી બહાર છે. અંદરના જેવો આપણે બહાર બનાવી લઈએ છીએ.

આમ, ચેતન મનના પડદા પર આ અચેતનનું પ્રક્ષેપણ થવા માંડે છે. આંખ બંધ ન કરી લેશો, જેમ વિશ્વામિત્રે કરી લીધી હતી, 'આ મારું નથી.' આ માતાપિતાનું છે, એટલે હું જવાબદાર નથી. આ સમાજનું છે એટલે હું જવાબદાર નથી. જે કાંઈ ઉપર આવે છે, એનો હું લાચાર શિકાર છું, આ પ્રમાણે શહીદીમાં અને આત્મદયામાં ન જાઓ. પ્રથમ જ કહ્યું હતું કે જિજ્ઞાસાનો પ્રાણ સ્વાધીનતા છે. અને સ્વાધીનતામાં જવાબદારી ઉઠાવવી પડે છે. જે કાંઈ મારી પાછળ છે, યુગાનુયુગ છે, સામુદાયિક ગતિ છે, હવે તેની સાથે હું શું કરું ? આ એની ગતિ છે, હું જવાબદાર નથી. હું તો એનો શિકાર છું. આ રીતે આત્મદયામાં, નિરાશામાં, હતાશામાં ચાલ્યા જશો તો અવસાદ અને વિષાદ સિવાય કાંઈ હાથમાં આવશે

નહીં, હવે 'હું જવાબદાર નથી' એમ માનવ કહે તો પીડાવાદી બનશો. અને માનવને પીડાવાદ જેવી જીવનથી વિમુખ બનાવનારી કોઈ કટુતા નથી. એ તો 'અહમ્ પાવિત્ર્ય'માં લઈ જશે, 'હું તો સારો છું' અગર 'મને ગરીબ બિચારાને, બીજાએ આવો બનાવ્યો.' આવા પ્રકારની લાચારી અને વિવશતામાં જો તમે ફસાઈ જશો તો લાચારી અને વિવશતાની મનોદશા, અને ગુલામીની મનોદશા એમાં બહુ અંતર નથી. લાચારી અને વિવશતા, એ સ્વેચ્છાએ ગ્રહણ કરેલી ગુલામી છે. એમાંથી આગળ વધતાં માનવ શહીદ બનવા તૈયાર થાય છે. સ્વાધીનતા અને સાહસનાં બળથી જોઈ લેવું જોઈએ, કે આ પ્રવૃત્તિઓ આ અવરોધો, આ ટેવો, મારી પોતાની કેળવેલી નથી. પરિવારનાં, ધર્મનાં, જાતિનાં, વંશનાં, સમાજનાં, આ પ્રકારના અનેક સંસ્કારો મારા સ્વરૂપમાં છુપાયેલાં પડયા છે, તે વિશ્વરૂપ દર્શન જેવું કંઈ થાય છે.

આ નિયંત્રણ અને આનું નિયમન, ચેતન મનનું, બુદ્ધિનું થોડા મુઠ્ઠીભર નિયમો શિખવાડીને હું કરીશ, એ માનવનો વ્યર્થ અહંકાર છે. માનવે અચેતનના દમનની, નિગ્રહની અનેક કોશિશો કરી છે, અનેક રસ્તા કાઢયા છે, યુક્તિઓ અજમાવી છે, તો પળવાર માટે ચૂપ રહે છે, ખામોશ રહે છે. અચેતનની ક્રિયા થોડીવાર માટે બંધ રહેવી, એ તો મૌન નથી. આપ જેટલીવાર ધ્યાન આપશો તેટલો વખત ચૂપ રહેશે, જ્યાં તમારું ધ્યાન ન રહ્યું કે ફરીથી શરૂ થાય છે. નટખટ બાળકો કેવા ચૂપ બેસે છે ? જો મા જોઈ રહી હોય તો એક ખૂણામાં ચૂપ બેસે છે. મા ગઈ એટલે ઊઠીને ભાગે છે. આવાં અચેતનની દોડાદોડમાં ચેતન બિચારું બધાં નીતિ, નિયમ, ધર્મ, શાસ્ત્ર, વિધિ, વિવેક, લઈ લઈને બેસે છે, છતાંયે હેરાન થઈ જાય છે, થાકી જાય છે. કારણ કે અહીં તો ચેતન મનની એકલાની ગતિ-આ જન્મની ૨૦ વર્ષ, ૫૦ વર્ષ, ૬૦ વર્ષ, ૮૦ વર્ષની ગતિ, અને ત્યાં તો હજારો વર્ષની ગતિ પડી છે. એ પ્રવૃત્તિઓની પાછળ તમારાં શારીરિક અને માનસિક યંત્રમાં, હજારો વર્ષના સંસ્કાર મળી-ભળી ગયા છે. આ તથ્યને જોવું જોઈએ.

અચેતનની પાસે તો કૌરવ-સેના, યાદવ-સેના છે, એક એક કરીને કયાં સુધી એને મિટાવશો ? જો જોવાની અવસ્થા કદાચ સ્થિર થશે તો અચેતન, ચેતન મન પર પ્રક્ષેપિત થતું રહેશે. આને પણ પહેલાં રોકશો નહીં. રોકવાના

પુરુષાર્થમાં અગર પ્રયત્નમાં પડશો તો અવલોકન છૂટી જશે, અને આ અવલોકન, આપને અચેતનનો સાક્ષાત્કાર કરાવે છે. આ જોવાને બદલે કર્તા અને ભોકતા બની જશો તો પછી અવલોકનની જે આગળની યાત્રા અટકી જશે. એ યાત્રામાં ક્રોધ આવે તો તે સાથે હું શું કરું ? કામના ઊઠી તો કામ સાથે હું શું કરું ? કરવાનું કંઈ જ નથી. આપણે કાંઈ કરવા તો ગયા જ ન હતા. આપણે ઓરડામાં જઈએ છીએ, શાંતિથી બેસીએ છીએ, એ કંઈ કરવા માટે નહીં, કંઈ પામવા માટે નહીં, અને વચ્ચે વચ્ચે મન ફરીથી કહેશે. આ કરો, આ ભોગવવા માંડો, કંઈક કરો.

માટે અવલોકનની, જોવાની અવસ્થા છૂટી ન જાય, એ જરૂરી છે. અને જે અંદરના અવરોધો, અવધાનના પ્રકાશમાં આવે છે, એની પકડ ઢીલી પડતી જાય છે. ઉત્કટતા હોય તો તો એ પકડ ઘડીકમાં છૂટી જાય છે. અને ઉત્કટતા ન હોય, શરીરમાં એટલી શકિત ન હોય, ચિત્તમાં ઉત્કટતા ન હોય તો પકડ ઢીલી થઈ જાય છે. એનો ડંખ નીકળી જાય છે, કારણ કે અવધાનનો પ્રકાશ લાંબો સમય સુધી કોઈ વિકૃતિ સહન કરી શકતો નથી. વિકૃતિનો ડંખ નીકળી જાય છે. પકડ ઢીલી પડી જાય છે. પકડ ચાલુ રહે તોપણ ડંખ નીકળી જાય છે. તમારા પ્રતિસાદોને વિકૃત બનાવવાનો અવસર મળતો નથી. એ આવે છે, જરા ઊઠે છે, પરંતુ તમે તો કામ કરતા હો છો, બજારમાં ગયા છો, ઓફિસમાં ગયા છો, કામ પર ગયા છો, ઘરમાં રસોઈ કરી રહ્યા છો. તમે બેસતા નથી, અવલોકન થઈ રહ્યું છે. તમારા વ્યવહારને વિકૃત બનાવવાનું, દૂષિત કરવાનું, કલુષિત કરવાનું, આવા અવરોધ, આવી મુશ્કેલીઓ એ પ્રતિસાદો કરી નથી શકતા. એ ઊઠે છે, પહેલાં એ પ્રતિસાદ ઊઠતો ત્યારે આપણે તુરત ગુલામ બની જતાં અને વ્યવહાર એ પ્રમાણે થઈ જતો. અચેતનના ઈશારા પ્રમાણે પહેલાં ચેતન ચાલતું. હવે એ ઈશારા પ્રમાણે ચલાવવાની શકિત ખલાસ થઈ ગઈ છે. અને ક્રોધ આવ્યો તોય ડંખ નીકળી જાય છે. ક્રોધ વ્યકત થતા સુધીમાં એની ઉત્કટતા ખલાસ થઈ જતી અને ભાન થઈ જતું કે આ શું થઈ રહ્યું છે ? ત્યારે તરત જ એ માણસ કહે છે, ક્રોધ આવ્યો પણ સામેથી જતો રહ્યો. આ પ્રમાણે અવધાનના પ્રકાશમાં અવરોધોનાં પરિમાણનું ઢીલું પડવું, ડંખ વિનાનું બનવું, એવું થઈ જાય છે. એની ક્રિયાશીલતામાં જે ગતિ ભરેલી છે, એ મંદ પડવા માંડે છે. પકડનું ઢીલું પડી જવું, ડંખનું નીકળી જવું, અને એની પોતાની ગતિનું ઢીલું પડી જવું, એમ એ બધુંયે થવા માંડે છે.

જો આમ થવા દીધું તો, હજુ મૌનની શરૂઆત નથી, હજુ આપણે મૌનની ગુફામાં જઈ રહ્યાં છીએ. આ તો જતાં જતાં યાત્રામાં જે દેખાય છે, તેની વાત કહી રહી છું. જ્યાં સુધી દશ્ય છે, ત્યાં સુધી દષ્ટા જીવતો રહે છે. જ્યાં સુધી દશ્ય ત્યાં સુધી અવલોકનનું વિસર્જન થતું નથી. અને મૌનમાં તો આ અવલોકનનું પણ વિસર્જન થઈ જાય છે. તો પહેલાં તો અચેતન, અહંકારને લીધે આત્મદયા, હતાશા અને નિરાશા તથા શહીદ થવાની ભાવનામાં ન ગયા હોય તો નિરંહકારીપણું તથા વિનમ્રતાનો જન્મ થાય છે. હવે અપરાધોને પ્રકાશમાં આવવા દો, શરમાશો નહીં, અવરોધો અને વિકૃતિઓથી શરમાશો નહીં. માનવ પોતે પોતાના તરફ જોવા ઈચ્છતો નથી. જેટલો સુંદર ભાગ છે, એટલો જોવા ઈચ્છે છે. જેથી અંદરની કુરૂપતા, વિકૃતિઓ સામે આવવા માંડી તેવી એને ઢાંકી દેવા ચાહે છે. સમર્થન કરવું એ વિકૃતિને ઢાંકવાનો પ્રયત્ન છે. સમર્થન, સ્પષ્ટીકરણ એ બધાં સુરક્ષાના યંત્રો છે. તે એકાંતમાં બેઠો છે,એટલે ત્યાં સુરક્ષાનું કંઈ કામ નથી. એટલે નિરહંકારિતા, વિનમ્રતા આવી ગઈ હોય અને અહીં અચેતનની ગતિનો ડંખ તથા પકડ નીકળી જાય, તો ગતિ ઢીલી પડી જાય. જો આ વખતે અવલોકનની અવસ્થા ચાલુ રહે, તો અચેતનની ગતિ શાંત થતાં જ વિકૃતિઓ અને અવરોધો ઉપર આવશે. પછી તો આપણી અંદર સમગ્ર માનવજાતિનું જ્ઞાન પડયું છે, સંસ્કાર પડયા છે, અનુભૂતિઓ પડી છે, એ પણ ઉપર ઊઠવા માંડે છે.

જિસસને જે અનુભૂતિઓ થઈ હતી, એ અંદર પડી છે. સિદ્ધાર્થની બુદ્ધ થવા સુધીની યાત્રા અંદર પડી છે. બુદ્ધ અંદર છે, નાગાર્જુન અંદર છે, અભિનવ ગુપ્ત અંદર છે, ઈસુ અંદર છે, મુહમ્મદ અંદર છે, આપણા મહાવીર, જે કોઈ જીવી ગયા, રમણ, અરવિંદ, રામકૃષ્ણ, રામતીર્થથી લઈને હજારો વર્ષ પહેલાં જે કોઈ આપણી પહેલાં જીવી ગયા એ બધાની તથા એ પંથે વિચર્યા એ બધાની અનુભૂતિઓ અંદર પડી છે. આ બધી એક પછી એક, એમ ઊઠે છે. જૈનધર્મમાં શરીર જન્મ્યું હોય તો પહેલાં તે સંસ્કાર ઊઠશે. આદિનાથ, નેમિનાથ, મહાવીર જે પણ તીર્થંકરો થયા એમનો સગુણ સાક્ષાત્કાર થશે. બૌદ્ધ શરીર હશે તો બુદ્ધનો સાક્ષાત્કાર થશે. અવલોકીતેશ્વર, મૈત્રેય, વગેરેનો થશે. હિન્દુ હશો તો એના શિવ છે, રામ, કૃષ્ણ છે, દેવીઓ છે, જે કોઈ હોય, એ બધા સંસ્કાર અંદર પડયા છે,

ખ્રિસ્તી હશો તો 'કુમારી મેરી', માતા અને દિવ્ય બાળક સંત પોલ વગેરેનો સગુણ સાક્ષાત્કાર થશે. સાક્ષાત્કાર કયાંયે બહાર નથી થતા. સાક્ષાત્કાર થાય છે, દૃષ્ટાંત થાય છે. પહેલાં સગુણ અને સાકારનો સાક્ષાત્કાર થાય છે, કારણ કે સગુણ અને સાકાર સઘળું અંદર પડયું છે. એનાથી ઘણું સુખ થાય છે. અને જોવાનું, અવલોકનને પડતું મૂકીને સુખ લૂંટવાની ઈચ્છામાં માણસ કૂદી પડે છે. આ અતીન્દ્રિય અનુભૂતિ છે. આ ઈન્દ્રિયો મારફતની અનુભૂતિ નથી. આમાં અનુભૂતિનો વિષય બહાર નથી. એટલે અનુભૂતિમાં વધારે સ્વાધીનતા આવે છે, વધુ સુખ છે, વધુ માદકતા, વધુ નશો છે.

સગુણ સાક્ષાત્કાર જેને થઈ જાય છે, એવા વિરલ વ્યકિતને આંખથી જુઓ, પછી એ ઈસાઈ ધર્મનો છે, ઇસ્લામ ધર્મનો છે, હિંદુ, જૈન કે બૌદ્ધ ધર્મનો છે, એની આંખમાં એક જુદો જ નશો છે; જાણે કે શરાબીની આંખ હોય, જેમ કે ચેતનાવિસ્તારક ઔષધિ લેનારાની આંખો હોય છે. જો આ સાક્ષાત્કારની ઘટનાઓમાં મનુષ્ય એકરસ થઇ જાય તો એની આંખો બદલાય જાય છે, ક્રિયા બદલાય જાય છે; જો એકરસ ન થાય, પ્રસંગ બની જાય, અનુભૂતિ થઈ, અને આગળ નીકળી ગયો હોય તો એની દૃષ્ટિની પ્રસન્નતા દૃષ્ટિનું સંતુલન વિકૃત થતું નથી. પરંતુ જો માણવા માંડયું, તો ઈન્દ્રિયોના સુખનો પણ નશો છે. ભાઈ ! માણસ ભોજન કરે છે, એની આંખ, એનું સુખ જુવો. નિદ્રાને વિષય સમજીને એમાં ડૂબી જનારની આંખો જુવો, એમાં સહજતા, સરળતા, ઋજુતા, પ્રાંજલતા રહેતી નથી. એનું કારણ છે. નશાનો દરેક પ્રકાર અંદરની શાંતિ અને સંતુલનમાં વિકૃતિ લાવે છે. તો સગુણ, સદેહ સાક્ષાત્કાર થાય છે, એને કોઈ ટાળી શકતું નથી. કેટલાક લોકો એને જ શોધમાં એની પાછળ પડે છે, અને એની જ અધ્યાત્મ સમજીને એમાં ડૂબી જાય છે.

જ્યાં સુધી રૂપની, આકારની તૃપ્તિ છે, જ્યાં સુધી દૃષ્ટા-દૃશ્ય, કર્તા-કર્મ, જ્ઞાતા-જ્ઞેય, ભોગવનાર-ભોગવવાનું-આ દ્વન્દ્વત્વનો સંબંધ કાયમ રહી શકે છે, ત્યાં સુધી અધ્યાત્મનું ક્ષેત્ર શરૂ નથી થતું. એ ધર્મનું ક્ષેત્ર છે. એવા સગુણ સાક્ષાત્કારમાં જે રહે છે એની શકિતઓ વધે છે, માનસિક શકિતઓ વધે છે. કેટલીક વૃત્તિઓમાં આમ તેમ થોડો સુધારો થાય છે. આ બધું તો થશે. માટે જિજ્ઞાસા તત્પર ન હોય, સ્વાધીનતા અને સંયમની અભીપ્સા ન હોય, તે માનવ

અવલોકન છોડીને એમાં ડૂબી જાય છે. આવા કેટલાયે છે. તો જેમ પ્રાપ્ત કરવાની કેટલીક શક્તિઓ છે, એવાં સગુણ સાક્ષાત્કારમાં બબ્બે, ચાર-ચાર કલાક વિતાવનારા જે લોકો છે, એમની પણ શક્તિઓ વધે છે. એમાં ડૂબી જઈને અટકે નહીં, રોકાય નહીં, તો આગળ વધશે. તો સુખ છે, ઈન્દ્રિયોને પણ સુખ છે ને ? એમાં માનવ રોકાય નહીં, ફસાય નહીં, તો સદેહનું, સાકારનું દર્શન શાંત થાય છે. પરંતુ નિરાકાર, અને સગુણના દર્શન શરૂ થાય છે. અચેતનમાં પડેલી જ્યોતિ દેખાશે, નાદ સંભળાશે. એટલે પ્રકાશનું દેખાવું, નાદનું સંભાળવું, સુગંધનું આવવું, આ પ્રકારની અનુભૂતિઓ શરૂ થાય છે. આ નાદ કયાંય બહારથી નથી આવતો, ભલે તે પ્રણવનાદ હોય, ભલે તે બંસરીનો નાદ હોય. ભલે તે ડમરુનાદ હોય, આ બહારથી નથી આવતા. અંદર નાદ પડયા છે. નાડીઓમાં રકત રહે છે, પ્રાણ-તત્ત્વ રહે છે, એ જ રીતે નાદ પણ છે, સ્પંદ પણ છે.

નાદરૂપ સ્વયમ્ બ્રહ્મા, નાદરૂપો જનાર્દન,
નાદરૂપા પરાશક્તિ નાદરૂપો મહેશ્વરઃ

પ્રભુનો એક છંદ છે, એ નાદ છે. અખંડિત છે એટલે શરીરની અંદર પણ નિનાદિત થતો રહે છે, નાદ વહે છે. હવે આ સ્પંદ શું છે, એ સ્પંદોનું વિજ્ઞાન શું છે, એના ઊંડાણમાં આજે હું ઊતરી શકતી નથી. પણ આ હકીકત છે. આ હકીકત છે, એટલું જ કહેવાનું.

તો નાદ સંભળાય છે, પ્રકાશ છે. જ્યાં પંચમહાભૂતોનું મિલન છે, સંયોગ થાય છે, કયાંક સંઘર્ષ થાય છે, એનો જ્યાં સંપર્ક થાય છે, તો રૂધિરાભિસરણની ગતિ વધવાથી, એક પ્રકારનો પ્રકાશ થાય છે. શ્વાસોચ્છ્વાસની ગતિમાં-લયમાં બીજા પ્રકારનો પ્રકાશ છે. આખરે તો તમને જે આલોક અને પ્રકાશ દેખાય છે, આપના જે દર્શન કરવા માટે ઉપયોગી સ્નાયુ, જ્યાં આંખો પાસે જોડાયેલા છે એના પર તણાવ દબાણ તમે થોડું વધારી ઘટાડી જુઓ તો ખરાં ! આંખને જ નહીં પણ આસપાસની નસોને પણ, આંખોની સામે જુદા જુદા પ્રકારના રંગો દેખાશે, એ જ પ્રમાણે અંદર પણ અંદરની નાડીઓમાં દબાણ તણાવ-વધવા ઘટવાથી પ્રકાશ થતો રહે છે, અને મૌનમાં બેઠેલી વ્યકિતના અવલોકનમાં સ્થિર થયેલી વ્યકિતને, એ પ્રકાશ દેખાય છે, એમાં કોઈ મોટી વાત નથી.

તો, આ થઈ સગુણ, પણ સાકાર નહીં એવી અનુભૂતિઓ. એ પછી નિર્ગુણ અનુભૂતિઓ થાય છે એ સદેહ સાકાર હોય કે સગુણ સાકાર પણ હોય, એ પછી સગુણ નિરાકાર હોય કે પછી નિર્ગુણ નિરાકાર હોય. એ રીતે આ જીવનમાં એ પ્રક્ષેપણ થાય છે. અચેતનમાં તો બહુ મોટો ખજાનો છે. દરેક માનવના મનમાં આખીયે માનવજાતિનું જ્ઞાન અને અનુભવની સમૃદ્ધિ ભરપૂર પડી છે. એ ઉપર આવવા માંડે છે. હવે આ નાદ અને પ્રકાશ એ બધું દેખાવા માંડે છે. માટે મનુષ્યને કેટલી મસ્તી આવે ! ઈન્દ્રિયો આવે વિષયોના સંબંધથી આપને મસ્તી આવે છે. સુંદર દશ્ય જોવાનો એક નશો હોય છે. ફરીથી આવ્યા, એક પ્રકારની મસ્તી આવે છે. સરસ ભોજન ખાધું, એનો નશો આવે છે. એ જ રીતે અસીમની અનુભૂતિનો નશો છે. અનુભૂતિ જેટલી વધુ સૂક્ષ્મ એટલો નશો વધુ. એ પ્રમાણે ઉત્તરોત્તર વધારો થતો જાય છે. એની ઘણીબધી શક્તિઓ પણ જાગી ઊઠે છે. જેમ કે જે રોજ ચાલવાવાળો છે; ૫ માઈલ, ૭ માઈલ, ૧૦ માઈલ, એના પગની ચાલવાની શક્તિ વધતી રહે છે. એની ક્ષમતા વધે. સાહસ વધે છે, સારો ખોરાક લેનાર હોય, અતિરેક ન કરે, પણ ઉચિત પ્રમાણમાં ખોરાક લે, એની ખોરાક લેવાની અને પચાવવાની શક્તિ વધે છે. એ જ પ્રમાણે એ સૂક્ષ્મમાં અનુભૂતિઓ મેળવતો આગળ ચાલ્યો જાય છે, એમ સંવેદનશીલતા વધે છે અને શક્તિઓ પ્રગટ થવા માંડે છે.

લોકો એમ સમજે છે કે એ કેટલી મોટી આધ્યાત્મિક વ્યક્તિ થઈ ગયો. આપ બોલો નહીં, તો પણ એ ઓરડામાં બેઠો બેઠો તમારાં વણબોલ્યાં વિચારોને વાંચી લે છે. કારણ કે અંદર વિચારો ઊઠે છે. (જેણે સ્પંદશાસ્ત્રનું વિજ્ઞાન જાણ્યું છે) એ સ્પંદનની સાથે મૈત્રી-દોસ્તી થઈ તો જે વ્યક્તિ ઓરડામાં આવે એનામાં શું શું ચાલે છે એની સાથે સંપર્ક થઈ જાય છે, વણબોલ્યાં વિચાર એ વાંચી બતાવશે. કોઈ વ્યક્તિને જોશે તો એનાં હાડકાં, મજ્જા, ચામડી પરની રેખાઓ જોઈ તે એના ભૂતકાળનો ઈતિહાસ બતાવી દે છે, અને જેમ અક્ષરો બોલે છે એમ જ રેખાઓ બોલવા માંડે છે. પુસ્તકોમાં લખેલા અક્ષરો, આપ વાંચી નથી લેતા ? એ તમારી સાથે બોલે છે, એ જ રીતે રેખાઓ બોલે છે. શરીર પરની મુદ્રાઓ બોલે છે. એનું ઊઠવું-બેસવું પણ બોલે છે, આંખો બોલે છે-બધું જ બોલવા લાગે છે. તો એવી વ્યક્તિની શક્તિઓ વિકાસ પામે છે. માનસિક શક્તિઓ, બૌદ્ધિક શક્તિઓ

વિકસિત થાય છે. મનુષ્યને એમાં એટલું સુખ મળે છે કે અવલોકન છોડીને એ સુખમાં ડૂબી જાય છે.

અતીન્દ્રિય શક્તિઓ, સૂક્ષ્મ શક્તિઓના ઉપયોગની ઈચ્છા હોય એનું સુખ માણવું હોય, અજમાવવું હોય, એનો અનુભવ લેવો હોય, તો માનવ એમાં જાય, જુએ, કરે, પણ એટલું કહી દઉં કે એ કોઈ આત્મદશા નથી. એ મૌન નથી. એ નિર્ગ્રન્થ અવસ્થા નથી. કૈવલ્યાવસ્થા નથી, નિર્વાણ નથી. આટલું સમજીને એમાં રોકાય. જો માનવ એમાં ન રોકાયો, એમાં ન ફસાયો તો આગળ વધશે. આ ઘટનાઓ થતાં જ અચેતનનું પ્રક્ષેપણ થશે. પરંતુ ઘટનાને અનુભૂતિ બનાવીને એના રસને ચૂસવા જો એ એમાં રોકાશે નહીં, તો આ ઘટનાઓ પણ શાંત થઈ જાય છે. જેમ તમે ભોગમાં અગર ત્યાગમાં રોકાતાં નથી. જેની ગતિને આપ રોકતાં નથી, એ પોતાની ગતિને સમાપ્ત કરી લે છે, શાંત થઈ જાય છે. એની અનુભૂતિઓ આપોઆપ શાંત થાય છે. અનુભૂતિઓને આપ વટાવવા માંડશો, અને એને વ્યક્ત કરવા અગર એનું પ્રદર્શન કરવા તથા તેમાં આપની કોઈ વિશેષતા માનવા માંડશો, એનાથી આવવાવાળી શક્તિઓને તમારી વિભૂતિ સમજવા માંડશો તો આપણાં સમાજમાં તો એટલાં ભોળા લોકો છે, એટલાં મૂર્ખ લોકો છે, અને પછી અધ્યાત્મના નામે દંભ અને પાખંડને માટે કેટલી જબરી શક્યતા છે, કારણ કે અવ્યક્તની શક્તિ છે ને ! તો ભોળા લોકો તો માની લેશે; એવી શક્તિવાળાની પાછળ પછી એ દોડશે.

માટે શરીરની શક્તિને વધારીને જેમ લોકો સરકસ કરે છે, સરકસમાં વ્યાયામ પ્રદર્શન થાય છે, જેમ વૈજ્ઞાનિકની સભાઓમાં, સંવાદમાં વૈજ્ઞાનિક બૌદ્ધિક વ્યાયામ ચાલે છે, એમ જ અતીન્દ્રિયના, અસીમના ક્ષેત્રમાં પણ આ પ્રદર્શન ચાલે છે. આ રીતે એ એક સાહસનું કામ છે. યુવાનોને ઈચ્છા થઈ, તો જાઓ, જુઓ વિધિપૂર્વક, પણ એ અધ્યાત્મ નથી. મન જાગ્રત છે, હજી એ જોઈ રહ્યું છે, અને દશ્યોને એણે ભોગ્ય બનાવ્યા છે, એમાં રસ પડે છે. એનું સુખ માણી રહ્યા છે, એટલું જ સમજી લો. જો એમાં એ પ્રમાણે ન કર્યું, તો એ શાંત થઈ જાય છે અને જ્યાં દશ્યો શાંત થાય છે, ત્યાં દષ્ટાનું વિસર્જન થાય છે. જ્યાં સુધી દશ્યો શાંત નથી થતાં ત્યાં સુધી દશ્યોનું ક્ષેત્ર અંદર હાજર પડયું છે. અવધાનમાં ન આવ્યું હોય તેવા ક્ષેત્રના અંધકારમાં એ પડયા છે. અવધાનમાં ન આવ્યું હોય

તેવા ક્ષેત્રના અંધકારમાં એ પડયા છે, ત્યાં સુધી દષ્ટાનું વિસર્જન કરવાના સૌ પ્રયત્નો નિષ્ફળ જાય છે. એને તમે કેદમાં રાખી શકો છો. લોકો એમ નથી કહેતા કે સંસારમાં, ઘરમાં રહેવાથી મન જરા લલચાશે માટે ઘરબાર છોડીને જંગલમાં જાય છે. અર્થાત્ મનને કેદી બનાવી તમે તાળું મારો છો. તારી સામે નાદ નહીં. આવવા દઉં, આકાર નહીં આવવા દઉં, સુગંધ નહીં આવવા દઉં પછી તું શેનાથી લલચાઈશ ? આ પ્રમાણે મનને કેદી બનાવી દઈએ છીએ, તાળામાં રાખીએ છીએ. નિગ્રહના તાળામાં રાખીએ છીએ, ને ? એમ નહીં, તેથી એ શાંત થતું નથી.

એક જગ્યાએથી નિગ્રહ કરો, તો બીજી જગ્યાએ ભોગ અને વાસના એટલી પ્રબળ થઈ ઊઠે છે, કે તે બેવડો બદલો લે છે. જો દશ્યોને શાંત થવા દીધાં, એટલે અવલોકનની અવસ્થા સ્થિર થવા દીધી, તો હવે દશ્ય શાંત થયાં છે, એટલે દષ્ટાનું વિસર્જન થયું છે. દષ્ટાનું વિસર્જન થયું છે એટલે ચેતનાના ક્ષેત્રમાં હવે ન કોઈ કેન્દ્ર છે. કે ન કોઈ પરિધિ છે. હવે સ્વસંવેદનશીલતા જે માનવ ચેતનાનું શીલ છે, તે ફકત રહેશે. સ્વસંવેદનશીલતાનું કોઈ કેન્દ્ર નથી. જ્યાં કેન્દ્ર નથી, દશ્ય શાન્ત થઈ રહ્યા છે, અને દષ્ટાનું વિસર્જન થઈ રહ્યું છે. આ ઘટના ઘટવા માંડે છે, ત્યાં આપણો જે અહંભાવ છે, 'હું છું' આ જે ભાવ છે, તન અને મન સાથે તદાત્મતા રાખવાવાળી જે એક ઘનિષ્ઠ પૂંજીભૂત એકતા રહે છે. જેમ બરફ બને છે ત્યારે પાણીનો ટુકડો એક આકાર બની જાય છે, નહીં તો પાણીનો કોઈ આકાર નથી. એ જેવું વાસણ તેવો આકાર ધારણ કરે છે, પાણીનો પોતાનો કોઈ આકાર નથી. એ પ્રમાણે ચેતનાનું એના પોતાનામાં કોઈ કેન્દ્ર નથી, કોઈ આકાર નથી. સાડા ત્રણ હાથના આ શરીરમાં એ ભલે સ્થિર થઈ જાય, પણ ચૈતન્યનો, આત્માનો કોઈ આકાર નથી.

હવે આ જે કેન્દ્ર હતું, આ દષ્ટા-ભાવમાં, ભોકતા અને કર્તા હતો, એનું જ્યારે વિસર્જન થવા માંડે છે, ત્યારે એનો છેલ્લો તડફડાટ છે. ભોકતૃત્વ લઈ લીધું, કર્તૃત્વ પણ લઈ લીધું. ઓછામાં ઓછું દષ્ટાપણું તો રહેવા દો, પછી હું શું કરીશ ? પછી એ રડવા માંડે છે. એને કંઈ દેખાતું નથી. ના કોઈ દિશાઓ દેખાય છે, ના કોઈ પ્રકાશ દેખાય છે, ના કર્તવ્ય સૂઝે છે, ના અકર્તવ્યનું ભાન રહે છે. હવે શું કરું ? દષ્ટા વિસર્જન થતા થતાં એ અહંભાવ જોરથી ચીસ પાડે છે; છેલ્લો

તડફડાટ, છેલ્લો પ્રયત્ન છે, કેન્દ્રમાં બેસીને આખીયે ચેતનાને પકડી રાખવાનો, આપણા આખાયે તન-મનના પ્રાણોના માલિકીપણાને કાયમ રાખવાનો એ અંતિમ પ્રયત્ન છે. હું એ રાખીશ જ, હું એ જવા નહીં દઉં. એટલે એ તમને કહે છે. કે આ આપણે કયાં આવ્યા ? અહીં તો કંઈ જ દેખાતું નથી. હવે શું કરીશ ? અહીં કોઈ નથી ? અહીં પોતાનું કહેવાય તેવું તો કશું નથી, કોઈ તદાત્મતા નથી. એટલે કહે છે કે ચાલો, અહીંથી ભાગો, અહીં તો અતલ ખાઈ છે. હમણાં પડી જઈશ. ખીણને તળિયું નથી તો પડવાનું કયાં છે ? એમ અહંકારનું રુદન ચાલે છે. છેલ્લી આહો, એનો આંસુસહ તડફડાટ, એનો દમ ઘુંટાવો-માનવ ગભરાય જાય છે.

મૌનનો સાક્ષાત્કાર હવે થવા માંડે છે. ક્રિયાનું અંતિમ નિર્દેશન સ્વરૂપ, એ પણ હવે શાંત થવા માંડયું છે. કેન્દ્રની સીમિત ચેતનાનું સામ્રાજ્ય જઈ રહ્યું છે. એટલે દેહ, મન અને પ્રાણોનું માલિકીપણું જઈ રહ્યું છે. આ ભાનથી અહંતાની જે ઘેરી ટેવો છે, દેહ-મન-પ્રાણોની સાથે તદાત્મતાની ટેવો છે, એ હવે છુટવા માંડે છે. મૃત્યુ સમયનાં આંસુ, અને મૌન જ્યારે જન્મી રહ્યું છે, મૌન ઘેરવા માંડે છે, ત્યારના અહંકારનાં આંસુ એમાં બહુ ફરક નથી, બંને સરખાં છે. એ કહે છે ચાલો કોઈકને શરણે જાઉં, કોઈનાં પગ પકડી લઉં, કોઈને પૂછું, હવે કોઈ મને બચાવો. અત્યાર સુધી તો અનુભવ કંઈક દેખાતો હતો, હવે તો કશું જ દેખાતું નથી, કશું થતું નથી. ક્રિયા અને અક્રિયાથી પર, દૃશ્ય અને દર્શનથી પર, અહંકારને જીવવા માટે કોઈ કારણ રહેતું નથી. એનાં જીવનનું પ્રયોજન હવે શેષ રહેતું નથી. એટલે એ તડફડાટ છે. આ સત્ય, સાહસમાં ધીરજની કહો, જિજ્ઞાસાની કહો, પ્રામાણિકતા અને સ્વાધીનતાની કહો, અભીપ્સાની પરીક્ષા થાય છે. એમાં જો સ્થિર થઈ ગયા, તો પછી જે થવાનું હોય તે થાય. હવે શું કરું ? કહેવાય છે ને કે અંધકારમાં છલાંગ મારવી તે આ છે. તમે છલાંગ મારવા નથી જતા પણ એ સામેજ આવી ગઈ છે.

કર્તૃત્વ, ભોકતૃત્વ, દષ્ટા-ભાવની અપેક્ષાએ આ અંધકાર લાગે છે. એમાં અંધકાર નથી. આ વખતે આંસુ વહે તો વહેવા દો. તડફડાટ થાય તો ભલે, થવા દો. આ વિકળતા, વ્યાકુળતા, કંઈ જોવા નથી દેતાં, તો શું કરું ? ત્યારે, સંસારની જવાબદારીમાંથી કંઈક સમય માટે રજા લઈને આ અવસ્થાને જીવી લેવી પડે. આ

અવસ્થાથી જે ભાગી જશે, તેને ફરી આવવું પડશે. આ અવસ્થામાં કોઈને શરણે જવું, કોઈનાં ચરણ પકડવાં, એ શરણાગતિ નથી. એ તો બચવાનો સુંદર ઉપાય છે; ખૂબી એ જ છે. અહંકારને બચવા માટે આ બહુ સુંદર ઉપાય છે. કેવી મજા આવે, હું જઈને કોઈની શરણાગતિ લઈ લઉં; શરણાગતિ એ શું કોઈ અહંકારનું કર્મ છે ? શરણાગતિ શું કોઈ ઇચ્છાના પ્રયત્નમાંથી આવે છે ? એ તો નિરહંકારીપણાની અવસ્થા છે. અને શું વિનમ્રતા અને શૂન્યતા એ શરણાગતિ છે !

શરણાગતિ મનનું, બુદ્ધિનું કર્મ નથી. એ અહમ્માંથી જન્મેલું કર્મ નથી. શરણાગતિ, પ્રપત્તિ એ થઈ જાય છે. પ્રપત્તિ તો પ્રેમનો પ્રાણ છે. પણ હજી તો પ્રેમની દશા નથી. હમણાં તો ગભરાટ છે. હવે આગળ શું થશે ? - આગળ શું થશે ? હું કાંઈ નહીં કરું તો હવે શું થશે ? એ જોશે કોણ ? ચિંતા તો એટલી કે જાણે હું નહીં રહું તો મારા બાળકોનું શું થશે ? એની વ્યવસ્થા હું પહેલેથી કરીને રાખું. આ જેમ સંસારીની ચિંતા છે એમ આ જિજ્ઞાસુની ચિંતા છે. હવે હું શાંત થઈ જઈશ, દ્રષ્ટા નહીં રહું, પછી શું થશે ? અહંકારની આ પ્રક્રિયાઓને પ્રશ્ન ન સમજશો. અહંકારની પ્રતિક્રિયા એ જિજ્ઞાસા નથી. તો આ સમયે સાચે જ માણસ તડફડશે, આંસુ આવશે, વ્યાકુળ થઈ જશે. જે દૈનિક કર્મ છે એનો વ્યવહાર એનાથી નહીં થાય. માનવ નાજુક થઈ જાય છે, એટલો સમર્થ નહીં હોય. આ અવસ્થા ઘણી કોમળ છે, જેમ મૃત્યુ સમયે અવસ્થા કોમળ થઈ જાય છે. જો મૃત્યુના પ્રસંગને, એ ઘડીને ભયથી વિકૃત બનાવીએ, તો મૃત્યુની ઘડી પણ જન્મની ઘડી કરતાં કોઈ રીતે ઓછી મંગળ નથી.

તો એવે વખતે ભાગવાનું નથી. પોતાની સાથે જે થાય તે થવા દેવું. શરીર કંપતું હોય, શબ્દ બોલાતો ન હોય, કંઠ અવરોધાતો હોય, આંખો કારણ વિના આંસુ સારતી હોય, એમાંથી પસાર થવાનું હોય છે. પસાર થવું જ પડશે. એટલે હું કોઈ નિયમ નથી બનાવતી એટલું જ કહી રહી છું કે એમાંથી ભાગવું નહીં, જો ભાગી ન જઈએ તો એ આંસુ, એ આહો, એ ચીસો, એ પોકારો, એ વ્યાકુળતા, અહીં-તહીં ભાગીને દોડી જવાની વાસના-આ બધું શાંત થાય છે.

હવે આનાથી આગળ જે ઘટશે-થશે, એને શબ્દોમાં પ્રગટ કરવાનું મારે માટે સારું એવું કઠિન થવાનું છે. હવે નિર્દ્વન્દ્વના સામ્રાજ્યમાં થનારી ઘટનાઓને

દ્વન્દ્વની ભૂમિમાં જન્મેલા શબ્દોની મદદથી કહેવી પડશે. પણ જ્યાં સુધી શબ્દો લઈ જશે, ત્યાં સુધી તો આપણે જઈશું. જ્યાં સુધી શબ્દો જઈ શકે છે, ત્યાં સુધી એને લઈ જવાના હોય છે. જ્યાં સુધી બુદ્ધિ જઈ શકે છે, ત્યાં સુધી બુદ્ધિને લઈ જવી જ પડે છે. બુદ્ધિને શરૂઆતમાં જ છોડી દઈએ કે વચમાં છોડી દઈએ તો એકાંગીપણું થાય છે. કોઈક રૂપમાં કયાંક અને કયાંક જેને વચ્ચે છોડીએ, એનો બદલો લેશે. જ્યારે બુદ્ધિનું સમાધાન નથી કરતા ત્યારે જ એ શંકાઓ રૂપે બદલો લે છે. સંદેહ, સંશય, જે બુદ્ધિનું આપણે સમાધાન ન કર્યું એ બુદ્ધિની વિકૃતિઓ છે. પૂછવું એ જુદી વાત છે, સંદેહ એ બીજી જ વાત છે. તો જ્યાં સુધી બુદ્ધિ જઈ શકે ત્યાં સુધી એને લઈ જવી; જ્યાં સુધી શબ્દ જઈ શકે ત્યાં સુધી એને લઈ જવો. એટલે આપણે હમણાં શબ્દનો આધાર નહીં છોડીએ.

હવે વિચારોનું આવાગમન નથી. હવે દષ્ટા, દશ્ય, દર્શનનો ત્રિકોણ નથી. હવે બધું શાંત છે. દષ્ટાનું વિસર્જન થતાં જ એક અવનવો વિશ્રામ સમગ્રને ઘેરી લે છે. અને શરીરમાં જેમ કોઈ ધાતુ સામ્યની અવસ્થા હોય, ગુણસામ્યની અવસ્થા હોય, એવી એક રાસાયણિક અક્ષુબ્ધ-અવસ્થા જાગ્રત થાય છે. સમગ્રતામાં એક પ્રકારની વિશ્રાંતિ, રાસાયણિક અક્ષુબ્ધ અવસ્થા આવી જાય છે. એ મૌન નથી, તંદ્રા છે, એ જડતા છે; મૌન નથી. મૌનમાં અવધાનની ક્ષમતા એટલી વધી જાય છે, અનેકગણી વધી જાય છે. અવધાનનું ઊંડાણ વધી જાય છે. જે શરૂઆતમાં કહ્યું હતું તે અવધાન અને જાગ્રત સ્વપ્ન, સુષુપ્તિમાં અવધાનનું ઊંડાણ આ બંને પ્રકારની કસોટી આપ લઈ શકો છો. જો મૌનનો અભ્યાસ કરતા હો, શિક્ષણ લેતા હો તો વૈજ્ઞાનિક દષ્ટિકોણ છોડવાનો નથી. વિજ્ઞાન એ અધ્યાત્મની બહુ નજીક છે. રાસાયણિક ક્ષોભનું કોઈ દબાણ અને તણાવ તમારા જ્ઞાનતંતુઓ પર નથી. એવી સુંદર આ અવસ્થા છે.

અહીં મૌન એક પરિમાણ રૂપે આવી રહ્યું છે. આ મૌનનો પરિમાણ જીવી ઊઠે છે. ત્યારે વિચારોમાં, વિકારોમાં, વહેંચાય ગયેલી, વિખરાય ગયેલી, ઊર્જાશક્તિ હતી, એ એના મૂળસ્થાન પર કેવી રીતે પાછી ફરે છે. પોતાની સમગ્રતામાં ઉપસ્થિત થઈ કેવી રીતે કાર્ય કરતી થાય છે, અને સમગ્રતાનું કાર્ય કેવી રીતે ચાલે છે, આ વિષય હવે પછી લઈશું. હું જાણું છું કે અહીં જે પ્રવચનો થાય છે, એનાથી મનોરંજન નહીં થાય. આપને થોડોક થાક લાગશે, એ અનિવાર્ય છે, એને ટાળી

શકાશે નહીં. અવ્યકત ચેતનાનો વિષય છે, એ બહાને હું મનોરંજન કરું, દિલને બહેલાવી દઉં એ થઈ શકશે નહીં.

જેમ એક પ્રયોગ માટે પ્રયોગશાળામાં આપ જાઓ, તેવી ગંભીરતાથી એમાં જાઓ છો. તો વિનંતી છે કે પાંચ દિવસનો સમય છે, થોડો થાક લાગશે અને આપ તે સહન કરી લેશો. આ થાકમાંથી મુકત થવા પ્રવચન બાદ, ભોજન પછી, આપ એકાંતમાં પડયા રહો, અથવા ફરવા જાઓ, અગર વૃક્ષ નીચે બેસો અથવા સાગર કિનારે બેસો અને આ વાતો અંદર કેવી રીતે ઊતરે છે તે જુઓ તો ઠીક થશે. માટે જેમ ભોજન પછી એકદમ ચાલીએ તો પેટ દુ:ખે છે, તેવી રીતે આ જાતના ઉત્કટ સંવાદ પછી, અત્યંત ઉત્કટ પ્રવચન પછી, માનવ, વાણીનાં અને મનનાં વ્યવહારમાં એકદમ ન ઊતરે તો ઠીક. એકાંતમાં રહે, શાંતિમાં રહે તો સારું. એના પર વિચાર કરો એમ નથી કહેતી. વિચાર કરવાની જરૂર નથી. પરંતુ આ બાબતમાં એકદમ ચર્ચા કરવામાં આમ કહ્યું હતું તેનું શું ? પેલું કહ્યું હતું એનું શું ? આપની પ્રતિક્રિયાઓ જે ઊઠે છે, એ પ્રતિક્રિયાઓને પ્રશ્ન સમજીને માનવ એની ચર્ચા કરવામાં લાગી જાય છે. જે કાંઈ સાંભળ્યું છે એમાં સમગ્રતાને ભીંજાવા દો, એને સમગ્રતામાં ઊતરવા દો, માટે કહું છું કે આવાં શ્રવણ પછી, આવાં મૌન પછી, માનવે જરા શાંતિમાં રહેવું જોઈએ, વાણીના વ્યાપારમાં તરત ન ઊતરે તો મદદ થાય છે. થાક જલદી ઊતરે છે. આપણે દિવસમાં ત્રણ વાર બેસવું પડે છે. એમાં આપનો અને મારો બીજો કોઈ ઉપાય નથી, કારણ કે પાંચ જ દિવસનો સમય આવા ગંભીર વિષય માટે પૂરતો નથી. અને વધુ સમય ભેગાં આપણે રહી શકીએ તેમ નથી. તો આ જરા ઘનીભૂત પાઠયક્રમ થઈ જાય છે.

(ચોરવાડના બીજા શિબિરમાં આપેલ ચોથું પ્રવચન, તા. ૧૭-૧૨-૧૯૭૧)

૬

પ્રશ્નોત્તર-૨

પ્રશ્ન : બુદ્ધિમાં સંદેહ ઊઠે ત્યારે જો એનું સમાધાન ન થાય તો તે સંદેહ પોતાનો બદલો લે છે, એવું કહેવાયું. અનેક પ્રસંગોમાં અનેક પ્રકારના સંદેહ ઊઠે છે. એનું સમાધાન કરવામાં શક્તિનો પણ ખર્ચ થાય છે. છતાં પણ તેનું સમાધાન નથી થતું. શું આપ કોઈ એવો રસ્તો, એવો માર્ગ બતાવી શકો છો, કોઈ યુક્તિ દેખાડી શકો છો કે એકવાર બધા સંદેહોનું નિરાકરણ થઈ શકે ? કારણ કે ઘણીવાર સંદેહ તો રહેતો નથી, પરંતુ શ્રદ્ધા પણ ઊપજતી નથી. શ્રદ્ધા હોય તો સંદેહ જાય પણ જ્યારે સંદેહ પણ નથી અને શ્રદ્ધા પણ નથી, એવી અવસ્થા હોય ત્યારે શું કરવું ?

ઉત્તર : અહંકારની પ્રતિક્રિયાને સંદેહ માનવાની ટેવ પડી છે. કોઈ વસ્તુ જો મને ગમતી ન હોય, પ્રિય ન હોય, સારી લાગતી નથી; એનાં પ્રત્યે અરુચિ ઉત્પન્ન થઈ જાય અને એ અરુચિમાંથી એની સત્યતા બાબતમાં, જે પ્રશ્ન ઊઠે છે, તો તેને સંદેહ સમજવામાં આવે છે. આપણી વૃત્તિની પ્રતિકૂળતાઓમાંથી ઊઠનારા પ્રશ્નોને સંદેહ કહેવો, મારા જોવામાં યથાર્થ નથી. જે સમજમાં આવ્યું, માની લો કે બુદ્ધિથી જ ગ્રહણ થયું તો એ વિષયમાં પ્રત્યક્ષ પ્રયોગ કરવા જતા જે મુશ્કેલીઓ ઉત્પન્ન થાય છે, જે કઠિનાઈઓ પ્રતીત થાય છે, એમાંથી સંદેહનો જન્મ થઈ શકે છે. મેં સંદેહ અને સંશય, આ શબ્દોનો પ્રયોગ આજે સવારે જે કર્યો, એ અહંકારની પ્રતિક્રિયારૂપ સંદેહનો કર્યો. પરંતુ જે વાત સમજમાં આવી એનો પ્રયોગ કરવા માંડયો, કોઈ ખામીની જાણ થઈ, કંઈ ઓછપ પ્રતીત થઈ, એમાં કંઈ અવૈજ્ઞાનિકતા રહે તો પછી સંદેહ ઊઠે છે.

હવે આપ કહો છો કે જુદા જુદા પ્રકારનાં સંદેહ ઊઠતાં રહે છે, એનાં નિરાકરણમાં જે શક્તિ જાય છે, સમય જાય છે. જો સંદેહ પ્રયોગમાંથી જન્મ્યો

હોય, જીવનની ગતિમાંથી જન્મેલો સંદેહ હોય, તો એનું નિરાકરણ જીવનથી જ થશે. જીવન પ્રયોગો માટે છે; ભૂલ થવાને માટે, ઠોકરો ખાવા માટે, એમાંથી શીખવાને માટે. આ સંદેહ છે એમાં સર્જનશીલતાની શકિત છે. પરંતુ ઘણાં લોકોની ટેવ છે કે બુદ્ધિમાં જે ગ્રહણ થયું, એ જ્ઞાનમાં ગતિશીલતા નથી, જ્ઞાન પોતે અચળ છે. એમાં પોતાની કોઈ ગતિ નથી. માટે બુદ્ધિથી જ્ઞાન ગ્રહણ થયું, એને નીતિ અગર ધર્મ, અગર અન્ય કોઈ શાસ્ત્રમાંથી પ્રેરણા લઈને આચરણમાં પરિણત કરવું પડે છે. હવે નીતિઓ પરથી, સંદેહો પરથી, શાસ્ત્રો પરથી, ધર્મો પરથી, શ્રદ્ધા જતી રહી તો જ્ઞાનમાં તો પ્રેરણા નથી. જ્ઞાન પ્રેરક બની શકતું નથી. જે બુદ્ધિથી ગ્રહણ થયું, એ આચરણમાં તરત પરિણમે, એટલી શકિત જ્ઞાનમાં નથી. એ શકિત બોધમાં છે, પ્રત્યયમાં છે, સમજમાં છે. વ્યકિત અને ઘટનામાં છુપાયેલું સત્ય, એ બન્નેનાં મિલનમાંથી બોધનો, આકલનનો જન્મ છે. સમજણ આચરણમાં જાતે જ પરિણત થાય છે. એને માટે માણસને પ્રયત્ન કરવો પડતો નથી. જ્ઞાનને માટે પ્રયત્ન કરવો પડે છે.

હવે કેટલાક, એટલે ઘણાખરા લોકો, જેની વાત હવે હું કહી રહી છું, એમની ટેવ એ છે કે બુદ્ધિથી ગ્રહણ કરે છે. આચરણમાં લાવવા માટે જ્ઞાનમાં પોતાની પ્રેરણાશકિત નથી. ધર્મની, શાસ્ત્રોની પ્રેરણાશકિતઓ પરથી, એનાં શાસન પરથી, આજે વિશ્વાસ જતો રહ્યો છે. પોતાનામાં પ્રેરણાશકિત નથી, જ્ઞાનમાં પ્રેરણાશકિત નથી, શાસ્ત્રો, ધર્મોની શકિત પર શ્રદ્ધા નથી. માટે જ્ઞાન બુદ્ધિમાં પડયું રહે છે. જે જ્ઞાન આચરણમાં પરિણમતું નથી, અગર પ્રયોગમાં પરિણત થતું નથી, અનુભૂતિમાં પરિણમતું નથી, એ જ્ઞાન મરી જાય છે.

માટે કદાચ ગઈ કાલે સવારે કહ્યું હતું કે જ્ઞાનનો સંગ્રહ એટલો જ હોય જેટલું એનું પ્રયોજન હોય. જ્યાં સમસ્યા આવી, ત્યાં જ્ઞાનસંગ્રહનો, સમસ્યાના નિરાકરણમાં જેટલું એનું પ્રયોજન હોય, એટલો ઉપયોગ કરવો. જે જ્ઞાન પચતું નથી (ઉપયોગ કર્યા વિના જ્ઞાન પચતું નથી.) એ બુદ્ધિમાં અને ચિત્તમાં વિકૃતિઓ ઉત્પન્ન કરે છે. વણપચ્યું ભોજન શારીરિક રોગો પેદા કરે છે, અને વણપચ્યું, જે આચરણમાં લાવવામાં ન આવ્યું હોય તે જ્ઞાન માનસિક વ્યાધિઓ, તણાવો ઉત્પન્ન કરે છે. તો કેટલીક વ્યકિતઓ જ્ઞાનને આચરણમાં લાવી શકતી નથી. પછી બેઠાં બેઠાં તર્કપૂર્ણ ચિંતન કરે છે, વિચાર કરે છે. વિચારમાં આવનારી શંકાઓને, સંદેહોને

આપણે સત્ય સમજીએ છીએ, અને રોકાઈ જઈએ છીએ. શાબ્દિક, તાર્કિક વાદ, વિતંડાવાદ કરતા બેઠા રહીએ છીએ. મને આ શંકા છે, મને આ અડચણ છે, જે કરવા નીકળ્યો, એને રસ્તામાં જેમ કોઈ પગને ઠોકર લાગે છે, એમ સંદેહ પણ કયારેક લાગશે એ જોઈ લેશો. એ સંદેહનો ઉકેલ કરવામાં બહુ વાર લાગતી નથી. પણ જેને આચરણ માટે કંઈ કરવું નથી, એનાં સંદેહનું નિરાકરણ થવું મુશ્કેલ છે.

એટલે કયા પ્રકારનાં સંદેહ છે, એ જોઈ લેવું જોઈએ. તાર્કિક શંકાઓ છે ? તો તાર્કિક શંકાઓના ઉકેલ માટે જે તત્ત્વજ્ઞો છે, શાસ્ત્રજ્ઞો છે, જેમ કે ધર્મજ્ઞ હોય છે, એ ગ્રંથોને શોધી શોધીને સંદેહોનું નિરાકરણ કરી દેશે. જીવનમાંથી જન્મ્યો હશે તો નિરાકરણ, આચરણ વિના થતું નથી. હવે આપ કહો છો, સંદેહ પણ નથી અને શ્રદ્ધા પણ નથી, એવી હાલતમાં શું થાય ? ઘણી કરુણ અવસ્થા છે. જ્ઞાનના સંગ્રહનો, માહિતીના સંગહનો, જીવનની કમાણી માનનારાઓએ, બુદ્ધિનો વિકાસ, સંસ્કારિતાના વિકારની પાછળ દોડતાં ચિત્તની નિર્દોષતા, સફળતા, વિનમ્રતા, નિરહંકાર ખોઈ બેસનારાઓએ, પશ્ચિમના-પૂર્વના માનવીઓએ શકિત ખોઈ છે-એ છે પોતાના પ્રત્યયમાં શ્રદ્ધા. એ તો ગ્રંથ જોશે. પ્લેટોએ શું કહ્યું ? એરિસ્ટોટલે શું કહ્યું ? વેદોએ શું કહ્યું ? બાઈબલે શું કહ્યું ? ધમ્મપદે શું કહ્યું ? કારણ કે જીવનની સત્યતાની બાબતમાં એ પ્રમાણ ગ્રંથોમાં શોધશે. પોતાના પ્રત્યયનું પ્રમાણ એમની પાસે નથી. સાંભળ્યું, લોકોને જોયા અને એ પ્રમાણે કર્યું. એટલે પરંપરાનું પ્રમાણ છે, એ શાસ્ત્રવચનનું, આર્ષવચનનું પ્રમાણ છે, ગુરુવાકયનું પ્રમાણ છે. પરંતુ આ બધાં પ્રમાણોનું પ્રક્ષાલન કરનાર જે આત્મ-પ્રમાણ હોવું જોઈએ, પ્રત્યયનું, એ નથી. પોતાનાં પ્રત્યયનું પ્રમાણ એ જ શ્રદ્ધા છે.

હવે આપ કહેશો કે, એમાંથી આગ્રહ નહીં આવે ? જીવનારને આગ્રહની જરૂરત શી ? આજે પ્રત્યયને પ્રમાણ બનાવીને એ ચાલ્યો. આત્મ-પ્રત્યયથી એ ચાલશે. ભૂલ થઈ. એને જીવન જીવવામાં રસ છે. જ્યાં દેખાયું કે આ પ્રત્યય કામ નથી આપતો તો પરિવર્તન માટે એ રોકાશે નહીં, માટે શ્રદ્ધા નથી. કારણ કે પોતે પોતાના પર ભરોસો રાખી જીવવાનું આપણે ભૂલી ગયા છીએ. બીજાની આંખોમાં જોઈએ છીએ. એમણે સારું કહ્યું તો આપણે સારાં છીએ. એમણે ખરાબ કહ્યું તો આપણે ખરાબ છીએ. સમાજમાં જે મૂલ્યોની પ્રતિષ્ઠા છે, તે મૂલ્યો ભલે

આપણામાં ન હોય, પરંતુ પ્રતિષ્ઠાનું સાધન, ઉપકરણને વાપરવા ઈચ્છીએ છીએ. બીજાએ આપણી જે માનસ-પ્રતિમા બનાવી, એને અનુરૂપ પોતાને બનાવવાનો, એને અનુરૂપ જીવવાનો પ્રયત્ન કરીએ છીએ. પોતાના પ્રત્યય પ્રમાણે જીવવાની કુરસદ કોને છે ? માટે આત્મશ્રદ્ધા હોતી નથી. એનો ઈલાજ શું છે ? ઈલાજ એ જ છે કે પોતાનો નાનકડો પ્રત્યયનો દીવડો હોય, એ લઈને કદમ ઉપાડો. એકવાર તો પોતાના પ્રત્યય પ્રમાણે જીવનમાં જીવો. આવું અમે સાંભળ્યું છે, માટે અમે આમ કરીએ છીએ. એમ નહીં. પરંપરા છે માટે નહીં. મેં કરીને જોયું છે, આ યોગ્ય દેખાય છે. એનાથી શરીરનો, મનનો, પ્રાણોનો સંવાદ સધાય છે, માટે કહી રહી છું. જેનો જેટલો પ્રત્યય એટલું એનું જીવન. બીજાનાં બનાવેલાં સિદ્ધાંતો, નિષ્કર્ષો, નિયમો અનુસાર જીવવું, 'સેકન્ડ હેન્ડ' બની જાય છે. એમાં એક પ્રકારનું વાસીપણું રહે છે. તાજગી લાગતી નથી માટે શ્રદ્ધા નથી.

માટે, સાહસ કરીને પોતાનાં પ્રત્યયથી જીવવાનું આપણે શરૂ કરી દઈએ. પોતાની સમજમાં જે સત્ય આવે એ સત્ય આચરણમાં લાવીએ, એ માટે સંસારમાં ગમે તે કિંમત ચુકવવી પડે. ડિગ્રી પ્રાપ્ત કરવા માટે, ૧૨-૧૨, ૧૬-૧૬, ૧૮-૧૮ વર્ષો સ્કૂલ અને કોલેજમાં વિતાવી દઈશું. પૈસા ખર્ચ કરીશું, જીવન ખર્ચ કરીશું. પૈસા કમાવા માટે રોજના ૮-૦૦ કલાક, ૧૦-૦૦ કલાક ખર્ચતા રહીશું. પરિશ્રમ કરતા રહીશું. પરંતુ સ્વાર્જિત-જીવન છે, પ્રયોગમય જીવન છે, જીવનનાં તત્ત્વો છે, તન-મન-પ્રાણોથી ઝણઝણનારા પ્રતિધ્વનિ કરનારાં નાદ છે, એને માટે કોઈની પાસે સમય નથી. જે સમજમાં આવ્યું, એ સત્ય જીવીશું, નિર્ભયતાથી જીવીશું. નિર્ભયતા ઉદ્દંડતા નથી, નિર્ભયતા ધૃષ્ટતા નથી. નિર્ભયતામાં નમ્રતા હોય છે. માટે જે ચીજ સમજમાં આવી, એને જોઈ લેવાથી સમજની શક્તિ વધુ વિકસિત થાય છે, હિસાબ કરી કરીને જીવવાથી નહીં. જગતમાં હિસાબ લગાડનાર કદી પણ જીવી શકતો નથી. એટલે આ રીતે પોતાની સમજ અનુસાર જીવવાનું શરૂ કરીએ તો પ્રત્યયની જે મહેક છે, એ આપ આપનાં જીવનમાં અનુભવ કરશો. પ્રત્યય મહેકવા માંડશે. પછી જીવવા માંડશો, ભૂલો થશે, ત્રુટીઓ રહેશે. સમજ કાચી હશે. કંઈક કિંમત ચૂકવવી પડશે. કિંમત ચૂકવશો તો એ સમયને પાકવાનો અવસર મળશે. નહીં તો ઉંમર હશે ૫૦ની, ૬૦ની,૮૦ની,૯૦ની અને સમજ હશે ૧૩ વર્ષના, ૧૪ વર્ષના બાળકની, કારણ કે જ્ઞાન વધી ગયું, સમજ ન વધી. માટે

માનસિક ઉંમર નહીં, સમજની ઉંમર વધી જશે અને સમજણની પરિપકવતા જોઈએ. જ્ઞાન એટલું એકઠું થાય છે. સમજ બહુ જ થોડી છે અને સમજણથી પણ આચરણ ઓછું છે. જીવનમાં આ અનુમાનને પણ બદલવું પડશે. એટલે આમ જીવનારના જીવનમાં સંદેહ ઊઠશે, તો એ માત્ર પોતાની બુદ્ધિની પ્રતિક્રિયા નહીં હોય, ચિત્તનો અણગમો, ગમવાપણાંની પ્રતિક્રિયા નહીં હોય. ધારણાઓ, માન્યતાઓ જે એકઠી કરી છે, એની પ્રતિક્રિયાઓ નહીં હોય. સંદેહ પણ પોતાનો હશે. પછી એ જીવનનું એક પવિત્ર તત્ત્વ બનશે.

અસ્પષ્ટતાનાં અંધારામાં સંદેહ એક પ્રકાશનું કિરણ બનીને આવશે. સમજને પડકાર આપશે અને આપ જાગ્રત થશો. સંદેહ આપની જડતાને ખેરવી નાખશે. માટે સંદેહના ઉકેલનો માર્ગ કોઈને ન પૂછશો. સંદેહોની બનાવેલી નિરાકરણની યુક્તિ કોઈની પાસેથી ન લેશો. અને હું આપની મિત્ર છું, એવું નુકસાન આપનું નહીં કરું કે તૈયાર કોઈ યુક્તિ આપના હાથમાં પકડાવી દઉં; ઘરે જાઓ, આ 'માસ્ટર કી' (મૂળ ચાવી) છે, એનાથી બધું ખૂલી જશે. પોતાના જીવનની અનુભૂતિઓની છાયા આપના પર પડવા દઉં, તો પછી મિત્રતા શેની ? મિત્રતાની લાજ રહેતી નથી.

પ્રશ્ન : અવધાનની ઘનીભૂત અનુભૂતિની ક્ષણોમાં થોડીવાર માટે બધિરતા અગર ચક્કર આવવા જેવો અનુભવ થાય તો શરીર વિજ્ઞાનની દૃષ્ટિએ એનું તત્ત્વ શું હોઈ શકે ?

ઉત્તર : અવધાન ઘનીભૂત થયા પછી, થોડીક ક્ષણોને માટે બધિરતા અથવા ચક્કર આવવા જેવો અનુભવ જો થતો હોય, તો શરીરવિજ્ઞાનની દૃષ્ટિથી તેનું તથ્ય શું છે એ પ્રશ્ન છે.

અવધાનમાં હંમેશા જીવનારાઓને ઉત્કટ ક્ષણોમાં થાક લાગી જાય છે. જે જોવાની અવસ્થા, જે અવધાનની ઉત્કટતાની અવસ્થા છે, એ અવસ્થા પાંચ મિનિટ પણ સ્થિર થાય તો પહેલાં તો ચક્કર આવવા જેવું લાગે છે. કારણ કે જ્ઞાનતંતુઓને એ ઉત્કટતા અને ઘનતા, જે ઊર્જાનું સત્ત્વ છે એ સહન થતું નથી. જ્ઞાનતંતુઓનું યંત્ર એ ઉત્કટતા અને ઘનતાના સ્વરોમાં મેળવેલું હોતું નથી. અવધાનમાં વિશુદ્ધ ઊર્જાનાં ગતિશીલ સ્પંદન છે.

અવધાનમાં કર્તાનો ભોકતાનો ભાવ નથી. કર્તા અને ભોકતાપણાની ગ્રંથિઓ નથી. અવરોધો ખસી ગયા છે ને ! આ અવસ્થામાં અવધાન માત્ર બૌદ્ધિક અગર માનસિક કર્મ રહી જતું નથી. સમગ્રતાની એક અવસ્થા બની જાય છે. જેમાં ઊર્જાની સંવેદનશીલતા ખૂબજ ગતિથી કામ કરવા લાગે છે. અંદર એના બહુ સ્પંદન થઈ જાય છે. જ્ઞાનતંતુઓને અભ્યાસ ન હોવાથી થાક લાગી જાય છે. બધિરતા નથી. બધિરતા તો ત્યારે આવશે જો તમે પોતાની સાથે જબરદસ્તી કરશો. જો બે મિનિટના અવધાનમાં આપને થાક લાગી જતો હોય, એ વખતે આંખો ખોલી નાખવી જોઈએ. બેઠા હોય તો ઓરડામાં થોડુંક ફરવું જોઈએ. શરીરની સાથે અન્યાય નહીં, જબરદસ્તી નહીં.

શરીર પર અગર ચિત્ત પર સાધનાનાં જો ઘા પડવા લાગે, પ્રહાર થવા લાગે, શરીર અને મન જો ક્ષત-વિક્ષત થઈ જાય, તો એવાં ઘાયલ તન-મન લઈને પ્રભુની પાસે જવું નથી. સુંદર પુષ્પોને આપણે મસળી દેતાં નથી. પૂજામાં પુષ્પો ચઢાવીએ છીએ, તે ખંડિત થયેલાં ચઢાવતાં નથી. એક પણ પાંખડી ખંડિત હોય તો પૂજામાં ચઢાવતાં નથી. જો આપ પોતાની સાથે જબરદસ્તી કરશો તો બધિરતા આવશે. જબરદસ્તી કરશો નહીં તો બધિરતા આવવાની સંભાવના નથી. આપનું શરીર ખૂબ ક્ષીણ હોય, નબળું હોય, લોહીની શૂન્યતા છે, રકતચાપ બરોબર ન હોય તો એક પ્રકારની બધિરતા થઈ જાય છે. બધિરતા શું છે ? માનો કે એક ક્ષણ માટે જાણે કે પક્ષઘાત થઈ ગયો છે. એટલે મગજની કોઈ શકિત કામ કરતી નથી. જો આવો અનુભવ થાય તો મૌનનું શિક્ષણ કામ કરતું નથી. જો આવો અનુભવ થાય તો મૌનનું શિક્ષણ છોડી દો. એક સપ્તાહ, બે સપ્તાહ, ત્રણ સપ્તાહ, છ સપ્તાહ, જે કાંઈ સમય જરૂરી હોય તેટલો સમય એને છોડી દો. આ શરીરની જે ક્ષીણતા છે, એમાંથી છૂટવા એ સમય લગાડવો જોઈએ. ધ્યાનાવસ્થામાં, સમાધિ-અવસ્થામાં પ્રવેશ, આ હસવાનો, મજાક કરવાનો કે રમતનો વિષય નથી. મૌન લઈને શું નાટક કરવું છે ? નાટકમાં રામનું, કૃષ્ણનું કામ લોકો કરે છે. અને એમની આખીયે સમજાવટ, શૃંગાર બાહ્યાચાર જોઈને, સિનેમા જોનારને ભ્રમ થઈ જાય છે કે એ સાચે જ એ અવસ્થામાં છે. નાટક કરવું હોય તો કામ ચાલશે. મૂળ અવસ્થામાં જવું હોય તો. બધિરતા આવશે, જો શરીર નબળું હોય તો. એનો ઉપાય કરી લેવો જોઈએ. તો બધિરતા નહીં આવે, થાક લાગશે. શાંતિ આવશે.

શિક્ષણ પૂરું થાય ત્યાં સુધી આ નિરામય અવધાનની અવસ્થામાં, જાગૃતિના ૧૦-૧૨ કલાક સ્થિર રહેવાની અવસ્થા આવતા સુધીનાં આ શિક્ષણ સમયે માનવને જેટલો જનસંપર્ક ઓછો હોય, જેટલો લોકસંપર્ક ઓછો હોય, એટલું સારું. કારણ કે આઘાત-પ્રત્યાઘાત જ્ઞાનતંતુ સહન નહીં કરી શકે. થાકી જવાય છે, માટે જેટલા આઘાત-પ્રત્યાઘાતનાં અવસરો ઓછાં, એટલું સારું. જેટલુ અનિવાર્ય છે એટલો લોકસંપર્ક, એટલો મનનો, વાણીનો, શરીરનો ઉપયોગ કરવો.

અને આ શિક્ષણ સમાપ્ત થતાં જ શિક્ષણ-સમાપ્તિની સૂચના કેવી રીતે મળશે ? એવી રીતે કે જાગૃતિ અને સુષુપ્તિમાં અવધાન છૂટતું નથી. આ શિક્ષણની પરિસમાપ્તિ છે. અવધાન એક પળ માટે પણ છૂટતું નથી. જ્યારે સુષુપ્તિનું પણ અવધાન રહેવાં લાગશે, તો અવધાનની ઊંડાઈ અને વ્યાપ્તિ સધાય ગઈ, એમ સમજવું જોઈએ. શિક્ષણના સમયમાં જો સુષુપ્તિને છોડી દેવામાં આવે તો, દિવસના બાર કલાકમાં સમગ્રતાનું અવધાન રહેવા લાગે અને થાક ન લાગે એવી અવસ્થા રહે. ઊલટાનું અવધાનથી વધુ શક્તિ, પ્રસન્નતા અને તાજગી મળતી રહેતી હોય, એમ થાય ત્યારે શિક્ષણનો-સ્વશિક્ષણનો વખત ઠીક-સારો વીતી રહ્યો છે, એમ સમજવું જોઈએ. અને એમાં આઘાત-પ્રત્યાઘાતોમાં અવસર જો ઓછો રાખે તો આ થાક શાંત થઈ જાય છે.

મૌનનો અભ્યાસ કરનારને માટે આહાર-વિહારની દૃષ્ટિએ (ભારત વર્ષની વાત કરું છું, બીજા દેશોની વાત અહીં અસ્થાને હશે, પણ આ દેશમાં) આમળાં, બ્રાહ્મી, જેને અનુકૂળતા છે એને માટે ગાયનું દૂધ અને ઘી સારું પડશે. જેને અનુકૂળતા ન હોય, એને માટે તલનું તેલ અનુકૂળ પડે છે, મદદ કરે છે. જ્ઞાનતંતુઓને, મગજના તંતુઓને, સ્નાયુઓને શક્તિ આપનાર બ્રાહ્મી, આમળાં છે. વિસ્તારમાં નહીં જઉં, પરંતુ આહાર-વિહારમાં શિક્ષણનું થોડું ધ્યાન રાખવું. બ્રાહ્મીના તેલનું માલિશ, અગર આમળાના તેલનું સેવન-કાચું પાકું જેવું આપ પણ ખાઈ શકો. ઘરમાં ગુલકંદ બનાવી શકાય છે, તો ગુલકંદનું સેવન કરવું. આમાં આયુર્વેદનું અગર નિસર્ગોપચારનું જ્ઞાન બહુ મદદ કરે છે. જીવન સમગ્ર છે. સામાન્ય જ્ઞાન કહું છું. જેમ કે રક્તશૂન્યતા માટે અથવા લો બ્લડ પ્રેશર માટે સૂરણ ખાવું બહુ યોગ્ય છે. અનાનસ બહુ અનુકૂળ પડે છે, અગર ગાજરના રસનું સેવન કરી શકો. જેનું હૃદય કમજોર છે, અને બ્લડ

પ્રેશર હોય, એવા રોગીઓને ૭ દિવસ, ૧૫ દિવસ, ૨૧ દિવસનો કોર્સ આપીને મેં યુરોપમાં જોયું છે કે આ કામ કરે છે.

પ્રશ્ન : સાવધાનતા, સમજણ અને જાગૃતિમાં શું ફરક છે ?

ઉત્તર : હવે ખબર નથી કે જાગૃતિ શબ્દનો શું અભિપ્રાય છે ? જાગૃતિ જે પોતામાં સુષુપ્તિને, તંદ્રાને સમાવે છે, એને જાગૃતિ કહો છો ? કે હમણાં આપ અને અમે દિવસમાં જાગીએ છીએ, માનીએ છીએ કે જાગૃત છીએ, એને જાગૃતિ કહો છો ? જે જાગૃતિની સાથે છાયા જોઈએ છીએ, જેમ તડકાની સાથે છાંયડો, આપણી અભિપ્રેત જાગૃતિની સાથે તંદ્રા, સ્વપ્ન અને સુષુપ્તિ નથી.

જેમ કે આપ પાંચ મહાભૂતોમાંથી એક ભૂત લો. પૃથ્વી, તો પૃથ્વીમાં પાણી, વાયુ, આકાશ છે. બધું સમાયું છે. પાંચ મહાભૂતોમાંથી એક પણ ભૂત એકલું નથી હોતું. એ જ પ્રમાણે આ અવસ્થામાં જાગૃતિ-સ્વપ્ન-સુષુપ્તિ એકબીજાની સાથે સંકળાયેલી છે. આને મૂળ અર્થમાં જાગૃતિ કહી શકાય નહીં. સુષુપ્તિની અપેક્ષાએ જેને જાગૃતિ કહેવામાં આવે છે, તંદ્રાની જડતાની અપેક્ષાથી, સ્વપ્નની અપેક્ષાથી જેને જાગૃતિ કહેવામાં આવે છે, એ અવસ્થા તો આપ જાણો છો. અડધા જાગી રહ્યાં છીએ. અડધા તંદ્રામાં છીએ. અનવધાન એક પ્રકારની તંદ્રા જ છે. અનવધાન એક પ્રકારે સ્વપ્નાવસ્થા છે. અનવધાનની અવસ્થામાં જે ઘટનાઓનું દર્શન થાય છે, એ યથાર્થ નથી થતું, સમગ્ર નથી હોતું.

વ્યગ્રતાની દશામાં જે ઘટનાઓનું દર્શન થાય છે, જે શબ્દોનું શ્રવણ થાય છે, એ યથાર્થ નથી થતું. કારણ કે વ્યગ્રતાની પોતાની એક રાસાયણિક અવસ્થા છે. એ આપના દર્શનને પ્રભાવિત કરે છે. માટે નિર્વિકાર અને નિર્વિષય ચિત્તને સ્વસ્થ ચિત્ત કહ્યું છે અને બાકી બધી ચિત્તની વ્યાધિઓ કહેવામાં આવી છે. હવે આપણે એમ માનીએ છે કે નિર્વિષય, નિર્વિકાર, માણસ યોગી હશે, મુનિ હશે, કોઈ સંન્યાસી હશે. અમારું સામાન્ય માણસનું કામ નથી અને જે અધ્યાત્મનો સામાન્ય માનવ સાથે સંબંધ નથી, એમાં મને જરા પણ રસ નથી, થોડોક પણ રસ નથી. અધ્યાત્મ સામાન્ય માનવોના પરસ્પર સંબંધોમાં ક્રાંતિ કરવાનો વિષય છે. અને અવધાનમાં વીતતી ક્ષણ જ જિવાતી ક્ષણો છે, જીવાયેલી ક્ષણો છે. જીવીએ પણ, જીવતાં પણ-બન્ને છે, એટલી જ ક્ષણો સ્વાયત્ત છે.

એટલે સાવધાનતા અને જાગૃતિમાં ફરક છે. જેને આપણે જાગૃતિ કહીએ છીએ, એ કેવી સંમિશ્રિત દશા છે તે બતાવ્યું અને સાવધાનતામાં આ મિશ્રિત દશા નથી. એ વિશુદ્ધ દશા છે. હવે સમજ શું છે ? એવી સાવધાનતાની અવસ્થામાં ઈન્દ્રિયોની મારફત ઈન્દ્રિય-વિષય-સંબંધ થાય છે, એ તો થવાનો જ છે. માનવ જીવતો હોય છે ત્યાં સુધી, આંખ રૂપને જોશે. અને લાલસાભરી નજરથી રૂપને જોઈએ છીએ કે રસિકતાથી જોઈએ છીએ, એ આપનાં પર નિર્ભર છે. જીવન છે ત્યાં સુધી કાન નાદ સાંભળશે, ચામડી સ્પર્શ પામશે. એ સ્પર્શમાં આસક્તિ પામો છો કે આપો છો, કે પ્રેમ આપો છો અને પામો છો, એ આપના પર નિર્ભર છે. તો ઈન્દ્રિય-વિષય-સંબંધ રાત-દિવસ ચાલે છે. સમજને હું પ્રત્યય કહું છું. સમજ, પ્રત્યય, આકલન એ સામાન્યતઃ સરખા અર્થ દર્શાવતા શબ્દો સમજી લેજો.

સાવધાનતાની દશામાં ઈન્દ્રિય-વિષય-સંબંધમાંથી જે નીપજે છે, તેને પ્રત્યયની સૌરભ સમજી લેજો. અનવધાનની દશામાં જે ઈન્દ્રિય વિષય-સંબંધ છે, એની નીપજ એક પ્રકારની છે. વ્યગ્રતા પણ એક પ્રકારનું અનવધાન છે, બેહોશી છે, તંદ્રા છે. એમાં જે ઈન્દ્રિય-વિષયનો વેપાર ચાલે છે, આહાર-વિહાર વગેરે ચાલે છે, નિદ્રા વગેરે ચાલે છે, એનું સ્વરૂપ જુદું છે. અને સાવધાનતામાં જ્યારે સંબંધ થાય છે, ત્યારે ઈન્દ્રિયોમાં જે રસસેવનની શક્તિ છે, અને વિષયોમાં જે રસ છુપાયેલો, એ બન્ને ખુલ્લાં થાય છે. રસેશ્વર પ્રભુ અણુ-રેણુ-પરમાણુમાં વ્યાપેલાં છે. જીવન રસમય છે, માટે ઈન્દ્રિયોમાં રસસેવનની, રસ ગ્રહણ કરવાની નિહિત શક્તિ, છુપાયેલી શક્તિ અને વિષયોમાં છુપાયેલો રસ, આ બન્ને સાવધાનતાની દશામાં જ્યારે ઈન્દ્રિય-વિષય-સંયોગ થાય છે, ત્યારે પ્રગટ થાય છે. માટે મેં કહ્યું છે કે જીવવું એ જીવન-રસિકોનું કામ છે. સાવધાનતા રસિકતાને નિખાર પર લાવે છે, માટે આ જે રસ નીપજે છે એ સમજ છે, એ છે પ્રત્યય. એ જીવનમાં તુષ્ટિ આપે છે, પુષ્ટિ પણ આપે છે, તે જ આપે છે, ઓજસ આપે છે. નહીં તો કહેવાતી જાગૃતિમાં પરંપરાથી મળેલી માન્યતાઓ, ધારણાઓ, વિશ્વાસ, સિદ્ધાંત, નિષ્કર્ષ, એના પ્રવાહો પર આપણે વહીએ છીએ, જન્મથી મૃત્યુ સુધી ચાલ્યા જઈએ છીએ. ગઈ કાલે કહ્યું હતું ને ! 'વણચાવ્યું બીડું', આપણા અખા ભગતનું બીડું. એટલે ખાધું પણ ચાવ્યું નહીં, દાંતનો સ્પર્શ નહીં, જીભનો સ્પર્શ

નહીં, ગળી ગયા માટે રસ મળતો નથી. હોઠો પર રંગ નહીં, જીભ પર સ્વાદ નહીં, પેટમાં ગુણ નહીં, અને આમ તો આખું બીડું ખાઈ ગયા. જીવી ગયા સો વર્ષો, પામ્યા શું ? માટે સાવધાનતાની, સમગ્ર અવધાનની દશામાં, ઉત્કટ દશામાં ઈન્દ્રિય-વિષય-સંબંધોમાંથી જે રસ નીપજે છે તે સમજ.

પ્રશ્ન : વિચાર આવે છે કે લાવવામાં આવે છે ?

ઉત્તર : વિચાર આવે પણ છે, અને લાવવામાં પણ આવે છે; બન્ને છે. સંકલ્પ-વિકલ્પાત્મક જેટલા વિચારો છે, એ લાવવામાં આવે છે. વિશ્વાસ, માન્યતાઓ, ધારણાઓમાંથી, સિદ્ધાંતોમાંથી જે આવે છે, આપણી અંદર સંસ્કારરૂપે પડયા છે, એ સંસ્કારોમાંથી એ કોષોમાંથી સ્મૃતિભંડારમાંથી જે તરંગો ઊઠે છે, એ વિચારોને આપણે લાવતા નથી, એ આવે છે, યાંત્રિક ક્રિયા છે.

ઈન્દ્રિય-વિષય-સંબંધ થયો, એના સંવેદનને જ્ઞાનતંતુઓ મગજ સુધી લઈ ગયા. મગજમાં પડેલા સંસ્કારો મુજબ પ્રતિક્રિયા ઊઠી. એને પણ લોકો વિચાર કહે છે. માટે આ પ્રતિક્રિયાઓને આપ લોકો વિચાર કહો છો. સ્મૃતિભંડારમાંથી, સંસ્કારના કોષમાંથી, ખજાનામાંથી, ઊઠનારા જે કર્મ છે, જે પ્રતિક્રિયાઓ છે, એને આપણે લાવતા નથી, એ આવે છે. અને અહંકારને લીધે, આ મારી માન્યતા છે, આ મારો વિશ્વાસ છે, આ મારી નિષ્ઠાઓ છે, એ મારી પાસે સ્મરણ શક્તિના ભંડારમાં એટલું જમા ખાતે પડયું છે, એનો ઉપયોગ આમ કરીશ. અગર એની સાથે આમ પ્રચાર કરીશ, આ સંઘ બાંધીશ, આમ સંગઠન કરીશ, આવું કુટુંબ બનાવીશ, એવા સંકલ્પ-વિકલ્પ ઊઠે છે. હું આમ કરીશ અને હું આમ નહીં કરું. એમ સંકલ્પ-વિકલ્પાત્મક ચરણોથી જે ચાલે છે, એ વિચારો લાવેલા છે.

પ્રશ્ન : આપના જેવા સંતોના સમાગમથી કયારેક કયારેક બુદ્ધિ અને મનની ભૂમિકામાં મૌન અને એકાગ્ર થવાનો સંભવ હોય છે. આપ જેને વિષે ઘણીવાર સમજાવો છો, એવી કોઈ ચેતનાનો અનુભવ પણ થાય છે. પણ એ બધું બહુ જ થોડા સમય માટે રહે છે. એ જીવનને પ્રકાશિત પણ કરે છે પણ એનું સાતત્ય રહેતું નથી, અને એ બાબતનો અસંતોષ રહે છે, એ માટે કોઈ ઉપાય હોય તો બતાવશો ?

ઉત્તર : આપે આટલા સસ્તામાં સંતત્વ કયાં લાદી દીધું ? પહેલી વાત આપે મારા જીવનમાં શું જોયું છે-પ્રવચન સાંભળીને ? જ્યાં સુધી વ્યકિતને એકાંતમાં, લોકાંતમાં, રાત્રે-દિવસે જોતા નથી, આંસુઓમાં, હસતાં, એમની દશાને જોતા નથી, એની સાથે જીવતા નથી, ત્યાં સુધી શું ખબર છે કે એ સંત છે કે નહીં ? આટલો જલદી કોઈના પર ભરોસો કરશો નહીં. જીવન ઘણું મૂલ્યવાન છે. સંત માનીને અહંભાવમાં અને વૃત્તિમાં આપ બેસશો, તો શકય છે કે નુકસાન થઈ જાય. આપના અને મારા સૌભાગ્યથી મારી પાસે કોઈ સંસ્થા, સંગઠન, કાર્યપ્રચાર, પ્રસાર નથી, માટે ભય નથી. એટલું માની લો કે આપની એક પ્રમાણિક મિત્ર છું. જીવનપ્રેમી વ્યકિત છે, અને પ્રસાર-પ્રચાર કરવા, આપનું પરિવર્તન કરવા અહીં આવી નથી. એક સુખ-સંવાદને માટે, મૈત્રીનો પ્રેમ લૂંટવા આવી છે, એમ માની લો. સંત ન માનશો; નુકશાન આપનું છે.

કોણ જાણે શોષણના મૂળ અમારા ચિત્તમાં પણ પડયા હોય ! પશ્ચિમમાં, પૂર્વમાં, આ અહોભાવ વિશ્વાસને જાગૃત કરે છે, અને વિશ્વાસની ભૂમિ જેના ચિત્તમાં તૈયાર છે, એનું શોષણ બહુ જલદી થાય છે. આર્થિક શોષણ, રાજનૈતિક શોષણ તો ચાલે જ છે. અને ધર્મને નામે પણ ખુલ્લામાં ખુલ્લું ચાલે છે. હવે અધ્યાત્મને નામે પણ ચાલે છે. એમાં અમારે અને આપને જવાનું નથી. હું જઉં તો હાથ પકડીને આપ બચાવજો. આધ્યાત્મિક જીવનમાં મિત્રતાનું નવું પરિમાણ આપે અને મારે મળીને ખોલવું છે. ઘણાં કામો કરવાં છે.

સમાજ-રચના, અર્થ-રચનામાંથી સંઘર્ષના, તણાવનાં, હિંસાના બીજોને ઉખાડીને ફેંકવા છે. સત્યનાં, પ્રેમનાં, સખ્યનાં, સહયોગનાં આધારે સમાજ-રચના બનાવવી છે, અર્થ-રચના બનાવવી છે, શાસનનું તંત્ર નહીં, વ્યવસ્થાનું તંત્ર વિકસિત કરવું છે. ઘણાબધાં કામો છે. આ કામ પડયાં છે, પરંતુ કામ કરવાની ક્ષમતા રાખનારને મારવો નથી. માટે અધ્યાત્મના ક્ષેત્રમાં મિત્રતાનું પરિમાણ આપે અને મારે ખોલવું છે. જો આપનાં કદમ આ માર્ગે આગળ વધશે, જો આપ કંઈક જાગૃત હશો, સમજવાની કિંમત ચૂકવી હશે, તો મારી વાત જરૂર સાંભળી લેજો. કરીને જુઓ, મારાથી નવું આપ પામો તો મને બતાવજો. એકબીજાનાં હાથ પકડીને આપણે આગળ ચાલીશું. એની બહુ જ જરૂરિયાત છે. એમાંથી શોષણનો

અંત નહીં આવે તો માનસિક ગુલામીનો અંત પણ નહીં આવે, માટે સંતત્વને છોડજો.

હવે પ્રશ્ન શું છે કે સત્સંગમાં બેસીએ છીએ, તો કંઈક સમય માટે ચિત્તવૃત્તિ થઈ જાય છે. ચિત્તની વિશિષ્ટ અવસ્થા વિકસિત થાય છે, પણ એ રહે છે બહુ થોડા સમય માટે. એ લાંબો સમય રહેતી નથી, એનું સાતત્ય રહેતું નથી. માટે, સાતત્ય રહે તે માટે કાંઈ ઉપાય છે ? એમ જ પૂછી રહ્યા છો ને ?

પહેલાં આપ મને એ સમજાવો કે સાતત્ય શું ચીજ છે ? સાતત્યની ભાવના સમય સાથે જોડાયેલી છે. સમયમાં સાતત્યની ધારણા જો ન હોય તો આપ સાતત્ય શબ્દનો ઉપયોગ પોતાના જીવનના પ્રસંગમાં નહીં કરો. કાળમાં કયાંય સાતત્ય છે ? કાળ શું છે, એને પહેલાં જોવું પડશે. અને જરા આપ પદાર્થવિજ્ઞાનનાં વિદ્યાર્થીઓને પૂછશો અગર આપ જ પુસ્તક ખોલીને જોઈ લેજો કે કાળ નામનું કોઈ સાચે જ તત્ત્વ છે ? એમાં કોઈ સાતત્ય છે કે નહીં ? સાતત્યનો સંબંધ તો માનસિક કાળથી છે ને ! જે કાળ નામનું પ્રતીક આપણે રચ્યું, દિવસ-રાતમાં, ૨૪ કલાક છે, એક કલાકની ૬૦ મિનિટ છે, એક મિનિટની ૬૦ સેકન્ડ છે, આ કોણે ઉત્પન્ન કર્યો ? સેકન્ડ, મિનિટ, કલાક, દિવસ, સપ્તાહ, વર્ષ-એ પ્રતીકો માણસે બનાવ્યાં.

સામૂહિક વ્યવહારની સગવડ માટે બનાવેલા પ્રતીકોને જીવનની સત્યતા ન સમજશો. પ્રતીક તો જીવનની જે યથાર્થતા તરફ ઈશારો કરે છે. આકાશમાં ચંદ્ર છે, જો એને કોઈ જોઈ ન શકે તો આપ શાખા તરફ આંગળી કરીને, એ શાખાની ઉપર છે એમ બતાવી દો છો. ચંદ્ર શાખા ઉપર નથી હોતો. માટે, દષ્ટિને શાખાની મદદથી આપ ચંદ્ર સુધી પહોંચાડી દો છો. એમ આ પ્રતીક જે છે, એ તો જીવનની તરફ ઈશારો કરનાર સંકેતમાત્ર છે. પ્રતીકોના કેદી ન બની જશો. પ્રતીકોનો ઉપયોગ સામૂહિક વ્યવહારમાં છે. ચાર વાગે સભા થશે. એટલે જો હું કાલે કહી દઉં કે સમય નથી, ચાર અને પાંચની ગણતરી છે, માટે આપની ઘડિયાળમાં ચાર વાગશે તો મારી ઘડિયાળમાં બે જ વાગશે. આમ નથી હોતું. એટલે સામૂહિક વ્યવહારની જે રીતે ભાષા હોય, એ પ્રમાણે સમય છે. અને સમયમાં એક પ્રકારનો અધ્યાસ છે. એ આરોપણ છે. જીવનની ચિરંતનતા પર આ સાતત્યનો અધ્યાસ કરવામાં આવ્યો છે.

માટે પહેલાં તો આપણે સાતત્યના ભ્રમમાંથી, એ અધ્યાસમાંથી મુકત થવું છે. ઉપાસના માટે, ભકિતને માટે ઘણાંબધાં અધ્યાસ માનવ બનાવે છે. અધ્યાસોની વ્યવસ્થા કરવી એ જ તો ઉપાસના છે. એનું સંગઠન કરવું છે, સુપ્રબુદ્ધ કરવું છે. અને એનો વિનિયોગ કરીને મનમાં શાંતિ, સાંત્વના, સુખ પામવું છે. એ રીતે પ્રતીકોનો ઉપયોગ, સામુદાયિક વ્યવહારની સગવડથી વધુ નથી. જીવનમાં સાતત્ય નથી, જીવન બસ છે. એમાં સાતત્ય કયાંથી લાવશો. જેને ખંડિત કરી શકાય છે એમાં અખંડિતતાની કલ્પના થઈ શકે છે. જીવનમાં વિભાગ થઈ શકતા નથી, ખંડ થઈ શકતાં નથી, માટે એમાં સાતત્યની કોઈ ભાષા બોલી શકાતી નથી.

હવે પ્રશ્ન શું રહ્યો ? હવે પ્રશ્ન એટલો બાકી રહ્યો કે અહીં આવ્યા છીએ. બેઠાં છીએ, સત્સંગમાં, એકચિત્તની દશા હોય છે. પોતાનામાં જો અભીપ્સા હોય, અસીમને, પૂર્ણને પોતાની અંદરથી વ્યકત કરવાની પ્યાસ હોય તો એની ગતિ આવા સંગમાં કંઈક વધે છે, ઉત્કટ થાય છે. સંવેદનશીલતા ઉત્કટ થાય છે, અને જિજ્ઞાસાની ગતિ કંઈક તીવ્ર થાય છે. આ બે વાતો સત્સંગમાં પરિણમે છે. જો એકબીજાની સાથે નકામી વાતો અને ગપ્પાં ન મારીએ, જિજ્ઞાસા સાથે સંબંધિત વાતો થઈ, સ્નેહનાં, પ્રેમનાં, આગ્રહ વિનાનાં વાતાવરણમાં રહ્યાં, પ્રેમનો એ ધર્મ છે કે અંદર જેટલી ગતિ છે, એને તીવ્ર બનાવી દે છે. અંદરનો પ્રકાશ ધૂંધળો છે, પ્રેમ એને વિશદ અને સ્પષ્ટ બનાવી દે છે. આ પ્રેમનો ધર્મ છે. પ્રેમ જીવનમાં સૂર્યના પ્રકાશ જેવો છે. એટલે એકબીજાની પ્રેમની શકિત ગતિશીલ હોવાને કારણે માત્ર એક વ્યકિત ઉપર આપ આરોપણ ન કરો. આ વ્યકિત તો છે જ, પરંતુ પરસ્પર એક પ્રેમનું વાતાવરણ હોવાને કારણે જે ફળ આવશે, એમાં આશ્ચર્ય નથી.

હવે આપ કહો છો કે ઘેર જતાં આ ન રહે તો એમાં શું ઉપાય છે ? એક ઉપાયનો નિર્દેશ તો આજે સવારે કર્યો હતો કે આત્મ-સંગમાં બેસો, મૌનમાં કંઈક સમય વિતાવો જ્યાં આત્મસંગમાં આપ જશો, ત્યાં વિશ્વ-સંયોગ અંદર હોવાને કારણે જિજ્ઞાસાની આ ગતિશીલતા અને સંવેદનશીલતાની આ ઉત્કટતા, પ્રતીત થશે. સંવેદનશીલતા અગર જિજ્ઞાસા એ જીવનનાં પરિમાણ છે. એની ચોકી કરવાની જરૂર નહીં પડે. માટે, અવધાનની અવસ્થામાં રહેવાનો અભ્યાસ,

અને આત્મ-સંગમાં, નિરવ એકાંતમાં કંઈક સમય વિતાવવાની દક્ષતા જો માનવ રાખશે તો જે અહીં ફલિત થયું છે, એ ત્યાં પણ ફલિત થશે, એ એથી કંઈક વિશેષ હશે.

બીજી વાત એ છે કે જો સંવેદનશીલતા ઉત્કટ છે, અગર જિજ્ઞાસા જાગૃત છે, તો જીવન આપને માટે એવાં પ્રસંગો, એવાં અવસરો, લાવી આપશે કે જેથી વારંવાર સત્સંગ મળે. એનો અર્થ આ પ્રકારની શિબિરો સાથે એમ ન લગાડશો. સત્સંગ વિશિષ્ટ વ્યક્તિના નામરૂપ સાથે જોડાયેલ નથી. એટલે કોઈ ને કોઈ અવસર મળશે. કોઈ ને કોઈ વ્યક્તિ મળતાં રહેશે. ક્યાંકથી અને ક્યાંકથી જિજ્ઞાસાને જાગૃત રાખનારી, ગતિશીલ બનાવનારી વાણી સાંભળવા મળશે. જાગૃત જિજ્ઞાસાનું પોષણ કરવાની જવાબદારી વ્યક્તિ પર નથી, વૈશ્વિક જીવન પર છે. એ જવાબદારીને ન ઉઠાવશો. આ જવાબદારી ઉઠાવવાની જરૂરત નથી.

પ્રશ્ન : આપે કહ્યું કે, અવચેતન મન ઉપર હજારો વર્ષના સંસ્કારો હોય છે. ચેતન મન ઉપર કેટલાંક જ વર્ષોના સંસ્કાર હોય છે. જો ચેતન બળવાન હોય તો અચેતન કેમ મનુષ્યના જીવનમાં અધિક પ્રગટ થતું દેખા દે છે, જેનાથી જીવનમાં અસંગતતા, ક્લેશ, વગેરે થાય છે ? ચેતન મન શું પાણી જેવું હોય છે કે જેવો રંગ નાખ્યો એવા રંગનું થઈ જાય ? એવું હોય તો એની પોતાની સત્તા શું ? ચેતન મન અચેતનથી અભિભૂત કેમ થાય છે ?

ઉત્તર : પહેલી વાત તો એ છે કે મન એક છે ? અવિભાજ્ય છે, છતાં પણ આપણે ચેતન, અચેતન, અવચેતન વગેરે શબ્દોનો ઉપયોગ સમજવાની દૃષ્ટિથી કરીએ છીએ. મનના ખંડ નથી, વિભાગ નથી. આટલો ભાગ ચેતન છે, અને પછી એક જુદો વિભાગ થઈ ગયો, પછી અચેતનનો એક ભાગ થઈ ગયો એટલે અચેતનનો વિભાગ થઈ ગયો-એમ નથી. એ તો એક જ છે. જેનું આપણને નિરંતર ભાન છે, એને અમે ચેતન મન કહીએ છીએ. મનનો જે ભાગ નિરંતર ક્રિયાશીલ દેખાય છે, એને અમે ચેતન મન કહીએ છીએ. મનમાં સમાયેલા જે સંસ્કારોનું, જ્ઞાનનું, અનુભૂતિઓનું નિરંતર ભાન નથી રહેતું. પ્રસંગવિશેષમાં, સ્થાનવિશેષમાં જાગૃત થઈને એ પ્રગટ થવા માંડે છે, ત્યારે ભાન થાય છે, એને અવચેતન કહીએ છીએ. જ્યાં સુધી મનનો પૂરો પરિચય ન થયો હોય, અને જ્યાં

સુધી અવધાનની વ્યાપ્તિ અને ઉત્કટતા પોતાની પરિપૂર્ણતા ઉપર પહોંચી ન હોય, ત્યાં સુધી ચેતન, અવચેતન, અચેતનના ભેદ છે. જ્યારે નિરંતર અવધાનની અવસ્થામાં જિવાતું હોય છે, ત્યારે અચેતન જેવું કશું રહી જતું નથી. અંતમાં અવચેતન જેવું કશું રહી જતું નથી. કારણ કે ચેતનાની સમગ્રતા અવધાનનાં આલોક સમક્ષ અનાવૃત્ત થઈ જાય છે. આ ભેદ જે છે, એને શબ્દોથી સમજવાનો છે પણ એના ખંડ ન સમજશો, વિભાગ ન સમજો, એકબીજાથી જુદી એની સત્તા નથી.

આટલું સમજીને હવે આગળ વાત કરીશું. ચેતન મનમાં આ જન્મનાં, શિક્ષણના સંસ્કારોથી જે પામેલાં છીએ, કમાયેલું છે. અજાણતા જે ગ્રહણ થઈ જાય છે, જાણી જોઈને જેને પચાવેલું છે, આત્મસાત્ કર્યું છે, શિક્ષણ દ્વારા જે આપવામાં આવે છે, સાહિત્ય સંગીત વગેરેની સાંસ્કૃતિક પરંપરાને કારણે જે અપાય છે, એ આખું ને આખું, જેનું આપણને જ્ઞાન છે, એ બધું સમાયેલું છે. આપને એનું ભાન છે કે પાંચ વર્ષની ઉંમરમાં કે સાત વર્ષની ઉંમરમાં શું શીખ્યા, શું જોયું, ઘરમાં શું થયું, માતા-પિતાની સાથે શું થયું ? જે કાંઈ અવધાનના આલોકમાં આવી શકે છે, એને ચેતન મન કહો.

હવે આ ચેતન મનની પોતાની એક ગતિ છે, ૫ વર્ષની, ૧૦ વર્ષની, ૫૦ વર્ષની, ૬૦ વર્ષની; એટલી જ એમાં ગતિ છે. કારણ કે જે પ્રયત્નપૂર્વક કમાયેલું છે, અગર આ જન્મમાં, એટલે આ દેહમાં જ પામ્યા છે, એની ત્યાં ગતિ છે. હવે બીજું પણ છે-આનુવંશિક, જેને આપ વારસામાં મળેલું કહો છો એવાં જે સંસ્કાર, એવી જે પ્રવૃત્તિઓ પડેલી છે, એની પાછળ ૫૦ વર્ષ, ૬૦ વર્ષ, ૮૦ વર્ષની ગતિ નથી. એની પાછળ જે ગતિ છે, જે શકિત છે, એ આનુવંશિક છે. કારણ કે એ સમગ્ર માનવજાતિની છે. હજારો વર્ષોની છે. આપ જુઓ છો ને કે બે પ્રકારની ગતિઓ છે, એક તો જે આપણે જીવનમાં ઉત્પન્ન કરી, બીજી ગતિ આનુવંશિક છે. માતા-પિતાથી પામ્યાં છો, બે પેઢીઓ સુધી, ત્રણ પેઢીઓ સુધી, આનુવંશિક પ્રવૃત્તિઓ, શરીરગત, બુદ્ધિગત, ગુણદોષ એ ચાલતા આવ્યા છે.

શારીરિક અને માનસિક વંશાનુક્રમના રહસ્યને પશ્ચિમના વિજ્ઞાનીઓએ ઘણું બધું ખુલ્લું કર્યું છે, કયા રસાયણો છે, એ રસાયણો કયાં હોય છે, કયાં રહે છે,

મગજના કયા ભાગમાં એ રસાયણો પડેલા છે, D.N.A., R.N.A. એવાં એનાં નામો છે, એને કાઢવાં, એનાં ઈન્જેકશન લગાવવાં, એકથી બીજી વ્યક્તિમાં જ્ઞાન અને સ્મૃતિને સ્થાનાન્તર કરવાં, આ બધું એમણે સંભવિત બનાવ્યું છે. માટે, આ જે શરીરગત અને બુદ્ધિગત શકિતઓ છે, અગર વિકૃતિઓ છે, ગુણ-દોષ છે, એ ત્રણ પેઢીઓ સુધી જાય છે, એમ રશિયન વૈજ્ઞાનિકોનું આજે કહેવું છે. ભારતમાં તે કદાચ એને પાંચ અને સાત સુધી લઈ જાય છે. એટલે આવી એની ગતિ છે, જે શરીરમાં, લોહીમાં પડી છે, અસ્થિ-મજ્જામાં પડી છે.

એટલે અચેતન સવાર થઈ જાય છે. અચેતનનું પ્રભુત્વ જે ચેતન પર પ્રભુત્વ કરે છે, એ ચેતન કોઈ પાણી જેવું પાતળું છે, એમ પ્રશ્નકર્તાએ પૂછયું છે કે જેમાં જે રંગ નાંખો તેવું થઈ જાય ? વાત એમ છે કે સનાતન ગતિની સામે આ ચેતનની ગતિ પચાસ વર્ષની, વીસ વર્ષની ઘણી નબળી અને ક્ષીણ પડે છે. એ ચેતનની ગતિને સંસ્કારિત થવાનો સમય ઓછો મળ્યો છે. અને એની (અચેતન) પાછળ સંસ્કારિતા એટલી દૃઢ છે, પરિવારની, ધર્મની, જાતિની, વંશની, એટલી દૃઢ છે, ગાઢ-પ્રગાઢ છે, એટલે એમાં જોર વધારે છે. એમાં સંતાપ થવાની શી જરૂર છે ? તથ્યોને સમજવાં જોઈએ. સંતાપ એટલા માટે થાય છે કે અચેતનની ગતિનું અમે નિયંત્રણ કરીશું, એનું અમે નિયમન કરીશું, એના પર શાસન કરીશું, આવી આકાંક્ષા છે. અને મન પર શાસન; અચેતન, અવચેતન પર શાસન કરનારાઓની દુર્ગતિ બધી જગ્યાએ થઈ છે.

ભારતીયોએ જાતિ અને ધર્મને નામે શાસન કરવા ઈચ્છયું. પશ્ચિમમાં વિચારવામાં આવ્યું કે સામ્યવાદી અને શોષણમુકત સમાજ બનાવવો છે. વર્ગ વિનાનો સમાજ બનાવવો છે, ત્યારે એના પર શાસન કરવું જોઈએ. સંપત્તિની લાલસા પર, સત્તાની અભિલાષા પર, કોઈ શું શાસન કરશે ? રચના બદલી નાંખીશું, સંપતિ છીનવી લઈશું. રાજયને નામે કેન્દ્રિત ઉત્પાદન સંસ્થા બનાવીશું. એમ વિચારેલું કે આ રીતે નફાનો હેતુ નીકળી જશે, સત્તાની અભિલાષા નીકળી જશે, સંપત્તિની અભિલાષા નીકળી જશે. હવે એમ જોઈ રહ્યા છે કે આવું થતું નથી. આજે સામ્યવાદી દેશોની પરિસ્થિતિ સમજશો એમના પ્રશ્નો અને સમસ્યાઓને જોશો, ત્યારે મારી વાતને, મને જે વેદના છે એને તમે પકડી શકશો. પ્રચાર કરવાની નીતિ, દમન, નિગ્રહ, નિરોધ, ધર્મના નામે; અધ્યાત્મને નામે

કરનારા હારી ગયા. અને ત્યાં દેશને નામે, સમાજને નામે અચેતન પર શાસન ચલાવનાર, પ્રયત્ન કરનારા હારી ગયા.

અચેતન, અવચેતનની ગતિને, શક્તિને નિયંત્રણમાં, શાસનમાં, કાબૂમાં રાખવી સંભવ નથી, એને સમજી લેવું, અને એના પ્રતિકારના વિરોધને છોડી દેવો એ બરાબર છે. એનો લાભ ઉઠાવવો કે એનો વિરોધ કરવો ? પ્રતિકાર અગર વિરોધ પણ દમનના સૂક્ષ્મ પ્રકારો છે. માટે આપ જેટલો વિરોધ કરવા જશો, જેટલો પ્રતિકાર કરવા જશો આપ એ ગતિને, એટલી જ વધુ તાકાત આપતાં જશો. એની તાકાત વધારતા જશો. માટે કહું છું કે પ્રતિકાર અગર વિરોધ અચેતનની ગતિમાંથી ઊઠે છે. અચેતનની ગતિનો પ્રતિકાર કરવાની વાસનામાંથી, સંતાપ છે, ઉદ્વેગ છે, કડવાશ છે, ક્રોધ છે, આત્મનિંદા છે, આત્મ-દયા છે, આ બધાં એમાંથી ઉત્પન્ન થાય છે. વિરોધને છોડી દો. એમાં સુધારો કરવાની, એના પર શાસન કરવાની આકાંક્ષાને છોડી દો.

અને પછી જુઓ. જે રીતે ઝેર, ઝેર છે એ સમજ થયા બાદ, જે રીતે કોઈ ઝેર પીતું નથી, એ જ રીતે શાસન કરવું નહીં પડે, એ બોધ થયા પછી શાસનની આકાંક્ષા નહીં ઊઠે. એ રીતે અચેતનની પ્રવૃત્તિઓ જ્યારે કબજો લેવા ઈચ્છશે, દૃષ્ટિને જ્યારે વિષમય બનાવવા ઈચ્છશે, વૃત્તિને, વ્યવહારને વિકૃત બનાવવા ચાહશે ત્યારે અવધાનનો આલોક એના ઉપર પડશે. બોધ જાગૃત રહેશે, સમજણ જાગૃત રહેશે, કે આવનારા વિચાર, ભાવનાઓ, કામ, ક્રોધ, ઈર્ષ્યા, મત્સર, એ મારાં નથી. એ મનની યાંત્રિક ક્રિયાઓ છે, બુદ્ધિની યાંત્રિક ક્રિયાઓ છે. મારો ક્રોધ, મારી ઈર્ષ્યા, મારો મત્સર, આમ કહીને આપ એને શક્તિ આપો છો. પ્રતિકારમાંથી બળ આપ્યું, હવે બતાવી રહી છું કે મારાપણામાંથી પણ એને બળ મળે છે.

ક્રોધ આવ્યો તો, હું ક્રોધી છું, હું ઈર્ષ્યાળુ છું, મારો સ્વભાવ એવો છે. અરે ભાઈ ! સ્વભાવ તારી ઈન્દ્રિયોનો છે, તારાં મનનો છે, પણ એને સ્વભાવ સમજીને તદાત્મતા રાખવી, મમ-ભાવ એના પ્રત્યે રાખવો, એ પણ એક પ્રકારનો વિરોધ જ છે. આ જો ન રહે તો આ ચેતનની ગતિ આખાયે દિવસના વ્યવહારમાં પહેલાં વ્યક્ત થતી રહેશે પણ સવારમાં કહ્યું, એ પ્રમાણે એ મંદ પડી જશે. એનો ડંખ

નીકળી જશે. એટલે એનું હોવું, ન હોવું એક જ વાત છે. જેમ કે રાખ પડેલી છે, લાકડી સળગી જાય અને રાખ પડેલી છે. માટે રાખ દઝાડતી નથી. એ અચેતન પછી અંદર પડયું રહેશે, એ નષ્ટ નથી થતું, ડંખ મારવાની શકિત જતી રહી છે. વિકૃતિઓ ઉત્પન્ન કરવાની શકિત જતી રહી છે. એવું એ નિર્દેશ પડયું રહેશે. જ્યાં એની યાદ કરવાની જરૂર પડશે, પ્રયોજન હશે, તો માણસ એનું સ્મરણ કરીને બતાવી દેશે કે આવું આવું પડયું છે. માટે આપ આ અચેતનના આશયને સમસ્યા ન બનાવશો, જીવનનાં તથ્યોને પોતાના અહંકારને કારણે જો સમસ્યાઓમાં પલટી નાંખીશું, તો કારણ વિના ઝઝૂમતાં રહીશું. એમ ઝઝૂમવાથી એ નીકળનાર નથી. જેવું છે, તેવું તેને સમજવું. મિથ્યાને મિથ્યાના રૂપમાં જોશો, જાણશો, અને સમજશો, તો સત્યનું સ્પંદન આ અચેતનમાંથી જ જાગૃત થશે. આ રીતે ચેતનની બધી ગતિઓ જ્યારે સમજશો તો આપોઆપ સ્વાધીનતાનો શ્વાસોચ્છ્વાસ, આ સમજમાંથી થવા લાગશે. આજે સૈદ્ધાંતિક ચર્ચામાં હું એ સમજાવી શકતી નથી. પરંતુ મિથ્યાને મિથ્યાના રૂપમાં સમજવામાંથી જ સત્યનો શ્વાસોચ્છ્વાસ શરૂ થાય છે.

(ચોરવાડના બીજા શિબિરમાં થયેલ પ્રશ્નોત્તર-૨, તા. ૧૭-૧૨-૧૯૭૧)

૭

પાંચમું પ્રવચન

આજે સવારે જે વાતો કહેવાશે, એ અત્યંત સાવધાન થઈને સાંભળવા વિનંતી છે. મન અને બુદ્ધિના સામ્રાજ્યમાં જે બને છે, એનું વર્ણન જ્યારે કોઈ વ્યકિત અનુભૂતિ અને પ્રત્યયથી કરે છે, તો સાંભળનારને કઠણ હોવા છતાં અસંભવ નથી લાગતું. પરંતુ મનની બધી ક્રિયાઓ શાંત થયા પછી જીવનમાં જે બને છે; એને પ્રેમવશ થઈને જ્યારે કોઇ શબ્દાંકિત કરવાનો પ્રયત્ન કરે છે, તો એને સાંભળવા વધું અવધાનની આવશ્યકતા છે. કારણ કે શ્રોતાઓ માટે એ વિષય તર્કથી પર છે. એ ક્ષેત્ર અનુમાન અને તર્ક વગેરેથી પર હોવાને લીધે તુરંત જ બુદ્ધિગ્રાહ્ય નથી, અને શબ્દ સાંભળતાં જ, શબ્દ જે સંકેત કરે છે, જે તરફ શબ્દ ઈશારો કરે છે, એને તત્ક્ષણ અનુભવ કરવાની સંવેદનશીલતા અગર જાગૃતિની એક અવસ્થા છે, જ્યાં દર્શન જ ઘટના થઈને અનુભૂતિ બની જાય છે, જ્યાં શ્રવણ ઘટના થતાં જ અનુભૂતિ બની જાય છે. શ્રવણ તથા દર્શન અને સમગ્રતાના અનુભવ વચ્ચે સમયનું અંતર રહેતુ નથી. ઘટના અને અનુભૂતિનું અંતર જ વિસર્જન પામે છે. એવી એક અવસ્થા, જેને સમાધિ કહે છે, એ સંભવ છે. પરંતુ આજે નહી. માટે વિનંતી છે કે આજે સવારે જે કહેવાય છે, બહુ જ સાવધાનતાથી સાંભળજો.

અચેતનમાં સમાયેલાં બધાં સંસ્કાર, બધાં અનુભવ, સમગ્ર માનવજાતિની અનુભૂતિઓ, દશ્યરૂપ થઈને અવધાનના પડદા પર પ્રક્ષેપિત થતી જાય છે અને પછી દશ્યો શાંત થઈ જાય છે, ત્યાં સુધી વિષય ગઈ કાલે આવ્યો હતો. એના પ્રક્ષેપણ થવામાં જો ભોગ અગર ત્યાગનો, વિકાર અગર નિષેધનો અવરોધ ઉત્પન્ન ન થાય, તો દશ્યો દેખાય છે. પરંતુ માનવજાતિની અનુભૂતિઓ, માનવજાતિનું જ્ઞાન ગમે તેટલું વ્યાપક ભલે હોય, એનો વિસ્તાર ગમે તેટલો હોય, એમાં કેટલીયે

વિવિધતા સમાઈ હોય, છતા એ મર્યાદિત છે, પરિમિત છે; અનંત નથી, સાંત છે. અસીમ નથી, સીમિત છે. માટે દશ્યો શાંત થાય છે, એની ગતિનું કામ એટલું જ હતું કે સંચાર થઈને અવધાનનાં પટ પર પ્રક્ષેપિત થઈ જાય. એનું એ પ્રયોજન જ્યારે નિર્વિઘ્ને પૂરું થઈ જાય છે ત્યારે શાંત થઈને સ્વસ્થાનમાં, જેમ તરંગો પાણીમાં સમાઈ જાય છે, તેમ દશ્યો લીન થઈ જાય છે. જેમ તરંગો સમાઈ જવા માટે જ ઊઠયાં હતાં, એ જ રીતે દશ્યો પોતાની મેળે જ શાંત થાય છે.

પવનનો સપાટો આકાશમાં મળી જવા માટે આવે છે. આકાશની બહાર પવનનું ડોલન-ઝૂલવું નથી હોતું. જલાશયની બહાર તરંગોનું ઊઠવું અને શાંત થવું નથી હોતું એજ પ્રમાણે દશ્યોનું આ ચૈતન્યસાગરમાં તરંગોરૂપી ઊઠવું એ પછી સમાય જવા માટે જ છે. એ શાંત થઈ જાય છે. દૃષ્ટાનું પછી વિસર્જન થવા માંડે છે અને ગઈ કાલે કહ્યું હતું કે આ સમય ઘણો નાજુક છે. એમાં જેટલો બને તેટલો લોકસંપર્કમાંથી, અને દૈનિક જીવન તથા સાંસારિક જીવનમાંથી, જવાબદારીઓમાંથી, થોડા વખત માટે જો રજાઓ મેળવી શકાય, તો ગતિમાં અવરોધ ઉત્પન્ન નથી થતો. આ સમય નાજુક એટલા માટે જ છે કારણ આપણામાંથી નવો જન્મ થવાની એ પ્રસવ વેદના છે.

એમાં મૌનની ધરતીમાં અહમ્‌ને બીજરૂપે જવું પડે છે, કે જેથી આત્માની અનંત શક્તિઓ એ અહમ્‌ના વિસ્ફોટમાંથી જાગૃત થઈ શકે. એમાં પોતે જ પોતાનાં માતા અને પિતા બનવાનું છે. આ છે એ પ્રસવ-વેદના. આ ગર્ભાધાનની વેળા છે. કોઈપણ માતાને, જે રીતે બહુ જ સંભાળીને નવ મહિના ગર્ભને, પોતાના ઉદરમાં રાખવો પડે છે, જતન કરવો પડે છે, એને અનુકૂળ આહાર-વિહાર કરવો પડે છે, એ જ પ્રમાણે સાધકનાં જીવનમાં હવે કેટલોક સમય અત્યંત મૃદુતાનો, અત્યંત સુકુમારતાનો આવે છે. આ સમયે ખૂબ સાવધાનતા અનિવાર્ય છે. એ સિવાય એ થઈ શકતું નથી. મૌનની ધરતીમાં અહમ્‌નું બીજ છુપાઈ જશે. નિરવ એકાંતની માટી એના પર પડશે, અને જેને આત્મા પરમાત્મા કહીએ છીએ, એ જ ચૈતન્ય સૂર્યના કિરણો એના પર પડશે. રૂપકથી જ કહેવું પડે છે. શું કરું ?

હવે આ સમયે અહમ્‌ને બીજરૂપે અંદર સમાય જવાની ટેવ ન હોવાને લીધે એ તડફડાટ કરે છે. આપ ધરતીમાં બીજ વાવો છો, એ તો બિચારા વિરોધ

વિના સમાય જાય છે. એનામાં શકિત છે. એમાંથી જ જમીનને છેદીને-ભેદીને અંકુર એમાંથી જ બહાર આવે છે. એમાં અંકુરિત થવાની શકિત છે. આખોયે વડલો આ બીજમાં સમાયો છે. આ જે એની શાખાઓ, પાન, ફળ જોશો તો ખબર પણ નહીં પડે કે આટલું મોટું, આટલું વિશાળ વડનું વૃક્ષ આટલા નાનકડા બીજમાં સમાય શકે છે. કલ્પના નહીં કરી શકો અને છતાં જીવનનું એ સત્ય છે. એ જ બીજમાં એ વૃક્ષનો રંગ, રૂપ, આકાર, પ્રકાર બધું જ સમાયું છે. તો એ નિરુપદ્રવી છે, સમાય જાય છે, પણ આ અહમ્‌નાં બીજને મૌનમાં સમાય જવાનું નથી ગમતું. ક્રિયા અને અક્રિયા, સંકલ્પ અને વિકલ્પ એનાં ચરણ છે. હવે એને ચાલવા મળતું નથી એટલે એ તરફડે છે. માટે જ આંસુ આવે છે, માટે જ વેદના થાય છે. એટલે જ નિરાશ, હતાશ થઈ ધરતીમાં સમાય જવાય છે. માટે જ અંધકાર લાગે છે. પોતે બીજ બનીને જુઓ, આવી જ હાલત થશે. માટે ધારણા શકિતની કસોટી છે. આ વીરતા ધીરતાની કસોટીનો સમય છે. તમે શું એમ ચાહો છો કે આવી વેળા આવે જ નહીં ? અને આવે છે તો તેવી પળમાં કોઈ હાથ પકડીને તમારી મદદ કરે.

અમેરિકન સ્ત્રીઓ, રમણીઓ એમ ચાહે છે કે નવ મહિના સુધી ગર્ભ ધારણ કરવો ન પડે. ચૌદમા અઠવાડિયામાં બાળકને, શિશુને પેટમાંથી કાઢી લેવાની વ્યવસ્થામાં એ પડી છે અને કૃત્રિમ ગર્ભાશયમાં એ ગર્ભનું પાલન-પોષણ પછી થાય. બાળક અને શિશુ એ ખોટો શબ્દ વાપર્યો. એ તો હજી બાળક નથી બન્યો. તો એ ભ્રૂણ છે. એવા પ્રકારના પ્રયોગ થયા છે. આપણે શું એમ ચાહીએ છીએ કે ધારણા શકિત વિકસિત ન થાય ? માની જાતિ છું. એટલે દૃષ્ટાંત અગર ઉદાહરણોમાં પરિચિત રૂપકો આવે તો આશ્ચર્ય ન લગાડશો, પરંતુ પીડાથી, વેદનાથી, તડફડાટમાંથી, આંસુઓમાંથી કોઈ બચાવે એવી અભદ્ર વાસના અને અભદ્ર આશા આપ ન રાખશો. શરૂઆતમાં ભૂખ નહીં લાગે. ઊંઘ ઓછી આવશે. ખાઓ છો એ પાચન નથી થતું એમ લાગશે. આ બધું થશે. પરંતુ આપ એને રોગ ન સમજશો, આપ એને આધિ-વ્યાધિ ન સમજશો. આ તો પરિણામ છે. અહમ્‌નું બીજરૂપે મૌનમાં સમાય જવાનું સહજ પરિણામ છે. કોઈએ ગઈકાલે પૂછયું હતું, શું કોઈ મદદ કરવા નહીં આવે ? કોઈ બચાવવા નહીં આવે ? આપ તો કહો છો ને કે શકિતઓ મદદ કરવા દોડી આવે છે. જરૂર

મદદ કરે છે. પરંતુ મદદની અપેક્ષા રાખવાની આ વેળા નથી. આટલું નિવેદન કરવા દો. આ ઘડી સહન કરવાની છે. આ ઘડી વેદનાને, પીડાને જીવવાની છે. આપ એમ સમજો છો કે વેદના અને પીડા જીવવા લાયક હોતી નથી. શું હાસ્ય એ જ જીવવા લાયક છે ? આહ જીવવા લાયક નથી ? આંસુ જીવવા લાયક નથી ? આટલો ગભરાટ શા માટે ?

આટલો ગભરાટ થવાનું કારણ અહમ્‌ને સલામતીની ટેવ છે. અને સુરક્ષામાં સુખનો આભાસ છે. સલામતીની ભાવનામાં સુખ છે. દુઃખમાં આ સલામતી લાગતી નથી, ખબર નથી પડતી, માટે દુઃખ અપ્રિય છે. તમે કોઈને કહો કે દુઃખમાં સલામતી છે, તો દુઃખ પણ પ્રિય થઈ જશે. આમાં અડધી વેદના, અડધી વ્યથા, અડધો તડફડાટ, અહમ્‌ની પ્રતિક્રિયાને લીધે છે. બીજરૂપે સમાય જવું એને રુચિકર નથી, પ્રિય નથી, એટલે પ્રતિક્રિયા કરે છે. તો આ તો અસુરક્ષાનો આભાસ, નિષેધનો, અભાવનો આભાસ છે, એ મૃગજળ છે, એ આભાસ છે. એમાંથી પસાર થવું જ પડે છે. એનો ઉપાય કરવા જશો તો મૃગજળને સત્ય માનવાનો અનર્થ થશે. ત્યાં અભાવ નથી, નિષેધ નથી. એમાં અંધકાર નથી. આ ફક્ત આભાસ છે. અભાવનો ભ્રમ છે કારણ કે ભાવની ટેવ પડી છે. આપણો આખોયે ભાવરૂપ અને વિધાયક અનુભવ, નિષેધ અને અભાવની અપેક્ષા પર રચાયો છે. એ ભાવરૂપ અને વિધાયક અનુભવનું જે સત્ત્વ છે, એ નિષેધ હવે સામે આવશે. ખરેખર તો એમ સમજવું જોઈએ એ ઘડીથી ખબર પડશે કે આજ સુધી જે વિધાયક સમજતાં હતાં, ભાવરૂપ સમજતાં હતાં, એનું રૂપ પણ અભાવાત્મક અને નિષેધાત્મક હતું.

હવે એ સાચા સર્જનાત્મક સાચા ભાવરૂપનો સાક્ષાત્કાર થશે. આ ભાવરૂપ અને અભાવરૂપ, વિધાયક અને નિષેધાત્મક એ બન્ને દ્વન્દ્વ છે. એ દ્વન્દ્વોના વિસર્જનની આ ઘડી છે. જેમ મૃત્યુની પળમાં જન્મ અને મરણના તણાવનું વિસર્જન થવાની મંગળ-વેળા હોય છે. એજ રીતે આ ઘડીમાં ભાવ-અભાવ, પ્રકાશ-અંધકાર, વિધાયક-નિષેધક આ બધા દ્વન્દ્વોનો અસ્ત થવાની આ વેળા છે. આ નિરાધારતા એ તમારી નિરાધારતા નથી, એ તો અહમ્‌ની નિરાધારતા છે. જેને મનની સાથે, શરીરની સાથે સીમાઓમાં સજાવેલું, મર્યાદામાં અલંકૃત થયેલું, આપ જોતા આવ્યા છો, જે સંસ્કારના પુંજને, અનુભૂતિઓના જ્ઞાનની ગ્રંથિઓને

આપ જોતા આવ્યા છો, એને પીગળાવવા માટે એમાંથી વિસ્ફોટ થઈને નીકળવા દો. એ વેળા એને તૂટવાની છે. પછી એનો વિસ્ફોટો થશે. બીજના વિસ્ફોટમાં જ વૃક્ષનો જન્મ સમાયો છે ને ? એ જ પ્રમાણે અહમ્‌ના વિસ્ફોટમાં આત્માનાં આલોકનો જન્મ થવાનો છે. એનું અવતરણ છે. એને ઉત્થાન કહો કે અવતરણ કહો. માટે આ ઘડી, આ વેળા, મદદ અને સહાયની અપેક્ષાની નથી. એટલું મને કહેવા દો કે આ અહમ્‌નો તડફડાટ અસહાયતાની, નિરાધારતાની, આ શુભ ઘડી છે. 'નિર્બલ કે બલ રામ' આ નિર્બલતાની ઘડી છે.

આપ બલ, તપ બલ, ઔર બાહુ બલ,
ચોથા હે બલ દામ,
'સૂર' કિશોર કૃપાસે સબ બલ, હારે કો હરિનામ ॥

આ બધા પ્રકારના જે બળ છે, એ બધા બળ હારી જાય છે, એટલે આ બધાં બળોની જે મર્યાદા છે, એનો સાક્ષાત્કાર થઈ જાય છે.

માટે અહમ્‌ની સીમાઓને ઓળંગી જવાની આ ઘડી છે. એમાં થનારો તડફડાટ એ શુભ ઘડી છે. એમાં આંસુ ખરી પડે તો એ અમૃતબિંદુ છે. એને રોકશો નહીં. આપ કહેશો કે શું અહમ્‌ના વિસ્ફોટમાંથી આત્મા આવે છે ? આ આપ શું કહી રહ્યા છો ? પહેલે જ દિવસે સવારમાં કહ્યું હતું કે સાંતના દ્વારમાંથી અનન્તનાં દર્શન થાય છે, જ્ઞાતના વિગ્રહમાં અજ્ઞાતની પ્રાણપ્રતિષ્ઠા છે, અહમ્‌ના દ્વારમાંથી અનન્ત આત્માનાં દર્શન થાય છે. બીજ જ્યાં સુધી બીજરૂપે રહે છે ત્યાં સુધી વૃક્ષનું દર્શન થતું નથી; અહમ જ્યાં સુધી અહમ્‌રૂપ, તન અને મન સાથે એક થઈને જીવે છે, ત્યાં સુધી આત્માનાં દર્શન નથી થતાં. હવે અહમ્‌ને મૌનના સામ્રાજ્યમાં સમાય જવાનું છે. એ આ સાડા ત્રણ હાથના દેહમાં સમાય ગયો. પછી તો નિરવ મૌન છે, નિષ્કંપ, નિસ્પન્દ મૌન છે. એનો ઉપસર્ગ નકારાત્મક છે, પણ અવસ્થા ભાવાત્મક છે. હવે તમે જાણશો કે આ હાડકાં મજ્જાનાં બનેલાં, લોહીના બનેલાં આ શરીરમાં, કાયામાં, દેહમાં, આ પાર્થિવમાં જ ચિન્મય છુપાયેલું છે. આ પાર્થિવ અને ચિન્મયની બે સત્તાઓ અલગ નથી, એક જ છે. પાર્થિવમાંથી ચિન્મયની બે સત્તાઓ અલગ નથી, એક જ છે. પાર્થિવમાંથી ચિન્મયને પ્રગટ થવા દેવું એ જીવનની કળા છે, એ જ યોગ છે. આ રૂપક નથી.

આપ હાથમાં મુઠ્ઠી ભરીને માટી લો. એ માટીમાં તમને અનન્ત રૂપ, અનન્ત રંગ, અનન્ત રસનાં કયાંય દર્શન થાય છે ? છતાંયે આ વસુંધરામાંથી, આ ધરતીમાંથી તમે જાણો છો, જુઓ છે કે વિશ્વના બધા રંગ, બધા રસ, રૂપ આ જ ધરતીમાંથી નીકળે છે, એમાં જ સમાયેલાં છે. પૃથ્વીમાં તો ખરું જ પણ લોકો પાણીમાંયે ખેતી કરી લે છે, પાણીમાં જે પૃથ્વીનો અંશ છે તેની મદદથી લોકો ખેતી કરી લે છે. કાલે આકાશમાં ખેતી થવા લાગે તો મને આશ્ચર્ય નહીં થાય. આકાશમાં જેટલો સૂક્ષ્મ પૃથ્વીનો અંશ છે, એનો ઉપયોગ કરીને કોઈ ખેતી કરે તો આશ્ચર્ય ન થવું જોઈએ.

સૂર્યનાં કિરણોમાં જે અગ્નિ છે, એની મદદથી કેલિફોર્નિયામાં મેં રસોઈ બનાવનાર જોયાં છે, અગર સૂર્યના કિરણોમાંથી સંપૂર્ણ જીવનનું પોષણ કરી લેવાની કળા કોઈ ભવિષ્યમાં ખીલવે, તો મને આશ્ચર્ય નહીં થાય. આકાશમાં જેટલો પૃથ્વીનો અંશ છે, પાણીનો અંશ છે, એમાંથી પોષણ મેળવનારા યોગીઓ મેં જોયા છે. તો આ કાયામાં જે પાંચ મહાભૂતો છે, એ સઘન છે, સુવ્યવસ્થિત છે, સુગ્રથિત છે, સુસ્પષ્ટ છે, સુરેખ છે, સૌષ્ઠવથી સજ્જવેલાં છે, એમાં દિવ્યતાની અનન્ત શકિતઓ ઉપસ્થિત છે, નિહિત છે.

માટે આ નિરવ મૌનનાં, અવિચ્છિન્ન મૌનનાં એકાંત સામ્રાજ્યમાં, આપનાં શરીરનાં અણુ-પરમાણુમાં જે ઊર્જા રહેલી છે, જે ચૈતન્ય છે, જે શકિત છે, ગમે તે નામ આપો, તેની મુકત ગતિ કાર્ય કરતી થાય છે. હવે એ શકિતને અવરોધનારું શરીરમાં કાંઈ પણ નથી. જે અહમ્‌ની રોકનારી ગ્રંથિ હતી, 'હું - તું' ના રૂપમાં જીવનને વહેંચી નાખનારી, ઈચ્છા-વાસનાઓમાં એને વિખેરી દેવાવાળી, એ ગ્રંથિ બીજરૂપે મૌનમાં સમાય ગઈ છે. એટલે હવે અવરોધ કયાંય નથી; હાડકાંમાં, મજ્જામાં જ્ઞાનતંતુઓમાં, માંસ-પેશીઓમાં- કયાંયે કોઈ પણ રોકનારું રહ્યું નથી. એક એવું ખાલીપણું, મૌનનો એક એવો અવકાશ હવે ત્યાં ઓતપ્રોત થઈ ગયો છે જેથી કયાંયે રોકટોક નથી, અવરોધ નથી, અને ઊર્જાનો મુકત વિહાર છે. તો આ વિખરાય ગયેલી ઊર્જા, પોતાનાં મૂળસ્થાનમાં, જે મૂળસ્થાન અનુભવ કરી શકાય છે, નાભિકેન્દ્રમાં; ત્યાં જઈને સમાય જાય છે. જેમ બુદ્ધિ-મનનું કેન્દ્ર મગજમાં પડયું છે, એ જ પ્રમાણે જીવનની શકિતનું મૂળ કેન્દ્ર નાભિ-કેન્દ્રમાં છે. ત્યાં જઈને પછી એ પોતાની

સમગ્રતામાં વિહાર કરવા માંડે છે. નાભિમાં જે નાડી-સંસ્થાન છે, શરીરના બધા વિભાગોમાં ફરવાવાળી મુખ્ય નાડીઓનું એક કેન્દ્ર તેમાં જીવે છે. મગજની સાથે ઊર્જાને સીધો સંબંધ છે, જેને મૂલાધાર કહે છે તેની સાથે સીધો સંબંધ છે. કરોડરજ્જુ સાથે સીધો સંબંધ છે. એટલે ત્યાં શક્તિનો સંચાર થવા લાગે છે. નાભિમાં જ નાદનું જન્મસ્થાન છે, આ અનુભવ થઈ શકે છે, એટલું જ કહી દઉં છું. આમાં ઉધાર વાતો કામ નથી આપતી, અનુમાન અને તર્ક કામ નથી આપતાં. હવે ફકત અનુભવની દષ્ટિ કામ કરશે. આ પ્રયોગોનો માર્ગ બનશે. અનુભવની દષ્ટિ હશે તો યાત્રા આગળ ચાલશે.

આ શક્તિનું શીલ શું છે ? સ્વરૂપ શું છે ? ઊર્જાનો સ્વભાવ અને ઊર્જાનું શીલ છે પ્રજ્ઞા, બુદ્ધિ નહીં. એનો સ્વભાવ છે અસીમ, કુંઠિત નહીં એવી સંવેદનશીલતા. સંસારમાં જે ઊર્જા વ્યાપેલી છે, શક્તિ છે, એનું શીલ છે કુંઠારહિત પ્રજ્ઞા. અંકુઠિત સંવેદનશીલતા, જીવનનું શીલ છે. સંવેદનોને ગ્રહણ કરવા અને સંવેદનો મારફત પ્રતિસાદ આપવો. તો હવે આખાયે શરીરમાં નખશિખાંત સંવેદનશીલતાનો સંચાર છે. અકુંઠિત સંવેદનશક્તિ, સંવેદનશીલતા જ પ્રેમ કહેવાય છે. આખુંયે શરીર એક સજીવ વીજળીના તાર જેવું બની જાય છે. પછી ગમે ત્યાં સ્પર્શ કરો, ત્યાં નવી શક્તિનો સંચાર, નવી તાજગીનો સંચાર, નિત્ય નૂતનતાની ક્ષમતા પછી મનમાં, બુદ્ધિમાં અને શરીરમાં વ્યકત થવા માંડે છે. 'પ્રતિક્ષણમ્ નવનવતામ્ ઉપૈતિ.'

તો સાંતની અંદર છુપાયેલ અનંત હવે પોતાનું મુખ દેખાડે છે. આ જ શૂન્ય શિખર પર શિવજીનાં થનારું દર્શન છે. શક્તિમાંથી, ઊર્જામાંથી હવે શિવ જુએ છે. હવે આ જિજ્ઞાસાનું અનુભવમાં પરિવર્તન થવાની વેળા છે. આ વ્યકિતચેતના અને વિશ્વચેતનાના મિલનની પળ છે. એમાં શક્તિનો સંચાર પ્રજ્ઞારૂપે, તાજગીરૂપે, અભિનવતાની ક્ષમતા ધારણ કરવારૂપે પ્રગટ થાય છે. મારાં શબ્દો અને એનાં વ્યાકરણ તરફ ધ્યાન ન આપશો. હવે મારાં શબ્દો સાથે હું શું કરું ? મારી સમજમાં નથી આવતું. જેવાં સૂઝે છે તેવાં શબ્દો લઈ રહી છું. બુદ્ધિ સીમિત છે, પ્રજ્ઞા અનંત છે, કામ સીમિત છે, પ્રેમ અસીમ છે. ઈન્દ્રિયોની, મનની શક્તિ સીમિત છે. આત્માની શક્તિ અનંત છે. આવા બધા જે વાકયપ્રયોગો છે એનો ચરિતાર્થ થવાની વેળા હવે આવી છે.

મૌનના પરિમાણમાં અસીમ સંવેદનશીલતા, અસીમ પ્રજ્ઞા, અસીમ પ્રેમ- Infinite Sensitivity, Infinite Intelligence, Infinite Love-નો જન્મ થાય છે. હવે વ્યકિત એ વ્યકિત નથી રહેતી, કારણ કે એનામાં હવે ચેતનાનું કોઈ વિશિષ્ટ કેન્દ્ર રહ્યું નથી. ભાષામાં ઉપયોગ કરવો પડશે, 'અહમ્ મમ' શબ્દનો ઉપયોગ પણ દેહમાં રહેતા હોવાથી કરવો પડશે. પણ હવે એ શબ્દોનો આશય બદલાઈ ગયો છે. જેવી રીતે માટી ગમે ત્યાંથી ઉઠાવી લો. એ માટીમાં અનંત રૂપ, રંગ, રસની એમાં ક્ષમતા હોય છે, એ જ પ્રમાણે આ સાડા ત્રણ હાથની કાયામાં હવે વિશ્વચૈતન્ય જ સમાયેલું છે. એને કુંઠિત કરનારી ગ્રંથિ હવે સમાપ્ત થઈ છે, વિસર્જન થયેલું છે. નિર્ગ્રંથ અવસ્થા આ છે, વિસર્જિત અવસ્થા, કૈવલ્યાવસ્થા, મુકતાવસ્થા, નિર્વાણની આ અવસ્થા છે. જ્યાં શૂન્ય થયું ત્યાં પૂર્ણનો સંચાર છે. શૂન્યમાં રહેલું પૂર્ણ પ્રગટ થવા માટે તડફડે છે.

આ રીતે અહીં વ્યકિત સમાપ્ત છે અને દેહ શેષ છે. અને એમાં વૈશ્વિક ચેતના છે. એમાં અનન્તની શકિત છે. એ પ્રગટ થાય છે. એ જ્યારે પ્રગટ થવા માંડે છે, ત્યારે મારા મિત્રો ! એ વિશ્વચેતનાનો આવિર્ભાવ એ અનન્ત, અસીમનું વ્યકત થવું, સહન થતું નથી. એટલે કેટલાંક લોકો ઉન્માદમાં, મસ્તીમાં, નશામાં રહે છે. અફીણનો નશો જુદો છે, એ તો બહુ જ ક્ષુદ્ર, પામર છે. એટલે કેટલાક લોકો સમાધિમાં જ અટકે છે. આ સમાધિની અવસ્થા છે, જેમાં દેહ જ વિશ્વચેતનાનું કેન્દ્ર બની જાય છે. એમાં એક પ્રકારનો દિવ્ય ભાવ, દિવ્ય-નશાને લીધે કેટલાક લોકો એ જ અવસ્થામાં પડી રહે છે. કેટલાક લોકો એને બુદ્ધિ સુધી ઉતારી એના પર દર્શન લખે છે. મનશૂન્ય, અહંકારશૂન્ય અવસ્થાને આધારે સિદ્ધાંત બનાવે છે. એની તર્કબદ્ધ વ્યાખ્યા કરે છે. પહેલેથી કવિપ્રકૃતિના હોય તો રહસ્યવાદી કાવ્ય લખી નાંખશે. પહેલેથી જ્ઞાનપ્રધાન હોય તો દર્શન લખશે અને એમાં જ એમનું જીવન સમાપ્ત થાય છે. કારણ કે નીચેની ઈન્દ્રિયોનાં સ્તર પર, વ્યવહારના સ્તર પર ઉતારવા માટે જે ભાવના-શકિત જોઈએ, જે પ્રતીક્ષા જોઈએ, જે તિતિક્ષા જોઈએ એ એમનામાં નથી. તો સમાધિ-અવસ્થાનું અવતરણ બુદ્ધિ અગર મન પર લાવે છે.

જે પરિવર્તન બાકીના જીવનમાં વ્યકત થવું જોઈએ એ વ્યકત થતું નથી. સમાધિ અવસ્થાને જે મન-બુદ્ધિમાં ધારણ કરે છે, કાવ્યોમાં, સાહિત્યમાં એની

અભિવ્યક્તિ દર્શનના યા રહસ્યવાદના રૂપમાં, કરનારના જીવનમાં એની અભિવ્યક્તિ થતી નથી. ઈન્દ્રિયોની જે જુની ટેવો છે તે તેવી જ ચાલુ રહે છે. વહી ગયેલાં જીવનનાં અવશેષો એમ જ ચાલુ રહે છે, જેમ આપણામાં પશુજીવનના અવશેષ છે, અને આજે આ માનવજીવનમાં વ્યક્ત થાય છે ને ! જોવામાં તો માનવની ઈન્દ્રિયો છે, પરંતુ એમાં વ્યકત થાય છે પાશવી વૃત્તિઓ, અભિલાષાઓ, ટેવો, ભય; એ જ પ્રમાણે આ અવસ્થામાં પણ પૂર્વાવસ્થાની જે ટેવો છે, ઈન્દ્રિયોની તથા ઈન્દ્રિય-વિષય-સંબંધની, વ્યવહારની, એ જ વ્યકત થતી રહે છે. એમાં પરિવર્તન થયું નથી.

મહેરબાની કરીને, સમાધિ-અવસ્થાને સાધનાનું છેલ્લું પગલું ન સમજશો. એ તો નવ જીવનનું પ્રભાત છે. ત્યાં તો જીવન શરૂ થાય છે. એ અવસ્થાને અંતિમ ચરણ સમજીને જેવું કોઈ સમાધિ અવસ્થા સુધી પહોંચ્યું, તો એ પોતાની સમાધિ-અવસ્થાની સુરક્ષા કરે છે. લોકો એમાં જોડાય જાય છે, અને બાબા બનાવી દે છે, સંત બનાવી દે છે, યોગી કહે છે. એમને માટે આશ્રમ બને છે, અને સમાધિ-અવસ્થાની સુરક્ષા માટે બાંધેલું 'સંવર્ધનગૃહ' બને છે. માનવીય સંબંધો સામે આવું જીવન ખુલ્લું થવા દેવામાં આવતું નથી. જેમ હઠયોગીઓની સમાધિ યુક્તિઓથી, ક્રિયાઓથી, પ્રક્રિયાઓથી બનાવવામાં આવે છે, એમાં પ્રવેશ કરે છે અને એમાંથી બહાર આવે છે, આ સમાધિ શું કામની ? એ તો વ્યક્તિગત અનુભવ રહી જશે. જીવનનાં નવાં પરિમાણમાં તો પ્રવેશ ન થયો. હું તો જીવનનાં એક નવાં પરિમાણની વાત કરી રહી છું. સમગ્રતાના ઉત્થાનની, એવી ક્રાંતિની વાત કરી રહી છું, જેનાથી માનવીય સંબંધો બદલાશે.

આજે જે તણાવ-દબાણ, સંઘર્ષ, હિંસા છે એનો જો અંત ન આવતો હોય, તો આ અધ્યાત્મને પળ માટે પણ હું મારી પાસે રાખવા રાજી નથી. માટે, જે લોકો બુદ્ધિ સુધી અને મન સુધી એ સમાધિની અવસ્થાને વ્યકત કરવામાં જ પોતાનું ગૌરવ અને મહિમા અનુભવ કરે છે, અને એ અવસ્થાનું વિવરણ એમણે પોતાની બુદ્ધિ દ્વારા કર્યું, અગર પોતાના કાવ્ય દ્વારા કર્યું, એના જ પ્રચાર-પ્રસારમાં એને જ લઈને દેશ-પરદેશના ખંડોમાં સંપ્રદાય બનાવવામાં પડી જાય છે. એ ગમે તેટલાં મહાન કેમ નથી પણ એમના અધ્યાત્મમાં મને કોઈ રુચિ નથી. એમને માટે તો સમાધિની અવસ્થા એક વ્યકિતની કમાયેલી મૂડી થઈ

રહે છે. એ અવસ્થા તૂટી જાય એ ભયથી એ જીવનને માનવીય સંબંધોની સામે ખુલ્લું થવા દેતા નથી.

ઈન્દ્રિયોથી કામ લેવું પડે છે. મન-બુદ્ધિથી કામ લેવું પડે છે. સમાધિ-અવસ્થાના વિષયમાં બોલી રહી છું, ત્યારે પણ વાણી દ્વારા બોલી રહી છું. મન અને બુદ્ધિનો ઉપયોગ કરી રહી છું. તમે જોઈ શકો છો કે એનો ઉપયોગ કરવો પડે છે. એ અવસ્થા તૂટતી નથી, વાણીનો ઉપયોગ કરવામાં એ અવસ્થા ખતમ થઈ જતી નથી. પરંતુ બુદ્ધિ અને મનનો ઉપયોગ કરી રહી છું. તો મન અને બુદ્ધિનો ઉપયોગ, શરીરની ઈન્દ્રિયોનો ઉપયોગ, જૂની ટેવો પ્રમાણે થાય છે કે એની ટેવોનું જ પરિવર્તન થઈ ગયું છે, એ સવાલ છે. માટે સમાધિ-અવસ્થાને સંવર્ધન-ગૃહોમાં સલામત રાખવાનું, આશ્રમોમાં, સંપ્રદાયોમાં એને બાંધી દેવાનું, એનું જીવન-દર્શન બનાવવાનો લોભ-લાલચ એ અતિ સૂક્ષ્મ પ્રલોભન છે. માનવ, જો આમાં અટકી જતો નથી, એટલે એની જિજ્ઞાસાની અભીપ્સાની ગતિ, એની સ્વાધીનતાની ગતિ એટલી જબરદસ્ત હશે કે એ રોકાશે નહીં, તો પછી કોઈપણ પ્રકારની વ્યક્તિગત ઘટનામાં અને વ્યક્તિગત અનુભૂતિમાં એ વ્યક્તિ રોકાશે નહીં.

ત્યારે સમાધિ-અવસ્થાનું અવતરણ ઈન્દ્રિયો સુધી થયા વિના નહીં રહે. ઈન્દ્રિયો તેની તે જ છે. ઈન્દ્રિયોનો વ્યવહાર, મન-વાણીનો વ્યવહાર, સંતુલનની સૌરભથી મહેકી ઊઠશે. પછી વાણીથી પ્રગટ થતા શબ્દો આંતરિક શાંતિનાં તુષાર હશે. જાગૃત-સ્વપ્ન-સુષુપ્તિ એ અવસ્થાઓ એક ઉત્કટ અવધાનના ઉન્મેષ હશે. એવી વ્યક્તિઓનાં બધાં સંબંધોમાં જીવનની એકતાનું સ્ફુરણ હશે. જે કોઈ વ્યક્તિ એની પાસે આવશે, એક ઉત્કટ આત્મીયતા સિવાય, એક અપાર્થિવ પ્રેમનો પ્રસાદ, શાંતિના તુષાર, સંતુલનના ઉન્મેષ એ જ એનું જીવન હોય છે. પછી સ્વામિત્વ કયાં રહેશે ? ભય કયાં રહેશે ? પ્રતિપાદન કયાં રહેશે ? નિરૂપણ કયાં રહેશે ? પછી તો વાણી સંવાદ માટે, ઈન્દ્રિયો પ્રેમ વ્યક્ત કરવા, શ્વાસોચ્છવાસ પ્રાણોનાં પ્રસાધન માટે, મન અને બુદ્ધિ કેવળ વિશ્વચેતનાને ધારણ કરવા માટે; બસ, આટલું જ પ્રયોજન રહે છે. આવો માનવ બનશે.

તેને તમે એમ ન સમજશો કે કોઈ વ્યક્તિ-વિશેષમાં પ્રગટ થશે. આપણે પ્રગટ થવા દઈએ તો આપણામાં પણ એ કેમ પ્રગટ નહીં થાય ? આપણે આપણાં જીવનને પડતર ભૂમિ જેવું બનાવી દીધું છે. એને ખેતીનાં કામમાં લાવવાની

જરૂર છે. ભૂમિ કુંવારી છે, પણ પડી રહી છે, એના પર ખેતી થઈ નથી. આ જ અર્થમાં બુદ્ધે કહ્યું, ''હું સાચો ખેડૂત છું''. આ જ અર્થમાં ઈશુએ કહ્યું હશે કે, ''સાચો માછીમાર તો હું છું.''

સમાધિ કોઈ અવસ્થા નથી. એ તો પરિમાણ છે. આ પરિમાણમાં એટલે ચેતનાના નવા પરિમાણમાં, અસંસ્કારિત પરિમાણમાં પ્રવેશ કરવાનો છે. એ અસંસ્કારિતા છે, એટલું જ નહીં, પણ તેના ઉપર કોઈ સંસ્કાર થઈ શકતાં જ નથી. સંસ્કારોની કક્ષામાં ઈન્દ્રિયો આવશે, મન અને બુદ્ધિ આવશે, પરંતુ ચૈતન્ય પર સંસ્કાર પડવાનું સંભવિત નથી. અને ત્યાંથી મનનું સંચાલન થાય છે, ત્યાંથી શરીરનું સંચાલન થાય છે. અત્યાર સુધી જીવનના સંચાલનનું કેન્દ્ર, મન અને બુદ્ધિમાં હતું. હવે એ સંચાલનનું કેન્દ્ર જ વિશ્વચેતનામાં, નવા પરિમાણમાં ગયું છે. ત્યાંથી મન અને તનનો વિનિયોગ થશે. આ છે નવો માનવ.

આ મારું સ્વપ્ન નથી. આ જિવાયેલું સત્ય છે. અને જો એક માનવના જીવનમાં એ સંભવિત બન્યું છે, એક વ્યક્તિના પાર્થિવ શરીરમાં જો ચિન્મયતાની લહેરો અને સાગરના આંદોલનો થતા હોય, તો આખીયે માનવજાતિ માટે એ એક અધિકાર છે. જો વૃક્ષ પર એક કેરી પાકે તો માની શકાય છે કે વૃક્ષ પર જે બધાં ફળો છે, એનાં પાકવાની વેળા દૂર નથી. સમગ્ર માનવજાતિના જીવનમાં, પશ્ચિમમાં કે પૂર્વમાં કેરી પાકવા માંડી છે. આને કોયલનો પંચમ સ્વર સમજી લો.

તમારી પાસે જે પ્રવચનો થાય છે, એ વસંતઋતુના આગમનની સૂચના છે. જે એમના પ્રત્યે અભિમુખ બનશે, જે સ્વાધીનતાનો પ્રેમી હશે, જે અનન્તનો, અસીમનો રસિક હશે, અને તન-મનની સીમાઓને પોતાની સાથે બેસીને ખુલ્લી આંખોએ જોવાનું સાહસ કરશે, એ અહંકારની બનાવેલી બધી સીમાઓનું અતિક્રમણ કરીને જોશે. પછી એ વ્યક્તિનું જીવન વિશ્વચૈતન્યના હાથની બંસરી છે. એ વાગતી રહેશે, બોલે છે વ્યક્તિ, આશય વૈશ્વિક છે. સાડા ત્રણ હાથની કાયામાં જીવે છે વ્યક્તિ, પરંતુ મૃણમય સાજ પર વાગતું એ ચિન્મયનું સંગીત છે.

આવા માનવો વિકસિત થશે. માનવનો જન્મ જ એ માટે થયો છે કે તન-મનની સીમાઓને પાર કરીને પોતાનામાં અસીમને પ્રગટ કરે. એ જ છે પ્રિયતમ, જે સાંતની પાછળથી ડોકિયું કરે છે, કયારેક પ્રસંગવશાત્ ડોકાય છે.

સાંતના ઘૂંઘટમાં છુપાયેલ અનંત, પોતાની જ અંદર પાર્થિવતાના પડદામાં છુપાયેલું જે ચિન્મય છે, એ જ પ્યારો, એ જ જીવનપ્રભુ, જીવનવિભુ પ્રગટ થાય છે.

એનું નામ, મારા વહાલા મિત્રો, ભક્તિ છે, પળ માટે પણ પોતાના પ્રભુથી જે છુટો પડતો નથી એ જ ભકત છે ને ! તો, જીવન-વિભુ, વિશ્વચૈતન્ય એને આદ્યશક્તિ કહો, શિવ કહો, જે નામથી તમારે સંકેત કરવો હોય તે કરો. આખરે નામ તો તથ્ય નથી. નામથી કેવળ સંકેત થઈ શકે છે. તો પોતાની અંદરની શિવશક્તિનું મિલન પોતાના દેહમાં ઘટિત થવા દેવાનું છે. પિંડમાં છુપાયેલી બ્રહ્માંડની શક્તિને પ્રગટ થવા દેવાની છે. આ જ ભક્તિ છે. મન દ્વારા કલ્પના કરેલી ચીજનો અભ્યાસ કરતા રહેવું અને મનનું ચાહેલું ફળ મેળવવું, એ તો ભક્તિનું નાટક છે. સાચી ભક્તિ તો આ છે. સમગ્રતાનાં, અવધાનનાં, જ્ઞાનનાં સ્પંદનોને લીધે એને જ્ઞાનાવસ્થા કહો, વિશ્વચેતના એ અલગ નથી, એટલે એને ભક્તિ-અવસ્થા કહો. વ્યક્તિચેતના અને વિશ્વચેતના ચિર આલિંગનમાં છે, માટે એને નિત્ય-વૃંદાવનનો મહારાસ કહો. વ્યક્તિ સમષ્ટિનું મિલન છે, એટલે એને યોગની પરમાવસ્થા કહો. પળ માટે પણ સંતુલન તૂટતું નથી, ખંડિત થતું નથી, માટે એને ધ્યાનયોગની પરમાવસ્થા કહો.

તમે કોઈપણ દષ્ટિથી, કોઈપણ દષ્ટિકોણથી, એને જોઈ લો. એનો આશય એક જ છે. અને જો આ વ્યવહારમા વ્યકત નહીં થતું હોય તો આ દશા સત્ય નથી. એમાં જરા પણ જડતા નથી તંદ્રા નથી, શારીરિક, માનસિક, બૌદ્ધિક, કોઈપણ સ્તર પર એવું નહીં હોય કે ત્યાં તો અમારી આંતરિક ગતિ છે, અને બહાર શિથિલતા છે. જેમ અન્નવાસી થઈ જાય છે તેમ અંતરમાં તાજગી છે અને બહાર વાસી બની ગયાં છીએ. સમગ્રતાના પુષ્પમાં અંદર-બહાર નથી, આ ત્વચા પણ પછી ઉપરનું છોડું રહી જતું નથી, જેમ ફળ પર છોડાં હોય છે, છોડાં ખવાતાં નથી. છોડાં જુદા છે, છોડાંની અંદર જે સલામત છે તે જુદું છે. આટલું પણ છેટું આ દેહમાં અને એ અમૃતમાં રહી જતું નથી. આ ત્વચા પણ અમૃતમયી છે. આ અવસ્થામાં મૃત્યુની ઘટનાનું શું થશે, આયુષ્યનું શું થશે, આ અનુમાન તમારા દિલમાં ઊઠશે, એ હું જાણું છું. એનો જવાબ હમણાં આપવો શકય નથી.

(ચોરવાડના બીજા શિબિરમાં આપેલ પ્રવચન-૫, તા. ૧૮-૧૨-૧૯૭૧)

૮

પ્રશ્નોત્તર-૩

પ્રશ્ન : અતીન્દ્રિય અવસ્થામાં કેમ-શું થાય છે ? એ શું સાધનાનો જ એક મુકામ છે ? એમાં મનની સ્થિતિ કેવી રહે છે ? કૃપા કરીને એની અનુભૂતિની બાબતમાં કંઈક વિશેષ પ્રકાશ આપો.

ઉત્તર : સામાન્યતઃ પાંચ ઈન્દ્રિયોથી જે અનુભવ લેવાય છે, અગર અનુભવ ઉપલબ્ધ થાય છે, એને ઈન્દ્રિયથી મળતી અનુભૂતિ કહેવામાં આવે છે. ઈન્દ્રિયોની મારફત આપ હેતુપૂર્વક અનુભવ ગ્રહણ કરો છો અગર એ પ્રયત્ન વિના ઉપલબ્ધ થાય છે, એ વિષય બીજો છે.

મન નામની જે ઈન્દ્રિય છે, એ ઈન્દ્રિય અવ્યક્ત છે, સૂક્ષ્મ છે. એ કરણ જરૂર છે પણ અંતઃકરણ છે, બહિઃકરણ નથી. આમ તો કોઈપણ કરણ બહિઃકરણ નથી, પણ આંખ દેખાય છે, કાન દેખાય છે, નાક દેખાય છે; મન દેખાતું નથી. મનથી જે અનુભૂતિ ગ્રહણ થાય છે, ઈન્દ્રિયોની મદદ વિના-એ માનસિક છે. આમ તો ઈન્દ્રિયો મારફત અનુભૂતિ લેનાર મન છે. માટે જે અનુભૂતિ ઈન્દ્રિયોની મારફત મન લે છે, એને આપ ઈન્દ્રિય અનુભૂતિ કહો. અને ઈન્દ્રિયની મદદ વિના, બાહ્ય વિષયોના સંબંધ વિના, જે અનુભૂતિ આવે છે, એ થઈ માનસિક અનુભૂતિ. માનસિક અનુભૂતિઓમાં વિચાર, ભાવના, એના અનુભવ આવી જાય છે, પણ એને કોઈ અતીન્દ્રિય અનુભૂતિ કહેશે નહીં. ચેતન મનમાં આ જન્મના જે સંસ્કાર છે, ગ્રહણ થયેલું જે જ્ઞાન છે, જે અનુભવ છે, એને સ્મૃતિમાંથી ફરી ઉત્પન્ન કરવા, ફરીથી એને જીવી લેવાનો પ્રયત્ન કરવો, આ તો માનસિક અનુભૂતિ છે. જુઓ, તો એ અતીન્દ્રિય અનુભૂતિ છે, પણ એને સામાન્ય રીતે કોઈ અતીન્દ્રિય ક્ષેત્ર, અગર અનુભૂતિ કહેતું નથી. તો કોને કહે છે ?

પહેલી વાત તો એ છે કે અતીન્દ્રિય અનુભૂતિમાં આ જન્મનાં, જે કુળમાં, જે કુટુંબમાં, જે જાતિમાં જન્મ પામ્યા, એના સંસ્કારોનો સંબંધ નથી. એના અનુભવોનો સંબંધ નથી. એવા પ્રસંગો જ્યારે થાય છે, જેનો સંબંધ માનવની ઈન્દ્રિયોથી નહીં, વિચારોથી નહીં, ભાવનાઓથી નહીં, આ જન્મના સંસ્કારોથી નહીં, કુટુંબના સંસ્કારોથી, જાતિ-ધર્મગત સંસ્કારોથી નહીં, તો એને અતિ-મનસનાં ક્ષેત્રની, ઈન્દ્રિયાતીત ક્ષેત્રની અનુભૂતિ કહેવામાં આવે છે. અતિમનસના અગર અતીન્દ્રિય ક્ષેત્રમાં આવનારી અનુભૂતિઓ ફરી એક વાર બે વર્ગમાં વહેંચવામાં આવે છે.

એક તો એવી કે જેનો આપણા દેહ સાથે કંઈક અને કંઈક સંબંધ છે. નાદનું સાંભળવું, જ્યોતિનું અગર પ્રકાશનું દેખાવું, સુગંધનો અનુભવ થવો, એનો આ દેહ સાથે કંઈક અને કંઈક સંબંધ છે. અતિમનસ, અતિ-ઈન્દ્રિય બંનેને લઈ રહી છું. અને બીજા વિભાગમાં એવી અનુભૂતિઓ છે, જેનો આ દેહ સાથે કોઈ સંબંધ નથી. દેહની બહાર વિશ્વમાં અનંત પ્રવાહો છે. વિચારના પ્રવાહો છે, વાસનાના પ્રવાહો છે. એનાથી વાતાવરણ બને છે આમ તો Mosphere એ ફ્રેંચ શબ્દ છે, Man The Phenomenon નામક ગ્રંથના બહુ મોટા ફ્રેન્ચ લેખક થઈ ગયા. આમ હતા કેથોલિક, પણ ચીનમાં વીસ વર્ષ વિતાવેલાં, ઘણાં ક્રાંતિકારી વ્યકિત થઈ ગયા. જીવનનો છેલ્લો ભાગ અમેરિકામાં વીત્યો. જુલીઅન હકસલે અને બીજા જગતના પ્રસિદ્ધ વૈજ્ઞાનિકો આ જે atmosphere ના જેવો mosphere શબ્દ છે, અને એનો આશય છે, એને વૈજ્ઞાનિક માન્યતા આપી છે અને કહેવું શું છે કે એ શબ્દ દ્વારા, કે વિચારના પ્રવાહોથી, ભાવનાઓથી, વિચારોના સંસ્કારોના પ્રવાહોથી આપણે ઘેરાયેલા છીએ.

એટલે જે વ્યકિત ખૂબ જ સંવેદનશીલ બની જાય છે, જ્યારે તન, મન, પ્રાણ બધા જ સૂક્ષ્મ સંવેદન ગ્રહણ કરવા જેવા પરિશુદ્ધ થઈ જાય છે, ત્યારે કયારેક વિશ્વના પ્રવાહોમાંથી કોઈ પ્રવાહ વ્યકિત સાથે અથડાઈને ત્યાં વ્યકત થઈ જાય છે, એની પણ અનુભૂતિ આવે છે. એમાં મનની શું સ્થિતિ રહે છે ? સાધક જો એ અનુભૂતિઓને પોતાની અંદર હેતુપૂર્વક પ્રક્રિયાઓથી એ જગાડવામાં લાગેલો હોય, તો એનાં મનની સ્થિતિ પ્રતીક્ષાની છે. અતીન્દ્રિય અનુભૂતિઓને

જગાડવાની પદ્ધતિઓ છે. હઠ-યોગની એક પદ્ધતિ છે. તંત્રમાર્ગમાં દક્ષિણ-તંત્ર, વામતંત્રમાં વિશિષ્ટ પ્રક્રિયાઓ છે. મંત્રયોગમાં, લયયોગમાં પ્રક્રિયાઓ છે.

અનુભૂતિને જગાડવામાં વિશિષ્ટ પદ્ધતિથી અને પ્રક્રિયાથી જે સાધક લાગેલો છે, સ્પષ્ટ જ છે એનું મન ત્યાં પ્રતીક્ષામાં બેઠેલું છે. પહેલા કર્તાના રૂપમાં જગાવવામાં લાગ્યો છે, પછી ભોકતાના રૂપમાં એનું સેવન કરવા બેઠો છે. એ જાગૃત છે અને પૂરા દ્વૈત ભાવથી, પૂરા દ્વન્દ્વ ભાવથી, આ અનુભૂતિ કરીશ, શકિતને હું જગાડીશ, એવી સામાન્ય આકાંક્ષા હોઈ શકે છે, મહત્ત્વાકાંક્ષા હોઈ શકે છે. એ લાલસામાં, અભિલાષા હોઈ શકે છે, અને એ શકિતઓને જગાડયા પછી, એની સાથે શું કરવું, એનું પ્રયોજન પણ નિશ્ચિત હોઈ શકે છે. માટે જેમ સામાન્ય સંસારમાં ભૌતિક પદાર્થોથી સુખાનુભવ ગ્રહણ કરનારનું ચિત્ત વિષયી છે, એમ જ અતીન્દ્રિય ક્ષેત્રમાં આ અનુભૂતિઓને જગાડવી, આ શકિતઓને જગાડવી, અને એ માટે પોતાના તન, મન, પ્રાણથી સમય આપીને, શકિત ખર્ચ કરીને, પ્રયત્ન કરવો એ પણ વિષયી ચિત્ત છે. કોઈ ફરક નથી.

પૈસા કમાવાની પાછળ, નિર્વાહને માટે, જેને જીવિકાનું સાધન શોધવું પડે છે, એની વાત નથી કરતી. પૈસા સમાજની પ્રતિષ્ઠાને માટે જેનું સાધ્ય બની જાય છે, અને લાલસાથી જે પૈસા કમાય છે, સેવાના સાધનના રૂપમાં સત્તા નહીં. મારે સત્તા જોઈએ, સત્તાથી જ હું પરિતૃપ્ત થઇશ, એ રીતે જે સત્તાની પાછળ દોડી રહ્યો છે, એનું ચિત્ત વિષયી છે. દરેક ઈન્દ્રિયની મારફત ઈન્દ્રિય-વિષય-સંબંધથી મળનાર સુખની પાછળ દોડનારો એ જીવ છે. એ જ રીતે અતીન્દ્રિય ક્ષેત્રમાં અનુભૂતિઓની પાછળ દોડનાર પામર અને ક્ષુદ્ર ઘણાં જીવો છે. એને જગાડીને, એને ભેળવીને, એના ઉપયોગના અનેક પ્રકારો પણ એણે પહેલેથી વિચારી રાખ્યા હોય છે-આ એક પ્રકાર છે.

બીજું, જે પણ વ્યકિત મૌનના માર્ગથી ધ્યાનાવસ્થા તરફ આગળ ચાલ્યો જાય છે, એના રસ્તામાં આ શકિતઓ ઉદ્‌ભવ થાય છે, અનુભૂતિઓ આવે છે. એ લેવા નીકળ્યો નથી. અનુભૂતિઓને શકિતઓને પકડીને એની સાથે કાંઈ કરવાને માટે કોઈ આકાંક્ષા એના ચિત્તમાં નથી. તો એના મનમાં દષ્ટાભાવ રહે છે. ત્યાં કર્તા અને ભોકતાભાવ નથી, દષ્ટાભાવ છે; પણ મન જાગૃત છે. ઘણાં સૂક્ષ્મ સ્તર પર મન જાગ્રત રહ્યું ન હોય તો અનુભૂતિ આવતી નથી.

પ્રશ્ન : માદકતાનો ડર છે. તળ વિનાની ખાઇથી ગભરાટ કેમ છે ? ભક્તિરસમાં 'પી લે પ્યાલા, હો જા મતવાલા' એમ કહેવાય છે. એટલે મતવાલા થઈને એ અગાધ સમુદ્રમાં કૂદવામાં આનંદ જ માનવાનો છે ?

ઉત્તર : જેણે 'પ્યાલા' ને પી લેવા લખ્યું હશે, એને અનુભવ થયો હશે, ત્યારે એવું લખ્યું હશે. પરંતુ આપણામાં સામાન્યતઃ ૧૦૦ માંથી ૯૯ લોકોને ભય લાગે છે. જ્યાં અહંકારને જોવાનું કરવાનું કાંઈ મળતું નથી, ક્રિયા અને અક્રિયા બન્ને નથી. ત્યાગવાનું પણ કાંઈ નથી, તથા ભોગવવાનું પણ કાંઈ નથી, ત્યાં ક્રિયા અને અક્રિયાથી મુકત કર્માતીત અવસ્થામાં જ્યાં સ્થિર રહેવાનું હોય છે, ત્યાં સ્થિરતામાં અસીમ ગતિ છે. આ પૃથ્વી પણ સ્થિર લાગે છે. એટલે સ્થિરતા શી રીતે સમજવું ? કર્માતીત અવસ્થા, જ્યાં મનથી સંચાલિત કોઈ ગતિ નથી, ત્યાં માણસને ભય લાગે છે. કારણ કે મનની ગતિને એણે જીવનની ગતિ સમજી લીધી છે. મનની ગતિ શાંત થશે, તો એને લાગે છે કે જડતા આવી જશે. કર્માતીત અવસ્થાને એ જડતા, તંદ્રા સમજી લે છે. કારણ કે એને અનુભવ તંદ્રાનો છે, જડતાનો છે, નિષ્ક્રિયતાનો છે, ક્રિયાશીલતાનો છે. આ દ્વન્દ્વાત્મક અનુભૂતિને કારણે ભય લાગે છે. પોતાનું પ્રયોજન સમાપ્ત થઇ જશે એવું જે ક્ષણે અહંકારને પ્રતીત થાય છે, એ જ ક્ષણે એ ભયભીત થાય છે. એ જ તો મૃત્યુના ભયનો આશય હોય છે.

જે રીતે માણસ લોકોને રોજ મરતા જુએ છે, અને છતાંયે મરવાથી ડરે છે. એમ કેમ છે ? માણસને બુદ્ધિ-નિષ્ઠાનો દાવો છે, મરવાથી ભય કેમ છે ? તર્ક કામ નથી કરતો, ત્યાં ગણિત કામ કરતું નથી. રોજ મરતા જુએ છે. જેનો જન્મ છે, એનું મૃત્યુ છે, આ એ જાણે છે, સિદ્ધાંત જાણે છે, ક્રિયાત્મક રૂપે જુએ છે અને છતાં પણ પોતાને માટે મૃત્યુના નામથી ભયગ્રસ્ત છે. મૃત્યુ બાદ, મરવું એ શબ્દ અમંગળ લાગે છે, અભદ્ર લાગે છે.

હવે ભક્તિમાં, તથાકથિત ભક્તિશાસ્ત્રમાં જ્યાંથી એ ભજન લીધું છે - 'પી લે પ્યાલા, હો જા મતવાલા', ત્યાં માણસને ભય નથી લાગતો. સામે મૂર્તિ છે, હાથમાં કરતાલ છે, પગમાં ઘૂંઘરું છે, નાચી રહ્યા છે, ગાઈ રહ્યા છે. એમણે મતવાલાનો અર્થ અહમ્-વિસ્મરણ કરી લીધો છે. પરંતુ જે અવસ્થાનો ઉલ્લેખ સવારે મેં કર્યો હતો એ અહમ્-વિસ્મરણની અવસ્થા નથી. અહમ્-વિલોપનની અવસ્થા છે. અહમ્-વિસ્મરણ થાય છે. ઘરબારની ચિંતા, દુઃખ, માન-અપમાન,

આ બધું ભૂલી જાય છે. અહમ્-વિસ્મરણ એક ચીજ છે, અને અહમ્-વિલોપન બીજી. અહમ્-વિસ્મરણ સંગીત સાંભળતાં સાંભળતા બે કલાક થયું, સિનેમા જોતા થયું, બહાર કયાંક પ્રવાસમાં ગયા, તીર્થ-યાત્રામાં ગયા, તો થઈ ગયું. ઘર-બારની બધી ચિંતા ભૂલ્યા. પાછાં ઘરમાં આવ્યા તો હતા તેવા જ થયા, ફરી એની એ જ અહમ્-કેન્દ્રિત દૃષ્ટિ, એ જ અહમ્-કેન્દ્રિત જીવન, ફરીથી ત્યાં શરૂ થાય છે. અહમ્-વિલોપનનાં ક્ષેત્રમાં એમ થતું નથી.

મૌનનાં સામ્રાજ્યમાં જ્યાં અહમ્-વિલોપન આપોઆપ થાય છે, અહમ્ બીજરૂપે જઈને મૌનની ધરતીમાં સમાય જાય છે. અને એમાં ચૈતન્યનાં એક નવા સ્વરૂપનો આવિર્ભાવ થાય છે, માટે અહમ્ ફરી પાછો આવતો નથી. 'યદ્ગત્વા ન નિવર્તન્તે' એવું પરમધામ એ છે. કારણ કે ત્યાંથી પાછા ફરવાનું નથી. શરીર-ધારણાનું કેન્દ્ર પછી સાડા ત્રણ હાથની કાયામાં સ્મીત 'અહમ્ અસ્મિ' ભાવમાં નથી, 'અહમ્ અસ્મિ' સ્ફુરણમાં, જો કોઈ સ્મરણનો અનુબંધ નથી, તો એ વૈશ્વિક જીવનની સાથે છે. એમાં અહમ્-વિસ્મરણ છે. પણ સાડા ત્રણ હાથના દેહમાં એનો અનુબંધ નથી, સંબંધ નથી. જો એ અહમ્-ચેતના સાડા ત્રણ હાથના દેહની સાથે તદાત્મતા રાખવા છતાં, વિશ્વની સાથે પોતાનો અનુબંધ જોડશે, તો એ કામ આપના વિચાર અને ભાવના કરી લે છે. કેન્દ્ર દેહમાં, તદાત્મતા દેહની સાથે, મનની સાથે છે. એ તદાત્મતાનો સમગ્ર વિશ્વમાં વિસ્તાર કરવામાં આવે છે. આ વસ્તુ જુદી છે. આ બેનું અંતર બહુ સૂક્ષ્મ છે.

એક તો હું છું, એટલે ગુણ-વિશિષ્ટ, નામ-રૂપ-વિશિષ્ટ, વ્યકિત છું. સ્ત્રી છું, પુરુષ છું, હિંદુ છું, જૈન છું, ભારતીય છું, સામ્યવાદી છું, સર્વોદયી છું, અરાજકતાવાદી છું, કંઈક છું, હું છું. મારી અહંતાનો વિસ્તાર વિશ્વના બીજા છેડા સુધી પહોંચાડી દે છે. આ વૈશ્વિક ચેતના નથી. 'અહમ્' ભાવનાનો વિસ્તાર યા પરિધિને સમગ્ર વિશ્વમાં ફેલાવી દેવું એક વાત છે. અને 'અહમ્' ભાવનાં કેન્દ્રનો પૂરેપૂરો વિલય એ બિલકુલ જુદી વાત છે. એકમાં અહમ્ ચેતનાની, અહમ્-કેન્દ્રની જ પરિધિનો વિસ્તાર છે અને બીજામાં વૈશ્વિક ચેતના ઘનીભૂત થઈને દેહમાં નિવાસ કરે છે. કેમ કહું ?

પ્રશ્ન : સમજ શું નથી ? સમજ જ્ઞાન નથી શું ?

ઉત્તર : બુદ્ધિથી જ્ઞાન-ગ્રહણ થાય છે, માહિતીનું ગ્રહણ થાય છે. સુવ્યવસ્થિત, સંગઠિત જાણકારી અને સંગઠિત જાણકારીમાંથી તારવેલા નિષ્કર્ષોના આધાર પર બનાવેલાં સિદ્ધાંતો છે. સિદ્ધાંતોની વ્યવસ્થામાંથી બનાવેલી વિચારપદ્ધતિઓ, આ બધો બુદ્ધિનો ખેલ છે. એમાં જીવનનો સંબંધ અપ્રત્યક્ષ છે. જ્ઞાનમાં જીવનનો સીધો સંપર્ક નથી. સમજમાં, આકલનમાં, બોધમાં જીવનની સાથે સીધો સંબંધ છે. સમજ એક ઘટના છે. જ્ઞાન એક કર્મ છે. સમજમાં જીવન સાથે સીધો સંબંધ છે. જ્ઞાનમાં અપ્રત્યક્ષ સંબંધ છે. જ્ઞાન બુદ્ધિ દ્વારા ગ્રહણ થાય છે. માટે તે આંશિક કર્મ છે. અને સમજમાં આખાયે વ્યક્તિતત્વનું સ્પંદન થતું હોય છે એટલે એ સમગ્ર કર્મ છે. એક સીધું પ્રત્યક્ષ છે, બીજું પરોક્ષ છે. એક આંશિક છે, બીજું પૂર્ણ છે. અને એકમાં પોતાની ગતિ નથી, બીજામાં છે.

જ્ઞાનમાં સંચાલિત થવાની, આચરણમાં આવવાની પોતાની ગતિ નથી. જ્ઞાનને આચરણમાં લાવવા પુરુષાર્થ કરવો પડે છે. જ્ઞાન આચરણમાં લાવવા માટે અભિક્રમ એટલે પ્રેરક તત્ત્વ શોધવા પડે છે. બુદ્ધિથી જ્ઞાન ગ્રહણ થયું, અને સ્વયમેવ આચરણમાં પરિણત બની જાય, એવું બહુ ઓછું બને છે. નહીં તો આપણે બધાં ભણેલા ગણેલા લોકો છીએ. જાણીએ છીએ. અસત્ય શું છે, સત્ય શું છે, બુદ્ધિથી બધું જોઈ લઈએ છીએ. આચરણમાં કેમ નથી આવતું ? સત્યથી થનારાં પરિણામોનું વર્ણન આપણે વાંચીએ છીએ. રાજા હરિશ્ચંદ્રની કથા વાંચતા-વાંચતા રડી પડીએ. હરિશ્ચંદ્રની, પ્રહ્લાદની, ધ્રુવની, મહાત્મા ગાંધીજીની, જીવનકથા વાંચતાં વાંચતાં ગદ્‌ગદ પણ થઈ જઈએ, રડી પણ પડીએ, પણ પછીની ક્ષણમાં મોકો મળતાં જૂઠું બોલીશું, અને બહુ મોટા નિમિત્તને માટે નહીં, કોઈ બહુ મોટું નુકશાન થનાર છે, માટે નહીં, નાની નાની ચીજોમાં જૂઠું બોલીશું અને જીવન તો નાની-નાની ક્ષણોનું બનેલું છે. નાના-નાના બુંદોનો સાગર બન્યો છે. બધું વાંચીએ છીએ, આચરણ બરોબર વિરુદ્ધનું કરીએ છીએ. કેમ ? કારણ કે જ્ઞાન પડતર ભૂમિ જેવું છે, એની પોતાની ગતિ નથી.

જેને આપ સમજ કહો છો, આકલન અગર બોધ કહો છો, એ એક એવી ઘટના છે, જેમાં સત્યની સ્પંદનશક્તિ ઠસોઠસ ભરેલી છે. બોધ થયો કે આચરણને માટે આપની સમગ્રતાને એ ફરજ પાડે છે. વિવશ બનાવી દે છે. ચીજ સમજમાં આવી અને આચરણ થયું નહીં, એમ થઈ શકે જ નહીં; કારણ કે સમજની

પોતાની ગતિ છે. એની ગતિને રોકી શકાતી નથી. જેવી આપને સમજ આવી, તરત જ આંતરિક ગતિ શરૂ થઈ જાય છે અને સમજ આપોઆપ આચરણમાં પરિણમે છે. એ માટે આપને કંઈ કરવું પડતું નથી.

સમજમાં, અને જે સમજ નથી એવા જ્ઞાનમાં, આ અંતર છે. જ્ઞાન ઉધાર લઈ શકાય છે, જ્ઞાનને ઉધાર લઈને, આખાયે જગતના ગ્રંથોને ભેગા કરીને, વાંચીને, માનવ જેમ પોતાના ઘરમાં વાચનાલય બનાવે છે, તેમ પોતાના મગજમાં પણ બનાવે છે. એ વાચનાલય તો નહીં બને, પણ સંગ્રહાલય જરૂર થશે. અને અંદરની સાજ-સજાવટમાં આપણા લોકો બહુ કુશળ થઈ ગયા છે. એ પણ ખરાબ વસ્તુ નથી, ભલે સંગ્રહ કરો. સમજમાં સંગ્રહ નથી. સમજણ પામ્યા, બોધ થયો, આકલન થયું, આચરણમાં આવ્યું. માટે ત્યાં પરિગ્રહણનો અવસર નથી. બોધ જીવનનું બળ વધારતો જ જાય છે. જીવનનાં સત્ત્વને સમૃદ્ધ કરતો ચાલ્યો જાય છે. સમજમાં સંગ્રહ નથી. જ્ઞાનમાં સંગ્રહનો અવસર છે. ઉધાર લેવાનો અવકાશ છે, સમજણમાં ઉધારને માટે મોકો નથી.

પ્રશ્ન : અમે આપને લાકડાની પાદુકા પહેરતા જોયાં છે. જીવનના કાવ્ય સાથે એની શું સંગતિ છે ?

ઉત્તર : હા, સાચું છે. આજકાલ યુરોપ, અમેરિકામાં હમણાં જે ફેશન નીકળી છે તે મુજબ લાકડાની પાદુકા પહેરવા કહે છે અને લાકડાની પાદુકામાં પણ, જેવો પગનો આકાર હોય છે, એ ઢંગની આકૃતિ બનાવે છે, એની નીચે રબર લગાડે છે, ચામડું લગાડી લે છે, એને ઊંચી એડીના બનાવી લેશે. ત્યાંના નિસર્ગોપચારના વિશેષજ્ઞોનું કહેવું છે કે લાકડાનો પગના તળિયાની સાથે જે સંબંધ રહે છે, તે આરોગ્ય માટે લાભદાયી છે, અનુકૂળ છે. આ દેશમાં પાવડીનો રિવાજ પુરાણો છે, પાવડી પગમાં પહેરવાની એક પ્રથા છે, મને બહુ જ પ્રિય છે.

આ જે ચામડાની ચંપલ છે તે ગરમ પડે છે, કેન્વાસની છે અગર રબ્બરની છે એ પણ મને બહુ પ્રિય નથી, માટે પાવડી રાખું છું, પણ અહીંથી ઓરડા સુધી જાઉં અને ઓરડાથી અહીં સુધી આવું, તો એનો અવાજ ખટખટ થાય, રબર એને લગાડીએ તો પગની સાથે એનો સ્પર્શ થાય, લોકો એનો રચનાત્મક અર્થ કાઢવા માંડ્યા, માટે આ વર્ષે લાવી નથી, કારણ કે એ ચીજ મારા એક સામાન્ય આનંદની

છે. આજે પણ આપ જો આબૂ આવશો, તો જોશો કે ત્યાં હું પાવડી પહેરું છું, મને એ લાકડાની સાથે પગનો સ્પર્શ પ્રિય લાગે છે. એમાં પળભર થનારા કોમળ આઘાતથી જે નાદ ઊઠે છે છે, જે સંગીત ઊઠે છે, એ મને પ્રિય છે, એનાથી થનારો આરોગ્યનો લાભ, એ તો મારે માટે આનુષંગિક છે. આબૂમાં મારા વૈદ્ય છે, એમણે લાકડાની વિશિષ્ટ પાવડી બનાવીને આપી છે, તો એનો આયુર્વેદ સાથે કંઈક સંબંધ છે, જીવનસંગીતની સાથે લાકડાની પાદુકાનો ઘણો ગૂઢ સંબંધ છે.

અધ્યાત્મના વિષયમાં બોલું છું. બહુ પ્રિય છે, ઘણાં પ્રયોગો કર્યા છે. કંઈક અનુભવથી બોલું છું. લોકો સંત, મહંત, ખબર નથી શું શું કહેવા માંડે છે. આ દેશમાં વિશુદ્ધિનું જીવન, સામાન્યપણાનું ઐશ્વર્ય ખોયા વિના, મિત્રતાનો સંબંધ તોડ્યા વિના, જીવવું ઘણું મુશ્કેલ છે. અને મારો એક વિનમ્ર પ્રયોગ છે કે ઊંચામાં ઊંચી અવસ્થામાં જ્યાં સુધી માણસ જઈ શકે, એ અવસ્થા સુધી જઈને, સામાન્ય જનો સાથે સામાન્ય વ્યવહારમાં, લોકવિલક્ષણતા બતાવ્યા વિના, મિત્રતાની ભૂમિકા પરથી, એમના મન પર કોઈ પણ પ્રકારનો પ્રભાવ પાડ્યા વિના હું જીવું. ગયે વર્ષે જે પ્રભાવ મેં જોયો તો લાકડાની પાદુકા ઉઠાવીને મૂકી દીધી.

પ્રશ્ન : સવાલ એ થાય છે કે માણસ કેમ જીવી રહ્યો છે ? એને પોતાને ખબર નથી એ કેમ જીવી રહ્યો છે ? છતાં એ જીવવા માટે તલસે છે. જાતજાતની વ્યવસ્થા કરે છે. આખી દુનિયા ખલાસ થઈ જાય પણ હું જીવતો રહું એવી ઇચ્છા છે. આ શું છે ?

ઉત્તર : જીવવાની એક અભીપ્સા છે. માણસની પોતાની અંદર જે છે, એને પ્રગટ કરવાની અભીપ્સા છે, આકાંક્ષા છે. માનવમાત્રમાં છે, વનસ્પતિમાં છે, વૃક્ષોમાં છે, પશુઓમાં છે, પ્રાણીઓમાં છે, એટલું જાણું છું; કેમ છે, એ જાણતી નથી. મને જીવનમાં રસ પડે છે. બહુ જ આનંદ આવે છે. આજે સવારે એ અભીપ્સાનો કંઈક નિર્દેશ મેં કર્યો હતો. જીવનની સમગ્રતા દિવ્યતા, પ્રભુતા, વિભુતાનો મારે માટે જે અર્થ છે, આ સમગ્રતામાં પોતાને ખુલ્લા કરવામાં મને મજા દેખાય છે.

સર્જનશીલ અભિવ્યક્તિની આકાંક્ષા, જાણે કે સમગ્રતાના પ્રાણોના સ્પંદન હોય, એવું લાગે છે. અને આ આકાંક્ષા મનુષ્યમાત્રમાં રહી છે, એ બ્રહ્માંડમાં છે,

પિંડમાં છે અને જીવવામાં એ અભીપ્સા રહી છે, એ બ્રહ્માંડમાં છે, પિંડમાં છે અને જીવવામાં એ અભીપ્સા પૂરી થાય છે. આપણને જીવવાની કળા શું છે તે ખબર નથી. સંબંધોમાં, પોતપોતાને અભિવ્યકત કરવું, અભિવ્યકત થવા દેવું, સંબંધોમાં, પોતપોતાને અભિવ્યકત કરવું, અભિવ્યકત થવા દેવું, સંબંધોને પ્રાપ્તિનું સાધન માની લીધું છે, માટે અભિવ્યકિત થઈ શકતી નથી. દરેક સંબંધ આત્માની અભિવ્યકિતનો અવસર છે. આ સમજમાં આવી જાય તો સંબંધ સાધન બનતો નથી. કંઈ કમાવા માટેની ત્યાં અપેક્ષા રહેતી નથી. આજે આપણા સઘળા સંબંધ અપેક્ષાઓ પર, આકાંક્ષાઓ પર આધાર રાખતા હોવાને કારણે આ જે અભીપ્સા સમગ્રતાને કારણે પ્રાણોમાં છે, જે આપણાં પ્રાણોમાં છુપાયેલું છે, એ પૂરું નથી થયું, અને મરવાની ક્ષણ સુધી કૃતાર્થતાનો, ધન્યતાનો અનુભવ થતો નથી. જે જીવવાનું જાણે છે, એને પ્રતિપળમાં કૃતાર્થતાની અનુભૂતિ થશે.

દરેક પળમાં એ સમગ્રતાનું દાન કરે છે. પ્રત્યેક સંબંધમાં આત્મદાન છે, એનો આત્મોસર્ગ છે-સહજ, અહેતુક. માટે પોતાની સમગ્રતાનેય પ્રત્યેક સંબંધમાં, પ્રત્યેક ક્ષણમાં, એને અભિવ્યકત થવા દેવાનું છે. આ જીવન જીવવાની કળા છે. એમાં એને કશુંય પાછું મળે એમ ઈચ્છતો નથી. પ્રતિ દાનમાં પાછું કંઈ જ જોઈએ નહીં. મળી જાય છે એ જીવનનો નિયમ છે. જેટલું આપો તેનાથી અનંતગણું મળે છે. આપને તો અહીં એક વ્યકિતનો પ્રેમ મળે છે, મને તો આટલાં બધાંનો પ્રેમ મળે છે. આટલું જ આપો, તો આટલું બધું મળી જાય છે. આ જીવનનો સ્વભાવ છે. સાચેસાચ જીવન તો એ છે કે દરેક પળમાં પોતાની જે સમગ્રતા છે, એને સંકોચ વિના, હેતુ વિના, લજ્જા વિના, ભય વિના, સહજતાથી, લાવણ્યથી આત્મદાન કરતા રહેવું, આત્મશુદ્ધિ કરતા રહેવું. જીવવું આ છે. આપણે જીવવાનું જાણતાં નથી. મહેરબાની કરીને એમ ન સમજશો કે અમે જીવવાનું જાણીએ છીએ. આવું જે જીવન હશે, ત્યાં મૃત્યુનો ભય નથી હોતો. ત્યાં જીવન લાંબુ થાય અને નાનું ન બને, અગર તો વધુ લાંબુ ન થાય એ પ્રકારની કોઈ ધારણા રહેતી નથી. કાલે મરવાનું છે કે આજે મરવાનું છે, કે દસ વર્ષ પછી મરવાનું છે, એ વિચાર જ અસંગત લાગે છે.

સાચેસાચ જીવનારો માણસ નિર્ભય નહીં, અભય બને છે. એટલે જીવનનો સ્વભાવ પોતે પોતાને અભિવ્યકત થવા દેવાનો છે. માણસ કદાચ એટલે જીવવા

ચાહે છે, કદાચ કહું છું, ખબર નથી. કારણ કે મને બચપણથી જ કદી પણ આ સવાલ જ થયો નથી કે શા માટે જીવવું છે. આંખ ખોલી, સૃષ્ટિ જોઈ, અનંતતા જોઈ, જીવનનું ઐશ્વર્ય જોયું. આ બધું શું છે ? આ જન્મ શું છે ? આ મરણ શું છે ? આ વ્યક્ત જે આખુંયે દેખાય છે, આ વ્યક્ત ક્યાંથી થયું, કેવી રીતે થયું ? આવી જિજ્ઞાસા જાગી, માટે આજ સુધી કેમ જીવવું છે એ પ્રશ્ન ઊઠયો જ નથી. સમષ્ટિની સાથે, જગતની સાથે, શું સંબંધ છે. એને જોવામાં જ એટલી તલ્લિન થઈ ગઈ, અને જીવવામાં એટલો આનંદ આવ્યો, કે કેમ જીવી રહી છું, એમ આજે પણ મને કોઈ પૂછે, કેમ જીવો છો, એમ પૂછે, તો મને ખબર નથી. આનંદ આવે છે. એમ ન સમજશો કે જીવન સુખમય રહ્યું છે ના. પૂરતું કષ્ટ, પૂરતી વેદના, પૂરતું દુઃખ, ગરીબી, અપમાન, ઉપેક્ષા જે બધું હરેક વ્યક્તિના જીવનમાં આવે છે, એ અહીં પણ ઘટિત થયું છે. લોકનિંદા, અપવાદ, ખુશામત, આદર, પ્રતિષ્ઠા બધું જ.

જીવવાનો અર્થ છે કે જો સુખ થતું હોય તો હસો, પણ એ સુખને પકડીને મુઠ્ઠીમાં બાંધવાની ચેષ્ટા ન કરશો. દુઃખ થાય તો રડો, પરંતુ એ આંસુઓથી આવનારી પછીની ક્ષણમાં જે થવાનું છે, એને વિકૃત થવા ન દેશો. દુઃખની સ્મૃતિથી આગળ આવનારી ક્ષણને વિકૃત ન થવા દેવી, અને સુખનાં મદથી આચ્છાદિત થવા ન દેવી, એ જેણે સંભાળી લીધું, એ જીવી શકશે. માન મળ્યું તો સ્મિત આવશે, અપમાન થયું તો વ્યથા થશે. પથ્થર તો નથી. બધું થશે, કેમ ન થાય ? પણ એ વ્યથાને એક મૂડી બનાવીને, એનો વ્યાપાર કરવા ન બેસીએ, સુખદુઃખમાંથી; માન-અપમાનમાંથી, હર્ષ-શોક-માંથી જન્મ-મરણમાંથી, આ દ્વન્દ્વમાંથી હસતાં, રોતાં એવી અદાથી પસાર થવું કે તન પર અને મન પર, કોઈ ડાઘ ન પડે, એ જીવન છે. એવી કોઈ વ્યક્તિ નથી, જે સુખ અને દુઃખથી બચી શકશે, સન્માન, અપમાનથી બચી શકશે. ઉપેક્ષાનું દુઃખ જેને ન થાય એવી કોઈ વ્યક્તિ નથી.

કાચનું મકાન બનાવીને એમાં આપ રહી શકશો નહીં. હિમાલયમાં જઈને રહો, આશ્રમોમાં જઈને રહો તો ત્યાં પણ પ્રપંચ છે, ત્યાં પણ દ્વન્દ્વ છે, દ્વૈત છે, ઈર્ષ્યા છે, લોભ છે, બધું જ છે. જે જિજીવિષા છે, જે સાચું જીવન છે એ તો એ જ છે કે દ્વન્દ્વમાંથી એવી શાનથી પસાર થઈ જવું. એક ક્ષણની સુખદુઃખની છાયા, બીજી ક્ષણ પર ન પડે. દુઃખને પણ જીવી લેવું, સુખને પણ જીવી લેવું, ન સ્વર્ગનું પ્રલોભન, કે નરકમાંથી છૂટવું, ન મૃત્યુનો ભય, ન જીવનની કઠિનાઈ, ન

પાપ-પુણ્યની વાતો, ન દુઃખ અને ન કપટભરી સુખની વાતો. વહેતી નદીના કલકલ અવાજની જેમ મંગલમય આકાશમાં ઊડતા પંખીની જેમ મુક્ત જીવનની જ વાતો, આ સંસારમાં બીજું કોણ કરી શકશે ? આપ શોધી કાઢજો. મને પૂછવાનો શું અર્થ ? કેમ આવા પ્રશ્નો પૂછવાની ઈચ્છા થતી હશે ?

આપનાથી અને અમારાથી પહેલાં, આ જગતમાં કોઈ આત્માર્થી, શ્રેયાર્થી, જીવનસાધક થયા નહીં હોય એવું નથી. અનેકાનેક થઈ ગયા. આજે પણ હશે. એની યાદી બનાવવી છે ? એમની અભિવ્યક્તિઓની સરખામણી કરવી છે ? એમની અનુભૂતિઓનો અંદાજ લગાડીને સરખામણી કરવી છે ? એમાં ઉત્તમ અને કનિષ્ટ, એનું તારતમ્ય લગાવવું છે ? વર્ગાનુક્રમ બનાવવો છે ? આત્માર્થી, શ્રેયાર્થી, જિજ્ઞાસુ, જિજ્ઞાસાનો પોતાના આખાયે જીવનની સાથે અનુબંધ કરતો ચાલ્યો જાય. તો જે સમયે, જે પ્રકારની વ્યક્તિની વાણી, જે પ્રકારની જીવનની વાણી, જિજ્ઞાસાના જીવન-સંબંધમાં, એના ચિત્તમાં ઊઠનારા પ્રશ્નના સંદર્ભમાં જરૂરી હશે, એ પોતે જ ઉપલબ્ધ થઈ જશે. એનાથી સમયસ્યાનું નિરાકરણ થવામાં મદદ થશે. એવી વ્યક્તિ સાથે મિલન કરાવી. દેવાની જવાબદારી જીવનની છે. જિજ્ઞાસાનો અનુબંધ જે કક્ષા સુધી પહોંચ્યો છે, જે ઊંડાણમાં જઈને પહોંચ્યો છે, ત્યાં કોઈ થોડીક પણ મુશ્કેલી ઉત્પન્ન થઇ કે જીવન એવી પરિસ્થિતિ પેદા કરી દે છે, વ્યક્તિઓનો મેળાપ કરાવી દે છે. એકાએક કોઈ પુસ્તક જ આપની સામે ધરી દે છે. કોઈની વાણીમાંથી જ વચન નીકળી આવે છે, અને જે જિજ્ઞાસુ, ઉન્મુખ છે, તત્પર છે, એ કહી ઊઠે છે કે પ્રભુએ આવી મદદ કરી. માટે જે કોઈ હશે, આ પ્રકારની વાતો પોતાના જીવનમાંથી, જીવનનાં શ્વાસોચ્છ્વાસનાં રૂપમાં, શબ્દોમાં ભરીને રાખનાર કોઈ હશે, તો એમની સાથે મેળાપ કરાવી દેશે.

પ્રશ્ન : વિશ્વરૂપ દર્શન સમયે અર્જુન અગર યશોદા ક્યાં રહ્યા હશે ?

ઉત્તર : મને ખબર નથી. અર્જુન ક્યાં હશે, યશોદા ક્યાં હશે ? ખબર નથી એટલે અનુભૂતિ થઈ નથી. અનુમાન કરી શકું છું. અનુમાન દરેકનું જુદું હશે. અને પોતપોતાના અનુમાનને, જો નિષ્કર્ષ સમજવો હોય, તો અનવસ્થા-પ્રસંગ થશે. અનુમાન એમ થઈ શકે છે કે યશોદાએ માતૃભાવમાં વિશ્વરૂપ જોયું. જેમને એ પોતાનો પુત્ર સમજતી હતી, પુત્રના રૂપમાં જેનો સ્વીકાર કર્યો હતો, એમનામાં વિશ્વરૂપ જોયું. દરેક મા પોતાની ગોદમાં હસનાર-રમનારને, પોતાનો

પુત્ર જ સમજે છે ને ! એમ થોડું જ સમજે છે કે આખી માનવજાતિ નાના બાળકના રૂપમાં આવીને, એક પ્રતિનિધિના રૂપમાં મારી ગોદમાં છે ? એ થોડું જ એમ સમજે છે કે વિશ્વચૈતન્ય, સાડા ત્રણ હાથના દેહમાં, સઘન બનીને મારી પાસે આવ્યું છે ? માટે એને લાગ્યું કે એ બાળક છે. એણે માટી ખાધી હતી. બલરામે કહ્યું કે મા, એણે માટી ખાધી છે, એટલે બાળક આવ્યું અને કહે છે મેં માટી નથી ખાધી. મોં ખોલે છે તો વિશ્વરૂપ દેખાય છે.

હવે આને રૂપક સમજવું હોય તો રૂપક સમજો. રૂપકની પાછળ ઘણી જીવનરસિકતા રહી છે. આપ જે કંઈ વિશ્વરૂપનો અર્થ કરો છો, એ જોઈને મા અવાક્ થઈ ગઈ હશે કે આટલાં નાનાં બાળકમાં આ શકિત ? એ પહેલાં શકાસુરભંજન વગેરે જે કાંઈ જોવાનું હતું તે તો જોઈ ચૂકી હતી, પૂતનાનો વધ વગેરે, પરંતુ પછી ભૂલી જાય છે ને ? માનો સંબંધ છે ને ! મારો પુત્ર છે. એ સમયે અવાક્ થઈ ગઈ હશે. આ દેખાય છે નાનું, પણ છે બ્રહ્માંડ. અને પછીની ક્ષણમાં મા ભાવનાં આવેગમાં વહી ગઈ હશે.

અર્જુનનું શું થયું ? અર્જુનની વાતો તો ગીતામાં આપ પોતે વાંચો જ છો. હે કૃષ્ણ, હે ગોવિંદ, હે સખા, આ રીતે હું કહેતો આવ્યો છું અને આ બધું શું છે ? અને કાંઈ બ્રહ્માંડને હાથોમાં તો સમાવી શકાતું નથી. બે હાથ અને બે પગવાળો બરોબર છે; મેં જ માંગ્યું હતું પરંતુ આપે જે દેખાડયું ત્યાં મારી ધારણા સ્થિર થઈ શકતી નથી. વિશ્વરૂપ દર્શનથી અર્જુનના મનમાં, જે દશ અધ્યાય પહેલાં બતાવી દીધા હતા, એનો બોધ જો ખીલી ઊઠયો હોત, તો આગળના સાત અધ્યાય બતાવવા પડયા ન હોત. માંગ્યું વિશ્વરૂપ, દેખાડયું તો ડરી ગયા, આશ્ચર્યમાં ગરકાવ થઈ ગયા. એની સાથે સંબંધ થઈ શકતો નથી. એટલે ફરીથી કહ્યું કે એ જ બનો અને વાસુદેવરૂપમાં પાછા ફર્યા. એટલે બારથી અઢાર અધ્યાય સુધી બોલવા માટે ફરી એમને ફરજ પડી. ખબર નથી, પ્રશ્નકર્તાના ચિત્તમાં શું છે. વિશ્વરૂપ દર્શન, મારા ભાઈઓ ! પોતાના જ જીવનમાં પોતાના જ પિંડમાં પ્રત્યેકને થાય છે, અને જ્યારે એ પોતાનામાં થવા મંડે છે, તો વિશ્વરૂપ દર્શનથી આપણે ગભરાઈ જઈએ છીએ. એના તરફથી આંખો ફેરવી લેવા ચાહીએ છીએ.

(ચોરવાડના બીજા શિબિરમાં થયેલ પ્રશ્નોત્તર-૩, તા. ૧૮-૧૨-૧૯૭૧)

૯

છઠ્ઠું પ્રવચન

જીવનનાં બધાં સંબંધોને, બધાં વ્યવહારોને ઈચ્છા, વાસના, પરંપરાઓને ટેવોના સ્તર પરથી, એના અંધકારમાંથી, વિજ્ઞાનના મુકત આકાશમાં લાવવા તે સાધના કહેવાય છે. વિજ્ઞાનની કસોટીએ ચડીને સ્વચ્છ થયેલી દષ્ટિ સાધનાનું અધિષ્ઠાન છે. જે દિવસે સમાજમાં વૈજ્ઞાનિક દષ્ટિ ઉપર માનવના બધા સંબંધો તથા વ્યવહારો રચાયા હશે, તે દિવસે સાધના નામની કોઈ અલગ વસ્તુ, અલગ ક્રિયા, અલગ પ્રક્રિયા બાકી રહી હશે નહીં. આજે દરેક આત્માર્થીને, શ્રેયાર્થીને, આત્મશિક્ષણ લેવાની અત્યંત ગંભીર આવશ્યકતા છે, કારણ કે સંબંધોનો આધાર ખોટો છે. આપણાં શરીરથી, આપણાં મનથી, આપણી વાણીથી, જે વસ્તુઓનો વિનિયોગ કરીએ છીએ, એ વસ્તુઓને જે વ્યકિતઓ સાથે રહેવાનું થાય છે, એ વ્યકિતઓનો ચારે બાજુના વાતાવરણ સાથે જે સંબંધ છે, એ વાતાવરણથી જેટલાં પણ સંબંધ છે એના આધાર ખોટા છે. એને જોવાની દષ્ટિ અવૈજ્ઞાનિક છે. વૃત્તિમાં સંતુલન નથી. આનો ઉકેલ લાવવાની દષ્ટિથી, જેને સાધના કહેવાય છે, આત્મશિક્ષણ કહેવાય છે તે લેવું અનિવાર્ય છે.

સાધનાનું અધિષ્ઠાન જીવનની શુદ્ધિ છે, પવિત્રતા છે. સ્વચ્છતા અને પવિત્રતામાં જમીન-આસમાનનો ફરક છે. વ્યકિતનું શરીર સ્વચ્છ હોઈ શકે છે. કાયા સ્વચ્છ હોય પણ વાણી દૂષિત હોય, અસ્વચ્છ હોય, તો શરીરની સ્વચ્છતા, પવિત્રતા થતી નથી. વાણીની અસ્વચ્છતા, મલિનતા અંગે મારો અભિપ્રાય એ છે કે, જે વાણી અસત્ય બોલે છે. સર્વ પાપોનું જન્મસ્થાન અસત્ય છે, એના જેવું અપવિત્ર બીજું કાંઈ છે જ નહીં અને અસત્યમાં આપના આખાયે જીવનને અપવિત્ર બનાવવાની, વિલક્ષણ તાકાત છે. જોત જોતામાં અસત્ય ભયને લાવીને ઊભો કરી દે છે. અનંત ગ્રંથિઓનો, આધિવ્યાધિઓનો વિકાસ, તમને ખબર

પણ ન પડે તેવી ખૂબીથી અસત્ય કરે છે. અસત્ય પ્રમાદમાં લઈ જાય છે, અસત્ય ભયમાં લઈ જાય છે, અસત્ય પાખંડ અને દંભમાં ઉતારી દે છે. જેણે અસત્યને વાણીમાં એકવાર પણ આશ્રય આપ્યો, એના જીવનમાં ઘણીબધી અશુદ્ધિઓ પાછલે દરવાજેથી ઘૂસી જાય છે. એટલે સાધનાનું અધિષ્ઠાન જીવનની શુદ્ધિમાં, પવિત્રતામાં છે, અને પવિત્રતા એટલે સત્યાચરણ.

સત્યને આપ કોઈ સૂક્ષ્મ સિદ્ધાંત ન સમજો. જે તમારી સમજમાં આવે, જેને એકાંતમાં, લોકાંતમાં, દિવસનાં પ્રકાશમાં, રાત્રિના અંધકારમાં, ઊંચા અવાજ સાથે કહેવામાં તમને સંકોચ ન થાય, એવો આપનો પ્રત્યય, એવી આપની સમજણ, સત્યનો આટલો જ અર્થ આપ લો એ પ્રારંભ માટે પૂરતું છે. સત્યાચરણ સ્વચ્છતાને પવિત્રતામાં બદલી નાંખે છે. વાણીનાં સત્યાચરણ સાથે ચિત્તમાં હોય, જે ઈચ્છા હોય, જે પ્રયોજન હોય, જે ઉદ્દેશ હોય, એ છુપાવવાનો નહીં, ઢાંકવાનો નહીં, ચિત્તમાં જે હેતુ હોય એને યથાર્થ રૂપમાં જોવો.

આપણે આપણા હેતુઓને જોતા નથી. પોતાને સમજાવી લઈએ છીએ કે આ હેતુ નથી, હેતુ બીજો જ છે. હેતુઓની યથાર્થતાને જનસંપર્કના પ્રકાશમાં ધારણ કરવી, અને એ કબૂલ કરવી જોઈએ. પોતાનામાં જ ઘુમરાતો એવો હેતુ પડદાને હલાવીને ન જોવો, એ મોટી કાયરતા છે. જે હેતુ જેવો હોય એને એ રૂપમાં ન ઓળખવો એ મોટી ભીરુતા છે. કાયર અને ભીરુ વ્યક્તિનું ધર્માચરણ જ એને પાખંડી બનાવે છે, દંભમાં લઈ જાય છે.

હેતુઓને, પ્રયોજનને, ઉદ્દેશને જેવા ને તેવા રૂપમાં જોવા, પોતે જ પોતાની પાસે કબૂલ કરવું, એ વ્યક્તિને આત્મવંચનાના પાપમાંથી સુરક્ષિત રાખશે. નહીં તો, આત્મવંચનામાં જ માનવ જિંદગી ખોઈ દેશે. અજ્ઞાનથી તો કોઈ બચાવશે, પણ આત્મવંચનાથી આપને બચાવે એવો કોઈ સાધુ, કોઈ સંત, સાક્ષાત્ ભગવાન પણ નથી. કારણ આત્મવંચના ભ્રમોમાં લઈ જાય છે, ભ્રાંતિઓમાં લઈ જાય છે, એટલે જીવનશુદ્ધિના પાયામાં, ચિત્તની શુદ્ધિનું યથાતથ્ય ગ્રહણ, વાણીથી સત્યાચરણ, અને શરીરથી યોગ્ય આહાર-વિહારનું સેવન આ ત્રણ ચીજો આવે છે. ત્યારે જિજ્ઞાસુ સાધક થયો એમ કહી શકાય. નહીં તો શ્રેયાર્થી, આત્માર્થીની જિજ્ઞાસા કેવળ બુદ્ધિગત રહે છે, બૌદ્ધિક રહે છે. માનસિક રહે છે. અધ્યાત્મ

વિષેના પુસ્તકો વાંચશે, પ્રવચનો સાંભળશે, અને બુદ્ધિમાં જે વિચાર ગ્રહણ થયા એને જ અનુભવ અગર અનુભૂતિ સમજીને ભ્રમમાં પડયો રહેશે. નિષ્કર્ષો અને સિદ્ધાંતોના સ્વીકારથી સમજ અગર આકલન સુધી નહીં પહોંચાય.

માનવ માનસિક અને બૌદ્ધિક સ્તર ઉપર જો જિજ્ઞાસાને રાખશે, તો વિભિન્ન વિચારોને એકઠા કરવામાં અટકી જશે. ભૌતિક પરિગ્રહથી જેટલું નુકસાન નથી તેટલું બૌદ્ધિક અને માનસિક પરિગ્રહથી નુકસાન થાય છે. તમારાં ભૌતિક સંગ્રહને ઝૂંટવી લેનારી સમાજ-વ્યવવસ્થા વિશ્વમાં બની રહી છે. બૌદ્ધિક અને માનસિક પરિગ્રહ એ મોટી ભયાનક વસ્તુ છે. એમાં પ્રભુત્વની ભાવના, શોષણ કરવાની જબરદસ્ત શકિત રહી છે, માટે માણસે સાવધાન રહેવું જોઈએ.

જિજ્ઞાસાનો અનુબંધ પ્રભાતથી રાત્રી સુધીના બધા સંબંધો સાથે, બધા વ્યવહારો સાથે જોડી દેવો, એ જ સાધક બનવું છે. યોગ્ય આહાર-વિહાર શેનો છે, કેવા પ્રકારનો છે, એની ચર્ચામાં નહીં ઊતરીએ. એટલું જ કહીશ કે પોતાના શરીરને માટે, એના જે વારસામાં મળેલા ગુણદોષ હશે, તે મુજબ, સંસ્કારો મુજબ જ વર્તમાન પરિસ્થિતિનો અનુકૂળતા જોઈને, જે સ્થાનમાં રહેતા હોઈએ, ત્યાં પાણી અને વાયુ જોઈને, ઋતુઓ અનુસાર, આહાર-વિહાર કરવો જોઈએ. શરીર માટે તમારા ચિત્તમાં માન હશે, પોતાના શરીર પ્રત્યે પ્રેમ હશે, તો યોગ્ય આહાર-વિહાર શોધી લેવો મુશ્કેલ નથી.

બીજું પગલું છે વાણીના સત્યાચરણનું, જેને તમે પરમાત્મા કહો છો. એ સત્યકાય છે. સર્વવ્યાપીની બીજી કોઈ કાયા નથી, સત્ય જ છે. પ્રેમ તો સત્યની શરૂઆત છે. લાવણ્ય એની પ્રભા છે, આભા છે. જે સાધનાનો પાયો સત્યાચરણ પર નથી, એ સાધનાથી જીવનમાં સંતુલનનો પ્રસાદ જીવનની એકતાનાં સ્પંદનો જાગૃત થશે નહીં. શ્રી મોહનદાસ કરમચંદ ગાંધી, મહાત્મા ગાંધી બન્યા, એ સત્યાચરણથી બન્યા. આખાયે જગતને ક્રાંતિના શાસ્ત્રમાં એક નવી શકિત, એક નવી દૃષ્ટિ આપવાનું સામર્થ્ય એમનામાં સત્યાચરણને કારણે આવ્યું. રાયચંદભાઈ, શ્રીમદ્ રાજચન્દ્ર બન્યા, એ પણ સત્યાચરણના અધિષ્ઠાનથી. હરિશ્ચંદ્રની, પ્રહ્લાદની, રઘુવંશના રાજા રામચંદ્રની વાત છોડી દઈએ. એ પૌરાણિક કથા વાર્તા છોડી દઈએ. ગદાધર, રામકૃષ્ણ પરમહંસ બન્યા, સત્યાચરણને ભરોસે. નિમાઈ, ચૈતન્ય મહાપ્રભુ બન્યા, સત્યાચરણના બળથી.

તમે સત્યાચરણનો મહિમા સારી રીતે જોઈ લેજો. એમ ન કહેશો કે આજની દુનિયામાં, આજના સમાજમાં સત્યનું આચરણ ન થઈ શકે. સત્યનું પાલન ન થઈ શકે. આ પાલન શબ્દ શું છે એ મારી સમજમાં નથી આવતું. સત્ય સમાજમાં ચાલી શકતું નથી, સમાજમાં સત્ય, ચાલતું થાય માટે જ તો શ્રેયાર્થી, અને આત્માર્થીની આવશ્યકતા છે. ઘરમાં, ઘરની બહાર, ધંધામાં, નોકરીમાં, વેપારમાં જો કોઈ વ્યક્તિ, સત્યનાં પાયાનો આધાર જાગૃત નથી કરતો, તો હું એમ સમજુ છું કે એ વ્યક્તિ સાધક નથી. સાધનાની વ્યાપ્તિ જીવનથી ઓછી નથી. સાધના જીવનવ્યાપી હશે, જીવન જેટલી વિશાળ હશે; જીવન-પરિવર્તનની જરૂર છે.

અધ્યાત્મ એટલે જીવન પ્રત્યે નવી દૃષ્ટિ. જીવનમાં નવાં પરિમાણને ખોલવાનું ક્રાંતિકારી કાર્ય છે. વ્યવહારમાં મળનારો નફો, મળનારા પૈસા, સમાજમાં મળનારી પ્રતિષ્ઠા, આ બધાની કિંમત ચૂકવવાની જેની તૈયારી ન હોય, તે માણસ અધ્યાત્મને રસ્તે ન જાય. એને માટે ધર્મનું ક્ષેત્ર પડયું છે, સંગઠિત ધર્મ પડયા છે. જૂઠું બોલીને, પ્રમાદ કરીને, બીજાનું શોષણ કરીને પૈસા કમાવા, લાખો કમાઈને હજારોનું દાન કરે, કરોડો કમાઈને લાખોનું દાન કરે અને ધાર્મિક કહેવડાવે, આ બધું તો સમાજમાં ચાલે જ છે. આ બહુ સસ્તું કામ છે. આ દેશમાં ધાર્મિક બનવું બહુ મુશ્કેલ નથી. આપણે તો વાત કરી રહ્યા છીએ અધ્યાત્મની, જીવન-ક્રાંતિની; અધ્યાત્મમાં તો સમજૂતી થઈ શકતી નથી. ઘરમાં થોડું સત્ય બોલીશું, ઘરની બહાર અસત્ય બોલીશું. રાજનીતિને નામે અસત્ય ચાલશે, અર્થનીતિને નામે અસત્ય ચાલશે, આમ થતું નથી.

જીવન અખંડ છે, અવિભાજ્ય છે. આપણી હિંમત ન હોય, આપણાથી સાહસ નથી થતું, તો કહી દેવું સારું કે અધ્યાત્મના માર્ગને આપણી સલામ છે, અમારા નમસ્કાર છે. આપણે એ રસ્તે જવું નથી. જે સમાજને આપણે મિથ્યા (નકામો) કહીએ છીએ એ જ સમાજમાં આપણે પ્રતિષ્ઠા ચાહીએ છીએ. ભલેને આપણે જાતિ-ધર્મને લઈને, શાસ્ત્રોને લઈને જીવીએ. જે દેહને મિથ્યા કહીએ છીએ, એમાં જ એશ-આરામ આપણે ઈચ્છીએ છીએ. અમારે આ બધું જોઈએ માટે, તમારાં અધ્યાત્મને અમારાં દૂરથી નમસ્કાર છે. અમે ભલા, અમારો ધર્મ ભલો અને અમારી નીતિ ભલી, અમારો સમાજ ભલો. અધ્યાત્મને માર્ગે ચાલવું એનું જ કામ છે, જેને આજે માનવનું વ્યક્તિગત અસંતુલન અને સમાજ-

વ્યવસ્થામાં તણાવ, દબાણ, સંઘર્ષ, હિંસા અસંગત લાગે છે. વીરોનું કામ છે. ઓછામાં ઓછું પોતાને તો ભ્રમમાં ન રાખીએ કે અમારામાં જિજ્ઞાસા છે, બ્રહ્મજિજ્ઞાસા છે. આત્માર્થી જિજ્ઞાસુ છીએ, અમે શ્રેયાર્થી છીએ. ઓછામાં ઓછું ભ્રમ તો ન રહે કે અમે આત્માર્થી છીએ.

અને જ્યારે સત્યાચરણ કરવા માંડીએ છીએ, જેટલાં પ્રમાણમાં સત્યાચરણ થવા માંડે છે, તેટલાં પ્રમાણમાં અંદરની શુદ્ધિ થવા માંડે છે. ચેતનાનાં બધાં સ્તરોમાં અગર ક્ષેત્રોમાં સત્ય દ્વારા, શુદ્ધિની ગતિશીલતા શરૂ થઈ જાય છે. સત્યાચરણ કરવા આપણે સ્વતંત્ર છીએ. અને સત્યાચરણ કરતાં કરતાં જે શુદ્ધિકરણની પ્રક્રિયાઓ બધાં સ્તરો પર એકસાથે શરૂ થઈ જાય છે એની ગતિ ઘણી અદ્‌ભૂત છે. સત્યાચરણ શરૂ થતા જ ગ્રંથિઓ ઓગળવા માંડે છે. આવી વ્યક્તિને કોઈનો પણ ભય રહેતો નથી. ભય નામની ગ્રંથિનું સત્યાચરણથી જ પીગળવું શરૂ થાય છે.

આવી વ્યક્તિ અભય હોય છે. એનામાં કયાંયે ઉદ્દંડતા નહીં હોય, ધૃષ્ટતા નહીં હોય, હું સત્યાચરણ કરવાવાળો અને દુનિયા બધી પાપી છે, એ પ્રકારનો અહંકાર નહીં થાય. હું એમ સમજું છું કે જિજ્ઞાસુને અહંકાર તો સ્પર્શ નથી કરી શકતો. શ્રેયાર્થીને અહંકાર સ્પર્શે કેવી રીતે ?

અહંકાર તો તેને જ સ્પર્શે છે જે પોતાની સરખામણી બીજા સાથે કરવામાં જ આખો દિવસ વ્યસ્ત છે. હું આવો છું, તે કેવા છે ? જે પોતાની સરખામણી બીજાની સાથે કરે છે, એના જ ચિત્તમાં અહંકાર, એના જ ચિત્તમાં ઈર્ષ્યા, એના જ ચિત્તમાં દ્વેષ પ્રવેશ કરી શકે છે. જેને પોતાની સરખામણી બીજા સાથે કરવાની ફુરસદ નથી.જે પોતાનું જ જીવન જીવવામાં મસ્ત છે, વ્યસ્ત છે, ભલા એની પાસે અહંકાર ફરકી પણ કેમ શકે ? સરખામણીમાંથી જ અહંકારનો જન્મ છે. નહીંતર અહંકારને જીવતા રહેવાનું સ્થાન જ નથી. જે વ્યક્તિ પોતાની સરખામણી બીજાની સાથે કોઈપણ સ્તર ઉપર નથી કરતો, એને નથી ભય, નથી અહંકાર. કાયરમાં જ અહંકાર હોય છે અને કાયરતામાંથી આક્રમણના સૂક્ષ્મ રૂપોનો જન્મ થાય છે.

એટલે સત્યાચરણમાં ભય નામની ગ્રંથિ ઓગળવા માંડે છે. ભયમાંથી પેદા થનારાં અનેક તણાવો, અનેક દબાણો, આક્રમણની વાસનાઓ, બધાં જ

ઓગળવા માંડે છે. ભયભીત વ્યક્તિ પોતાના બચાવને નામે આક્રમણની બધી યોજના કરી રાખે છે. કારણ ભય હંમેશા સંદેહનું નિર્માણ કરે છે, બીજા માટે શંકાઓ ઊભી કરે છે. ડરી ગયેલો માણસ હંમેશા બચાવની તૈયારી કરે છે. માટે જ બીજાની બાબતમાં એને હંમેશા સંશય રહે છે, 'આ એની સાથે બોલ્યો, જરૂર મારી વાતો કહી હશે, એની સાથે હસે છે, જરૂર મારાથી વધુ પ્રેમ એને માટે છે.' કોઈ વ્યક્તિ, મારી માતા, મારી પત્ની, મારી કન્યા, મારી સાથે બોલી નથી, અને જે વ્યક્તિના દિલમાં સંશય ઉત્પન્ન થાય છે, એ બીજાના વ્યવહારમાં હેતુઓનું આરોપણ કરવા માંડે છે. એણે આમ ન કર્યું, એનું કારણ આ જ હશે; બીજાઓ પર આરોપણ કરે છે. અને પછી એ હેતુઓને, અનુમાનોને, આરોપોને તથ્ય સમજવા માંડે છે. હેતુઓની યથાર્થતા છે એમ સમજવા માંડે છે. અને પછી એમાંથી સંબંધોમાં તણાવો આવે છે, દબાણો આવે છે, વિકૃતિઓ આવે છે.

આ પ્રમાણે જે વ્યક્તિ સત્ય પર અધિષ્ઠાન નથી રાખતી, એનાં ચિત્તમાં અનેકાનેક ગ્રંથિઓ, અનેકાનેક વિકૃત્તિઓ ઉત્પન્ન થાય છે. અનાયાસ વિકૃત્તિઓ થતી જાય છે અને પછી વ્યવહારને એ ગૂંચવે છે. અસત્યમાંથી ઉત્પન્ન થયેલી કાયરતા અને સંશયશીલતામાંથી સંબંધોમાં વિકૃત્તિઓ આવે છે, ગૂંચવણો થાય છે.

તમે વિશ્વાસ રાખજો અને સાચું માનજો કે માનવના સંબંધોમાં આજે જે સહજતા નથી, જે પ્રસાદ નથી, જે સ્વતંત્રતા નથી; સંદેહનો, તણાવોનો, દબાણોનો તથા ઈર્ષ્યાનો, ક્રોધનો, મત્સરનો જે સડો છે એનું કારણ અસત્યાચરણ અને આત્મવંચના સિવાય અન્ય કાંઈ નથી.

માટે જ ગાંધીજી કહેતા હતા 'સત્ય જ ઈશ્વર છે,' કોઈ રાજનીતિમાં પૂછે તો કહેતા 'સત્ય જ મારી નીતિ છે,' આંદોલનો ચળવળોમાં પૂછે તો કહેતા કે 'સત્ય જ મારો બચાવ છે.' આપની સામે જ બનેલો સત્યાચરણનો એક મહાન પુરુષાર્થ ગાંધીજી છે. આવું જ રામચંદભાઈએ કર્યું હતું. પેઢી પર બેસનાર ઝવેરી, વ્યાપારી, સોદો કરનાર, એમણે રૂપિયાને, પૈસાને કદીયે જીવનની સફળતાનું માપ બનાવ્યું નહીં. સત્યાચરણને જ એનું માપ બનાવ્યું. સત્યાચરણથી શુદ્ધીકરણ અનાયાસ થતું જાય છે. એવી વ્યક્તિને માટે પછી, યમ, નિયમ, વ્રત, પ્રતિજ્ઞા આવી અલગ સાધનાનું પ્રયોજન રહેતું નથી, અને એવી વ્યક્તિના જીવનમાંથી

જેવી રીતે પહાડ પરથી ઝરણું વહે છે તેવી જ રીતે સખ્ય સહયોગનું ઝરણું ઝરવા લાગે છે.

એટલે ચિત્તમાં વક્રતા ઓછી થઈ જાય છે. વ્યવહારમાં ગૂંચવણો ઘટતી જાય છે, જીવન પોતાની મેળે જ સહજ અને સરળ બનતું જાય છે. આવી વ્યક્તિનો વ્યવહાર વિજ્ઞાનના પાયા પર રચાય છે. વિજ્ઞાન અને અધ્યાત્મમાં બહુ થોડું અંતર છે. વૈજ્ઞાનિક સંબંધ માનવીને યોગ્ય આહાર-વિહાર સુધી, વાણીનાં યોગ્ય ઉપયોગ સુધી લાવીને એવા મૂકી દે છે કે યોગાવસ્થા માટે શારીરિક, માનસિક અને બૌદ્ધિક અનુકૂળતા, વિજ્ઞાન પેદા કરી દે છે. પછી કરવાનું કે થવા દેવાનું બહુ જ થોડું બાકી રહી જાય છે. એટલે જ આજે સવારે કહ્યું કે જીવનના બધા જ સંબંધોને, વ્યવહારોને, ઈચ્છાઓને, વાસનાઓને, પરંપરાઓને ટેવોના સ્તર પરથી ઉઠાવીને, વિજ્ઞાનની મુકત હવામાં લાવવું, વિજ્ઞાનના આલોકમાં લાવવું એ જ સાધનાનો ઉદ્દેશ્ય છે. જિજ્ઞાસાને આખા જીવન સાથે સાંકળી લેવી એ જ સાધનાનું સ્વરૂપ છે. સાધનાનું અધિષ્ઠાન જીવનશુદ્ધિમાં છે. જીવન શુદ્ધિ માટે આહાર-વિહાર વગેરે વૈજ્ઞાનિક દૃષ્ટિ પર ચાલ્યું હોય, એ માટે વાણીને સત્યાચરણમાં પ્રતિષ્ઠિત કરીએ. વાણીમાં સત્યને આપ ધારણ કરી તો જુઓ. નમ્રતાથી ધારણ કરજો.

વાણીમાં સત્યને ધારણ કરનારના જીવનમાં જે શુદ્ધિકરણની શકિત એની મેળે ખીલતી જાય છે, એ અનુભવાયેલું છે. કોઈ સિદ્ધાંત નથી. તમે કરીને જુઓ. અને ન થાય તો મને કહો. એની કિંમત ચૂકવવી પડશે. કારણ કે આજનો સમાજ સત્ય પર અધિષ્ઠિત નથી. તમે એમ કહેશો કે હું તો સત્યાચરણ કરવા માંડયો, પરંતુ મારી પત્ની મને સમજતી નથી. મારા પતિ મને સમજી ન શકયા. મારા કુટુંબીઓ સમજી ન શકયા. સમાજમાં મારે માટે ખોટી અફવા ઊડી. આ બધું તો થશે જ. કારણ કે આજના કુટુંબનું અને સમાજનું જીવન એના પર આધારિત નથી. ખોટું સમજશે, નગણ્ય માનશે, અપમાન કરશે. બુદ્ધુ માનશે, કહેશે-આ કલિયુગ છે, સત્યયુગ નથી. આ સત્યયુગનો ભૂલ્યો, ભટકતો અહીં કયાંથી ચાલી આવ્યો ? મજાક કરશે. પરંતુ અસત્ય બોલીને આપનાં જીવનનું નુકસાન, આત્માનું નુકસાન કરવા કરતાં, જેનું જીવન જ અસત્ય પર ઊભું છે, એવા સમાજની ઉપેક્ષા અને અપમાનમાંથી પસાર થવું લાખો દરજજે સારું છે. અને જે નમ્રતાથી

પસાર થશે, એને નમાવનારી કોઈ તાકાત જગતમાં નથી; જગતની બધી શક્તિઓ નમ્રતા, વિનયની સામે બેકાર સાબિત થાય છે. એ કંઈ કરી શકતી નથી.

લોકો સાધનાને પોતાના જીવનથી કંઈ જુદું, સ્વતંત્ર કર્મ સમજી બેઠાં છે. એને કંઈક રોમાંચક, રહસ્યમય વ્યાપાર સમજી લીધો છે. એમાં રહસ્ય કંઈ નથી. સાધનાનાં ક્ષેત્રમાં જેમ જેમ વ્યક્તિ આગળ વધશે, તેને તેમ રહસ્યોનું ઉદ્‌ઘાટન એના જીવનમાં નહીં થાય એમ નથી; પરંતુ પહેલા એનુ અધિષ્ઠિન તો જુઓ, ખોટા અધિષ્ઠાન પર યોગ્ય ઈમારત કેવી રીતે રચી શકાશે ? તમારું ઘર મોટી શિલા પર બનાવો, રેતીમાં નહીં, આ જે શિલા છે તે સત્યની છે. એના પર તોફાન અને ઝંઝાવાતો આવીને, અથડાઈને પાછા જશે. ત્યારે પાત્ર શુદ્ધ થશે. આવાં શુદ્ધ પાત્રમાં પછી કઈ રીતે વૈશ્વિક જીવન પ્રવેશ કરે છે, એની વાત હવે પછીના વાર્તાલાપમાં કરીશું.

(ચોરવાડના બીજા શિબિરનું છઠ્ઠું પ્રવચન, તા. ૧૯-૧૨-૧૯૭૧)

૧૦

સાતમું પ્રવચન

શુદ્ધીકરણની જે પ્રક્રિયા અનાયાસ શરીરમાં, મનમાં અને પ્રાણોમાં સંચાર કરવા માંડે છે, એનું પ્રથમ ચિહ્ન છે કે આગળની ક્ષણનો, આવનારી પળનો વિચાર ચિત્તમાં ઊઠતો નથી. સવારમાં કહ્યું હતું કે સત્યાચરણથી ભય નામની ગ્રંથિનું નિરાકરણ થાય છે. નિર્ગ્રન્થ અવસ્થા માટે સત્યાચરણનું અધિષ્ઠાન જોઈએ, ત્યારે જે વ્યકિત એ પળમાં જે પણ સંબંધ હોય, તે સંબંધમાં સત્યાચરણ કરે છે, એનાં જીવનમાં, એનાં કર્મમાં જ પરિપૂર્તિનો આનંદ ઝરવા માંડે છે. આને આપ કોઈ સિદ્ધાંત ન માનશો. આ તો અનુભવમાં આવેલું તથ્ય છે કે સત્યાચરણના કર્મમાં જ એના ફળની પૂર્તિનો આનંદ ઉપલબ્ધ થાય છે. ફળની આકાંક્ષા ફળનો વિચાર આવતો જ નથી. ફલાકાંક્ષા, ફલાસકિત ચિત્તમાં ઊઠતી જ નથી. કારણ કે કર્મ કરવામાં જ આનંદ ઓતપ્રોત થઈ જાય છે.

સત્ય જ આત્માની તેમજ પરમાત્માની કાયા હોવાને કારણે સત્યાચરણમાં આત્માનો પ્રત્યક્ષ સ્પર્શ છે. સદાયે આત્મસંગમાં રહેતાં, આત્મભાવમાં જ રહેતાં વ્યવહાર કરવો, એ અધ્યાત્મ છે. સત્યાચરણમાં આત્માનો સ્પર્શ છે. આત્માનું સાંનિધ્ય પ્રત્યક્ષ છે, અપ્રત્યક્ષ નથી હોતું. સિદ્ધાંત નથી, કાલ્પનિક નથી, રહસ્યમય પદ્ધતિથી નહીં, સત્યમાં જ પરમાત્મા અનાવૃત્ત થાય છે. સત્યમાં જ પ્રભુ વ્યકત થાય છે. મારી પાસે એવા સુંદર શબ્દો નથી કે જે કંઈ જીવનમાં જોયું છે, પામી છું, તે તમને સમજાવી શકું. સત્યમાં પ્રભુની સત્તાનું સ્પંદન થતું જે મેં જોયું છે, એ કોમળ અને મૃદુલતમ સ્પર્શને વ્યકત કરવા યોગ્ય મૃદુશબ્દો મારી પાસે નથી.

એટલે કર્મમાં જ પરિતૃપ્તિ અને પરિપૂર્તિના અનુભૂતિ થવાને કારણે આગળની ક્ષણનો વિચાર ચિત્તમાં આવતો નથી. વર્તમાન પળમાં જે શાશ્વતિનું

ઐશ્વર્ય છે, વર્તમાન પળમાં જે ચિરંતનતા અને સનાતનતાનું ઐશ્વર્ય છે, તેનો અનુભવ થવા લાગે છે. જે વ્યક્તિ સત્યાચરણમાં જ મગ્ન હોય છે તેને ભૂતકાળની સ્મૃતિ અને ભવિષ્યની કલ્પના સતાવતી નથી. ફળની ચિંતા ન હોવાને કારણે, કર્મમાં, પરિતૃપ્તિનો આનંદ હોવાને કારણે, બીજી વ્યક્તિની પ્રતિક્રિયા શું થાય છે, એનું માપતોલ કાઢવામાં, માનવ વ્યર્થ જીવન ખોતો નથી.

આપણી જિંદગીમાં હિસાબથી જ વ્યવહાર ચાલતો હોય છે, માપ-તોલથી ચાલતો હોય છે. આમ કરીશ તેની પ્રતિક્રિયા શું થશે ? આને રાજી રાખું, આને ખુશ રાખું. આત્માની સાથે અન્યાય થાય, સત્યની સાથે અન્યાય થાય, જીવનની સાથે અન્યાય થાય તેની ચિંતા નથી. સામે જે વ્યક્તિ છે તેની પાસેથી કંઈ સ્વાર્થ સાધવો છે, માટે એને રાજી રાખું. બીજાને રાજી રાખવાનાં નામથી માનવ બીજાની કેવી ખુશામત કરે છે ? મીઠી વાણીને નામે, કેવી રીતે બીજાની ખુશામત માટે અસત્ય બોલે છે ? આ તો અમારા વ્યક્તિગત જીવનનું અસત્ય છે, જે વિશ્વાકાર બનીને તણાવ, સંઘર્ષ અને હિંસામાં પરિણમે છે.

આમ, સત્યાચરણમાં જ એક અદ્‌ભૂત ચમત્કાર થાય છે, કે વર્તમાન ક્ષણમાં જે સનાતન કાળનું, સનાતન જીવનનું, ઐશ્વર્ય પ્રગટ થાય છે, એને લીધે આવનાર ક્ષણનો વિચાર આવતો નથી. વર્તમાન ક્ષણમાં જ અમરતાનો અનુભવ થઈ જાય છે. શું આનંદ થાય છે ! કારણ કે સત્યાચરણમાં મુક્તિ છે. એની પ્રથમ ક્ષણમાં જ મુક્તિ છે. પ્રથમથી છેલ્લી પળ સુધી મુક્તિ છે, એટલે એ ક્ષણમાં માણસ કુંઠાઓથી-અવરોધથી મુક્ત છે. તણાવો-દબાણોથી મુક્ત છે, ભયથી મુક્ત છે. ભૂત અને ભવિષ્યની સ્મૃતિ અને કલ્પનાથી મુક્ત છે. માટે એનું આચરણ મુક્ત હોય છે. સત્યાચરણમાં માણસ મુક્ત રીતે આચરણ કરે છે, માટે મૃત્યુનો ભય નથી. સામેથી, કોઈ બે હાથના અંતર પર ઊભા રહીને ગોળી મારી દે છે અને મુદ્રા વિકૃત ન થતાં 'હે રામ' કહીને તમારી સામે ધરતી પર પડી જાય છે. આ કંઈ પુરાણોની વાત નથી.

''પિતા ! એમને ક્ષમા કરો, એમને ખબર નથી કે એ શું કરી રહ્યા છે.'' આ કહેવાવાળા જિસસને તો બે હજાર વર્ષ થયાં પણ આ તો હમણાં જ બનેલી, હમણાંની ગાથા છે. અંગ્રેજ સત્તા સાથે રાત-દિવસ ઝઝૂમવા છતાં અંગ્રેજ

વ્યક્તિને માટે જરા પણ, થોડોયે દ્વેષભાવ નહોતો, જરાપણ કટુતા ન હતી. આ આપણી સામેની ગાથા છે. આને ચિત્તની મુક્તિ કહે છે, એને મૃત્યુથી અભય કહે છે. તમે એમ ન માનશો કે હું કોઈ ગાંધીવાદી છું. મેં કયારેય મારી આંખોથી ગાંધીજીને જોયા નથી, એમની વાણીનો એક પણ શબ્દ સાંભળવાનું કદીયે સૌભાગ્ય મળ્યું નથી. પણ આવી એક વ્યક્તિ જીવી ગયા. સત્યાચરણથી આત્મબળ કેવી રીતે વધે છે, અને એવી વ્યક્તિના જીવનના પ્રસાદ અને સંતુલન અનેકાનેકોમાં સંક્રાન્ત કેવી રીતે થાય છે, તેનું જીવન પરિવર્તન કેવી રીતે થાય છે, એ જોઈ શકાય છે.. એની જરૂરિયાત છે. અને એ વ્યક્તિ (ગાંધી) માં સત્યાચરણની નિષ્ઠા ઉત્પન્ન કરનાર રાયચંદભાઈનું જીવન તમે લોકો ગુજરાતમાં જાણો છો.

એટલે ગ્રંથિઓ નિર્મૂળ થાય છે, મૃત્યુથી અભય થઈ જાય છે. કાલનો, આગળની ક્ષણનો વિચાર નથી આવતો. આ રીતે વ્યક્તિનું જીવન, વ્યક્તિનું ચિત્ત મુક્ત થઈ જાય છે. મુક્તિ-મુક્તાવસ્થા કંઈ બહુ મુશ્કેલ નથી. મુક્તાવસ્થા એ ગણ્યાગાંઠયા લોકોનો એકાધિકાર નથી. આમ જો થઈ જાય, આ રીતે તન-મન, પ્રાણોમાં સત્યની પ્રતિષ્ઠા થઈ જાય, તો જીવનનું પાત્ર શુદ્ધ થઈ જાય છે. શુદ્ધીકરણથી પોતાની મેળે પ્રકાશ ફેલાય છે. જીવનનું જે આકલન છે. બોધ છે, પ્રત્યય છે, સમજ છે તે આપોઆપ આયોજિત થઈ જાય છે. સત્યને જીવતા જાઓ. જેને આપ સમજ કહો છો, આકલન કહો છો, એ તમારા ચરણો ચૂમતી પાછળ ચાલી આવે છે.

એક ડગલું ચાલીએ, તો બીજુ ડગલું મૂકવા માટે પ્રકાશ સામે પથરાશે. માટે પુરુષાર્થ અગર સાધના જીવનનું શુદ્ધીકરણ કરે છે. તન, મન, પ્રાણોની શુદ્ધિ આ સાધનાનો વિષય છે. ત્યાંથી આગળ પુરુષાર્થ પૂરો થાય છે. અહીંથી આગળ ઘટનાઓનું ઘટિત થવું શરૂ થાય છે; કારણ કે તે વ્યક્તિ વિશ્વથી જુદી નથી, સમાજથી જુદી નથી. એટલે હવે જુઓ, જો જિજ્ઞાસાનો અનુબંધ સમગ્ર જીવન સાથે થઈ ગયો હશે, સત્યાચરણથી તન, મન પ્રાણોને જ શુદ્ધ કરી લીધા હશે, પ્રક્ષાલન થયું હશે તો કંઈક થાય છે, કરવાનું નથી હોતું. એની મેળે ઘટે છે. જે થાય છે, એની આસપાસનો સમાજ માનવીનો, પશુઓનો સમુદાય છે, વનસ્પતિ છે, સૃષ્ટિ છે, અને આ ઉપરાંત પૂરા બ્રહ્માંડમાં જે અવ્યક્ત પ્રવાહ સંચાર કરે છે,

વૈશ્વિક પ્રવાહ છે, હવે એની અને આ વ્યક્તિ વચ્ચે સંબંધ સ્થપાય છે. જ્યાં સુધી તન, મન, પ્રાણોનું પાત્ર અશુદ્ધ, અપવિત્ર હતું ત્યાં સુધી એ સંબંધ થઈ શકતો ન હતો. આ અવસ્થામાં હવે બન્ને ઉપસ્થિત છે. અત્યાર સુધી વ્યક્તિ અને વૈશ્વિક પ્રવાહ બન્નેનું અસ્તિત્વ તો હતું પણ સંપર્કબિંદુ મળતું ન હતું.

પ્રભુ તો આપનાં હૃદયમાં પગ મૂકવા આપથી પણ વધુ આતુર છે. પોતાના આલિંગનમાં લેવાને માટે ભકતોથી વધુ તો ભગવાન અધીર છે. પણ પગ કયાં મૂકે ? અશુદ્ધિમાં ? અપવિત્રતામાં ? અસંગતતામાં ? જેના હૃદય દિવસ-રાત ધર્મક્ષેત્ર-કુરુક્ષેત્ર બન્યાં છે, વાસનાઓનો સંઘર્ષ ચાલે છે, વિકારોની અરાજકતા છે, કોઈ પ્રકારની વ્યવસ્થા ન હોય, ભાવનાઓ, આકાંક્ષાઓ, વિચારોમાં કોલાહલ હોય, ત્યાં પગ કેવી રીતે મૂકે ? આપણા હૃદયમાં, જાગૃતિમાં જ નહીં પણ સ્વપ્નમાં પણ દિવસ-રાત કોલાહલ હોય છે. કયાંયે પળ માટે નિરવતા નથી, પળ માટે પણ એકાંત નથી, વ્યવસ્થા નથી. સંયમ નથી, સત્ય નથી; તો પગ કયાં મૂકે ? પ્રગટ થવા માટે એમની તરફથી જરા પણ વાર નથી હોતી. પ્રભુનો અર્થ, વિભુનો અર્થ ? મારા ચિત્તમાં કોઈ રામ, કૃષ્ણ, કોઈ શિવ, દેવી-દેવતા નથી. કોઈ ઋષભદેવ, આદિનાથ, નેમીનાથ, મહાવીર પણ નથી. પણ અભિપ્રાય તો એ છે કે વૈશ્વિક ચેતનાનો, સર્વગ્રાહી પ્રજ્ઞાનો, અસીમ સંવેદનશીલતાનો, જીવનની એકતાના પ્રત્યયનો, પ્રેમનો.

જીવનનું શુદ્ધીકરણ જ સાધના છે. અતીન્દ્રિય શકિતઓને જાગૃત કરવી, અનુભૂતિઓને જગાડીને, એનું સુખ લૂંટવાનું જે ક્ષેત્ર છે, એ એક પ્રપંચ છે, એ સંસાર છે, એ અધ્યાત્મ નથી. એ તો ભૌતિક સંસાર છે, ઈન્દ્રિય-વિષય-સુખનો, માનસિક, બૌદ્ધિક સંસાર છે, વિચારોનો, સિદ્ધાંતોના સંગ્રહનો, વિચારપદ્ધતિઓનો પરિગ્રહ એ અતિમનસનું ક્ષેત્ર છે. અતીન્દ્રિય શકિતઓને જગાડવાનો અને અતીન્દ્રિય અનુભૂતિઓના સુખને લૂંટવાનો એ આખોય પ્રપંચ છે, એ જીવનસાધના નથી, એ અધ્યાત્મ નથી. પ્રપંચ કરવો જ હોય તો ભલે પ્રપંચ સમજીને કરો.

એટલે જ્યાં જીવનનું શુદ્ધીકરણ થઈ જાય છે, ત્યાં એ વ્યકિતના ચિત્તમાં ભય, શંકાઓ, વગેરેની ગ્રંથિઓ ન હોવાને કારણે, વિકલ્પોને માટે અવકાશ ન રહેવાને લીધે, ચિત્ત પ્રશાંત, પ્રસન્ન રહે છે. જે કંઈ કરવામાં આવે છે, એ

પ્રસન્નતામાંથી, એ સંતુલનમાંથી, એ પ્રસાદમાંથી કરવામાં આવે છે. એટલે શબ્દોના અને કર્મોના તણાવોની દુર્ગંધ નથી આવતી, દબાણોની દુર્ગંધ પણ નથી આવતી. અંદર તણાવ હોય, દબાણ હોય, આંતરવિરોધ હોય, સંઘર્ષ હોય તો જે શબ્દો બોલાય છે તેમાં અંદરના તણાવો-દબાણોની દુર્ગંધ આવે છે. અંદરથી વેરવિખેર, ક્ષત્‌વિક્ષત્‌ વ્યક્તિઓના શબ્દો અને ક્રિયાઓમાંથી એવી જ દુર્ગંધ આવે છે, જેવી શરીરમાંથી આવ્યા કરે છે.

માટે જે વ્યક્તિ અભય છે, જે સત્ય પર અધિષ્ઠિત હોવાને કારણે સ્વયં પૂર્ણ છે, નિરપેક્ષ છે, એનાં જે કર્મો છે, જે શબ્દો, જે વિચારો એમની વાણીમાંથી ઝરે છે, એના શરીરનું જે હલનચલન થાય છે, એ બધામાં શાંતિનું, એકતાનું એક સંગીત હોય છે, એક સૌરભ હોય છે. એટલે ગાત્ર-વીણાના બધા તાર મળેલાં છે, ઢીલા પણ નથી અને વધુ કસાયેલાં પણ નથી. આ અવસ્થામાં હવે ગાત્ર-વીણા આવી ગઈ છે. જેમ કે કોઈ સંગીતજ્ઞના હાથમાં સિતાર, વિચિત્ર વીણા, બીન કંઈક આવી જાય, એ કેવો એને મેળવે છે ? વારંવાર એની ખીંટીઓને જુએ છે, તારની પાસે જે દોરા રાખેલા છે તેને પણ જોઈ લે છે, બરોબર મેળવી લે છે એમ હવે સૂરમાં મેળવેલી વીણા છે.

તમારા અને અમારાથી પહેલાં, હજારો વર્ષોથી આ દેશમાં અધ્યાત્મના માર્ગે લોકો ગયા છે. કંઈક લોકોએ સત્યનું દર્શન કર્યું છે, કેટલાકે એ દર્શનને વાણીબદ્ધ કર્યું છે, કેટલાકે એમાંથી દર્શન એટલે વિચારપદ્ધતિઓ બનાવી, કેટલાકે કાવ્ય લખ્યાં છે. આ દેશમાં લોકો પ્રયોગ કરતાં જ આવ્યા છે. આ પ્રયોગ સમગ્રતામાં હતા કે નહીં, કેવી રીતે એકાંગી હતા, કેટલી રીતે આંશિક હતા, કાં એ અવૈજ્ઞાનિક હતા, એની ચર્ચા આજે સવારે નહીં કરું, પરંતુ એટલું કહી દઉં કે પોતાના હાડમાંસમાં એક પ્રયોગશાળા બનાવીને જીવનના પ્રયોગ કરનારા અહીં નીકળ્યા. આપણાથી પહેલાં એ થઈ ગયા.

હવે એમણે જે કંઈ કર્યું, એ નાશ તો નથી જ પામ્યું. જેમ સિદ્ધાર્થમાંથી ગૌતમ બુદ્ધ થયા, એમણે પ્રયોગ કર્યા. પ્રથમ અતિરેકમાં ગયા, ૪૭ દિવસના ઉપવાસો કરવા સુધી પહોંચ્યા, એ પછી સમજ્યું કે જીવનનો મર્મ અતિમાં નથી, જીવનનો મર્મ સંયમમાં છે. કોઈક મધ્યબિંદુ છે.

એટલે એમણે જે સાધના કરી, એમણે જે ચિંતન કર્યું એ નાશ તો નથી જ પામ્યું. આપના ચિત્તમાં એક વિચાર આવ્યો. એ સ્પંદનરૂપે આકાશમાં જઈને મળ્યો, એ નષ્ટ તો ન જ થાય. ભય ઊઠ્યો, આકાશમાં સ્પંદનરૂપે 'ઈથર'થી પણ સૂક્ષ્મ રૂપમાં જઈને મળી ગયો. એ નષ્ટ તો ન થયો. તો ઋષિઓ થયા, યોગી થયા. સંન્યાસી હોય, અવધૂત હોય, જે જે ગયા એ બધા સમગ્ર આસમંતમાં, અસ્તિત્વમાં છે.

જીવન પરિશુદ્ધ થતાં ગાત્ર-વીણા જ્યારે વગાડવા યોગ્ય થઈ જાય, તો વિશ્વમાં સમાયેલા આ અંતઃ પ્રવાહોમાંથી પ્રવાહ, પવનની લહેરીઓ હોય એમ આવે ને ગાત્ર-વીણાને છેડે છે. જો કદાચ રૂકાવટ આવે, જ્યાં કઠણાઈ પ્રતીત થાય, જ્યાં ચિત્તમાં કોઈ સમસ્યા ઊઠે, ત્યાં એ વ્યકિત શાંત થઈ ગંભીરતાથી આત્મસંગમાં બેસશે તો એમની સાથે વિશ્વસંગ થઈ જ જશે.

ભકતહૃદયનો હોય, પ્રેમી હોય, એનું ચિત્ત ભાવનાશીલ રહ્યું હોય, તો એ પ્રવાહ કયારેક સગુણ સાકાર રૂપથી આવીર્ભૂત થઈને માર્ગનો સંકેત કરશે. બુદ્ધિપ્રધાન, જ્ઞાનમાર્ગી વ્યકિત હોય તો સ્પષ્ટ બોધના રૂપમાં, આકલનના રૂપમાં એ ચિત્તમાં સ્પંદિત થશે. કયારેક નાદના રૂપે અથવા પ્રકાશરૂપે એ સ્પંદિત થશે. તો જે મદદ, જે સહાયની આવશ્યકતા હોય છે તેની યોજના પહેલેથી જ છે. એ પુરુષાર્થનો વિષય નથી. એમાં જે સંબંધ બનતા હોય છે તે પ્રેમના નિયમ અનુસાર થાય છે. જીવનમાં જે રીતે ગુરુત્વાકર્ષણનો નિયમ છે, તે આપને ધરતી પર ચલાવે છે, કારણ કાર્ય સંબંધ જેમ બુદ્ધિ અને મનના ચાલવા માટેનું ક્ષેત્ર બનાવી દે છે, એ જ પ્રમાણે આંતરિક જીવનમાં આ પ્રેમાકર્ષણ પણ છે. ગુરુત્વાકર્ષણની જેમ પ્રેમાકર્ષણ છે, જ્યાં જીવન શુદ્ધ થયું, ત્યાં પ્રેમાકર્ષણ કામ કરવા માંડે છે. એ વ્યકિત અને વિશ્વનો એક સંબંધ બની જાય છે.

સો વર્ષ પહેલાં મેડમ બ્લેવેટસ્કીની વાતો કપટભરી, છેતરનારી અગર જૂઠી મનાતી હતી. આજે અમેરિકામાં, રશિયામાં સૌથી વધુ કોઈ પુસ્તક વંચાતું હોય તો તે મેડમ બ્લેવેટસ્કીનું પુસ્તક છે. કારણ કેવી રીતે ભૌતિક હોઈ શકે છે, ભાવના કેવી રીતે ભૌતિક હોઈ શકે છે, એના ફોટા લેનાર કાચ અને કેમેરા લોકોએ બનાવ્યા છે. આ શરીરમાં અનેક શરીર છે. એટલે ત્રણ-ચાર શરીર સુધીના ફોટા લેનાર કેમેરા બની ગયા છે. દૂરસંવેદન અથવા સહસંવેદન (ટેલીપથી) ને કોઈ

યંત્રમાં, સાધનમાં પકડીને એનું વિશ્લેષણ કરવાના સાધન એમણે ઉપસ્થિત કરી લીધા છે.

એ રીતે જે હું કહી રહી છું તે બહુ જ જવાબદારી સાથે કહી રહી છું કે વિશ્વમાં આપણાથી પહેલાં જે જીવી ગયા છે, એ જીવન-સાધકોની સાધનામાંથી જે નિષ્પન્ન થયું, એ પ્રવાહના રૂપમાં, સ્પંદનના રૂપમાં વિદ્યમાન છે. જીવનશુદ્ધિ સુધી સાધક પહોંચે, તો આગળ એને કયારે, કેવી રીતે, કયાંથી મદદ પહોંચશે, એનું કોઈ અનુમાન નથી. શું કહું ? સંકેતો પડયા છે, અથવા પ્રેરણા-કર્ષણની કોઈ પદ્ધતિ છે, જીવનની કોઈ પદ્ધતિ છે, વિશ્વચૈતન્યની કોઈ પદ્ધતિ છે, એમ કહું ? શબ્દો મારી પાસે નથી. કોઈપણ શબ્દ કહું, તો બધા જ તમારી પરિભાષામાં એ વાત જ ખેંચી લાવશે.

એટલે પરિભાષા મને ખબર નથી. આવા પ્રસંગની પાછળ રહેલું જે પૂરું વિજ્ઞાન હશે, જે નિયમ, કાયદો હશે, એ પણ મને ખબર નથી. એટલો અનુભવ જરૂર થયો છે કે વ્યક્તિની જિજ્ઞાસાની ઉત્કટતા અને જીવનની પરિશુદ્ધિના અનુસરણમાં વિશ્વ તરફથી મદદ મળે છે. એનું ગણિત નથી. માનવ પાસે એનો હિસાબ નથી. એનું કોઈ અનુમાન કરી શકશે નહીં. આ જે મદદ મળે છે એ માણસની કમાયેલી નથી. આ જ ભૂલ થઈ છે કે લોકોએ એને પોતાની કમાણી સમજી છે, પોતાનો અધિકાર માન્યો છે. આ પ્રકારની જે વિશ્વ તરફથી, અવ્યકત તરફથી મદદ મળે છે, એને જ પ્રભુકૃપાનું આવરણ કહો, અતિમનસનું અવતરણ કહો.

જીવનની શુદ્ધિ અને પ્રભુકૃપાનું અવતરણ આ બે સ્વતંત્ર પ્રસંગો નથી. જ્યાં પુરુષાર્થની મર્યાદા આવી ગઈ, જીવનશુદ્ધિ થઈ ગઈ, ત્યાં પ્રભુની કૃપા પ્રગટ થવા માંડે છે. શરીરમાં છુપાયેલી શકિતઓ ખીલવા માંડે છે, મનની શકિતઓ આપોઆપ કામ કરવા માંડે છે. એને માટે સંકલ્પ કરવો પડતો નથી, પ્રયોજન કરવું પડતું નથી, પુરુષાર્થ કરવો પડતો નથી, પ્રયાસ કરવો પડતો નથી; આપોઆપ બધું બનતું જાય છે. સંસારની વ્યથા, વેદના, પીડા સંસારના પ્રતીક છે, એ પહેલેથી જ આવી વ્યકિતના ચિત્તમાં પહોંચી જાય છે. કારણ કે સંવેદનશીલતા, એટલી સૂક્ષ્મ, એટલી સર્વજ્ઞ છે, અને એટલી સર્વવ્યાપક થઈ જાય છે કારણ કે એની

નાડીમાંથી વિશ્વની, આખાયે જગતની, માનવજાતિની નાડી એના હૃદયમાં ધબકવા માંડે છે. જીવન એકતાની આ પરાકાષ્ઠા છે. સંતુલન ખોવાઈ જતું નથી. પ્રસાદ અબાધિત રહે છે, અખંડિત રહે છે અને એ છતાં પણ આવી વ્યક્તિમાં જીવતું જાગતું અદ્વૈત, સમાજમાં જીવવા લાગે છે.

આ એકતા, આ અદ્વૈત, વ્યવહારમાં પ્રગટ થવા માંડે છે, તો એની મૃદુતાને, કોમળતાને, લોકો પ્રેમ કહે છે. તમે જો એમ સમજતા હો કે પ્રેમ નામનો કોઈ પદાર્થ છે, જેની સ્વતંત્ર સત્તા છે તો તમે ભ્રમમાં છો. સત્યાચરણથી સમગ્રતાની શુદ્ધિ થયા પછી જે મૃદુતા, જે કોમળતા, જીવનની એકતાનો જે મૃદુતમ પ્રત્યય સર્વ ઈન્દ્રિયોમાંથી ઝરવા માંડે છે એ પ્રેમ છે. પદાર્થ સાથે વ્યવહાર હોય, એ પણ કોમળ, શબ્દનો સ્પર્શ હોય એ પણ કોમળ, દૃષ્ટિનો સ્પર્શ થાય એ પણ કોમળ. જીવનની એકતાનો પ્રત્યય કોમળ અભિવ્યક્તિના રૂપમાં બધી ઈન્દ્રિયોમાંથી પ્રગટ થવા માંડે છે. ત્યારે તમે કહેશો કે એ વ્યક્તિ પ્રેમની અવસ્થામાં છે. પ્રેમ છે જીવનની એકતાનું, સર્વ ઈન્દ્રિયોમાંથી ઝરતું સ્પંદન. હજી આપણે કાચાં છીએ. આ માનવજાતિએ તનનો વિકાસ કર્યો છે, બુદ્ધિનો વિકાસ કર્યો છે, પણ તનથી પર, મનથી પર જે ચેતના પડી છે, એનો એને બોધ નથી. પોતાના સ્વરૂપનો સાક્ષાત્કાર નથી. સત્યનો બોધ નથી, માટે અપૂર્ણતા અને ખંડોમાં પડેલી માનવતા સંઘર્ષ, દ્વેષ, ક્રોધ, હિંસામાં પ્રજળી રહી છે. એની જ્વાળાઓ બધી બાજુ છે– કુટુંબમાં, સમાજમાં, ગરીબોમાં, અમીરોમાં છે.

શિબિરની શરૂઆતમાં મેં કહ્યું હતું. અધ્યાત્મ એ સમગ્ર જીવન તરફ જોવાની નવી દૃષ્ટિ છે. એ જીવન-યોગ છે, એમાં જીવનની બહાર પ્રભુ, વિભુ નથી. એમાં વ્યવહાર અને પરમાર્થ એવી બે વિભિન્ન સત્તાઓ નથી, એમાં જીવન વિભાગોમાં વહેંચાયેલું નથી. પરંતુ આજે આમ નથી. આપણે જીવનને અંદર અને બહાર એમ વિભાગોમાં વહેંચી નાંખ્યું છે અને એના દરેકના જુદા જુદા મૂલ્યો છે. એને માટે જુદી જુદી જીવનપદ્ધતિઓ છે. એ મૂલ્યોમાં અને પદ્ધતિઓમાં પરસ્પર વિરોધ છે. એટલે માનવ જીવનમાં કયાંયે સમાધાન નથી, સંતુલન નથી, પ્રેમ નથી, સત્ય નથી. મારા જોવામાં અધ્યાત્મનું પ્રયોજન એ છે અંદર એકતાને સિદ્ધ કરવી અને એ જ જીવનની એકતા છે, તેને સામાજિક, આર્થિક પરિવર્તન માટે પ્રેરક શક્તિ બનાવવી.

સત્ય અને અહિંસા આ દેશમાં કેવી રીતે એક ક્રાંતિકારી શક્તિના રૂપમાં પ્રદર્શિત થયાં ? મને લાગે છે કે તન, મનથી વિશ્વની એકતામાં જવાની સંભાવનાને સંભાવના ન રહેવા દેવી. તન, મન અને ઈન્દ્રિયોથી પર જે અસંસ્કારિત ચેતના છે, એ ચૈતન્યમાં પ્રતિષ્ઠિત થઈને, એ એકતામાં માનવ પ્રતિષ્ઠિત થઈ જાય. તન અને મનને વૈજ્ઞાનિક દૃષ્ટિથી ઉપયોગમાં લાવવાની ક્ષમતા પામીએ, એ એકતામાં પ્રતિષ્ઠિત વ્યક્તિ જ નવો સમાજ બનાવી શકશે, નવરચના કરી શકશે. આ તન મનથી પર જે ચૈતન્ય છે, ત્યાં સુધી કેમ પહોંચી શકાય, એનો કંઈક નિર્દેશ છેલ્લા ત્રણ દિવસથી કરી રહી છું. ખબર નથી કે જે કહેવું હતું તે કયાં સુધી હું કહી શકી છું; કેટલીક વ્યક્તિઓ સાંભળતા સાંભળતા થાકી ગઈ હશે કારણ વિષય ગંભીર છે. પરંતુ યુદ્ધના સમયમાં ભયનો સામનો કરીને, જોખમ ખેડીને, જે ભાઈ-બહેનો અહીં આવ્યાં છે, એમનું મનોરંજન અગર બુદ્ધિરંજન કરવાં માટે નહીં, પરંતુ મારાં જીવનરસમાં એમને સહભાગી બનાવવાના હેતુથી જે કહી શકતી હતી, તે મેં કહ્યું. શાસ્ત્રોનો, દર્શનોનો અભ્યાસ મેં કર્યો નથી. આ વિષય નથી, દાદા એ બરાબર જાણે છે. બચપણથી તેઓએ મને જોઈ છે.

એટલે મારાં નિવેદનમાં શાસ્ત્રીય દૃષ્ટિએ દોષ હોઈ શકે છે. ભાષામાં વ્યાકરણની ભૂલો નીકળી શકે છે. પણ આ પાત્ર વાંકુ ચૂકું હોવા છતાં પણ જે જીવનરસ એમાં ભરેલો છે, એ વાંકો ચૂકો નથી. આપણા તુકારામ કહે છે ને 'શેરડી ભલે વાંકીચૂકી થઈ જાય તોપણ અંદરનો રસ વાંકોચૂકો નથી હોતો.'

પહેલે દિવસે સવારમાં નીતિ, ધર્મ અને અધ્યાત્મમાં શું ફરક છે એનું નિવેદન કરેલું. અધ્યાત્મના ક્ષેત્રમાં તનની અને મનની સીમાઓને ઓળખવાની શું આવશ્યકતા છે, એ બીજા પ્રવચનમાં કહ્યું હતું. મર્યાદાઓનો વિરોધ કરવો, એની સાથે લડવું, એની સાથે ઝઘડવું અનાવશ્યક છે, અનીચ્છનીય છે, અવૈજ્ઞાનિક છે. મર્યાદાઓમાં-સીમાઓમાં અસીમ સન્નાયેલું છે. જ્ઞાતમાં અજ્ઞાત છુપાયું છે, સાંતમાં અનંતની પ્રતિષ્ઠા છે. માટે સીમાઓને સીમાના રૂપમાં કેવી રીતે જાણવી, આ વાતો પણ આપને કહી. મન જે પ્રતીકોનો ઉપયોગ કરે છે એની વાત પણ કહી.

એ કહેવાયું કે અહમ્ ભાવના કઈ રીતે પ્રતીક છે. સમય પ્રતીક છે એટલે જેને તમે અવકાશ કહો છો તે પ્રતીક છે, કારણ કે દેશ અને સમય એક જ છે.

આ પ્રતીકોનો એની મર્યાદામાં ઉપયોગ કરવામાં જીવનનું સૌંદર્ય છે. પણ પ્રતીકોને જ જીવન સમજવું એ ભૂલ છે. માનવ પ્રતીકોનો કેદી બને છે, આ રીતે બંધનનો આભાસ થાય છે. સીમાઓને સીમાના રૂપમાં, પ્રતીકોનો પ્રતીકોના રૂપમાં ગ્રહણ ન કરવામાં બંધનનો આભાસ થાય છે, પછી લોકો એમાંથી મુક્તિનો આભાસ ઉત્પન્ન કરે છે. બંધન પણ સત્ય નથી, મુક્તિ પણ સત્ય નથી. સીમાઓના પ્રત્યે ચિત્તની પ્રતિક્રિયા એ બંધન છે. અને બંધનની વ્યર્થતાનો બોધ એ મુક્તિ છે બન્ને આભાસ સાથે મેળવીને આભાસ છે તે સાપેક્ષ છે. જીવન તો બસ છે, બંધનેય નથી, મુક્તિયે નથી. આ વાતો આપને કહી.

મનથી પર ચેતના છે. એના પરિચય માટે મૌનનો અભ્યાસ કેવી રીતે કરવો ? મૌનમાં જોવાનું, અવલોકનનું શિક્ષણ વ્યક્તિ કેવી રીતે લઈ શકે ? અવલોકન કરતાં કરતાં દશ્ય અને દષ્ટાનો સંબંધ, ચેતન-અચેતનની સાથે કેવી રીતે આવે છે ? અચેતનમાંથી અવધાનના પડદા પર, ચેતનના પડદા પર, શું શું અંકિત થતું જાય છે, અતીન્દ્રિય અનુભૂતિનું શરીર પર, મન પર, શું પરિણામ થાય છે ? આ આખોયે વિષય છેલ્લા ત્રણ દિવસથી આપણે જોઈ રહ્યાં છીએ.

આજથી હવે તમે ઘેર જશો ત્યારે કયાંથી શરૂ કરશો ? જીવનમાં અધિષ્ઠાન કેવી રીતે વિકસાવશો એ વાત કહેવી મને જરૂરી લાગી, કારણ કે આત્મા પ્રત્યે કુતૂહલની જાગૃતિ હોય, એ જિજ્ઞાસા નથી. કુતૂહલ તો વિચારથી પણ સંતોષાઈ જશે. આ કંઈ સાચી ભૂખ નથી. થોડું ચવાણું ખાઈને પાણી પી લઈએ છીએ. સંતોષ થઈ જાય છે. પછી ખાવાની જરૂરત રહેતી નથી. આ તો મનની વાસના માટે છે. ભૂખ હોય, શરીરને જરૂરી હોય તો દાળ, ભાત, શાક અને રોટલી વિના ચાલતું નથી. અને ભૂખ ન હોય તો ભજિયાં અને ભૂસું ખાઈને પાણી પીએ છીએ. એ પ્રમાણે કેવળ સમયોચિત કુતૂહલ હોય તો મનુષ્ય જઈને પુસ્તક ખરીદશે, પ્રવચન સાંભળશે, વિચારો ભેગા કરશે, એમાં થોડી વ્યવસ્થા લાવશે, બુદ્ધિને થોડી એનાથી શણગારશે ને સંતોષાઈ જશે. કુતૂહલ હંમેશા પરિગ્રહ સુધી પહોંચે છે.

જિજ્ઞાસામાં ગંભીરતા રહી છે. જીવનમાં એ વ્યાપી જાય છે અને બેચેન બનાવી દે છે. એ તડફડાટ અને વ્યાકુળતા ઉત્પન્ન કરે છે કે આ શોધવું જ જોઈએ. અહીં ઉધાર કામ નથી ચાલતું. તમે ગમે તેટલું વાંચો, આપણા નરસિંહ ભગતે શું

શું કર્યું ? અને રવિ સાહેબના જીવનમાં શું થયુ ? એમના કહેલા શબ્દોના પુનરુચ્ચારણથી જિજ્ઞાસા કદીયે તૃપ્ત નહીં થાય. જ્યાં સુધી એ શબ્દોમાં રસ ભરેલો છે, જીવનરસ છે, એનો સાક્ષાત્ સ્વાદ ન લે, ત્યાં સુધી વિચારોના પુનરુચ્ચારણથી કુતૂહલ તૃપ્ત થઈ શકે છે. આ બુદ્ધિની ખૂજલી નથી, એ તો અણુ પરમાણુમાં વ્યાપેલો અગ્નિ છે. આવો અગ્નિ, બેચેની જ્યારે પ્રભુકૃપાથી આપનાં જીવનમાં જાગૃત થશે, તો પછી બહાર શોધવા ન જશો. એને મનથી શોધશો, કોણ માર્ગ બતાવશે ? બહાર શોધવા ન જાઓ. તમે શોધશો મનથી, બુદ્ધિથી, અને મન પોતાને અનુકૂળ વ્યકિતને શોધી લેશે. આ મહત્ત્વના મુદ્દા પર પાંચ મિનિટ વાત કરીને આ સમાપ્ત કરીશ.

જિજ્ઞાસા જાગૃત થતા જ લોકો ગુરુની શોધમાં નીકળી પડે છે. ગુરુ કોણ છે ? ગુરુ કોને કહે છે ? અને ગુરુને શોધનાર વ્યકિતએ પોતે શિષ્યત્વ ધારણ કર્યું છે કે નહીં ? આનો ગંભીરતાથી વિચાર કરવો જોઈએ. આ શબ્દો પરિચિત છે. એટલે શબ્દો સાંભળ્યા છે, એમ લાગે છે, માટે અર્થ ખબર છે એમ આપણને લાગે છે. જિજ્ઞાસા જ્યારે જીવનમાં વ્યાપી જાય છે, ત્યારે પરિણામ એ આવે છે કે મારે જીવનનો અર્થ શું છે તે શોધી કાઢવું જોઈએ. મને ખબર નથી, મારે શોધી કાઢવું છે. મને ખબર નથી, એ કહેવાની વિનમ્રતા ત્યારે જાગૃત થાય છે. જિજ્ઞાસા છે, અને વ્યકિત વિનમ્ર ન હોય, તો તમે સમજી લેજો કે એમની જિજ્ઞાસા કેવળ બૌદ્ધિક કુતૂહલ છે, જિજ્ઞાસા નથી. જિજ્ઞાસાની આંખો જ જુદી હોય છે. એનું ઊઠવું, બેસવું, બોલવું જ જુદું હોય છે કારણ કે એ ઉન્મુખ થયેલું પાત્ર છે. સદેહ ઉન્મુખતા હોય છે. જેના હાડમાંસમાં ઉન્મુખતા અને નમ્રતા ભરી છે એ છે જિજ્ઞાસુ. જિજ્ઞાસુઓને આપ ઉદ્ધત નહીં જુઓ. એનામાં ધૃષ્ટતા નહીં જુઓ. ઉદ્ધત એટલે મારું પાત્ર ભરેલું છે એવો જૂઠો ભ્રમ. હું જાણું છું, અને મારી જાણમાં તમારું ગણિત બેસાડી આપો. એટલે જિજ્ઞાસા, વિનમ્રતા અને ઉન્મુખતા ઉત્પન્ન કરે છે. એ એક જીવનનું પરિમાણ છે. ઉન્મુખતામાં અને વિનમ્રતામાં તરલતા, પોતાનામાં એક પ્રકારની મૃદુતા, એક નમ્રતા પેદા થાય છે. આ બધું જિજ્ઞાસાનું પરિણામ છે.

એવી વ્યકિત જે ઉન્મુખ છે, તત્પર છે, વિનમ્ર છે, જે ખરેખર પોતાનાં જીવનની કિંમત ચૂકવીને પણ જાણવા ચાહે છે, સમજવા ચાહે છે, જોવા ચાહે

છે, એ વ્યકિત તરલ હોવાથી પદાર્થમાત્રને, વ્યકિતમાત્રને એ જ્યારે મળે છે, તો પોતાનું આરોપણ કરવા નહીં પોતાને બીજા પર લાદવા નહીં, થોપવા નહીં, પણ કંઈક જોવા સમજવા માટે મળે છે.

બાળકોની આંખોમાં કેવી શીખવાની જિજ્ઞાસા, જાણવાની ઈચ્છા તરતી રહે છે ? એમનો આખો દેહ જ પ્રશ્નાકાર થઈ જાય છે. ઈન્દ્રધનુષ જુએ તો સમગ્ર રીતે જોશે, ફકત આંખથી નથી જોતા, પોતાની સમગ્રતાથી જુવે છે. એવી રીતે પછી જિજ્ઞાસુનાં આંખ, કાન સર્વાંગ બની જાય છે. સાચી જિજ્ઞાસાની વ્યાવહારિક જીવનમાં ઓળખ છે. હૃદયની મૃદુતા, અને નમ્રતા, અથવા બધી બાજુએ સ્પંદિત થતી ઉન્મુખતા–આ ઓળખને જોઈ લેવી જોઈએ. જ્યાં સુધી બુદ્ધિ જઈ શકે છે, ત્યાં સુધી બુદ્ધિને લઈ જવી જોઈએ. અધ્યાત્મ બુદ્ધિહીનનો માર્ગ નથી, બુદ્ધિથી અતીત છે, પણ જ્યાં સુધી બુદ્ધિ જઈ શકતી હોય, ત્યાંથી પછી પેલે પાર જઈ શકાય છે.

જો આમ હોય, તો એ જિજ્ઞાસુંમાં એક લોહચુંબકની શકિત આવી જાય છે. એ ચુંબક બની જાય છે. જે વ્યકિત અધ્યાત્મ માર્ગે પહેલા જઈ ચૂકી છે એવા કોઈ આત્માનુભવી હોય, એ દેહમાં જીવીત છે કે દેહમાં નથી, એનાથી બહુ ફેર નથી પડતો, એ આત્માનુભવમાં અને આ જિજ્ઞાસુમાં, લોહચુંબક અને લોખંડના ટુકડાનો જેમ સંબંધ છે, એમ સંબંધ પેદા થાય છે. આને આપ ગૂઢ અને રહસ્યમય ન સમજશો. આ જીવનનો નિયમ છે. જીવનની વ્યાપકતા, આપણે બહુ સંકીર્ણ બનાવી લીધી છે. જાણો છો, જીવન કેટલું વ્યાપક છે ? એટલે એવી વ્યકિતને ગુરુ શોધવો નથી પડતો. જેના દ્વારા એને મદદ થવાની છે, એવી વ્યકિતને જીવન મેળવી દે છે, કાં તો જિજ્ઞાસુને એને દરવાજે લાવી મૂકશે. એવી કંઈક ને કંઈક પરિસ્થિતિ થશે કે જેથી મેળાપ થશે જ. જેમ પ્રેમ પુરુષાર્થનો વિષય નથી એમ મિલન પણ પુરુષાર્થજન્ય નથી.

હવે ગુરુ કોને કહે છે ? સાડા ત્રણ હાથનો દેહ અને એમાં સ્થિર મનની સાથે તાદાત્મ્ય નહીં, દેહ અથવા મન કેન્દ્ર નહીં, આખુંયે વિશ્વ એનું કેન્દ્ર છે. ગુરુ એ કોઈ પદ નથી. એ તો ચેતનાની એક અવસ્થા છે, જેમાં અજ્ઞાન નામની વૃત્તિ તો છે જ નહીં, જ્યાં સ્વપ્ન અને સુષુપ્તિની વૃત્તિ નથી, એટલું જ નહીં પણ

જાગૃતિ નામની વૃત્તિ પણ નથી. અને નામરૂપથી સંબંધિત આ જે અહંભાવ છે, આ ભાવ, આ તદાત્મતા તેમાં છે જ નહીં, એ બધું તો ધોવાય ગયું છે. શોધવા છતાં ક્યાંયે હાડ-માંસ મજ્જાઓમાં, આ અહંભાવ જડતો નથી, કારણ કે આખુંયે વિશ્વ, આખી વિશ્વચેતના એનામાં સમાઈ છે. એની ચેતનામાં કેન્દ્ર અને પરિધનો ભેદ નથી.

તો આવી વ્યક્તિ શું એમ કહેશે કે હું ગુરુ છું, હું શિખવાડું છું, મારી જીવન પદ્ધતિ છે, મારી અનુભૂતિ છે, એ પ્રમાણે તમે ચાલો. સંપ્રદાયો થશે, સંગઠનો પણ બનશે. જે મંદ મંદ પવન હમણાં આ ઓરડામાં આપણે અનુભવી રહ્યા છીએ, એ પવન જો એમ કહે કે હું મારી સમગ્રતાને લઈને આ ઓરડામાં બંધ થઈ જઉં છું, આવો, તમે બધા લોકો બેસો. બારીઓ બંધ કરી ,લો, દરવાજા બંધ કરી લો, પવન મુઠ્ઠીમાં બંધ નથી થતો. પાણીને ઘડામાં બાંધી શકાતું નથી. આકાશને તમારા ઘરમાં બંધ કરી શકાતું નથી, એ જ રીતે ચેતનાની નિર્ગ્રંથ અવસ્થામાં પહોંચેલી વ્યક્તિને કોઈ રીતે બાંધી શકાતી નથી. એવી વ્યક્તિ કોઈની પણ હોતી નથી. હોય છે તો સૌની હોય છે, અને ન હોય તો કોઈની પણ હોતી નથી. એની સાથે સંબંધ કેવો ? જિજ્ઞાસુને સંબંધ બનાવવાની ફુરસદ નથી. આત્માનુભવીની સાથે સંબંધ થઈ શકતો નથી. પ્રેમ હશે, મૈત્રી થશે. સંબંધ કેવો ? મારા ગુરુ છે, મારો શિષ્ય છે, અહમ્ અને મમ ભાવ જે દેહમાં સીમિત છે તેનો વિસ્તાર કરતાં કરતાં સમગ્ર વિશ્વ સુધી ફેલાવનાર જે રીતે વિરાટના શિકાર બની જાય છે, એ જ રીતે અહમ્ અને મમ ભાવને દેહમાંથી ઉઠાવીને પારમાર્થિક સંબંધ સુધી લઈ જનાર પણ સંબંધના બંધનમાં તો ફસાય જ જાય છે. સંબંધ માત્ર બંધન છે.

એટલે ગુરુપદમાં કોઈ વ્યક્તિ પ્રતિષ્ઠિત છે, એ ચેતનામાં પ્રતિષ્ઠિત છે, આ સંબંધ સ્થાપિત કરવા માટે એ રોકાતો નથી, એની પાસે જે છે તે અપાય જાય છે. એ આપી શકતો નથી. આપવાનો સંકલ્પ થઈ શકતો જ નથી, કારણ સંકલ્પ કરવા ત્યાં કોઈ શેષ હોતું નથી.

આ રીતે આત્માનુભવી કંઈ કહે છે એની મારફત કંઈ અપાય પણ જાય છે, તો એ એનો ઉપકાર નથી. એમના પ્રત્યે 'અહોભાવ' રાખીને એમને ઊંચા સ્થાને બેસાડીને પૂજા કરવાની જરૂર નથી. એમની અભિવ્યક્તિની જે બધી પદ્ધતિઓ

હશે, કંઈક વૈજ્ઞાનિક હશે, કંઈક અવૈજ્ઞાનિક હશે, એ પદ્ધતિઓનું પ્રમાણ બનાવવાની જરૂર નથી. એ વ્યક્તિના ઈન્દ્રિય-જીવનનું, માનસિક અને બૌદ્ધિક અભિવ્યક્તિઓનું પ્રમાણ અને આજ્ઞા બનાવવાની જરૂર નથી. પણ સત્ય વ્યક્તિથી વિશેષ છે. વ્યક્તિ ગમે તેટલી મહાન કેમ ન હોય, એમના પ્રત્યે પ્રેમ હોય, આદર હોય, વિનમ્રતા હોય, જરૂર હોવી જોઈએ, બધાના પ્રત્યે હોવી જોઈએ. ત્યાં વિશેષ હશે, વિશેષ હોવી જોઈએ, વિશેષ મૃદુતા હશે, એ સહજ છે. તો ગુરુ-શિષ્યમિલન એ એક ઘટના છે; એ પુરુષાર્થજન્ય નથી. એ જીવનનો સ્વભાવ છે, શીલ છે, એટલે મિલન થાય છે. એ ઘટનાને મુઠ્ઠીમાં બંધ કરીને એના પર અધિકાર જમાવવાની કોશિશ ન કરવી, એને પોતાનો અનુભવ બનાવવા કોશિશ ન કરવી.

(ચોરવાડના બીજા શિબિરનું સાતમું પ્રવચન, તા. ૧૯-૧૨-૧૯૭૧)

૧૧

આઠમું પ્રવચન

જો આ એકલાં યુવકોનો શિબિર હોત, તો એમાં વિજ્ઞાનનાં જુદા જુદા વિષયો, ભૌતિકશાસ્ત્ર, રસાયણશાસ્ત્ર, પ્રાણીવિજ્ઞાન, ચિકિત્સાવિજ્ઞાન-એટલે પશ્ચિમની શિક્ષણ પદ્ધતિ ઉપર આધારિત જેવું અહીં શિક્ષણ મળે છે, એ પદ્ધતિમાં જેમ વિષયો ભણાવવામાં આવે છે, એનો જ આધાર લઈને મારે જે કહેવું હતું તે હું કહેત. જેમ યુરોપ-અમેરિકામાં કરું છું, પરંતુ અહીં જે લોકો બેસે છે, એમાં ઘણાખરાં મધ્યમ ઉંમરના લોકો છે, અને એનાથીયે વધુ ઉંમરના છે. તો આ પ્રૌઢ લોકોનો સમૂહ છે, એમનો પરિચય તો ભારતીય સાધનાના પ્રવાહ સાથે છે, એમના મનમાં કાં તો ઉપનિષદ, ગીતા અગર જૈન આગમ છે. તો વિજ્ઞાનની પરિભાષા, જેટલો ઉપયોગ કરું છું એટલું સમજવામાં કઠિન લાગે છે. એમને માટે જે વૈદિક પરિભાષાઓમાં મારો પરિચય છે, એમાંથી શબ્દો વાપરવા મારો પ્રયત્ન રહે છે. તો એનો અર્થ એમ જ થયો કે હવે જો આવા સહજીવનના પ્રસંગો આવશે, તો યુવકો માટે જુદું આયોજન હોવું જોઈએ. ફક્ત યુવકો માટે જુદો શિબિર રાખીએ, જેમાં ત્રીસ વર્ષથી વધારે ઉંમરના લોકો નહીં હોય, અને પ્રૌઢોનો પણ જુદો રાખીએ, તો બન્નેને જે તકલીફ છે તે નહીં થાય.

બીજી વાત એક બહેને કહી કે, પ્રવચનો કઠિન લાગે છે. પ્રવચન નહીં સાંભળવું કે પ્રવચનોથી લાભ થતો એમ નથી કહ્યું, પરંતુ પ્રવચનોથી જેટલો લાભ થાય છે, એથીયે વધુ લાભ તો વ્યક્તિગત રીતે મળવામાં અને પોતાની વાત બહેનની પાસે ખુલ્લી કરીને મૂકવામાં આવે છે, એમ એમનું કહેવું હતું, એમાં તથ્ય છે, કારણ કે જ્યારે કોઈ મળવા આવે છે, તો ત્યાં બીજું કોઈ હોતું નથી. બે યા ચાર જણ જ હોય, આ એક વ્યક્તિ હોય ને એકલાં એકાંતમાં બેસીએ છીએ, બીજી વ્યક્તિઓની હાજરી ન હોવાને લીધે, અંદર

કોઈ જાતનો અવરોધ નથી રહેતો, કોઈ પ્રકારનો સંકોચ નથી રહેતો, ભય નથી રહેતો, લજ્જા નથી રહેતી. બીજાની હાજરીથી સંકોચ પામનાર લોકો મેં જોયા છે. આ કંઈ એક જ બહેનની વાત છે એમ નથી, હું સૌની વાત કરું છું. એ સંકોચાય જાય છે. ફકત બીજાની હાજરીથી જ સંકોચ પામે છે. એમને લાગે છે કે આખી દુનિયા અમારી તરફ જુએ છે. ઓરડામાં બેઠેલા સૌ લોકો એમને જ, આવતા હોય, જતા હોય ત્યારે જુએ છે, એમનું ઊઠવું જુએ છે, એમના વસ્ત્રોનું પરિધાન જુએ છે, આવા કેટલાક લોકો હોય છે. તો એવા લોકો જ્યારે એકાંતમાં એકલા મળે છે, તો વધુ સ્વતંત્રતા અનુભવે છે. કારણ કે પ્રતિરોધ ઓછો થઈ જાય છે. આ જે લાભ થાય છે તેનું કારણ બતાવી રહી છું. બીજું, બીજાઓની સાથે એ વખતે મારી વહેંચણી નથી હોતી. એક ઘડી માટે, એક કલાક માટે, અડધો કલાક માટે, સંપૂર્ણપણે હું એમની છું. તો તેમાં હૃદયને એક આનંદ થાય છે. અત્યારે તો પચાસ બેઠા છે, અને પચાસની દૃષ્ટિ, પચાસનું ચિત્ત એક બાજુ કેન્દ્રિત થયું હોય છે, પરંતુ ત્યાં તો એ એક, અગર બે કે ચાર હશે, તો બીજો જ આનંદ હોય છે, જેમાંથી એક અભિમુખતા અને અનુકૂળતા થાય છે.

ત્રીજી વાત એ છે કે તેઓ એમનાં પ્રશ્નો લઈને આવે છે. સમૂહમાં જે કોઈ આવે છે, તો સમગ્રતાનો પ્રકાશ એમના પ્રશ્નો ઉપર પડે છે. અહીં તો સમગ્રતાનો પ્રકાશ આખાયે જીવન પર છે. વ્યકિતગત જીવન છે, સામાજિક જીવન છે. જીવન એટલું વ્યાપક છે, એમાં એટલાં તો ક્ષેત્રો છે, એટલાં તો ઊંડાણો છે, એટલી તો ઊંચાઈઓ છે, અને અહીં બેઠાં બેઠાં પ્રવચનમાં ઊંડાણ પણ માપવું છે, ઊંચાઈ પણ જોવી છે, વ્યાપ્તિ પણ જોવી છે. આ આખુંયે જોવું પડે છે. પરંતુ ત્યાં એકાંતમાં એમના પોતાના પ્રશ્નો લઈને, જે એમના જીવનમાં ઊભા થયા છે તેના પર સમગ્ર અવધાનની 'સર્ચ લાઈટ' જાય છે, પ્રકાશ એના પર જાય છે. પ્રશ્ન એમના જીવનમાંથી ઊઠયા છે માટે ઉત્કટતા ઘણી જ વધારે હોય છે. જીવન જીવવામાં એ અવરોધ છે, કઠિનાઈ છે, મુશ્કેલી છે. એટલે એમનું અવધાન ઉત્કટ છે. એમના પ્રશ્નો પર અહીંથી અવધાન, સમગ્ર અવધાન ઉત્કટતાથી જાય છે એટલે એ વધુ 'જીવંત' લાગે છે, જે કંઈ વાત ત્યાં થાય છે, એ વધારે સમજવામાં આવે છે.

અને અહીં તો સમગ્ર જીવનની વ્યાપ્તિ છે. તો જે વ્યક્તિના જીવનની સમગ્રતામાં રુચિ ન હોય, પોતાના પ્રશ્નોમાં જે એટલા ગુંચવાયેલા હોય છે કે આ સમગ્રતા જે પ્રશ્ન વિશેષ માટે પ્રિય હોય છે, એ જ જ્યારે આખુંયે જીવન માપવા લાગે છે, માનવ ગભરાઈ જાય છે. જેમ વિશ્વરૂપ દર્શનમાં અર્જુન ગભરાઈ ગયો હતો એવું વર્ણન વાંચીએ છીએ ને ? તો સમગ્ર જીવન ઉપર આ સત્યનો, પ્રેમનો, સખ્યનો, જે પ્રકાશનો સ્પર્શ પડે છે, એ જ મારા એકલાના પ્રશ્ન પર પડે તો સારું લાગે છે. ત્યારે પછી ગભરાટ થતો નથી. આપ આને બરોબર સમજી લો, કારણ કે આ મુશ્કેલી ઘણાંને લાગે છે. વ્યક્તિગત મિલનમાં જે આનંદ આવે છે, એનાં પરિસ્થિતિને લગતાં કારણો તો બતાવી દીધાં. પણ એક બીજી ચીજ પણ સમજવી પડે છે કે તમારું અવધાન એક સાથે સમગ્રતા પર જઈ શકતું નથી. સમગ્રતા ઉપર અવધાન રાખવાનું બચપણથી શિક્ષણ મળ્યું નથી. આપણે બુદ્ધિથી વિચારતા રહીએ, તો આપણો પ્રશ્ન આપણા જીવન સાથે, આપણા કુટુંબ સાથે જોડાયેલો રહે છે. આપણી સમગ્રતાની કલ્પના કેટલી ? મારું કુટુંબ, મારો પતિ, મારી પત્ની, મારા બાળકો, મારા માતા-પિતા, મારો વ્યવસાય, ધંધો, નોકરી, નામના લોકો, બસ થઈ ગયું. અને બહુ બહુ તો જ્ઞાતિના લોકો.

આમ, આપણું ક્ષેત્ર નાનું હોવાને કારણે, ત્યાં જે વાત સમજમાં આવે છે ને, એ વધુ ઉત્કટ લાગે છે. માટે શીખવાનું એ છે કે સમગ્ર જીવનની બાબતમાં દૃષ્ટિ સ્વચ્છ હોય, દૃષ્ટિ સ્પષ્ટ હોય, ચિંતન એટલું જ સ્પષ્ટ હોય, જેટલું વ્યક્તિગત વિષયને માટે હોય છે; એટલું જ સમગ્રતાના વિષયમાં થઈ જાય. હું કહું છું કે જિજ્ઞાસાનો અનુબંધ સમગ્ર જીવન સાથે કરવાનો છે-શારીરિક, માનસિક, બૌદ્ધિક, અતિમાનસિક, વ્યક્તિગત, સામાજિક આ રીતે પ્રત્યેક પ્રશ્નનો જીવનની સમગ્રતાની સાથે અનુબંધ કરવાનું શિક્ષણ લો. તો પછી જ્યાં આંખ ખૂલી, ત્યાં જોયું તો કોઈપણ વિશિષ્ટ વાત સમગ્રતાનો સંકેત કરતી દેખાય છે. એ સમગ્રતામાં જે વિશિષ્ટ સ્થાન છે, એ એની સાથે દેખાય છે. વિશેષ વાતોને માટે સમગ્રતા સંદર્ભ બની જાય છે. સમગ્રતાનું જે વિશિષ્ટ સ્થાન છે, એ એની સાથે દેખાય છે. વિશેષ વાતોને માટે સમગ્રતા સંદર્ભ બની જાય છે. સમગ્રતાનો સંદર્ભ, સમગ્રતાનો પ્રકાશ પળ માટે પણ છૂટતો નથી, જાગૃતિમાંય નહીં અને સુષુપ્તિમાં પણ નહીં. પછી જે કંઈ બને છે તેને

સમગ્રતામાં આપની દૃષ્ટિ જોઈ લે છે, અને જે પ્રતિસાદ ઊઠે છે તે સમગ્રતાના સંદર્ભમાં જ ઊઠે છે.

એ ચીજોથી એનું શિક્ષણ મળી શકે. એક તો આપણો જે પ્રશ્ન છે, એ આપણી વ્યક્તિગત માલિકીનો નથી. આપણી જે સમસ્યાઓ છે, તે સંપૂર્ણ માનવજાતિની સમસ્યા છે. માનવમનની સમસ્યા છે. જેમ પવનની એક લહેર આવે તેમ એક સમસ્યા આવી છે. હું જાગું છું, આપ એ બતાવો કે જ્યારે સૂતેલાં માનવનાં શરીરને પવનની લહેર સ્પર્શ કરીને જાય છે, તો શું એને ખબર પડે છે ? સુષુપ્તિમાં પ્રગાઢ, પણ વાયુસ્પર્શને અનુભવ કરનાર, કોણ જાણે આપણામાંથી કેટલાં હશે ? એ વાયુ જેને સ્પર્શીને ચાલ્યો જાય છે, એને તો એ નથી કહેતો કે હું આવ્યો છું, સ્પર્શ કરીને જઉં છું તો ખ્યાલ રાખો, ઓળખી રાખો; એવી જાતની એની કોઈ માગણી નથી.

જેમ વાયુ સ્પર્શીને જાય છે, પછી સૂતેલી હોય કે જાગતી વ્યક્તિને, એમ જ સમસ્યાઓ, સ્પર્શી જાય છે. દરેક જીવંત વ્યક્તિને જે તંદ્રામાં, બેહોશીમાં, જીવતા ચાલ્યા જાય છે, સમસ્યાનો સ્પર્શ થાય તો પણ એકાદ પણ માટે જોઈને, જાણે એને ન જોઈ હોય એમ કરે છે. સાંભળ્યું હોય તો સાંભળ્યું જ નથી એમ કરી દે છે અને આગળ વધે છે. અને જે જાગે છે તે સમસ્યાને જુએ છે. કહે છે કે, 'હા, સમસ્યા આવી, ભલે આવી, સ્વાગત કરું છું.' એની આંખોમાં આંખ મેળવીને જુએ છે. એને પૂછે છે કે, 'હે સખી, તું આવી છે ? શું કહે છે ?' સંવાદ થાય છે. સમસ્યાના અંતરંગોને જોવા ચાહે છે, જેમ ક્યારેક કોઈ આત્મીયના અંતરંગને જોઈએ છીએ ને !

આમ, આપણા જીવનમાં ઊઠનારી સમસ્યાઓ, માનવજાતિની સમસ્યાઓ છે, માટે એને વ્યક્તિગત અને વૈશ્વિક બન્ને દૃષ્ટિથી જોઈએ તો શકય છે કે આ જે અંતર છે, સમગ્ર જીવન ઉપર કાંઈપણ નિવેદન સાંભળવામાં અંતર રહ્યું છે, એ અંતર નીકળી જાય છે. થોડુંક તો રહે જ છે. આપણી ઉત્કટતા આપણા દેહને, ચેતનને, મનને, પ્રાણોને કારણે રહેશે. એ તીવ્ર સ્વર બની જાય છે; જેમ સંગીતમાં તીવ્ર અને કોમળ સ્વર હોય છે તેમ.

અને બીજું, સવારથી રાત્રી સુધી આપણો જે વ્યવહાર ચાલે છે, એ અનવધાનમાં નહીં, અવધાનમાં હોય. એક પણ ક્ષણ એવી ન વીતે, જે

અનવધાનમાં જાય. શરીરથી, વાણીથી, મનથી, કંઈ પણ આપણે કરીને, એના પર અવધાનનો પ્રકાશ પડતો રહે. આ બે ઉપાય છે. હવે વાત રહી સખ્યની મૈત્રીની.

આપ લોકોએ મારા પ્રવચન જેટલા ધ્યાનપૂર્વક સાંભળ્યાં, એનાથી ઓછું ધ્યાન મેં નથી આપ્યું, હું આવીને બેઠી છું અને જો આ દેહ તથા મન પ્રત્યે થોડો પણ મમત્વભાવ હોત તો જે વખાણનાં શબ્દો અહીં બોલાય રહ્યાં હતાં, તે હું સાંભળી શકી ન હોત. અગર તો જો અહંકાર વ્યાપક હોત તો સાંભળી શકી હોત. એને ગલગલિયાં થાત, પણ તટસ્થતાથી વિમલબહેનનાં જીવનને વિમલબહેન જ જોઈ શકે છે.

એટલે ગઈ કાલથી તમારા બધાના શબ્દો હું ખૂબ ધ્યાનથી સાંભળતી હતી. સમજી શકું છું કે આ જે સખ્યના પરિમાણની વાત હતી, આધ્યાત્મિક ક્ષેત્રમાં સત્યનું, સહયોગનું નવું પરિમાણ ખુલ્લું કરવાની જે વાત કરી રહી છું, એ કઠિન રહેશે અને મુશ્કેલ લાગશે. એનો મને અંદાજ હતો. એમાં આપનો દોષ નહોતો, આ સખ્યનું પરિમાણ છે. એમાં કંઈ મુશ્કેલ નથી. એ રીતે વાત મુકાય ન હતી. આજ સુધી એમ જ મનાયું કે જે અધ્યાત્મના ક્ષેત્રમાં આગળ વધે છે, કંઈ કરે છે, કંઈક જુએ છે, શોધે છે, કંઈક જીવે છે, એ વ્યકિતઓ પ્રમાણ બની જાય. આવી પરંપરા ચાલતી આવી છે. અને જિજ્ઞાસુ એમની પાસે જાય છે, એમના જીવનને પ્રમાણ માનવા લાગે છે. આમ થતું આવ્યું છે. ગુરુ અને શિષ્ય બન્નેને એમાં સંરક્ષણ મળે છે.

શિષ્યને સંરક્ષણ એવું મળે છે કે હું આવ્યો છું; બધું એ સંભાળી લેશે, જોઈ લેશે. એ બધુ જાણે છે. એ બધું બતાવશે તો એક પ્રકારની નિર્ભરતા, એક પ્રકારનો આશ્રય હતો. શિષ્ય સમજતો હોય છે, સંરક્ષણ છે મારે માટે, એટલે મારે કંઈ કરવાનું નથી, એ કહેશે એટલું કરીશ. એ એના જીવનનો અભિક્રમ ગુરુ નામની વ્યકિતના હાથમાં સોંપી દે છે. જેમ ઘોડાની લગામ હોય તેમ એ જીવનનો દોર સોંપી દેતો હતો. એને માટે હવે કરવાનું કંઈ રહેતું નથી. એટલું જ કરવું જેટલું ગુરુ બતાવે. તો જવાબદારી ન હતી.

રાજનીતિમાં રાજાના હાથમાં સત્તા સોંપી દીધી. ધર્મક્ષેત્રમાં પુરોહિતોના હાથમાં સોંપી હતી, એ પ્રમાણે અધ્યાત્મમાં ગુરુના હાથમાં સોંપી દીધી હતી.

આમ કામ થતું હતું. એમાં મોટું સુખ હતું. જેમ એક પ્રકારનું ગુલામીમાં સુખ છે, એ જ રીતે આશ્રિત બનવામાં, સંરક્ષિત રહેવામાં એક પ્રકારનું સુખ છે. એવી ટેવ છે. આ ટેવ તો આપણા લોહીમાં પડી છે, સંસ્કાર એવા પડયા છે.

હવે ગુરુને સંરક્ષણ કેવું મળે છે ? હું જે પામ્યો, મેં જે ત્યાગ્યું, હું જે કહી રહ્યો છું, એને આ લોકો આચરણમાં લાવશે. હું જેમ કહું છુ તેમ આ લોકો આચરણમાં લાવશે, તો પોતાના જીવનદર્શનને સંગઠિત કરવાનો એમાં અવસર મળે છે.

જેમ ગૃહસ્થ વ્યકિત હોય, અને પુત્ર ન હોય, ઉત્તરાધિકારી ન હોય, અગ્નિ-સંસ્કાર કરવા માટે કોઈ ન હોય તો પછી શું થશે ? એટલે બાળકની ઈચ્છા હોય છે. એ જ રીતે આ આત્મજ સંતાનની ઈચ્છા ગુરુના ચિત્તમાં રહે છે. મારું કામ આ અગળ ચલાવશે. એટલે આટલી મહેનત કરીને, આટલો પરિશ્રમ કરીને મેં જે મેળવ્યું આગળ એને ચલાવવાવાળા જોઈએ, તે આ ચલાવશે; એટલા માટે પોતાના અનુભવ અનુસાર સંસ્કારિત કરવામાં મોટું સુખ છે અને કહેવાતા ગુરુ એવું સુખ માણે છે. અને કહેવાતો શિષ્ય એ સુરક્ષામાં સુખ લે છે, જે એને ગુરુ પાસેથી મળે છે.

આ પરસ્પર છે. જેમ ઈન્દ્રિયોના સુખની આપણને ટેવ છે, જેમ મનને અને બુદ્ધિને ટેવો પાડવામાં સુખ મળે છે. ટેવોનું પુનરાવર્તન કરતા રહે છે, યાંત્રિક ક્રિયાઓમાં, યાંત્રિકતામાં, પુનરાવર્તનમાં, મનને સલામતી અને સુખ બન્ને મળે છે. જેમ બીજાને જવાબદારી સોંપી દેવાથી શરીરને સુખ અને સલામતી મળે છે ને ! તે જ પ્રમાણે આ અંતરંગ જીવમાં સુખ અને સલામતીની શોધ છે. સુખ અને સલામતીની જ્યાં જ્યાં શોધ છે, ત્યાં પરસ્પર શોષણ થતું જ રહે છે. મારી વેદના આપ સૌ સમજો. હું ઈચ્છું છું કે શોષણનાં જેટલાં સ્થાનો છે, શોષણની જેટલી સંભાવનાઓ છે, એ હટાવવી જોઈએ. તો શકય છે કે માનવ-માનવ વચ્ચે સાચે જ બંધુતા, સમતા, મિત્રતા, સહયોગ આવી શકે. સહયોગને જો સ્પર્ધાને બદલે સામાજિક જીવનની, આર્થિક, રાજનૈતિક જીવનની પ્રેરક શકિત બનાવવી હોય, તો સહયોગ માટે સખ્યનું અધિષ્ઠાન હોવું જરૂરી છે.

સખ્યનું અધિષ્ઠાન આંતરિક જીવનને માટે ન હોય,વ્યકિતગત જીવનને માટે ન હોય, આત્મનિર્ભરતા, પોતાના જીવનની જાતે જવાબદારી ઉઠાવવાની

નિર્ભયતા, સાહસ, આ બધાં વ્યક્તિગત જીવનમાં ન હોય, તો સામાજિક રાજનૈતિક જીવનમાં, સ્પર્ધાને બદલે સહયોગ, દ્વેષને બદલે પ્રેમ, ક્રોધને બદલે શાંતિ, હિંસાને બદલે અહિંસા, આ બધાં આવી નહીં શકે. જીવનનું અધિષ્ઠાન બદલવાનો સવાલ છે. અને આ હિંસા, આ સંઘર્ષ, આ શોષણ, એ સહન નથી થતું, અસહ્ય થઈ ગયું છે. નર્યો દંભ દેખાય છે. માટે વિચાર્યું કે આંતરિક જીવનમાં નવું અધિષ્ઠાન, નવી પદ્ધતિઓ, નવી અભિવ્યક્તિઓ હોઈ શકે છે શું ? હું મારા જીવનની વાત કરું અગર સમગ્ર જીવન બાબત મારી સમજમાં જે આવ્યું છે, એ કહું, જે કંઈ કહું તે મિત્રતાની ભૂમિકાથી કહું.

મારી આપના ઉપર જબરદસ્તી નથી કે આપ મિત્રભાવ રાખો. આપ જે પરંપરામાંથી આવ્યા છો, અને આપના જે સંસ્કાર છે, એમાં જો આપને આનંદ આવતો હોય, જેમ આજની પરિસ્થિતિ મારે માટે અસહ્ય બની છે તેમ અસહ્ય ન થઈ ઊઠતી હોય, તો આપ જે ભાવમાં રહેવા ચાહતા હો, ભલે રહો. હું કંઈ જબરદસ્તી તો ન કરી શકું. થોડાં વર્ષો પહેલાંની વાત હતી કે જો આપ મિત્રતાની ભૂમિકા પર આવવા તૈયાર ન હો, તો હું સંકોચ પામતી, હું સમસમી જતી. બોલું નહીં, આગળ વધું નહીં, આ પ્રકારનો સંકોચ રહેતો હતો. હવે તો ફક્ત એક બાજુનું થઈ ગયું છે. મારી તરફથી અન્યાય ન થાય, શોષણ ન થાય, એટલી સાવધાનતા રાખું છું. પણ આપને માટે કોઈ જબરદસ્તી નથી. જો સખ્યની ભૂમિકા સહન ન થાય, તો જવા દો એને. એમાં સ્વાધીનતા છે, અને સખ્યમાં શું છે ? -સ્વાધીનતા. માતાને, પિતાને, જન્મદાત્રીને જન્મદાતાને કંઈ કહેતાં સંકોચ થાય છે, સખાને-સખીને કહેવામાં સંકોચ નથી, લજ્જા નથી, ભય નથી. રામકૃષ્ણ પરમહંસ કહેતા, અરે ! સંતની પાસે જાઓ છો અને લજ્જા, ભય, સંકોચ રાખો છે ?

સ્થાપકાય ચ ધર્મસ્ય સ્વરૂપિણે,
અવતાર-વરિષ્ઠાય, રામકૃષ્ણ તે નમઃ

એક નવો સંદેશ લઈને એ નિરક્ષણ ગદાધર આવ્યા હતા, એમણે સખ્યનું, સહયોગનું નામ ન લીધું, પરંતુ એમનો જે એમના ભક્તો સાથે સંબંધ હતો, એ પહેલાંના અવતારોથી અને સંતોથી બિલકુલ જુદો જ છે. લાડુ હોય, નિરંજન

હોય, કાલી હોય, દુર્ગા હોય, રાખાલ હોય કે નરેન્દ્ર હોય, ભક્તોને જે રીતે એમણે સ્વાધીનતા આપી હતી અને જેવો તેમનો પ્રેમ હતો માટે તો નરેન્દ્ર ઊઠીને કહી શકતો હતો, ''ઠાકુર ! આપને મારે માટે મોહ છે, આપની દશા જડભરત જેવી થશે. અગર કયારેક બારણામાં કાણું કરીને જોઈ શકતો હતો, કે શારદાદેવી પણ એ જ ઓરડામાં સૂવે છે, તો આ ઠાકુરનું જીવન રાત્રે કેવું છે ? એ બ્રહ્મચર્યનું છે કે નહીં ? તો સવારે ઊઠીને એ કહી શકતા હતા, 'અરે ! કાણું કરવાની શી જરૂર હતી ? તું અંદર જ આવીને રહે ને !' એટલે રોઈને કહી શકતા હતા કે નરેન્દ્રના વિના મારો જીવ રડે છે.

તમને ખબર છે ? એક આઠવાડિયું નરેન્દ્રને ન જોયો તો રડતાં રડતાં, ઘોડાગાડી કરીને જ્યાં બ્રહ્મસમાજમાં કાર્યક્રમ હતો ત્યાં બાગ-બજારમાં ગયાં. એમને ખબર હતી નરેન્દ્ર ત્યાં જ હશે. શોધતાં શોધતાં ત્યાં ગયા, જ્યાં એમનું જવું લોકોને પ્રિય ન હતું. નરેન્દ્રને શરમ આવી. એ સમજી ગયો કે મને જોવા માટે આવ્યા છે. એ નાસવા ગયો તો એની પાછળ ગયા અને કહે, 'તું શું કામ નાસે છે ? હું તને જોવા આવ્યો છું. એક અઠવાડિયાથી મને નથી મળ્યો.' આવું કોઈ કહે છે ? આવા ગુરુ હશે ? રડતાં-રડતાં આખે રસ્તે જશે ? અને એ નથી આવતો. તો મિઠાઈ, સંદેશ, જે કાંઈ મળ્યું તે એક નાના રૂમાલમાં બાંધીને રાખતા અને કહેતા, આ નરેન્દ્રને ખવડાવી દેજો. કહેજો ઠાકુરે આપ્યું છે. સેંકડો મા-બાપનો પ્યાર જે સખ્યમાં સમાયો છે, એ સખ્યનું પ્રથમ પ્રગટરૂપ રામકૃષ્ણે એમનાં જીવનમાં કર્યું. એને એક વૈજ્ઞાનિક રૂપમાં મુકું છું. એમની પણ એક વિશિષ્ટ ઉપાસના હતી. પ્રભુકૃપાથી એ પ્રકારની કોઈ વિશિષ્ટ ઉપાસના અહીં નથી રહી.

આવડા મોટા દેશનાં નેતા, જેને આપ મહાત્મા ગાંધી કહો છો, આટલા બધા કરોડો લોકોના નેતા ! એમની પાસે નાનામાં નાનો કાર્યકર ગમે તે વાત કરી શકતો. ભલે, 'બાપુ' અને 'બા' કહેવાયા, પણ ગાંધીજીનો એમના સાથીઓની સાથેનો સંબંધ હતો, તે સખ્યનો હતો. જવાહરલાલ પ્રાર્થનામાં નથી બેસતા, અગર જયપ્રકાશ સૂતર નથી કાંતતા, તો એનું એમને દુઃખ નથી થતું. કહેતા કે અગર મારી વાત સાચી છે, તો એક દિવસ એ સમજશે, એ કાચાં છે પણ સાચા છે. આમ જીવનમાં તે સાદાઈથી જીવનાર વ્યક્તિ હતા. અગર કોઈ સિગારેટની

ડબ્બી આપે તો જવાહરલાલ અગર અબુલકલામ આઝાદ માટે રાખી મૂકતા. અરે! બાપુ આપે આ કેમ રાખ્યું છે? તો કહેતા, જવાહરલાલ આવે તો એમને આપજો. નાનામાં નાના કાર્યકરને ત્યાં બાળકનો જન્મ થાય છે, તો ગાંધીજીનો પત્ર જાય છે, કોઈને ઘેર મૃત્યુ થયું તો પત્ર જાય છે. આ નેતાઓના લક્ષણ છે?

આધ્યાત્મિક જીવનમાં જે રામકૃષ્ણ જીવી ગયા, એને અત્યંત વ્યાપક ક્ષેત્રમાં મહાત્મા ગાંધી નામની વ્યકિત જીવી ગયા. સમયને આપણે સામાજિક ક્રાંતિને માટે એક શકિત બનાવી. ગાંધીજીના જે સાથીઓ હતા-હજારો, લાખો એ શું એમની બધી વાત સમજીને ગયા હતા? બહુ જ ઓછા હશે. પણ આ સખ્યના ભૂખ્યા, એમના પ્રેમના ભૂખ્યા, એમના હાસ્ય પર વારી જનારા, એમના એક વચન પર જીવનમાં પરિવર્તન પામનારી વ્યકિતઓ હતી.

જે ઘટિત થયું, એનો એ વૈજ્ઞાનિક હેતુ છે. એ બતાવી રહી છું, કારણ કે વૈજ્ઞાનિક હેતુ નહીં સમજીએ તો એ પ્રેરક શકિત નહીં બને. એ ક્રાંતિનું શસ્ત્ર, ક્રાંતિનું તંત્ર, ક્રાંતિની પ્રક્રિયા નહીં બને. એટલે કહું છું-ચાલો, આવો, આપણે મળીએ. મિત્રતાની ભૂમિકા પર મળીએ. એટલે આપને પૂરી શ્રદ્ધા હોય, મારા તરફથી આપને પૂરું આશ્વાસન હોય કે અહીં અમારું કોઈ પ્રકારનું શોષણ થવાનું નથી. આ બહેનની પાસે કોઈ હેતુ નથી, એમની પાસે કોઈ એમનું કાર્ય નથી, સંગઠન, સંસ્થા એમને ઊભાં કરવાં નથી. તો આપણે એમની પાસે અહેતુક જઈ શકીશું. એમને આપણી તરફથી કાંઈ જ અપેક્ષા નથી, એક મિત્રતા સિવાય કંઈ અપેક્ષા નથી; આ એક આશ્વાસન મળે તો આપ નિર્ભય થઈ જાઓ અને બીજું આશ્વાસન એ છે કે પરિવર્તનની હું આકાંક્ષા નથી રાખતી. પરિવર્તન થઈ જાય તો એમાં આનંદ થશે જ.

જ્ઞાનેશ્વરીમાં કૃષ્ણના મુખે જ્ઞાનેશ્વર કહે છે, 'હે અર્જુન, તારી-મારી મૈત્રીનો હેતુ શું છે? કંઈ જ નહીં તું તારું હિત સમજી લે, જેમ જેમ તું તારું હિત સમજીશ તેમ તેમ મારો આનંદ બેવડાશે, સો ગણો થશે. આ આટલો જ સંબંધ છે. તો આ આશ્વાસન અગર મારા મિત્રભાવમાંથી મળશે તો શું થશે? આપના જીવનમાં આપ એક એવો મિત્ર મેળવશો જે મિત્રની પાસે આપ જેવા છો, તેવા ઉપસ્થિત

થવાનું સાહસ થશે. આપને એમ પણ નહીં લાગે કે જે પ્રકારનું આચરણ વિમલબહેન ઈચ્છે છે, જેવી એમની અપેક્ષા છે, આ આપણામાં ન હોય તો આપણે કેવી રીતે જઈએ ?'

તો આપ જેવા હો, એવા જ મારી પાસે આવવા આપને છૂટ રહે, અવસર મળે, એટલી જ મારી તરફથી સેવા છે. એમાં જીવનનો ઘણો મોટો આનંદ છે. એવી વ્યકિત પાસે જવાનો મોટો આનંદ છે. જેને કંઈ પણ પ્રકારની અપેક્ષા નથી; આ લોકની નહીં, તેમજ પરલોકની પણ નહીં; આંતરિક નહીં, બાહ્ય પણ નહીં. પાપી છો, પુણ્યશાળી છો, સાધુ છો, ગુરુજન છો. આપ શું છો, એને જે વ્યકિત જોતો નથી અને આ જીવનનો આધાર છે માટે કહી રહી છું. નહીં તો આત્મશ્લાઘા થઈ જાય. સખ્યમાં, મિત્રતામાં બહુ જ મોટું આશ્વાસન છે આપ જેવા છો, અને જે છો, એ જ માટે મને પ્રિય છો. અગર આપની અને મારી મૈત્રીમાં આપના જીવનમાં કંઈ સંકેત થઈ જતો હોય, અને આપના જીવનથી મારા જીવનમાં કંઈ સંકેત થઈ જાય તો એ તો જીવનનું શીલ છે.

આપણે તો બધા જ સંબંધોમાંથી એકબીજાથી આપવા-લેવાનું જ ચાહીએ છીએ. આપણે માટે તો સંબંધ એ સાધન છે, એમાંથી કાંઈ સાધવું છે. પતિ પણ પત્ની પાસેથી કંઈક ચાહે છે. પત્ની પણ પતિ પાસેથી કંઈક ચાહે છે. મા-બાપ બાળકો પાસેથી કંઈક ચાહે છે. એમ જેટલા સંબંધો છે, એ અપેક્ષાઓ પર, કંઈક ઈચ્છા પર ઊભા થાય છે. એવું એક પણ સ્થાન છે, જ્યાં કોઈ પણ પ્રકારની ઈચ્છા બન્નેના ચિત્તમાં ન હોય ? જે જેવું હોય તેવું, મિત્રતાથી એકબીજા સાથે રહી શકે ? ઘડીભર રહે છે, પળેક માટે રહે છે, એમાં એક વિશ્રામ થઈ જાય છે, એક વિશ્રામ મળી જાય છે, એક આનંદ મળે છે, પછી વાણીથી બોલવાની પણ આવશ્યકતા નથી, બન્નેનું હોવું જ બોલે છે, પ્રેમ બોલે છે, મૈત્રી બોલે છે, એમાંથી ઘટના થાય છે, એટલે કરવાનું અને પામવાનું કંઈ રહેતુ નથી, બન્ને એક જગ્યાએ આવે છે, માટે મૈત્રીની વાત કહું છું.

આ મર્યાદા છે. મર્યાદાનો અર્થ શું છે ? ઔપચારિક શિષ્ટાચાર એ મર્યાદા છે ? એવા ઔપચારિક શિષ્ટાચારમાંથી પાખંડ અને દંભ આવે છે. ચિત્તમાં આખાયે વિશ્વ માટે વિવેક હોય, નમ્રતા હોય અને જ્યાં પ્રેમ છે, ત્યાં વિનય અને નમ્રતા

આપોઆપ આવી જાય છે. તો આ વિનય, નમ્રતા સિવાય અન્ય મર્યાદાની અપેક્ષા, આવશ્યકતા નથી.

ચોરવાડમાં આ મારો છેલ્લો શિબિર છે. મેં ગત વર્ષે પણ કહ્યું હતું કે શિબિરોની મારે પ્રથા પાડવી નથી. આ કંઈ લોકોનું વાર્ષિક મનોરંજન ન બનાવીએ; ભાવનાત્મક મનોરંજન નથી કરવાનું આપને સાંભળવામાં આનંદ છે, તો મને કહેવામાં આનંદ છે. એમ કદીયે ન માનશો કે મેં ઉપકાર કર્યો છે. ઉપકાર કરવાની કોઈ કુરસદ, કે ઉપકાર કરવાનું સુખ મારી પાસે નથી. એટલે વિચાર્યું કે મિત્રો આવ્યા છે, એ પછી શિબિરમાં તો મળશે નહીં એટલે આ વિચાર આપની પાસે મૂકું છું કે પ્રેમમાં મર્યાદા હોતી જ નથી.

(ચોરવાડના બીજાં શિબિરનું આઠમું (છેલ્લું) પ્રવચન, તા. ૨૦-૧૨-૧૯૭૧)

નિર્મળ અને નીડર પરિવ્રાજિકા

શ્રી વિમલાબહેન ઠકાર ઉચ્ચકોટિના મૌલિક વિચારક, ભક્ત તથા સંત છે. વર્તમાન યુગના આ ઋષિનો જન્મ ૧૫મી એપ્રિલ, ૧૯૨૧ અને રામનવમીના રોજ બિલાસપુર (છત્તીસગઢ) ખાતે થયો અને તેઓનું બાળપણ તેઓના નાના શ્રી યાદવરાવજી ભાગડીકરને ત્યાં વીત્યું. તેઓ અત્યંત સાત્ત્વિક પ્રકૃતિના ગૃહસ્થ હતા. તેમને ત્યાં દેશભરના ઉચ્ચકોટિના વિદ્વાનો, પંડિતો તથા સંત મહાત્માઓ હંમેશા આવતા રહેતા. સ્વામી વિવેકાનંદ પણ ત્યાં આવતા હતા.

વિમલાજીના પિતા બગારામ (બાપુસાહેબ) ઠકાર તથા માતા ચંદ્રિકાજી સરળ અને સાત્ત્વિક જીવન જીવ્યાં. પિતાજી મહારાષ્ટ્રનાં અકોલા શહેરમાં વકિલ તરીકે વ્યવસાય કરતા હતા. આવાં વાતાવરણમાં વિમલાજી ઉપર ભારતીય દર્શનના સંસ્કારો બાળપણમાં જ પડવા લાગ્યા હતા. વિમલાજી લખે છે કે, ''છઠ્ઠા વર્ષમાં પ્રવેશતાં જ મારી અનંતયાત્રા શરૂ થઈ ગઈ. બુદ્ધિથી ઈશ્વરને ઓળખું તે પહેલાં જ હૃદયમાં ઈશસત્તા વ્યાપી ગઈ. શાળામાં અભ્યાસ ચાલે. ઘરે ઘરકામ ચાલે છતાં પણ મારું મન યોગવશિષ્ટ, દાસબોધ, એકનાથી ભાગવત, સ્વામી રામતીર્થ અને સ્વામી વિવેકાનંદ વગેરેના ગ્રંથોમાં ડૂબેલું રહેતું. જંગલમાં જઈને, દક્ષિણેશ્વર જઈને અને વળી ક્યારેક ઘેરથી ભાગી જઈને પણ મેં મારી શોધ જાળવી રાખી.''

વિમલાજી આગળ લખે છે કે, ''મેં સાતમા વરસે જ પ્રખ્યાત યોગીરાજશ્રી સીતારામદાસજી પાસેથી અષ્ટાંગ યોગનું શિક્ષણ મેળવ્યું. ૧૪ વર્ષની ઉંમરમાં જ સંબંધોના સરવાળા બાદબાકી આરંભી દીધા. મને ગમતી વ્યક્તિઓમાં પહેલું નામ હતું નાનાનું. બીજું મારા માતા-પિતાનું. ત્યાર પછી આવ્યા જ્ઞાનેશ્વર, એકનાથ, નામદેવ અને પછી સ્વામી વિવેકાનંદ અને રામતીર્થ. દર રવિવારે બપોરે એક રમત રમતી. ઓરડો બંધ કરી હું કલ્પના કરતી કે જ્ઞાનેશ્વર આવ્યા છે, મારી સાથે વાતો કરે છે. વિવેકાનંદ આવ્યા છે, મારી સાથે વાતો કરે છે. વિવેકાનંદ આવ્યા છે અને મને હિંમત આપે છે. આ ક્રમ કૉલેજ જીવનમાં પણ ચાલુ રહ્યો.''

વિમલાજીએ પગભર થઈ શાળા-કૉલેજનું શિક્ષણ લીધું. પૂર્વ અને પશ્ચિમના દર્શનશાસ્ત્રો સાથે એમ.એ. કર્યું. હિમાલયમાં ગંગાની ગોદમાં જ્યાં રામતીર્થે નિવાસ

કર્યો હતો તે સ્થાન પર એકાંતવાસનો અભ્યાસ કર્યો. આ એકાંતવાસ દરમ્યાન ભોજન માટે આસપાસથી જે કંદમૂળ મળી જાય તે, ઓઢવા તથા પાથરવા માટે માત્ર એક ધાબળો, એક શિલા પર દિવસના અઢાર અઢાર કલાકની ધ્યાનાવસ્થા ! આ ઘટનાથી તેઓએ એકાંતમાં સમાધિ અવસ્થાને બદલે લોકોની વચ્ચે રહી સમાધિ અખંડ રહે છે તે સિદ્ધ કર્યું.

વિમલાજી અભ્યાસકાળ દરમ્યાન બહારના જીવનની મર્યાદાઓ સાચવી લઈ આંતરજીવનની વિહારયાત્રામાં એકલા એકલા વિચરતાં રહેતાં. રવીન્દ્રનાથ ટાગોરની કૃતિઓ અને શરદબાબુની નવલકથાઓનું વાચન ચાલતું તો સાથે સાથે સૂફીસંતોના જીવનચરિત્રો અને ઉપનિદોની વાણીનો લ્હાવો લેતા. ગૃહસ્થજીવન માટેની ઉદાસીનતા વધતી રહી તો બીજી બાજુ શ્રી તુકડોજી મહારાજ, દાદા ધર્માધિકારી, મા આનંદમયી, વિનોબાજી, સાને ગુરુજી, જયપ્રકાશજી જેવા સંતો-મહાનુભાનોના સત્સંગના કારણે વિમલાજીના ચિત્ત પર લોકનિષ્ઠાના ઊંડા સંસ્કારો પડ્યા. મહાત્મા ગાંધી, શ્રીમદ્ રાજચંદ્ર, રામકૃષ્ણ પરમહંસ, સંત જ્ઞાનેશ્વર વગેરેને તેમણે આત્મસાત્ કરી લીધા.

વિમલાજીની વાણીમાં આ બધા મહાપુરુષોના જીવનની ઉજ્જ્વળ ઝલક જોવા મળે છે. ભૂદાન આંદોલનમાં પ્રવેશ થયો અને સમગ્ર ભારતનું દસ વર્ષો સુધી ભ્રમણ કરી હજારોની મેદની ધરાવતી સભાઓમાં લોકોને સર્વોદયનો પરિવ્રાજક રહી જીવનસૌરભ ફેલાવી.

વિમલાજીનો સંપર્ક ઈ.સ. ૧૯૫૬ થી શ્રી જે. કૃષ્ણમૂર્તિ સાથે ઘનિષ્ઠ થવા લાગ્યો. વિમલાજીની પ્રતિભા અને સ્વયંપ્રજ્ઞા પ્રગટ થવા લાગ્યા. આત્માનુભવ દશેન્દ્રિયોથી છલકાવા લાગ્યો. અંદરથી અંગ્રેજી, હિન્દી, ઉર્દૂ, ગુજરાતી અને મરાઠી ભાષાની કવિતાઓની ધારા ફૂટી નીકળી, જેમાં સંગીતની માધુરી સાથે પ્રસાદગુણ પણ હતો.

વિમલાજીને એકવાર જે. કૃષ્ણમૂર્તિએ પૂછયું હતું, "Why don't you explode ?" ''તારી ભીતર વિસ્ફોટ કેમ થતો નથી ?'' આખરે તે થયો. ભૂદાન આંદોલન પાછળ રહી ગયું. આબૂ પર્વતનો દીર્ઘ નિવાસ શરૂ થયો. લાંબા સમય સુધી તેઓ પૂર્ણ એકાંત તથા મૌન જીવન વ્યતિત કરતાં રહ્યાં. જીવનસત્તાએ

તેમને આધ્યાત્મિક જિજ્ઞાસુઓ માટે ફરીથી બોલવાની પ્રેરણા કરી જે તેઓ અત્યંત આનંદપૂર્વક તથા સહજરૂપથી કરતાં રહ્યાં. તેઓએ માત્ર ભારતમાં જ નહીં, અમેરિકા, જાપાન, હૉલેન્ડ, નેપાલ વગેરે ૫૫ થી વધુ દેશોમાં આશરે ૪૦ વર્ષો સુધી પરિવ્રજ્યા કરીને તેઓએ પોતાની ચિંતન જ્યોત પહોંચાડી છે. અંગ્રેજી, હિન્દી, મરાઠી, ગુજરાતી ઉપરાંત ડચ, ફ્રેન્ચ, જર્મન, ઈટાલિયન-એમ વિવિધ ભાષાઓમાં મળીને તેમના ૩૦૦ થી વધુ પુસ્તકો પણ પ્રગટ થયા છે. વિમલાજીએ વિશ્વભરના પ્રવાસો દરમ્યાન આપેલાં પ્રવચનો, પ્રશ્નોત્તરી, શ્રીજ્ઞાનેશ્વરી પારાયણો તથા વેદ-ઉપનિષદો પરના વ્યાખ્યાનોની ઑડિયો સીડી તેમજ વીડિયો ડીવીડી હાલમાં ઉપલબ્ધ છે.

વિમલાજી ભારત દેશની વિકટ સ્થિતિ થઈ તથા જે ગતિથી નૈતિક મૂલ્યોનો હ્રાસ થયો તે જોઈને વિચલિત કે નિરાશ ન થયાં. પરંતુ આત્મબળ દ્વારા તેઓએ દેશ અને દુનિયાને પુનઃચૈતન્યવંતા કરવાના પ્રયત્નો કર્યા. તેમણે વિવિધ સ્થાનોમાં સખ્ય-સહયોગ-સહજીવન મંત્રો દ્વારા માનવ માનવ વચ્ચે પ્રેમ અને સખ્યનો સંદેશો ફેલાવ્યો. તેઓના જીવનમાં સમાધિના અનેક આયામોની અભિવ્યક્તિ થતી રહી. જેનો એક છેડો સમાજકાર્ય સાથે સક્રિય રીતે જોડાયેલો રહ્યો.

વિમલાજી અધ્યાત્મની અવધારણાને વિવિધ સામયિકો, ગ્રંથો, શિબિરો તથા યાત્રાઓ દ્વારા સમજાવતા રહ્યાં. કારણ કે આવી સમજ અને આવા જીવન મૂલ્યો દ્વારા જ દેશ તથા વિદેશનું સંકટ સમાપ્ત થઈ શકે છે. અધ્યાત્મ એ જીવન-વિજ્ઞાન છે જે જીવનની યથાર્થતાને સમજવા તથા સમજણપૂર્વક જીવવામાં આપણી મદદ કરે છે.

વિમલાજી પોતાના જીવનને જ સાધનાનું ક્ષેત્ર બનાવવાનું કહે છે. જીવનની વાત અલગ તથા સાધનાની અલગ એ વિચાર ભ્રાંતિ ઊપજાવનારો છે. આખું જીવન જ સાધનાનું ક્ષેત્ર છે. જીવન ખંડોમાં વિભાજિત ન થઈ શકે. અધ્યાત્મ સાચું જીવન સાચી રીતે અને સાર્થકરૂપથી જીવવાનું વિજ્ઞાન તથા કલા છે. અહીં જીવનને વિભાજિત નથી કરી શકાતું કે આ કૌટુંબિક છે આ રાજનૈતિક છે, વ્યાવસાયિક છે અને આ ધાર્મિક છે. આખા જીવનનો પોતાના અધિષ્ઠાન સાથે અનુબંધ રાખીને કર્મ કરવું પડે છે. ત્યારે વ્યક્તિ પરિવર્તન તથા સમાજ પરિવર્તનની

પ્રક્રિયા સાથે ચાલી શકે અને તેની જ આજે જરૂરત છે. વિમલાજી કહે છે : ''રાષ્ટ્રની સમસ્યાઓને ભૂલીને ધ્યાન તથા સમાધિમાં પડ્યા રહેવાનું નથી. અધ્યાત્મમાં માનવ વિમુખતા તથા સમાજ વિમુખતા નથી.''

વિશ્વવંદ્ય અનોખા સંન્યાસી, નારીદેહમાં જીવેલાં આ અવધૂત તારીખ ૧૧મી માર્ચ, ૨૦૦૯ ને ફાગણ પૂર્ણિમાના રોજ માઉન્ટ આબૂ ખાતે વિદેહ થયાં. વિમલ જીવનદર્શનમાંથી પ્રેરણા મેળવી જિજ્ઞાસુ મિત્રોના સમૂહો વિશ્વભરમાં **'ફ્રેન્ડઝ ઓફ વિમલા'**ના નામે અનૌપચારિક મળતા રહે છે. પોતાના અસ્તિત્વને ઉત્સવ સમજી જીવનાર આ મહામાનવને પ્રણામ.

(આલેખન : શ્રેયસ્ કારીઆ)

•

સંપૂર્ણ વિમલ વાઙ્મય (ગુજરાતી)

ક્રમ	શીર્ષક
૧.	અતિમાનસના પ્રાંગણમાં
૨.	અધ્યાત્મનો આયામ
૩.	અધ્યાત્મની અગ્નિશિખા (જીવનચરિત્ર)
૪.	અનન્તને સથવારે (જે. કૃષ્ણમૂર્તિ સાથે સંવાદ)
૫.	અપ્રમાદયોગ*
૬.	અભિનવ ક્રાંતદર્શન
૭.	અયોધ્યા પડકાર (પ્રાસંગિક ચિંતન)
૮.	અવધૂત પ્રસાદી (સત્સંગ પ્રવચનો)
૯.	આતમ ગોઠડી ભાગ-૧ (પત્રોનું સારસંકલન)
૧૦.	આતમ ગોઠડી ભાગ-૨ (પત્રોનું સારસંકલન)
૧૧.	આત્મદીપ*
૧૨.	ઔદ્યોગિક જીવનમાં આધ્યાત્મિકતા
૧૩.	આપણે ક્યાં જઈ રહ્યા છીએ ? (પ્રાસંગિક ચિંતન)
૧૪.	ઉત્તિષ્ઠત જાગ્રત*
૧૫.	ઊઠો - હે ભારતવાસી (પ્રાસંગિક ચિંતન)
૧૬.	કર્મયોગનું વિજ્ઞાન*
૧૭.	કઠોપનિષદ*
૧૮.	કસ્તુરબા ટ્રસ્ટની બહેનો સાથે*
૧૯.	ખડસલીને આંગણે સત્સંગ ઉજાણી
૨૦.	ગાંધી જીવનદર્શન*
૨૧.	ગુજરાતમાં જાગૃત જનતાનો અભિનવ પુરુષાર્થ
૨૨.	ગોપનાથ ગોષ્ઠિ*
૨૩.	ગ્રામ સ્વરાજ્યનું હાર્દ
૨૪.	ઘટસે જીવનરસ છલકે
૨૫.	ચૈતન્ય ક્રાંતિ (સામાજિક ચિંતન)
૨૬.	જાગી ઉઠો જગદંબ*
૨૭.	જીવંત લોકશાહી માટે ભારતીય ઝંખના
૨૮.	જીવનગંગોત્રી*

ક્રમ	શીર્ષક
૨૯.	જીવનભાથું
૩૦.	જીવનયોગ (પરિચય)
૩૧.	જીવનયોગ (સત્સંગ પ્રવચનો)
૩૨.	જીવનયોગ વિશેષાંક-અધ્યાય-૨
૩૩.	જીવનયોગ વિશેષાંક-અધ્યાય-૧૨
૩૪.	જીવનસાધક બનો*
૩૫.	જીવનસાધકની વિમલયાત્રા (બૃહદ્ જીવનચરિત્ર)
૩૬.	જીવન સૌરભ (સત્સંગ પ્રવચનો)
૩૭.	જીવન સંવાદ
૩૮.	થાઓ રે સાબદા ! ઘડી અણીની આવી !*
૩૯.	દવ તો લાગ્યો ડુંગરિયે*
૪૦.	દીદીની લોકજાગરણ યાત્રા*
૪૧.	દીદી સાથે*
૪૨.	દીદી સાથે કૅલિફોર્નિયામાં*
૪૩.	દેવતાત્માની પ્રસાદી
૪૪.	ધ્યાન : એક જીવનમાર્ગ
૪૫.	ધ્યાનાતિત યૌગિકજીવન
૪૬.	ધન્વંતરીની સ્નેહવર્ષા (પત્રો)
૪૭.	નવભારતના ઘડવૈયાઓને (સામાજિક ચિંતન)
૪૮.	નવો પલટો (જીવન પ્રવાહો)
૪૯.	નારી બને નારાયણી
૫૦.	નિજાનંદનો વિસામો
૫૧.	પરિવર્તનના પ્રભાતે (જીવન દર્શન પર કેન્દ્રિત)
૫૨.	પત્રો : ચૈતન્ય સંક્રમણ (પત્રો)
૫૩.	પત્રાંશોમાં ઝળહળ વિમલાજી (પત્રોના સંપાદિત વાક્યો)
૫૪.	પર્યુષણ પ્રસાદી*
૫૫.	પ્રેરણા અને પગદંડી (પત્રો)
૫૬.	પાથેય (સામાજિક ચિંતન)
૫૭.	પંચધારા* (પ્રવાસ વર્ણન)
૫૮.	બદ્ધ અને મુક્ત*

ક્રમ	શીર્ષક
૫૯.	બિરાદરી એટલે શું ?*
૬૦.	બિરાદરોને જીવનદીક્ષા (સામાજિક ચિંતન)
૬૧.	બિરાદરીનું અધ્યાત્મ (સામાજિક ચિંતન)
૬૨.	ભારત મૂલ્યનિષ્ઠાની એરણે*
૬૩.	મધુપર્વ (સત્સંગ પ્રવચનો)
૬૪.	મધુર અદ્વૈત
૬૫.	મધુવનમાં સત્સંગ
૬૬.	મન સાથે મૈત્રી
૬૭.	મનની ક્ષિતિજ*
૬૮.	મનીષીની મનનધારા (પત્રો)
૬૯.	માર્કસ-માઓ-ગાંધી પછી શું ?*
૭૦.	માર્ગદર્શિકા (પ્રાસંગિક ચિંતન)
૭૧.	માતૃશક્તિ
૭૨.	માનવ બનો
૭૩.	માનવ નિર્માણ
૭૪.	માનવતાની કેળવણી*
૭૫.	માનવીય ક્રાંતિ રાહ જુએ છે
૭૬.	મિત્ર મિલન
૭૭.	મુક્તિ સોપાન*
૭૮.	મૌનની સાધના
૭૯.	મૌનનો નિનાદ (અમરિત કી બરખામાં સમાવિષ્ઠ)
૮૦.	યુવકોને આહ્વાન*
૮૧.	યોગ આનંદ પર્વ
૮૨.	યોગક્ષેમં વહામ્યહમ્*
૮૩.	રંગ દે બસંતી ચોલા*
૮૪.	રૈકીના શિક્ષકો સાથે સંવાદ
૮૫.	લોકતંત્રની મૂલ્યરક્ષા
૮૬.	વિમલ ચૈતન્યમાં ઝંકૃત જ્ઞાનેશ્વરી*
૮૭.	વિમલ જીવનયાત્રા (સંક્ષિપ્ત જીવનચરિત્ર)
૮૮.	વિમલ ઝરણું : ભાવ સંસ્પર્શ (અનુવાદિત કાવ્યો)

ક્રમ	શીર્ષક
૮૯.	વિમલ નિર્ઝર : ભાવ સંસ્પર્શ (અનુવાદિત કાવ્યો)
૯૦.	વિમલ પથે જીવનયાત્રા* (પત્રો)
૯૧.	વિમલ વચનામૃત (સંકલિત ચિંતન પંક્તિઓ)
૯૨.	વિમલ વાણી (સંકલિત ચિંતન પંક્તિઓ)
૯૩.	વિમલ-શિરીષ જીવન સંવાદ* (પત્રો)
૯૪.	વિમલ સંસ્મરણો (સ્મરણો)
૯૫.	વિમલ સત્ત્વ (સ્મરણો)
૯૬.	વિમલા ઠકારની જીવનવાણી* (જીવન દર્શન પર કેન્દ્રિત)
૯૭.	વિમલાજી-જીવન સાધકની યાત્રા
૯૮.	શિક્ષણ : ચૈતન્ય સંક્રમણ
૯૯.	જીવનસાધનાના સોપાનો
૧૦૦.	સઘન સ્વકેળવણી
૧૦૧.	સત્તાની સમસ્યા* (પ્રાસંગિક ચિંતન)
૧૦૨.	સત્સંગ સન્નિધિ
૧૦૩.	સમગ્રતાનું શિક્ષણ
૧૦૪.	સમન્વયાત્મક વિજ્ઞાન અને અધ્યાત્મ
૧૦૫.	સહજ સમાધિ ભલી
૧૦૬.	સહિયારો સત્સંગ
૧૦૭.	સંત જ્ઞાનેશ્વરનો પંચમ પુરુષાર્થ પ્રદિપ ભાગ-૧ (અધ્યાય-૧૮)
૧૦૮.	સંત જ્ઞાનેશ્વરનો પંચમ પુરુષાર્થ પ્રદિપ ભાગ-૨ (અધ્યાય-૧૮)
૧૦૯.	સાચું ધાર્મિક જીવન જીવવાની ઝંખના
૧૧૦.	સાથે ચાલો (જીવન પ્રવાહો)
૧૧૧.	સાધક અને સાધના*
૧૧૨.	સાધનામય જીવન
૧૧૩.	સુશ્રી વિમલાજીનું સમગ્રજીવન દર્શન
૧૧૪.	સ્થિતપ્રજ્ઞસ્ય કા ભાષા (ગીતા અધ્યાય-૨)
૧૧૫.	સ્વશિક્ષણની કલા*
૧૧૬.	હવે જોઈએ વિશ્વસંઘ (પ્રાસંગિક ચિંતન)
૧૧૭.	હેતની રેલી

ક્રમ	શીર્ષક
૧૧૮.	શ્રી અમૃતાનુભવ અને ચાંગદેવ પાસષ્ઠિ(પદ્ય અનુવાદ)
૧૧૯.	શ્રી જ્ઞાનેશ્વરી (પદ્યાનુવાદ)
૧૨૦.	શ્રી જ્ઞાનેશ્વરીમાં વિશ્વરૂપદર્શન યોગ (અધ્યાય-૧૧)
૧૨૧.	નારીદેહે અવધૂત (સંક્ષિપ્ત જીવનચરિત્ર)
૧૨૨.	વિમલ આશિષ (પત્રો)
૧૨૩.	વિમલ વાઙ્મય યાત્રા (ગુજરાતી પુસ્તકોનો આસ્વાદ)
૧૨૪.	અમરિત કી બરખા (સમગ્ર કવિતા)

(+નિશાનીવાળાં પૂસ્તકો હાલમાં ઝેરોક્ષરૂપે ઉપલબ્ધ છે.)

વિમલા ઠકાર

નાં

વાર્તાલાપો, પ્રવચનો, સંવાદોની

ઑડિયો CD **અને વિડિયો** DVD

તથા

ગુજરાતી, હિન્દી, મરાઠી, અંગ્રેજી

ભાષાઓમાં પ્રકાશિત થયેલાં

પુસ્તકો મેળવવા માટે,

વિસ્તૃત સૂચિપત્ર મેળવવા માટે

<u>સંપર્ક</u>

વિમલ પ્રકાશન ટ્રસ્ટ

''વિમલ સૌરભ''

વાણિયાવાડી શેરી નં.-૯,

રાજકોટ-૩૬૦ ૦૦૨ ગુજરાત

ફોન સંપર્ક : +૯૧ ૯૯૨૫૫ ૨૯૦૯૬

(૦૨૮૧) ૨૪૫૪૦૦૭ +૯૧ ૯૮૨૫૪ ૧૬૭૬૯

e-mail : vimalprakashantrust@yahoo.com

આ દેશમાં અને જગતમાં આધ્યાત્મને વિષે અનંત ભ્રમ છે એમ દેખાય છે. એટલે ભ્રમોનું નિરાકરણ કરવું, દૃષ્ટિકોણ નિર્ભ્રાન્ત બનાવવો, ભ્રમોની જાળ તોડીને ચિત્તને શુદ્ધ બનાવવું અને ભ્રમને લીધે શરીરમાં જે અનેક પ્રકારની ટેવો પડેલી છે, એનાથી મુક્ત થવું એ પ્રથમ ધર્મ છે. દૃષ્ટિ નિર્ભ્રાન્ત ન હોય તો દર્શન શુદ્ધ સ્વરૂપે નહીં થઈ શકે. ચિત્તમાંથી ભ્રમ ગયો ન હોય તો જે દર્શન થાય છે એ ધારણ નહીં થઈ શકે. અને ટેવોની જાળમાં ઈન્દ્રિયો ફસાયેલી હોય તો જે ચિત્તમાં ગ્રહણ અને ધારણ કર્યું, એ વ્યવહારમાં, આચરણમાં, સહજ રીતે પ્રગટ નહીં થઈ શકે. જીવનમાં નિર્ભ્રાન્ત દૃષ્ટિ, શુદ્ધ ચિત્ત અને ટેવોની સાંકળોમાંથી મુક્ત ઈન્દ્રિયો, આ ત્રણેય આવશ્યક છે.

વિમલા ઠકાર
(પ્રસ્તુત પુસ્તકમાંથી)